Version 001: remember to check http://www.AtmaDharma.com for updates




Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

ॐ

श्री सीमंधरदेवाय नमः।
श्री निज शुद्धात्मने नमः।

# સમયસાર સિદ્ધિ

## ભાગ-૨

અધ્યાત્મયુગપુરુષ

**પ. પૂ. ગુરુદેવશ્રી કાનજી સ્વામીના**

સમયસારજી શાસ્ત્ર ઉપરના ૧૯ મી વખતના ગાથા ૧૩ થી ૩૮ તથા તેના શ્લોકો ઉપર થયેલા ઓગણસાંઈઠ મંગલમયી પ્રવચનો.

: પ્રકાશક તથા પ્રાપ્તિ સ્થાન :

**શ્રી સીમંધર કુંદકુંદ કહાન આધ્યાત્મિક ટ્રસ્ટ**

યોગીનિકેતન પ્લોટ "સ્વરુચિ" સવાણી હોલની શેરીમાં,
નિર્મલા કોન્વેન્ટ રોડ
રાજકોટ – ૩૬૦ ૦૦૫.
ટેલી નં. ( ૦૨૮૧ ) ૩૧૦૦૫૦૮

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

| કહાન સંવત | વીરસંવત | વિક્રમ સંવત | ઈ. સ. |
|---|---|---|---|
| ૨૪ | ૨૫૩૦ | ૨૦૬૦ | ૨૦૦૪ |

**પ્રકાશન**

પર્વાધિરાજ પર્યૂષણના અનંત ચતુર્દશીના મંગળ દિને
તા. ૨૭–૯–૦૪ ભાદરવા સુદ – ૧૪

**પ્રથમ આવૃત્તિ - ૧૦૦૦ પડતર કિંમત - રૂા.૧૬૦/- મૂલ્ય - રૂા.૫૦/-**

**પ્રાપ્તિ સ્થાન**

**રાજકોટ: શ્રી દિગમ્બર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ**
૫, પંચનાથ પ્લોટ, શ્રી કાનજી સ્વામી માર્ગ, રાજકોટ–૩૬૦ ૦૦૧. ટેલી નં. ૨૨૩૧૦૭૩
**શ્રી સીમંધર કુંદકુંદ કહાન આધ્યાત્મિક ટ્રસ્ટ**
યોગીનિકેતન પ્લોટ "સ્વરુચિ" સવાણી હોલની શેરીમાં, નિર્મલા કોન્વેન્ટ રોડ,
રાજકોટ – ૩૬૦ ૦૦૫. ટેલી નં. ( ૦૨૮૧ ) ૩૧૦૦૫૦૮

**મુંબઈ : શ્રી શાંતિભાઈ ઝવેરી**
૮૧,નિલામ્બર, ૩૭,પેડર રોડ, મુંબઈ–૪૦૦૦૨૬. ટેલી નં. ૨૩૫૧૬૬૩૬/૨૩૫૨૪૨૮૨
**શ્રી મહેન્દ્રભાઈ મહેતા**
"સાકેત" સાગર કોમ્પ્લેક્ષ, સાંઈબાબા નગર, જે.બી.ખોટ સ્કૂલ પાસે, બોરીવલી( વે )
મુંબઈ – ૪૦૦ ૦૯૨ ટેલી નં. ૨૮૦૫૪૦૬૬

**કલકતા : શ્રી પ્રકાશભાઈ શાહ**
૨૩/૧, બી. જસ્ટીસ દ્વારકાનાથ રોડ, ખાલસા સ્કૂલ સામે, ભવાનીપુર, કલકતા –૨૦.
ટેલી નં. ૨૪૮૫૩૭૨૩

**સુરેન્દ્રનગર : ડો. દેવેન્દ્રભાઈ એમ. દોશી**
જૂના ટ્રોલી સ્ટેશન સામે, દર્શન મેડીકલ સ્ટોર સામે, સુરેન્દ્રનગર.
ટેલી નં. ૨૩૧૫૬૦

**અમદાવાદ : વિનોદભાઈ આર. દોશી**
૨૦૫, કહાન કુટીર ફ્લેટ, દિગંબર જૈન મંદિર સામે, નવરંગપુરા, અમદાવાદ.
ટેલી નં. ૨૬૪૨૨૬૭૮

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

## Thanks & Our Request

This shastra has been kindly donated by Shree Simandhar Kundkund Kahan Aadhyatmik Trust - Rajkot. India who have paid for it to be "electronised" and made available on the internet.

Our request to you:

1) We have taken great care to ensure this electronic version of Samaysaar Siddhi Part - 2 is a faithful copy of the paper version. However if you find any errors please inform us on Rajesh@AtmaDharma.com so that we can make this beautiful work even more accurate.

2) Keep checking the version number of the on-line shastra so that if corrections have been made you can replace your copy with the corrected one.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


# પ્રસ્તાવના

मंगलं भगवान् वीरो मंगलं गौतमो गणी।
मंगलं कुन्दकुन्दार्यो जैनधर्मोऽस्तु मंगलम्।।

મહાવિદેહક્ષેત્રમાં સદેહે વિહરમાન ત્રિલોકનાથ વીતરાગ સર્વજ્ઞ પરમદેવાધિદેવ શ્રી સીમંધર ભગવાનની દિવ્ય દેશનાનો અપૂર્વ સંચય કરી ભરતક્ષેત્રમાં લાવનાર સીમંધર લઘુનંદન, જ્ઞાન સામ્રાજ્યના સમ્રાટ, ભરતક્ષેત્રના કળિકાળ સર્વજ્ઞ એટલે કે શુદ્ધાત્મામાં નિરંતર કેલિ કરનાર હાલતાં ચાલતાં સિદ્ધ આચાર્ય શ્રી કુંદકુંદદેવ થયા. જેઓ સંવત ૪૯ માં સદેહે મહાવિદેહક્ષેત્રમાં ૮ દિવસ ગયા હતા. મહાવિદેહક્ષેત્રમાં ત્રિલોકનાથ સર્વજ્ઞદેવના શ્રીમુખેથી વહેતી શ્રુતામૃતરૂપી જ્ઞાનસરિતાનો તથા શ્રુતકેવળીઓ સાથે થયેલી આધ્યાત્મિક સૂક્ષ્મ ચર્ચાનો અમૂલ્ય ભંડાર સંઘરીને ભરતક્ષેત્રમાં આવી પંચપરમાગમ આદિ આધ્યાત્મિક શાસ્ત્રોની રચના કરી. તેમાંનું એક શ્રીસમયસારજી દ્વિતીય શ્રુતસ્કંધનું સર્વોત્કૃષ્ટ અધ્યાત્મ શાસ્ત્ર છે. જેમાં શ્રી કુંદકુંદાચાર્યે ૪૧૫ માર્મિક ગાથાઓની રચના કરી છે. આ શાસ્ત્ર સૂક્ષ્મ દ્રષ્ટિપ્રધાન ગ્રંથાધિરાજ છે.

શ્રી કુંદકુંદાચાર્ય બાદ એક હજાર વર્ષ પછી અધ્યાત્મના અનાહત પ્રવાહની પરિપાટીમાં આ અધ્યાત્મના અમૂલ્ય ખજાનાના ઊંડા હાર્દને સ્વાનુભવગત કરી શ્રી કુંદકુંદદેવના જ્ઞાનહૃદયને ખોલનાર સિદ્ધપદ સાધક મુનિવર સંપદાને આત્મસાત કરી નિજ સ્વરૂપ સાધનાના અલૌકિક અનુભવથી પંચપરમાગમાદિનું સિદ્ધાંત શિરોમણિ શાસ્ત્ર સમયસારજી છે તેની ૪૧૫ ગાથાની ટીકા કરવાનું સૌભાગ્ય તથા તેમાં રહેલા સૂક્ષ્મ ને ગૂઢ રહસ્ય ને તેનો મર્મ અપૂર્વ શૈલીથી આચાર્ય શ્રી અમૃતચંદ્રદેવે “આત્મખ્યાતિ” નામક ટીકા કરી ખોલ્યો ને તેના ઉપર ૨૭૮ માર્મિક મંગળ કળશો તથા પરિશિષ્ટની રચના કરી.

આ શાસ્ત્રનો ભાવાર્થ જયપુર સ્થિત સૂક્ષ્મજ્ઞાન ઉપયોગી પંડિત શ્રી જયચંદજીએ કરેલો છે.

વર્તમાન આ કાળમાં મોક્ષમાર્ગ પ્રાયે; લોપ થયો હતો. મિથ્યાત્વનો ઘોર અંધકાર છવાયેલો હતો. જૈન દર્શનના મૂળભૂત સિદ્ધાંતો મૃતપ્રાયઃ થયા હતા. પરમાગમો મોજૂદ હોવા છતાં તેના ગૂઢ રહસ્યોને સમજાવનાર કોઈ ન હતું. તેવામાં જૈનશાસનના નભોમંડળમાં એક મહાપ્રતાપી વીરપુરુષ અધ્યાત્મમૂર્તિ, અધ્યાત્મસૃષ્ટા, આત્મજ્ઞસંત અધ્યાત્મ યુગપુરુષ, નિષ્કારણ કરુણાશીલ, ભવોદધિ તારણહાર, ભાવિ તીર્થાધિરાજ પરમ પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનો ઉદય થયો.

જેમણે આ આચાર્યોના જ્ઞાનહૃદયમાં સંચિત ગૂઢ રહસ્યોને પોતાના જ્ઞાનવૈભવ દ્વારા શ્રુતામૃત રસપાન કરી આચાર્યોની મહામહિમ ગાથાઓમાં ભરેલા અર્થગાંભીર્યને સ્વયંની જ્ઞાનપ્રભા દ્વારા સરળ સુગમ ભાષામાં ચરમસીમાએ મૂર્તિમંત કર્યા.

મિથ્યાદર્શન મિથ્યાજ્ઞાનના ઘોર તિમિરને નષ્ટ કરવા એક તેજોમય અધ્યાત્મ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

દીપકનો સુવર્ણમય ઉદય થયો. જેમણે પોતાની દિવ્યામૃત ચૈતન્યરસીલી વાણી દ્વારા શુદ્ધાત્મસિંધુના અસ્ખલિત સાતિશય શુદ્ધ પ્રવાહને વહેતો કર્યો. તેઓશ્રીએ જૈનધર્મના મૂળભૂત સિદ્ધાંતોને અતિ સ્પષ્ટપણે, અવિરુદ્ધતાપૂર્વક ભવ્યજીવોને ભવતાપવિનાશક પરમશાંતિ પ્રદાયક પ્રવચનગંગા દ્વારા તેઓશ્રી પોતાની સાતિશય વાણીથી રેલાવતા રહ્યા. વિરોધીઓના વિરોધનો પણ જંગલમાં ફરતા કેસરી સિંહની જેમ અધ્યાત્મના કેસરી સિંહ બની નિડરપણે છતાં નિષ્કારણ કરુણાવંત ભાવે સામનો કરી વિરોધીઓ પણ 'ભગવાન આત્મા' છે તેવી દૃષ્ટિથી જગતના જીવો સમક્ષ અધ્યાત્મના સૂક્ષ્મ ન્યાયોને પ્રકાશિત કર્યા.

શ્રી સમયસારજી શાસ્ત્ર પૂ. ગુરુદેવશ્રીના હાથમાં સંવત ૧૯૭૮ ના ફાગણ માસમાં આવ્યું. આ સમયસારજી હાથમાં આવતાં જ ઝવેરીની પારખુ નજર સમયસારના સૂક્ષ્મ ભાવો ઉપર પડી અને તેમાં દૃષ્ટિ પડતાં, સહજ જ અંતરના ઊંડાણમાંથી કરુણાશીલ કોમળ હૃદય બોલી ઊઠયું. અરે ! આ તો અશરીરી થવાનું શાસ્ત્ર છે. અનાદિનો અપ્રતિબુદ્ધ જીવ પ્રતિબુદ્ધ કેમ થાય તેનું સંપૂર્ણ રહસ્ય ને શુદ્ધાત્માનો સંપૂર્ણ ખજાનો આ શાસ્ત્રમાં ભરેલો છે.

આ શાસ્ત્રનું રહસ્ય ખરેખર તો અધ્યાત્મ યુગપુરુષ પૂ. કાનજીસ્વામીના હાથમાં આ શાસ્ત્ર આવ્યા બાદ જ ચરમસીમાએ પ્રકાશિત ને પ્રદર્શિત થયું. ૪૫-૪૫ વર્ષ સુધી સુવર્ણપૂરીમાં "સોનગઢ" મુકામે અધ્યાત્મની હેલી નીતરતી ચાલી.

પૂ. ગુરુદેવશ્રીએ ૧૯૭૮ થી ૧૯૯૧ ( ૧૩ ) વર્ષ સુધી ગુપ્તમંથન કરી જ્ઞાનવૈભવનો સંપૂર્ણ નિચોડ આ શાસ્ત્રમાંથી શોધી કાઢયો અને ફરમાવ્યું કેઃ-

- સમયસાર તો દ્વિતીય શ્રુતસ્કંધનું સર્વોત્કૃષ્ટ સર્વોચ્ચ આગમોનું પણ આગમ છે.
- સમયસાર તો સિદ્ધાંત શિરોમણિ-અદ્વિતીય અજોડ ચક્ષુ ને આંધળાની આંખ છે.
- સમયસાર તો સંસાર વિષવૃક્ષને છેદવાનું અમોઘ શાસ્ત્ર છે.
- સમયસાર તો કુંદકુંદાચાર્યથી કોઈ એવું શાસ્ત્ર બની ગયું. જગતના ભાગ્ય કે આવી ચીજ ભરતક્ષેત્રમાં રહી ગઈ. ધન્યકાળ !
- સમયસારની એક એક ગાથા ને આત્મખ્યાતિ ટીકાએ આત્માને અંદરથી ડોલાવી નાખ્યો છે. સમયસારની આત્મખ્યાતિ જેવી ટીકા દિગંબરમાં પણ બીજા કોઈ શાસ્ત્રોમાં નથી. એના એક એક પદમાં કેટલી ગંભીરતા, ખોલતાં ખોલતાં પાર ન આવે એવી વાત અંદર છે.
- સમયસાર તો સત્યનું ઉદ્ઘાટન છે. ભારતનું મહારત્ન છે.
- સમયસાર જેના થોડા શબ્દોમાં ભાવોની અદ્ભુત ને અગાધ ગંભીરતા ભરેલી છે.
- સમયસાર તો ભરતક્ષેત્રનો પ્રવચનનો સર્વોત્કૃષ્ટ બાદશાહ છે. આ સાર શાસ્ત્ર કહેવાય.
- સમયસાર તો જગતના ભાગ્ય, સમયસારરૂપી ભેટણું જગતને આપ્યું. સ્વીકાર નાથ ! હવે સ્વીકાર ! ભેટ પણ દે, એ પણ સ્વીકારે નહીં ?
- સમયસાર તો વૈરાગ્યપ્રેરક પરમાર્થ સ્વરૂપને બનાવનાર વીતરાગી વીણા છે.

- સમયસારમાં તો અમૃતચંદ્રાચાર્યે એકલા અમૃત રેડયા છે અમૃત વહેવરાવ્યા છે.
- સમયસાર એકવાર સાંભળીને એમ ન માની લેવું કે આપણે સાંભળ્યું છે. એમ નથી બાપુ ! આ તો પ્ર... વચનસાર છે એટલે આત્મસાર છે વારંવાર સાંભળવું.
- સમયસાર ભરતક્ષેત્રની છેલ્લામાં છેલ્લી અને ઊંચામાં ઊંચી સતને પ્રસિદ્ધ કરનારી ચીજ છે. ભરતક્ષેત્રમાં સાક્ષાત કેવળજ્ઞાનનો સૂર્ય છે. સમયસારે કેવળીના વિરહ ભૂલાવ્યા છે.
- સમયસારની મૂળભૂત એક એક ગાથામાં ગજબ ગંભીરતા પાર ન પડે એવી ચીજ છે. એક એક ગાથામાં હીરામોતી ટાંકેલા છે.
- સમયસારમાં તો સિદ્ધના ભણકારા સંભળાય છે. શાશ્વત અસ્તિત્વની દૃષ્ટિ કરાવનારું પરમહિતાર્થ શાસ્ત્ર છે. સમયસાર એ તો સાક્ષાત પરમાત્માની દિવ્યધ્વનિ, ત્રણલોકના નાથની આ દિવ્યધ્વનિ છે.

આવા અપૂર્વ સમયસારમાંથી પૂ. ગુરુદેવશ્રીએ પોતાનો નિજ સમયસારરૂપી શુદ્ધાત્માને અનુભવીને ફરમાવ્યું કે આત્મા આનંદનો પહાડ છે. જ્ઞાયક તો મીઠો મહેરામણ આનંદનો ગંજ ને સુખનો સમુદ્ર છે. ન્યાયોનો ન્યાયાધીશ છે. ધર્મનો ધોધ એવો ધર્મી છે. ધ્રુવ પ્રવાહ છે. જ્ઞાનની ધારા છે. ત્રણ લોકનો નાથ ચૈતન્યવૃક્ષ અમૃતફળ છે. વાસ્તવિક વસ્તુ છે. સદાય વિકલ્પથી વિરામ જ એવો નિર્વિકલ્પ જેનો મહિમા છે એવો ધ્રુવધામ ધ્રુવની ધખતી ધગશ છે. ભગવાન આત્મા ચિંતામણિ રત્ન, કલ્પવૃક્ષ ને કામધેનુ છે. ચૈતન્ય ચમત્કારી વસ્તુ છે. અનંત ગુણોનું ગોદામ-શક્તિઓનું સંગ્રહાલય ને સ્વભાવનો સાગર છે.

સનાતન દિગંબર મુનિઓએ પરમાત્માની વાણીનો ધોધ ચલાવ્યો છે. જૈનધર્મ સંપ્રદાય વાડો ગચ્છ નથી વસ્તુના સ્વરૂપને જૈન કહે છે.

પૂ. ગુરુદેવશ્રીએ શાસ્ત્રના અર્થ કરવાની જે પાંચ પ્રકારની પદ્ધતિ શબ્દાર્થ, મતાર્થ, આગમાર્થ, નયાર્થ ને ભાવાર્થ છે તે અપનાવીને કયાં કઈ અપેક્ષાએ કથન કરવામાં આવ્યું છે તેનું યથાર્થ જ્ઞાન આપણને મુમુક્ષુ સમુદાયને કરાવ્યું. આ પ્રવચનગંગામાં ઘણા આત્માર્થીઓ પોતાના નિજ સ્વરૂપને પામ્યા, ઘણા સ્વરૂપની નિકટ આવ્યા ને આ વાણીના ભાવો ગ્રહણ કરીને ઘણા આત્માર્થીઓ જરૂર આત્મદર્શન પામશે જ. તેની નિરંતર અમૃત ઝરતી વાણીમાં જ તેમની અસાધારણ પ્રતિભાનો ખ્યાલ આવે છે.

પૂ. ગુરુદેવશ્રી સમયસારમાં ફરમાવે છે કે સમયસાર બે જગ્યાએ છે એક પોતાનો શુદ્ધાત્મા છે તે સમયસાર છે ને ઉત્કૃષ્ટ નિમિત્તપણે સમયસારજી શાસ્ત્ર છે. આ શાસ્ત્રમાં પોતાનો નિજ સમયસારરૂપી શુદ્ધાત્મા બતાવવામાં આવ્યો છે. એક એક ગાથાના અર્થ કરતાં પૂ. ગુરુદેવશ્રી એવા ભાવવિભોર થઈ જાય છે કે તેમાંથી તેને નીકળવું મુશ્કેલ પડે છે.

પૂ. બહેનશ્રી ચંપાબહેન વચનામૃતમાં પૂ. ગુરુદેવશ્રી વિશે ફરમાવે છે કે પૂ. ગુરુદેવશ્રીનું દ્રવ્ય તો અલૌકિક ને મંગળ છે. તેમનું શ્રુતજ્ઞાન ને વાણી આશ્ચર્યકારી છે. તેઓશ્રી મંગળમૂર્તિ, ભવોદધિ તારણહાર ને મહિમાવંત ગુણોથી ભરેલા છે. તેમણે

ચારે બાજુથી મુક્તિનો માર્ગ પ્રકાશ્યો, તેમનો અપાર ઉપકાર છે તે કેમ ભૂલાય? પૂ. ગુરુદેવશ્રીને તીર્થંકર જેવો ઉદય વર્તે છે. પૂ. ગુરુદેવશ્રીએ અંતરથી માર્ગ પ્રાપ્ત કર્યો બીજાને માર્ગ બતાવ્યો તેથી તેમનો મહિમા આજે તો ગવાય છે પરંતુ હજારો વર્ષો સુધી પણ ગવાશે.

પૂ. બેન શાંતાબેન ફરમાવે છે કે જેમ મહાવિદેહક્ષેત્રમાં તીર્થંકર પરમાત્માનો સાક્ષાત્ ઉપકાર છે તેવી જ રીતે ભરતક્ષેત્રમાં પૂ. ગુરુદેવશ્રીનો એટલો જ ઉપકાર છે કારણ કે જે ભવનો અંત તીર્થંકરદેવની સમીપમાં ન આવ્યો તે ભવનો અંત જેમના પ્રતાપે થાય તે પરમકૃપાળુ સદ્‌ગુરુદેવને અત્યંત ભક્તિથી વારંવાર નમસ્કાર હો. નમસ્કાર હો.

પૂ. નિહાલચંદ્રજી સોગાની કે જેઓને પૂ. ગુરુદેવશ્રીનું એક જ પ્રવચન સાંભળતા ભવના અભાવરૂપ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ સોનગઢ સુવર્ણપૂરી મુકામે થઈ. તેઓ ફરમાવે છે કે પૂ. ગુરુદેવના એક કલાકના પ્રવચનમાં પૂરેપૂરી વાત આવી જાય છે. બધી વાતનો ખુલાસો પૂ. ગુરુદેવશ્રીએ તૈયાર કરી આપ્યો છે તેથી કોઈ વાત વિચારવી પડતી નથી. નહિં તો સાધક હોય તો પણ બધી તૈયારી કરવી પડે.

"શ્રી સીમંધર કુંદકુંદ કહાન આધ્યાત્મિક ટ્રસ્ટ"ની રચના સ્વ. ચંદુલાલ ખીમચંદ મહેતાના સ્મરણઅર્થે બેન સરોજબેન ચંદુલાલ મહેતા પરિવાર રાજકોટ દ્વારા કરવામાં આવી છે. આ ટ્રસ્ટની પ્રવૃત્તિમાં પૂ. ગુરુદેવશ્રીના પ્રવચનો પ્રકાશિત કરવાનું કાર્ય કરવામાં આવશે.

આ પરિવારને આદરણીય પૂ. શ્રી લાલચંદભાઈ મોદી-રાજકોટ દ્વારા જ આધ્યાત્મિક માર્ગમાં પ્રવેશની પ્રેરણા તથા આધ્યાત્મિક મહામંત્રોનું રસપાન થયું હોય આ પરિવાર તેમનો અત્યંત ઋણી છે. પૂ. લાલચંદભાઈ હંમેશા આ પરિવારને કહેતા કે તમો બધા પૂ. ગુરુદેવશ્રીના ભવભ્રમણનો થાક ઊતારનારા મૂળત્ત્વને સાંભળી ને સમજો. તેઓશ્રી ફરમાવતા કે તને "જાણનારો જણાય છે ખરેખર પર જણાતું નથી" તેમ અમે જાણીએ છીએ, હવે તો સ્વીકાર કરી લે. આવા આવા ઘણા મહામંત્રો જેમાં બાર અંગનો સાર ભરેલો છે તેવા મહામંત્રો તથા પૂ. ભાઈશ્રીની અધ્યાત્મની સૂક્ષ્મ સિદ્ધાંતિક સચોટ શૈલીથી જ આ પરિવાર અધ્યાત્મમાં ઓતપ્રોત થયો હોય તેઓશ્રીનો અત્યંત આભારી છે.

આવા અપૂર્વ અનુપમ શ્રી સમયસારજી શાસ્ત્રની જીવ અધિકારની પૂર્ણતારૂપે ૧૩ થી ૩૮ ગાથા તથા તે ઉપરના શ્લોકો ઉપર પૂ. ગુરુદેવશ્રીના ૧૯ મી વખતના સળંગ પ્રવચનો નં. ૫૩ થી ૧૧૧ સમયસાર સિદ્ધિ ભાગ-૨માં અક્ષરશઃ પ્રકાશિત કરવામાં આવ્યા છે. પૂ. ગુરુદેવશ્રીએ જાહેરસભામાં સમયસાર ૧૯ વખત વાંચ્યું અને ખાનગીમાં તો સેંકડો વખત વાંચ્યું છે. અને અંદરમાં તો... તેમને આમાં કેટલો માલ દેખાણો હશે. કોઈવાર દોઢ વર્ષ કોઈવાર બે વર્ષ કોઈવાર અઢી વર્ષ તેમ ૧૯ વખત ૪૫ વર્ષમાં જાહેરમાં વાંચ્યું છે. આ પ્રવચનો પૂ. ગુરુદેવશ્રીની ૪૫ વર્ષની સોનગઢ સુવર્ણપૂરીમાં થયેલી સાધનાના નિચોડરૂપ માખણ છે. જેમ જેમ જ્ઞાનીની જ્ઞાન સ્થિરતા વૃદ્ધિગત્ત થતી જાય છે તેમ તેમ એકને એક ગાથાના પ્રવચન પણ ફરી લેવામાં આવે તો નવા નવા

ભાવો આવે છે. તેથી જ ૧૮ મી વારના પ્રવચનો પ્રકાશિત થયા હોવા છતાં આ અંતિમ પ્રવચનો પ્રકાશિત કરવાનો ભાવ આવેલ છે. ટોટલ ૪૮૭ પ્રવચનો ૧ થી ૧૧ ભાગમાં ક્રમબદ્ધ શૃંખલારૂપે પ્રકાશિત થશે.

પૂ. ગુરૂદેવશ્રી ફરમાવે છે કે પાંચમાં આરાના છેડા સુધી જે કોઈ જીવ સમ્યગ્દર્શન પામશે તેને આ વીતરાગની વાણી નિમિત્ત થશે. આ વાણી સીધી સીમંધર ભગવાનની વાણી છે. આમાં એક અક્ષર ફરે તો બધું ફરી જાય.

આ સમગ્ર પ્રવચનો પૂ. ગુરુદેવશ્રીની સી. ડી. ઉપરથી અક્ષરશઃ ઊતારવામાં આવેલા છે. ત્યારબાદ જ્યાં જ્યાં જરૂર પડે ત્યાં કૌંસ કરી વાક્યો પૂરા કરેલાં છે. ટેઈપ ઉપરથી ઊતરાવવાનું કાર્ય તથા તેને ચેક કરવાનું કાર્ય આત્માર્થી ભાઈશ્રી ડૉ. દેવેન્દ્રભાઈ એમ. દોશી-સુરેન્દ્રનગર દ્વારા થયેલ છે. ભાષા તથા વ્યાકરણ શુદ્ધિ શ્રી દેવશીભાઈ ચાવડા-રાજકોટ દ્વારા થયેલ છે ત્યારબાદ સમગ્ર પ્રવચનો ફરીથી સી. ડી. ઉપરથી સાંભળી ચેક કરી સંપૂર્ણ પ્રૂફરીડિંગનું કાર્ય શ્રી ચેતનભાઈ મહેતા-રાજકોટ દ્વારા પૂર્ણ થયેલ છે. તે બદલ સંસ્થા સર્વેનો આભાર માને છે. આ પ્રવચનોનાં પ્રકાશનમાં કાંઈ ક્ષતિ ન રહે તે માટે અમોએ વારંવાર પ્રવચનો સાંભળી લખાણ શુદ્ધિ કરી છે છતાં કોઈપણ ક્ષતિ રહી હોય તો તે અમારો દોષ છે તે બદલ અમો ક્ષમા ચાહીએ છીએ.

"સમયસાર સિદ્ધિ" ભાગ-૨ના પ્રવચનોનું સમગ્ર કૉમ્પ્યુટરાઈઝડ ટાઈપસેટિંગનું કાર્ય શ્રી નિલેશભાઈ તથા શ્રી દેવાંગભાઈ વારીયા-રાજકોટ દ્વારા તથા પુસ્તક પ્રિન્ટિંગ બાઈન્ડિંગનું સંપૂર્ણ કાર્ય શાર્પ ઓફસેટવાળા શ્રી ધર્મેશભાઈ શાહ-રાજકોટ દ્વારા તથા કલર પેઈજનું કામ ડોટ એડવાળા શ્રી કમલેશભાઈ સોમપુરા-રાજકોટ દ્વારા થયું હોય સંસ્થા તેમનો આભાર માને છે.

પૂ. ગુરુદેવશ્રીએ આ પંચમકાળમાં અમૃત વરસાવ્યા છે. અધ્યાત્મની હેલી વરસાવી મોક્ષના માંડવા રોપ્યા છે. આવા અતિ અપૂર્વ માર્મિક શાસ્ત્રની ગાથાઓના ખૂબ જ સરળ ભાષામાં આચાર્યોના ગૂઢભાવોને રજૂ કરી મુમુક્ષુ જગત ઉપર અપૂર્વ ઉપકાર કર્યો છે. "ભગવાન આત્મા" કહીને પ્રત્યેક જીવને વીતરાગી કરુણાથી સંબોધન કરનાર પૂ. ગુરુદેવશ્રી અમ બાળકોના અનંત અનંત ઉપકારી ધર્મપિતા છે. બસ તેમનો ઉપકાર તો આપણે સૌ તેમણે બતાવેલા શુદ્ધાત્માનું રસપાન કરીને જ વાળી શકીએ.

સમયસાર સિદ્ધિ ભાગ-૨ માટે શ્રી શાંતીલાલ માધવજી મહેતા - લોઅર પરેલ મુંબઈ. હ. અમીતાબેન ભરતભાઈ શાહ. બોરીવલી - મુંબઈ તરફથી સહયોગ પ્રાપ્ત થયેલ છે તે બદલ ટ્રસ્ટ તેમનો આભાર માને છે.

આ પુસ્તક http://www.AtmaDharma.com પર મૂકેલ છે.

ટ્રસ્ટી

શ્રી સીમંધર કુંદકુંદ કહાન આધ્યાત્મિક ટ્રસ્ટ

રાજકોટ

❖❖❖❖❖❖❖❖❖

# : અનુક્રમણિકા :


| કલશ નં. | પ્રવચન નં. | તારીખ | પેઇજ નં. |
|---|---|---|---|
| શ્લોક-૫ | - | - | ૧ |
| | ૫૩ | ૦૯/૦૮/'૭૮ | ૨ |
| શ્લોક-૬ | - | - | ૧૧ |
| | ૫૪ | ૧૦/૦૮/'૭૮ | ૧૩ |
| | ૫૫ | ૧૨/૦૮/'૭૮ | ૨૨ |
| | ૫૬ | ૧૩/૦૮/'૭૮ | ૩૨ |
| | ૫૭ | ૧૪/૦૮/'૭૮ | ૪૧ |
| શ્લોક-૭ | - | - | ૫૧ |
| | ૫૮ | ૧૫/૦૮/'૭૮ | ૫૧ |
| ગાથા-૧૩ | - | - | ૫૯ |
| | ૫૮ | ૧૫/૦૮/'૭૮ | ૬૧ |
| | ૫૯ | ૧૬/૦૮/'૭૮ | ૬૩ |
| | ૬૦ | ૧૭/૦૮/'૭૮ | ૭૩ |
| | ૬૧ | ૧૮/૦૮/'૭૮ | ૮૩ |
| | ૬૨ | ૧૯/૦૮/'૭૮ | ૯૪ |
| શ્લોક-૮ | - | - | ૧૦૧ |
| | ૬૨ | ૧૯/૦૮/'૭૮ | ૧૦૩ |
| | ૬૩ | ૨૦/૦૮/'૭૮ | ૧૦૬ |
| | ૬૪ | ૨૧/૦૮/'૭૮ | ૧૧૬ |
| | ૬૫ | ૨૨/૦૮/'૭૮ | ૧૨૭ |
| શ્લોક-૯ | - | - | ૧૨૯ |
| | ૬૫ | ૨૨/૦૮/'૭૮ | ૧૨૯ |
| શ્લોક-૧૦ | - | - | ૧૩૯ |
| | ૬૬ | ૨૩/૦૮/'૭૮ | ૧૩૯ |
| ગાથા-૧૪ | - | - | ૧૪૫ |
| | ૬૬ | ૨૩/૦૮/'૭૮ | ૧૪૮ |
| | ૬૭ | ૨૪/૦૮/'૭૮ | ૧૫૪ |
| | ૬૮ | ૨૫/૦૮/'૭૮ | ૧૬૫ |
| | ૬૯ | ૨૬/૦૮/'૭૮ | ૧૭૬ |
| | ૭૦ | ૨૭/૦૮/'૭૮ | ૧૮૬ |
| શ્લોક-૧૧ | - | - | ૧૯૭ |
| | ૭૧ | ૨૮/૦૮/'૭૮ | ૧૯૮ |
| શ્લોક-૧૨ | - | - | ૨૦૮ |
| | ૭૧ | ૨૮/૦૮/'૭૮ | ૨૦૯ |
| | ૭૨ | ૨૯/૦૮/'૭૮ | ૨૧૦ |
| શ્લોક-૧૩ | - | - | ૨૧૪ |

| કલશ નં. | પ્રવચન નં. | તારીખ | પેઈજ નં. |
|---|---|---|---|
| | ૭૨ | ૨૯/૦૮/'૭૮ | ૨૧૪ |
| ગાથા-૧૫ | - | - | ૨૧૮ |
| | ૭૨ | ૨૯/૦૮/'૭૮ | ૨૨૦ |
| | ૭૩ | ૩૦/૦૮/'૭૮ | ૨૨૪ |
| | ૭૪ | ૩૧/૦૮/'૭૮ | ૨૩૫ |
| | ૭૫ | ૦૧/૦૯/'૭૮ | ૨૪૬ |
| શ્લોક-૧૪ | - | - | ૨૫૪ |
| | ૭૫ | ૦૧/૦૯/'૭૮ | ૨૫૪ |
| ગાથા-૧૬<br>શ્લોક-૧૫-૧૬-૧૭ | - | - | ૨૫૭-૨૫૮ |
| | ૭૬ | ૦૨/૦૯/'૭૮ | ૨૫૯ |
| શ્લોક-૧૮-૧૯ | - | - | ૨૬૯ |
| | ૭૭ | ૦૩/૦૯/'૭૮ | ૨૭૦ |
| ગાથા-૧૭-૧૮ | - | - | ૨૮૦ |
| | ૭૮ | ૦૫/૦૯/'૭૮ | ૨૮૧ |
| | ૭૯ | ૦૬/૦૯/'૭૮ | ૨૯૧ |
| | ૮૦ | ૦૮/૦૯/'૭૮ | ૨૯૯ |
| શ્લોક-૨૦ | - | - | ૩૦૩ |
| | ૮૦ | ૦૮/૦૯/'૭૮ | ૩૦૩ |
| | ૮૧ | ૦૯/૦૯/'૭૮ | ૩૦૯ |
| ગાથા-૧૯ | - | - | ૩૧૭ |
| | ૮૧ | ૦૯/૦૯/'૭૮ | ૩૧૮ |
| | ૮૨ | ૧૦/૦૯/'૭૮ | ૩૨૦ |
| | ૮૩ | ૧૧/૦૯/'૭૮ | ૩૨૯ |
| શ્લોક-૨૧ | - | - | ૩૩૧ |
| | ૮૩ | ૧૧/૦૯/'૭૮ | ૩૩૧ |
| ગાથા ૨૦ થી ૨૨ | - | - | ૩૩૪ |
| | ૮૩ | ૧૧/૦૯/'૭૮ | ૩૩૬ |
| | ૮૪ | ૧૨/૦૯/'૭૮ | ૩૪૨ |
| શ્લોક-૨૨ | - | - | ૩૪૩ |
| | ૮૪ | ૧૨/૦૯/'૭૮ | ૩૪૩ |
| ગાથા ૨૩ થી ૨૫ | - | - | ૩૪૮ |
| | ૮૪ | ૧૨/૦૯/'૭૮ | ૩૫૦ |
| | ૮૫ | ૧૩/૦૯/'૭૮ | ૩૫૪ |
| | ૮૬ | ૧૪/૦૯/'૭૮ | ૩૬૩ |
| | ૮૭ | ૧૫/૦૯/'૭૮ | ૩૭૨ |
| શ્લોક-૨૩ | - | - | ૩૭૫ |
| | ૮૭ | ૧૫/૦૯/'૭૮ | ૩૭૬ |

| કલશ નં. | પ્રવચન નં. | તારીખ | પેઈજ નં. |
|---|---|---|---|
| ગાથા-૨૬ શ્લોક-૨૪ | - | - | ૩૮૧ |
| | ૮૭ | ૧૫/૦૯/'૭૮ | ૩૮૨ |
| ગાથા-૨૭ થી ૩૦ શ્લોક-૨૫-૨૬ | - | - | ૩૮૪ |
| | ૮૮ | ૨૧/૦૯/'૭૮ | ૩૮૮ |
| ગાથા-૩૧ | - | - | ૩૯૮ |
| | ૮૯ | ૨૨/૦૯/'૭૮ | ૩૯૯ |
| | ૯૦ | ૨૪/૦૯/'૭૮ | ૪૦૮ |
| | ૯૧ | ૨૫/૦૯/'૭૮ | ૪૧૫ |
| ગાથા-૩૨ | - | - | ૪૨૨ |
| | ૯૧ | ૨૫/૦૯/'૭૮ | ૪૨૩ |
| | ૯૨ | ૨૬/૦૯/'૭૮ | ૪૨૫ |
| | ૯૩ | ૨૭/૦૯/'૭૮ | ૪૩૩ |
| | ૯૪ | ૨૮/૦૯/'૭૮ | ૪૪૨ |
| ગાથા-૩૩ | - | - | ૪૪૭ |
| | ૯૪ | ૨૮/૦૯/'૭૮ | ૪૪૮ |
| | ૯૫ | ૨૯/૦૯/'૭૮ | ૪૫૨ |
| શ્લોક-૨૭ | - | - | ૪૬૦ |
| | ૯૫ | ૨૯/૦૯/'૭૮ | ૪૬૦ |
| | ૯૬ | ૩૦/૦૯/'૭૮ | ૪૬૧ |
| શ્લોક-૨૮ | - | - | ૪૬૩ |
| | ૯૬ | ૩૦/૦૯/'૭૮ | ૪૬૪ |
| | ૯૭ | ૦૧/૧૦/'૭૮ | ૪૭૧ |
| ગાથા-૩૪ | - | - | ૪૭૯ |
| | ૯૭ | ૦૧/૧૦/'૭૮ | ૪૮૦ |
| | ૯૮ | ૦૩/૧૦/'૭૮ | ૪૮૨ |
| | ૯૯ | ૦૪/૧૦/'૭૮ | ૪૯૦ |
| | ૧૦૦ | ૦૫/૧૦/'૭૮ | ૫૦૦ |
| ગાથા-૩૫ | - | - | ૫૦૨ |
| | ૧૦૦ | ૦૫/૧૦/'૭૮ | ૫૦૩ |
| | ૧૦૧ | ૦૬/૧૦/'૭૮ | ૫૧૧ |
| શ્લોક-૨૯ | - | - | ૫૧૭ |
| | ૧૦૧ | ૦૬/૧૦/'૭૮ | ૫૧૭ |
| | ૧૦૨ | ૦૭/૧૦/'૭૮ | ૫૨૧ |
| ગાથા-૩૬ | - | - | ૫૨૫ |
| | ૧૦૨ | ૦૭/૧૦/'૭૮ | ૫૨૬ |
| | ૧૦૩ | ૦૮/૧૦/'૭૮ | ૫૩૨ |
| | ૧૦૪ | ૧૦/૧૦/'૭૮ | ૫૪૨ |



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

| કલશ નં. | પ્રવચન નં. | તારીખ | પેઈજ નં. |
|---|---|---|---|
| શ્લોક-૩૦ | - | - | ૫૪૯ |
| | ૧૦૪ | ૧૦/૧૦/'૭૮ | ૫૫૦ |
| | ૧૦૫ | ૧૧/૧૦/'૭૮ | ૫૫૩ |
| ગાથા-૩૭ | - | - | ૫૫૯ |
| | ૧૦૫ | ૧૧/૧૦/'૭૮ | ૫૬૦ |
| | ૧૦૬ | ૧૨/૧૦/'૭૮ | ૫૬૪ |
| | ૧૦૭ | ૧૩/૧૦/'૭૮ | ૫૭૨ |
| શ્લોક-૩૧ | - | - | ૫૮૦ |
| | ૧૦૭ | ૧૩/૧૦/'૭૮ | ૫૮૦ |
| ગાથા-૩૮ | - | - | ૫૮૩ |
| | ૧૦૮ | ૧૪/૧૦/'૭૮ | ૫૮૪ |
| | ૧૦૯ | ૧૫/૧૦/'૭૮ | ૫૯૫ |
| | ૧૧૦ | ૧૭/૧૦/'૭૮ | ૬૦૪ |
| શ્લોક-૩૨ | - | - | ૬૧૫ |
| | ૧૧૧ | ૧૮/૧૦/'૭૮ | ૬૧૫ |




Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# શ્રી સમયસારજી-સ્તુતિ

( હરિગીત )

સંસારી જીવનાં ભાવમરણો ટાળવા કરુણા કરી,
સરિતા વહાવી સુધા તણી પ્રભુ વીર! તેં સંજીવની;
શોષાતી દેખી સરિતને કરુણાભીના હૃદયે કરી,
મુનિકુંદ સંજીવની સમયપ્રાભૃત તણે ભાજન ભરી.

( અનુષ્ટુપ )

કુંદકુંદ રચ્યું શાસ્ત્ર, સાથિયા અમૃતે પૂર્યા,
ગ્રંથાધિરાજ! તારામાં ભાવો બ્રહ્માંડના ભર્યા.

( શિખરિણી )

અહો! વાણી તારી પ્રશમરસ-ભાવે નીતરતી,
મુમુક્ષુને પાતી અમૃતરસ અંજલિ ભરી ભરી;
અનાદિની મૂર્છા વિષ તણી ત્વરાથી ઊતરતી,
વિભાવેથી થંભી સ્વરૂપ ભણી દોડે પરિણતિ.

( શાર્દૂલવિક્રિડિત )

તું છે નિશ્ચયગ્રંથ ભંગ સઘળા વ્યવહારના ભેદવા,
તું પ્રજ્ઞાછીણી જ્ઞાન ને ઉદયની સંધિ સહુ છેદવા;
સાથી સાધકનો, તું ભાનુ જગનો, સંદેશ મહાવીરનો,
વિસામો ભવક્લાંતના હૃદયનો, તું પંથ મુક્તિ તણો.

( વસંતતિલકા )

સુણ્યે તને રસનિબંધ શિથિલ થાય,
જાણ્યે તને હૃદય જ્ઞાની તણાં જણાય;
તું રુચતાં જગતની રુચિ આળસે સૌ,
તું રીઝતાં સકલજ્ઞાયકદેવ રીઝે.

( અનુષ્ટુપ )

બનાવું પત્ર કુંદનનાં, રત્નોના અક્ષરો લખી;
તથાપિ કુંદસૂત્રોનાં અંકાયે મૂલ્ય ના કદી.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# શ્રી સદ્‌ગુરુદેવ-સ્તુતિ

( હરિગીત )

સંસાર સાગર તારવા જિનવાણી છે નૌકા ભલી,
જ્ઞાની સુકાની મળ્યા વિના એ નાવ પણ તારે નહીં;
આ કાળમાં શુદ્ધાત્મજ્ઞાની સુકાની બહુ બહુ દોહ્યલો,
મુજ પુણ્યરાશિ ફળ્યો અહો ! ગુરુકહાન તું નાવિક મળ્યો.

( અનુષ્ટુપ )

અહો ! ભક્ત ચિદાત્માના, સીમંધર-વીર-કુંદના !
બાહ્યાંતર વિભવો તારા, તારે નાવ મુમુક્ષુના.

( શિખરિણી )

સદા દ્રષ્ટિ તારી વિમળ નિજ ચૈતન્ય નીરખે,
અને જ્ઞપ્તિમાંહી દરવ-ગુણ-પર્યાય વિલસે;
નિજાલંબીભાવે પરિણતિ સ્વરૂપે જઈ ભળે,
નિમિત્તો વહેવારો ચિદ્‌ઘન વિષે કાંઈ ન મળે.

( શાર્દૂલવિક્રીડિત )

હૈયું 'સત્ સત્ જ્ઞાન જ્ઞાન' ધબકે ને વજ્રવાણી છૂટે,
જે વજ્રે સુમુમુક્ષુ સત્ત્વ ઝળકે; પરદ્રવ્ય નાતો તૂટે;
- રાગદ્વેષ રુચે ન, જંપ ન વળે ભાવેંદ્રિમાં-અંશમાં,
ટંકોત્કીર્ણ અકંપ જ્ઞાન મહિમા હૃદયે રહે સર્વદા.

( વસંતતિલકા )

નિત્યે સુધાઝરણ ચંદ્ર! તને નમું હું,
કરુણા અકારણ સમુદ્ર ! તને નમું હું,
હે જ્ઞાનપોષક સુમેઘ ! તને નમું હું,
આ દાસના જીવનશિલ્પી ! તને નમું હું.

( સ્ત્રગ્ધરા )

ઊંડી ઊંડી, ઊંડેથી સુખનિધિ સતના વાયુના નિત્યે વહંતી,
વાણી ચિન્મૂર્તિ ! તારી ઉર-અનુભવના સૂક્ષ્મ ભાવે ભરેલી;
ભાવો ઊંડા વિચારી, અભિનવ મહિમા ચિત્તમાં લાવી લાવી,
ખોયેલું રત્ન પામું-મનરથ મનનો; પૂરજો શક્તિશાળી !

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

परमात्मने नमः।

श्रीमद्‌भगवत्कुंदकुंदाचार्यदेवप्रणीत

# શ્રી સમયસાર

## શ્લોક - ૫

હવે આચાર્ય શુદ્ધનયને પ્રધાન કરી નિશ્ચય સમ્યક્ત્વનું સ્વરૂપ કહે છે. અશુદ્ધનયની (વ્યવહારની) પ્રધાનતામાં જીવાદિ તત્ત્વોના શ્રદ્ધાનને સમ્યક્ત્વ કહ્યું છે તો અહીં એ જીવાદિ તત્ત્વોને શુદ્ધનય વડે જાણવાથી સમ્યક્ત્વ થાય છે એમ કહે છે. ત્યાં ટીકાકાર એની સૂચનારૂપે ત્રણ શ્લોક કહે છે; તેમાં પહેલાં શ્લોકમાં એમ કહે છે કે વ્યવહારનયને કથંચિત્ પ્રયોજનવાન કહ્યો તોપણ તે કાંઈ વસ્તુભૂત નથી :-

(मालिनी)

व्यवहरणनयः स्याद्यद्यपि प्राक्पदव्या-
मिह निहितपदानां हन्त हस्तावलम्बः।
तदपि परममर्थं चिच्चमत्कारमात्रं
परविरहितमन्तः पश्यतां नैष किञ्चित्।।५।।

શ્લોકાર્થઃ- [ व्यवहरण-नयः ] જે વ્યવહારનય છે તે [ यद्यपि ] જોકે [ इह प्राक्-पदव्यां ] આ પહેલી પદવીમાં (જ્યાં સુધી શુદ્ધ સ્વરૂપની પ્રાપ્તિ ન થઈ હોય ત્યાં સુધી) [ निहित-पदानां ] જેમણે પોતાનો પગ માંડેલો છે એવા પુરુષોને, [ हन्त ] અરેરે ! [ हस्तावलम्बः स्यात् ] હસ્તાવલંબ તુલ્ય કહ્યો છે, [ तद्-अपि ] તોપણ [ चित्-चमत्कार-मात्रं पर-विरहितं परमं अर्थं अन्तः पश्यतां ] જે પુરુષો ચૈતન્ય-ચમત્કાર-માત્ર પરદ્રવ્યભાવોથી રહિત (શુદ્ધનયના વિષયભૂત) પરમ ‘અર્થ’ને અંતરંગમાં અવલોકે છે, તેની શ્રદ્ધા કરે છે તથા તદ્રૂપ લીન થઈ ચારિત્રભાવને પ્રાપ્ત થાય છે તેમને [ एषः ] એ વ્યવહારનય [ किञ्चित् न ] કાંઈ પણ પ્રયોજનવાન નથી.

ભાવાર્થઃ- શુદ્ધ સ્વરૂપનું જ્ઞાન, શ્રદ્ધાન તથા આચરણ થયા બાદ અશુદ્ધનય કાંઈ પણ પ્રયોજનકારી નથી. ૫.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


## પ્રવચન નં. ૫૩ શ્લોક - ૫ તા. ૯-૮-૭૮ બુધવાર, શ્રાવણ સુદ-૫ સં. ૨૫૦૪

સમયસાર ૪ થો કળશ ચાલી ગયો છે. બે લીટી હતી. હવે આચાર્ય, શુદ્ધનયને પ્રધાન કરી નિશ્ચય સમકિતનું સ્વરૂપ કહે છે. એટલે શું કહ્યું ? – કે પહેલાં એમ કહ્યું હતું કે જ્ઞાન સ્વરૂપ આત્મા અથવા જ્ઞાન દર્શન ચારિત્રને પ્રાપ્ત થાય તે આત્મા. એવો ભેદ સમજાવ્યો હતો. પણ એ ભેદ કોઇ ચીજ નથી. જ્ઞાનસ્વરૂપ આત્મા એને સમજાવવા ( કહ્યું ) કે આ જ્ઞાન તે આત્મા એવો ભેદ પાડીને સમજાવ્યું હતું. એ વ્યવહાર છે. વ્યવહાર આવે ખરો વચ્ચે પણ એ આદરણીય નથી એમ કહે છે. સમજાણું કાંઇ ? આ આત્મા ચૈતન્ય સ્વરૂપ, એવો જે ચૈતન્ય સ્વરૂપ એ જ્ઞાન સ્વરૂપ એવો જે ગુણી ગુણીનો ભેદ પાડીને વાત કરવી, એવું કથન જે આવે એ પહેલું વ્યવહારમાં હસ્તાવલંબ તરીકે આવે, પણ એ આદરણીય નથી. આહાહા ! આવી વાત છે. આચાર્ય શુદ્ધનયને પ્રધાન કરી, નિશ્ચય સમક્તિનું સ્વરૂપ કહે છે. એટલે ત્રિકાળી જે વસ્તુ છે, અનંતગુણનો પિંડ, તે નિશ્ચય સમકિતનો વિષય છે. ધ્રુવ સ્વરૂપ જે ચિદાનંદ ભગવત્ જ્ઞાયક સ્વભાવ એ જ સમ્યગ્દર્શનનો વિષય છે, નિશ્ચય સમ્યક્ત્વ એના દ્રવ્યને લક્ષે થાય છે. સાચું સમકિત, સત્ય દર્શન, ચોથું ગુણસ્થાન, આહાહા ! એ ત્રિકાળી જ્ઞાયક ભગવત્ સ્વરૂપ એને આશ્રયે થાય છે. એથી અહિંયા નિશ્ચયનયને મુખ્ય કરી( ને ) સમકિતની વ્યાખ્યા કરેલ છે. આહાહા !...

અશુદ્ધનયની પ્રધાનતામાં વાદિતત્ત્વોના શ્રદ્ધાનને સમ્યક્ત્વ કહ્યું ( છે ), ભેદ પાડીને વાત કરી હતી, એ વ્યવહાર પણ એ વાસ્તવિક છે નહીં. આહાહા ! તો અહીં એ જીવાદિ તત્ત્વોને શુદ્ધનય વડે જાણવાથી સમક્તિ થાય તેમ કહે છે. ઝીણો વિષય છે. આહા ! નવના ભેદ પાડીને કથન નવનું ( કર્યું ) પણ ( છે ) એકનું કથન, આ વસ્તુ છે અભેદ, એમાં આ જ્ઞાન તે આત્મા એવો જે ભેદ પાડવો તે જ એક નિમિત્ત ને વ્યવહાર ( તેને ) હસ્તાવલંબ કહેવામાં આવે છે. પણ તે અનુસરવા લાયક નથી. આહાહાહા ! આવું સ્વરૂપ છે. એ વ્યવહારની મુખ્યતામાં કહ્યું હતું. તો અહીં જીવાદિ તત્ત્વોને શુદ્ધનય વડે જાણવાથી સમકિત થાય એમ કહે છે. આહાહા ! ટીકાકાર એની સૂચનારૂપે ત્રણ શ્લોક કહે છે. તેમાં પહેલા શ્લોકમાં તેમ કહે છે, વ્યવહાર કથંચિત્ કહ્યો હતો પ્રયોજનવાન, જાણવા માટે કહ્યું હતું પણ આદરવા માટે બિલકુલ પ્રયોજનવાન નથી. આહાહા ! કાંઇ વસ્તુભૂત નથી. એમ કહે છે.

ત્યાં આપણે અગીયારમી ગાથામાં આવ્યું હતું. જિનવચનમાં વ્યવહારને ભેદને હસ્તાવલંબ જાણી ઘણો કહ્યો છે. ધનાલાલજી ! શું કીધું ? વ્યવહારને હસ્તાવલંબ જાણી જિનવાણીમાં ઘણો કહ્યો છે, પણ એનું ફળ સંસાર છે. એ આ હસ્તાવલંબ. આહાહા ! જયચંદ પંડિતમાં આવી ગયું છે ૧૧મી ગાથાના ભાવાર્થમાં. કે ભેદનો પક્ષ તો અનાદિનો છે જગતને, અને ભેદના પક્ષની વાતો પરસ્પર અન્યોન્ય કર્યા કરે છે, અને જિનવાણીમાં પણ ભેદના પક્ષને, હસ્તાવલંબ જાણી ઘણો કહ્યો છે, પણ ત્રણેયનું ફળ સંસાર છે. આ ગજબ વાત છે. ( શ્રોતાઃ– ભગવાને કહ્યું છે એનું ફળ સંસાર ? ) ભગવાને કહ્યું છે, એ તો નિમિત્તનું જ્ઞાન કરાવ્યું છે. એને ઠેકાણે નિમિત્તથી લાભ થાય ? નિમિત્ત તો રાગ છે, એ તો રાગ છે, ગુણ ગુણીનો ભેદ છે એ રાગ છે. આહાહા ! એ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

જણાવ્યું પણ એ આદરણીય નથી. આહાહાહા !

કેમકે નિશ્ચયથી દ્રવ્ય સ્વભાવ એવો છે, ભગવાન આત્માનો ગુણ સ્વભાવ એવો છે કે, વિકારપણે પરિણમન રહિત થવું એ એનો ગુણ છે. શું કહ્યું ? વિકારપણે જે પરિણમે છે, ષટ્કારક રૂપે, વિકૃત અવસ્થા તેથી રહિતપણું થવું એ એનો ભાવ નામનો ગુણ છે. ભાવ નામનો એક ગુણ છે. વિકૃતપણા( ના ) પરિણમનથી રહિત થવું એ એનો ગુણ છે. વિકૃતપણાથી સહિત થવું એવો એનો કોઇ ગુણ નથી. આહાહાહા ! અનંતગુણ છે, પણ એમાં કોઇ એવો ગુણ નથી કે વિકારપણે ગુણ થાય એવો કોઇ ગુણ નથી. આહાહાહા ! એટલે એનામાં એક ગુણ એવો છે કે ષટ્કારકરૂપે પરિણતિ જે વિકૃત અવસ્થા વ્યવહારની રાગની થાય જેને હસ્તાવલંબ કહે છે. આહાહાહાહા ! એનાથી રહિતપણે પરિણમન ( થાય ) એવો એનો એ ગુણ છે. એ વ્યવહારથી થાય એવો તો ગુણ એનામાં નથી. કેમ કે અનંતા ગુણો નિર્મળપણે પરિણમે એવા ગુણ છે. કોઇ ગુણ વિકારપણે પરિણમે એવો કોઈ ગુણ આત્મામાં અનંતમાં છે જ નહીં. સમજાણું કાંઇ ? આ વાત ઝીણી બાપુ બહુ ! અત્યારે તો ફેરફાર એટલો થઈ ગયો, કે વ્યવહારના રાગપણે પરિણમન ( થાય ) એવો કોઇ જીવનો ગુણ નથી. જીવનો ગુણ તો ભગવાન આત્માનો ગુણ, એ ગુણનો ગુણ, વિકાર રહિત પરિણમન થવું તે ગુણનો ગુણ છે. ધનાલાલજી ! ( શ્રોતાઃ– ગુણનો ગુણ ? ) એ ગુણનું કાર્ય. ગુણનો ગુણ ( એટલે ગુણનું કાર્ય ). આહાહાહા !

આવી ચીજ છે, ભાઈ ! ભગવાન આત્મા રાગના–વ્યવહાર રત્નત્રયના રાગથી પરિણમન રહિત એવો એનો ગુણ છે. કેમકે વિકૃતરૂપે વ્યવહાર દયા દાન આદિપણે પરિણમવું એવો કોઈ ગુણ અનંતગુણમાં એકેય ગુણ નથી. પણ એ રહિત પરિણમવું એવો એક ગુણ છે. આહાહાહાહા ! ઝીણી વાત બહુ બાપુ ! સમજાણું કાંઈ ? એથી અહીં કહે છે, ટીકાકાર એની વાત કરે છે. વ્યવહારનય હવે.

( मालिनी )

व्यवहरणनयः स्याद्यद्यपि प्राक्पदव्या–
मिह निहितपदानां हन्त हस्तावलम्बः।
तदपि परममर्थं चिच्चमत्कारमात्रं
परविरहितमन्तः पश्यतां नैष किञ्चित्।।५।।

ન એષકિંચિત્ ન એષકિંચિત્. આહાહાહા !

હવે એનો શ્લોકાર્થ, વ્યવહારનય એ કળશ ટીકાકારે તો એનો અર્થ એવો કર્યો છે, વ્યવહારનયનો તો કથનમાત્ર ! વ્યવહારનય એટલે કથનમાત્ર ! વસ્તુ નહીં. ભાઈ ! કળશ ટીકાકારે છે ને આ પાંચમો, પાંચમો શ્લોક છે. ઘણીવાર કહેવાઈ ગયું છે, આ તો જુદા–જુદા હોયને સાંભળનારા વ્યવહારનય જેટલું કથનમાત્ર, કહેવામાત્ર ! વસ્તુ નહીં, કથન, કારણકે રાગ ચાહે તો દેવગુરુની શ્રદ્ધાનો રાગ કે પંચમહાવ્રતનો રાગ કે શાસ્ત્ર તરફના પરદ્રવ્ય તરફનાં વલણવાળા ભણવાનો ( કે ) જાણવાનો રાગ, એ પણે થવું એવો કોઈ જીવમાં ગુણ નથી. આહાહાહા ! એ પણે ન થવું એવો જીવનો ગુણ છે. સમજાણું કાંઈ આમાં ? આ તો લોકો કહે

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


છે ને કે વ્યવહારથી નિશ્ચય થાય પણ એ વસ્તુમાં વ્યવહાર છે જ નહીં, એને નિશ્ચય થાય ક્યાંથી આવ્યું? વ્યવહારનું પરિણમન જ નિશ્ચયનો કોઈ ગુણ નથી. આહાહા! સમજાણું કાંઈ? આહાહાહા! એ તો ભગવાન વિકારના વિકલ્પ જે વ્યવહાર રત્નત્રયનો શુભરાગ જેને હસ્તાવલંબ કહ્યો જિનવાણીમાં, એ પણ બંધનું કારણ છે. આહાહાહાહા! અને બંધના કારણરૂપે થવું એવો કોઈ જીવમાં અનંત, અનંત, અનંત, અનંત, અનંત ગુણો છે. અનંત, અનંત, અનંત, અનંત, જેની સંખ્યાની હદ નથી. આકાશના ક્ષેત્રની જેમ ક્યાંય હદ નથી, કે ક્યાં થઈ રહ્યું આકાશ? એમ અનંતગુણની હદ નથી. કે આ ગુણ, હવે આ-આ-આ છેલ્લો અનંત, અનંત, અનંત, અનંત, અનંત, અનંતમાં છેલ્લો ( ગુણ ક્યો? ) એવી કોઈ હદ નથી. આહાહાહાહા! આકાશનો ક્યાં અંત? શું છે આ? અનંતગુણા અનંત જોજન, અનંત જોજન અનંતને અનંત ગુણે કે હવે આકાશ થઈ રહ્યું એમ છે? આહાહા! જેના ક્ષેત્રનો પણ અંત નથી. એવો જે ક્ષેત્રનો "જ્ઞ" ક્ષેત્ર જાણનાર ભગવાન ક્ષેત્ર "જ્ઞ" છે આ તો. એના ગુણની સંખ્યાની કોઈ હદ નથી, કે અનંત, અનંત, અનંત, અનંતમાં આ આ આ અનંતમાં, અનંતમાં, અનંતમાં, અનંતમાં, છેલ્લો આ આવ્યો! આહાહાહાહા! એવો જે અનંતગુણનો રાશિ પ્રભુ, જે સમ્યગ્દર્શનનો વિષય. આહાહાહા! કેમ કે એ સત્ય એટલું ને એવડું છે. તેને તે રીતે પ્રતીતમાં જ્ઞાન કરીને લેવું એને સત્યદર્શન જેવું સત્ય છે, તેવું દર્શન થયું. સમજાણું કાંઈ? આહાહા! એ અહીં કહે છે, વ્યવહાર પહેલો કહેવામાં આવ્યો. જો કે પહેલી પદવીમાં સ્વરૂપની પ્રાપ્તિ ન થઈ હોય ત્યાં સુધી એણે ગુણનો ભેદનો વિકલ્પ એને સમજાવવો પડે ( છે ). આહાહા! કે જો આ આત્મા, એ જ્ઞાનસ્વરૂપ છે, દર્શનસ્વરૂપ છે, એવો જે ભેદનો વિકલ્પ પહેલો એ જ્ઞાનનો અંગ ગણીને, સમ્યગ્જ્ઞાનનો અંગ નહીં. પણ વ્યવહારુ જ્ઞાનનો અંગ ગણીને, તેમાં લખ્યું છે કળશ ટીકામાં. સમજાણું કાંઈ? એવું આવે પહેલું. આહાહા!

હસ્તાવલંબ જાણી, છે? "જેમણે પોતાનો પગ માંડેલો છે. એવા પુરુષોને, અરેરે! હસ્તાવલંબ કહ્યો છે." આચાર્યો ખેદથી કહે છે, અરેરે! એને નવતત્ત્વની શ્રદ્ધા ને ગુણ ગુણીના ભેદની વાત, એવી વાત આવે, અરેરે! પણ એ તો ખેદનું કારણ છે. એ આત્માને લાભનું કારણ નથી. આહાહાહા! જેને વીતરાગે કહેલો વ્યવહારનો વિષય. આહાહા! એ હસ્તાવલંબ જાણીને કર્યો છે ઘણો, આહાહા! ચરણાનુયોગમાં આવ્યું હતું પ્રવચનસાર. હે પંચાચાર! જ્ઞાનાચાર! વિનયથી ભણવું, અક્ષરોને આમ કરવા યોગદાન કરવું, એ બધું જ્ઞાન વ્યવહારાચાર તું મારું સ્વરૂપ નથી. દર્શાનાચાર, નિઃશંક, નિઃકાંક્ષ એવો વ્યવહાર સમકિતના આચાર આઠ એ તું મારું સ્વરૂપ નથી. પંચમહાવ્રત ને પાંચ સમિતિ ગુપ્તિ એવા અઠ્યાવીસ મૂળ ગુણ એ વિકલ્પ તું મારું સ્વરૂપ નથી હોં, પણ મારી પૂર્ણ દશા ન થાય ત્યાં સુધી તું છે, પાંચેય આચાર છે, જ્ઞાન, દર્શન, ચારિત્ર, વીર્ય અને તપાચાર વ્યવહારના. આહાહા! એ જે વ્યવહાર કહ્યા છે ભગવાને ત્યાં, અર્થમાં તો એવું આવ્યું છે કે, તેં તારા પ્રસાદથી પૂર્ણ જ્યાં સુધી ન પામું ( ત્યાં સુધી ) એ વ્યવહારના કથન છે. ( શ્રોતાઃ- ખરેખર મારૂં સ્વરૂપ નથી. ) આવું સ્વરૂપ છે. આહાહા!...

હું પૂર્ણાનંદને પ્રાપ્ત ન થાઉં ત્યાં સુધી તારો આવો ભાવ હોય છે એટલું બસ! પણ છે એ બંધનું કારણ છે. અને બંધના કારણનો જે ભાવ, આહા! એ અનંતા, અનંતા, અનંતા, ગુણોનો ડુંગર ગુણનો ગોદામ, અનંત ગુણનો ગોદામ પ્રભુ ( છે ). જેનાં અનંતની અનંતનો અંત નહીં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

એવા અનંત ગુણનો ગોદામ, (આત્મામાં) એવો કોઈ ગુણ નથી કે વ્યવહારપણે પરિણમે, રાગપણે એવો કોઈ ગુણ નથી. આહાહાહાહા ! આવું સ્વરૂપ છે ભાઈ ! કોઈ વાદવિવાદે પાર પડે એવું નથી. આહાહા ! સમજાણુ કાંઈ ? એ અહીં કહે છે. પહેલે જ્યાં સુધી સાંભળે છે ત્યાં સુધી એનું લક્ષ ત્યાં રહે છે ભેદમાં. આહાહા !

"એવા પુરુષોને હસ્તાવલંબ તુલ્ય કહ્યો છે" નિમિત્તપણે જણાવ્યું છે. આહાહાહા ! તોપણ આહાહા ! જે પુરુષો ચૈતન્ય–ચમત્કારમાત્ર, ભગવાન આત્મા ચૈતન્ય ચમત્કાર, ચમત્કાર એનો શું અર્થ. આહાહા ! જેને ત્રણકાળના સમયથી આકાશના પ્રદેશો અનંતગુણા, એનાથી અનંતગુણા તો આત્માના ગુણ (છે). આહાહા ! અને તે ચૈતન્ય ચમત્કાર છે. એવો કોઈ અનંત ગુણનો પિંડ પ્રભુ કોઈ ચમત્કારી ચીજ છે. આહાહાહા ! અરે એની વાતની ખબર ન પડે, એ વસ્તુની દૃષ્ટિ ન કરે, એનું જ્ઞાન ન કરે અને બહારની વાતમાં મરી જાય કરીને, આ વ્રત કર્યાં ને તપ કર્યાં ને, આહાહા ! આકરું કામ છે. એ વ્યવહાર વ્રત, તપપણે પરિણમવું એવો એનામાં કોઈ ગુણ નથી. એવો જે ભગવાન આત્મા ચિત્ત–ચમત્કાર વસ્તુ. આહાહા ! જેનો વિશ્વાસ કરતાં જેની દૃષ્ટિ કરતાં ચૈતન્ય ચમત્કારનાં અનંત ગુણો પર્યાયમાં વ્યક્તપણે ઊછળીને વ્યક્ત પ્રગટ થાય. આહાહાહા ! કહો દેવીલાલજી ! આવું સ્વરૂપ છે ભાઈ ! આહાહાહા ! જેની શક્તિઓના સંગ્રહની સંખ્યાનો પાર નથી, ક્ષેત્ર ભલે શરીર પ્રમાણે હો, પણ એની શક્તિઓના માપનું કોઈ માપ નથી. કોઈ માપ નથી તેનું જ્ઞાન માપ કરી લે છે. આહાહાહા ! શું કહ્યું ઈ ? ભગવાન આત્મા અનંત અનંત શક્તિ(ઓ) ની સીમા નથી. આહાહા ! કોઈ એની હદ નથી. સીમા નથી કહેતાં કે આ મારું ખેતર આટલા સીમાવર્તી છે. આટલા (જોજનમાં) સીમાવર્તી છે કે ૨૫–૫૦ જોજનમાં છે. એમ આ ગુણની કોઈ સીમા નથી. આહાહાહા ! એવા ગુણની સીમા વિનાનો પ્રભુ (અસીમ) જેને વ્યવહારપણે પરિણમવું આવા અનંતા–અનંતા ગુણો પણ કોઈ એવો ગુણ નથી કે વ્યવહારના રાગપણે પરિણમે એવો કોઈ ગુણ નથી. આહાહાહાહા !

હા, એમાં લીધું છે ને ભાઈ ૩૯–૪૦ શક્તિ નહીં ? ૩૯ શક્તિમાં 'ભાવ' લીધો આ, કે ષટ્કારકના પરિણમનથી પરિણમતી વિકૃત અવસ્થા એનાથી રહિતપણે થવું એવો એનામાં ગુણ છે. 'ભાવ' અને 'ક્રિયા' શક્તિ, ષટ્કારકના શુદ્ધ પરિણમનપણે પરિણમવું એ એનો ગુણ છે ૪૭ શક્તિ. આહા ! ગજબ કામ ૪૭ શક્તિએ તો, આહાહાહાહા ! અરે ભાઈ શ્રોતા તું જ્ઞાનમાં લક્ષ તો લે ! આહાહા ! એ અમાપ ચીજને જ્ઞાનની પર્યાયમાં માપ લઈ લે. આહાહાહા ! (શ્રોતાઃ– અમાપનું માપ કર) અમાપનું માપ કર તું, તો એ સમ્યગ્જ્ઞાન કહેવાય. આહાહાહા ! સમજાણું કાંઈ ? માર્ગ બાપા વીતરાગ માર્ગ એટલે જિનવર માર્ગ એટલે દિગંબર માર્ગ એટલે આત્મ માર્ગ કોઈ અલૌકિક છે. આહાહા !

અહીં કહે છે જે પુરુષો ચૈતન્ય ચમત્કાર માત્ર એ ચૈતન્ય ચમત્કાર માત્ર જેમાં રાગનો તો અભાવ છે, નિમિત્તનો તો અભાવ છે, પણ જેમાં વર્તમાન પ્રગટ પર્યાયનો પણ જેમાં અભાવ છે. (શ્રોતાઃ– ચૈતન્યનો શું ચમત્કાર છે) એ પોતેજ ચમત્કારી છે ચીજ જ. ચમત્કારી છે. (શ્રોતાઃ– શી રીતે રહે) અલ્પક્ષેત્રમાં રહે છતાં અલોક લોકને જાણે પર્યાય. આહાહાહાહા !

અલ્પક્ષેત્રમાં ને અલ્પકાળમાં એક સમયની પર્યાય હોય, છતાં અમાપ એવા ગુણનો

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


દરિયો પ્રભુ એને એ જાણે, જેનું ક્ષેત્રનું માપ નથી કયાંય અંત નથી, એને પણ જાણે, જેના કાળની શરૂઆત નથી, ક્યારે ? કયાં ? આહાહાહાહા ! એને પણ જાણે. એવો જે જ્ઞાનનો પર્યાય એને ચૈતન્ય ચમત્કાર તરફ જ્યાં વાળ્યો. આહાહાહા ! આહાહાહા ! ઝીણી વાત છે. પ્રભુ શું થાય ? આ તો અનંતકાળમાં એણે એક સેકન્ડ કર્યું જ નથી. ( શ્રોતાઃ- સાંભળ્યું નથી ) એવું સાંભળ્યું નથી, આ શું છે ? આ તે આ ? મારો નાથ અંદર ચૈતન્ય ચમત્કારથી ભરેલો, એ કોઇ વિકારને કરે ને પરનું કરે ને પરથી પોતામાં કંઇ થાય એવી એ ચીજ જ નથી. આહાહા ! આહાહા !

જે પુરુષો, પુરુષો એટલે આત્મા, પુરુષો જ કરે એવું કાંઇ નથી. જે પુરુષો ચૈતન્ય-ચમત્કાર-માત્ર, આહાહા ! જેમાં વ્યવહારનું પરિણમન કરવું એવો તો ગુણ નથી, પણ જેમાં વર્તમાન પર્યાય છે તે તેમાં ( ધ્રુવમાં ) નથી. આહાહા ! જે, જે જ્ઞાનની પર્યાયે અમાપને માપમાં લઇ લીધો છે, એ પર્યાય પણ એમાં નથી. આહાહાહા ! એવો જે ચૈતન્ય ચમત્કાર, આહાહા ! “માત્ર”, ‘માત્ર’ શબ્દ છે ને ? ચૈતન્ય માત્ર એટલે કોઇ રાગ નહીં, વિકલ્પ નહીં, પર્યાય નહીં, ભેદ નહીં, આહાહા ! “પરદ્રવ્ય ભાવોથી રહિત શુધ્ધનયના વિષયભૂત” આહાહાહા ! જેને ૧૧મી ગાથામાં ભૂતાર્થ કહ્યો, છઠ્ઠી ગાથામાં જેને જ્ઞાયક કહ્યો. આહાહાહા ! ચૈતન્ય-ચમત્કાર-માત્ર, પરદ્રવ્ય ભાવોથી ( રહિત ) પહેલો તો અસ્તિ કીધું, ચૈતન્ય-ચમત્કાર-માત્ર વસ્તુ, વસ્તુ, વસ્તુ, વસ્તુ હવે પરદ્રવ્યોથી રહિત, નાસ્તિ કીધું. રાગાદિથી રહિત. આહાહા ! “પરમ અર્થને અંતરંગમાં” આહાહા ! એવો પરમ પદાર્થ પ્રભુ, જેની શક્તિના ગુણના સંગ્રહનો માપ નથી. આહા...આ તે શું છે આ ? ઓલા ક્ષેત્રનું માપ નથી, કાળનું માપ નથી, અહીં ગુણનું માપ નથી, છતાં ક્ષેત્ર તો આટલું છે, શરીર પ્રમાણે ક્ષેત્ર છે. અરે, અંગુળના અસંખ્ય ભાગમાં નિગોદનાં અનંતા જીવો, એ એક એક જીવ અનંતા અનંતા ગુણના માપથી, અમાપથી ભરેલું છે. આહાહા ! અરે બાપુ એને દ્રવ્યની શ્રધ્ધા ક્યારે થાય ? આહા ! અંગુળના અસંખ્યાતમાં ભાગમાં અહીં, અનંતા જીવો છે અહીં. આખા લોકમાં એટલા ભર્યા છે. ડુંગળી, પ્યાજ, લસણ એની કળી એક કટકી, ( એમાં ) અસંખ્ય શરીર એક શરીરમાં અનંતા જીવ એક એક જીવના અમાપ અનંતા ગુણો આ બધાનું ક્ષેત્ર નાનું છે, પણ એ ક્ષેત્રની અહીં જરૂર નથી. એના સ્વભાવના સામર્થ્યની શું ચીજ છે ? સમજાણું કાંઇ ? આહાહાહા !

“એવા પરદ્રવ્ય માત્રથી ( ભાવોથી ) રહિત પરમ અર્થને” પરમપદાર્થ, આહાહા... ચૈતન્ય ચમત્કાર ત્રિકાળ અનંતગુણનો અમાપ વસ્તુ, પ્રભુ ! આહાહા ! એને અંતરંગમાં અવલોકે છે. અંતરંગમાં અંતર અવલોકે પર્યાયમાં, આહાહાહા... જ્ઞાનની પર્યાય એને અવલોકે છે. આહાહાહા ! એ પર્યાય કેવડી અને કેટલી તાકાતવાળી કે જે અમાપગુણની શક્તિનો સંગ્રહ પ્રભુ, આહાહા... ભાઈ ! સમ્યગ્દર્શન અને એનો વિષય અને એને જાણનારી જ્ઞાનની પર્યાય, કોઇ અલૌકિક ચીજ. અરેરે ! એવી એ ચીજ જે છે એને જે અવલોકે છે, અવલોકે છે એ પર્યાય છે. અમાપ એવો ભગવાન આત્મા એને જે જ્ઞાનની પર્યાય અવલોકે છે. ( અવલોકનારી ) પર્યાય, ધ્રુવ-ધ્રુવને ક્યાં અવલોકે ? એ પર્યાય સિદ્ધ કરી. અવલોકે છે, તેની શ્રદ્ધા કરે છે. આહાહાહા ! જે અમાપ શક્તિનો પ્રભુ સંગ્રહાલય અનંતગુણોનાં સંગ્રહનો આલય, સ્થાન, ધ્રુવધામ. એને જે અંતરમાં પર સન્મુખથી છુટી, સ્વસન્મુખ થાય છે, એને ત્યારે અવલોકે છે. દરિયો મોટો ગુણનો દરિયો એને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

જે જ્ઞાન અંતર્મુખ થઇને અવલોકે છે. આહાહા... અને એની જે શ્રદ્ધા કરે છે. સમજાણું કાંઇ ?

अर्थ अन्तः पश्यतां છે ને અને તદ્રૂપ લીન થઇ ચારિત્રભાવને પ્રાપ્ત થાય છે. શું કહે છે ? કે જે અંતર આવી ચીજ છે તેનું જ્ઞાન કરી તેની શ્રદ્ધા કરી ને તેમાં લીનતા થઇ જાય છે. એને વ્યવહાર હોતો નથી. એને વ્યવહાર કાંઇપણ જાણેલો પણ એને હોતો નથી. આહાહાહા ! એ જાણેલો પ્રયોજનવાન કહ્યો હતો એ હવે આમાં રહ્યો નથી. શું કહ્યું એ ? કે પ્રથમ જે આત્માનો અનુભવ દર્શન જ્ઞાન થયું, પણ જ્યાં હજી પૂર્ણતા નથી, ત્યાં આગળ એને અપૂર્ણ શુદ્ધતા અને અશુદ્ધતાના અંશો છે, તેને જાણેલો પ્રયોજનવાન છે એમ કહ્યું હતું. ૧૨મી ગાથા. એટલે કે તે વખતની જ્ઞાનની પર્યાય તે પ્રકારની શુદ્ધતાનો અંશ છે, પૂર્ણ નથી, અને અશુદ્ધતા બેય છે, એને જાણેલો પ્રયોજનવાન એટલે કે, તે જ સાધક જીવને તે કાળે જ્ઞાનની પર્યાય સ્વને જાણે અને પરને જે પ્રકારે રાગ ને અશુદ્ધતા થોડી છે, એનું જાણવું એ પોતાનો સ્વપરપ્રકાશક પર્યાય પરિણમે છે, એને જાણેલો પ્રયોજનવાન કહ્યો છે, સમજાણું કાંઇ ? એ હવે પૂર્ણ જ્યાં થયું ત્યાં એ રહ્યું નહીં, સમજાણું કાંઇ ? એ કહેવું છે. વ્યવહાર આવે, જ્યાં સુધી પૂર્ણ ચારિત્રવંત લીન થાય નહિં યથાખ્યાત ચારિત્ર આદિ ત્યાં સુધી એને સ્વભાવનો આશ્રય ને અવલંબનનું જ્ઞાન શ્રદ્ધા થઇ પણ છતાં ચારિત્રની લીનતા પુરી થઇ નથી, તેથી એને આવો શુદ્ધતાનો અપૂર્ણ અંશ અને અશુદ્ધતાનો અંશ એવો બે હોય છે, એને જાણનારી પર્યાય જ્ઞાનની તે કાળે, પોતાને કાળે કારણે સ્વ અને પરને પ્રકાશે તેવી સ્વપરપ્રકાશક પર્યાય થાય છે. તેથી તેને જાણેલો પ્રયોજનવાન કહેવામાં આવ્યો છે. આહાહા ! ધનાલાલજી ! આવી વાતુ છે.. આહાહા !

પણ જ્યાં જ્ઞાન ને દર્શન ને સ્થિરતા જ્યાં પૂર્ણ થઇ ગઇ પછી અપૂર્ણ શુદ્ધતા ને રાગ એ રહ્યો નહીં, એટલે જાણેલો જે પ્રયોજનવાન હતો એ ત્યાં રહ્યો નહીં. આહાહાહા ! આહાહાહા ! અરે આ માર્ગ તો જુઓ. ચીમનભાઈ ! આવો માર્ગ અને લોકો બચારા એકાંત છે એકાંત, અરે બાપુ ભાઈ તને વસ્તુ સ્વરૂપ, બાપા ઉલટા એથી પરિણામનાં ફળ ભાઈ ! આકરા આવશે ભાઈ ! એ બીજાથી જોયા નહીં જાય એવા દુઃખ થાશે. આહાહા ! તને અત્યારે ઠીક લાગે આમ જાણે અમે ઓહોહો... અને લોકોય પાગલ બધાં ભેગા થઇને આહાહા... ભારે વાત કરે છે, સારી વાત કરે છે. વ્યવહારથી જોઇએ ને વ્યવહારથી થાયને ? ૧૧મી ( ગાથામાં ) કહ્યું ને પરસ્પર વ્યવહારનો ભેદનો ઉપદેશ કરે છે માંહો માંહે એ તો અનાદિનું છે, એમાં નવું શું છે. ( શ્રોતા :– ત્યાં વ્યવહાર જાણેલો પ્રયોજનવાન કહ્યો – એને અહીંયા કાઢી નાખ્યો. ) હા એને અહીંયા કાઢી નાંખ્યો પૂરણ થયું–પૂરણ થયું એટલે કાઢી નાંખ્યો. અહીં અપૂર્ણ હતું. દૃષ્ટિ, જ્ઞાનનો વિષય તો પૂર્ણ જ છે પણ અહીંયા પર્યાયમાં પૂર્ણતા ને શુદ્ધતા પુરી નહોતી અને અશુદ્ધતા હતી ત્યારે તે પ્રકારનું જ્ઞાન સ્વ ને પરને તે જ પ્રકારે જાણતું પ્રગટ થતું, એ પ્રકારનું જ્ઞાન હવે પુરું થયું તો ત્યાં રહ્યું નહીં. આહાહાહા !

ભાષા તો સાદી છે બાપુ ! ભાઈ ! તારી વાતો શું કરવી. પ્રભુ ! તારી પ્રભુતાનો પાર ન મળે. આહાહા ! એકેક પર્યાયમાં એની પ્રભુતા પ્રસરી ગઇ છે. કેમકે એનામાં પ્રભુત્વ નામનો એક ગુણ છે. અને એ ગુણ છે અનંત ગુણમાં એનું રૂપ છે. આહાહાહા ! અને અનંતા ગુણોમાં પ્રભુત્વનું રૂપ છે અને એની પર્યાયમાં પણ પ્રભુત્વની પર્યાય પ્રગટ થાય છે, એ અખંડ પ્રતાપિત

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


સ્વતંત્ર શોભીત. જેને રાગના નિમિત્તની અવલંબનની જરૂર નથી. આહાહાહા ! એ રીતે અખંડ પ્રતાપિત સ્વતંત્ર સ્વાધીન પર્યાય એક પ્રભુત્વગુણની થાય એવી રીતે અનંતાગુણની પ્રભુત્વ ગુણને કારણે પોતાનું પણ સ્વરૂપ એવું છે માટે, આહાહાહા ! સ્વતંત્રપણે, સ્વાધીનપણે, જેનો કોઇ પ્રતાપ ખંડ કરી શકે નહીં એવી ગુણની પર્યાયનું પરિણમન સ્વતંત્ર પોતાથી થાય છે. આહાહા ! એને વ્યવહારથી આ થાય ને નિમિત્તથી આ થાય, એ વસ્તુના સ્વરૂપમાં નથી. સમજાણું કાંઇ ? આહાહાહા ! આવી વસ્તુ છે. સાંભળવી કઠણ પડે પહેલી તો. આહાહા ! બાપુ ! પ્રભુ ! તું છો આવો ને ? તું છે એની વાત હાલે છે એ. આહાહા ! એ ચૈતન્ય ચમત્કાર માત્ર પ્રભુ એની જ્ઞાન શ્રદ્ધા થઇ અને પછી લીનતા પૂર્ણ થઇ ગઇ, એને પછી અપૂર્ણતા જે શુદ્ધતાનો અંશ અને અશુદ્ધતા એ છે નહીં, તેથી એને વ્યવહારનય છે નહીં, એથી વ્યવહારનું પ્રયોજન પણ જાણવું રહ્યું નથી. આહાહાહા ! સમજાણું કાંઇ ? ( શ્રોતાઃ- ૧૯ મી વાર વાત થઇ ) હા ! ૧૯મી વાર સાચી વાત છે. ૧૯મી વાર છે. ૧૯ વાર એમાં છોટાભાઈ કહે છે અમારે ચુડાવાળા કે આ ફેરી પહેલી ગાથાથી બહુ સારું ચાલે છે એમ કહે છે. ૧૯મી વાર, છોટાભાઈ ! એ કહેતા 'તા અંદર આવીને કહેતા હતા. માર્ગ આવો બાપા ! આહાહા ! એ ભગવાને કહ્યો છે એમ છે કાંઈ ભગવાને કર્યો નથી આ કાંઈ. પોતાનું કર્યું પણ પરનું કાંઈ કર્યું નથી એ તો એ એની ચીજ સ્વતંત્ર છે. ભગવાન તો એમ કહે છે કે તારા સ્વરૂપની પ્રાપ્તિ માટે તારો ગુણ એવો છે કે અમારી અપેક્ષા વિના તારું પરિણમન થાય એવો તારો ગુણ છે. આહાહા !

અમે દેવ ગુરુ ને શાસ્ત્ર જે પર છીએ અને પરની અપેક્ષાથી તારામાં કાંઇ રાગ થાય એ સ્વભાવ તારો છે જ નહીં. આહાહાહા ! ત્યારે ? કે એને થાય છે ને ? કે થાય છે તેને જાણવાની પર્યાય સ્વપરપ્રકાશમાં જાણે છે. આહાહાહા ! ( શ્રોતાઃ- વ્યવહારે પ્રચાર પ્રસાર કર્યો પછી એનું ફળ આવ્યું ને ? ) પ્રચાર-પ્રસાર કાંઇ ન મળે. એ તો પહેલું એટલું આવ્યું કે આ આત્મા તે જ્ઞાન છે એવો ભેદ આવ્યો એટલી વાત. એ એને અનુસરવું નથી. અનુસરવાનું અભેદને છે. અને પછી પણ જ્યારે પર્યાયમાં પૂર્ણતા નથી. ત્યાં સુધી અપૂર્ણ શુદ્ધતા ને અશુદ્ધતાનો અંશ હારે છે, જુદા જુદા અંશ છે. આહાહા ! એને જાણેલો પ્રયોજનવાન છે, એટલે કે તે વખતે તેવું જ જ્ઞાન, એ રાગ છે ને અશુદ્ધતા છે, એની અપેક્ષા રાખ્યા વિના, જ્ઞાનનો પર્યાય પણ સ્વતંત્ર સ્વથી જેની અખંડતાના સ્વતંત્રતાથી શોભાયમાન જેની પર્યાય છે એને કોઇ રાગ છે માટે એનું જ્ઞાન થાય એવી પણ અપેક્ષા નથી. આહાહાહા ! સમજાણું કાંઇ ? એની તે સમયની જ્ઞાનની પર્યાય સ્વપરપ્રકાશકપણે તે કાળે તે જ પ્રકારની ઉત્પન્ન થવાની સ્વતંત્રથી શોભે છે. એને કોઇ રાગ છે માટે સ્વપરપ્રકાશક પર્યાય થઇ એમ નથી. આહાહાહાહા ! આ વસ્તુ તત્ત્વજ્ઞાન ચીજ જ કોઇ જુદી છે. આહાહા ! આ તો મહા ઊંડો પાતાળનો કૂવો, પાતાળનાં પાણી એ આ પાર આવે એવું છે ? ( શ્રોતાઃ- એ અવાવરું થઇ ગયો તો ) અવાવરો. આહાહા ! જનડામાં કહ્યું હતું ને પાતાળમાં પાણી તરત તૈયાર હતું. બહુ ખોદયું, ઘણું ખોદયું નીકળ્યું નહીં, એક ચાર તસુની પથ્થરની ઓલી રહી ગઇ પાતાળને અને તૂટવાની. તો થાકી ગયા તો વિયા ગ્યા ઘરે, પાણી નીકળ્યું નહીં. એમાં એક આવી જાન, જાન સમજ્યાને દુલ્હા લગ્ન દસ વાગ્યાનું ટાણું દસ સાડા દસ કે હવે અહીં કૂવો છે ને આપણે અહિંયા આરામ કરીએ અહીંયા નાસ્તા કરે ને લાડવા ખાય ને જાન આ લગન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


કોઇક આઘે જવું હશે કે સાડા દશ થઇ ગયા કે આ કૂવો છે તે ઉભું રાખ્યું ત્યાં આમ જોવેને ત્યાં પાણી ન મળે, એમાં એક જણો કહે માથે મોટા પથ્થરા પડયા છે મોટા પચ્ચીસ–પચ્ચીસ મણના નાખો ને એમાં એક પથ્થરો જ્યાં નાખ્યો ઓલી ચાર તસુ તુટીને પાણીની શેડ ઉડી અંદરથી, શેડ ઉડી આમ અંદરથી, ત્યાં તો નીચે પાણીનો પ્રવાહ છે ને નીચે પાતાળમાં જોરદાર, આહાહા... ( કૂવામાં ) પાણી ભર્યું છે, એમ આત્મામાં પાણી ભર્યા છે ગુણના ઊંડા–ઊંડા. આહાહા ! આ માણસ નથી કહેતા, આ માણસ પાણીવાળો છે છોકરો, પાણીવાળો એટલે તાકાતવાળો એમ ભગવાન અનંત પાણીવાળો છે. આહાહાહા ! જેના તળીયામાં પાતાળમાં પાર નથી, જેનો પાર કેવળી પામી શકે કે જ્ઞાની પામી શકે, બાકી તર્કથી મેળવી શકાય એવી એ ચીજ નથી. આહાહાહા ! એવા ચૈતન્ય ચમત્કાર માત્ર અવલોકે છે, એમ છે ને ? તેમને વ્યવહારનય કાંઇપણ પ્રયોજનવાન નથી, એટલે કે એને વ્યવહારનયનો વિષય જ રહેતો નથી. આહાહાહાહા ! સમજાણું કાંઈ ? આવો માર્ગ છે ભાઈ !

જ્યાં સમ્યગ્દર્શન જ્ઞાન થયું પૂર્ણાનંદના નાથના એ દેદારના દર્શન થયાં. આહાહા ! અદબદનાથ પોતે પ્રભુ, એની પ્રતીત અને જ્ઞાન થયાં પણ એમાં લીનતા પૂર્ણ ન થાય, ત્યાં સુધી અને શુદ્ધતા ને અશુદ્ધતાનાં અંશો, પર્યાય છે તે, વ્યવહારનયનો વિષય છે, પર્યાય છે ને શુદ્ધનો અંશ ને એ વ્યવહારનો એટલે વ્યવહારનય જાણેલો એટલે તે કાળે તે જ્ઞાનની પર્યાયની ઉત્પત્તિ, તે જ પ્રકારે સ્વપરને પ્રકાશે તેવી ઉત્પત્તિ થાય, એને એમ કહ્યું કે વ્યવહાર જાણેલો પ્રયોજનવાન છે. પણ જ્યાં પૂર્ણ દશા થઇ, ત્યારે એને શુદ્ધતા, અપૂર્ણતા ને અશુદ્ધતા હતી એ રહી નહીં, પૂર્ણ શુદ્ધતા થઇ ગઇ, એટલે એ જ્ઞાન પણ સ્વપર પૂર્ણને પ્રકાશે એવું જ્ઞાન થઇ ગયું, અધુરાને પ્રકાશે એવું જ્ઞાન જે હતું એ ત્યાં રહ્યું નહીં. આહાહાહાહા ! કહો દેવીલાલજી ! આવો માર્ગ છે. આ દિગંબર ધર્મ. આહાહા !

બીજી રીતે કહીએ, તો આ આત્માની પર્યાય જ્ઞાનની એક સમયની પર્યાય એને છ દ્રવ્ય જાણવાનો એનો સ્વભાવ છે, અને એ પર્યાય ત્યારે માની કહેવાય કે છદ્રવ્ય જાણવાનો એનો સ્વભાવ છે, અને એ પર્યાય ત્યારે માની કહેવાય કે છ દ્રવ્યો એમાં અનંત તીર્થંકરો સિદ્ધો આવ્યા, નિગોદના જીવ આવ્યા સાક્ષાત્ વર્તમાન મહાવિદેહમાં બિરાજનારા એ દ્રવ્યો એમાં આવ્યા, એવા અનંતા દ્રવ્યોને એક સમયની પર્યાય ભલે શ્રુતજ્ઞાનની હોય, તે જાણવાની તાકાત રાખે છે, એટલે એક સમયની પર્યાયની જેણે પ્રતીત કરી એણે છ દ્રવ્યને માન્યા છે. પણ તે તો હજી વ્યવહાર છે. આહાહાહાહા ! એક સમયમાં અનંતા તીર્થંકરો સિદ્ધોને માન્યા, જાણ્યા, પર્યાય એનો સ્વભાવ જ એવો છે પણ એક પર્યાયને જ્યાં સુધી માને ત્યાં સુધી તો હજી વ્યવહારનય છે એનો. આહાહાહા ! એ છૂટીને દ્રવ્યનાં આ જ્યાં ત્રિકાળ જેમાં એક એવી પર્યાયો નહીં, અનંતી અનંતી એક એક ગુણનો સંગ્રહ પડયો છે. એવા અનંતા ગુણોનો પ્રભુ. આહાહાહાહા ! અનંતી, અનંતી, અનંતી, અનંતી, અનંતી, શક્તિઓ એટલે સંખ્યા, એની એક એક શક્તિ પ્રભુત્વ ગુણથી ભરેલી છે. આહાહાહા ! અને તેની પર્યાય પણ પ્રભુત્વગુણની પર્યાય છે. એની પ્રભુત્વ ગુણની પર્યાયને પર કોઇ ખંડ કરી શકે કે પરની અપેક્ષાથી તે પ્રભુત્વ ગુણની પર્યાય અથવા બીજા ગુણોમાં પણ પ્રભુત્વનું રૂપ છે. બીજા ગુણોની પર્યાયમાં પણ પ્રભુત્વનું રૂપ છે, પણ બીજા ગુણની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

પર્યાયને પણ પરની અપેક્ષા હોય તો તે પર્યાય ઉત્પન્ન થાય અને પર્યાય રહે અને પર્યાય વધે એમ નથી. આહાહાહાહા ! માનો ન માનો જગત ગમે તે કહો. સમજાણું કાંઇ ?

આવું વસ્તુનું સ્વરૂપ ! ભારે વાત, ઓલા એ બચારાએ લખ્યું છે જાપાનવાળાએ કે એક તો આવો જૈન ધર્મ અનુભૂતિરૂપ જૈનધર્મ અને નિર્વાણરૂપ આત્મા, એટલે આપણે મુક્તસ્વરૂપ આત્મા કહીએ એણે નિર્વાણ કહ્યું. આત્મા પોતે મુક્તસ્વરૂપ જ છે. સ્વભાવ, શક્તિસ્વરૂપ મુક્તસ્વરૂપ જ છે. એણે નિર્વાણ લીધું બચારાએ એણે એક કહ્યું અત્યારનો આ ધર્મ વાણીયાઓને હાથ આવ્યો અને વાણીયા વેપારના વ્યવસાયમાં ગુંચી ગયા છે. એ હિંમતભાઈ ! લોઢામાં ને આહાહાહા ! અહીંયા એણે લખ્યું છે ( જાપાનવાળાએ ) વાણીયા વેપારી આમાં ગુંચવાઈ ગયા વ્યવસાયમાં એમાં આ શું ચીજ છે એનો નિર્ણય કરવાને, નિવૃત્તિ પણ લે નહીં. આહાહા ! એક તો વેપારના ધંધામાં ગુંચાઇ ગયા બીજા પાછા બાયડી, છોકરાને કુટુંબને સાચવવા, જાળવવા ને એની હારે આ આ આ રાજી રાખવા ને સારા કરવાને રમતું કરવી ને અરરર ! વેપારના વ્યવસાય ઉપરાંત આ, આ તો બધાને હોય, એ જૈન ધર્મનો મર્મ છે તેનો નિર્ણય કરવા માટે વાણિયા વેપારના વ્યવસાયવાળા નવરા નથી અને ભાઈએ તો લખ્યું છે જગમોહનલાલજીએ અરે આ લોકો આવા જાપાનના અન્ય મિથ્યાદૃષ્ટિઓ તે અનાર્ય દેશમાં રહેલા, એવા વિજ્ઞાનની શોધ કરતાં કરતાં આવું જેણે જૈન ધર્મનું રૂપ કાઢયું, આપણે જૈન લોકો પ્રમાદી છીએ એમ લખ્યું બચારાએ જગમોહનલાલજી, હૈ ? છે ને એવું વાચ્યું, બતાવ્યું તું. આપણે રાતે વાચ્યું હતું ને મોહનલાલજી ! રાતે નહીં બે ત્રણ દિવસ પહેલાં. ( શ્રોતાઃ- પ્રમાદી ) પ્રમાદી છે. અરે વાણિયા આપણે એમ કે જૈન, એ લોકો આવું શોધી ને કાઢે કે જૈનનું સ્વરૂપ આવું છે અને તમે વાણિયા વેપારી જૈનમાં જનમ્યાને કાંઇ નિર્ણયનાં ઠેકાણાં ન મળે. આહાહાહા ! ( શ્રોતાઃ- વાણિયા એવા જ હોય ) હવે એને માટે નિર્ધાર કરવો જોઇએ. નક્કી કરો એમ લખ્યું પાછું હવે, તૈયાર થાવ પ્રમાદને છોડો, બહારના વ્યવસાયમાં રોકાણ છોડી દો. આહાહા ! ભાઈ નથી આવ્યાને હસમુખ નથી આવ્યાને બપોરે આવે છે બપોરે આવે હસમુખ. અમારે ગાંધી છે ને હસમુખ બોટાદનો, માળે ૪૨ વર્ષની ઉંમર બે ત્રણ લાખની પેદાશ દુકાને લોઢાની મુંબઇ પોતે જાતે દુકાન કરેલી, એ ગાંધી તમારામાંથી આ હસમુખ, હસમુખ, હસમુખ કાંતિલાલ આહાહા ! ત્રણ ત્રણ લાખની પેદાશ પોતે કરેલી ૪૨ વર્ષની ઉંમર એક છોકરો છે ૧૦ કે ૧૧ વર્ષનો, એક છોડી છે, ભાઈઓને કહે ભાઈ હવે મારે કાંઇ ધંધો કરવો નથી. ભાઈ ! આપણે ત્રણ ભાઈઓ છીએ. મારો ત્રીજો ભાગ આવે ને, મને ચોથો ભાગ આપો. પણ હવે હું દુકાને નહીં આવું દુકાને, આવે છે ઘણી વાર બપોરે આવે આજ આવે તો આવે કાલ નથી આવ્યા નહીં. શનિવાર-રવિવારે કાયમ. ( શ્રોતાઃ- એ સબ આપકા પ્રતાપ હે ) એને એકદમ એમ થઇ ગયું કે આહા ! આપણે કરવાનું તો રહી જાય છે ને આ શું ? છોકરાઓએ પાંચ લાખ આપ્યા, ચીમનભાઈ, બે ભાઈઓએ બે ત્રણ લાખની પેદાશ વર્ષની. પૈસા ઘણાંય હશે ભાઈ પાંચ લાખ આપ્યા ભાઈ અમે પાંચ લાખ આપીએ. બસ કાંઇ બોલ્યા નહીં. બસ, મારે બસ છે. પાંચ લાખનું પાંચ હજારનું મહીને વ્યાજ આવે, બસ મારે વાપરીશ હું આ શાસ્ત્રોમાં છોકરાની દવામાં ગરીબ માણસો આવે એ જોયું છે ને ગરીબપણું પોતે એટલે ગરીબપણાને દેખીને દયા આવી જાયને કહે બે પાંચ રૂપિયા લઇ જા ભાઈ, લઇ જા,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


મહીને પાંચ હજારનું વ્યાજ આવે એ આ રીતે વાપરી નાંખે. પાંચ લાખ પડયા છે. આવે છે બપોરે વારંવાર શની–રવિ આવે છે. એકાંતરે આવે છે ૪૨ વર્ષે સંતોષ કર્યો અને અહીં તો તમારે કરોડો રૂપિયાને પચાસ પચાસ લાખ હોય દસ લાખ હોય વીસ લાખ તોય સખ ( સંતોષ ) નથી ક્યાંય એવો દાખલો બેસાડયો માળે. ગાંધી કુટુંબમાં બીજા પૈસાવાળા ઘણા છે હિરાલાલ ને ચંપકલાલ ને ફલાણા ભાઈ આપણે ત્રણ ભાઈ, કરેલું પોતે દુકાનનું પછી બે ભાઈએ તો પછી આવેલા, ભલે આવ્યા બાપા ભાઈ આ બધુ તારું છે, મને ત્રીજો ભાગ આવે ને મને ચોથો આપો, વસ્તુ હોય એમાંથી મને ચોથો આપો. પણ હવે હું દુકાને બિલકુલ આવવાનો નથી. દુકાન મારે માટે બંધ છે. નિવૃત્તિ કરી અને ત્યાં ઘરે વાંચન બસ – શાસ્ત્રનું વાંચન. વાંચન સવારે શરૂ થાય ત્યાં આવે રમેશના ભજનો આ તો ઘાટકોપરવાળા ઘાતકી ખંડ યાદ આવે છે. એ ઘાટકોપર, ઘાટકોપર છે ને ? રમેશ સવારથી બેસે.

ગુરુજી મારા ચેતનને મને સમજાવો આવું કરીને શરૂ કરે. ગુરુજી મારા ચેતનને સમજાવો એ પદ શરૂ કરે આખોદિ’ આ કાંઇ લેવા દેવા ધંધો વેપાર કાંઇ નહીં. અરે બાપુ ! કરવા જેવું આ છે અરે જાવું છે ક્યાં ભાઈ, આ બધાં સંયોગો છુટી જાશે બાપુ, આ ક્યાં તારા છે ? આહાહા ! રાગનો સંયોગીભાવ પણ પ્રભુ તારો નથી, તો આ ચીજ ક્યાંથી આવી, તું ક્યાં રોકાઇ ગ્યો ? કોને સાચવવા ? આહાહા ! જેને સાચવવો તો એને સાચવવો નથી ને જેને સાચવી શકતો નથી તેને સાચવવામાં રોકાઇ ગ્યો. અને આમાં સાચવી શકે છે ત્યાં આવતો નથી. આહાહા ! અહીં કહે છે, જ્યાં આગળ ભગવાન આત્મા પૂર્ણ ચૈતન્ય ચમત્કારનું જ્યાં જ્ઞાન થયું સમ્યગ્દર્શન થયું અને ચારિત્રની પૂર્ણતા જ્યાં થઇ ગઇ પછી અપૂર્ણતા છે નહીં, એથી અપૂર્ણતાને જાણતાં જ્ઞાનને વ્યવહાર કહેવામાં આવતો હતો, છે તો એ પોતાનો સ્વપરપ્રકાશક પર્યાય, પણ પરની અપેક્ષાએ એને વ્યવહાર જાણે છે એમ કહેવામાં આવતો હતો, એ પૂર્ણ દશા જ્યાં થઇ, ત્યારે એ વ્યવહાર રહ્યો નહીં. તેથી જાણેલો પ્રયોજનવાન એને છે નહીં. આહાહા ! એકલો અનુભવ આનંદનો, કેવળજ્ઞાન ! ! વિશેષ કહેવાશે.

( શ્રોતાઃ– પ્રમાણ વચન ગુરુદેવ... )

---

નિશ્ચય સમકિતનું સ્વરૂપ કહે છે. સત્યદર્શન, સમ્યગ્દર્શન જે આત્માનો પૂર્ણ નિર્વિકલ્પ વસ્તુ એનો જે અનુભવ એમાં થતી પ્રતીત એવું જે નિશ્ચય સમ્યગ્દર્શન એની વ્યાખ્યા છે. આહાહા !

## શ્લોક - ૬

( शार्दूलविक्रीडित )

एकत्वे नियतस्य शुद्धनयतो व्याप्तुर्यदस्यात्मन:
पूर्णज्ञानघनस्य दर्शनमिह द्रव्यान्तरेभ्य: पृथक्।
सम्यग्दर्शनमेतदेव नियमादात्मा च तावानयं
तन्मुक्त्वा नवतत्त्वसन्ततिमिमामात्मायमेकोऽस्तु न:।।६।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


હવે પછીના શ્લોકમાં નિશ્ચય સમ્યક્ત્વનું સ્વરૂપ કહે છેઃ-

શ્લોકાર્થઃ- [ अस्य आत्मनः ] આ આત્માને [ यद् इह द्रव्यान्तरेभ्यः पृथक् दर्शनम् ] અન્ય દ્રવ્યોથી જુદો દેખવો ( શ્રદ્ધવો ) [ एतत् एव नियमात् सम्यग्दर्शनम् ] તે જ નિયમથી સમ્યગ્દર્શન છે. કેવો છે આત્મા ? [ व्याप्तुः ] પોતાના ગુણ-પર્યાયોમાં વ્યાપનારો છે. વળી કેવો છે ? [ शुद्धनयतः एकत्वे नियतस्य ] શુદ્ધનયથી એકપણામાં નિશ્ચિત કરવામાં આવ્યો છે. વળી કેવો છે ? [ पूर्ण-ज्ञान-घनस्य ] પૂર્ણજ્ઞાનઘન છે. [ च ] વળી [ तावान् अयं आत्मा ] જેટલું સમ્યગ્દર્શન છે તેટલો જ આ આત્મા છે. [ तत् ] તેથી આચાર્ય પ્રાર્થના કરે છે કે [ इमाम् नव-तत्त्व-सन्ततिं मुक्त्वा ] આ નવતત્ત્વની પરિપાટીને છોડી, [ अयम् आत्मा एकः अस्तु नः ] આ આત્મા એક જ અમને પ્રાપ્ત હો.

ભાવાર્થઃ- સર્વ સ્વાભાવિક તથા નૈમિત્તિક પોતાની અવસ્થારૂપ ગુણપર્યાયભેદોમાં વ્યાપનારો આ આત્મા શુદ્ધનયથી એકપણામાં નિશ્ચિત કરવામાં આવ્યો-શુદ્ધનયથી જ્ઞાયકમાત્ર એક-આકાર દેખાડવામાં આવ્યો, તેને સર્વ અન્યદ્રવ્યો અને અન્યદ્રવ્યોના ભાવોથી ન્યારો દેખવો, શ્રદ્ધવો તે નિયમથી સમ્યગ્દર્શન છે. વ્યવહારનય આત્માને અનેક ભેદરૂપ કહી સમ્યગ્દર્શનને અનેક ભેદરૂપ કહે છે ત્યાં વ્યભિચાર ( દોષ ) આવે છે, નિયમ રહેતો નથી. શુદ્ધનયની હદે પહોંચતાં વ્યભિચાર રહેતો નથી તેથી નિયમરૂપ છે. કેવો છે શુદ્ધનયનો વિષયભૂત આત્મા ? પૂર્ણજ્ઞાનઘન છે-સર્વ લોકાલોકને જાણનાર જ્ઞાનસ્વરૂપ છે. એવા આત્માના શ્રદ્ધાનરૂપ સમ્યગ્દર્શન છે. તે કાંઈ જુદો પદાર્થ નથી-આત્માના જ પરિણામ છે, તેથી આત્મા જ છે. માટે સમ્યગ્દર્શન છે તે આત્મા છે, અન્ય નથી.

અહીં એટલું વિશેષ જાણવું કે નય છે તે શ્રુતપ્રમાણનો અંશ છે તેથી શુદ્ધનય પણ શ્રુતપ્રમાણનો જ અંશ થયો. શ્રુતપ્રમાણ છે તે પરોક્ષ પ્રમાણ છે કારણ કે વસ્તુને સર્વજ્ઞનાં આગમનાં વચનથી જાણી છે; તેથી આ શુદ્ધનય સર્વ દ્રવ્યોથી જુદા, આત્માના સર્વ પર્યાયોમાં પ્રાપ્ત, પૂર્ણ ચૈતન્ય કેવળજ્ઞાનરૂપ-સર્વ લોકાલોકને જાણનાર, અસાધારણ ચૈતન્યધર્મને પરોક્ષ દેખાડે છે. આ વ્યવહારી છદ્મસ્થ જીવ આગમને પ્રમાણ કરી, શુદ્ધનયે દર્શાવેલા પૂર્ણ આત્માનું શ્રદ્ધાન કરે તે શ્રદ્ધાન નિશ્ચય સમ્યગ્દર્શન છે. જ્યાં સુધી કેવળ વ્યવહારનયના વિષયભૂત જીવાદિક ભેદરૂપ તત્ત્વોનું જ શ્રદ્ધાન રહે ત્યાં સુધી નિશ્ચય સમ્યગ્દર્શન નથી. તેથી આચાર્ય કહે છે કે એ નવ તત્ત્વોની સંતતિને ( પરિપાટીને ) છોડી શુદ્ધનયનો વિષયભૂત એક આત્મા જ અમને પ્રાપ્ત હો; બીજું કાંઈ ચાહતા નથી. આ વીતરાગ અવસ્થાની પ્રાર્થના છે, કોઈ નયપક્ષ નથી. જો સર્વથા નયોનો પક્ષપાત જ થયા કરે તો મિથ્યાત્વ જ છે.

અહીં કોઈ પ્રશ્ન કરે કે-આત્મા ચૈતન્ય છે એટલું જ અનુભવમાં આવે, તો એટલી શ્રદ્ધા તે સમ્યગ્દર્શન છે કે નહિ ? તેનું સમાધાનઃ-ચૈતન્યમાત્ર તો નાસ્તિક સિવાય સર્વ મતવાળાઓ આત્માને માને છે; જો એટલી જ શ્રદ્ધાને સમ્યગ્દર્શન કહેવામાં આવે તો તો સૌને સમ્યક્ત્વ સિદ્ધ થઈ જશે. તેથી સર્વજ્ઞની વાણીમાં જેવું પૂર્ણ આત્માનું સ્વરૂપ કહ્યું છે તેવું શ્રદ્ધાન થવાથી જ નિશ્ચય સમ્યક્ત્વ થાય છે એમ સમજવું. ૬.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


## પ્રવચન નં. ૫૪ શ્લોક - ૬ તા. ૧૦-૮-૭૮ ગુરૂવાર, શ્રાવણ સુદ-૬ સં. ૨૫૦૪

एकत्वे नियतस्य शुद्धनयतो व्याप्तुर्यदस्यात्मन:
पूर्णज्ञानघनस्य दर्शनमिह द्रव्यान्तरेभ्य: पृथक्।
सम्यग्दर्शनमेतदेव नियमादात्मा च तावानयं
तन्मुक्त्वा नवतत्त्वसन्ततिमिमामात्मायमेकोऽस्तु न:।।६।।

'न:' નો અર્થ અમને છે. 'न:' નો અર્થ નકાર નથી, 'न:' નો અર્થ અમને છે, અમને નવતત્ત્વની પરિપાટી છોડીને એક ભગવાન આત્મા પ્રાપ્ત હો. આહાહા ! કેમ કે નવતત્ત્વનો અનાદિ અભ્યાસ એ મિથ્યાત્વ છે. એક સ્વરૂપ જે ચૈતન્ય નિર્વિકલ્પ વસ્તુ માત્ર એને છોડીને નવ પ્રકારનાં તત્ત્વોનો અનુભવ અનાદિનો એ મિથ્યાત્વભાવ છે. મોક્ષમાર્ગ પ્રકાશકમાં તો કહ્યું છે કે નવતત્ત્વનું શ્રદ્ધાન તે સમ્યગ્દર્શન. એ તો બીજી વાત છે, ત્યાં નવતત્ત્વમાં એકવચન છે. એકરૂપ આત્માને જાણે છે એમાં નવતત્ત્વની શ્રદ્ધા એમાં ભેગી આવી જાય છે. સ્વનું પૂર્ણ સ્વરૂપ નિર્વિકલ્પ, નિર્વિકલ્પ અભેદ જ્ઞાનઘન વસ્તુ એનો અનુભવ થતાં, સમ્યગ્દર્શન થતાં એમાં બીજા તત્ત્વો નથી એવું અંદર જ્ઞાન થઇને શ્રદ્ધા આવી જાય છે એટલી વાત. ત્યાં એકવચન છે, અને આ નવ તો અનેક પ્રકાર છે. નવનાં અનેક પ્રકારનો અનુભવ તે મિથ્યાત્વ છે. અને નવનો એકપણે જે અભ્યાસ સ્વરૂપ તરફની દૃષ્ટિ થઇને આઠ એમાં નથી એવું જે શ્રદ્ધા સહિત જ્ઞાન થાય, એને નવતત્ત્વની શ્રદ્ધાનું સમ્યગ્દર્શન કહ્યું છે, આરે ! આવી વાતું ભાઈ ! મૂળ વાત એવી કઠણ અપરિચિત અભ્યાસ નહીં.

એટલે અહીં કહે છે. આ આત્મનમ્ શ્લોકાર્થ "આ આત્માને" अस्य आत्मन: આત્માની મોજૂદગી નિર્વિકલ્પ સ્વરૂપ આહાહાહા... એમ સિદ્ધ કર્યું પહેલું अस्य आत्मन: નિર્વિકલ્પ ચૈતન્ય માત્ર પ્રભુ એવો જે આત્મા આહાહા અન્ય દ્રવ્યોથી જુદો શ્રદ્ધવો, "अस्य आत्मन:" નિર્વિકલ્પ વિજ્ઞાનઘન પ્રભુ. એ અસ્તિથી વાત કરી. અને અન્ય દ્રવ્યથી પૃથક દેખવો એ પરથી નાસ્તિ. આહાહા ! છે ? "अस्य आत्मनम्" આ તો અધ્યાત્મના મંત્રો છે, પ્રભુ ! આ કોઇ સાધારણ વાત કથા વાર્તા નથી. આહા !

ભગવાન આત્મા એ વસ્તુ તરીકે જ્ઞાયકભાવ તરીકે નિર્વિકલ્પ અભેદ સ્વરૂપ તરીકે જે વસ્તુ છે એને "अस्य आत्मनम्" 'આ' આત્મા એમ કહ્યો છે. આહાહા ! એવા આત્માને 'यद् इह द्रव्यान्तरेभ्य: पृथक् दर्शनम्' અન્ય દ્રવ્યોથી જુદો 'યદ્ ઇહ્' એને એનાં દ્રવ્યાંતરથી અનેરા. આહાહા ! રાગ ને નવતત્ત્વનાં ભેદ પણ અન્ય દ્રવ્ય છે કહે છે. અને તીર્થંકરદેવ, દેવ–ગુરુ એ પણ અન્ય દ્રવ્ય છે, એની શ્રદ્ધાદિ છે, તે પણ અન્ય દ્રવ્ય છે – એ અન્ય द्रव्यान्तरेभ्यो: પોતાના દ્રવ્યથી અનેરા દ્રવ્યથી પૃથક. છે ? આહાહાહા ! અન્ય દ્રવ્યથી જુદો એટલે पृथक् दर्शनम् દેખવો એટલે કે શ્રદ્ધવો. આહાહા !

રાગાદિના ભેદો ને નવતત્ત્વનાં જે ભેદો એ બધા પરદ્રવ્ય છે. આહાહાહા ! એનાથી પૃથક ભગવાન આત્મા, 'अस्य आत्मा' પૂર્ણ નિર્વિકલ્પ વિજ્ઞાનઘન એને અન્ય દ્રવ્યોથી જુદો શ્રદ્ધવો.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


છે? એનું નામ સમ્યગ્દર્શન છે. ઝીણી વાત છે ભાઈ. આહાહા! (શ્રોતાઃ- ગુરુ તો મહાન ઉપકારી છે એને પૃથક તો કેમ કહેવાય?) એનાથી જુદો, વાણી ને ગુરુદેવ એ અન્ય દ્રવ્ય છે, એ તો અન્ય દ્રવ્ય છે, પણ તેની માન્યતાનો ભાવ જે છે એ પણ રાગ તે અન્ય દ્રવ્ય છે. આહાહાહા!

ભાઈ! મૂળ ચીજ, અત્યારે તો મુશ્કેલી થઈ પડી લોકોને, સત્ય વાતને ખોટી ઠરાવવી ને ખોટીને સત્ય ઠરાવવી એ. આહાહા! 'અસ્ય આત્મા નિર્વિકલ્પ વિજ્ઞાનઘન જે તત્ત્વ વસ્તુ' એને અનેરા દ્રવ્યો, એનાથી અનેરા દ્રવ્યો, દ્રવ્યાન્તર છે ને? દ્રવ્યાન્તર એટલે પોતાના દ્રવ્યથી અનેરા દ્રવ્યો. આહાહાહા! 'અસ્ય આત્મા' એ સ્વદ્રવ્ય થયું અને એને દ્રવ્યાન્તરેભ્યઃ, પોતાથી જેટલા અનેરા પુણ્ય ને પાપ, રાગ ને દયા-દાન કામ ક્રોધ કે દેવ ગુરુ શાસ્ત્ર આદિ કે નવતત્ત્વના ભેદનો ભાવ એ પણ અન્ય દ્રવ્યમાં જાય છે. આહાહા! છે કે નહીં એમાં જુવો ને? (શ્રોતાઃ- ઘર છોડીને દૂર દૂરથી અહીં આવીએ છીએ.) કોણે છોડયું છે ઘર? કોને કહેવું ઘર? ઘર હતું કે દિ' ન્યાં? ગ્વાલિયરમાં ઘર છે? આહાહા! ઘર તો અહીં "અસ્ય આત્મનમઃ" એ ઘર છે. આહાહા! ભજનમાં નથી આવ્યું? અબ હમ કબહુ ન નિજ ઘર આયે "અબ હમ કબહુ ન નિજઘર આયે, પર ઘર ભમત નામ અનેક ધરાયે" મૈં ક્રોધી ને મૈં રાગી ને મૈં પુણ્યવંત મૈં લક્ષ્મીવંત ને મૈં બાયડીવાળો કુટુંબવાળો એવા અનેક નામો અજ્ઞાનપણે ધરાવ્યા, પણ કભી આ નિજઘર ભગવાન અસ્ય આત્મનમઃ જ્યાં અસ્ય આત્મનમ્ઃ નિર્વિકલ્પ વિજ્ઞાનઘન નિજ ઘર. આહાહાહા! કહો દેવીલાલજી! આવું છે કામ, બાપુ શું થાય?

એનાં જ્ઞાનમાં પહેલો આવો નિર્ણય તો કરે, અનુભવ પછી. આહાહાહા! એના વિકલ્પ સહિતના નિર્ણયમાં પણ આવું પરમ સત્ય જે દ્રવ્ય કાયમ નિર્વિકલ્પ વિજ્ઞાનઘન એ અન્ય દ્રવ્યોથી પૃથક છે. એના ભેદોથી પણ એ પૃથક છે. આહાહાહા! પર્યાયનો ભેદ છે એનાથી પણ અભેદ વસ્તુ પૃથક છે. ભાઈ આ તો વીતરાગ માર્ગ છે બાપુ! આ કોઈ કલ્પિત આરપારથી કહ્યું એ નથી ભાઈ. આહાહાહા! અરેરે! જનમ-મરણ કરીને ચોરાશી લાખ યોનિમાં એક એક યોનિમાં અનંત અવતાર કર્યા, એ અવતારના દુઃખો સાંભળે, આહાહાહા! દેખનારને રૂદન આવે એવા દુઃખો સહન કર્યાં પ્રભુ, પણ આ વર્તમાન જરી આ માણસપણું મળ્યુંને આ મળ્યુંને આ મળ્યુંને ભૂલી ગયો થઈ રહ્યું. આહાહા! આહાહા! ભાઈ! જનમ-મરણનાં દુઃખો એને મટાડવા હોય તો તેનો એક ઉપાય આ છે કે જે ચીજમાં જનમ મરણ તો નથી, જનમ-મરણના કારણરૂપ ભાવ તો નથી પણ જેના દ્રવ્યમાં વર્તમાન એક સમયની પર્યાય પણ જેમાં નથી. આહાહાહા! એવું જે સ્વદ્રવ્ય અભેદ નિર્વિકલ્પ એટલે અભેદ, નિર્વિકલ્પ જ્ઞાનઘન, એને અનેરા નવનાં ભેદોથી પણ ભિન્ન પૃથક શ્રદ્ધવો, પૃથક દેખવો એટલે કે શ્રદ્ધવો. આરે! ભાષા તો ટૂંકી પણ ભાવ બાપા. અરે દુઃખી છે જુઓને, કાલ પરમ દિ' નો સાંભળ્યું ઓલું રીક્ષા પંદર વીસ હજારની રીક્ષા નવી લીધી અને હવે કમાવા માટે બેઠા સાત જણા, છ જણા જુવાન ને એક છોડી, કચ્ચરઘાણ બધું માથે બસ ફરી ગઈ, ચાર ને છોડી તો તરત મરી ગયા બે ને ઈસ્પીતાલમાં લઈ ગયા ત્યાં મરી ગયા. આખી પંદર-વીસ હજારની ગઈ, કમાવા માટે કરી હતી ત્યાં એ પોતે બધાય મરી ગયા એમાં. આ દશા તો જુઓ બાપુ. આહા! એવા ભવ પ્રભુ અનંતવાર કર્યાં છે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


એની વાત નથી. ( શ્રોતાઃ– આગળ મોટર હતી ક્યાં ? તે ભવ કર્યા છે ) એ મોટર નહોતી તો બીજું હતું બધુંય હતું. એ વખતેય હતાં ભગવાનનાં વખતમાં તો માથે વિમાનો ચાલતા, દેવો આવતા. હવે આવતાને પણ એ. આહાહા ! વિદ્યાધરોના વિમાન હતા, મનુષ્યોનાં હતા. આહાહા ! અરે કળાબાજ બધી ચીજો હતી, નોહતી કાંઈ, ઘણી છે. આહાહા !

અહિંયા કહે છે, એ ભગવાન આત્મા નવતત્ત્વનો જે અનાદિનો જીવની સાથે અજીવ ને પુણ્ય ને પાપને આદિનો સંબંધ એવા નવતત્ત્વનો અનુભવ એ તો મિથ્યાત્વ છે. એ સમ્યગ્દર્શન ગુણ જે ત્રિકાળ છે, એનાથી ઉલટું એ પરિણમન છે. સમ્યગ્દર્શન શ્રદ્ધા નામનો ત્રિકાળી ગુણ આત્મામાં છે, પ્રગટ થાય એ પર્યાય છે તેની. શ્રદ્ધા નામનો ત્રિકાળી ભગવાન આત્મામાં એક ગુણ છે એ ગુણનું મિથ્યાત્વપણે થવું, વિપરીતરૂપે પરિણનમ છે, તેને અહીંયા મિથ્યાત્વ કહે છે. આહાહા ! એ મિથ્યાત્વના ત્યાગ માટે, આહાહાહા ! જે ભ્રમણના ભવનો, ભવનાં ભ્રમણનું કારણ છે, તેવા મિથ્યાત્વના નાશને માટે ભગવાન આત્મા પૂર્ણાનંદ પ્રભુ છે, તેને અનેરા દ્રવ્યોથી જુદો શ્રદ્ધવો. આહાહાહાહાહા ! કહો છોટાલાલજી ! આવું કલકત્તામાં ક્યાંય મળે એવું નથી કયાંય. આહાહા ! ( શ્રોતાઃ– ક્યાંય મળે એવું નથી ) આવી વસ્તુ છે. શબ્દો થોડા પણ બાપુ શું કહીએ ? આહાહા...

કહે છે કે, મિથ્યાત્વ શ્રદ્ધા નામના ગુણનું વિપરીત જે પરિણમન મિથ્યાત્વ છે, એ અનંતા નરક ને નિગોદના ભવનું બીજડું છે. આહાહા ! ભલે તે કહે છે કે રાગાદિ હો પણ આત્મા રાગથી ને પરથી ભિન્ન છે. આહાહા ! એવો અસ્ય આત્મા, વિદ્યમાન વસ્તુ ભગવાન આત્મા, "આ આત્મા" 'ઈમામ' કહે છે આ માણસ આવ્યો એમ કહે છે ને ? આ ભગવાન આત્મા, ( શ્રોતાઃ– 'આ' એ તો પ્રત્યક્ષ છે. ) પ્રત્યક્ષ છે, આ એ પ્રત્યક્ષ છે. આહાહાહા ! 'અસ્ય આત્માનમ્' ગજબ છે સંતોની વાણી, દિગંબર મુનિઓની વાણી તો, આહાહાહા ! એની પાસે જગતના વિદ્વાનો બધા પાણી ભરે એવી વાણી છે. આ તે વાત છે. આહાહા ! લોકોને એની કિંમત નથી. સમજાણું કાંઈ ? એક "અસ્ય આત્મા"માં તો આખું તત્ત્વ નિર્વિકલ્પ વિજ્ઞાનઘનને બતાવ્યું, અને તે પણ પ્રત્યક્ષ થાય છે એવો એ આત્મા. આહાહાહા ! કેમ કે એનામાં પ્રકાશ નામનો એક ગુણ છે, આહાહા ! એ ગુણનો ગુણ શું ? કે સ્વસંવેદનમાં પ્રત્યક્ષ થવું તે તેનો ગુણ છે. મતિ અને શ્રુત જ્ઞાનમાં આત્મા પ્રત્યક્ષ જણાય, આહાહા ! અને પ્રત્યક્ષ જાણીને જે શ્રદ્ધા થાય, આહાહાહા ! એને અહીંયા મિથ્યાત્વના નાશનું કારણ અને મોક્ષના માર્ગરૂપ કારણ એવું સમ્યગ્દર્શન કહે છે. આહાહાહા !

અન્ય દ્રવ્યોથી જુદો શ્રદ્ધવો एतत एव नियमात् सम्यग्दर्शनम: છે ? એતત એવ નિયમાત આહાહા ! તે જ નિયમથી એ તત્ એવ એ જ એમ, એતત્ એવ એટલે એ જ એતત્ એટલે તે જ. આહાહા ! એટલે કે જ્ઞાયક સ્વરૂપ જે ભગવાન નિર્વિકલ્પ પદાર્થ છે તેને પર દ્રવ્યથી પૃથક શ્રદ્ધવો તે જ નિશ્ચયથી સમ્યગ્દર્શન છે. આહાહા ! મોંઘુ તો છે બાપુ. બાકી શું થાય ? માર્ગ આ છે એમ એનો જ્ઞાનમાં નિર્ણય તો કરવો પડશે ને વળી પછી, અનુભવ પછી, પહેલો તો વિકલ્પ સહિત એણે નિર્ણયમાં આમ લેવો પડશે કે આ વસ્તુ છે એ અંદરમાં કોઈ રાગાદિના વિકલ્પથી, નવતત્ત્વના ભેદથી પણ અભેદ નિર્વિકલ્પ ચીજ તદ્દન જુદી છે. 'એતત્ એવ' , 'એતત્ એવ'

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

“એ” એતત્ એટલે ‘એ’ એવ એટલે ‘જ’ તે જ, તે જ, આહાહા... નિશ્ચયથી સમ્યગ્દર્શન છે. ચીમનભાઈ! આહાહાહા! આ ભવના નાશનો આ ઉપાય છે. આહાહાહા! પ્રથમ એ બીજડું છે, પછી જ્ઞાનીને રાગાદિ હોય, અશુભ રાગેય હોય પણ એનાથી તેનું જ્ઞાન પૃથક કામ કરે છે. આહાહા! સમજાયું કાંઈ? તે જ નિયમથી એટલે નિશ્ચયથી, તે નિયમ જ છે. તે નિશ્ચય એને સમ્યગ્દર્શન કહેવું છે. દેવ-ગુરુ શાસ્ત્રની શ્રદ્ધા ને નવતત્ત્વની ભેદવાળી શ્રદ્ધા તે સમ્યગ્દર્શન નહીં. આહાહા! ધર્મનું પહેલું પગથિયું એ નહીં. આહાહાહા!

પ્રભુ તેં તને કેવી રીતે ઓળખાવ્યો જગત પાસે? આ હું આબરૂવાળો છું ને, પૈસાવાળો છું, સાંઈઠ વર્ષવાળો, વીસ વર્ષથી આ ધંધો માંડયો એમાંથી મારા બાહુબળે પૈસા ભેગા કર્યાં ને આમ તારે દેખાડવું છે બધાને? આહાહા! કે તારે તને દેખવો છે? આહાહા! મને આટલું આવડયું અને મને આટલું આવડે છે ને એમ તારે દેખાડવું છે? કે તને, તને જ દેખવો છે? હેં? આહાહા! તે જ આહાહાહા! ‘એતત્ એવ’ નિયમથી સમ્યગ્દર્શન છે. આહાહાહા! ત્યારે કોઈ કહે આ તો એક સમ્યગ્દર્શનની જ વાત થઈ. એમાં આવે છે ને એમાં, મોક્ષમાર્ગ તો દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણ છે. આ કળશના અર્થમાં આવે છે. મોક્ષમાર્ગ તો ત્રણ છે, અને અહીંયા તો તમે એક સમ્યગ્દર્શનની વાત અનુભવની કરો છો. શું કીધું? મોક્ષમાર્ગ તો સમ્યગ્દર્શન જ્ઞાન-ચારિત્ર ત્રણ છે, અને તમે અહીં એક માર્ગ પૂર્ણાનંદનો નાથ એને સમ્યગ્દર્શનને જ્ઞાન કરીને તેને મોક્ષમાર્ગ કહો છો તો બાપુ! ભગવાન! તારી મહિમા સાંભળ નાથ! તું પૂર્ણાનંદનો નાથ છો એની દૃષ્ટિ થઈ ત્યાં જ્ઞાન થયું એનું સ્વરૂપનું આચરણ પણ ભેગું છે. આહાહા! હીરાભાઈ! આવી વાતું છે. (શ્રોતાઃ- એ તો અંદરની વાત થઈ ને ક્રિયાની વાતો તો કાંઈ આવી નહિ) ક્રિયાની કીધી ને? ક્રિયાનો ભૂકો ઉડાડયોને! રાગની ક્રિયા થઈ એ પરદ્રવ્ય છે, એનાથી ભિન્ન છે. દયા-દાન-વ્રત ભક્તિનાં પરિણામ, બ્રહ્મચર્યના પરિણામ, શરીરથી બ્રહ્મચર્ય પાળવું ને આ ને તે, એ બધો રાગ તે પરદ્રવ્ય છે, એ સ્વદ્રવ્યમાં નથી, એ સ્વદ્રવ્ય સ્વપણે છે ને પર દ્રવ્યપણે નથી. આહાહાહા! આવી વાતું કઠણ બહુ બાપુ! બહારના બધા પીળા લીલા ધોળા આમ દેખાય બધા એમાં પચીસ પચાસ લાખ રૂપિયા ને કરોડ બે કરોડ રૂપિયા થયા હોય. આહાહા! (શ્રોતાઃ- રૂપિયા વગર નહીં ચાલે) રૂપિયા વિના, સ્વદ્રવ્યે પર દ્રવ્યના અભાવથી જ ચલાવ્યું છે. શું કીધું? એ દસની સાલમાં પ્રશ્ન થયો હતો બોટાદ, નટુભાઈ હતા નાગરભાઈના મોટાભાઈ એ સ્વામીનારાયણ( પંથના ) હતા. ને આ હતા નાગરભાઈ પણ પછી તો બધા પ્રેમમાં આવતા. દસની સાલમાં મ્યુનીસીપાલીટીમાં વ્યાખ્યાન ચાલતું હતું. એમાં એણે એ પ્રશ્ન કર્યો હતો વ્યાખ્યાનમાં મહારાજ! પણ કાંઈ પૈસા વિના ચાલે છે આ શાક લાવવું. ભાઈ! તમે એક વાર આ વાત સાંભળો, આમ સ્વામીનારાયણ પાળતા પણ પછી તો આની કોર પ્રેમ થઈ ગયો વાત વાતમાં કુટુંબને બધાને અત્યારે તો બધાને પ્રેમ છે, આનીકોર એના નાનાભાઈ તો અહીં જ રહેતાં.

ભાઈ! આ આંગળી એ આ આંગળી વિના ચલાવ્યું છે. આના અભાવથી આ વસ્તુ છે. આના ભાવથી છે ને આ બધાના અભાવથી છે. એમ આત્મા પોતે પોતાનો અંદર ભાવ, સ્વથી કર્યો છે ને પરના અભાવથી કર્યો છે. (શ્રોતાઃ- એ તો રીત બતાવી પણ એને અમલમાં કેમ

મૂકવો ) અમલમાં મૂકવો અંદરમાં શ્રદ્ધા જ્ઞાન કરવી તે. સ્વદ્રવ્યમાં પર દ્રવ્યના અભાવથી સ્વ દ્રવ્ય ટકી રહ્યું છે. અરે જેનામાં એક સમયની પર્યાય પણ નથી, એવું દ્રવ્ય સ્વથી ટકી રહ્યું છે. એને પર્યાય છે માટે એ દ્રવ્ય ટકી રહ્યું છે એમ પણ જ્યાં નથી. આહાહાહા ! આવી વાત !

( શ્રોતાઃ– ક્યાંય છે નહીં ) આહાહાહા ! એ બાપુ અહીં તો ધોળા–ધોળા પીળા ફરે આમ શરીર આમ પૈસા ને આબરૂ ને પચાસ પચાસ સાંઈઠ વર્ષની ઉંમરૂ થઈ હોયને જાણે ઘણું કર્યું હોય એમ આમ ધંધા કર્યાં ને અમે આમ કર્યા ધૂળેય કર્યા નથી, કર્યા છે બધા પાપના નર્કમાં જવાના છે. કર્યાં છે એ નરકમાં ને નિગોદ જવાના છે બધા. એય, તમારો આવ્યો છે ને ? ભત્રીજો ફકિરચંદ ! આહાહા ! પર વિના ચાલતું નથી એમ જે કહેનાર છે, એને પરમાત્માનો એવો પોકાર છે કે પરના અભાવથી જ તું નભાવી રહ્યો છો તું. પર વિના જ તેં ચલાવ્યું છે. આહાહાહાહા ! તું જે સ્વપણે છો એ પરપણે અભાવરૂપે જ તેં નભાવ્યું છે તારું. પરની હૈયાતીથી તેં તારું નભાવ્યું છે એમ નથી ધનાલાલજી !

( શ્રોતાઃ– રૂપિયા રોજ શાક લાવવા જોઈએ કે નહીં ? ) કોણ શાક લાવે ને કોણ દે. આહાહા ! શાક તો છોકરાઓનેય મળે છે નાના બાળકને કયાં એની પાસે પૈસા છે ? આહાહા ! પણ એ તો અભાવ સ્વરૂપ છે. શાક અને પૈસાના ભાવમાં આત્મા નથી અને પોતાના ભાવમાં એ નથી. આહાહા !

અરે એને કયાં ખબર છે પોતાની. તત્ત્વ સપ્ત ભંગીમાં પહેલી ભંગી એ છે સ્વપણે છે ને પરપણે નથી. આહાહાહા ! પરપણે નથી તે રીતે જ એણે નભાવ્યું છે, પર છે માટે પરપણે પોતે પણ છે એમ નથી. આહાહાહા ! સમજાણું કાંઈ ? વાત ફેર છે બધો બાપુ ખબર છે ને અમે તો દુનિયા બધી જાણી છે આખી, અબજોપતિથી માંડી ને રાંક ગરીબ માણસને જોયા છે. આહાહા ! સમજાણું કાંઈ ? આહાહાહા ! ( શ્રોતાઃ– વકિલાત થઈ ? ) વકીલાતેય આ જાતની ધંધાની કરી હતી દુકાનમાં, પાંચ વર્ષ દુકાન ચલાવી હતી. ૧૭ વર્ષની ઉંમરથી ૨૨ વર્ષ, પણ એ તો ૬૬ વર્ષ પહેલાંની વાત છે. કાલે અમારે આવ્યા પાલેજવાળા આવ્યા’તા. શ્વેતામ્બર હતા ગયા હશે કાંઈક હશે, પાલીતાણા. પાલેજ ને મિયાંગામ, બેય ગામવાળા આવ્યા હતાં. અમને તો આળખે ને અમારી દુકાન ત્યાં હતી ને. હજી દુકાન છે ને હજી અમારે કુંવરજીભાઈની અમારા ભાગીદાર હતા ફઈના દિકરા ને એની દુકાન છે, મોટી દુકાન છે, ત્રણ છોકરા છે, પાંત્રીસ ચાલીસ લાખ રૂપિયા છે ત્રણ ચાર લાખની પેદાશ છે. ધૂળની પેદાશ છે રખડી મરવાના છે બધા. આહાહા ! એ દુકાનમાં હું હતો મારી પિતાજીની દુકાન હતી. થડામાં હું બેસતો, ભાગીદાર નો હોય ત્યારે હું બેસતો, ભાગીદાર હોય તો હું મારું અંદરમાં વાંચન કરતો. હું તો પહેલેથી ૧૮ વર્ષની ઉંમર હતી શ્વેતામ્બરનાં શાસ્ત્રો સ્થાનકવાસી હતા ને શ્વેતાંબરના શાસ્ત્રો વાંચતો. ઘરની દુકાન સ્વતંત્ર હતી. અરેરે ! એ સ્વતંત્ર નહીં બાપુ.

સ્વતંત્ર તો ભગવાન અહીં જે નિર્વિકલ્પ વસ્તુ અભેદ છે જે એ સ્વતંત્ર છે. આહાહાહા ! અને એનામાં પ્રભુત્વ નામનો એક ગુણ છે, ભગવાન આત્મામાં ધ્રુવ નિત્ય. આહાહાહા ! એને પર દ્રવ્યથી પૃથક માનતાં, એની માન્યતામાં પ્રભુત્વ ગુણની પર્યાય પણ આવે. આહાહાહાહા ! એ સમ્યગ્દર્શનમાં શ્રદ્ધા ગુણની પર્યાય, એમાં પ્રભુત્વગુણની પર્યાય પણ અંદર આવે, અનંતી

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


અનંતી પર્યાયોનો પિંડ તે અંદર સમ્યગ્દર્શન. આહાહાહા ! એ સમ્યગ્દર્શનમાં ઈશ્વરતા્ આવી મારી સ્વતંત્ર દશા હું સ્વતંત્રપણે માનનારો મારી પર્યાય પણ સ્વતંત્ર છે. કોઈની અપેક્ષાથી નથી, મારી પર્યાયને કોઈ હેતુ નથી માટે ઉત્પન્ન થઈ છે. આહાહા ! એ સમ્યગ્દર્શનની પર્યાય તે સમયે પરની અપેક્ષા રાખ્યા વિના, ફકત સ્વદ્રવ્યનાં લક્ષમાં હતું એટલું, એ સમ્યગ્દર્શનની પર્યાયને પરની કોઈ અપેક્ષા નથી કે આ વ્યવહાર હતો ને દેવ-ગુરુ માન્યા માટે સમ્યગ્દર્શન થયું, એથી અન્ય દ્રવ્યથી પૃથક કહ્યું છે. અન્ય દ્રવ્યની સહાય અને નિમિત્તથી થાય છે, એમ છે નહીં કાંઈ. આહાહાહા !

કેવો છે આત્મા ? પોતાના ગુણ પર્યાયોમાં વ્યાપનારો છે. શું કહે છે ઈ ? સમુચ્ચય વાત છે હજી પહેલી. છે આત્મા જે વસ્તુ એ પોતાના ગુણો ને પોતાની વિકારી અવિકારી પર્યાય એમાં વ્યાપનારો છે. એટલું જ, અસ્તિત્વ હજી તો સિદ્ધ કરે છે. એમાંથી શુદ્ધનયે ભિન્ન બતાવ્યો એમ કહે છે. શું કહ્યું એ ? કે વસ્તુ જે છે ભગવાન આત્મા એના જેટલા ગુણો છે અને જેટલી એની પર્યાય છે વિકારી કે અવિકારી, એ દ્રવ્ય પોતે ગુણ પર્યાયમાં વ્યાપેલું છે, પરમાં નહીં, પરમાં નહીં, પરને લઈને નહીં. પોતાના ગુણો જે ધ્રુવ ત્રિકાળ અને વર્તમાન પ્રગટ થતી પર્યાય વિકૃત કે અવિકૃત એનાથી ગુણ પર્યાયમાં જ તે રહેલો છે વસ્તુ તરીકે.

હજી વિષય તરીકે શુદ્ધનયનો એ પછી બતાવે છે, આ તો એ વસ્તુ આવી છે કે જેને પરમાં વ્યાપવું તો છે નહીં, પરથી પોતામાં વ્યાપવું એવું છે નહિ. આહાહાહા ! એટલે ? વિકારી અવસ્થાપણે આત્મા પરિણમે છે. વ્યાપક એ પોતાથી પરિણમે છે. એને કોઈ બીજી ચીજ છે માટે વિકારીપણે પરિણમે છે એમ નથી. આહાહાહા ! એ પોતે જ ગુણ પર્યાયમાં પરિણમનારો વસ્તુ ભગવાન. આહાહાહા ! ભલે વિકારપણે પરિણમે પણ પોતે, દ્રવ્ય પોતે, દ્રવ્ય પોતે ગુણને પર્યાયમાં વ્યાપેલું છે. એમાં કોઈ અન્ય દ્રવ્ય વ્યાપ્યું છે, આવ્યું છે, પ્રસર્યું છે ( એમ નથી. ). આહાહા ! બાપુ મારગડા વીતરાગના ! આહાહાહા ! જુદી જાત છે ભાઈ. આહાહા ! એને પહેલો પર દ્રવ્યથી જુદો બતાવ્યો. અહીં તો હજી, ગુણ પર્યાયમાં વ્યાપે છે, એમાં, હજી તો વિકારમાં વ્યાપે છે ગુણમાં રહે છે, એમ બતાવ્યું. એના સિવાયના બીજા પર દ્રવ્યો છે, એમાં એ વ્યાપતો નથી એટલું અહીંયા સિદ્ધ કર્યું.

હવે અહીંયા પરમાર્થ બતાવવા આહાહા... પોતાના ગુણ પર્યાયમાં વ્યાપનારો, વળી કેવો છે ? એમાંથી જે ભગવાન આત્મા વસ્તુ છે એના ત્રિકાળી ગુણોમાં રહે છે. અને એની વર્તમાન પર્યાયમાં છે. એટલી વાત સિધ્ધ કરી. હજી સમ્યગ્દર્શન ને ઈ પછી કહેશે.

હવે તેને શુદ્ધનયથી એકપણામાં નિશ્ચિત કરવામાં આવ્યો છે. આહાહાહા ! એ વસ્તુ પોતે ત્રિકાળી ગુણમાં ને વર્તમાન પર્યાયમાં રહેલો છે વ્યાપેલો છે, પ્રસરેલો છે ગુણ પર્યાયપણે થયેલો છે, એવા આત્માને શુદ્ધનયથી એટલે નિર્વિકલ્પ વસ્તુની દૃષ્ટિથી જોઈએ તો, આહાહા.... એકપણામાં વ્યાપનારો છે. નિશ્ચિત કરવામાં આવ્યો છે. એકરૂપ ત્રિકાળ છે. એના ગુણના પર્યાયનાં ભેદો પણ જેમાંથી નીકળી ગયા ( છે ). આહાહાહા ! આવી વાત છે.

બે વાત કરી કે એક તો અનેરા દ્રવ્યથી ભિન્ન છે એ તો વસ્તુનું સ્વરૂપ પહેલું સમ્યગ્દર્શનનો વિષય બતાવ્યો. પણ છતાં એ વસ્તુ છે, એ પોતાના ગુણ પર્યાયમાં વ્યાપેલી છે. એ વસ્તુ ભલે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

કર્મનાં નિમિત્તનાં સંબંધે વિકારી પર્યાય પોતાથી થઈ ને તેમાં એ વ્યાપેલો છે. એટલું તો એનું દ્રવ્ય અને પર્યાયનું પરથી ભિન્નપણું એટલું સિદ્ધ કર્યું. હજી હવે એમાંથી જે ગુણ ને પર્યાયમાં વ્યાપેલો રહેલો ભેદમાં છે, તેને "शुद्धनयत: एकत्वे नियतस्य" શુદ્ધનયથી એકપણામાં નિશ્ચિત કરવામાં આવ્યો છે. આહાહાહા ! પણ એને ભેદના ભાવથી ભિન્ન, એકપણું ત્રિકાળી છે તેને શુદ્ધનયથી એકપણે બતાવ્યો છે. સમજાણું કાંઈ ? આવી ચીજ છે, દેવીલાલજી !

પર દ્રવ્ય તો બીજી ચીજ છે ઉપસ્થિત છે એટલું છે. અને પોતે પોતાના અનંત ગુણોમાં અને એની પર્યાયમાં નૈમિત્તિક વિકારી દશા, એમાં એ પોતે વ્યાપેલો છે, રહેલો છે. એનું આખું સ્વરૂપ આ રીતે કહ્યું. સમજાણું કાંઈ ? હવે એમાંથી આહાહાહા.... નિર્વિકલ્પ એકરૂપ વસ્તુ શુદ્ધનયે જે બતાવી છે, તેમાં આ ભેદો છે નહીં. ( શ્રોતાઃ– દ્રવ્ય–ગુણ–પર્યાય અને બધાં ભેદ એકમેકમાં હશે. ) ત્રણ એ કીધુંને. એટલી વસ્તુ છે એટલું. હવે એ શુદ્ધનયનો વિષય શું ? એ ત્રણ નહીં. એ તો એક ચીજ બતાવી કે આ વસ્તુ જગતથી નિરાળી, પોતાના ગુણ પર્યાયમાં વ્યાપેલી બસ એટલું. હવે એમાં શુદ્ધનય તે નિર્વિકલ્પ ચીજ શું ? આવા પ્રકારમાં રહેલો હોવા છતાં, નિર્વિકલ્પ વિજ્ઞાનઘન સ્વરૂપ જે છે તે એકરૂપ છે, તે એ વસ્તુ છે. આહાહાહા !

બાપુ ! આ તો અલૌકિક માર્ગ છે આ તો અપૂર્વ વાતો છે. પૂર્વે કોઈ દિ' સાંભળી નથી, અને સાંભળી હોય તો બેઠી નથી એને. આહાહાહા ! સાંભળી નથી એમ જ કીધું છે, ચોથી ગાથામાં રાગથી પૃથક પ્રભુ છે તે વાત તેં સાંભળી નથી. આહાહા ! એ દયા–દાન–વ્રત ને ભક્તિ ને પૂજા ને જાત્રાનો ભાવ રાગ છે એ તો, એમાં એ વ્યાપેલો છે એ પર્યાયથી, વસ્તુ તરીકે જોઈએ તો તેનાથી તે ભિન્ન છે. આહાહા ! એની વસ્તુ તરીકે જોઈએ તો તે એની પર્યાયમાં રાગ છે. પણ હવે જ્યારે વસ્તુ અખંડ જોઈએ તો, નિર્વિકલ્પ વસ્તુમાં તે ગુણના ભેદો ને પર્યાયના ભેદો નિર્વિકલ્પ અભેદમાં એ નથી. એ શુદ્ધનયનો વિષય નિર્વિકલ્પ ચીજ છે એકલી. આહાહાહા ! જે "અસ્ય આત્મનમ્" કહ્યું હતું તે. આહાહા ! કેવળીઓનાં વિરહ પડયા પણ કેવળીની વાણી સંતોએ રાખી છે. એ વાણીનો ભાવ સમજવો બહુ અલૌકિક વાત છે. વાણી તો જડ એ તો નહીં કહે કે મારું આ સ્વરૂપ છે, એમ કહેશે વાણી ? આહાહા !

અહીં કહે છે, પ્રભુ એકવાર સાંભળ. બે અસ્તિત્વ સિદ્ધ કર્યાં. એક તો તું પોતે ગુણ ને પર્યાયમાં વ્યાપેલો છે, એવો પણ તું છો. હવે એમાંથી પરથી તો જુદો, પરમાં તો વ્યાપેલો નથી ને પરથી તું તારામાં વ્યાપેલો છે એમેય નથી. સમજાણું કાંઈ ? આહાહાહા ! મિથ્યાત્વ અને રાગ–દ્વેષનાં પર્યાયમાં પરિણમેલો વ્યાપેલો. આહાહા ! તું એમાં આવ્યો છો, વ્યાપેલો તું છો. હવે એમાંથી અભેદ વસ્તુ જે સમ્યગ્દર્શનનો વિષય, શુદ્ધનયનો વિષય, ઓલો તો પ્રમાણનો વિષય કીધો પણ હવે એમાંથી જે પ્રમાણ છે તે પૂજ્ય નથી. એમાં નિશ્ચયનય તે પૂજ્ય છે. એ નિશ્ચય નયનો વિષય તો નિર્વિકલ્પ વસ્તુ માત્ર પોતે, એમાં ગુણી આ ને ગુણ આ એવો ભેદ પણ જેમાં નથી. બાપુ આ તો માર્ગ છે, આ કાંઈ વાણિયાવેડા નથી કે આ થોડા બહારમાં થઈ ગયા મોટા શેઠીયા થઈ ગયાને થઈ ગયા આ, એ શેઠ ? નાણાવટીપણું હલાવ્યું ને આમ કર્યું ને તેમ કર્યું મોઢા આગળ, આહાહા... નોકરો પચીસ પચાસ આને, આને ધૂળમાંય નથી બાપા ! ભાઈ ! બધાં ભૂતાવળ છે. ( શ્રોતાઃ– ધૂળમાં નથી પણ પૈસામાં છે. ) પૈસા ધૂળ નથી તો શું છે ઈ ?

માટીના પિંડલા છે પૃથ્વીકાય છે. આહાહા !

એકેન્દ્રિય, બેઇન્દ્રિય, ત્રણ ઇન્દ્રિયપણું એ વ્યવહારનયે છે. પૈસાવાળાપણું તો એનામાં વ્યવહારનયેય નથી. એ તો અસદ્‌ભૂતનયથી માને છે, માને. આ તો એનામાં છે. એકેન્દ્રિય, બે ઇન્દ્રિયપણું, છતાં એ જીવ નથી. જીવ તો અંદર જ્ઞાનસ્વરૂપ તે જીવ છે. કારણકે એકેન્દ્રિયપણું જો જીવ સ્વરૂપ હોય તો કાયમ રહેવું જોઈએ. આહાહાહા ! સમજાણું કાંઈ ? આહાહાહા ! એકેન્દ્રિય, બેઇન્દ્રિય, ત્રણઇન્દ્રિય, ચોરેન્દ્રિય, પંચેન્દ્રિય, માણસ, દેવ, ઢોર નારકી, આહાહા... એ કાંઈ જીવ નથી, પર્યાયમાં છે. પણ એ જીવ નથી. જીવ તો એકલો જ્ઞાનસ્વરૂપ છે તે જીવ છે. આહાહા ! સમજાણું કાંઈ ?

પોતાના ગુણ પર્યાયમાં વ્યાપેલો છે, છતાં હવે શુદ્ધનયથી એકત્વ નિયતસ્ય-શુદ્ધનયથી તો એકપણામાં નિશ્ચિત કરવામાં આવ્યો છે. આહાહાહા ! ભૂતાર્થનયથી ત્રિકાળી સત્ય વસ્તુને દેખનાર જાણનારના નયથી તે તો ત્રિકાળી એકરૂપ છે તેમ પ્રસિદ્ધ કરાવ્યું છે. આહાહા ! વાત એવી છે ભાઈ ! આ કાંઈ વાદ-વિવાદ એમાં શાસ્ત્રના મોટા ભણેલા પંડિત હોય ને તો આ વાત બેસેને એવું આંહી છે નહીં. ( શ્રોતાઃ- આ તો, વાદ-વિવાદ કરવાની નિયમસારમાં ના પાડી છે ) આહાહા ! નિયમસારમાં તો ના જ પાડી છે બાપુ ! જ્ઞાનનિધિને પામીને એકલો ખાજે. સ્વસમય ને પરસમયમાં વાદ ન કરીશ બાપુ એવી કોઈ ચીજ છે. એવી એ કોઈ ચીજ છે કે એને હવે અનેક અપેક્ષાથી જોતાં વ્યવહારની વાતો વીતરાગે કરી છે, એ પણ સંસારનું કારણ છે હવે તું શી રીતે ( નક્કી કરીશ ભાઈ ). આહાહાહા !

અહીંયા તો ભગવાન આત્મા એક તો એ સિદ્ધ કરે છે, કે એ આત્મા છે એ પ્રમાણ આખું દ્રવ્ય ને પર્યાય એ શરીરમાં વ્યાપેલું નથી, કર્મમાં વ્યાપેલું નથી, પરદ્રવ્યમાં વ્યાપેલું નથી, એ વ્યાપ્યું હોય તો તેના ગુણ અને પર્યાયમાં વ્યાપેલું છે બસ આટલું, સમજાણું કાંઈ ? આહાહાહા ! હવે એને પર દ્રવ્યમાં વ્યાપેલું નથી અને પોતાના ગુણ પર્યાયમાં વ્યાપેલું છે એ તો પ્રમાણનો વિષય થયો, પણ હવે શુદ્ધનયનો વિષય એને એમાંથી બતાવવો છે. આહાહા ! એકરૂપ નિર્વિકલ્પ વસ્તુ જે શુદ્ધનયનો વિષય છે, જે સમ્યગ્દર્શનનો વિષય. આહાહા ! સમ્યગ્દર્શનનો વિષય દ્રવ્ય ને ગુણ, પર્યાયમાં વ્યાપેલું દ્રવ્ય એ વિષય એનો છે જ નહીં. ( શ્રોતાઃ- એ પ્રમાણનું દ્રવ્ય છે. ) આહાહાહા ! પોતાના ગુણમાં પર્યાયમાં વ્યાપેલો છતાં શુદ્ધનયથી એકપણામાં, 'શુદ્ધનયતઃ એકત્વે નિયતસ્ય' નિર્વિકલ્પ વિજ્ઞાનઘનને એણે બતાવ્યો શુદ્ધનયે. ગુણ ને પર્યાયમાં વ્યાપેલો એ વસ્તુનું પ્રમાણ છે, પણ સમ્યગ્દર્શનનો વિષય ને શુદ્ધનયથી એને જોતાં, એકરૂપે એ વસ્તુ છે. સમજાણું કાંઈ ? આવી વાતું. ઉપદેશ સાંભળવો કઠણ પડે અને આ તે ક્યાંનો હશે ઉપદેશ ભગવાનનો હશે ? આ તે ? અરે બાપુ એણે સાંભળ્યો નથી ભાઈ ! વીતરાગ જિનેશ્વરદેવ એનો ઉપદેશ કેવો છે ભાઈ, એ તો અલૌકિક વાત છે. આહાહા !

શુદ્ધનયથી એકપણામાં વ્યાપેલો છે. વળી કેવો છે એ તો સમુચ્ચય કીધું, હવે કેવો છે ? 'पूर्ण–ज्ञान घनस्य' પૂર્ણજ્ઞાનઘન છે. એકપણે નિશ્ચિત કરવામાં આવ્યો પણ હજી શું એ ચીજ છે ત્યારે ? કે પૂર્ણ જ્ઞાનઘન છે. પૂર્ણજ્ઞાનનો પૂંજ છે, એકલો અભેદ એની સાથે અનંતા ગુણો સાથે લેવા જ્ઞાનની પ્રધાનતાથી વાત કરી છે. પૂર્ણ જ્ઞાન, પર્યાયેય નહીં. આહાહા ! પૂર્ણજ્ઞાન પૂર્ણજ્ઞાન

પૂર્ણજ્ઞાન જેમ પૂનમનો ચંદ્રમા, પૂનમનો પૂર્ણ ચંદ્રમાં, પૂનમ કેમ કહે છે સાંભળ્યું ? પૂનમ પૂરો ચંદ્ર, પૂરો પ્રગટયો છે, માટે પૂનમ કહે છે. પૂનમમાં માસ પૂર્ણ થાય છે, ને અમાસમાં માસ અર્ધમાસ થાય છે. અમાસ અર્ધમાસ. અહીં કાઠીયાવાડમાં બીજો રિવાજ છે. સુદ–૧ મી શરૂ કરે છે. સિદ્ધાંત તો વદ એકમથી શરૂ કરે છે. પહેલી વદ ને પછી સુદ– કેમકે પંદર દિવસે તો અમાસ આવે એ તો અર્ધમાસ થયો અને પૂર્ણમાં પૂરણ પુનમ, ચંદ્ર પણ પુરણ થઈ ગયો ત્યાં, સોળ કળાએ ખીલી નીકળ્યો છે. એક કળા તો સદાય એની ખુલ્લી જ હોય છે. સમજાણું ? આહાહા ! બીજે ત્રણ કળા હોય છે. એકમે બે, બીજે ત્રણ, પૂનમે પૂર્ણ, એમ ભગવાન આત્મા વસ્તુ તરીકે પૂર્ણ વિજ્ઞાનઘન છે. જેમાં અપૂર્ણતા નથી, વિપરીતતા નથી, અશુદ્ધતા નથી, અલ્પતા નથી. આહા ! દરેક શબ્દોમાં વાચ્ય છે, એ એને જાણવું જોશે ભાઈ ! આ કોઈ વિદ્વત્તાનો વિષય નથી. વિદ્વાનોનો કે બીજાને સમજાવી શકીએ માટે આવો બાપુ એ નથી આ ચીજ તો કોઈ અલૌકિક છે. આહાહા !

એ પૂર્ણ જ્ઞાનઘન શબ્દે એક જ જ્ઞાનને પૂર્ણ લીધું પણ એની સાથે અનંતાગુણો પૂર્ણરૂપ છે, એકરૂપ છે એવો એ ભગવાન છે. સમજાણું કાંઈ ? “तावान अयं आत्मा्” તાવાન જેટલું સમ્યગ્દર્શન તેટલો આત્મા છે. આહાહા ! પૂર્ણ વસ્તુ છે. તેની પ્રતીત થઈ અનુભવમાં તે એ તો વસ્તુ જ પૂર્ણ છે તે પ્રમાણે. આહાહા ! જે અનાદિથી કર્મચેતના, કર્મચેતના ને કર્મફળચેતનાનું જે વેદન હતું એ મિથ્યાત્વ હતું. સમજાણું કાંઈ ? રાગ ને રાગનું ફળ એનું જે વેદન એકાંતે દુઃખી ને દુઃખનું વેદન હતું. સમ્યગ્દર્શન થતાં એને જ્ઞાન ચેતના પ્રગટી. આહાહાહા ! તેથી તે આનંદનાં વેદનમાં આવ્યો હવે. આવી શરતો માળા ! સમજાણું કાંઈ ?

એતત્ સમ્યગ્દર્શન. આહાહા ! પૂર્ણાનંદના નાથનું જ્યાં દર્શન થયું અને તેની સાથે જ્ઞાન થયું, અને તેની સાથે આનંદનું વેદન. આહાહાહાહા ! એટલે ચારિત્ર આવશે હારે. આહાહાહા ! સમજાણું કાંઈ ? કર્મ ચેતના, કર્મફળ ચેતનાનું અનાદિથી અજ્ઞાનીને વેદન છે. આત્માનું જ્ઞાનચેતનાનું વેદન છે જ નહીં. આહાહા ! એથી જ્યાં પૂર્ણ જ્ઞાનઘન છે, એવું જ્યાં ભાન થયું તેની પર્યાયમાં જ્ઞાનચેતના, શાંતિના આનંદના વેદનવાળી ચેતના પ્રગટી. આહાહા ! એકલા દુઃખનું વેદન હતું મિથ્યાત્વમાં, એ પૂર્ણજ્ઞાનઘન છે એવું જ્યાં સમ્યગ્દર્શન તેને આશ્રયે થયું તેમાં જ્ઞાનચેતના, જે જ્ઞાન, જ્ઞાનમાં એકાગ્રતા થઈ, તેના સાથે તેને આનંદનું વેદન થયું, એટલે આ દર્શનમાં ત્રણેય આવી ગયા, એમ મારું કહેવું છે. સમજાણું કાંઈ ?

સમ્યગ્દર્શન પૂર્ણની પ્રતીતિ, પૂર્ણનું જ્ઞાનને, પૂર્ણના જ્ઞાનની સાથે વેદન. આહાહા ! ( શ્રોતાઃ– સર્વ ગુણાંશ તે સમક્તિ ) સર્વ ગુણાંશ તે સમકિત પણ આ તો ત્રણનું અત્યારે તો કામ છે ને સમ્યગ્દર્શનમાં એ પ્રશ્ન છે ને આનો અત્યારે એમ કે તમે સમ્યગ્દર્શનની વાત કરો છો ને મોક્ષમાર્ગ તો ત્રણ છે. વાત સાચી બાપુ અમે ત્રણની ના નથી પાડતાં. આહાહા ! પૂર્ણ જ્ઞાનઘન પ્રભુ અતીન્દ્રિય આનંદથી પૂર્ણ ઘન પ્રભુ આ તો જ્ઞાનથી પૂર્ણ કીધું, પણ એવા અતીન્દ્રિય આનંદથી પૂર્ણ ઘન પ્રભુ, અતીન્દ્રિય પ્રભુત્વ શક્તિથી પૂર્ણઘન પ્રભુ, એવી અનંત શક્તિથી પૂર્ણ વસ્તુ પ્રભુ. આહાહા ! ભાઈ એનું સમ્યગ્દર્શન ને જ્ઞાન થતાં ચેતના પણ પલટી ગઈ, જે કર્મ ચેતના ને કર્મફળ ચેતના હતી, એ જ્ઞાનચેતના થઈ ગઈ. વેદન પલટી ગયું.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


સમજાણું કાંઈ ? ભલે થોડો હજી રાગ છે, એને વેદન છે પણ એ ગૌણપણે ગણવામાં આવ્યું. જ્ઞાનની પર્યાયથી જોવું હોય તો બેય હારે છે. આનંદનું વેદન પણ છે અને સાધક છે માટે રાગનું પણ હજી વેદન છે, જ્ઞાનથી જોઈએ ત્યારે એમ કહે. દર્શનની પ્રધાનતાથી કથન આવે ત્યારે એને આનંદનું વેદન મુખ્યપણે છે તેમ કહેવાય. આહાહાહા ! એટલો જ એ આત્મા છે. જોયું પાછું, સમ્યગ્દર્શનમાં આખો આત્મા આવ્યો છે. સમ્યગ્દર્શન છે તે આખો આત્મા છે. વિશેષ વાત કહેવાશે. ( શ્રોતાઃ- પ્રમાણવચન ગુરુદેવ )

## પ્રવચન નં. ૫૫ શ્લોક - ૬ તા. ૧૨-૮-૭૮ શનિવાર, શ્રાવણ સુદ-૯ સં. ૨૫૦૪

સમયસાર શ્લોક છઠ્ઠો – હિન્દી ચલેગા, આજ છઠ્ઠો છે ને છઠ્ઠો. શ્લોક બોલીએ ફરીથી.

( शार्दूलविक्रीडित )

एकत्वे नियतस्य शुद्धनयतो व्याप्तुर्यदस्यात्मनः<br>
पूर्णज्ञानघनस्य दर्शनमिह द्रव्यान्तरेभ्यः पृथक्।<br>
सम्यग्दर्शनमेतदेव नियमादात्मा च तावानयं<br>
तन्मुक्त्वा नवतत्त्वसन्ततिमिमामात्मायमेकोऽस्तु नः।।६।।

આચાર્યનો પોકાર છે એમાં જુઓ તો ખરા. આહાહા ! ઈસ આત્માકો 'અસ્ય' એટલે આ આત્માકો એ શુદ્ધ ચૈતન્ય ઘન પૂરણ સ્વરૂપ જે અસ્ય આત્માકો એમ 'અન્ય દ્રવ્યોસે પૃથક દેખના' અન્ય પદાર્થ છ દ્રવ્યો, દેવ-ગુરુ શાસ્ત્ર ઉસકી શ્રદ્ધા આદિકા રાગ-ઉસસે ભિન્ન શ્રદ્ધાન કરના. આ આત્માને અન્ય દ્રવ્યોથી ભિન્ન, અપના સ્વભાવથી અભિન્ન, અપના સ્વભાવસે અભિન્ન, સૂક્ષ્મ બાત હૈ ભાઈ ! ( શ્રોતાઃ- ફરમાવો ) અંતર્મુખ હોકર ઉસકા શ્રદ્ધાન ઉસકો દેખના અર્થાત્ શ્રદ્ધાન કરના હી નિયમસે સમ્યગ્દર્શન હૈ. એ નિશ્ચયસે સત્ય સમ્યગ્દર્શન ધર્મકી પહેલી સીઢી કહેનેમેં આતા હૈ. આહાહાહા ! એ સમ્યગ્દર્શનમેં જીતના આત્મામેં ગુણ હૈ સંખ્યાએ અનંત-અનંતાઅનંત-અનંતાઅનંત-અનંતાઅનંત સંખ્યાએ જીસકા અંત નહીં, ઐસા અનંત અનંત જે ગુણ હૈ આહા.... ઐસા આત્માકો શ્રદ્ધાન કરના તો જિતની શ્રદ્ધા જ્યાં હુઈ, તો જીતની સંખ્યામેં અનંત ગુણ હૈ ઉસકા એક અંશ વ્યક્તપણે સમ્યગ્દર્શનમેં વેદનમેં આતા હૈ, ઉસકા નામ સમ્યગ્દર્શન હૈ. આહાહાહા !

હજી તો ચોથું ગુણસ્થાન કહા પંચમ અને છઠ્ઠાની વ્યાખ્યા તો બહુ આકરી છે. આહાહા ! આ તો પ્રથમમાં પ્રથમ ભગવાન આત્મા અનંત ગુણનો અપાર સાગર ઉસકા અન્ય દ્રવ્ય અને અન્ય દ્રવ્યના ભાવસે ભિન્ન દેખના અથવા શ્રદ્ધાન કરના. એ નિર્વિકલ્પ સમ્યગ્દર્શન એ દર્શન કહેનેમેં આતા હૈ. આહાહા ! અને જ્યાં સમ્યગ્દર્શન નથી ત્યાં ઉસકા જ્ઞાન ને વ્રત ચારિત્ર તપ એ બધા બાળ અજ્ઞાન તપ બાળ વ્રત હૈ. આહાહા ! સમજમેં આયા ? એવી વાત છે ભાઈ આ.

યહ કૈસા હૈ આત્મા ? "અપને ગુણ પર્યાયમેં વ્યાપ્ત રહેનેવાલા ( આત્મા ) હૈ" કયા કહેતે હૈ ? કે જે વસ્તુ આત્મા હૈ, યે અપના ગુણ સહભાવી ઔર ક્રમવર્તી તેની પર્યાય ઉસમેં વ્યાપ્ત હૈ. સમ્યગ્દર્શનકા વિષય કયા હૈ એ પીછે કહેગા. યહાં તો હજી આત્મા કૈસા હૈ કે અપના અનંત

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


ગુણમેં વ્યાપ્ત હૈ રહેલ હૈ ઔર ઉસકી વિકૃત અથવા અવિકૃત અવસ્થા ઉસમેં વો આત્મા વ્યાપ્ત હૈ, પ્રસરેલ હૈ. આરે આવી વ્યાખ્યા હવે. આહાહા! ભગવાન આત્મા એ પરદ્રવ્યસે ભિન્ન. શરીર, કર્મ, કર્મકા અનુભાગ ભાવ ઉસસે તો ભિન્ન પણ અપના અનંત ગુણ હૈ ઔર ગુણકી વર્તમાન ( પર્યાય ) ક્રમવર્તી વિકારી કે અવિકારી. અવિકારીકા અર્થ! અસ્તિત્વ ગુણકી પર્યાય અવિકારી હૈ સબ ગુણકી પર્યાય વિકારી હૈ ઐસા હૈ નહીં. અજ્ઞાનમેં ભી હો અહીંયા તો. સમજમેં આયા ? આવી વાત છે. અસ્તિત્વ, વસ્તુત્વ આદિ ગુણ હૈ ઉસકી પર્યાય તો નિર્મળ હી હોતી હૈ. પણ જો દૂસરા ગુણ હૈ ઉસમેં કિતના ગુણકી પર્યાય વિકૃત ભી હોતી હૈ. શ્રદ્ધા ગુણકી, ચારિત્ર ગુણકી, આનંદ ગુણકી, પ્રદેશત્વ ગુણકી એવા ગુણકી કર્તા–કર્મ કરણ સંપ્રદાન ગુણકી વિકૃત અવસ્થા હોતી હૈ. એ વિકૃત અવસ્થા અને ગુણમાં આત્મા વ્યાપેલ હૈ ઉસમેં રહેલ હૈ. પરદ્રવ્યમેં નહીં. પરદ્રવ્યકા ભાવમેં નહીં. યહાં પરદ્રવ્યના ભાવ એટલે વિકારી જીવના ( ભાવ ) એ અહીંયા નહીં લેના. અહીંયા તો પરદ્રવ્ય કર્મ શરીર વાણી આદિ વસ્તુ ઔર ઉસકા ભાવ નામ શક્તિ એની જે ગુણ પર્યાય ઉસસે ભગવાન આત્મા રહિત હૈ. એ સમ્યગ્દર્શનકા વિષય હૈ કી નહીં એ બાત અત્યારે નહીં. પહેલી તો આ બાત હૈ. વસ્તુ કૈસી હૈ, સારા પ્રમાણકા વિષય, નિશ્ચયકા વિષય અને વ્યવહારકા વિષય. વિષય શબ્દે ત્રિકાળી દ્રવ્ય નિશ્ચયકા વિષય હૈ ઔર વર્તમાન પર્યાય વિકૃત અવિકૃત અવસ્થા હૈ, યહ વ્યવહારકા વિષય હૈ. દો મિલકર પ્રમાણકા વિષય હૈ. આહાહાહાહા!

તો કહેતેં હૈ કે "અપને ગુણ પર્યાયમેં વ્યાપ્ત રહેનેવાલા હૈ" આ પર્યાયમેં વિકૃત ભી લેના. સમજમેં આયા ? એ દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધ, હિંસા, જૂઠ આદિકા ભાવ હૈ, યહ વિકૃત અવસ્થા હૈ, ઉસમેં ભી આત્મા વ્યાપ્ત ઉસમેં રહેલ હૈ. કોઈ પરદ્રવ્યમેં રહેલ હૈ ઐસે નહીં. ઔર પરદ્રવ્ય ઉસમેં આયા હૈ ઐસા નહીં. આહાહાહા! એ ભગવાન આત્મા વસ્તુએ ત્રિકાળ શુદ્ધ હોને પર ભી, ઉસકા ગુણ ભી શુદ્ધ પૂરણ હોને પર ભી, ઉસકી પર્યાયમેં અપૂર્ણતા અને વિકૃત અવસ્થા જો હૈ, વો ભી આત્મા ઉસમેં વ્યાપ્યા હૈ આત્મા ઉસમેં વ્યાપ્ત નામ ઉસમે પ્રસર્યા હૈ. ઉસકા વિસ્તાર વો હૈ, ધનાલાલજી! દ્રવ્ય ગુણ ને પર્યાય. દ્રવ્ય જો હૈ વસ્તુ એ અપના ગુણ અને પર્યાયમેં રહેલ હૈ. પરદ્રવ્યના ભાવ અને પરદ્રવ્યમાં એ રહેલ નથી. પરદ્રવ્યના ભાવ એ વિકારી અહીંયા નહીં લેના. અપના વિકારી ભાવ એ નહીં. કર્મ ને કર્મનો અનુભાગ જે જડ, ઉસસે રહિત આત્મા હૈ. પણ અપની પર્યાયમેં જે વિકૃત અવસ્થા હૈ, ઉસમેં તો યહ સહિત વ્યાપ્ત હૈ. સમજમેં આયા ? કયા કહા ? ( શ્રોતાઃ– એક બાર આપ કહો પર્યાયકા ઈસમેં અભાવ હૈ ) એ ક્યા ? એ તો શુદ્ધનયકા દ્રવ્યકા વિષય જબ બતાના હો તબ, યે તો અભી કહ દિયા ને!

વસ્તુ જો હૈ અનાદિસે એ અપના ગુણ પર્યાયમેં વ્યાપ્ત હૈ, અનાદિસે હૈ. હવે ઈતના હોને પર ભી, સમજમેં આયા ? ભાષા તો સાદી બાપા. વસ્તુ તો કોઈ અલૌકિક, સમ્યગ્દર્શનકા વિષય કયા, ઔર આત્મા કિસમેં રહેલ હૈ. આહાહા! અનાદિસે કોઈ શરીરમેં આત્મા રહા હૈ, કે કર્મમેં રહા હૈ, કે સ્ત્રી કુટુંબ પરિવારમેં રહા હૈ, કે દેવગુરુ શાસ્ત્રમેં રહા હૈ ઐસા હૈ નહીં. અનાદિસે રહા હૈ તો અપના જે અનંત ગુણ હૈ ઔર ઉસકી વર્તમાનમેં વિકૃત ઔર અવિકૃત અવસ્થા હૈ ઉસમેં વો આત્મા રહા હૈ. સમજમેં આયા ? આ પ્રમાણ કા વિષય બતાયા. હવે ઉસમેં સમ્યગ્દર્શનકા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

વિષય કયા યહ પીછે કહેગા. આહાહા ! આ... રે શું થાય ? મૂળ તત્ત્વની વાત જ ફેરફાર થઈ ગયો ને એટલે લોકોને વ્રત કરો ને તપ કરો ને આ પડિમા લે લો. ધૂળ હૈ. ( શ્રોતાઃ- એ તો કામકી ચીજ હૈ. ) કામકી ચીજ હૈ ને રખડનેકી. એ શુભભાવ જો હૈ એ તો સંસાર હૈ, પરિભ્રમણકા કારણ હૈ,-પરિભ્રમણ સ્વરૂપ હૈ. યહ કહાને, આત્મા વ્યાપ્તા હૈ વિકારી ભાવમેં એ પરિભ્રમણ સ્વરૂપ હૈ. આહાહા ! એ પરિભ્રમણ કર્મકે કારણસે કરતે હૈ, ઐસા હૈ નહીં. આહાહાહા ! અહીંયા તો ભગવાન આચાર્ય, અપની વાત કરતે કરતે આ વાત કરતે હૈ, કે અમારા આત્મા જો હૈ, યે અપના ગુણ જો સહવર્તી અનંત ગુણ હૈ ઉસમેં તો હૈ દ્રવ્ય, પણ અપની પર્યાયમેં જિતના મિત્થાત્વભાવ હૈ, રાગ ભાવ હૈ, દ્વેષ ભાવ હૈ, કામ-ક્રોધ ભાવ હૈ, પુણ્ય-પાપ ભાવ હૈ, વો ઉસકી પર્યાયમેં હૈ અને દ્રવ્ય ઉસમેં વ્યાપ્યા ( ફૈલા ) હૈ કોઈ કર્મસે વિકારી અવસ્થા હુઈ હૈ ઐસા હૈ નહીં. આહાહાહાહા ! સમજમેં આયા ?

અપને ગુણ પર્યાયોમેં, અપની પર્યાયમેં, વિકારી ભી અપની પર્યાય હૈ, એમ કહેતે હૈ યહાં. યે વિકારી પર્યાય કોઈ કર્મકી નહીં હૈ. સમજમેં આયા ? આહાહાહા ! અરે મિથ્યાત્વ ભાવ હૈ એ ભી અપની પર્યાય હૈ, મિથ્યા શ્રદ્ધા હૈ યહ ભી અપની પર્યાય હૈ. ( શ્રોતાઃ- કર્મજન્ય હૈ ? ) કર્મજન્ય બિલકુલ નહીં. એ તો નિમિત્તસે કથન કરાના હો. એ તો નિમિત્તકે આશ્રયસે ઉત્પન્ન હુવા ઈતના, પણ હૈ તો યહ અપની પર્યાયમેં, અપને કારણસે. ( શ્રોતાઃ- ઔદયિક કહેતે હૈ ના ) ઉદય નામ અપની પર્યાય ઉદય ભાવ એ અપની પર્યાય હૈ જીવ તત્ત્વ હૈ. તત્ત્વાર્થ સુત્રમેં આયા નહીં, પહેલે અધ્યાયમેં. જીવ તત્ત્વ હૈ યહ મિત્થ્યાત્વ, પુણ્ય, પાપ એ જીવ તત્ત્વ હૈ. ઉદયભાવ એ જીવ તત્ત્વ હૈ. આવે છે ને પહેલા અધ્યાયમાં ? એ તો પીછે સમ્યગ્દર્શન બતાના હો, શુદ્ધનયકા વિષય બતાના હો ત્યાં પીછે કહી બાત. પહેલે તો ઈતનેમેં રાગમેં, વિકારમેં મિથ્યાત્વમેં પુણ્ય-પાપમેં આત્મા હી કર્તા હૈ ને વ્યાપ્ત હૈ, ઐસા ભી સિદ્ધ ન કરેને વિકાર પરસે હોતા હૈ તો અપની પર્યાયકા અસ્તિત્વકા ભી ઉસકો ખબર નહીં. આહાહાહાહા ! ઝીણી વાત છે ભાઈ ! આ તો સમ્યગ્દર્શન થયે પહેલે, ભગવાન આત્મા ! ચારે કોર ભલે દ્રવ્ય પડા હો, કર્મ, શરીર, વાણી પણ યહ આત્મા જો હૈ, યહ તો અપને ગુણ અને પર્યાયમેં હી વ્યાપ્ત હૈ, બસ ! આહાહા ! સમજમેં આયા ? મિથ્યાત્વમેં ભી આત્મા વ્યાપ્ત હૈ. એ દર્શનમોહ કર્મકે કારણસે મિથ્યાત્વ હૈ, ઐસા હૈ નહીં. આહાહા ! રાગ ને દ્વેષકા પરિણામ જો આત્મામેં હુવા, એ ચારિત્ર ગુણકી વિપરીત અવસ્થા અપનેમેં હૈ. સમજમેં આયા ? ઐસા આત્માકો ખ્યાલમેં પૂરણ લેકર પીછે સમ્યગ્દર્શનકા વિષય કયા હૈ યહ બતાના હૈ હવે. આહાહા ! આહાહા ! કયોંકિ સમ્યગ્દર્શનકા વિષય એક નયકા વિષય હૈ અને આ ગુણ પર્યાયમેં વ્યાપ્ત દ્રવ્ય એ પ્રમાણકા દો નયકા વિષય હૈ. પ્રમાણકા વિષય હૈ. શું કહે છે આ ?

પ્રમાણ નામ બે ભાગને લક્ષમાં લે એનું નામ પ્રમાણ અને એક ભાગને લક્ષમાં લે તેનું નામ નય. કહો આવી તો ભાષા સાદી હૈ. આહાહા ! પાટણીજી ! આવી વાતું છે આ ! આહાહા ! અહીં તો હજી આચાર્ય, આ જે તત્ત્વ વસ્તુ જે આત્મા એ પર રજકણો કર્મ શરીર વાણી મન એમાં એની અંદર મધ્યમાં ભલે દેખાય પણ વો ઉસમેં હૈ નહીં. ઔર ઉસસે વિકાર હુઆ ઐસા હૈ નહીં. આહાહાહા !

દ્રવ્ય નામ ત્રિકાળી વસ્તુ, ગુણ નામ ત્રિકાળી સ્વભાવ, અને પર્યાય નામ વર્તમાન વિકૃત અને અવિકૃત અવસ્થા એ બધામાં આત્મા વ્યાપેલ હૈ. એ વિકારમેં કોઈ કર્મ વ્યાપેલ હૈ ઐસા હૈ નહીં. સમજમેં આયા ? ( શ્રોતાઃ– હવે નયની વાત ) એની પછી વાત. આહા ! પહેલે સે એમ વિચાર કરે કે વિકાર હૈ, યે કર્મસે હુવા હૈ તો પહેલી પર્યાયની અસ્તિત્વકી ચીજકી ખબર નહીં. સમજમેં આયા ? કયા કરે હમારે કર્મકા ઐસા ઉદય આતા હૈ તો વિકાર હોતા હૈ. “કર્મ બિચારે કોન ભૂલ મેરી અધિકાઈ.” જડ કર્મ એ બિચારા અજ્ઞાન જડ હૈ ઉસકી કયા, એ તો અજીવ દ્રવ્યમેં અસ્તિત્વ હૈ ઉસકા, એ અજીવ દ્રવ્યકા અસ્તિત્વ ચૈતન્યકી વિકારી પર્યાયમેં એ કર્મસે હોતા હૈ ? બિલકુલ નહીં. આહાહાહા ! ધનાલાલજી ! આ તો છે અંદર જુવોને અંદર, ઉસકા તો અર્થ હોતા હૈ. આ બધા અમારે શેઠિયા આવ્યા નથી ? મોહનલાલજી અને બાબુલાલજીને બધા અંદર છે કે નહીં પણ અંદર ? પાનામાં લખ્યા હૈ કે નહીં ? ( શ્રોતાઃ– અંદરમાં લખ્યું છે પણ અંદરમાં તો અમને સમજાતું નથી. આપ કહો ત્યારે માંડ માંડ સમજાય છે ) આહાહાહા !

કહે છે, કહેતે હૈ કે યહ આત્મા, પહેલું કહ્યું ’તું ને કે ઈસ અસ્ય આત્માકો પરદ્રવ્યસે પૃથક દેખના, એ નિશ્ચયસે સમ્યગ્દર્શન હૈ ઈતની બાત પહેલે કિયા. હવે એ આત્મા હૈ યહ કિસમેં વ્યાપ્ત હૈ ? કિતના શક્તિમેં ને પર્યાયમેં હૈ ? કે અપના ગુણ પર્યાયમેં વ્યાપ્ત રહેનેવાલા હૈ. આહાહા ! કભી આત્મા કર્મમેં ગયે નહીં, શરીરમેં ગયે નહીં, શરીરરૂપ હુવા અનંત વાર શરીરકા, પણ આત્મા શરીરકી પર્યાયરૂપ કભી નહીં હુવા. આહાહાહા ! અનંત કર્મકા રજકણકી મધ્યમેં પ્રભુ હૈ, પણ વહ આત્મા કર્મકી પર્યાયપણે કભી નહીં હુવા. ઔર એ કર્મકી પર્યાય આત્માકી સાથમેં હૈ તો કર્મકી પર્યાયસે વિકૃત અવસ્થા આત્મામેં હોતી ઐસા કભી નહીં હોતા. આહાહાહા ! બાબુલાલજી ! ન્યાં તમારે કલકતામાં ક્યાંય ન મળે પૈસામાં ધૂળમાંય ક્યાંય ન મળે. માટે કહે છે ને અમે અહીંયા આવ્યા છીએ ને કલકતેથી. આહાહાહા ! ક્યાં ગયા છોટાલાલજી ! આહા ! સમજાય એવું છે ને ભગવાન ! આહાહા ! આહાહા ! પરમાત્મા કહેતે હૈ યહ સંતો કહેતે હૈ. સંતો તો આડતીયા હૈ. કે પ્રભુ આમ કહેતે હૈ ને ઐસા હૈ, કે આ આત્મા જે વસ્તુ હૈ, દ્રવ્ય તરીકે પદાર્થ, તો ઉસમેં જે ગુણ હૈ એ ઉસમેં આત્મામેં હૈ અને પર્યાયમેં વિકૃત અવસ્થા હૈ એ ભી આત્મા ઉસમેં વ્યાપ્યા હૈ, કોઈ પરદ્રવ્ય વ્યાપ્યા હૈ ને વિકાર હૈ ઐસા હૈ નહીં. આહાહાહા ! સમજમેં આયા ?

અપને ગુણ પર્યાય, અપને ગુણ અને અપને પર્યાય મિથ્યાત્વ રાગ, દ્વેષ, અજ્ઞાન, કામ–ક્રોધ વિષય વાસના, એ અપની પર્યાયમેં હૈ, એ અપની પર્યાય હૈ, આહાહા ! કોઈ પરદ્રવ્યકી પર્યાય હૈ અને પરદ્રવ્યસે હુઈ હૈ ઐસા નહીં, ઈતના તો પહેલે સિદ્ધ કિયા. આહાહા ! ઔર, ઐસે હોને પર ભી, ઐસા રહેનેવાલા હોને પર ભી, પ્રમાણકા વિષયમેં ગુણ ને પર્યાયમેં રહેનેવાલા હોને પર ભી शुद्धनयत: एकत्वे नियतस्य “શુદ્ધનયસે એકત્વમેં નિશ્ચિત કિયા ગયા હૈ” આહાહા !

યહાં ત્રિકાળીનય વો તો દો નયકા પ્રમાણકા વિષય સિદ્ધ કિયા. હવે જો શુદ્ધનય જો હૈ, યે તો એકાકાર સ્વરૂપ ત્રિકાળ એકરૂપ હૈ, ઉસકો બતાતે હૈ. આહાહા ! ગુણકા ભેદ ને પર્યાયકા ભેદ એ બતાતે નહીં. એ ગુણકા ભેદ ને પર્યાયકા ભેદ વ્યવહારનયકા વિષય થા તો પ્રમાણકા ઉસકો વિષય બતાયા. સમજમેં આયા ? આવી વાતું હવે વાણિયાને નવરાશ ન મળે, ધંધા આડે

પાપ આડે આખો દિ' શેઠીયા શું તમારે કહેવાય ? ( શ્રોતાઃ- આમાં વાણિયા ઘણાંય આવશે. ) વાણિયા જ આવવાના ને બધા. ઓલામાં એમ લખ્યું છેને ભાઈએ જૈન ધર્મ અત્યારે વાણિયાને વ્યવસાયવાળાને આવી ગયો છે. વ્યવસાય આખો દિ' ધંધા પાપ બાયડી છોકરા કુટુંબ દવાખાના ઈન્જેકશન આ દવા લીધી ને આ કર્યું ધૂળે ધૂળ. ( શ્રોતાઃ- માંદા પડે તો શું કરવું ? ) કોણ માંદો પડે ? ( શ્રોતાઃ- શરીર માંદુ પડે. ) શરીર ? એ તો જડ છે, અને જડની અવસ્થામાં આત્મા નથી. આત્મામેં રોગ છે એ તો મિથ્યાત્વ અને રાગ દ્વેષનો રોગ છે. પણ એ રોગમાં પણ વ્યાપેલો આત્મા છે. સમજાણું કાંઈ ? આહાહાહા ! આહાહાહા !

કોઈ ઈશ્વરે એને વિકાર કરાવ્યો છે, કે કર્મનું બહુ જોર આવ્યું અંદરમાં માટે વિકાર કરવો પડે છે એમ છે નહીં. એની પર્યાયનું સ્વરૂપ જ વિકૃત થવું તે કાળે, એ રીતે એનો વ્યાપેલો આત્મા એમાં રહેલો છે.

છઠ્ઠા શ્લોક અમારા જિનેશ્વરદાસજી ( કહા ) કે ભાઈ આયે હૈ ના, એમના માટે આજ હિન્દી લ્યો કીધું. હવે મંગળવારે શરૂ હોગાને આપણે, શિક્ષણ શિબિર. આહાહા ! ભાવ તો હૈ યે હૈ. હિન્દીમાં આવે પણ વસ્તુ તો જે છે તે જ છે ને ભૈયા. આહાહા ! પહેલાં જ્ઞાનમાં આત્મા દ્રવ્ય ને ગુણ પર્યાય સ્વરૂપ છે ઐસા પહેલે ઉસકો જ્ઞાન હોના ચાહિએ, એ જ્ઞાન સમ્યક્ નથી. પણ એ જ્ઞાનનું અંગ પહેલે પ્રગટ હોના ચાહિએ. ઓલામાં આવ્યું છે ને ? એમકે ભેદ બતાવવો છે તે જ્ઞાનનો અંગ છે. એમાં એ જ્ઞાનનો અંગ એ જાતનો સાચો થાય છે. સમ્યગ્જ્ઞાન નહીં, પણ જ્ઞાન અંદર, દર્શન જ્ઞાન ચારિત્ર તે આત્મા એમ બતાવવું, પણ એમાં એક જ્ઞાનનો અંગ ત્યાં સિદ્ધ થાય છે એક વ્યવહારનો, કળશ ટીકામાં છે. સમજાણું કાંઈ ? આમાં જ છે, પાંચમાં કળશમાં કળશ ટીકા છે ને ? જુઓ લ્યો એ જ નીકળ્યું. પાંચમો કળશ છે ને ? "તેવી રીતે ગુણગુણીરૂપ ભેદ કથન જ્ઞાન ઉપજવાનું એક અંગ હૈ" એ જાતનું જ્ઞાન થાય છે પહેલું, એ સમ્યગ્જ્ઞાનની અહીં વાત નથી. આ ગુણગુણીનું ભેદ કથન, એ વ્યવહારનય, આહાહા ! ગુણગુણીરૂપ ભેદકથન એ જ્ઞાન ઉપજવાનું એક અંગ છે, જીવનું લક્ષણ ચેતના ઈતના કહેતે પુદ્ગલાદિ અચેતન દ્રવ્યોસે ભિન્નપણાકી પ્રતીતિ ઉપજતે હૈ, તેથી જબ અનુભવ થાય ત્યાં સુધી ગુણગુણીરૂપ ભેદ કથન જ્ઞાનનું અંગ હૈ. જાનનેમેં ઈતના આતા હૈ, પછી અનુભવ તો ઉસકો છોડકર હોતા હૈ. આહાહા ! સમજમેં આયા ? ભાઈ ! વીતરાગ માર્ગ ! જિનેશ્વર પરમેશ્વર માર્ગ.

( શ્રોતાઃ- વ્યાપ્તનો શું અર્થ કર્યો છે કળશ ટીકામાં ? ) એ વ્યાપેલો જ છે, એમાં. એ તો છઠ્ઠાની વાત થઈ. આ તો પાંચમાની વાત છે. એ તો પહેલાં આવી ગયું છે ને, અસ્તુ ? ચારિત્રની એ તો લાંબી વ્યાખ્યા છે. અહીં તો સમકિતની પહેલી વ્યાખ્યા કરી છે. એમાં આવી ગયું છે, શુદ્ધ જીવને અનુભવતા ત્રણેય છે. જોયું ? શું કીધું ? અહીં તો દર્શન જ્ઞાન ચારિત્ર ત્રણેય પર્યાયનયનો વિષય છે, એ છે એમ વિકાર પણ છે એમ લઈ લેવું.

પણ શુદ્ધનયથી જોતાં નિર્વિકલ્પ વસ્તુ માત્રને જોતાં શુદ્ધપણું તે રૂપ છે. વસ્તુ પણ એ જ છે ને ? વસ્તુ સ્થિતિ છે ને ? "એતત્ નિયમાત સમ્યગ્દર્શન" – વ્યાપ્તુઃ વ્યાપ્તુઃ શબ્દ એમાં છે ને. લાંબુ છે ને એટલે એતત્ નિયમાત્ સમ્યગ્દર્શન. ( શ્રોતાઃ- છેલ્લી ચાર લીટી લ્યો. ) હા છે, જુઓને, કીધુંને, "સંસાર અવસ્થામાં જીવ દ્રવ્ય નવ તત્ત્વરૂપ પરિણમ્યું છે" આ ભાષા એ કરી,

એ તો પહેલું પાંચમાંમાં આવી ગયું છે એ તો કહ્યું'તું પહેલા આમાં આવી ગયું છે, એ નવ તત્ત્વરૂપ પરિણમ્યું છે એ મિથ્યાત્વભાવ છે એનામાં. આહાહા! સંવર નિર્જરા સાચાની વાત અહીંયા નથી, પણ અનાદિથી જીવ અજીવ પુણ્ય પાપ આદિ અને આસ્રવનો અંશ નથી, એટલો એ ગુણસ્થાને પહેલે એટલો એને સંવર વ્યવહારે ગણ્યો. અહીં કર્મનો અંશ ખરે છે એને નિર્જરા વ્યવહારે ગણી અને બંધનો એક અંશ ઓછો હોય એને મોક્ષ ગણ્યો એ દ્રવ્ય. દ્રવ્ય એ નવેય તત્ત્વરૂપે મિથ્યાદૃષ્ટિમાં પરિણમેલ છે. સમજાણું કાંઈ ? આરે... આ.

જુઓ અહીં આવ્યું, કારણકે આ જીવ દ્રવ્ય "દ્રવ્યાંતરેભ્યઃ પૃથક" એમ આવું હોવા છતાં, દ્રવ્ય સ્વભાવની દૃષ્ટિ લેવી છે, દૃષ્ટિ લેના હૈ. આહાહા! તો પહેલે એ બાત સિદ્ધ કિયા કે પરદ્રવ્ય તો નિમિત્ત માત્ર હૈ ઉસકી કોઈ ચીજકી બાત નહીં. તેરી ચીજ જો દ્રવ્ય ને ગુણ જો શુદ્ધ હૈ ઔર તેરી પર્યાયમાં જો અશુદ્ધતા આસ્રવની પુણ્યપાપની બંધની જે હૈ ભાવ બંધ એ તેરી પર્યાયમેં હૈ ને ઉસમેં આત્મા વ્યાપ્યા હૈ. કોઈ પરદ્રવ્ય કે કારણસે વિકાર હૈ ને મિથ્યાત્વ હૈ ઐસા ભાવ હૈ નહીં. આહાહાહાહા! સમજમેં આયા ? આવો મારગ છે ભાઈ! હજી તો, આ તો આપણે ચાલી ગયું'તું થોડુંક. આ તો અમારે ભાઈને લઈને ફીર હિન્દી લિયા. ઔર શુદ્ધનય, વો તો ઉસકા અસ્તિત્વમેં દ્રવ્યમેં, ગુણમેં ને પર્યાયમેં અસ્તિત્વમેં જે હૈ વો બતાયા.

હવે શુદ્ધનયકા વિષય કયા હૈ ? આહાહાહા! પ્રમાણકા વિષયમેં વિકારી પર્યાય કે પર્યાયકા નિષેધ નહીં હોતા. કયા કહા ? નયચક્રમેં યે હૈ, કે પ્રમાણકા વિષયમેં પર્યાયકા ને વિકૃત અવસ્થાકા નિષેધ નહીં હોતા, માટે તે પ્રમાણ પૂજ્ય નહીં. આહાહા! ઔર નિશ્ચયનયકા વિષયમેં હૈ, એ પર્યાયકા નિષેધ હોતા હૈ ઔર ત્રિકાળી દ્રવ્યકા આશ્રય હોતા હૈ. માટે નિશ્ચયનય પૂજ્ય હૈ. આહાહાહા! ઝીણી વાત છે ભાઈ. બીજી રીતે કહીએ તો વસ્તુ જે છે એ અનાદિ અપના ગુણમાં તો હૈ હી. પણ અનાદિ ઉસકી વિકૃત અવસ્થામેં ભી વો આત્મા હી હૈ. એ અવસ્થામેં કોઈ કર્મ આયા હૈ ને કર્મસે હુવા હૈ ઐસા હૈ નહીં. તો ઐસી ચીજકા પહેલે નિર્ણય કરા કર હવે શુદ્ધનયકા વિષય એ તો દો દ્રવ્ય ને પર્યાય દો કા જ્ઞાન કરાયા. પણ વો પ્રમાણ તો સદ્ભૂત વ્યવહારનયકા વિષય હૈ. જરી ઝીણું પડશે, કયા કહા ? જો ત્રિકાળી દ્રવ્ય હૈ ઔર ગુણ હૈ ને પર્યાય હૈ ઉસકા વિષય કરનેવાલા પ્રમાણ ઉસમેં હૈ યે. તો એ પ્રમાણ હૈ ઉસમેં દો આયા, તેથી એ પ્રમાણ પોતે સદ્ભૂત વ્યવહારનયકા વિષય હૈ, વ્યવહારનયકા વિષય હૈ. આહાહા! હવે શું થાય ? કયા કહેતે હૈ. આહાહા! પંચાધ્યાયીમેં હૈ, પ્રમાણ એ વ્યવહારનયકા વિષય હૈ. કયોં કિ ત્યાં એક ન આયા. દો આયા. તો દો આયા. વો પ્રમાણકા વિષય હો ગયા, દો આયા તો વ્યવહારનયકા વિષય હો ગયા, પ્રમાણ વ્યવહારનયકા વિષય. આહાહાહા!!

ભાઈ માર્ગ તો વીતરાગકા કોઈ અલૌકિક હૈ, લોકોમાં અત્યારે તો એટલી બધી ગરબડ, પડીમા લઈ લ્યો ને બ્રહ્મચર્ય લો ને લૂગડા ફેરવી નાંખો. આહાહા! એકલો અજ્ઞાનભાવ હૈ. (શ્રોતાઃ– બાહ્ય ત્યાગ તો ખરો ને ?) બાહ્ય ત્યાગ તો અનાદિથી છે અંદરમેં, ત્રણેય કાળમેં પરદ્રવ્યકા ગ્રહણ ત્યાગકા તો અભાવ હૈ ઉસમેં. આહાહા! આદાન ગ્રહણ કરના ઔર છોડના– પરદ્રવ્યકા ગ્રહણને છોડના ઉસસે તો ઓ રહિત ત્રિકાળ હૈ. ઐસા તો ગુણ ત્રિકાળ હૈ ઉસમેં. છોડના એટલે નહીં હૈ ઐસા તો ગુણ હૈ ઉસમેં– ઉસકો છોડના એટલે ઉસકા અર્થ એ હુવા કે

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

ગ્રહણ કિયા થા ઉસને એમ માન્યા ઉસને. ઝીણી વાત બાપુ ! વીતરાગ માર્ગ ! આહાહા ! હવે એમાંય દિગંબર ધર્મ એ જૈન ધર્મ. એની ચીજ અલૌકિક વાતું છે ભાઈ ! આહાહા ! દુનિયાના પાપના ધંધામાં બાર મહિનામાં ઘણો વખત એનો ત્યાં જાય એને. હેં ? ચોવીસ કલાકમાં બાવીસ કલાક પાપમાં ધંધા રળવા લખવા ને આ ને તે, હવે એમાં એક કલાક મળે કદાચિત્ સાંભળવાનો અને સાંભળે તોય એને નિર્ણય કરવાનો વખત ન મળે. આહાહાહા !

એરણની ચોરી ને સોયના દાન, એમ બાવીસ કલાક ત્રેવીસ કલાક આમાં રહે અને એક કલાક સાંભળવા જાય ત્યાં સાંભળવાનું એવું મળે કે વ્રત લઈ લો પડીમા લઈ લો તપસ્યા કરો, રસ છોડો, લૂગડાં છોડી દો. એકાદ બે લૂગડાં રાખો, રસનો પરિત્યાગ કરો. લ્યો આવી વાતું બધી. ( શ્રોતાઃ- કેટલા બધા પરિષહ સહન કરે છે ) ધૂળમાંય પરિષહ નથી. સમકિત વિના પરિષહ હોઈ શકે જ નહીં. સમજાણું કાંઈ ? પરિષહમાં તો સહન કરવું એટલે જ્ઞાતા દૃષ્ટાપણે રહેવું એ. એ તો સમકિત હુઆ પછી એને જ્ઞાતા દૃષ્ટાપણું રહે એનું નામ પરિષહ છે. ધનાલાલજી ! આવી વાતું છે ભાઈ ! શું થાય ? ભાઈ. ( શ્રોતાઃ- જ્ઞાતાદૃષ્ટા પણે રહેવું એ પરિષહ છે ) હા ! એનું નામ પરિષહ છે. એ પરિષહ જય છે. અરે પ્રભુ ! આહાહા !

યહાં કહેતે હૈ, કે ઐસા ભગવાન અપના ગુણ પર્યાયમેં વ્યાપ્ત રહેનેવાલા હૈ. “વ્યાપ્તું” આસ્રવ પુણ્ય પાપ બંધ ભાવ ઉસમેં આત્મા રહેનેવાલા હૈ, આત્માકી પર્યાય હૈ ને આત્મા ઉસમેં આયા હૈ. અનાદિસે એ નવ તત્ત્વરૂપ પરિણમન ઉસકા હૈ. આહાહા ! નવ તત્ત્વોમાં સંવર નિર્જરા મોક્ષ એ અહીંયા ન લેના. દ્રવ્ય સંવર ને દ્રવ્ય મોક્ષ... ઔર “શુદ્ધનયતઃ એકત્વે નિયતસ્ય” શુદ્ધનયસે એકત્વમેં નિશ્ચિત કહા ગયા હૈ. અંતરને જોનારી શુદ્ધનય, જો શ્રુતજ્ઞાનકા નિશ્ચય અંશ, વો ઉસકો દેખનેસે, એ તો પૂરણ સ્વરૂપકો દેખતે હૈ. સમ્યગ્દર્શનકા વિષય પૂર્ણ સ્વરૂપ હૈ, ઔર શુદ્ધનયકા વિષય હી પૂર્ણ સ્વરૂપ હૈ. નય, જ્ઞાનકી અપેક્ષાસે હૈ ઔર સમકિત, શ્રદ્ધાકી અપેક્ષાસે હૈ.

( શ્રોતાઃ- ઉસમેં અપનેકો ક્યા અપનેકો તો ધર્મ કી બાત સૂનની હૈ ) આ વાત તો એ ચલતી હૈ. ( શ્રોતાઃ- સમ્યગ્દર્શન તો હો જાયને ઉસમેં ક્યા હૈ ) ધૂળમાં... સમ્યગ્દર્શન એ જ પહેલી ધર્મની શરૂઆત છે. ધર્મ કહાંસે આયા, ધૂળમેં ? પડીમા લે લિયા બે પાંચ ને દસ ને અગિયાર ને. ( શ્રોતાઃ- પંદર હોય તો પંદર લઈ લે. ) એમાં શું ? એને ક્યાં આંકડો જ ગણવો છે ને ? વસ્તુ ક્યાં છે એના ઘરમાં ? આહાહાહા ! ( શ્રોતાઃ- હમ છોડ દેગા પડીમા કો ) પડીમા છોડ દેગા કા અર્થ કયા ? એ તો વિકલ્પ હૈ, ઉસમેં છોડ દેગા તો ? ( શ્રોતાઃ- નિર્વિકલ્પ હોગા ) નિર્વિકલ્પ હોગા તબ છોડ દેગા. આહાહા ! એ વિકલ્પ ભી આત્માકા આત્મામેં વ્યાપ્ત હૈ. હવે ઉસકો શુદ્ધનયસે દેખનેસે પ્રમાણકા વિષય બતાકર પરકી કોઈ અપેક્ષા પર્યાયમેં નહીં, ઐસા બતાકર હવે શુદ્ધનયમેં કોઈ ભેદકી અપેક્ષા નહીં. આહાહાહાહા !

ભાઈ આ તો તીર્થંકર જિનેશ્વર દેવ. આહા ! જેને ઇન્દ્રો એકાવતારી ત્રણ જ્ઞાનના ધણી, આહા... જેને વૈમાનિકમાંથી છૂટીને સાંભળવા આવે એ વાણી કેવી હોય ભાઈ ! હૈ ? ( શ્રોતાઃ- અલૌકિક અદ્‌ભુત. ) અહીં લોકો કહે દયા પાળો, વ્રત પાળો હવે એ તો ભીખારા કુંભારેય કહે છે. ( શ્રોતાઃ- ભીમ અગિયારસે નથી કહેતા. ) ભીમ અગિયારસ અમારે કહેતા હતા ને કીધુંને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

અમારે ઉમરાળામાં, ઉમરાળામાં સાંઈઠ વર્ષ પહેલાં રિવાજ એવો હતો, અમારા ગામનો, બીજા ગામમાં ય હતો કે શ્રાવણ મહિનાની આ નોમ છે ને ? એકમ આવે એટલે ગામના જે શેઠિયા હોય એ અમારે રોકડ શેઠ હતા. એ બે ચાર જણાં ભેગા થઈને પાંપ પાંચ સોપારી લઈને જાય. ઘાંચી પાસે જાય, ઘાંચી મુસલમાન, ત્યારે એ સમજે કે હું હું આ વાણિયાના પર્યુષણનો મહિનો આવ્યો. બંધ કરવું પડે, ઘાંચી ઘાણી ન કરે. શ્રાવણ સુદ એકમથી ભાદરવા સુદ પાંચમ સુધી મુસલમાન ઘાંચી પણ ઘાણી ન પીલે, એટલી મહાજનની છાપ હતી. અમારા ગામમાં પાંચ હજારની વસ્તી ઉમરાળા રોકડ શેઠ હતા. પહેલાં તો ઠીક હતું માણસ ઠીક હતાં. પછી તો ઘસાઈ ગયા. માણસ ખાનદાન હતા. અત્યારે છ છોકરા છે અમારે તો સીત્તેર વર્ષ પહેલાંનું બધું એ ઘાંચી મુસલમાન એની પાસે જાય શેઠીયા ચાર, શ્રાવણ મહિનાની એકમે. એટલે એ સમજે આજથી ભાદરવા સુદ પાંચમ સુધી ઘાણી નહીં પિલાય. મુસલમાન નહીં પીલે. કુંભાર પાસે જાય, પાંચ સોપારી લઈને, નિંભાડો ન કરે એક મહિનો. શ્રાવણ સુદ એકમથી ભાદરવા સુદ પાંચમ સુધી. નિંભાડો, નિંભાડો સમજતે હૈ ? ( શ્રોતાઃ– વાસણ માટીના પકવે ઈ. ) તંત્રી પણ વાણિયાના પર્યુષણ આવ્યા છે એમ કહે એવું તો લૌકિક રીતમાં ગામડામાં હતું. અને પુરૂં થયા પછી પણ શ્રાવણ સુદ એકમથી ભાદરવા સુદ પાંચમ સુધી નિંભાડા બંધ, ઘાણી બંધ, પછી પણ પહેલું શરૂ કરશે એ વધારે પાપી છે એમ માનનારા બેચાર દિ' આઘા હાલ્યા જાય. કોઈ છઠ્ઠે શરૂ કરે, કોઈ સાતમે કરે, કોઈ આઠમે કરે, એવું તો મુસલમાનમાં મનાતું, મહાજનની વાત, એ ક્યાં ધર્મ હતો ? આહાહા ! સમજાય છે કાંઈ ? આવું તો ગામડામાં હતું. તમારા શહેરની તો આપણને કાંઈ ખબર નથી. નાગનેશને બધે હશે આ તો અમારે ઉમરાળામાં એટલે તો અમને ખબરને પાંચ હજારની વસ્તી. હવે એ નિંભાડા બંધ કરે, ઘાંચી ઘાણી બંધ કરે માટે એ ધર્મ છે ? એ તો તીવ્ર પાપ, વાણિયાના પર્યુષણ છે, શેઠિયાઓ ગામના છે, અને એમનું અત્યારે પ્રબળ છે, માટે આપણે એવું ન કરાય. મુસલમાન ન કરે પાંત્રીસ દિવસ સુધી મુસલમાન ઘાણી ન હલાવે. એથી એવી તો લૌકિક લાઈન હતી એ તો. અહીંયા તો પરમાત્મા કહે છે, વિકારની દશા ચાહે તો એ શુભની વિકાર દશા, બીજાને નુકશાન ન કરશો, હિંસા ન કરશો. આ ન કરશો એવો જે ભાવ એ પણ એક વિકૃત અવસ્થા છે અને એમાં આત્મા વ્યાપેલ છે, એ વિકૃત અવસ્થા કોઈએ કરાવી છે એમ નથી.

હવે, એવો આત્મા દ્રવ્ય ગુણ પર્યાયમાં રહેલો હોવા છતાં શુદ્ધનય એટલે જે નયનો અંશ ત્રિકાળને વિષય કરે છે તેને શુદ્ધનય કહીએ. એક અખંડ આત્મા અભેદ જેમાં ગુણગુણીનો ભેદ પણ નહીં, જેમાં પર્યાયનો ભેદ નહીં, નિર્મળ પર્યાયનો પણ જેના વિષયમાં ભેદ નહીં. આહાહાહા ! સમજાણું કાંઈ ? આહાહા ! શુદ્ધનયસે એકત્વમેં નિશ્ચિત કિયા ગયા. એકપણે નિર્ણય કરાયા. આહાહાહા ! એક જ્ઞાયકભાવ ધ્રુવભાવ, સ્વભાવભાવ, નિત્યભાવ, સામાન્યભાવ, સદૃશભાવ, એકરૂપ રહેનેવાલા ત્રિકાળી એ શુદ્ધનયકા વિષય ઉસમેં નિર્ણય કરાયા. સમજમેં આયા ? આરે ! આવી વાતું હજી તો આ કળશા...

મહા પ્રભુ એ વીતરાગનો માર્ગ એકેક શ્લોકે દિગંબરના સંતોએ ગજબના કામ કર્યાં છે. આહાહા ! એવી વાત ક્યાંય છે નહીં. આહાહા ! પણ એમાં જન્મેલાને તમને ભાન કે દિ' હતી

ત્યાં. ( શ્રોતાઃ- એમાં જન્મેલા છે એવું આપણે માનવું શું કામ ) પણ દિગંબરમાં જન્મ્યા છે ને આ બધા. ( શ્રોતાઃ- નામના છે ) નામ નિક્ષેપ છે, ચીમનભાઈ ! આહાહા ! ભગવાન સર્વજ્ઞદેવ, પરમેશ્વરે એમ કહ્યું ઐસા કહા કે તેરી દશામેં વિકૃત અવસ્થા અનાદિકી હૈ, આસ્રવ, બંધ ભાવ રાગાદિ પુણ્ય પાપ મિથ્યાત્વ, યે તેરી દશામેં હૈ, તું ઉસમેં આયા હૈ, કોઈ કર્મસે આયા હૈ ઐસા નહીં. ઈતની બાતકા જ્ઞાન કરાકર, એ સમ્યગ્જ્ઞાન નહીં. ઓલામાં કહ્યું બતાવ્યું 'તું ને જ્ઞાનનો અંગ, હવે સમ્યગ્જ્ઞાન કબ હોતા હૈ ? કે ત્રિકાળી ભગવાન પૂર્ણાનંદકા નાથ ધ્રુવ સ્વરૂપ જો શુદ્ધનયકા ને સમ્યગ્દર્શનકા વિષય હૈ, એ સમ્યગ્દર્શને ત્રિકાળીકો બતાયા. શુદ્ધનયે ત્રિકાળીકો જાના. આહાહાહા !

( શ્રોતાઃ- શુદ્ધતા ત્રિકાળ ) ત્રિકાળ શુદ્ધ એક વસ્તુ વર્તમાન ભલે ત્રિકાળમાં ન લો, તો વર્તમાનમાં ધ્રુવપણું એકરૂપ તે તેનો વિષય, આ તો શાસ્ત્ર ભાષા છે. આહાહા ! જેમાં સમ્યગ્દર્શનના વિષયમાં, ને શુદ્ધનયના વિષયમાં ગુણગુણીનો ભેદ પણ ન આવે, એની વિકારી પર્યાય તો ન આવે પણ અવિકારી પર્યાય સમ્યગ્દર્શનકી પર્યાય સમ્યગ્દર્શનના વિષયમાં ન આવે. આહાહા ! સમજમેં આયા ? આહાહાહા ! આ તો સંતોની વાણી છે બાપા ! દિગંબર સંતો એટલે કેવળીના કેડાયતો. આહા ! કેવળજ્ઞાનીના કેડે ચાલનારા, અને કેવળજ્ઞાન લેનારા એક-બે ભવે મોક્ષ જનારા. એ સંતોને કરુણાનો વિકલ્પ આયા તો આ શાસ્ત્ર બન ગયા. આહા !

તો કહેતે હૈ, કે આમ આત્મા દેખો તો તેરી વિકારી પર્યાયમેં ભી વ્યાપ્ત તો હૈ. સારા દ્રવ્ય પર્યાય દેખનેસે તો યે દોય ઉસકી હૈ પણ હવે ઉસકા કલ્યાણ કરનેકા ઉપાય બતાના હૈ, તો ઉસમેં તો એકરૂપ ત્રિકાળ દ્રવ્ય જો હૈ ધ્રુવ વો શુદ્ધનયે બતાયા. યે દ્રવ્ય ગુણ પર્યાયમેં વ્યાપ્ત હોને પર ભી, શુદ્ધનયે એકલા દ્રવ્યકો બતાયા. દ્રવ્ય ગુણ પર્યાયમેં વ્યાપ્ત નામ રહેલા હોને પર ભી સમ્યગ્દર્શને એકલા ત્રિકાળીકો બતાયા. ત્રિકાળી તે હું. પરમાત્મ દ્રવ્ય તે હું. એ આયાને ૩૨૦ ગાથામેં, જયસેન આચાર્યની ટીકામાં ૩૨૦, મેં તો પરમાત્મ દ્રવ્ય હું. હૈ ? ૩૨૦ નહીં ? વ્યાખ્યાન હો ગયા હૈ.

જુઓ, સંસ્કૃત ટીકા હૈ ( ગુજરાતી ) "જે સકલ નિરાવરણ, અખંડ એક પ્રત્યક્ષ પ્રતિભાસમય, અવિનશ્વર, શુદ્ધ પારિણામિક પરમ ભાવ લક્ષણ નિજ પરમાત્મ દ્રવ્ય તે જ હું છું". જુઓ આ સમ્યગ્દર્શનનો વિષય આ શુદ્ધનયનો આ વિષય. આહાહા ! વિષય નામ ધ્યેય. આહાહા ! સમ્યગ્દર્શનનું ધ્યેય, ધ્રુવ ધ્યેય છે. ધ્રુવ ધ્યેય હૈ. સમ્યગ્દર્શનકા વિષય ગુણગુણી ભેદ ને પર્યાય ઉસકા વિષય નહીં. આહાહાહા ! ક્ષાયિક સમ્યગ્દર્શનકા વિષય ભી ધ્રુવ હૈ, ક્ષાયિક સમકિત સમકિતકા વિષય નહીં. આ તો સંસ્કૃત ટીકા છે. આ તો ઘણું હાલ્યું આ તો તેંતાલીસ વર્ષ ઉપરાંત હાલ્યું આ તો. આહાહા ! ભાઈ ! એણે સમજવું પડશે બાપુ ! ચોર્યાસી લાખના દુઃખો એણે વેઠયા છે. એ કાલે આવ્યું 'તું ઓલામાં સજ્જાયમાં, છ ઢાળામાં કે એના દુઃખની ભાષા કરોડ જીભે ન કહેવાય બાપુ ! આહાહા ! એમાં આવ્યું 'તું. એણે દુઃખ વેઠયાં છે ભાઈ એની પર્યાયમાં, સંયોગના નહીં, મિથ્યાત્વ અને રાગ દ્વેષના મલિન પરિણામ મહા દુઃખરૂપ એને એણે વેઠયા છે. એ દુઃખની વાત કરોડો જીભથી કહી શકાય નહીં. ભાઈ ! આહાહા ! અરે ! તું ભૂલી ગયો પ્રભુ તને, તારી તને દયા ન મળે નાથ, તું કોણ છો ? ક્યાં છો ? આહાહા ! સમજાણું કાંઈ ? કાલે આવ્યું 'તું છ ઢાળામાં.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


અને એક એ આવ્યું'તું નિગોદમાંથી ત્રસની પર્યાય પ્રાપ્ત થાય એ ચિંતામણી ( રતન ) જેવું છે. આહાહા ! ત્રસપણું હજી બે ઇન્દ્રિય, ત્રણ ઇન્દ્રિય, ચાર ઇન્દ્રિય આહાહા ભાઈ ! તને આ માંડ મળ્યું, નિગોદના ગોદમાં પડયો હતો, પ્રભુ અનંત કાળમાં દુઃખી. આહા ! ભાઈ ! તું બહાર નીકળ્યોને હવે તું. આહાહા ! એ ચિંતામણી રતન જેમ મળે તેમ ત્રસ થાય. આહાહા ! આ મનુષ્યપણું ને એમાં આ ભગવાનની વાણીનો યોગને, આહાહા... એ બધું મળ્યું છતાં, જો એ શુદ્ધનયનો વિષય દૃષ્ટિમાં ન લીધો તો બધું નિરર્થક જશે. આહાહાહા ! તારા દાન ને દયા ને મંદિરો બનાવ્યા ને કરોડો રૂપિયા ખર્ચ્યા ને, આહાહા ! આ મોટા ૨૬–૨૬ લાખના મકાન ને માટે ત્યાં ધરમ થઈ ગયો અંદર ને આહાહા !

( શ્રોતાઃ– ધર્મ તો નથી પણ કાંઈ મદદ તો કરશે ! ) જરીયે મદદ કરશે નહીં, નુકશાન કરશે. શુભભાવ તો આત્મામાં નુકશાન કરનાર છે. આકરી વાત છે બાપા ! વીતરાગનો માર્ગ, આહા.... જિનેશ્વરદેવ જેના ઇન્દ્રો તળીયા ચાટે, અને ઇન્દ્રો જેની સભામાં કૂતરીના બચ્ચા જેમ બેસે તેમ બેસે, ભાઈ ! એ માર્ગ કેવો હશે એ બાપુ. આહાહા ! એ માર્ગ સાંભળવો પણ મહાભાગ્ય હોય ત્યારે મળે અને અંતર પુરુષાર્થ કરે તો પ્રગટ કરે. આહાહા ! આ એટલામાં હાલ્યું. અહીં તો હજી. આહા !

શુદ્ધનયસે એકત્વમેં, શુદ્ધનયથી જોતાં એકપણામાં નિર્ણય કરાવ્યો. ગુણ અને પર્યાયની અનેકતા છે. તે ભલે એના સત્ત્વમાં હો પણ હવે આશ્રય લેવા યોગ્ય વસ્તુ છે એ તો ત્રિકાળી દ્રવ્ય જ્ઞાયકભાવ છે. આહાહા ! એમાં એનો નિર્ણય કરાવ્યો એકત્વમાં. આહાહા ! એકપણાનો અંદર નિર્ણય કર. અનુભવ તો તને સમ્યગ્દર્શન થાય, એ વિના થોથાં છે બધું. સમજાય એવું છે આમાં. આહાહા ! ભાષા કાંઈ એવી નથી, બાબુલાલજી ! ભાષા તો તમારી હિન્દી આવી આજ તો. હવે લોકો આવશે ને કાલને પરમ દિ' થી, હિન્દી લોકો આવશે ને હવે તો શરૂઆત થઈ ગઈ થોડી થોડી. આહાહા ! આહાહા !

ગાથાર્થઃ- [ यः ] જે નય [ आत्मानम् ] આત્માને [ अबद्धस्पृष्टम् ] બંધ રહિત ને પરના સ્પર્શ રહિત, [ अनन्यकं ] અન્યપણા રહિત, [ नियतम् ] ચળાચળતા રહિત, [ अविशेषम् ] વિશેષ રહિત, [ असंयुक्तं ] અન્યના સંયોગ રહિત-એવા પાંચ ભાવરૂપ [ पश्यति ] દેખે છે [ तं ] તેને, હે શિષ્ય ! તું [ शुद्धनयं ] શુદ્ધનય [ विजानीहि ] જાણ.

ટીકાઃ- નિશ્ચયથી અબદ્ધ-અસ્પૃષ્ટ, અનન્ય, નિયત, અવિશેષ અને અસંયુક્ત-એવા આત્માની જે અનુભૂતિ તે શુદ્ધનય છે, અને એ અનુભૂતિ આત્મા જ છે; એ રીતે આત્મા એક જ પ્રકાશમાન છે. ( શુદ્ધનય કહો યા આત્માની અનુભૂતિ કહો યા આત્મા કહો-એક જ છે, જુદાં નથી. ) અહીં શિષ્ય પૂછે છે કે જેવો ઉપર કહ્યો તેવા આત્માની અનુભૂતિ કેમ થઈ શકે ? તેનું સમાધાનઃ- બદ્ધસ્પૃષ્ટત્વ આદિ ભાવો અભૂતાર્થ હોવાથી એ અનુભૂતિ થઈ શકે છે. આ વાતને દ્રષ્ટાંતથી પ્રગટ કરવામાં આવે છેઃ-

જેમ કમલિનીનું પત્ર જળમાં ડૂબેલું હોય તેનો જળથી સ્પર્શાવારૂપ અવસ્થાથી અનુભવ કરતાં જળથી સ્પર્શાવાપણું ભૂતાર્થ છે-સત્યાર્થ છે, તોપણ જળથી જરાય નહિ સ્પર્શાવાયોગ્ય એવા કમલિની-પત્રના સ્વભાવની સમીપ જઈને અનુભવ કરતાં જળથી સ્પર્શાવાપણું અભૂતાર્થ છે-અસત્યાર્થ છે; એવી રીતે અનાદિ કાળથી બંધાયેલા આત્માનો, પુદ્‌ગલકર્મથી બંધાવા-સ્પર્શાવારૂપ અવસ્થાથી અનુભવ કરતાં બદ્ધસ્પૃષ્ટપણું ભૂતાર્થ છે-સત્યાર્થ છે, તોપણ પુદ્‌ગલથી જરાય નહિ સ્પર્શાવાયોગ્ય એવા આત્મસ્વભાવની સમીપ જઈને અનુભવ કરતાં બદ્ધસ્પૃષ્ટપણું અભૂતાર્થ છે-અસત્યાર્થ છે.

વળી, જેમ માટીનો, કમંડળ, ઘડો, ઝારી, રામપાત્ર આદિ પર્યાયોથી અનુભવ કરતાં અન્યપણું ભૂતાર્થ છે-સત્યાર્થ છે, તોપણ સર્વતઃ અસ્ખલિત ( -સર્વ પર્યાય-ભેદોથી જરાય ભેદરૂપ નહિ થતા એવા ) એક માટીના સ્વભાવની સમીપ જઈને અનુભવ કરતાં અન્યપણું અભૂતાર્થ છે-અસત્યાર્થ છે; એવી રીતે આત્માનો, નારક આદિ પર્યાયોથી અનુભવ કરતાં ( પર્યાયોના બીજા-બીજાપણારૂપ ) અન્યપણું ભૂતાર્થ છે-સત્યાર્થ છે, તોપણ સર્વતઃ અસ્ખલિત ( સર્વ પર્યાયભેદોથી જરાય ભેદરૂપ નહિ થતા એવા ) એક ચૈતન્યાકાર આત્મસ્વભાવની સમીપ જઈને અનુભવ કરતાં અન્યપણું અભૂતાર્થ છે-અસત્યાર્થ છે.

જેમ સમુદ્રનો, વૃદ્ધિહાનિરૂપ અવસ્થાથી અનુભવ કરતાં અનિયતપણું ( અનિશ્ચિતપણું ) ભૂતાર્થ છે-સત્યાર્થ છે, તોપણ નિત્ય-સ્થિર એવા સમુદ્રસ્વભાવની સમીપ જઈને અનુભવ કરતાં અનિયતપણું અભૂતાર્થ છે-અસત્યાર્થ છે; એવી રીતે આત્માનો, વૃદ્ધિહાનિરૂપ પર્યાયભેદોથી અનુભવ કરતાં અનિયતપણું ભૂતાર્થ છે-સત્યાર્થ છે, તોપણ નિત્ય-સ્થિર ( નિશ્ચલ ) એવા આત્મસ્વભાવની સમીપ જઈને અનુભવ કરતાં અનિયતપણું અભૂતાર્થ છે-અસત્યાર્થ છે.

જેમ સુવર્ણનો, ચીકણાપણું, પીળાપણું ભારેપણું આદિ ગુણરૂપ ભેદોથી અનુભવ કરતાં વિશેષપણું ભૂતાર્થ છે-સત્યાર્થ છે, તોપણ જેમાં સર્વ વિશેષો વિલય થઈ ગયા છે એવા સુવર્ણસ્વભાવની સમીપ જઈને અનુભવ કરતાં વિશેષપણું અભૂતાર્થ છે-અસત્યાર્થ છે; એવી રીતે આત્માનો, જ્ઞાન, દર્શન આદિ ગુણરૂપ ભેદોથી અનુભવ કરતાં વિશેષપણું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

ભૂતાર્થ છે-સત્યાર્થ છે, તોપણ જેમાં સર્વ વિશેષો વિલય થઈ ગયા છે એવા આત્મસ્વભાવની સમીપ જઈને અનુભવ કરતાં વિશેષપણું અભૂતાર્થ છે-અસત્યાર્થ છે.

જેમ જળનો, અગ્નિ જેનું નિમિત્ત છે એવી ઉષ્ણતા સાથે સંયુક્તપણારૂપ-તપ્તપણારૂપ-અવસ્થાથી અનુભવ કરતાં (જળને) ઉષ્ણપણારૂપ સંયુક્તપણું ભૂતાર્થ છે-સત્યાર્થ છે, તોપણ એકાંત શીતળતારૂપ જળસ્વભાવની સમીપ જઈને અનુભવ કરતાં (ઉષ્ણતા સાથે) સંયુક્તપણું અભૂતાર્થ છે-અસત્યાર્થ છે; એવી રીતે આત્માનો, કર્મ જેનું નિમિત્ત છે એવા મોહ સાથે સંયુક્તપણારૂપ અવસ્થાથી અનુભવ કરતાં સંયુક્તપણું ભૂતાર્થ છે-સત્યાર્થ છે, તોપણ જે પોતે એકાંત બોધરૂપ (જ્ઞાનરૂપ) છે એવા જીવસ્વભાવની સમીપ જઈને અનુભવ કરતાં સંયુક્તપણું અભૂતાર્થ છે-અસત્યાર્થ છે.

ભાવાર્થઃ- આત્મા પાંચ પ્રકારથી અનેકરૂપ દેખાય છેઃ (૧) અનાદિ કાળથી કર્મપુદ્‌ગલના સંબંધથી બંધાયેલો કર્મપુદ્‌ગલના સ્પર્શવાળો દેખાય છે, (૨) કર્મના નિમિત્તથી થતા નર, નારક આદિ પર્યાયોમાં ભિન્ન ભિન્ન સ્વરૂપે દેખાય છે, (૩) શક્તિના અવિભાગ પ્રતિચ્છેદ (અંશ) ઘટે પણ છે, વધે પણ છે-એ વસ્તુનો સ્વભાવ છે તેથી તે નિત્ય-નિયત એકરૂપ દેખાતો નથી, (૪) વળી તે દર્શન, જ્ઞાન આદિ અનેક ગુણોથી વિશેષરૂપ દેખાય છે અને (૫) કર્મના નિમિત્તથી થતા મોહ, રાગ, દ્વેષ આદિ પરિણામો સહિત તે સુખદુઃખરૂપ દેખાય છે. આ સૌ અશુદ્ધદ્રવ્યાર્થિકરૂપ વ્યવહાર નયનો વિષય છે. એ દ્રષ્ટિ (અપેક્ષા) થી જોવામાં આવે તો એ સર્વ સત્યાર્થ છે. પરંતુ આત્માનો એક સ્વભાવ આ નયથી ગ્રહણ નથી થતો, અને એક સ્વભાવને જાણ્યા વિના યથાર્થ આત્માને કેમ જાણી શકાય? આ કારણે બીજા નયને-તેના પ્રતિપક્ષી શુદ્ધદ્રવ્યાર્થિક નયને-ગ્રહણ કરી, એક અસાધારણ જ્ઞાયકમાત્ર આત્માનો ભાવ લઈ, તેને શુદ્ધનયની દ્રષ્ટિથી સર્વ પરદ્રવ્યોથી ભિન્ન, સર્વ પર્યાયોમાં એકાકાર, હાનિવૃદ્ધિથી રહિત, વિશેષોથી રહિત અને નૈમિત્તિક ભાવોથી રહિત જોવામાં આવે તો સર્વ (પાંચ) ભાવોથી જે અનેકપ્રકારપણું છે તે અભૂતાર્થ છે-અસત્યાર્થ છે.

અહીં એમ જાણવું કે વસ્તુનું સ્વરૂપ અનંત ધર્માત્મક છે, તે સ્યાદ્‌વાદથી યથાર્થ સિદ્ધ થાય છે. આત્મા પણ અનંત ધર્મવાળો છે. તેના કેટલાક ધર્મો તો સ્વાભાવિક છે અને કેટલાક પુદ્‌ગલના સંયોગથી થાય છે. જે કર્મના સંયોગથી થાય છે, તેમનાથી તો આત્માને સંસારની પ્રવૃત્તિ થાય છે અને તે સંબંધી સુખદુઃખ આદિ થાય છે તેમને ભોગવે છે. એ, આ આત્માને અનાદિ અજ્ઞાનથી પર્યાયબુદ્ધિ છે; અનાદિ-અનંત એક આત્માનું જ્ઞાન તેને નથી. તે બતાવનાર સર્વજ્ઞનું આગમ છે. તેમાં શુદ્ધદ્રવ્યાર્થિક નયથી એ બતાવ્યું છે કે આત્માનો એક અસાધારણ ચૈતન્યભાવ છે તે અખંડ છે, નિત્ય છે, અનાદિનિધન છે. તેને જાણવાથી પર્યાયબુદ્ધિનો પક્ષપાત મટી જાય છે. પરદ્રવ્યોથી, તેમના ભાવોથી અને તેમના નિમિત્તથી થતા પોતાના વિભાવોથી પોતાના આત્માને ભિન્ન જાણી તેનો અનુભવ જીવ કરે ત્યારે પરદ્રવ્યના ભાવોરૂપ પરિણમતો નથી; તેથી કર્મ બંધાતાં નથી અને સંસારથી નિવૃત્તિ થઈ જાય છે. માટે પર્યાયાર્થિકરૂપ વ્યવહારનયને ગૌણ કરી અભૂતાર્થ (અસત્યાર્થ)

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


કહ્યો છે અને શુદ્ધ નિશ્ચયનયને સત્યાર્થ કહી તેનું આલંબન દીધું છે. વસ્તુસ્વરૂપની પ્રાપ્તિ થયા પછી તેનું પણ આલંબન રહેતું નથી. આ કથનથી એમ ન સમજી લેવું કે શુદ્ધનયને સત્યાર્થ કહ્યો તેથી અશુદ્ધનય સર્વથા અસત્યાર્થ જ છે. એમ માનવાથી વેદાંતમતવાળા જેઓ સંસારને સર્વથા અવસ્તુ માને છે તેમનો સર્વથા એકાંત પક્ષ આવી જશે અને તેથી મિથ્યાત્વ આવી જશે, એ રીતે એ શુદ્ધનયનું આલંબન પણ વેદાન્તીઓની જેમ મિથ્યાદૃષ્ટિપણું લાવશે. માટે સર્વ નયોના કથંચિત્ રીતે સત્યાર્થપણાનું શ્રદ્ધાન કરવાથી જ સમ્યગ્દૃષ્ટિ થઈ શકાય છે. આ રીતે સ્યાદ્વાદને સમજી જિનમતનું સેવન કરવું, મુખ્ય-ગૌણ કથન સાંભળી સર્વથા એકાંત પક્ષ ન પકડવો.

આ ગાથાસૂત્રનું વ્યાખ્યાન કરતાં ટીકાકાર આચાર્યે પણ કહ્યું છે કે આત્મા વ્યવહારનયની દૃષ્ટિમાં જે બદ્ધસ્પૃષ્ટ આદિ રૂપે દેખાય છે તે એ દૃષ્ટિમાં તો સત્યાર્થ જ છે પરંતુ શુદ્ધનયની દૃષ્ટિમાં બદ્ધસ્પૃષ્ટાદિપણું અસત્યાર્થ છે. આ કથનમાં ટીકાકાર આચાર્યે સ્યાદ્વાદ બતાવ્યો છે એમ જાણવું.

વળી, અહીં એમ જાણવું કે આ નય છે તે શ્રુતજ્ઞાન-પ્રમાણનો અંશ છે; શ્રુતજ્ઞાન વસ્તુને પરોક્ષ જણાવે છે; તેથી આ નય પણ પરોક્ષ જ જણાવે છે. શુદ્ધદ્રવ્યાર્થિકનયનો વિષયભૂત, બદ્ધસ્પૃષ્ટ આદિ પાંચ ભાવોથી રહિત આત્મા ચૈતન્યશક્તિમાત્ર છે. તે શક્તિ તો આત્મામાં પરોક્ષ છે જ. વળી તેની વ્યક્તિ કર્મસંયોગથી મતિ-શ્રુતાદિ જ્ઞાનરૂપ છે તે કથંચિત્ અનુભવગોચર હોવાથી પ્રત્યક્ષરૂપ પણ કહેવાય છે, અને સંપૂર્ણજ્ઞાન જે કેવળજ્ઞાન તે જોકે છદ્મસ્થને પ્રત્યક્ષ નથી તોપણ આ શુદ્ધનય આત્માના કેવળજ્ઞાનરૂપને પરોક્ષ જણાવે છે. જ્યાં સુધી આ નયને જીવ જાણે નહિ ત્યાં સુધી આત્માના પૂર્ણ રૂપનું જ્ઞાન-શ્રદ્ધાન થતું નથી. તેથી શ્રી ગુરુએ આ શુદ્ધનયને પ્રગટ કરી ઉપદેશ કર્યો કે બદ્ધસ્પૃષ્ટ આદિ પાંચ ભાવોથી રહિત પૂર્ણજ્ઞાનઘનસ્વભાવ આત્માને જાણી શ્રદ્ધાન કરવું, પર્યાયબુદ્ધિ ન રહેવું. અહીં કોઈ એવો પ્રશ્ન કરે કે-એવો આત્મા પ્રત્યક્ષ તો દેખાતો નથી અને વિના દેખ્યે શ્રદ્ધાન કરવું તે જૂઠું શ્રદ્ધાન છે. તેનો ઉત્તરઃ-દેખેલાનું જ શ્રદ્ધાન કરવું એ તો નાસ્તિક મત છે. જિનમતમાં તો પ્રત્યક્ષ અને પરોક્ષ-બન્ને પ્રમાણ માનવામાં આવ્યાં છે. તેમાં આગમપ્રમાણ પરોક્ષ છે. તેનો ભેદ શુદ્ધનય છે. આ શુદ્ધનયની દૃષ્ટિથી શુદ્ધ આત્માનું શ્રદ્ધાન કરવું, કેવળ વ્યવહાર-પ્રત્યક્ષનો જ એકાંત ન કરવો.

---

## ગાથા ૧૪ નું પ્રવચન

जो पस्सदि अप्पाणं अबद्धपुट्ठं अणण्णयं णियदं।
अविसेसमसंजुत्तं तं सुद्धणयं वियाणीहि।।१४।।

અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય ને જે નિયત દેખે આત્મને,
અવિશેષ, અણસંયુક્ત, તેને શુદ્ધનય તું જાણજે.૧૪

ટીકાઃ નિશ્ચયસે ભગવાન આત્મા દ્રવ્યસ્વરૂપ ઇસકો શુદ્ધનય ભી કહીએ અને દ્રવ્ય સ્વરૂપ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

ભી કહીએ. અગિયારમી ગાથામેં "ભૂદત્થં દેસિદો દુ સુદ્ધણઓ" ભૂતાર્થ જે ધ્રુવ હૈ ઉસકો શુદ્ધનય કહેતે હૈ. નય અને નયકા વિષયકો અધ્યાત્મ દ્રષ્ટિમેં છોડ દેતા હૈ. સમજમેં આયા ? જો ત્રિકાળી જ્ઞાયકસ્વરૂપ ભગવાન પૂર્ણાનંદ પ્રભુ ઉસકો હી શુદ્ધનય કહા હૈ. નહીં તો શુદ્ધનયકા તો વો વિષય હૈ પણ વિષય અને વિષયીકા ભેદ છોડકર, વો ત્રિકાળી જ્ઞાયકભાવ ધ્રુવ જો સમ્યગ્દર્શનકા વિષય હૈ, ઉસકો હી શુદ્ધનય કહેનેમેં આયા હૈ. આહાહાહા ! આવું હવે યાદ ક્યાં રાખે આમાં ધંધા આડે નવરાશ ન મળે. શેઠ ! ( શ્રોતાઃ- આજ જાનેવાલા હૈ શેઠ ) જાનેવાલા હૈ ? સમજમેં આયા ? આહાહા !

જે કોઇ આત્માકો અબદ્ધ, રાગઆદિ કર્મઆદિસે બદ્ધ નહીં, ઐસે પસ્સઇ નામ અંતરમેં દેખતે હૈ.

( ૧ ) અસ્પૃષ્ટ કર્મકા વિસસ્રા પરમાણુ પુદ્‌ગલ હૈ કર્મ હોનેકી લાયકાતવાળા ઉસસે ભી અસ્પૃષ્ટ હૈ. ભગવાન તો રાગસે અસ્પૃષ્ટ હૈ અને વિસસ્રા પરમાણુ સાથમેં હૈ કર્મરૂપ પરિણમ્યા નહીં ઉસકો ભી સ્પર્શસે રહિત હૈ. આહાહા !

( ૨ ) 'અનન્ય' દરેકકા અર્થ કરેગા હોં, અનન્ય હૈ, અનેરી અનેરી ગતિ ઇસમેં હૈ નહિ. એ તો અનન્ય હૈ. યે તો અન્ય અન્યસે અનન્ય હૈ. ભિન્ન હૈ. આહાહા !

( ૩ ) 'નિયત' પર્યાયમેં અનેકતા દિખતી હૈ ઉસસે ભી વો ભિન્ન હૈ.

( ૪ ) 'અવિશેષ' દર્શન જ્ઞાન ચારિત્રકા ભેદ જો દિખતે હૈ એ વિશેષ, ઉસસે રહિત હૈ, અવિશેષ હૈ સામાન્ય હૈ. આહાહાહા !

( ૫ ) 'અસંયુક્ત' શુભ અશુભભાવમેં જો આકુળતા હોતી હૈ યે આકુળતાસે સંયુક્ત નહીં. આહા ! એ આકુળતાસે સહિત ભગવાન હૈ નહીં અંદર. આહાહા !

ઐસે આત્માકી અનુભૂતિ, ઐસા આત્માકા અનુભવ, અહીં શુદ્ધનય કહેના હૈ ને ? જ્ઞાનપ્રધાન કથન આ હૈ, દર્શનપ્રધાન કથન આ હૈ અને પંદરમીમેં જ્ઞાનપ્રધાન કથન આયેગા. ચૌદમીમેં દર્શનપ્રધાન કથન હૈ. પંદરમીમેં જ્ઞાનપ્રધાન કથન આયેગા. હજી તો સમ્યગ્દર્શનની પ્રતીત કયા હૈ ? ઇસકા કથન આ હૈ ઔર સાથમેં અનુભૂતિકા કથન હૈ નયકા એ પંદરમેં આયેગા. આહાહા !

આંહીયા કહેતે હૈ કિ ઐસે આત્મા, ઐસે આત્મા, પર્યાયમેં રાગકા સંબંધ હૈ, એ દ્રવ્યમેં સંબંધ નહીં, ઐસા આત્માકો અનુભૂતિ, ઐસે આત્માકી અનુભવ હોના પર્યાયમેં, આહાહા... એ આત્મા જો કહા એ તો અબદ્ધ સ્પૃષ્ટ હૈ, વો પર્યાયકે બિનાકી ચીજ હૈ, પણ ઉસકા અનુભવ કરના વો પર્યાય હૈ. આહાહા ! સમજમેં આયા ? "ઇસકી અનુભૂતિ એ શુદ્ધનય હૈ." દેખો અનુભૂતિકો શુદ્ધનય કહા. એક બાજુ શુદ્ધનય ત્રિકાળકો કહેતે હૈ ઔર તો અનુભૂતિકો હી શુદ્ધનય કહા. કયોંકિ શુદ્ધનયકા વિષયમેં દ્રષ્ટિ જબ ગઇ, તો પર્યાયમેં અનુભૂતિ હુઇ, તો એ શુદ્ધનય ઉસકો ભી કહેનેમેં આતા હૈ. આહાહાહા ! હૈ ?

"ઔર યે અનુભૂતિ આત્મા હી હૈ." પાછા અનુભૂતિ જો હુઇ, આનંદકા વેદન આયા એ આત્મા હૈ એ કહે દિયા. એ પર્યાય હૈ એ આત્મા હૈ. રાગાદિ થા એ અણાત્મા થા, અને વસ્તુકા જે અનુભવ હુઆ એ શુદ્ધનય હુઆ. અને એ પર્યાયકો આત્મા કહેતે હૈ. આહાહાહાહા ! ઝીણી વાતું બાપા બહુ ભાઈ ! ( શ્રોતાઃ- અલિંગગ્રહણના ૨૦ મા બોલમાં અનુભવની પર્યાયને

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


આત્મા કીધો. ) એ અનુભૂતિ પર્યાયકી બાત હૈ. ૨૦ મા બોલની વાત એ. ૨૦ મા બોલની વાત મારે કહેવી 'તી પણ કીધું કાલ કહી ગયા છીએ. અલિંગગ્રહણના ૨૦ મા બોલમાં એ આયા હૈ, કે આત્મા અલિંગગ્રહણ અર્થાત્ આહાહા... એ દ્રવ્યકો છૂતે નહીં. ૨૦ મા બોલમાં ઐસા આયા હૈ, કયોંકિ દ્રવ્યકો છૂતે નહીં. તો દ્રવ્યકા અનુભવ હોતા નહીં, એ અનુભવ તો પર્યાયમેં હોતા હૈ. આહાહા ! તો આત્મા અલિંગગ્રહણ, અ–લિંગ ગ્રહણ, લિંગ નામ સામાન્ય ઉસકો નહીં છૂતે હૈ, ઔર નિર્મળ પર્યાયમેં આત્મા વેદનમેં આયા, એ નિર્મળ પર્યાય એ આત્મા કહેનેમેં આયા હૈ, આહાહાહા ! કલ કહા થા વો, પણ આ તો ભાઈ આવ્યા છે. સમજમેં આયા ? આહાહા !

વસ્તુ જો હૈ પૂર્ણ શુદ્ધ લોકાલોક જાનનેકી તાકાતવાળી ઔર પૂર્ણમ્ સંપૂર્ણમ્ અતિશયથી એ ચીજકો નય કહા. પણ ઉસકા અનુભવ હુઆ ઉસકો ભી અહીં શુદ્ધનય કહા. આહા ! ક્યુંકિ રાગ આદિકી પર્યાય દૃષ્ટિ હૈ એ અશુદ્ધનય હૈ. આહાહા ! ઔર ત્રિકાળ જ્ઞાયકભાવકી દૃષ્ટિ હુઇ અનુભૂતિ હુઇ, તો ત્રિકાળીકો ભી શુદ્ધનય કહા, અનુભૂતિકો ભી શુદ્ધનય કહા. આવી વાત છે. આવશે અર્થમાં કરશે, અને ઇસ પ્રકાર અનુભૂતિ આત્મા હૈ. પાછું દેખો અનુભૂતિ હુઇ એ ક્ષયોપશમભાવ હૈ, ક્ષાયિકભાવ હૈ. સમજમેં આયા ?

તો ત્યાં પહેલે નિકાલ દિયા થા કે જેને ક્ષયોપશમ ક્ષાયિકભાવ અંદરમેં હૈ નહીં. વાત તો એવી છે બાપુ ! જૈનધર્મ કોઇ અલૌકિક ચીજ હૈ, જૈનધર્મ કોઇ પક્ષ નહીં વસ્તુકા સ્વરૂપ હૈ ઐસા. આહાહા ! એ તો વસ્તુકા સ્વરૂપ ઐસા હૈ ઉસકા નામ જૈનધર્મ. આહા ! અને ઓલા જાપાનવાળાએ તો ઐસા કહા ને ? કે જૈનધર્મ કિસકો કહેતે હૈ ? જાપાની માણસ ૬૩ વર્ષકી ઉંમર ઔર લડકા ૧૭ વર્ષકી ઉંમર પણ ઐતિહાસિક શોધ કરકે ઇસને નિકાલા, જૈનધર્મ કયા ? કે અનુભૂતિ એ જૈન ધર્મ હૈ. અર્થાત્ વીતરાગ પર્યાયકા અનુભવ હોના, એ જૈનધર્મ હૈ. રાગકા અનુભવ હોના એ જૈનધર્મ નહીં. આહાહા !

વાંચ્યું તો હોયને એણે ઐતિહાસિક માણસ છે અને શોધક હોય માણસ તો વાંચીને તો... ભલે એ વાત એને બેસે ન બેસે એ બીજી વાત છે. આંહી તો જૈનના જન્મેલા વાણીયાના ધંધામાં પચાસ–સાઇઠ–સીત્તેર ગયા તોય, લખ્યું છે એણે બીચારાએ, અહીંયા તો બનીયા ને જો ધંધા હૈ ઉસમેં રોકકર આ કયા ચીજ હૈ ને ઉસકા કયા અનુભવ હૈ ને કયા પર્યાય હૈ ને ક્યા દ્રવ્ય હૈ, ઉસકા નિર્ણય કરતે નહીં. એ લિખા હૈ ઉસને. વાણીયાકે હાથમેં જૈનધર્મ આયા તો વાણીયા, વાણીયા હૈ વ્યવસાયમેં રૂક ગયા હૈ સારા, આખો દિ'.

( શ્રોતાઃ– વાણીયા દ્રવ્યને માને તો છે. ) એ કયારે એ દ્રવ્યને માને ? દ્રવ્ય હૈ ઐસા ધારણામેં માન્યા હૈ. ( શ્રોતાઃ– દ્રવ્ય એટલે પૈસા ) કમાતે હૈ એ તો દ્રવ્ય તો ધૂળ હૈ. આહાહા ! કેમ હસમુખભાઈ ? ( શ્રોતાઃ– ધૂળ કેમ કહેવાય ) ધૂળ ને માટી પુદ્ગલકી પર્યાય હૈ. ( શ્રોતાઃ– એના વિના શાક ન મળે. ) શાક મળે કિસકો ? ઇસસે શાક મિલતા હૈ ? વો તો ચીજ જો આનેવાલી હૈ, વો તો કહેનેમેં નહીં આતા હૈ ? ખાનેવાલકા નામ દાને દાને હૈ, ઉસકા અર્થ કયા ? નામ લિખા હૈ અંદર ? પણ જે રજકણ ઉસકી પાસ આનેવાલા હૈ એ આયેગા, ઉસકા રાગસે આયેગા અને રાગ ન કરે તો આયેગા, ઐસા હૈ નહીં. જે રજકણો ઉસકી પાસ આનેવાલે હૈ એ આયેગા હી, નહીં આનેવાલા હૈ નહીં આયેગા એ. આહાહા ! સમજમેં આયા ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


ગોદીકાજી, એ તો કેટલે, પૈસા સારું ક્યાંય જાય છે, રખડે છે અમેરિકા ને ફમેરિકા ને આહાહા ! છતાં એ રજકણો આનેવાલા હોય એ આયેગા, ઉસકા રાગકા પ્રયત્નસે આતે હૈ એ બિલકુલ જૂઠ હૈ ( શ્રોતાઃ– એક વાર કહો કે પૈસા માટે જાય છે ને પાછા કહો કે પૈસા મળતા નથી ? ) કોણે કીધું આવતું નથી, એ તો અહીંયા એની પાસે આતે હૈ. યું કહા, ઉસકી પાસ આતે હૈ નહીં, નજીકમેં આતે હૈ ( શ્રોતાઃ– ઉસકો મિલતે નહીં હૈ. ) નહીં નહીં. ઉસકા પરમાણુકા ભી આત્મામેં અભાવ હૈ. સ્વભાવકા ભાવ હૈ ને પરમાણુકા અભાવ હૈ, તો ઉસકી પાસ અંદર( પર ) દ્રવ્ય નહીં આતા. આહાહા !

યહાં કહેતે હૈ કી એ અનુભૂતિ એ આત્મા હૈ, દેખો ઇસ પ્રકાર આત્મા એક હી પ્રકાશમાન હૈ. આહાહા ! ઉસકા અર્થ કિયા, દેખો ઉસમેં, પંડિતજી ! જયચંદ પંડિત ! શુદ્ધનય આત્માકી અનુભૂતિ, આત્મા સબ એક હી હૈ. હૈ ? આ અપેક્ષાસે સમજાતે હૈ. શુદ્ધનય, આત્માકી અનુભૂતિ ઔર આત્મા તીનોં એક હૈ. ( શ્રોતાઃ– પર્યાયને દ્રવ્ય દો એક હૈ ? ) પર્યાય ને દ્રવ્ય ને દોહિકો શુદ્ધનય કહા. આત્માકો શુદ્ધનય કહા. અનુભૂતિકો શુદ્ધનય કહા. આહાહા... શુદ્ધનયકો શુદ્ધનય કહા, ત્રિકાળી વિષયકો અપેક્ષાસે એ સબ સમજના ચાહીએ ને ? આહાહા !

જુઓ, શુદ્ધનય કહો આત્માકી અનુભૂતિ કહો નહીંતર શુદ્ધનયકા વિષય તો ધ્રુવ ત્રિકાળ હૈ, પણ ત્રિકાળકો વિષય કિયા તો પર્યાયમેં અનુભૂતિ હુઇ, અનુભૂતિમેં શુદ્ધ વસ્તુ પ્રતીતમેં આઇ, તો પર્યાયકો ભી અનુભૂતિ શુદ્ધનય કહેનેમેં આયા. આહાહા ! આવું હવે શીખવું, ગોખવું ( શ્રોતાઃ– પર્યાયકો ભી દ્રવ્ય કહે દિયા ) પર્યાયકો દ્રવ્ય નહીં કહા, શુદ્ધનય કહા. એ શુદ્ધનયકા અર્થ ? એ શુદ્ધનયકે આશ્રયસે જો પવિત્રતા પ્રગટ હુઇ તો ઉસકો ભી શુદ્ધનય કહા, અને ઉસકો આત્મા કહા પીછે. પવિત્રતા પ્રગટ હુઈ એ સમ્યગ્દર્શન જ્ઞાન એ પર્યાય હૈ ઉસકો આત્મા કહા. રાગમેં નહીં, રાગ અનાત્મા હૈ. ઇતના બતાનેકો અનુભૂતિ જો સમ્યગ્દર્શન આદિકી હૈ. ઉસકો આત્મા કહેનેમેં આયા હૈ. આહાહા... આવી વાતું છે.

( શ્રોતાઃ– એક દફે ઔર કહે દો. ) વસ્તુ જો હૈ વસ્તુ ત્રિકાળી ચીજ જો ભગવાન આદિ અંત રહિત પર્યાયમેં આદિ હોતી હૈ ને અંત નાશ હોતા હૈ, પર્યાય ઉત્પન્ન હુઇ તો આદિ હૈ, દૂસરે સમય વ્યય હોતા હૈ, આદિ અંત હો ગયા તો વસ્તુ આદિ અંત રહિત હૈ, તો ઉસમેં પર્યાય ભી નહીં, ઐસા આદિ અંત રહિત, સંપૂર્ણમ્– આપૂર્ણમ્– પરિપૂર્ણમ્ પરસે વિમુક્ત એ ચીજકો યહાં શુદ્ધનય કહા, ઔર ઉસકા અુનભવ કિયા ઉસકો ભી શુદ્ધનય કહા, ઔર ઉસકા અનુભવ હુઆ ઉસકો આત્મા કહા. આહાહા ! કયોંકિ નિર્મળ પર્યાય હુઇ ( તો વો ) આત્મા હૈ, રાગકી પર્યાય આત્મા નહીં ઇતના બતાનેકો અનુભૂતિ જો નિર્મળ સમ્યગ્દર્શનજ્ઞાન હુઆ, એ આત્માકી પર્યાય નિર્મળમેંસે નિર્મળ આઇ તો નિર્મળ પર્યાયકો આત્મા કહેનેમેં આયા. સમજમેં આયા ? આહાહાહા ! આવી ચીજ હૈ.

૧૪ મી ગાથા સમ્યગ્દર્શનકી મુખ્યતાસે આ કથન હૈ. સમ્યગ્દૃષ્ટિકો, સમ્યગ્દર્શનમેં ત્રિકાળી આદિ અંત રહિત આત્મા દૃષ્ટિમેં આતા હૈ. સમજમેં આયા ? આહાહાહા ! ( શ્રોતાઃ– ઇસલિયે આ શિક્ષણ શિબિર લગાયા. ) મૈં તો લગાયા નહીં, મૈં તો કભી કહા હી નહીં. મૈં તો કભી કહા હી નહીં, હોતા હૈ આ. આ તીર્થ ફંડકા બનાવો એ ભી મૈં તો કભી કહા નહીં, યહાં તો ઉપદેશ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


દેતે હૈ તત્ત્વકી બાત આંહી દૂસરી બાત હમારી પાસ હૈ નહીં. ઐસા મકાન બનાવો કે ઐસા પુસ્તક બનાવો હમ ( ને ) કભી કહા નહીં. એક આ બહેનકા પુસ્તક આયા મૈં ( ને ) તભી કહા થા. બાકી ઇતના ૨૦ લાખ છપ ગયા હૈ, હમે કભી કહા નહીં પુસ્તક બનાવો. આ આંહી તો ઉપદેશમેં આવે એ સમજો એ સમજો. એ લપમેં પડતે નહીં હમ ક્યાંય, સમજમેં આયા ?

આ મકાન બન્યા પહેલે કહ્યાને ? સ્વાધ્યાય મંદિર ( સંવત ) ૯૪ મેં તો હમ તો કભી કહ્યા નહીં. કે બનાવો, ઐસા કહા થા હમ, કે તુમ બનાતે હો, હમ રહેના કે ન રહેના એ હમારે પ્રતિબંધમે નહીં હમ, રામજીભાઈ તો થા ને ૯૪ મેં, આ મકાન તમે બનાતે હૈ તો અમારે આંહી રહેના હી હૈ ઐસા કોઇ પ્રતિબંધ હમારેકો નહીં હૈ. આહાહા ! સમજમેં આયા ? એ કરનેવાલા આત્મા નહીં બાપા. એ કોણ કરે ભાઈ ! આહાહા !

આંહી તો કહેતે હૈ કે એ વસ્તુકો, ત્રિકાળીકો ભી શુદ્ધનય કહેનેમેં આયા, ઔર ત્રિકાળીકા અનુભવ હુઆ એ અનુભવકો હી શુદ્ધનય કહા, ઔર ત્રિકાળકો ભી આત્મા કહા અને અનુભૂતિકો ભી આત્મા કહા. સમજમેં આયા ?

હવે શિષ્ય પૂછતા હૈ, શિષ્યે એ સૂના આ બાત સૂના ને ઐસા ખ્યાલમેં આયા હૈ ઉસકો, કે આ કયા કહેતે હૈ ? તો પ્રભુ તમે કહેતે હો તો ઇસમેં તો અનુભવ કૈસે હો ? જૈસે ઉપર કહા હૈ, વૈસે આત્માકી અનુભૂતિ કૈસે હો સકતી હૈ ? એમ શિષ્યે પ્રશ્ન કિયા. તમે કહેતે હો કિ ભગવાન આત્મા રાગસે ભિન્ન, બંધસે, રાગસે ભિન્ન સામાન્ય વિશેષસે ભિન્ન સામાન્ય, પર્યાયસે ભિન્ન, નિયત એકરૂપ ઐસી ચીજકી એ અનુભૂતિ કૈસી હોતી હૈ ? ઉસકા અનુભવ સમ્યગ્દર્શન ઔર સમ્યગ્જ્ઞાન અનુભૂતિ કૈસે ? આ પ્રશ્ન આયા. પણ અહીં દર્શનકા વિષય હૈ. સમજમેં આયા ? આહા... ગાથા દર્શનકી હૈ, અનુભૂતિ કૈસે હો સકતી હૈ ? આહાહાહા ! ( શ્રોતાઃ- અનુભૂતિ કેમ થાય એ આજ તો બહાર પાડવું જ પડશે. ) પણ અનુભૂતિ ઉસમેં જરી મર્મ હૈ. કયા ? દેખો ઉપર કહા વૈસા આત્માકી અનુભૂતિ કૈસે હો સકતી હૈ ?

ઉસકા સમાધાનઃ- દેખો હવે, "કે બદ્ધસ્પૃષ્ટત્વ આદિ ભાવ અભૂતાર્થ હૈ" આહાહાહા ! શિષ્યકા પ્રશ્ન હુઆ કે ભગવાન આત્મા ઐસાકી અનુભૂતિ કૈસી હોતી હૈ ? કે સૂન પ્રભુ "એ બદ્ધસ્પૃષ્ટત્વ આદિ ભાવ અભૂતાર્થ હૈ." કાયમ રહેનેવાલી ચીજ નહીં હૈ. ઠીક ! રાગ આદિકા સંબંધ કે પર્યાયકા વિશેષ ભાવ, એ કાયમ રહેનેવાલી ચીજ નહીં. આહાહાહા ! બદ્ધસ્પૃષ્ટ આદિ ભાવો અભૂતાર્થ હૈ. આહાહા... એ કાયમ રહેનેકી ચીજ નહીં. કાયમ રહેનેવાલી ચીજ તો ભગવાન આત્મા પૂર્ણાનંદ એ કાયમ રહેનેકી ચીજ હૈ. આહાહાહા ! સમજાય એટલું સમજના પ્રભુ ! આ તો પરમાત્માની ગંભીર વાતો હૈ. આ કોઇ કથા વાર્તા નહીં. આ તો ત્રણ લોકનો નાથ સીમંધર ભગવાનકા મુખસે આઇ બાત એ કુંદકુંદાચાર્યે ઝીલી અને લે લિયા હૈ ! હૈ ? અને અમૃતચંદ્રાચાર્ય તો હજાર વર્ષ પીછે હુઆ પણ ઉસકા પેટ ખોલ દિયા એને, કે કુંદકુંદાચાર્ય આમ કહેતે હૈ, કહેવા માગતે હૈ ને ભગવાન ભી ઐસે કહેતે થે. આહાહા !

કયા જવાબ દિયા ? શિષ્યે પ્રશ્ન કિયા કે ઐસા આત્મા અબદ્ધસ્પૃષ્ટ આદિ હૈ ઉસકા અનુભવ કૈસે હો ? ( શ્રોતાઃ- પ્રશ્ન બહોત અચ્છા. ) પ્રશ્ન હતો, એમ કે આ બદ્ધસ્પૃષ્ટ આદિ હૈ ને ? યહાં એમ કહેતે હૈ. આ બદ્ધસ્પૃષ્ટ રાગ આદિકા સંબંધ હૈ, પર્યાયમેં ભેદ હૈ દર્શન જ્ઞાન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

ચારિત્રકા વિશેષ હૈ, હૈ ને અનુભૂતિ કૈસે હોતી હૈ ? હૈ ? ઉસમેંસે પરસે ભિન્ન કૈસે હોતા હૈ એમ કહેતે હૈ. શિષ્યકા પ્રશ્નમેં આ પ્રશ્ન હૈ, કે રાગકા સંબંધ હૈ, પર્યાયમેં વિશેષતા હૈ, ગુણકા વિશેષ ભેદ હૈ, ઐસી ચીજમેં ઉસસે રહિત અનુભૂતિ કૈસે હોતી હૈ ? સમજમેં આયા ? આહાહાહા ! એ આચાર્યે શિષ્યના મુખમેં ઐસા પ્રશ્ન ( રખ ) લિયા.

સૂન પ્રભુ એક વાર સૂન કહેતે હૈ. એ બદ્ધસ્પૃષ્ટ આદિ ભાવ અભૂતાર્થ હૈ, કાયમ રહેનેવાલી ચીજ નહીં માટે ઉસસે ભિન્ન અનુભૂતિ હો સકતી હૈ, એમ કહેતે હૈ. રાગ આદિકા સંબંધને વિશેષ આદિ પર્યાય અને ગુણભેદ દર્શન જ્ઞાન ચારિત્ર એ કાયમ રહેનેવાલી ચીજ નહીં, અભૂતાર્થ હોનેસે ઉસસે ભિન્ન અનુભૂતિ હો સકતી હૈ. આહાહાહા ! ગાથા તો બહોત અચ્છી આ ગઇ હૈ. ૧૩–૧૪, આહાહા ! આ તો નવમા દિન હૈ ને તમારે, નહીં ? નવમા દિન હૈ અગિયાર દિન બાકી હૈ. આહાહા ! કયા કહા ? શિષ્યકા પ્રશ્ન ઐસા હૈ કિ પ્રભુ આપ આત્માકો અબદ્ધસ્પૃષ્ટ આદિ કહેતે હૈ પાંચ બોલ, તો હમકો તો પાંચ બોલ સહિત દિખતે હૈ. રાગકા સંબંધ હૈ, પર્યાયકા વિશેષ હૈ. ગુણ ભેદ હમ દિખતે હૈ. તો ઉસમેંસે અનુભૂતિ કૈસે હોતી હૈ ?

પ્રભુ સૂન એ બધા ભેદભાવો કાયમ રહેનેવાલી ચીજ નહીં, અભૂતાર્થ હૈ. આહાહાહા ! સમજમેં આયા ? આ તો બાપુ ભગવાન ત્રણલોકના નાથ, જિનેશ્વરદેવના કથનો ને આ સંતો તો ઉસકા આડતીયા હૈ, આડતીયા સમજતે હૈં ? એજન્ટ ! આહાહા ! ( શ્રોતાઃ– અનુભૂતિ સોનગઢમેં હોતી હૈ ) સોનગઢમેં નહીં આત્મામેં. આહાહા ! શિષ્યકા પ્રશ્ન એ થા કે તુમ અબદ્ધસ્પૃષ્ટ આદિ આત્માકો કહેતે હૈ, પણ અહીંયા તો પ્રત્યક્ષ દિખતે હૈ, રાગ સંબંધ હૈ, પર્યાયકા ભેદ હૈ, ગુણ ભેદ દિખતે હૈ, તો એ ઉસમેં અનુભૂતિ કૈસે હો ? ઐસા શિષ્યકા પ્રશ્ન હૈ ઇતના તો શિષ્યને ખ્યાલમેં આ ગયા કે આ બધા ભેદભાવ હૈ ઉસસે રહિત અનુભૂતિ કરનેકો કહેતે હૈ, તો ઐસે કૈસે હો ? એ યૂં કહેતે હૈ. આહાહાહા !

કયા કહા ? શિષ્યકા પ્રશ્ન થા કે ઐસા ઉપર કહા ઉપર કહા ઐસે ખ્યાલમેં લિયા ઉસને, હૈ ? આહાહા... શબ્દે શબ્દમેં ભાવ ભરા હૈ અંદર. તો આ શિષ્ય પ્રશ્ન કહે ઉપર કહા હૈ એ મેરે ખ્યાલમેં આયા હૈ. આપ ઐસે કહેતે હૈ ઉપર કહા હુઆ ઐસા શબ્દ આયા ને ? ઐસે સૂનકર નિકાલ દિયા ઐસા નહીં. એના ખ્યાલમેં આયા હૈ પ્રભુ આપ ઐસે કહેતે હો. આહાહા ! ગજબ વાત હૈ. બાપા ! શ્રોતા પણ ઐસા લિયા હૈ. હૈ ? કે અબદ્ધસ્પૃષ્ટ કહા એ ખ્યાલમેં ઉસકો આ ગયા હૈ તુમ કહેતે હૈ ઐસા, હમ નિકાલ દિયા હમારે ખ્યાલમેંસે સૂનકર ઐસી બાત નહીં. હમારે ખ્યાલમેં આયા આપ ઐસે કહેતે હૈ પણ મેરા પ્રશ્ન હૈ પ્રભુ ! એ રાગ ને વિશેષકા સંબંધ તો હૈ, હવે ઉસમેંસે ઉસસે રહિત અનુભૂતિ કૈસે હોગી ? આહાહાહા ! સમજમેં આયા ?

શબ્દ કયા હૈ ? શિષ્ય પૂછતા હૈ કે જૈસા ઉપર કહા હૈ, જૈસા ઉપર કહા હૈ, જે આપે કહા ઓ અમારા ખ્યાલમેં આયા હૈ. આહાહાહાહા ! જૈસા ઉપર કહા હૈ, ત્યાં વજન હૈ પંડિતજી ! વૈસે આત્માકી અનુભૂતિ કૈસે હો સકતી હૈ ? આપ કહેતે હૈ વૈસે અનુભૂતિ કૈસે હોતી હૈ ? તો ઉસકો કહા હૈ સમાધાનઃ એ બદ્ધસ્પૃષ્ટ આદિ ભાવ હૈ, પણ એ અભૂતાર્થ હૈ, કાયમ રહનેવાલી ચીજ નહીં, માટે કાયમ રહેનેવાલી ચીજકી અનુભૂતિ હોતી હૈ. આહાહા ! કયા કહા ? આહાહાહા ! કિતની ટીકા ! ( શ્રોતાઃ– કિતની ટીકાકી કિતની ટીકા ) આહા ! પ્રભુ ! આપ કહેતે હો કે આત્મા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


બદ્ધસ્પૃષ્ટ આદિ પાંચ ભાવસે રહિત કહા તો ઉપર કહા હુઆ ખ્યાલમેં હૈ આપે કહા એ પણ અહીંયા બદ્ધસ્પૃષ્ટ તો હૈ, ભેદ હૈ વિશેષ હૈ, દર્શન જ્ઞાન ચારિત્રકા વિશેષ પણ હૈ, ને આપ ઉસકા અભેદકી અનુભૂતિ કરનેકો કહેતે હૈ. એ કૈસે હો સકતા હૈ ?

પ્રભુ સૂન ! એ પાંચ બોલ જો કહા એ અભૂતાર્થ હૈ. એક સમયકી સ્થિતિવાલા હૈ. આહાહાહાહા ! સમજમેં આયા ? એક સમયકી સ્થિતિવાલા હૈ માટે અભૂતાર્થ હૈ. આહાહા ! રાગકા સંબંધ, ગુણકા વિશેષ ભેદ, એક સમયકા ભેદ હૈ, એક સમયકી સ્થિતિ હૈ. આહાહાહાહા... તો એક સમયકી સ્થિતિ હૈ. કેવળજ્ઞાનકી સ્થિતિ એક સમય હૈ. ૩૮ ગાથા નિયમસાર સાત તત્ત્વો એ નાશવાન હૈ, જીવ, અજીવ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ, મોક્ષ એ સાત નાશવાન હૈ. તો ઉસમેં કેવળજ્ઞાન ભી નાશવાન હૈ ઐસા કહા હૈ. એક સમયકી સ્થિતિ હૈ. કેવળજ્ઞાનકી સ્થિતિ હૈ એક સમય હૈ, ગુણકી સ્થિતિ ત્રિકાળ હૈ, પણ કેવળજ્ઞાનકી પર્યાય તો એની સ્થિતિ એક સમય હૈ, તો આ તુમ અભૂતાર્થ કહેતે હૈ ઉસકી સ્થિતિ એક સમયકી હૈ તો અભૂતાર્થ હૈ તો ઉસસે ભિન્ન અનુભૂતિ હો સકતી હૈ. વિશેષ કહેગા. ( શ્રોતાઃ- પ્રમાણ વચન ગુરુદેવ ).

---

## પ્રવચન નં. ૬૭ ગાથા - ૧૪ તા. ૨૪-૮-૭૮ ગુરૂવાર, શ્રાવણ વદ-૬ સં. ૨૫૦૪

શ્રી સમયસાર ગાથા ૧૪.

પાંચ બોલ પહેલે લિયા હૈ વિસ્તાર અભી આયેગા. કે આ આત્મા બદ્ધસ્પૃષ્ટ એક સમયકી પર્યાયમેં રાગકા સંબંધ દિખતે હૈ, ઔર પર્યાયમેં અનેકતા ષટ્‌ગુણહાનિવૃદ્ધિ આદિ પર્યાયમેં દિખતે હૈ. ઔર દર્શન જ્ઞાન ચારિત્રકા ભેદ ભી દિખતે હૈ પર્યાયદૃષ્ટિસે, એ સબ અભૂતાર્થ હૈ. એ કાયમ રહેનેકી ચીજ નહીં. સમજમેં આયા ? શિષ્યે પ્રશ્ન કિયા હૈ કે એ જૈસા ઉપર કહા, આપે આત્માકો અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય, સામાન્ય સ્વરૂપ કહા ગુણભેદકી વિશેષતાય જિસમેં નહીં, પર્યાય જિસમેં નહીં ઔર એકીલા ચૈતન્યદ્રવ્ય જો જ્ઞાયકસ્વરૂપ ભગવાન પૂર્ણઆનંદ પ્રભુ ઉસકો તમે આત્મા કહા તો આ બદ્ધસ્પૃષ્ટઆદિ ભાવ હૈ ને ? પર્યાયમેં રાગ આદિકા ને પર્યાયકા ભેદ હૈ ને ? તે ઐસા ઉપર કહા વૈસા આત્માકી અનુભૂતિ કૈસે હો સકતી હૈ. આહાહા ! ઐસી ચીજ હૈ ને પર્યાયમેં રાગ આદિ હૈ, ભેદ હૈ, એક સમયની વાત હૈ હોં. તો ઐસે હોને પર આત્માકી અનુભૂતિ કૈસે હોતી હૈ ? આહાહા !

ભગવાન આત્મા પૂર્ણાનંદ સ્વરૂપકા અનુભવ, આનંદકા વેદન, આહાહા... સમ્યગ્દર્શનમેં અનુભૂતિ હોતી હૈ. સમ્યગ્દર્શનમેં ત્રિકાળી જ્ઞાયક સ્વરૂપકો અનુસરીને અનુભૂતિ હોતી હૈ. ઉસમેં સમ્યગ્દર્શનકી પ્રતીત ભી ઉસીમેં હોતી હૈ. ઔર ઉસમેં અનુભૂતિમેં અતીન્દ્રિય આનંદકા સ્વાદ ભી આતા હૈ. આહાહાહા ! સમ્યગ્દર્શન હોને પર પૂર્ણાનંદ સ્વરૂપ તરફકા ઝૂકાવસે પર્યાયમેં અનુભવ સમ્યગ્દર્શન અને આનંદકા સ્વાદ આતા હૈ એ કૈસે ? બદ્ધ આદિ હૈ ને ? એક સમયકી રાગાદિ પર્યાયકે સંબંધમેં હૈ ને ? ઔર ગુણ ભેદ હૈ ને ? ઝીણી વાત હૈ પ્રભુ ! આહાહા !

તો કહતે હૈ આચાર્ય કે એ બદ્ધસ્પૃષ્ટઆદિ ભાવ અભૂતાર્થ હૈ. આહાહા ! એક સમયકી અવસ્થામેં રાગ ને રાગકા સંબંધ અને ભેદ, એક સમયકી અવસ્થા તો, એ તો અભૂતાર્થ હૈ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

કાયમ રહેનેકી ચીજ નહીં. સમજમેં આયા ? આહાહા ! કાયમ રહેનેકી એ ચીજ નહીં તે અભૂતાર્થ હૈ, તો ઉસસે રહિત આત્માકા અનુભવ હો સકતા હૈ. ઝીણી વાત છે ભાઈ ! પ્રથમ સમ્યગ્દર્શન ઉત્પન્ન હોનેકી બાત હૈ. આ ચૌદમી ગાથા સમ્યગ્દર્શનકી હૈ. પંદરમી ગાથા સમ્યગ્જ્ઞાનકી હૈ. આહાહા ! સોળમી દર્શન જ્ઞાન ચારિત્ર તીનોંકી હૈ.

અહીંયા દર્શનકી સમ્યગ્દર્શનકી બાત હૈ, તો શિષ્યે પ્રશ્ન કિયા કે આપે કહા એ મેરે લક્ષમેં આયા, ઉપર કહા હુવા ઐસા શબ્દ આયા ને ? કે આત્મા અબદ્ધસ્પૃષ્ટ હૈ, અનન્ય હૈ, અભેદ હૈ, પર્યાયકી અનેકતાસે એ ભિન્ન હૈ, આહાહાહા... ઐસે આપ કહે એ ખ્યાલમેં આયા, પણ વો બદ્ધસ્પૃષ્ટ આદિ ભાવ તો હૈ, તો ઐસા આત્માકા અનુભવ સમ્યગ્દર્શન અનુભૂતિ કૈસે હોતી હૈ ? આહાહાહા ! તો કહેતે હૈ કે આ બદ્ધસ્પૃષ્ટ આદિ ભાવ અભૂતાર્થ ( હૈ ), કાયમ રહેનેકી ચીજ નહીં. આહાહા ! એક સમયકી પર્યાયકા રાગકા સંબંધ હૈ. એ કાયમ રહેનેકી ચીજ નહીં. દર્શન જ્ઞાન ચારિત્રકા જે ભેદ કરતે હૈ, એ ભી પર્યાયદૃષ્ટિસે ભેદ કરતે હૈ, એ કાયમ રહેનેકી ચીજ નહીં. આહાહાહા ! સમજમેં આયા ? વો કારણે અનુભૂતિ હો સકતી હૈ, હૈ ને, હેં ?

ઇસલિયે યે અનુભૂતિ હો સકતી હૈ. આહાહા... તો શું કયા કહા ? કે પર્યાયમેં જો દયા, દાન, વ્રત, આદિકા વિકલ્પ હૈ વ્યવહાર, ઉસકા સંબંધ એક સમયકા સંબંધ હૈ, વો કોઇ કાયમ રહેનેકી ચીજ નહીં. આહા ! સમજમેં આયા ? વો કારણે અભૂતાર્થ નામ કાયમ રહેનેકી ચીજ નહીં, એ કારણે ઉસસે દૃષ્ટિ છોડકર ત્રિકાળી ભગવાન ઔર સચ્ચિદાનંદ પ્રભુ, નિર્વિકલ્પ આનંદકંદ પ્રભુ ઉસકા અનુભવ સમ્યગ્દર્શન હો સકતા હૈ. આહાહા ! આવી વાત છે. આ લોકો કહેતે હૈ ને કે વ્યવહાર, વ્યવહારસે નિશ્ચય પ્રાપ્તિ હોતી હૈ. સબ મિથ્યાદૃષ્ટિ હૈ. ઝીણી વાત હૈ પ્રભુ !

વ્યવહાર તો રાગ હૈ, રાગ એ અભૂતાર્થ હૈ, એ ભૂતાર્થ પ્રાપ્તિમેં એ અભૂતાર્થ કારણ કૈસે હોતા હૈ ? પંડિતજી ! તમે તો ખબર હૈ ને તુમકો તો, ઉસને તો ટીકા કિયા હૈ. આહા ! જૈનતત્ત્વ મીમાંસા બનાયા બડા અચ્છા. આહાહાહા ! આ કોઇ પંડિતાઇ કી ચીજ નહીં. પંડિતાઇ જાણપણા બહોત હૈ. અગિયાર અંગકા ને ઐસા ને ફૈસા ને, એ કોઇ પંડિતાઇકી ચીજ નહીં. આ તો અંતર પંડિતાઇકી ચીજ હૈ, સમ્યગ્દૃષ્ટિકો પંડિત કહેતે હૈ. કયા ? ( શ્રોતાઃ– અંદરકી પંડિતાઇ ઔર બહાર પંડિતાઇ વહી પંડિતાઇ હૈ ) એ બહારકી પંડિતાઇ ભી પંડિતમેં રહ ગયા, આત્મામેં ન આયા. બરાબર પૂછતે હૈ પૂછતે હૈ તો ખરા. ઐસે તો અગિયાર અંગ પ્રભુ અનંત બૈર કિયા. સમજમેં આયા ?

યમનિયમ સંજમ આપ કિયો, પુનિ ત્યાગ વિરાગ અથાગ લહ્યો;
વનવાસ લિયો મુખ મૌન રહ્યો, દૃઢ આસન પદ્મ લગાઇ દિયો. ૧
મન પૌન નિરોધ સ્વબોધ કિયો, હઠજોગ પ્રયોગ સુતાર ભયો;
જપ ભેદ જપે તપ ત્યૌંહિ તપે, ઉરસેંહિ ઉદાસી લહી સબપેં. ૨
સબ શાસ્ત્રનકે નય ધારિ હિયે, મત મંડન ખંડન ભેદ લિયે;
વહ સાધન બાર અનંત કિયો, તદપિ કછુ હાથ હજુ ન પર્યો. ૩

શ્રીમદ્ ! શ્રીમદ્ રાજચંદ્ર, થા તો ગુજરાતી સમ્યગ્દૃષ્ટિ થા, આત્મજ્ઞાની હુઆ થા. પીછે આ હિન્દીમેં બનાયા ઉસને હૈ તો ગુજરાતી વાણીયા. સમજમેં આયા ? પ્રભુ ! યમ નિયમ, યમ નામ પંચમહાવ્રત નિયમ નામ અનેક જાતના અભિગ્રહ. યમ નિયમ સંયમ ઇન્દ્રિયકા દમન કિયા,

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


જાવજજીવ બાળબ્રહ્મચારી રહા, આહા! ઐસી ક્રિયા પ્રભુ અનંત બૈર કિયા હૈ. યમ, નિયમ, સંયમ આપ કિયો. પુનિ ત્યાગ વૈરાગ્ય અથાગ લિયો, જેને એક ટુકડા કપડા ભી ન રહે, ઐસા ત્યાગ કિયા, ત્યાગ વૈરાગ્ય ઉદાસ હો ગયા પરસે. પણ વો ચીજ, અપની ચીજ કયા હૈ ઉસકી તરફકી દૃષ્ટિ નહીં. આહાહા! એ ત્યાગ વૈરાગ્ય અથાગ લિયો, મન પૌન નિરોધ, શ્વાસોશ્વાસકો નિરોધ કરકે, જાણે મેં આત્મધ્યાન કરતા હું, ઐસા ભી અનંત બૈર કિયા. વો કોઇ ચીજ નહીં, વહ સાધન વાર અનંત કિયો, અબ (ક્યોં ન) વિચારત હૈ. (મનસે કછુ ઔર રહા ઉન સાધનસે) તબસે, કી ઉન સાધનસે ભિન્ન કોઇ હર બાત હૈ. એ સાધન બાધન હૈ નહીં. આહાહાહાહા!

એ આંહી કહેતે હૈ કિ પાંચ ભાવ જો પર્યાયમેં દિખતેં હૈ, એ કાયમ ટીકનેકી ચીજ નહીં, માટે એ ઉપરસે દૃષ્ટિ ઉઠાકર, પર્યાયદૃષ્ટિ ઉઠાકર, વ્યવહાર દૃષ્ટિ ઉઠાકર, ત્રિકાળી જ્ઞાયક આનંદકંદ પ્રભુ અતીન્દ્રિય આનંદકા દળ, સામાન્ય જે ધ્રુવ એ ઉપર દૃષ્ટિ લગા દે. આહાહા... તો તેરે અનુભૂતિ હોગા, આનંદકા સ્વાદ આયેગા. આહાહાહાહા!

સમ્યગ્દર્શન હોતે હી જિતની સંખ્યામેં ગુણ હૈ આત્મામેં, ત્રણ કાળકા સમયસે ભી અનંત ગુણા આકાશકા પ્રદેશ હૈ. આકાશકા પ્રદેશ અપાર અપાર અપાર અપાર અપાર ઉસસે અનંત ગુણા એક આત્મામેં ગુણ હૈ. આકાશકા પ્રદેશકી સંખ્યા કરતે જિસકા પાર નહીં ક્યાંય, અંત નહીં, અંત નહીં, અંત નહીં, અંત નહીં ઇસકા જે પ્રદેશ હૈ આકાશકા ઉસસે અનંત ગુણા તો એક જીવમેં ગુણ હૈ. આહાહા! ઐસે ગુણ હોને પર ભી ગુણી અને ગુણકા ભેદ ભી નાશવાન હૈ, આહા... અભૂતાર્થ હૈ, ઝીણી વાત હૈ પ્રભુ! વાત અત્યારે તો બહોત ગરબડે ચડી ગઇ હૈ, અત્યારે તો પંડિત લોકો ને બધા ઐસે વ્યવહાર કરતે (કરતે) નિશ્ચય પ્રાપ્ત હોતા હૈ, ભાઈ એમ નથી પ્રભુ! અંતરમેં શુદ્ધ ચૈતન્યઘન પ્રભુ! અનંત ગુણકા પિંડ, ઉસકા અનુભવ કરનેમેં પરકી કોઇ અપેક્ષા હૈ નહીં. વ્યવહાર અને રાગકી અપેક્ષા નહીં, ઐસા સમ્યગ્દર્શન પરકી અપેક્ષા બિના સ્વકા આશ્રયસે ઉત્પન્ન હોતા હૈ. સમજમેં આયા? આ બાત હૈ ભગવાન! શું કહીએ? આહાહા!

એ કહેતે (હૈ) અનુભૂતિ હો સકતી હૈ. આહાહા! એક સમયકી પર્યાય હૈ, અભૂતાર્થ હૈ. કાયમ ટીકનેકી ચીજ નહીં. વ્યવહાર રત્નત્રય હૈ, વો ભી એક સમયકી ચીજ વિકૃત હૈ, એ કાયમ ટીકને-રહેનેકી ચીજ નહીં. આહાહાહાહા... તો કાયમ ટીકનેકી ચીજ હૈ ભૂતાર્થ! એ અભૂતાર્થ ઉપરસે દૃષ્ટિ ઉઠાકર ભૂતાર્થ ત્રિકાળી જ્ઞાયકમાં દૃષ્ટિ લગા દે, તેરે આનંદકા સ્વાદ આયેગા, તેરે સમ્યગ્દર્શન હોગા ઔર જિતની સંખ્યામેં ગુણ હૈ એ સબ ગુણકી અંશ-અંશ વ્યક્તતા વેદનમેં આયેગી, જિતની સંખ્યામેં ગુણ હૈ અનંત અનંત અનંત અનંત અનંત અનંત જેમાં અનંતના ગુણની સંખ્યામાં આ છેલ્લો આખિરકા હૈ, ઐસા કોઇ અંત નહીં. આહાહાહાહા! એ સબ ગુણકા વો તરફ દૃષ્ટિ દેનેસે પર્યાય દૃષ્ટિકો છોડકર આહાહાહા... અંતર્મુખ દૃષ્ટિ કરનેસે ઉસમેં કોઇ અપેક્ષા પરકી હૈ હી નહીં. વ્યવહારસે ભિન્ન પડના હૈ તો પર વ્યવહારકી અપેક્ષા રખકર અંદર જા સકે? ઐસી ચીજ હૈ નહીં. વસ્તુ ઐસી હૈ નહીં. સમજમેં આયા? આહાહા! એ અહીંયા કહેતે હૈ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

અનુભૂતિ હો સકતી હૈ, અભૂતાર્થ વો ચીજ હૈ પર્યાય એક સમયકી, ભેદ હૈ અરે રાગ આદિ ભી વિકૃત અવસ્થા એક સમયકી હૈ, એ કાયમ ટીકનેકી ચીજ નહીં. વો માટે ઉસકે ઉપરસે દૃષ્ટિ ઉઠા દે. આહાહા ! ઔર ભૂતાર્થ એક સમયમેં ત્રિકાળી જ્ઞાયકભાવ અનંત ગુણકા એકરૂપ ઉસકી દૃષ્ટિ કરનેસે જ્ઞાનકી આનંદકી સ્વભાવકી અનુભૂતિ હોગી, ઉસકા નામ સમ્યગ્દર્શન હૈ. આહાહાહા ! સત્યદર્શન એ હૈ – સમ્યક્ નામ સત્ય દર્શન – સત્ય નામ પૂર્ણાનંદ સત્યાર્થ, ભૂતાર્થ, ભૂતાર્થ ભગવાન સત્યાર્થ સાહેબ પ્રભુ પોતે અનંત ગુણકા સાહેબા, ઉસકી દૃષ્ટિ અનુભવ કરનેસે, આહાહાહા... જિતની સંખ્યામેં ગુણ હૈ એ સબકા પર્યાયમેં એક અંશ વ્યક્તકા અનુભવ હુઆ. આહાહાહાહા... આવી વાત હૈ !

આ તો નિવૃત્તિ લઇને આ કામ કરે ત્યારે બને, બાકી તો પ્રવૃત્તિ કરી કરીને મરી ગયો છે અનંત કાળથી. ( શ્રોતાઃ– મરી ક્યાં ગયો છે જીવતો તો છે ) હૈં, કયા ? અરે જીવતો 'તો એને કહીએ પ્રભુ ! જ્ઞાયક જીવતર શક્તિ હૈ ને ઉસમેં ? જીવતર શક્તિમેં જીવન હૈ, વો સમયસારકી દૂસરી ગાથામેં લિયા કે "જીવો ચરિતદંસણણાણઠિયો, તો એ જીવોમાંથી જીવત્વ શક્તિ નિકાલી હૈ. અમૃતચંદ્રઆચાર્ય ૪૭ શક્તિયાં નિકાલી હૈ ગુણ, હૈ તો અનંત પણ કહ સકે કિતના તો ૪૭ લિયા હૈ, ઉસમેં જીવતર શક્તિમેં અનંત જ્ઞાન દર્શન ચારિત્ર આનંદ ને સત્તા એ ભાવપ્રાણસે આત્મા જીતા હૈ ત્રિકાળમેં, ઐસા જીવતરસે જીનેવાલા પ્રભુ, ઉસકો રાગસે મેં જીતા હું, ઔર પુણ્યસે મેરે લાભ હોગા. એ ચૈતન્યકા જીવનકા એણે નાશ કર દિયા હૈ, ચૈતન્યકા પૂર્ણાનંદકા નાથકા અનાદર કરકે હિંસા કિયા ઉસને. યુગલજી ! ઝીણી વાત છે. આહાહાહા !

હિંસાકા અર્થ ? જૈસા અસ્તિત્વ હૈ, ઇતના અસ્તિત્વ ન માનના અને એ દૂસરી રીતે માનના એ સ્વભાવ નહીં હૈ. ઐસા ( માનના ) એ હિંસા હૈ. એ કયા કહા એ ? ભગવાન પૂર્ણાનંદ અનંત જ્ઞાન, દર્શન, આનંદ શુદ્ધ ચૈતન્ય ઘનસે જે ટીક રહા હૈ, જીવતા હૈ, ટીક રહા હૈ, ઉસકો રાગસે લાભ હોગા, પુણ્યસે લાભ હોગા, વ્યવહારસે હોગા, તો એ વસ્તુકા ઉસને હિંસા કર દિયા હૈ. જે સ્વતંત્ર વસ્તુ હૈ એ પરસે લાભ હોગા, એ વસ્તુકા જીવતરકા જીવન ટીકતા હૈ ટીક રહા હૈ ઉસકો નહીં હૈ ઐસા કહે દિયા. દૂસરી ભાષાએ લઇએ તો જો રાગાદિ વિકલ્પ આતા હૈ. ઉસકા જિસકો પ્રેમ હૈ ઉસકો ત્રિકાળી જ્ઞાયક પ્રત્યે દ્વેષ હૈ, ક્રોધ હૈ. સમજમેં આયા ? જિસકો વ્યવહાર પર્યાય ઉપર પ્રેમ હૈ. આહાહાહાહા... ગજબ વાત હૈ બાપા ! એ મારગડા પ્રભુના અલૌકિક હૈ. આહાહા !

એક સમયકી પર્યાય ને દયા, દાન, વ્રત આદિકા વિકલ્પ ઉસકા જિસકો પ્રેમ હૈ ઉસકો આ ભગવાન આત્મા પ્રત્યે ક્રોધ હૈ ને દ્વેષ હૈ. કયોંકિ દ્વેષકા દો ભાગ ક્રોધ અને માન, રાગકા દો ભાગ માયા ને લોભ, તો જિસકો આત્મા પ્રત્યે અભાવ હૈ, અને રાગ પ્રત્યેકા ભાવ હૈ, ઉસકા સ્વભાવ પ્રત્યે દ્વેષ અને ક્રોધ હૈ. આહાહાહા !

જિસને રાગ પ્રત્યે મૈત્રી બાંધી, ઉસને સ્વભાવ પ્રત્યેકી મૈત્રી છોડ દિયા. આહાહાહા ! આ નાની ઉંમરમાં છોકરા અમે રમતા ત્યારે કહેતા કટ્ટી, એમ કરતા કાંઈક આમ, ખબર છે ને ? મિત્રો હોય ને બધા મિત્રો એની સાથે અણબનાવ કરવો હોય, કટ્ટી તારી હારે કટ્ટી જા. એવું કરતા નાની ઉંમરની વાત છે. તમારે કાંઇક હશે ખરૂં હિન્દીમાં, કટ્ટી કરતે થે ને કટ્ટી અને આ તો

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

આમ આમ કટ્ટી હમારે કરતે થે. એમ જિસને પર્યાયમેં ને રાગ પ્રત્યે પ્રેમ કિયા ઉસને સ્વભાવ પ્રત્યે શું કીધી છે તમારી ? ( એ કટ્ટી કર દિયા. ) આહાહા ! અને જિસને સ્વભાવ પ્રત્યે પ્રેમ કિયા ઉસકા પ્રેમ પર્યાય ને રાગ પ્રત્યે કટ્ટી કર દિયા કે જાવ તુમે નહીં. સમજમેં આયા ? આ તો બાળપણમેં હમ કહેતે થે ને, ઉસકા સમાધાન યે આયા.

ઇસ બાતકો દૃષ્ટાંતસે પ્રગટ કરતે હૈ. જૈસે દૃષ્ટાંત પહેલે દેતે હૈ, કમલિનીકે પત્ર, કમલિનીકે વેલ હોતી હૈ ને ઉસમેં પત્ર હોતા હૈ લુખા લુખા પત્ર. કમલીનીકા પત્ર જળમેં ડુબા હુઆ હો. પાણીમેં અંદર ડુબા હુઆ, દેખનેસે ઉસકા જળસે સ્પર્શિત હોને પર, સ્પર્શિતકા અર્થ તો ઐસા હૈ, નિમિત્ત નિમિત્ત સંબંધ હો ગયા ઇતના, બાકી તો જળ, જો એ કમળ જો હૈ ફૂલ, એક પર્યાય દૂસરી પર્યાયકો છૂતે નહીં. કભી ( ભી ) આત્મા, અપના ગુણ ને પર્યાયકો ચૂંબતે હૈ ત્રીજી ગાથામેં હૈ. અપના ધર્મ જો ગુણ ને પર્યાયકો ચૂંબતે હૈ પણ પરદ્રવ્યકી પર્યાયકો કભી ચૂંબતે નહીં, છૂતે નહીં, સ્પર્શ કરતે નહીં. ત્રીજી ગાથા "એયત્તણિચ્છયગદો સમઓ સવ્વત્થ સુંદરો લોગે". સમજમેં આયા ? પણ અહીંયા તો નિમિત્ત નિમિત્ત સંબંધ કહેકર, સમજમેં આયા ? એ ઉસકા જળસે સ્પર્શિત હોનેરૂપ એટલે અંદર ડુબ્યું છે ને એ અપેક્ષા, અંદર આમ પાણીમેં દિખતે હૈ ને, બીચમેં આમ પાણીમેં અંદર હૈ, ઐસે દિખતે હૈ, પાણીમેં હૈ નહીં હૈ તો અપનેમેં એ, પણ પાણીકા સંયોગમેં કમળ ઉસકો દિખતે હૈ તો સ્પર્શિત હોને પર, અવસ્થાસે અનુભવ કરનેપર જળસે સ્પર્શિત હોના નિમિત્ત, નિમિત્ત સંબંધસે એ ભૂતાર્થ હૈ. એ ડૂબા હુઆ હૈ એ વર્તમાન પર્યાયદૃષ્ટિસે દેખનેસે હૈ, ઇતની બાત. હૈ ?

"તથાપિ" તોપણ ઐસા હોને પર ભી વોહી સમયમેં, આહાહા... આ તો મંત્રો છે. સંતોની વાણી દિગંબર સંતોની વાણી એટલે, ગજબ વાત હૈ ભાઈ ! એ કોઇ પઢી જાય ને ભણી જાય માટે સમજાય જાય એ વાત હૈ નહીં. અલૌકિક બાત હૈ. આહાહા ! કહેતે હૈ, એ જળમેં કમળ ડૂબા હુઆ દેખને પર ભી, ઉસકા કમળકા સ્વભાવ દેખનેસે, આહા...હૈ ! જળસે કિંચિત્ માત્ર ભી ન સ્પર્શિત હોને યોગ્ય. ઇસકી રૂંવાટી ઐસી હોતી હૈ, રૂંવાટી સમજે ? પત્ર, લુખા-લુખા ઝીણી ઝીણી લુખી પાણી છુયા હી નહીં ઉસકો, ઊંચે કરનેસે પાણીકા બિંદુ અડયા નહીં ઇસકો, ઉસકી રૂંવાટી સમજાય ? રૂંવાટી કહેતે હૈ. ઝીણી ઝીણી બહોત કોરી, બહુ લુખી હોતી હૈ. પાણીથી ઊંચુ આમ કરો તો પાણીકા એક અંશ ભી અંદર નહીં આતા. આહાહા ! આ તો હજી દૃષ્ટાંત હૈ હોં. તથાપિ જળસે કિંચિત્ નહીં સ્પર્શતે. કમલિની પત્રકે સ્વભાવ, જોયું ? કમલિનીના પત્રનો સ્વભાવ, વેલના પત્રનો સ્વભાવ લુખા લુખા તદ્દન કોરા, ઐસે સ્વભાવકે સમીપ જાનેપર, સ્વભાવ ઉપર દૃષ્ટિ દેનેસે, આહાહા... અનુભવ કરને પર જળસે સ્પર્શિત હોના જૂઠા હૈ. જળસે છૂયા હુઆ નિમિત્ત નિમિત્ત સંબંધ યે જૂઠા હૈ. આહાહાહા !

ઇસી પ્રકાર એ તો દૃષ્ટાંત હુઆ. હવે સિદ્ધાંત અનાદિકાળસે બંધે હુએ આત્માકા રાગકા ઔર કર્મકા નિમિત્ત નિમિત્ત સંબંધસે દેખો તો, પર્યાયમેં અનાદિ કાળસે બંધા હુઆ આહાહા... આત્માકા પુદ્ગલ કર્મોસે બંધન સ્પર્શિત હોનેરૂપ, અવસ્થાસે અનુભવ કરનેપર પર્યાયકા નિમિત્ત નિમિત્ત સંબંધસે દેખને પર જાણે નિમિત્ત હૈ એ નૈમિત્તિક કે સાથ જોડા હુઆ હૈ, ઐસે દેખનેમેં આતા હૈ. સમજમેં આયા ? અથવા વો નિમિત્ત હૈ એ આંહી નૈમિત્તિક પર્યાય સાથ જોડા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

હુઆ હૈ ઐસા દિખનેમેં વ્યવહારનયસે આતા હૈ, નિશ્ચયસે હૈ નહીં. આહાહાહા ! આવી વાત છે. હજી તો સમ્યગ્દર્શનકે કાળમેં કૈસી ચીજ હોતી હૈ એ બાત કહેતે હૈ. આહાહાહા !

અનાદિ કાળસે અનુભવ કરને પર બદ્ધસ્પૃષ્ટ હૈ, તો ભી પુદ્ગલસે તથાપિ ઐસા હોને પર ભી પુદ્ગલસે કિંચિત્માત્ર ભી સ્પર્શ ન હોનેસે, રાગકી સાથ દ્રવ્યસ્વભાવ કિંચિત્ છુયા નહીં. આહાહાહા ! જો દ્રવ્ય સ્વભાવ હૈ એ તો ત્રિકાળ નિરાવરણ હૈ. ઔર અશુદ્ધતા રહિત હૈ, ઔર કમી ઉસમેં નહીં, ઉણપ નહીં ઉણપ કમી ( નહીં ) એ તો પરિપૂર્ણ જ્ઞાયક આનંદકંદ ધ્રુવ પડા હૈ આખા. આહાહાહા ! આ તો અભ્યાસ થોડા જોઇએ, આ તો કોલેજ હૈ, થોડા અભ્યાસ હોય પીછે આ સમજમેં આતા હૈ. ઐસી ચીજ હૈ. આહાહા ! પુદ્ગલ કિંચિત્ ભી સ્પર્શે નહીં ઉન્હેં, રાગકી સાથ જરી ભી ઉસકા દ્રવ્યસ્વભાવ છુયા નહીં. આહાહા ! ભગવાન દ્રવ્ય સ્વભાવ ઉસકો રાગકી સાથ નિમિત્ત નિમિત્ત સંબંધ બિલકુલ હૈ નહીં. હૈં ?

( શ્રોતાઃ– એ તો ત્રિકાળી સ્વભાવની વાત છે પર્યાયમાં તો છે ) કહા ને પર્યાયમેં થા પણ પર્યાયમેં હૈ એ દૃષ્ટિ છોડ દે, કયોંકિ એ અભૂતાર્થ હૈ, કાયમ રહેનેકી ચીજ નહીં, ઉસકી દૃષ્ટિસે દ્રવ્ય સ્વભાવકા અનુભવ નહીં હોતા. પર્યાય દૃષ્ટિસે આત્માકા સમ્યગ્દર્શન નહીં હોતા. આહાહાહાહા ! એવી વાત છે ભાઈ ! શું થાય ? અત્યારે તો ગરબડ ગરબડ ઓલા પંડિતો ને મોટા મોટા સાધુઓ કહે બસ વ્યવહાર કરો વ્યવહારસે નિશ્ચય હો જાયેગા. રાગ ક્રિયા કરો નિશ્ચય હો જાયેગા. બિલકુલ જૂઠ, મિથ્યાત્વ હૈ.

એય, આ બધા કૃષિ પંડિત એ સંસારના શેઠીયાઓ ન્યાં ને ન્યાં ઘૂસ ગયા હૈ. નિવૃત્તિ લેતા નહીં હૈ. આહાહા ! ( શ્રોતાઃ– આપ ઉસકો દ્રવ્યકા પંડિત બના દો. ) કૃષિ પંડિત હૈ ને કહેતે હૈ. આહાહા ! અહીંયા તો અંદર ખેડ કરે, કર્મ કૃષે સો કૃષ્ણ કહીએ. જો રાગકો નાશ કર દે ઔર અપની ચીજકો ખેતરકે સમ્યગ્દર્શનને કે હલાણ કરકે ખેડે ઉસકો કૃષ્ણ અને ઉસકો કૃષિ કહેતે હૈ. આહાહા ! રાગકા પુણ્યકા વિકલ્પકી કૃષિ છોડકર, ઋષભકુમારજી ? અંતર જ્ઞાયક ચિદાનંદ પરમાત્મ આનંદનો નાથ પ્રભુ પૂર્ણ આનંદનો દળ અતીન્દ્રિય આનંદનો પિંડ, જેમ પચાસ મણની જેમ બરફની પાટ હોતી હૈ, પચાસ મણકી બરફકી પાટ મુંબઇમેં બહોત હોતી હૈ, ઐસે ભગવાન આનંદ ને શીતળતાની પાટ પૂર્ણ હૈ અંદર. આહાહાહા ! ઉસકા અનુભવ કરને પર એ સબ વ્યવહાર આદિ પર્યાય સબ અભૂતાર્થ હૈ. આહાહાહા ! ઝીણી વાત છે ભાઈ !

કોઇ દિ' કર્યું નથી, અનંત વાર નવમી ગ્રૈવેયકે દ્રવ્યલિંગ ધારણ, "મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો પણ આતમજ્ઞાન બિન લેસ સુખ ન પાયો." એ પંચમહાવ્રત અઠયાવીસ મૂળગુણ દુઃખ હૈ, રાગ હૈ, આસ્રવ હૈ, દુઃખ હૈ, ઝેર હૈ, ( શ્રોતાઃ– પાપ છે. ) હા, એ આંહી–આંહી વો તો ચલતી હૈ બાત યહાં, ઐસા ઝેરકા પ્યાલા તો અનંત બૈર પીયા. આહાહા... મહાવ્રત લિયા, પંચમહાવ્રત મૂળગુણ નગ્ન દિગંબર જંગલમેં, ( બસે ) આહાહા... ઉસમેં કયા હુઆ ?

અત્યારે તો ઠીક અત્યારે તો બિચારા ! વ્યક્તિગતની કાંઇ નહીં. તત્ત્વની વાત છે અહીંયા તો વસ્તુ સ્થિતિ ઐસી હૈ આ તો. ભગવાન આત્મા અપના પરકા કિંચિત્ સંબંધ નહીં, નિમિત્ત નિમિત્ત સંબંધ ભી નહીં, એ તો પર્યાય સાથે નિમિત્ત નિમિત્ત સંબંધ હૈ, રાગકા–કર્મકા નિમિત્તકા સંબંધ, એક સમયકી પર્યાયકે સાથ એ નિમિત્ત ને નૈમિતિક સંબંધ હૈ, વસ્તુમેં કોઇ નિમિત્ત

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

નૈમિતિક સંબંધ હૈ હી નહીં. આહાહાહાહા ! સમજમેં આયા ?

એ કિંચિત્ માત્ર સ્પર્શિત ન હોતે હુએ, ઓહો ! ભગવાન દ્રવ્ય સ્વભાવ ! અનાવરણ સ્વભાવ ! આહાહાહાહા ! આવરણ રહિત, અશુદ્ધતા રહિત, પર્યાય રહિત આહાહાહા... ઐસા આત્માકા સ્વભાવ, એ અપને, પરસે ન હોને યોગ્ય આત્મસ્વભાવકે સમીપ જાકર, એ કયા કહેતે હૈ ? રાગકા પ્રેમમેં આત્મસ્વભાવસે દૂર હોતા હૈ, ચાહે તો વ્યવહારરત્નત્રયકા દેવ ગુરુ ધર્મકી શ્રદ્ધાકા એ ભી રાગ, અને એ રાગમેં જબ પ્રેમ હૈ તબ આત્માસે દૂર વર્તતે હૈ. હવે એ રાગકા પ્રેમ છોડકર સ્વભાવકા સમીપ જાકર, જા અંદર, આહાહાહાહા... આવી વાત છે ભાઈ !

હૈ ? બંધને યોગ્ય પુદ્ગલ કિંચિત્ ભી સ્પર્શિત ન હોને યોગ્ય, કિંચિત્ ભી ન સ્પર્શને યોગ્ય. આહાહા ! રાગ આદિકા દયા, દાન, દેવ ગુરુ શાસ્ત્રકી શ્રદ્ધા, દેવગુરુકા જ્ઞાન અથવા અગિયાર અંગકા જ્ઞાન અને પંચમહાવ્રતકા પરિણામ એ સબ ભેદકો કિંચિત્ નહીં સ્પર્શતા હુઆ દ્રવ્ય. આહાહાહા... આવો મારગ વીતરાગમય, ત્રણ લોકના નાથ, ઇન્દ્રો જેને સાંભળવા આવે એક ભવતારી ઇન્દ્ર શકેન્દ્ર, એક ભવતારી હૈ, ૩૨ લાખ વૈમાનનો સ્વામી છે. એક ભવતારી શાસ્ત્રમાં પાઠ હૈ એક ભવતારી, મનુષ્ય હોકર મોક્ષ જાનેવાલા હૈ. એની ઇન્દ્રાણિ કરોડોમાં એક ઇન્દ્રાણિ ઐસી હૈ. એ ભી એક ભવ કર મોક્ષ જાનેવાલી હૈ. એ એક ભવતારી ઇન્દ્ર- ઇન્દ્રાણિઓ અને મતિ ને શ્રુત ને અવધિજ્ઞાનવાળા ભગવાન ( તીર્થંકરદેવ ) પાસે સૂનને જાતે હૈ એ બાત કૈસી હોગી ?

( શ્રોતાઃ- ભગવાનકે પાસ જાનેકી મહીમા હૈ ને ) વિકલ્પ આયા હૈ ઐસા આતે હૈ ને સૂનનેકો, સૂનનેકો આતે હૈ કે નહીં ? ભગવાન પાસે જાતે હૈ, અભી ઇન્દ્ર ઇન્દ્રાણિ, ભગવાન બિરાજતે હૈ મહાવિદેહમેં, મનુષ્યક્ષેત્રમાં ૫૦૦ ધનુષ્ય દેહ ૨૦૦૦ હાથ ઊંચા, કરોડ પૂર્વકા આયુષ્ય, બિરાજતે હૈ ( સીમંધરનાથ ) યહાં જાતે હૈ, આહાહા ! ભાઈ ! એ તો ધર્મ કથા કૈસી હોગી ? આહા ! એ અવધિજ્ઞાની ઇન્દ્ર વો સૂનતે હૈ ચાર જ્ઞાનકા ધરનેવાલા ગણધર એ વાણી સૂનતે હૈ, આહા ! ભાઈ ! એ કોઇ અલૌકિક બાત હૈ. આહાહા ! કયા ? ( શ્રોતાઃ- ભગવાન એ હી બાત કહેતે હૈ ) એ આ કહેતે હૈ ભગવાન ! આ સંતો આડતીયા હોકર સર્વજ્ઞકા માલ જગતકો બતાતે હૈ. આહાહા !

બદ્ધસ્પૃષ્ટ અસત્યાર્થ હૈ, હૈ ? આહા.. આત્મસ્વભાવકે, આત્મસ્વભાવ, આહાહા... આત્મ સ્વ-ભાવ, વો બદ્ધસ્પૃષ્ટ આદિ પર્યાય એ આત્મસ્વભાવ નહીં, આત્મ સ્વ-ભાવ આહાહા ! જો જ્ઞાયક આત્મા ઉસકા જ્ઞાયકસ્વભાવ, આહાહાહા... આનંદસ્વભાવ, શાંતસ્વભાવ, અકષાયસ્વભાવ, વીતરાગસ્વભાવ, નિર્વિકલ્પસ્વભાવ, સામાન્યસ્વભાવ, સદૃશસ્વભાવ, એકરૂપ રહેનેવાલા સ્વભાવ, આહાહા... ઐસા આત્મસ્વભાવકે, જે આત્મા જેમ નિત્ય હૈ એમ ઉસકા સ્વભાવ ભી નિત્ય કાયમ હૈ. આહાહા ! દ્રવ્ય જેમ નિત્ય હૈ તો ઉસકા સ્વભાવ ભી નિત્ય હૈ. આહાહાહાહા !

આત્મસ્વભાવકે સમીપ જાકર, અનુભવ કરને પર, આહાહાહા ! પૂર્ણ આનંદ પ્રભુ, ઉસકા સમીપ જાકર, રાગસે હઠકર પર્યાયબુદ્ધિ છોડકર, દ્રવ્યબુદ્ધિમેં સમીપ જાકર, આહાહાહા... ભગવાનકો ભેટા કરનેકો સાથ સમીપ જાકર, અનુભવ કરને પર એ બંધ અને રાગ આદિ સંબંધ એ સબ જૂઠા હૈ, અભૂતાર્થ હૈ, હૈ ખરા હોં ! એ તો આ અપેક્ષાસે જૂઠા કહા. પર્યાય નહીં

ઐસા નહીં, પણ પર્યાય ત્રિકાળદ્રવ્યકી અપેક્ષાસે અભૂતાર્થ કહેનેમેં આયા હૈ. પર્યાય નહીં હૈ ઐસા માને તો તો વેદાંત હો જાતા હૈ. સમજમેં આયા ?

પણ યહાં પર્યાયકા લક્ષ છોડકર ત્રિકાળકો ( લક્ષમેં ) લેકર પર્યાયકો અભૂતાર્થ કહેનેમેં આયા હૈ. હૈ તો પર્યાય હૈ, ઔર રાગકા સંબંધ ભી પર્યાયદૃષ્ટિસે હૈ, પણ અનુભવ સ્વભાવ સમીપ જાના હૈ, તબ ઉસકો છોડકર, આહાહાહાહા... જ્ઞાયક ભગવાન પૂર્ણાનંદકા દળ, શુદ્ધ ચૈતન્યઘન, દ્રવ્ય સ્વભાવ, પર્યાયબુદ્ધિ છોડકર, દ્રવ્યબુદ્ધિમેં સમીપ જાકર, આહાહાહાહા... જુઓ આ સમ્યગ્દર્શન આહા ! એ આત્મસ્વભાવકે સમીપ જાકર, રાગકા પ્રેમમેં ને પર્યાયકા પ્રેમમેં તો પર્યાયમૂંઢ જીવ, આત્મસ્વભાવસે દૂર થા. આહાહા ! ઔર વો પર્યાયકા અંશ હૈ વો ભી બુદ્ધિ છોડકર. "પર્યાયમૂંઢા પર સમયા" કહા. પ્રવચનસાર જ્ઞેય અધિકાર ૯૩ ગાથા પહેલી, "પર્યાયમૂંઢા પર સમયા" તો એક સમયકી પર્યાયમેં ભી જિસકો રુચિ હૈ એ મૂંઢ મિથ્યાદૃષ્ટિ હૈ. આહાહા... એ બુદ્ધિ છોડકર સમ્યગ્દર્શન પાના હો તો, સમ્યક્ નામ, સત્ય દર્શન તો સત્ય જે પૂર્ણાનંદ પ્રભુ સત્ય હૈ ઉસકી પ્રતીતિ ને અનુભવ કરને પર સમ્યગ્દર્શન હોતા હૈ. આહાહા ! કામ બહુ આકરું બાપા ! ભાઈ ! જનમ મરણ રહિત હોનેકી ચીજ કોઇ અલૌકિક હૈ. આહાહા ! ગોદિકાજી !

આ રીત હૈ, પૈસા બૈસા ભેગા કરીને દાનમાં દેના ફલાણા માટે ધર્મ હોતા હૈ ઐસા કુછ નહીં. મહિને પાંચ લાખ પેદા કરે ને કે બે લાખ આપો. એટલા બધા તો ન આપે પણ લાખ બે લાખ આપે. તો એ તોય એરણની ચોરી ને સોયકા દાન. ( શ્રોતાઃ– નથી આપતા એ કરતાં તો સારા ને ) એ, ના. સારા બારા બિલકુલ નહીં. ( શ્રોતાઃ– ચોરી કહાં હૈ–કમાયા હૈ ) હૈ ? કોણ કમાયા ? એ ચોરી હૈ રાગ, રાગકો અપના માનના એ ચોર હૈ મોક્ષ અધિકારમેં આતા હૈ, ચોર હૈ, ગુનેગાર હૈ. રાગ શુભરાગ એ મેરા એ તો ચોર હૈ, અપની ચીજ નહીં તો ઉસકો અપની માનના એ ચોર હૈ. આહાહા ! મોક્ષ અધિકારમાં લિયા હૈ, અપરાધી હૈ, શુભરાગ એ ઝેર હૈ, વિષકુંભ હૈ, ઐસા લિયા હૈ. મોક્ષ અધિકાર, શુભ રાગ– દેવ ગુરુ શાસ્ત્રકી ભક્તિકા રાગ, પંચમહાવ્રતકા રાગ, વિષ કુંભ હૈ, ઝેરકા ઘડા હૈ. કયું ? ભગવાન અમૃતકા સાગરસે વિરૂદ્ધ ભાવ યે હૈ. આહાહા !

અરે ! પરમ સત્ય વાત સૂનનેમેં મિલે નહીં, એ કહાં સત્ય તરફ જાયેગા ? સમજમેં આયા ? દેહકા તો નાશ હોગા એક સમયમેં, આહાહા ! લ્યો ઓલા શોભાલાલ હૈ ને ઉસકા બહોત તબીયત નરમ હૈ હવે એ તો કેટલા કરોડાધિપતિ છે, શોભાલાલ ભગવાનદાસ. સીરીયસ હૈ એવું કાલ કહેતા 'તા ભાઈ અમારે ઋષભકુમારજી ! ઐસી સ્થિતિ તો દેહની સ્થિતિ બાપા ! એ રાગ જ્યાં નાશવાન હૈ તો પછી શરીરકી બાત તો કરના કયા ? આહાહા ! અરે પરમાત્મા તો એમ કહેતે હૈ કે કેવળજ્ઞાનકી પર્યાય ભી નાશવાન હૈ, કયુંકી એક સમય રહેતી હૈ. આહાહાહા ! કેવળજ્ઞાન ભી વ્યવહારનયકા વિષય હૈ, કેવળજ્ઞાનીકો નહીં, નીચે સાધક જીવકો, અંશ હૈ ને ? એ સદ્ભૂત વ્યવહારનયકા વિષય હૈ, તો વ્યવહાર હૈ એ અભૂતાર્થ હૈ. આહાહા ! મારગ બહુ બાપા ! પણ અભૂતાર્થકા અર્થ ઐસા નહીં એ પર્યાય નહીં હૈ ઐસા નહીં, પણ ત્રિકાળકા આશ્રય લેનેકી અપેક્ષાસે એક સમયકી ચીજકો અભૂતાર્થ નાશવાન કહા હૈ. પણ નાશવાન કહા હૈ માટે

એ પર્યાય હૈ હી નહીં ઐસા નહીં. સમજમેં આયા ? આહાહાહા !

એ કહેતે હૈ દેખો, આત્મસ્વભાવકે સમીપ, સમીપ, સમીપ આહાહાહા... જો પર્યાયકા પ્રેમ હૈ, રાગકા પ્રેમ હૈ એ અભૂતાર્થ હૈ, ઉસકો છોડ દે લક્ષમેંસે, ઔર ભગવાન ત્રિકાળી સ્વભાવ પડા હૈ ઉસકા સમીપ જા, જો દૂર થા વો નજીક જા. આહાહાહા ! ( શ્રોતાઃ- કેટલા માઈલ ચાલવું પડે. ) એક સમયમેં ગતિ ફેરના પડે. કિતના માઇલ એમ કે ચાલના પડે ? એક સમયમેં ગતિ ફેરના પડે કીધું. વો આતે હૈ ને પ્રજ્ઞાછીણી 'રભસાત્' પ્રજ્ઞાછીણીમાં, એમ કે એક સમયમેં આતે હૈ પ્રજ્ઞાછીણી ૧૮૧ કળશ, હૈ ? આ એ હી હૈ ને સમયસાર હૈ આ તો ૧૮૧ હૈ દેખો કળશ કેટલામેં હૈ ? ૧૮૧ કળશ હૈ.

આ તો હિન્દી, હિન્દી હૈ, હા ૪૧૪ પેજ આયા આયા આયા, અહીં આયા ૪૧૪ દેખો કયા કહેતે હૈ ? ૪૧૪ પેજ, "રભસાત્" હૈ, જુઓ "રભસાત્" શીઘ્ર, કળશટીકામેં એક સમય લિયા હૈ, રભસાત્, હૈ ? आत्म–कर्म–उभयस्य सूक्ष्मे अन्तःसन्धिबन्धे અન્તઃ સંધિબન્ધે "રભસાત્" પડતી હૈ. એક સમયમેં પડતી હૈ એક સમય આંહી તો હજી શીઘ્ર લિયા, કળશ ટીકામેં એક સમય લિયા હૈ. સમજમેં આયા ? આ કળશટીકા હૈ ને ? આ 'રભસાત્' જુઓ.

"રભસાત્" અતિ સૂક્ષ્મકાળમેં એક સમયમેં પડતે હૈ, કયા કહા એ ? કે રાગ ને પર્યાયબુદ્ધિ છોડકર સ્વભાવ સન્મુખમેં જાના ઉસમેં એક સમય લગતા હૈ. આહાહાહા ! પછી ખ્યાલમેં ભલે અસંખ્ય સમયે આતે હૈ ઉસકો, પણ ભેદ પડ જાતા હૈ ને સ્વભાવકી દૃષ્ટિ હોતી હૈ તો એક સમયમેં, સમયાંતર હો જાતા હૈ. આહાહાહા ! રભસાત્ લિયા હૈ, 'એક સમય' બસ ! આહાહા ! જૈસે એક સમયમેં ભેદ આદિ ને પર્યાય આદિ હૈ તો ઉસકો છોડકર દ્રવ્યકે સમીપમેં જાના, એક સમયમેં જાના હૈ, આહાહાહા ! કયા કહા ? એક સમયકી પર્યાયકી રુચિ છોડકર, એક સમયમેં દ્રવ્યકે સમીપમેં જાના પડતા હૈ. આહાહાહા ! સૂક્ષ્મ હૈ ભાઈ ! સમ્યગ્દર્શન ને સમ્યગ્દર્શનકા વિષય કોઈ અલૌકિક ચીજ હૈ.

અત્યારે તો સારી વાત, દયા કરો ને આ કરો, પડિમા લેલો ધૂળમેં હૈ નહીં ને તારી પડિમા અગિયાર લેલો હવે રામજીભાઈ તો કહેતે હૈ ઓગણીસ પડિમા હૈ તો ઓગણીસ લે લેના, એમાં ક્યાં વસ્તુ હૈ ? ( શ્રોતાઃ- જેટલી સાચું લાગે એટલી લઈ લ્યે ) અગિયાર લઇ લિયા ને, બે લઇ લિયા ને, ધૂળેય નહીં ને હમણાં કહેતો તો એક જણો ઓલો નહીં ઓલો કહેતો 'તો ગુણધરલાલ, ગુણધરલાલ કહેતે હૈ કિ મેરેકો પડિમા તો દિયા પણ મેરી પાસ તો આઇ નહીં હૈ, કહેતે હૈ, લો પડિમા કહે. એવું ચાલ્યું 'તું, વ્રત, સૌને વ્રત દેવા માંડે. સભામાં આવે એટલે તો, ઓહોહો ! સો, એ તો અહીંયા આનેવાલા થા ને ગુજરી ગયા એ, વો કહે ને પડિમા મેરેકો દિયા થા, પણ મેરી પાસ આઇ નહીં. કયોંકિ પડિમા તો કિસકો કહે પ્રભુ ? એ રાગસે ભિન્ન હોકર આત્માકા એક સમયમેં અનુભવ હો, અને પીછે સ્વરૂપકી સ્થિરતાકા અંશ બઢ જાયે સ્વરૂપકા આશ્રયકી સ્થિરતાકા અંશ બઢ જાય ઉસકો પડિમાકા વિકલ્પ આતા હૈ, ઉસકો વ્યવહાર કહેનેમેં આતા હૈ. આહાહાહા ! સમજમેં આયા ?

ઔર જિસકો સ્થિરતા ઇસસે ભી બઢ જાયે ઉસકો મહાવ્રતકા વિકલ્પ આતા હૈ એ ભી દુઃખરૂપ ને રાગ હૈ. આહાહાહા ! અરે આંહી તો અત્યારે એકદમ પડિમા લીધા, ઐસા લિયા ને

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

ઐસા લિયા ને ઐસા પાંચમેંસે સાત લિયા ને સાતમેંસે અગિયાર લિયા ને, કહેતા ને, વચ્ચે કહેતો 'તો એક જણ આંહી, આંહી કહેતો 'તો એક જણો આઠ પડિમા તો હૈ મેરે પાસ પણ કોઇ ભાવ પૂછતે નહીં તો અગિયાર પડિમા લેના પડેગા. કે લોકો પૂછે તો ખરા કે મહારાજ પધારો પધારો પધારો આહાર લ્યો. આંહી આવ્યો તો એક જણો આઠ પડિમાવાળો પણ આઠ પડિમા હમ ક્ષુલ્લક નહીં, લંગોટી નહીં, ઐસા નહીં દેખે ને તો આહાર લેનેકો દેનેકો નહીં આતે, તો પડિમા લેતે હૈ તો આતે હૈ પધારો પધારો ગુરુજી પધારો એ માટે અગિયાર લેના પડેગા કહે. અરરર ! અરે રે ! પ્રભુ ! શું કરે છે ભાઈ ! બાપા પડિમા કાંઇ ઐસે આતી હૈ, એ તો સ્વરૂપકી જબ સ્થિરતા જામતી હૈ, સમ્યગ્દર્શન હુએ પીછે શાંતિકી સ્થિરતા અંશે બઢતી હૈ ઉસકો પડિમાકા વિકલ્પ આતા હૈ. આહાહાહા ! એમ ને એમ લે લે.... ?

આંહી તો જવાબ એ આયા, રાગકો ને પર્યાયકો ભી નહીં છૂતે ઐસે આત્મસ્વભાવ, આહાહાહા... ભગવાન ! અમૃત સાગરસે ભરા પ્રભુ, ધ્રુવ આત્મસ્વભાવ, અણીન્દ્રિય જ્ઞાન, અણીન્દ્રિય આનંદ, અણીન્દ્રિય પ્રભુતા, અણીન્દ્રિય સ્વચ્છતા, ઐસા આત્મસ્વભાવકે સમીપ જાને પર પર્યાયકી બુદ્ધિ છોડકર ત્રિકાળ ભગવાનકા સ્વભાવકી સમીપ જાકર, આહાહાહા... અનુભવ કરને પર, એ આત્માકા અનુભવ કરને પર બદ્ધસ્પૃષ્ટ જૂઠા હૈ. પર્યાય બર્યાય એ ત્રિકાલમેં હૈ નહીં. સમજમેં આયા ?

અનુભવ હૈ એ પર્યાય હૈ, સમ્યગ્દર્શન એ પર્યાય હૈ, પણ વો પર્યાય દ્રવ્યમેં હૈ નહીં. આહાહાહાહા ! પણ વો દ્રવ્યકા સમીપ જાકર અનુભવ કરનેપર ( વૈસી ) પર્યાય ઉત્પન્ન હોતી હૈ, એ પર્યાય ભી હૈ, પણ વો રાગકા સંબંધ આદિ હૈ, ઈસલીયે ઉસકો અભૂતાર્થ કહે દિયા, અને આંહી તો આપણે પહેલા આ ગયા, ચૌદમેં અર્થમેં કે આત્મા વસ્તુ જો શુદ્ધ ચૈતન્યઘન, ભાઈ એ વાત નથી બાપુ, એ શબ્દો સહેલા છે. આહાહાહા ! એ પૂર્ણાનંદનો નાથ પ્રભુ પરમાત્મસ્વરૂપે બિરાજમાન હૈ આત્મા વો ઉપર દૃષ્ટિ લગાના, આહાહાહા... એ દૃષ્ટિ હૈ તો પર્યાય, સમ્યગ્દર્શન ભી હૈ તો પર્યાય, પણ પર્યાયકી દૃષ્ટિ ધ્રુવ ઉપર લગાનેસે, સમ્યગ્દર્શન હોતા હૈ. ઐસા બોધ હૈ ભાઈ ! આહાહા ! હૈં ? ( શ્રોતાઃ– ધ્રુવ ઉપર લગાવવી શી રીતે ? ) લગાવવી કહે મોઢું ફેરવવું આમ. તે કઇ રીતે ? મોઢું ફેરવવું. ઐસા મોઢા હૈ ને કર દે ઐસા, કૈસે ફેરવવા ? પણ ફેરવી દે. ચંદુભાઈ !

એ પર્યાયકા જો લક્ષ રાગ અને પર્યાય ઉપર હૈ, તો પર્યાયકા આશ્રય ઐસા બના દે વો સમયકી પર્યાય તો પરસન્મુખ હૈ, પણ દ્રવ્યમેંસે, લક્ષ હોકર નવી પર્યાય સમ્યગ્દર્શનકી હુઇ, એ પર્યાય વો તરફ ઝૂકનેસે હુઇ ઐસા કહેનેમેં આતા હૈ. આહાહાહા ! એ સમયે દ્રવ્યમેંસે સમ્યગ્દર્શન હોતા હૈ, દ્રવ્યકે આશ્રયસે, તબ વોહી પર્યાય દ્રવ્ય સન્મુખ હુઇ એમ કહેનેમેં આતા હૈ. આહાહા ! આકરી વાતુ બહુ ભાઈ ! આ સમ્યગ્દર્શનકા અધિકાર હૈ, આ ચૌદમી ગાથા.

એ સમ્યગ્જ્ઞાનકા પીછે આયેગા, ચારિત્રકા તો પીછે કહીં, સમ્યગ્દર્શન વિના જ્ઞાનેય સચ્ચા નહીં. સમ્યગ્દર્શન વિના ચારિત્ર ફારિત્ર એ બધા બાળવ્રત ને બાળતપ હૈ. આહાહાહા ! ( શ્રોતાઃ– ગુરુદેવ પર્યાયને બદલવી, પરસન્મુખ છે તેને સ્વસન્મુખ કરવી પર્યાયને એ કઈ રીતે ? ) પર્યાયને સ્વસન્મુખ કરવી એનો અર્થ ? સ્વ સન્મુખ વો તો કહાને, જે પર્યાય પર સન્મુખ હૈ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


વો તો રહે ગઈ ત્યાં ( શ્રોતાઃ- લક્ષકો સ્વ સન્મુખ કરના ) કરના. એ નવી પર્યાય ઉત્પન્ન કરકે સ્વ સન્મુખ કરના એમ કહેનેમેં આતા હૈ. ( શ્રોતાઃ- કરના વો તો મરના હૈ ) નહીં. નહીં. રાગકો કરના વો મરના હૈ. સ્વ તરફ કરના વો તો જીવતર હૈ. ( શ્રોતાઃ- સમ્યગ્દર્શનકી પર્યાય કરના એટલે શું ? ) કરના, એ કરનાનો અર્થ એ હોતા હૈ. ત્રિકાળ સમીપ જાનેપર સમ્યગ્દર્શનકી પર્યાય હોતી હૈ, છતાં ઉસકા લક્ષ પર્યાય ઉપર નહીં, આવું છે પ્રભુ ! શું થાય ? અરે મારગની રીતની યે ખબર ન હોય, એ મારગમાં શી રીતે જઇ શકે ? આહા !

આંહી વો કહા, બદ્ધસ્પૃષ્ટ તરફસે દેખો તો વ્યવહાર પર્યાય હૈ, રાગ હૈ, નિમિત્ત-નિમિત્ત સંબંધ હૈ, પણ સ્વભાવકી દૃષ્ટિસે દેખો તો એ બાત અભૂતાર્થ જૂઠા હૈ. જૂઠા એટલે ? પર્યાય નહીં હૈ ઐસા નહીં, પણ ગૌણ કરકે ઉસકો જૂઠા કહા હૈ આહા... અને મુખ્ય કરકે ભૂતાર્થકો સત્ય કહા હૈ. આહાહાહા ! એ તો અગિયારમી ગાથામેં આયા ને ? ત્રિકાળીકો મુખ્ય કરકે નિશ્ચય કહા અને પર્યાયકો ગૌણ કરકે વ્યવહાર કહેકર અભૂતાર્થ કહા.

આમાં કેટલી વાતું પહોંચવી ? નહીંતર પર્યાય તો ઇસકી હૈ યે નિશ્ચય હૈ, ગુણ ઉસકા હૈ યે નિશ્ચય હૈ, દ્રવ્ય ઉસકા હૈ યે નિશ્ચય હૈ, સ્વ એ નિશ્ચય હૈ, પર વ્યવહાર. પણ યહાં ત્રિકાળી જ્ઞાયકકો ભૂતાર્થ કહેકર, મુખ્ય કહેકર નિશ્ચય કહા અને પર્યાય ઉસમેં હૈ છતેં ઉસકો ગૌણ કરકે, વ્યવહાર કરકે અભૂતાર્થ કહા. આહાહાહાહા... હવે આવું જ્ઞાન ન મળે ને ? આવી વાત છે બાપુ ! ( શ્રોતાઃ- હમેં તો પ્રવચનમેં એ સૂના થા મહારાજ કે પર્યાયકા કરના ભી નહીં હૈ, પર્યાયકા હોના ભી નહીં ઐસા સૂના થા. ) કરના બરના નહીં હૈ, આંહી તો પર્યાય હોતી હૈ એમ કહાને ? દ્રવ્ય ઉપર લક્ષ હોતી હૈ એમ કહા. આહાહા ( શ્રોતાઃ- કરના નહીં હોતી હૈ. ) સ્વભાવ તરફ સન્મુખ હોતે હૈ તો પર્યાય સમ્યગ્દર્શન હોતા હૈ. બસ, સમ્યગ્દર્શનકી પર્યાય ઉપર સમ્યગ્દર્શનકા લક્ષ નહીં. કયા કહા ? સમ્યગ્દર્શનકી પર્યાય ઉપર સમ્યગ્દર્શનકા લક્ષ નહીં, સમ્યગ્દર્શનકી પર્યાયકા લક્ષ ધ્રુવ ઉપર હૈ, અરે રે ! આવી વાત છે. મૂળ અત્યારે બહોત ગરબડ હો ગઇ ( શ્રોતાઃ- બહોત ગરબડ નિકલ ગઈ. ) આહાહા ! વો કહા લ્યો. એક બોલ હુઆ વો, પાંચ બોલમેંસે પાંચ બોલ હૈ ને ? અબદ્ધસ્પૃષ્ટ તો અબદ્ધસ્પૃષ્ટકી એક કી વ્યાખ્યા કિયા, સમજમેં આયા ? દૂસરા-

"જૈસે મિટ્ટિકા ઢંકન, ઘડા, ઝારી ઇત્યાદિ પર્યાયોસે અનુભવ કરનેપર અન્યત્વ અનેરા અનેરાપણા સત્ય હૈ." પર્યાયમેં અનેરા અનેરા માટીમેંસે જો ઘડા હોતા હૈ, ઝારી હોતી હૈ અનેરા અનેરા અન્ય હૈ, 'તથાપિ સર્વતઃ અસ્ખલિત' માટી સ્ખલિત હોકર પર્યાયમેં નહીં આતી. આહાહા ! સામાન્ય માટી હૈ એ 'સર્વપર્યાયભેદોસે કિંચિત્‌માત્ર ભી ભેદરૂપ નહીં હોનેસે' સામાન્ય માટી હૈ એ પર્યાયમેં સ્ખલિત ( હોકર ) આતી હૈ, આતી હી નહીં કભી. આહાહા ! એ ઝારી ને ઘડા ને આદિ હોતા હૈ ઉસમેં માટી નહીં આતી, એ તો પર્યાય હૈ, પર્યાયમેં સામાન્ય નહીં આતા. આહાહાહાહાહા ! ઝીણી વાત છે ભાઈ ! પણ એક મિટ્ટિકે સ્વભાવકે કિંચિત્ માત્ર પણ ભેદરૂપ નહીં હોનેવાલા, સર્વ પર્યાયભેદોસે ભિન્ન, એક મિટ્ટિકે સ્વભાવ, દેખો માટીકે સ્વભાવ એકરૂપ રહેના સામાન્યપણે સમીપ જાકર અનુભવ કરને પર અન્યત્વ જૂઠા હૈ, અનેરી અનેરી માટીની અવસ્થા એ જૂઠી હૈ, "ઇસીપ્રકાર" આત્મામેં ઉતારેગા. ( શ્રોતાઃ- પ્રમાણ વચન ગુરુદેવ ).

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


## પ્રવચન નં. ૬૮ ગાથા - ૧૪ તા. ૨૫-૮-૭૮ શુક્રવાર, શ્રાવણ વદ-૭ સં. ૨૫૦૪

હમારા તો ભાગીદાર થા ભાઈ, ફઇના દિકરા, ઉસકો ભી મૈં ( ને ) કહા થા ૬૬ ની સાલ, કહ્યું ને ૬૬ સાલ ૬૬ કેટલા વર્ષ થયા ? ૧૯૬૬ હૈં ? ( શ્રોતાઃ– ૬૮ વર્ષ ) ૬૮ વર્ષ પહેલે કહા થા, મેરી ઉંમર વીસ વર્ષકી થી, અત્યારે ૮૯ ચલતે હૈ. એ જનમના હોં, ગર્ભના તો ૮૯ પૂરા હો ગયા, સવા નવ મહિના યહાંસે ગિનતીમેં આતા હૈ ને ? તે ૯૦ ચલતે હૈ. એ વખતે હમારા ભાઈ થા ને મોટી દુકાન થી બે દુકાન હૈ અભી દુકાન બડી હૈ. પાંત્રીસ ચાલીસ લાખ રૂપિયા હૈ, દુકાન હૈ અમારી પિતાજીકી થી ઔર દૂસરી હમારા ફઇના લડકાની થી. પાંત્રીસ ચાલીસ લાખ રૂપિયા અભી હૈ. તીન ચાર લાખકી આમદની હૈ. અભી પાલેજમેં, ભરૂચ વડોદરા બીચમેં, મૈંને ભી ત્યાં પાંચ વર્ષ દુકાન ચલાઇ થી. ૧૭ વર્ષથી ૨૨ વર્ષ ઉંમર સંવત ૧૯૬૩ સે ૧૯૬૮, પણ વો કહા મૈં તો કહા થા ઉસમેં ઉસકો ભાઈકો મૈં તો ભગત પહેલેસે કહેલાતા છોટી ઉંમરમેંસે મૈં તો ઉસકો કહા થા મૈં દુકાને થડામેં બૈઠે થે કુંવરજી. મારાસે ચાર વર્ષ મોટા થે મેરેકા ૯૦ હુઆ ઉસકો ૯૪, મરીને તિર્યંચ હોને જાયેગા એ ધ્યાન રખે તું. આપણે વાણીયા છીએ એટલે માંસ ને દારૂ ને ઇંડા તો ખાતા નથી એટલે નરકમાં તો નહીં જાવ એ યાદ રાખો કીધું. એ ગોદિકાજી ! આ ૬૬ સંવત ૧૯૬૬ ( શ્રોતાઃ– આપનો અનુયાયી તો ક્યાંય જાય નહીં ) આનો અનુયાયી ક્યાં છે ? એ આત્માનો અનુયાયી થાય. એય તો જેને બે ચાર કલાક સૂનનમેં મિલા હૈ, સંસ્કાર હૈ એ પ્રાણી તો સ્વર્ગમેં હી જાયેગા. પણ આંહી તો જેને સંસ્કારેય નહીં કાંઇ સૂનનમેં આયા નહીં. સત્ અને બહારમેં ઐસા માથા ફોડ ઘાણીમેં પિલાય એમ આત્મા તો પિલ દિયા હૈ રાગ અને દ્વેષમેં, આહાહા ! એ પ્રાણી તો કીધું મૈંને ઉસકો કહા થા યાદ રાખો કીધું બોલે નહીં મારી સામે, હું તો ભગત કહેવાતો હતો. છોટી ઉંમરમેંસે હમારી તો દુકાન ચલતી થી મૈં તો વાંચતા થા શાસ્ત્ર વાંચતા થા, ( મૈંને કહા ) તિર્યંચમેં જાયેગા, દેવ હોનેકી મને તો લગતા નહીં તેરેકો, ઔર મનુષ્ય હોનેકા મેરે લગતા નહીં તેરે તું મનુષ્ય હો, બોલે નહીં. આહાહા ! એક તિર્યંચ ગતિ અને હુઆ ઐસા, મરતા આમ બહુ પૈસા પેદા કરવામાં બે–બે લાખની પેદાશ દસ–દસ લાખ રૂપિયા મૂકીને ગયો 'તો. હવે તો અત્યારે વધી ગયું તો. મેં કિયા, મેં કિયા ( કહા ) ઐસી દુકાનકી ચલાઇ વ્યવસ્થા, ધૂળેય નહીં હૈ સાંભળને. તેં ક્યા કિયા ? તેં કિયા અજ્ઞાન ને રાગદ્વેષ. એ મહેન્દ્રભાઈ !

( શ્રોતાઃ– આપકો કૈસે પતા ચલા કે વો ઢોરમેં ગયા. ) કહાને યહાં ગતિ નહીં, ઐસા ઉસકી તેરા લક્ષણ નહીં દિખતે કીધું. હમ વો વખતે પણ શાસ્ત્ર વાંચતે થે ને હમ, દુકાન ચલાતે થે, ભાગીદાર જબ બૈઠે હો ત્યાં થડે તો હમ અંદર વાંચતે થે, ભાગીદાર ન હો તો હમારે દુકાને

થડે બેઠના પડે. આ તો ૬૩ સે ૬૮ કી બાત હૈ. સંવત ૧૯૬૩ સે ૬૮ કિતનેકા તો ઉસ ( સમય ) જનમેય નહીં હુઆ હોગા અભી. આહાહા ! આ તો પૂર્વકા સંસ્કાર થા ને તો ઐસે કીધું આપણે માણસ છીએ વાણીયા છીએ ને માંસ દારૂ નથી ને દેવમાં જવાના લક્ષણ મને લાગતા નથી. કેમકે તેરા પુણ્યકા પરિણામ ઐસા હૈ નહીં, ઔર મુનષ્ય હોનેકી લાયકાત મેરે દિખતી નહીં કે ઐસા ભી તેરી વિનયપણા, કષાયકી મંદતા એ ભી દિખતી નહીં, બોલે નહીં. ( શ્રોતાઃ- મોઢે કહ્યું'તું ) મોઢે કહ્યું ને બેઠે થે ને થડે બેઠા થા ને કીધું ને હમારી બે દુકાન થી, બે દુકાન તીસ માણસ થા હમ, એક રસોડે જમતે થે તો એક દુકાનમેં રસોડે જમનેકો ગયે તો ત્યાં મેરેસે ઐસા બોલાઇ ગયા મેરા ભાઈ ભી બૈઠા થા ત્યાં બડા વો તો સરળ થા મારા બડા ભાઈ ને એ, એના બડા ભાઈ ને મૈં બે દુકાન થી, કયા. આખો દિ' આ આર્તધ્યાન, સૂના હૈ કોઇ ધર્મ કયા કોઇ ચીજ કયા ગામમેં સાધુ આવે ( શ્રોતાઃ- એના માનેલા ) તો રાત્રે આઠ વાગ્યા પછી જાય. દિવસે સામું જોવે નહીં, ગામમાં સાધુ આવ્યા હોય તો. એ માનેલા સાધુ એના સંપ્રદાયના જો કે સાધુ હૈ નહીં, સમજમેં આયા ? પણ એની સ્થિતિ બહાર એવી સાધુ આવે તોય જાય નહીં, રાતે આઠ વાગે જાય.

શું આ માંડી છે કીધું આખો દિવસ તે ? દુનિયા ભલે ડાહ્યા ને દુનિયા બધા વખાણ કરે ગાંડા પાગલો, પાગલ વખાણ કરે, એથી તેરી રીપોર્ટ આ ગયા પરિણામ, ઉસકા શું કહેવાય એ રીપોર્ટ શું કહેવાય એ ? સર્ટીફીકેટ. આ પાગલો બધા સર્ટીફીકેટ આપે તને કે, ઓહોહો ! ભારે તમે કર્યાં ને, આહાહા ! પૈસા પેદા કર્યાં ને એમાંથી તમે પાંચ હજાર આપ્યા ત્યાં ને દસ હજાર આપ્યા ને એમાંય માન હોય પાછું ત્યાં, મારું નામ રાખજો મોઢા આગળ, તકતી, તકતીમાં તસદી લે એટલી બધી કે તખતી પડાવે. આ તારા તો પુણ્યનાય ઠેકાણાં નથી માળા !

આંહી કહેતે હૈ એ ચીજ તો કંઇ દૂસરી રહી પણ આંહી તો પર્યાયમેં જો પાંચ બોલ હૈ પ્રભુ તેરી ચીજ વો અંતર આનંદનો નાથ ભગવાન પૂર્ણાનંદ પ્રભુ ઉસમેં યે હૈ હી નહીં. આહાહા ! ઉસકી દૃષ્ટિ કર, ઉસકા અનુભવ કર તો તેરે સમ્યગ્દર્શન હોગા ને જનમ મરણકા તબ અંત આયેગા, નહીંતર અંત નહીં આયેગા. આહાહાહા ! સમજમેં આયા ?

એ કહેતે હૈ. કયા ? એ દેખો ! આહાહા ! ઉપર તિરતે હૈ, તિરતે હૈ, હૈ કે નહીં અંદર ? 'સ્ફુટમ ઉપરિ તરન્તમ્' આહાહા ! કયા કહેતે હૈ આ ? શરીર, વાણી, કર્મ, બાઇડી, છોકરા ઉપર તરતે હૈ એ તો બાત હૈ હી નહીં, એ તો દૂર રહેતે હૈ, પર્યાયમેં રહા આહાહા ! ગોદિકાજી ! આહાહા ! આ અમેરિકામાં જાવ છો ને રળવા, રળવા, રળવા, આર્તધ્યાન ને આ પૈસા આવે બે ચાર લાખ આવે જઇને આવે ત્યાં, હવે ધૂળમાં આ ક્યાં તારા લાખ શું કરોડ આવે તો ય કયા ચીજ હૈ ? આંહી તો કહે એ ચીજ તો દૂર રહી ગઇ એ આત્માકી પર્યાયમેં ભી લક્ષ્મી, સ્ત્રી, કુટુંબ, પરિવાર તો હૈ નહીં, પણ તેરી પર્યાયમેં એ વસ્તુ નહીં, પણ એ પર્યાયમેં રાગાદિ હૈ, આકૂળતાકા ભાવ હૈ, એ ત્રિકાળી આનંદકંદમેં ઉસકે ઉપર ઉપર હૈ અંદરમેં નહીં. આહાહા ! સમજમેં આયા ? હૈં ? કયા કહેતે હૈ ?

તથાપિ કયા કહેતે હૈ ? હજી તો પર્યાયના નામ સૂના ન હોય, મજૂરની પેઠે જિંદગી કાઢી બધી, મોટા મજૂરો ઓલા મજૂર તો હજી સવારમાં આઠથી બાર, ચાર કલાક કામ કરે અને

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


બપોરે બે થી છ આ મજૂર સવારનો ઊઠે છે છ વાગ્યે તે રાતના આઠ વાગ્યા સુધી. અરે ઓલો તો ચાર કલાકમાં તો અડધો કલાક બીજો કાઢી નાખે બીડી પીવી છે ને પેશાબ કરવા જાવું છે અને આ તો ભાઈ સાહેબ બેઠો દુકાને તે રાતના આઠ, આહાહાહા ! મોટા મજૂર, એ હસમુખભાઈ ! આંહી તો એ વાત છે બાપા, ક્રિયા ને મોટા મજૂર એટલે આ મજૂરી નહીં. સમજતે હૈ ? બડા મજૂર લ્યો, બડા મજૂર, આ સબ વેપારી આદિ હૈ એ બડા મજૂર હૈ. સવારથી સાંજ સુધી કામ કરતે હૈ એકલા પાપ, પાપ, પાપ, પાપ આંહી તો કહેતે હૈ કે એ પરકી ક્રિયા કર સકતે નહીં, પણ અપની પર્યાયમેં જો રાગ દ્વેષ આદિ આયા, આહાહાહા... એ ભી પર્યાય ઉપર રહેતી હૈ, દ્રવ્ય સ્વભાવમેં જાતી નહીં. આહાહાહા ! સમજમેં આયા ?

'તથાપિ એ પ્રતિષ્ઠા નહીં પાતે હૈ' આહાહાહા ! એ રાગ દ્વેષ, પુણ્ય ને પાપ, પર્યાયમેં અનેકતાકી વિવિધતા ને વિશેષતા ગુણકી, એ અંદરમેં શોભા નહીં પામતા, અંદરમેં પેઠ સકતે નહીં, ઉસકો અંદરમેં આધાર મિલતે નહીં. આહાહાહા ! આવી ચીજ છે ( શ્રોતાઃ– મહારાજ, ધ્રુવ સ્વભાવકા કયા બિગડા ? ) સ્વભાવ તો ઐસા ને ઐસા હૈ, પર્યાયમેં બગાડ હૈ ને પર્યાયમેં દુઃખ હૈ ને પર્યાયમેં સંસાર હૈ, સમજમેં આયા ? વસ્તુ તો સ્વભાવ ઐસા ને ઐસા હી હૈ, ઐસા બગાડ હો તો એ પર્યાયમેં હૈ, સંસાર પર્યાયમેં હૈ, રાગદ્વેષ પર્યાયમેં હૈ, સંસાર રખડના પર્યાયમેં, દુઃખ પર્યાયમેં હૈ, વસ્તુ ઉસસે ભિન્ન હૈ, કાયમ ગમે ઇતના પર્યાયમેં દુઃખ આયા, વસ્તુ તો આનંદકંદ શુદ્ધ ચૈતન્યઘન રહા હૈ. આહાહા ! આવી વાત છે ને ? આહાહા !

ભાઈ ! તને ખબર નથી તારી ચીજની. અને ક્યાં ક્યાં તું. વો મૃગલા હોતા હૈ ને હિરણ, ઉસકી નાભિમેં કસ્તુરી હોતી હૈ, નાભિમેં, પણ ગંધ આવે તો એ જાણે કે બહારસે આતી હૈ, બહાર ભમતે હૈ એમ આનંદ તો અંદરમે હૈ પણ બહારસે જાણે આનંદ મિલતે હૈ પૈસામેંસે, બાયડીમેંસે, છોકરામેંસે, કુટુંબમેંસે. ધૂળમાંય નહીં હૈ સૂન તો સહી. આહાહા ! રંગુલાલજી ! આહાહા... આંહી તો ભગવાન ત્રણલોકનો નાથ, જાણ્યા ઐસા કહા, ઐસા સંતો અનુભવીને કહેતે હૈ. આહાહાહા ! પ્રભુ ! ભગવાન તરીકે હી બોલાતે હૈ, આચાર્ય તો, આત્મા ભગવાન સ્વરૂપ અંદર હૈ. આહાહા ! તેરા ભગવાન સ્વરૂપ જો અંદર હૈ, એમાં આ પર્યાયકી પામરતા અંદર પ્રવેશ નહીં કરતી. એ પર્યાયકી શોભા અંદરમેં નહીં જા સકતી. આત્મા શોભા નહીં દેતા ઉસકો, આહાહાહાહા ! હૈં ? પ્રતિષ્ઠા નહીં પાતે, એટલે શોભા નહીં હોતી.

કયોંકિ દ્રવ્યસ્વભાવ તો નિત્ય હૈ. વસ્તુ જે હૈ દ્રવ્યસ્વભાવ પદાર્થ એ તો નિત્ય કાયમ હૈ આહાહાહા ! ભાષા તો સાદી હૈ પણ વસ્તુ તો અલૌકિક હૈ બાપુ, અરે બિચારાને મળતી નથી અત્યારે તો, આહા... આ આખો દિ' મજૂરી કરી કરીને મરીને હાલ્યા, વયા જવાના. આહાહા... એ ખિસકોલી ત્યાં ફરે હૈ ને બહુ ફરે એટલે એકદમ વિચાર આવી જતો, ખિસકોલી ખિસકોલી કયા કહેતે હૈ ? ખિલેહરી હૈ ? સ્વાધ્યાય મંદિરમેં બહોત ફિરતે હૈ બહોત ચારે બાજુ ફિર આ તે કીધું કોણ. બહોત ફિરતે હૈ ત્યાં કાયમ ઘણાં મહિના થયા, કોણ જાણે ક્યાંનો જીવ હશે, કીધું આ. ખિલેહરી બહોત ફિરતી ત્યાં હૈ. આહાહા ! અરેરે એનો આત્મા ક્યાં, ક્યાંની થઇ દશા, ક્યારે એ મનુષ્યપણું પામે, આહાહાહા... અને ક્યારે આ વિચાર સૂનનેમેં આવે અને સૂનનેમેં આયા પીછે અંદર અમલમાં મૂકના ક્યારે ? અરરર ! હૈં ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


ભગવાન આત્માકા ત્રિકાળી તો નિત્ય સ્વભાવ હૈ, હૈ? એકરૂપ. બે, એક તો ત્રિકાળી નિત્ય હૈ અને એકરૂપ હૈ, પર્યાય અનિત્ય હૈ ને અનેકરૂપ હૈ. આહાહાહા! સમજમેં આયા? ભાઈ, આ તો ભગવાન જિનેશ્વરદેવની ધર્મકથાની વાત છે બાપુ, આ કોઇ ચકલી લાવી ચોખાનો દાણોને ચકલો લાવ્યો મગનો દાણો, બનાવી ખિચડી ને આ એવી કથાઓ હાલે છે અત્યારે તો. વ્રત કરો ને અપવાસ કરો ને આ કરો ધૂળેય નથી બધું સાંભળને.

આંહી તો પરમાત્મા જિનેશ્વરદેવ ઇન્દ્રોની સમક્ષમાં એમ કહેતે થે, ઇન્દ્રો જે એકાવતારી જેની સભામાં ભગવાન પાસે આતે હૈ. અભી મહાવિદેહમાં બિરાજતે હૈ, તો ઉસકી પાસ આ કહેતે થે, ઉસકે કાંઇ કોઇ ઇન્દ્ર હો ને રાંક હો તે ઉસમેં ફેર હૈ? સબ એક હૈ, એ તો બહારકી પર્યાય હૈ.

આ દ્રવ્યસ્વભાવ તો નિત્ય હૈ. કયા કહેતે હૈ? પર્યાયમેં અવસ્થામેં અનેકતા પર્યાયકી અને રાગકા સંબંધ એ અનિત્ય હૈ અને અનેક હૈ, ત્યારે વસ્તુસ્વભાવ નિત્ય હૈ અને એક હૈ. આહાહા! આવી વાતું છે. નિત્ય એકરૂપ હૈ ઔર વહ ભાવ અનિત્ય હૈ દેખો, બેય આયા દેખો, પર્યાયે અનેક હૈ ઔર અનિત્ય હૈ, જોયું? વસ્તુ સ્વભાવ જે ત્રિકાળી નિત્ય હૈ, ઔર એકરૂપ હૈ સદૃશ સ્વભાવ એકરૂપ હૈ, ત્યારે પર્યાય અનેક હૈ, ઔર અનિત્ય હૈ આ નિત્ય હૈ અને એક હૈ, આહાહાહા... પર્યાય, દ્રવ્ય સ્વભાવમેં પ્રવેશ નહીં કરતી. આહાહાહાહા!

શરીર, વાણી, કર્મ અને બાઇડી, છોકરા, કુટુંબ તો ક્યાંય ( દૂર ) રહી ગયા ક્યાં આત્મામેં હૈ યે નહીં. પરને મેરા માનતે હૈ મૂરખ હૈ મોટો, આહાહા... જગતકી ચીજ હૈ, એ તો જગતકી ચીજ હૈ. આ મારી બાઇડી ને મારા છોકરા થયા ક્યાંથી તને આ? સનેપાત લાગ્યો છે એને, આહાહા... એવી વાત છે બાપલા અહીં તો, આહાહા! હૈં સનેપાતવાળો દાંત કાઢે તો શું એ સુખી છે? દુઃખી છે. આ મજા છે અમારે. શેની મજા ધૂળમાં સનેપાતીયો દાંત કાઢીને ખુશી માને છે, છે દુઃખી, એમ આ પૈસા ને બાઇડી છોકરાના સંબંધમાં બેઠો હોય જાણે આહાહા... સાત આઠ છોકરા હોય ને બાઇડી બેઠી હોય ને છોડીઓ બેઠી હોય ને જમાઇ બેઠા હોય, જાણે મોટો વાતો કરતો હોય હોંશ હોંશ, ઓહોહો... બધું અમે તો જોયું છે ને બધું, આહાહા... પ્રભુ તેરી અનિત્યતા એ ઉપર ઉપર રહેતી હૈ. આહાહાહા!

યહ શુદ્ધ સ્વભાવ સર્વ અવસ્થાઓમેં પ્રકાશમાન હૈ, કયા કહેતે હૈ એ. પ્રત્યેક અવસ્થા ભલે રાગવાળી હો, આકૂળતાવાળી હો, વિશેષતા હો દરેક અવસ્થામેં, એ શુદ્ધસ્વભાવ તો પ્રકાશમાન પડા હી હૈ અંદર. આહાહાહા! ત્યાં દૃષ્ટિ દેનેસે અનુભવ હોતા હૈ, આ વાત હૈ. તો સમ્યગ્દર્શન હોતા હૈ. સત્યદર્શન, બાકી થોથા હૈ સબ. સમજમેં આયા? એ સમ્યક્ સ્વભાવ જો ત્રિકાળ હૈ, શુદ્ધ સ્વભાવ સર્વ અવસ્થાઓમેં એકરૂપ ત્રિકાળ પ્રકાશમાન હૈ. આહાહાહા! સારા, હૈં? ( શ્રોતાઃ- એ ધ્રુવને સમ્યક્સ્વભાવ કીધો. ) ત્રિકાળ સમ્યક્ સ્વભાવ જીવકા, નિત્ય નિત્ય અંદર નિત્ય સ્વભાવ ઉત્પાદ્ વ્યય ધ્રુવ યુક્તં સત્ હૈ ને? તો જે ધ્રુવ જે હૈ, એ ઉત્પાદ્ વ્યયમેં આતા નહીં, ને ઉત્પાદ્ વ્યય ત્યાં જાતે નહીં. આહાહાહા! ધ્રુવ હૈ એ નિત્ય હૈ ને એકરૂપ હૈ, પર્યાય અનિત્ય હૈ ને અનેકરૂપ હૈ, એ અનેક ને અનિત્યતા, નિત્ય અને એકરૂપમાં પ્રવેશ નહીં કરતી. આહાહાહા!

શું ગાથા! આહાહા! માખણ હૈ, માખણ નીકળતે હૈ ને! ઐસા રખતે હૈ માખણ છાસમેંસે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

તો ઐસા છાસ નીતરી જાય છે માખણ ઉપર રહેગા. આ અડીને ન હોય હોં બહુ, માખણ હોતા હૈ ને દહીંમેંસે મણ દો મણ, પીછે નિકલે ઐસા કરતે હૈ ને નીચે છાસ નીકળ જાતી હૈ, માખણ નિકળ ( રહ ) જાતા હૈ, "એમ પર્યાય બુદ્ધિ નિકળ જાતી હૈ ને દ્રવ્યબુદ્ધિ એકલી રહ જાતી હૈ" આહાહાહા ! આવી વાત છે. ભાઈ મારગ કઠણ પડે, પણ મારગ તો આ હૈ. આહાહા ! ખ્યાલમાં હજી આવું આવવું મુશ્કેલ પડે, કે એ ક્યા કહેતે હૈ આ, અને કઇ રીતે આ પર્યાય ને પર્યાય ઉપર તરે ને અંદરમાં નહીં, અને અંદર નિત્ય એક, અને અનિત્ય અનેક શું કહે છે, આ કયા કહેતે હૈ આ સાંભળ્યું ન હોય કોઇ દિ'. આહાહાહા !

અરે એ તો વરતના એકડાના મીંડા હજી તો આંહી, એકડાના મીંડા, એકલા મીંડા જુદી જાતના હોય, પણ એકડો હોય ને એકડો એકડાનું પહેલું તો મીંડું કરે ને આમ મીંડુ પછી એકડો હોય ને પણ એકડામાં મીંડા હોય એ બીજી જાતનું હોય, ઓલું ગોળ ચક્કર હોય એકલું મીંડુ અને આ જરી આમ લંબગોળ હોય. એમ આ તો દ્રવ્ય ને પર્યાય એ તો એકડાના મીંડાની વાત હૈ, સમજાય છે કાંઇ ? આહાહાહા !

પીછે પર્યાય, ભાઈ અલૌકિક વાતું નાથ ! તારી પ્રભુતાનો પાર નહીં, પણ તેરી ખબર નહીં તને, આહાહા... તેરી એ પ્રભુતા ઇતની હૈ કે તેરી વાણીમેં પૂરી ન આ સકે ઐસી તેરી પ્રભુતા પડી હૈ અંદર. ભગવાન પરમાત્મા અનંત ગુણનો ધામ, આહાહા... સ્વયં જ્યોતિ સુખ ધામ સ્વયં અપનેસે હૈ, કોઇ કર્તા નહીં ઉસકા, આહાહા... સુખધામ એ અત્તીન્દ્રિય આનંદકા સ્થળ હૈ, વિશ્રામ કરનેકો આ એક વિશ્રામઘર હૈ. આહાહાહા ! સમજમેં આયા ? પર્યાય દ્રવ્ય સ્વભાવમેં પ્રવેશ નહીં કરતી, ઉપર ( ઉપર ) રહેતી હૈ.

સર્વ અવસ્થાઓમેં દ્રવ્ય પ્રકાશમાન હૈ, ઐસે શુદ્ધ સ્વભાવકા, આહાહાહા... મોહ રહિત હોકર મિથ્યા ભ્રમણા છોડકર, આહાહા... પર્યાય બુદ્ધિ રખકર હૈ એ મોહ હૈ, એ પર્યાયબુદ્ધિ મિથ્યાત્વ હૈ. આહાહાહા ! હૈ ખરી એ ચીજ પર્યાયમેં, પણ ઉસકી બુદ્ધિ મિથ્યાત્વ હૈ, તે મિથ્યાત્વ બુદ્ધિ, પર્યાયબુદ્ધિ છોડકર મોહ રહિત હોકર 'જગત' જગત એટલે જગતના જીવો, બહારથી તો એમ કહેવાયને કે આ કાઠિયાવાડ આવ્યું. કાઠિયાવાડ આવે છે ? કાઠિયાવાડના માણસો આવે છે. દક્ષિણના માણસો આવે છે, તો કહેવાય છે કે આ દક્ષિણ આવ્યું. એમ આ જગત કીધું. પણ જગતના માણસો કહેવાય. આહાહા ! હે જગતના પ્રાણી, અનુભવ કરો, આહાહાહા... જ્યાં ભગવાન પૂર્ણાનંદ નિત્ય ધ્રુવ બિરાજતે હૈ અંદર, ઉસકા અનુભવ કરો, અનુભવ હૈ પર્યાય. પણ દ્રવ્યકા અનુભવ કરો, પર્યાયકા અનુભવ જો હૈ એ તો અજ્ઞાન અનાદિકા હૈ અનાદિકા. આહાહા !

વસ્તુ જે ત્રિકાળી નિત્યાનંદ પ્રભુ, જિસમેં પર્યાયકા પ્રવેશ નહીં, અરે ત્રિકાળી દ્રવ્ય જ્ઞાયકભાવ પર્યાયકો છૂતેય નહીં, સમજમેં આયા ? ( શ્રોતાઃ– છૂતેય નહીં, સ્પર્શ કરતે નહી. તો ક્યા કરતે હૈ ) નહીં, સ્પર્શ કરતે નહીં ભિન્ન હૈ. ( શ્રોતાઃ– ધ્યાન કિસકા કરે ? ) પણ ધ્યાન કરે પર્યાય તો ત્રિકાળીકા તો એ પર્યાય છૂતી નહીં, પણ ધ્યાન ઉસકા કરના. અનુભવકી પર્યાય દ્રવ્યકો છૂતી નહીં, છતાં દ્રવ્યકા લક્ષસે જે અનુભવ હુઆ એ આનંદકા અનુભવ હૈ. આહાહાહા ! પર્યાયકા અનુભવ એ દુઃખકા અનુભવ થા. એ કર્મચેતના ને કર્મ ફળચેતનાકા અનુભવ થા, અને આત્માકા અનુભવ એ જ્ઞાન ચેતનાકા અનુભવ હુઆ. આહાહાહાહા ! સમજમેં આયા ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


'જગત' એટલે જગતના પ્રાણીઓ, અનુભવ કરે. ક્યોંકિ મોહ કર્મકે ઉદયસે ઉત્પન્ન મિથ્યાત્વકો મિથ્યા શ્રદ્ધારૂપી અજ્ઞાન જહાંતક રહેતા હૈ, પર્યાયબુદ્ધિ રાગ મૈં હું, પર્યાય જિતના મૈં હું ઐસા અજ્ઞાન રહેતે હૈ, વહાં તક એ અનુભવ યથાર્થ નહીં હોતા. આહાહાહાહાહા !

શરીર, સ્ત્રી, કર્મ કુટુંબ મેરા હૈ એ તો મહાભ્રમણા અજ્ઞાન હૈ, પણ પર્યાયબુદ્ધિ હૈ યહ અજ્ઞાન હૈ, કહેતે હૈ. આહાહા ! ( શ્રોતાઃ- પર્યાયબુદ્ધિ સમજમેં નહીં આઇ. ) એક સમયકી અવસ્થાકી બુદ્ધિ નામ પર્યાયબુદ્ધિ, અનાદિકા એ ચીજ હૈ એ તો, આહાહાહા ! આવો મારગ છે. એવો મારગ વીતરાગનો કહ્યો સભાની માંય સીમંધર પરમાત્મા, આહાહા ! મોહ કર્મના ઊદયસે, અનુભવ યથાર્થ નહીં હોતા, ક્યા કહેતે હૈ ? જબલગ રાગ ને પુણ્ય ને દયા ને દાન ને અનેક પર્યાય જે હૈ ઉસકી રુચિ રહેતી હૈ, તબલગ અંતરકા યથાર્થ અનુભવ નહીં હોતા. જિસકી રુચિ હૈ ત્યાં વીર્ય કામ કરતે હૈ, રાગ ને પર્યાયકી રુચિ હૈ તો વીર્ય ત્યાં કામ કરતે હૈ. અને ઐસી રુચિસે અંતરકા અનુભવ નહીં હો સકતા. આહાહા !

ભાવાર્થઃ – યહાં એ ઉપદેશ હૈ કે શુદ્ધનયકે વિષયરૂપ આત્માકા અનુભવ કરો. બહુ ટૂંકુ કરી નાખ્યું. સમ્યગ્જ્ઞાન જે શુદ્ધનય હૈ જિસકા વિષય જ્ઞાયક ત્રિકાળ હૈ ઉસકા અનુભવ કરો. આ સાર લિયા. સમજમેં આયા ? આકરી વાત હૈ પણ એ નિર્ણય તો કરે જ્ઞાનમેં પહેલે નિર્ણય તો કરે કે માર્ગ આ હૈ. આહાહા !

અબ ઇસી અર્થકા સૂચક કળશરૂપ કાવ્ય પુનઃ કહેતે હૈ, ઇસમેં યહ કહા ગયા હૈ કે ઐસા અનુભવ કરનેપર આત્મદેવ પ્રગટ પ્રતિભાસમાન હોતા હૈ. આહાહાહા !

---

## શ્લોક - ૧૨

( शार्दूलविक्रीडित )

भूतं भान्तमभूतमेव रभसान्निर्भिद्य बन्धं सुधी-
र्यद्यन्तः किल कोऽप्यहो कलयति व्याहत्य मोहं हठात् ।
आत्मात्मानुभवैकगम्यमहिमा व्यक्तोऽयमास्ते ध्रुवं
नित्यं कर्मकलङ्कपङ्कविकलो देवः स्वयं शाश्वतः।।१२।।

**હવે, એ જ અર્થનું કલશરૂપ કાવ્ય ફરીને કહે છે જેમાં એમ કહે છે કે આવો અનુભવ કર્યે આત્મદેવ પ્રગટ પ્રતિભાસમાન થાય છેઃ-**

**શ્લોકાર્થઃ-[ यदि ] જો [ कः अपि सुधीः ] કોઈ સુબુદ્ધિ ( સમ્યગ્દૃષ્ટિ ) [ भूतं भान्तम् अभूतम् एव बन्धं ] ભૂત, વર્તમાન અને ભાવી એવા ત્રણે કાળનાં કર્મોના બંધને પોતાના આત્માથી [ रभसात् ] તત્કાળ-શીઘ્ર [ निर्भिद्य ] ભિન્ન કરીને તથા [ मोहं ] તે કર્મના ઉદયના નિમિત્તથી થયેલ મિથ્યાત્વ ( અજ્ઞાન ) ને [ हठात् ] પોતાના બળથી ( પુરુષાર્થથી ) [ व्याहत्य ] રોકીને અથવા નાશ કરીને [ अन्तः ] અંતરંગમાં [ किल अहो कलयति ] અભ્યાસ કરે-દેખે તો [ अयम् आत्मा ] આ આત્મા [ आत्मअनुभव-एक-गम्य-महिमा ] પોતાના અનુભવથી જ જણાવાયોગ્ય જેનો પ્રગટ મહિમા છે એવો [ व्यक्तः ] વ્યક્ત**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


**( અનુભવગોચર ), [ ध्रुवं ] નિશ્ચલ, [ शाश्वत: ] શાશ્વત, [ नित्यं कर्म-कलङ्क-पङ्क-विकल: ] નિત્ય કર્મકલંક-કર્દમથી રહિત- [ स्वयं देव: ] એવો પોતે સ્તુતિ કરવા યોગ્ય દેવ [ आस्ते ] વિરાજમાન છે.**

**ભાવાર્થ:- શુદ્ધનયની દૃષ્ટિથી જોવામાં આવે તો સર્વ કર્મોથી રહિત ચૈતન્યમાત્ર દેવ અવિનાશી આત્મા અંતરંગમાં પોતે વિરાજી રહ્યો છે.આ પ્રાણી-પર્યાયબુદ્ધિ બહિરાત્મા-તેને બહાર ઢૂંઢે છે તે મોટું અજ્ઞાન છે. ૧૨.**

---

( शार्दूलविक्रीडित )

भूतं भान्तमभूतमेव रभसान्निर्भिद्य बन्धं सुधी–
र्यद्यन्त: किल कोऽप्यहो कलयति व्याहत्य मोहं हठात् ।
आत्मात्मानुभवैकगम्यमहिमा व्यक्तोऽयमास्ते ध्रुवं
नित्यं कर्मकलङ्कपङ्कविकलो देव: स्वयं शाश्वत:।।१२।।

રભસાત્ જોયું રભસાત્ આવ્યું અહીંયા વો પ્રજ્ઞાછીણીમેં રભસાત્ આતા હૈ ત્યાં એક સમય લીધુ'તું, જેમ એણે આ રભસાત્ શીઘ્ર. આહાહા ! તું ભગવાન દેવ શાશ્વત અંદર હૈ પ્રભુ તેરી દિવ્યશક્તિકા પાર નહીં, ખબર કેમ પડે ? આહાહા ! બે બીડી સીગારેટની સરખી પીવે તો ભાઈસાબને કળશો ઊતરે આવા તો અપલખણ, હવે એને એમ કહેવું કે આ દેવ હૈ. હૈં ! અને ૬૦ વર્ષે છોકરો આવે વાંઝિયામેણું ટળે ત્યારે એના છોકરાને આમ બચ્ચી ભરે આહાહા ! ઓહોહો ! શું છે પણ આ, તારું પાગલપણું ક્યાં છે ? અને એમાં પાંચ –દસ લાખની પેદાશ થઇ હોય તો કરો આજ લાપસી. પેદાશ મોટી થઇ ગઇ છે ધૂળમાંય નથી હવે પાપની પેદાશ છે સાંભળને હવે. આહાહા !

યદિ કોઇ સુબુદ્ધિ, આહાહા ! હૈ ? સુબુદ્ધિ, જ્ઞાની, સમ્યગ્દૃષ્ટિ, આહાહાહા... "ભૂતં ભાન્તં અનુભૂતમ એવ બન્ધં" જીવ ભગવાન આત્મા, ભૂતકાળ ગયોકાળ વર્તમાન ને ભવિષ્ય તીનોં કાળમેં કર્મકે બંધકો અપને આત્માસે, તીનોં કાળકા રાગકા સંબંધ ઉસકો અપને આત્માસે તત્કાળ શીઘ્ર ભિન્ન કરકે, આહાહા ! એ રાગ અને પુણ્ય દયા દાન આદિ વિકલ્પ ને આકૂળતા એ બધી હૈ, ઉસસે આહાહા... 'રભસાત્" તીનોં કાળકી વિકારી પર્યાયસે, આહાહા... અપનેકો શીઘ્ર ભિન્ન કરકે, ઘઉંમેંસે જૈસા કાંકરા નિકાલ દેતે હૈ, ઘઉં કહેતે હૈ ને ઘઉં, કાંકરી નિકાલતે હૈ એમ પુણ્ય ને પાપકી પર્યાય, મેલ કાંકરી હૈ ઉસસે ભિન્ન ઘઉં હૈ, ઐસા આનંદકંદ પ્રભુ હૈ. આહાહાહા... ઉસકી દૃષ્ટિ કરો તો તેરે સમ્યગ્દર્શન હોગા. ધર્મકી પહેલી સીઢી શરૂઆત ત્યાંસે હોગી. આહાહાહા !

( શ્રોતા:– પુણ્ય પરિણામકો મેલ ક્યોં કહેતે હો આપ મહારાજ ) મેલ હૈ કે નહીં, કયા હૈ ? મલિન હૈ ને, અશુચિ હૈ ને, જડ હૈ ને ? દુ:ખ હૈ ને ? ( શ્રોતા:– જડ કહો પણ મેલ નહીં ) એ જડકા અર્થ કયા ? ચૈતન્ય પ્રકાશકા નૂરકા ઉસમેં અભાવ હૈ. રાગ, દયા, દાન આદિ ભાવ હૈ ઉસમેં ચૈતન્યકા અંશકા અભાવ હૈ, માટે જડ હે. આહાહાહા ! ( શ્રોતા:– મેલ નહીં કહેના ચાહીયે ) મેલ હૈ અશુચિ કહા ને ! અશુચિ કહો કે મેલ કહો કે વિભાવ કહો, અધર્મ કહો, આહાહા ! આંહી તો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

કહેતે હૈ કે પ્રભુ ત્રિકાળી જ્ઞાયક મૂર્તિ પ્રભુ એને આ ત્રિકાળી જે વિકાર હૈ ઉસસે ભિન્ન કર દે, આહાહાહા ! ત્રિકાળી ચીજકી દૃષ્ટિ કરકે, ત્રિકાળમેં રહેનેવાલી વિકૃત અવસ્થાકો દૂર કર દે. આહાહા ! ભાષા તો કૈસી ? આહાહાહા... ભૂતકાળ, વર્તમાન ને ભવિષ્યમેં રહેનેવાલા વિકૃત અવસ્થા ઉસકો ત્રિકાળી જ્ઞાયકભાવકા આશ્રય કરકે છોડ દે, ભિન્ન કર દે, આહાહાહા... એ પુરુષાર્થસે હોતા હૈ. સમજમેં આયા ?

કોઇ કહેતે હૈ કે તુમ તો ક્રમબદ્ધ માનતે હૈ ને એમાં આ કહાં આયા ? આહાહા... અરે સૂન તો સહી પ્રભુ, ક્રમબદ્ધ માનનેમેંય અકર્તાપણા આ રીતે આ ગયા, સમજમેં આયા ? જે સમયે હોગા એ હોગા ક્રમબદ્ધ, પણ એ હોગા એ હોગા કિસકો ? જિસને જ્ઞાયકભાવકા નિર્ણય કિયા અને રાગકા અકર્તાપણા હુઆ ઉસકો ક્રમબદ્ધકા નિર્ણય યથાર્થ હૈ. રાગકા કર્તા હું અને ક્રમબદ્ધ માનના દો ચીજ રહેતી નહીં. કયા કહા એ ? આહાહાહા ! વિકલ્પકા કર્તા હો અને ક્રમબદ્ધ માને એ દો ચીજ રહે સકતી નહીં. એ ક્રમબદ્ધ માનનેવાલા રાગકા અકર્તા હોકર જ્ઞાયકસ્વભાવકી દૃષ્ટિ કરતે હૈ. આહાહાહા ! આવી વાતું છે. નવું લાગે અજાણ્યા માણસને તો. આ કઇ જાતનો તે જૈન પરમેશ્વરનો મારગ હશે આ ? હવે અમે તો ઇચ્છામિ ઇરિયા વીરીયા તસ્ય મિચ્છામિ દુકકડં લ્યો લોગસ્સમાં એવં મયે અભિથ્થુઆ –કાંઇ ન મળે બાપા આહાહા ! આંહી તો એ તો શબ્દો જડ, ભાષા જડ, વિકલ્પ ઊઠે એ પણ જડ, એનાથી તો ભગવાન ભિન્ન, નિત્ય એકરૂપ હૈ. આહાહા !

હૈ ? આહા ! અપને આત્માસે શીઘ્ર ભિન્ન કરકે ઉસ કર્મોદયકે નિમિત્તસે હોનેવાલા, નિમિત્તસે હોનેવાલા હોં, હૈ તો અપનેસે હોતા હૈ મોહ, કર્મ તો નિમિત્ત હૈ. હોનેવાલા મિથ્યાત્વકો ભ્રમણા જો હૈ રાગ મૈં હું. પુણ્ય મૈં હું, પર્યાય જિતના મૈં હું ઐસા જો મિથ્યાત્વભાવ હૈ ઉસકો અપને બળસે હઠાવ, જુઓ અપના બળસે સ્વભાવ સન્મુખ હોનેકા અપના બળસે રોકકર પુરુષાર્થસે રોકકર, નાશ કરકે અંતરંગમેં અભ્યાસ કર દેખે, અંતરંગમેં રાગસે ભિન્ન અભ્યાસ કરકે દેખે. તો યહ આત્મા અપને અનુભવમેં આ જાનને યોગ્ય જિસકો પ્રગટ મહિમા હૈ, પ્રગટ મહિમા હૈ અંદર પડી હૈ. આહાહા ! અમૃતકા સાગર ઉછળતે હૈ અંદર અતીન્દ્રિય અમૃતકા સાગર ભગવાન આત્મા, આહાહા ! એ પ્રગટ મહિમા હૈ. ઐસા વ્યક્ત, અનુભવગમ્ય, નિશ્ચલ, આ શાશ્વત, શાશ્વત વસ્તુ પ્રભુ હૈ અંદર, એ નિત્ય કર્મકલંકસે રહિત સ્વયં ઐસા સ્તુતિ કરને યોગ્ય દેવ, આહાહા... એ સ્તુતિ કરનેલાયક એ ભગવાન આત્મા હૈ, આહાહા... ઉસકી સ્વીકાર કરના સત્કાર કરના એ સ્તુતિ હૈ, એ સ્તુતિ કરના એ દેવકી સ્તુતિ હૈ, દ્રવ્યકી સ્તુતિ હૈ. આહાહા ! વિશેષ કહેગા. ( શ્રોતાઃ- પ્રમાણ વચન ગુરુદેવ. )

## પ્રવચન નં. ૭૨ શ્લોક - ૧૨-૧૩ તા. ૨૯-૮-૭૮ મંગળવાર, શ્રાવણ વદ-૧૧ સં. ૨૫૦૪

શ્રી સમયસાર ૧૨ મા કળશનો ભાવાર્થ.

**ભાવાર્થઃ** - ૧૨ મો કળશ થયો ને, શુદ્ધનયકી દૃષ્ટિસે દેખા જાય બારમા કળશ હૈ ઉસકા ભાવાર્થ હૈ ! આત્માકો શુદ્ધનય નામ નિશ્ચય દૃષ્ટિસે ત્રિકાળી જ્ઞાયકભાવકો દેખનેસે સર્વ કર્મોસે રહિત ભગવાન આત્મા તો હૈ, દર્શનકી વ્યાખ્યા હૈ, સમ્યગ્દર્શન( કી ). સર્વ કર્મોસે રહિત, રાગ

આદિથી પણ રહિત ચૈતન્યમાત્ર દેવ એ તો દૈવશક્તિ, દિવ્ય શક્તિકા ધરનાર દેવ ભગવાન આત્મા ચૈતન્યદેવ અવિનાશી એ કભી નાશ નહીં હોતા, પર્યાય પલટતી હૈ ઉસમેં એ આતા નહીં. આહાહા !

આત્મા અંતરંગમેં સ્વયં બિરાજમાન હૈ, અંતરમેં ધ્રુવમેં સારા અસંખ્ય પ્રદેશ હૈ દરેક પ્રદેશ ઉપર પર્યાય હૈ. કયા કહેતે હૈ ? આ અસંખ્ય પ્રદેશ હૈ તો ઉપર ઉપર પર્યાય હૈ ઐસા નહીં, સબ પ્રદેશ અંદરમેં પ્રદેશ ઉપર પર્યાય હૈ. આ પેટમાં અંદરમાં અસંખ્ય પ્રદેશ હૈ તો દરેક પ્રદેશ ઉપર પર્યાય હૈ. આહાહા ! એ પર્યાયકો તળમેં ધ્રુવમેં લગાકર, આહાહા... પાતાળમેં ભગવાન ધ્રુવ પડા હૈ અંદર, સ્વયં બિરાજમાન ભગવાન હૈ, ઉસકો પ્રાણી પર્યાયબુદ્ધિ બહિરાત્મા ઉસે બહાર ઢુંઢતે હૈ, પર્યાયની અંશ બુદ્ધિ રાગ બહાર ઢુંઢતે હૈ. બહારસે કોઇ મિલેગા, કોઇ ક્રિયાકાંડસે ઐસે વૈસે, આહાહા... પણ વો ભગવાન તો અંતરમેં બિરાજતે હૈ. આહાહા !

સચ્ચિદાનંદ સ્વરૂપ સત્ શાશ્વત, ચિદાનંદ, જ્ઞાનાનંદ સ્વભાવ ઐસી પરિપૂર્ણ ચીજ, ઉસકો અંતરમેં બિરાજમાન હૈ, પર્યાયબુદ્ધિ બહારમેં ઢુંઢતે હૈ. આહાહા ! સમજમેં આયા ? જાણે કોઇ ભગવાનની ભક્તિ કરનેસે ભગવાન આત્મા મિલ જાયેગા, કોઇ દયા, દાન, રાગકી મમતા કરનેસે ભગવાન મિલ જાયેગા આત્મા, ઐસે વર્તમાન અંશકો હી માનનેવાલા ઔર અંશની પીછે અંદર ભગવાન સમીપમેં બિરાજમાન હૈ એ પર્યાયબુદ્ધિ ઉસકો નહીં શોધતે, પર્યાયબુદ્ધિ બહાર શોધતે હૈં. આહાહા ! હૈં ? જાણે સમેતશિખરની જાત્રા કરીએ તો ભગવાન મિલ જાયેગા, નહીં ? ઐસા આયા ને ? એકવાર વંદે જો કોઇ, આતે હૈ કિ નહીં ? એક વાર વંદે જો કોઇ તાકે નરક પશુ નહીં હોઇ, પણ નરક પશુ નહીં હોય ને ? પણ ચાર ગતિ ન હોય ઐસા તો આયા નહીં. આહાહા ! એ તો શુભભાવ હૈ, વો ઉસમેં કોઇ આત્મા મિલતા હૈ ઐસા હૈ નહીં. આહાહા !

એ પ્રાણી પર્યાયબુદ્ધિ ભાષા બહુ ટૂંકી હૈ, પણ મર્મ બહોત હૈ, ભગવાન આત્મા અસંખ્ય પ્રદેશી સુખધામ અનંત અનંત દિવ્ય શક્તિકા દેવ, એ ઉસકો અંતરમેં હૈ ત્યાં શોધતે નહીં. એ પર્યાયબુદ્ધિ બહારમેં શોધતે હૈ. ઐસા કરું તો ઐસા હો જાયે. ઐસા કરું તો ઐસા હોગા, દેવ, ગુરુ, શાસ્ત્રકે બહોત ભક્તિ, બહોત વિનય કરું તો એ પ્રાપ્ત હોગા, ઐસી પર્યાયબુદ્ધિ બહાર રુકતે હૈ, આહાહાહા... છ પ્રકારકા તપ હૈ ને ? વો અભ્યંતર, બાર પ્રકારકા તપમેં છ અભ્યંતર તપ હૈ ને ? પ્રાયશ્ચિત, વિનય, વૈયાવચ્ચ, સજ્જાય, ધ્યાન, વ્યુત્સર્ગ વો ભી સબ વિકલ્પાત્મક બાહ્યકી ક્રિયાકી અપેક્ષા હૈ. આહાહા ! ઉસસે રહિત ભગવાન, જહાં હૈ ત્યાં નજર નહીં કરતે, અને પર્યાયમેં હૈ નહીં ત્યાં નજર અનાદિસે પડી હૈ. પર્યાયમેં દ્રવ્ય આયા નહીં, દ્રવ્ય રહેતે નહીં, દ્રવ્ય હૈ નહીં. આહાહાહા !

અરે, આવો વખત ક્યાં મળે ? માંડ મનુષ્યપણામાં એ જાતના ક્ષયોપશમજ્ઞાન અને ઉસકો સૂનનેકા મિલા પણ અંતરમેં જાના, આહાહાહા... ( શ્રોતાઃ– પર્યાયમેં દ્રવ્ય રહેતા નહીં કિ પર્યાયમેં દ્રવ્ય આયા નહીં. ) પર્યાયમેં દ્રવ્ય આયા નહીં. પર્યાય દ્રવ્યમેં ગઇ નહીં. ( શ્રોતાઃ– વાહ રે વાહ ) આહાહા ! અને ત્યાં પર્યાયમેં વર્તમાન અંશમેં શોધતે હૈ. યહાંસે મિલ જાયેગા ? જ્ઞાનકા ક્ષયોપશમ બહોત હુઆ તો ઉસસે મિલ જાયેગા ? વો તો પર્યાય ક્ષયોપશમ પર્યાય હૈ, ઉસમેં, વો કોઇ અખંડ તત્ત્વ નહીં. આહાહાહા... રાગકી મંદ ક્રિયા કરતે કરતે અંતરમેં એમ કે આત્મદ્રવ્ય મિલ જાયેગા, વો તો પર્યાયબુદ્ધિ હૈ. બહિરાત્મા હૈ, કહા ને ?

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


પર્યાયબુદ્ધિ, બહિરાત્મા, બહિર આત્મા, બહાર શોધનેવાલા, બહિર નામ સ્વરૂપમેં નહીં ઐસી ચીજકો શોધકર ઉસસે મિલેગા એ બહિરાત્મા હૈ. આહાહાહા... બહુ ઝીણું બાપુ મારગ. ઉસે બહાર ઢુંઢતા હૈ વો મહા અજ્ઞાન હૈ, આહાહા... અંતરમેં દિવ્ય શક્તિ દેવ બિરાજમાન અંતરમેં જાતે નહીં. આહાહા ! તળમેં પાતાળમેં જેમ પાણી ભરા હૈ ઐસે તળમેં પૂર્ણાનંદ ભરા હૈ ભગવાન, પર્યાયસે ભિન્ન. જો કે ઉસકા અનુભવ કરતી હૈ પર્યાય. આહાહા !

જે ત્રિકાળી જ્ઞાયકભાવકા અનુભવ હોતા હૈ પર્યાયમેં, પણ પર્યાયકે આશ્રયસે દ્રવ્યકા અનુભવ નહીં હોતા. આહાહાહા ! અને પીછે ભી અનુભવકી પર્યાયકે આશ્રયસે ચારિત્ર ને કેવળજ્ઞાન નહીં હોગા. આહાહા ! એ તો જ્ઞાયક ચિદાનંદ પ્રભુ અનંત ગુણકી ખાણ ઉસકે આશ્રયસે ચારિત્ર ને કેવળજ્ઞાન હોગા. આહાહાહા ! લોક બહારસે ઢુંઢતે હૈ પણ એ અજ્ઞાન હૈ. એ ચૌદ ગાથાકી બાત કિયા. હવે ૧૫ મી.

અબ શુદ્ધનયકે વિષયભૂત આત્માકી અનુભૂતિ એ ૧૪ મીમાં દર્શન પ્રધાન કરકે ત્રિકાળી જ્ઞાયકકી અનુભૂતિ એ સમ્યગ્દર્શન હૈ ઐસા કહા. સમજમેં આયા ? યહાં જ્ઞાનકી અનુભૂતિ હૈ એ જ્ઞાનકી અનુભૂતિ હૈ. કયા કહેતે હૈ ? જો જ્ઞાયક સ્વભાવ શુદ્ધ ચૈતન્ય, ઉસકા અનુભવ વો હી જ્ઞાનકા અનુભવ હૈ. જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા તો જ્ઞાનકી પ્રધાનતાસે જ્ઞાનકી અનુભૂતિ હૈ. જે આત્માકી અનુભૂતિ હૈ. યે હી જ્ઞાનકી અનુભૂતિ હૈ. પંદરમી ગાથામેં જ્ઞાનકી અનુભૂતિકી પ્રધાનતાસે કથન હૈ. આહાહાહાહા !

જ્ઞાનકી અનુભૂતિકા અર્થ કયા ? જે ત્રિકાળી જ્ઞાયક જ્ઞાન સ્વરૂપ હૈ ઉસકો ગ્રહણ કરકે અસાધારણ જ્ઞાન સ્વભાવ જે ત્રિકાળ હૈ ઉસકો ગ્રહણ કરકે અનુભવ કરના, પ્રવચનસારમેં આયા હૈ, જ્ઞાન અધિકારમેં. અસાધારણ જ્ઞાનસ્વભાવકો ગ્રહણ કરકે પર્યાયમેં અનુભવ કરના, આહાહાહાહા... પ્રવચનસાર જ્ઞાન અધિકારમેં આયા હૈ. જ્ઞાન અધિકાર હૈ ને પહેલે, દૂસરા દર્શન અધિકાર હૈ, જ્ઞેય અધિકાર કહો કે દર્શન અધિકાર, તીસરા ચરણાનુયોગ અધિકાર હૈ. તીન. આહાહા... તો ત્યાં ઐસા લિયા હૈ કે અસાધારણ જ્ઞાન સ્વભાવ, એક ગુણ દૂસરા ગુણમેં, ઐસી ચીજ હૈ નહીં, એ ગુણ દૂસરેમેં હૈ નહીં, આ ગુણ દૂસરેમેં હૈ નહીં. ઐસે અસાધારણ ગુણકો કારણપણે ગ્રહણ કરકે ઐસા પાઠ હૈ સંસ્કૃત ટીકામાં. સમજમેં આયા ?

એ જ્ઞાયક હૈ એ જ્ઞાનસ્વભાવે વસ્તુ હૈ. સાકરકા અનુભવ કહો કે ગળપણકા, ગળપણ કહેતે હૈ ને ? ( મીઠાશ ) મીઠાશકા અનુભવ કહો, એમ આત્માકા ત્રિકાળકા અનુભવ કહો કે ઉસકા જ્ઞાનકા અનુભવ કહો. આહાહા ! આ જ્ઞાન કયા ? શાસ્ત્રજ્ઞાન નહીં, ક્ષયોપશમજ્ઞાનકી પર્યાય એ પણ આ નહીં. ક્ષાયિકજ્ઞાનકી પર્યાય તો હૈ નહીં અત્યારે. એ તો બાત નહીં, આ જ્ઞાન એટલે ત્રિકાળીજ્ઞાન સ્વરૂપ જે પિંડ પ્રભુ ઉસકા અનુભવ હૈ જ્ઞાનકા ક્ષયોપશમજ્ઞાનકી પર્યાયકા અનુભવ એ આંહી વાત હૈ નહીં. આંહી તો જૈસા આત્મા ત્રિકાળી હૈ, ઉસકા જ્ઞાનસ્વભાવ ત્રિકાળી હૈ, એ જ્ઞાનકા અનુભવ લેના હૈ યહાં. આહાહા ! પર્યાયકા અનુભવ જ્ઞાનકી પર્યાયકા અનુભવ એ નહીં ત્રિકાળી જ્ઞાનકા અનુભવ, આહાહા ! સમજમેં આયા ?

આ ૧૪ મી ગાથામેં દર્શનપ્રધાન કથન થા, હવે યહાં જ્ઞાનપ્રધાન કથન હૈ. તો એ કહેતે હૈ કે શુદ્ધનયકે વિષય ધ્યેય ધર્મીકા ધ્યેય, સમ્યગ્દ્રષ્ટિકા ધ્યેય ધ્રુવ, સમ્યગ્દ્રષ્ટિકા ધ્યેય ધ્રુવ,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


ધ્યાનકા વિષય ધ્રુવ, આહા... આવી વાત છે. ઉસકો વિષયભૂત બનાકર આત્માકી અનુભૂતિ હી જ્ઞાનકી અનુભૂતિ હૈ. એ તો એ જ આત્માકા અનુભવ કહો કે જ્ઞાનકી અનુભૂતિ કહો, દો એક હી બાત હૈ. ગુણીકા અનુભવ કહો કે જ્ઞાન ગુણકા અનુભવ કહો. આહાહાહા ! ( શ્રોતાઃ– મહારાજ હમકો તો મોક્ષમાર્ગ સૂનાઓ. ) આ કિસકી ગાથા ચલતી હૈ ? આ મોક્ષમાર્ગ આ હૈ. જે મુક્ત સ્વરૂપ ભગવાન આત્મા, ઉસકા અનુભવ કરના એ મોક્ષમાર્ગ હૈ. અહીં તો સમ્યગ્દર્શનકી બાત ચલતે હૈ સમ્યગ્જ્ઞાનકી, ચારિત્ર તો પીછે સોળમેં લેગા.

ચૌદમેમેં દર્શન અધિકાર, પંદરમેમેં જ્ઞાન મુખ્ય અધિકાર, સોળમેમેં દર્શન, જ્ઞાન, ચારિત્ર તીનોંકા અધિકાર. ચૌદ, પંદર ને સોળ. સમજમેં આયા ? સોળમેં વો લેગા ચારિત્ર, આંહી તો હજી જ્ઞાન દર્શનકા અધિકાર કહા. ઐસે એ આત્માકા અનુભવ વો સમ્યગ્દર્શન, તો ઐસા જ્ઞાનકા અનુભવ ભી સમ્યગ્જ્ઞાન અને એ સમ્યગ્દર્શન. આહાહાહા ! આવી વાતું છે બહુ આકરી. ધીરા વિના એ વસ્તુ અંતરમાં પકડાય એવી નથી બાપુ. આહાહા ! ઘણી ધીરજ જોઇએ. અપની પર્યાયકો દ્રવ્ય તરફ ઝૂકાના એ કાંઇ સાધારણ વાત નહીં, સમજમેં આયા ? વર્તમાન પર્યાયકો આહાહાહા... ઉસકા તળ જો ધ્રુવ વો તરફ ઝૂકાના એ અલૌકિક બાત હૈ. હૈ ( શ્રોતાઃ– વો હી વિધિ બતાઓ મહારાજ. ) આજ વસ્તુ હૈ એ કહેગા.

* આત્માને સદાય ઊર્ધ્વ એટલે મુખ્ય રાખવો. ગમે તે પ્રસંગ આવે પણ દ્રવ્યસ્વભાવને મુખ્ય રાખવો. શુભાશુભ પરિણામ આવે ભલે, પણ કાયમ દ્રવ્યસ્વભાવનું ધ્યેય રાખવું. આત્માને મુખ્ય રાખતાં જે દશા થાય તે નિર્મળદશાને સાધન કહેવાય છે ને તેનું સાધ્ય કેવળજ્ઞાન કરવું તે છે ને તેનું ધ્યેય પૂર્ણ આત્મા છે. કષાયની મંદતા કે જ્ઞાનના ઊઘાડની મુખ્યતા હશે તેની દૃષ્ટિ સંયોગ ઉપર જશે. આત્માની ઊર્ધ્વતાની રુચિ ને જિજ્ઞાસા હોય તેનો પ્રયાસ થયા વિના રહે જ નહિ. આત્માના અનુભવ પહેલાં પણ સાચી જિજ્ઞાસા હોય તેને અવ્યક્તપણે આત્માની ઊર્ધ્વતા હોય. હજુ આત્મા જાણવામાં આવ્યો નથી પણ અવ્યક્તપણે ઊર્ધ્વતા થાય અને અનુભવમાં આવે ત્યારે વ્યક્ત–પ્રગટ ઊર્ધ્વતા થાય.

( દૃષ્ટિનાં નિધાન - ૯૯ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


# શ્લોક - ૧૩

ઇસ પ્રકાર આગેકી ગાથાકી સૂચનાકે અર્થરૂપ કાવ્ય કહેતે હૈ પંદરમી ગાથાની સૂચનાના ઉપોદ્‌ઘાતરૂપ શ્લોક કહેનેમેં આતે હૈ તેર. આહાહા !

( वसंततिलका )

आत्मानुभूतिरिति शुद्धनयात्मिका या
ज्ञानानुभूतिरियमेव किलेति बुद्ध्वा।
आत्मानमात्मनि निवेश्य सुनिष्प्रकम्प-
मेकोऽस्ति नित्यमवबोधघनः समन्तात्।।१३।।

**હવે, શુદ્ધનયના વિષયભૂત આત્માની અનુભૂતિ છે તે જ જ્ઞાનની અનુભૂતિ છે એમ આગળની ગાથાની સૂચનાના અર્થરૂપ કાવ્ય કહે છેઃ-**

**શ્લોકાર્થઃ- [ इति ] એ રીતે [ या शुद्धनयात्मिका आत्म-अनुभूतिः ] જે પૂર્વ-કથિત શુદ્ધનયસ્વરૂપ આત્માની અનુભૂતિ છે [ इयम् एव किल ज्ञान-अनुभूतिः ] તે જ ખરેખર જ્ઞાનની અનુભૂતિ છે [ इति बुद्ध्वा ] એમ જાણીને તથા [ आत्मनि आत्मानम् सुनिष्प्रकम्पम् निवेश्य ] આત્મામાં આત્માને નિશ્ચળ સ્થાપીને, [ नित्यम् समन्तात् एकः अवबोध-घनः अस्ति ] 'સદા સર્વ તરફ એક જ્ઞાનઘન આત્મા છે' એમ દેખવું.**

**ભાવાર્થઃ- પહેલાં સમ્યગ્દર્શનને પ્રધાન કરી કહ્યું હતું; હવે જ્ઞાનને મુખ્ય કરી કહે છે કે આ શુદ્ધનયના વિષયસ્વરૂપ આત્માની અનુભૂતિ છે તે જ સમ્યગ્જ્ઞાન છે. ૧૩.**

---

आत्मानुभूतिरिति शुद्धनयात्मिका या ज्ञानानुभूतिरियमेव किलेति बुद्ध्वा ।
आत्मानमात्मनि निवेश्य सुनिष्प्रकम्पमेकोऽस्ति नित्यमवबोधघनः समन्तात् ।।१३।।

કળશ છે કળશ એ તો, મંદિરમેં કળશ ચઢાવેને ઐસા કળશ હૈ. આહાહા ! અમૃતચંદ્રાચાર્ય ! ઉસમેં નામ આતા હૈ ને ભાઈ જગમોહનલાલજી અભી ટીકાકા નામ આપ્યા ને ? "અમૃત કળશ" આ "અમૃત કળશ" એ ફુલચંદજી પંડિતકા હૈ ઉસમેં લેખ હૈ. અભી આ કળશ ટીકાકા અર્થ કિયા ને જગમોહનલાલજીએ તો ઉસકા નામ આપ્યા હૈ 'અમૃત' ( શ્રોતાઃ- સૌ પોતાનો અભિપ્રાય લખે. ) એ તો ખ્યાલમેં હૈ, એ તો ખ્યાલમેં હૈ અને તુમે ઐસા લિખા હૈ અંદર થોડા કે ઐસી દૃષ્ટિ રખ કરકે સમજના, ખબર હૈ, આ ખબર હૈ. તમારા લખાણ દેખ્યા હૈ, બરાબર લિખા હૈ. અને કોઇ પૂછતે થે તેથી આ ફુલચંદજી ઐસા ક્યું ઉસમેં લિખા, આહાહા... મેરેકુ પૂછતે થે. કહ્યું ભાઈ ઉસને જૈન તત્ત્વ મિમાંસામેં જગમોહનલાલજીએ લિખા થા. તો ઉસને લિખા પણ છતાં છેલ્લા અક્ષર ઐસા હૈ ઉસમેં પંડિતજીકા હૈ, ખબર હૈ, કે ઐસે ત્રિકાળકા જ્ઞાયકકી દૃષ્ટિમેં લેકર સમજે, આહાહા... ઉસકો વાંચો, એ દૃષ્ટિ કરકે ઐસે વાંચના, વ્યવહારસે હોગા ને, ઐસે હોગા ને ઐસી દૃષ્ટિસે નહીં વાંચના, પંડિતજીએ લિખા હૈ. આહાહા ! આંહી તો અમૃતચંદ્રાચાર્યના અમૃતકળશ. આહાહા ! કયા કહેતે હૈ દેખો.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


ઇસ પ્રકાર યહ શુદ્ધનયાત્મિકા આત્મ–અનુભૂતિઃ જે પૂર્વકથિત શુદ્ધનયસ્વરૂપ આત્માકી અનુભૂતિ દ્રવ્યકી. આત્મા જ્ઞાયક ત્રિકાળીકા અનુભવ, હૈ ? વહી વાસ્તવમેં જ્ઞાનકી અનુભૂતિ હૈ. કયા કહા ? ત્રિકાળી જ્ઞાયક જો સ્વભાવ ભાવ ધ્રુવ ઉસકા અનુભવ વોહી ઉસકા જ્ઞાનસ્વરૂપ ભગવાન ઉસકા યે અનુભૂતિ હૈ. ગુણસે લો તો જ્ઞાનકી અનુભૂતિ હૈ, દ્રવ્યસે લો તો આત્માકી અનુભૂતિ હૈ, વસ્તુ તો એકની એક હૈ. આહાહાહા ! અરે ભાઈ આવું ક્યાં મળે બાપુ ? અરે આ મનુષ્યપણા વિંખાઇ જાય છે, ચાલ્યો જાય છે સમય. આહાહા ! કરનેકી ચીજ તો આ હૈ, બાકી બધું આહા... શુદ્ધનય સ્વરૂપ જોયું ? ભગવાન કાયમ ત્રિકાળી પણ શુદ્ધનય અને એની અનુભૂતિ પણ શુદ્ધનય સ્વરૂપ. આહાહાહા !

વહી વાસ્તવમેં જ્ઞાનકી અનુભૂતિ હૈ, યહ જાનકર, કયા કહા ? સમજમેં આયા ? વસ્તુ જે સ્વયં દેવ દિવ્ય ધ્રુવ વસ્તુ જ્ઞાયક આત્મા ઉસકા અનુભવ કહો કે ઉસકા જ્ઞાન ગુણકો કારણ બનાકર અનુભવ કહો, દો એક બાત હૈ. આહાહા ! અનુભૂતિ યહ જાનકર 'સુનિષ્કમ્પમ્ નિવેશ્ય' આત્મામેં, કયા કહેતે હૈ દેખો હવે, ભગવાન જ્ઞાયક સ્વરૂપમેં આત્માકો નિશ્ચલ સ્થાપિત કર, પરદ્રવ્યના સહારા બિલકુલ નહીં એમ કહેતે હૈ. જિસમેં વિકલ્પ આદિ પરદ્રવ્યકા નિમિત્તકા કે દેવગુરુકા પણ સહારા નહીં. આહાહા ! અપના આત્મામેં આત્માકો સ્થાપિત કરકે, સમજમેં આયા ? હૈ ? આત્મનિ આત્માનમ્ સુનિષ્પ્રકમ્પમ્ નિવેશ્ય, નિવેશ્ય આહાહા... આત્મામેં આત્માકો, આત્માકો કહા નામ અપના નિર્મળ પરિણતિકે દ્વારા, અંદર સ્થાપન કરો. ઉસકો કોઇ રાગ ને નિમિત્તકા સહારા જિસમેં નહીં. આહાહા ! બહુ વાત.

આ શરૂઆતની વસ્તુ જ આ હૈ. ધર્મની શરૂઆત અહીંયાસે હોતી હૈ, ચારિત્ર તો પીછે, યહાં તો દર્શનકા અધિકાર કહા, આ જ્ઞાનકા અધિકાર, ચારિત્ર તો પીછે પણ જ્યાં દર્શન ને જ્ઞાન જ જ્યાં સચ્ચા નથી ત્યાં ચારિત્ર કહાંસે આયા ? આહા ! સમજમેં આયા ?

આત્મામેં, આત્મનિ છે ને ? આત્માનમ્, આત્માકો, અપના આત્મામેં અપના આત્માકો, નિર્મળ સ્વભાવ દ્વારા સ્થાપિત કર, આહાહા... વો રાગ ને પરસે સ્થાપિત નહીં હોતા હૈ એમ બતાતે હૈ. અપના સ્વરૂપકો અપના સ્વરૂપસે સ્થિરતા અંદર કર. આહાહા ! આત્માકો આત્મામેં આહાહાહા... ભગવાન ચિદાનંદ પ્રભુ ઐસા આત્માકો આત્માનમ્ નામ અપની શક્તિમેં, સ્થાપન કર, નિવેશ કર, નિવેશ કર, સ્થાપ, ત્યાં વાસ લે. આહાહાહાહા ! આવી વાતું છે ઝીણી.

એ કોઇ પાંચ પચીસ લાખ ખર્ચી જાય ને આંહી ધર્મ થઇ જાય ઐસા હૈ નહીં. મંદિર બંદિર બનવાઇ દિયે બે પાંચ દસ, ગજરથ ચલા દે, તો ધર્મ હો જાયે, તીન કાલમેં હૈ નહીં. પરકા સહારા બિના આત્મામેં આત્માકો, આહાહાહા ! ( શ્રોતાઃ– આત્મા કો ખુદ અભેદ જાને નિર્મળપણા સ્વભાવ હૈ ને ) આહાહાહા ! અરે મારગ તો પ્રભુ આ હૈ ભાઈ. ( શ્રોતાઃ– ઐસા કહેંગે મહારાજ ફિર મંદિર કોઇ નહીં બનવાયેંગે ) બને, બનાવી શકતે હી નહીં. એ હોના તો હોયેગા, હોયેગા, ઉસસે બનતે હી નહીં. એ પરમાણુ પુદ્‌ગલકી પર્યાય જે સમયે જ્યાં ઉત્પન્ન હોનેકી હૈ એ ઉત્પન્ન હોગી હી, પરસે નહીં. આહાહાહા ! સમજમેં આયા ? ( શ્રોતાઃ– આત્મામેં મતલબ દ્રવ્ય હૈ કિ પર્યાય ? ) આત્મામેં આત્માકી પર્યાય સ્વભાવ દ્વારા સ્થાપન કરના એમ કહેતે હૈ, રાગ દ્વારા નહીં, પર દ્વારા નહીં, અપના નિર્મળ પર્યાય દ્વારા આત્મામેં સ્થિર હોના. આહાહાહા !

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


આત્મામેં આત્માકો, પહેલે આત્મામેં, આત્માકો એટલે નિર્મળ પર્યાય દ્વારા સ્થિરતા કર એ નિર્મળ પર્યાય અનુભૂતિ એ આત્મા હૈ. એ પહેલા ચૌદમીમેં આ ગયા હૈ, આત્મા કહો, શુદ્ધનય કહો, અનુભૂતિ કહો, તીન બોલ આ ગયા હૈ ચૌદમીમેં. સંસ્કૃત ટીકાકા પાઠ હૈ. સમજમેં આયા ? આહાહા ! એ ભગવાન પૂર્ણાનંદ ને પૂર્ણ જ્ઞાનસ્વરૂપ પ્રભુ ઉસકી નિર્મળ પરિણતિ દ્વારા ત્યાં આગળ સ્થાપન કર, આત્મામેં સ્થાપન ત્યાં કર, રાગ અને પુણ્ય ને વ્યવહારસે અંતરમેં સ્થાપન કર એ ચીજ હૈ હી નહીં. સમજમેં આયા ? લો આ વાત, રાડ ઐ હૈ ને કે વ્યવહાર કરતે કરતે નિશ્ચય હોગા, બિલકુલ જૂઠ બાત હૈ. સમજમેં આયા ? આહા !

પ્રભુ તેરી ચીજ તેરી ચીજકી શુદ્ધ પરિણતિ દ્વારા ત્યાં જા, ઉસકા સહારા રાગકા ને પરદ્રવ્યકા બિલકુલ હૈ નહીં. આવી ચીજ હૈ. પહેલાં ઉસકા જ્ઞાનમેં નિર્ધાર તો નક્કી કરે કે રાગસે આત્માકી પ્રાપ્તિ નહીં હોતી, અપની નિર્મળ પરિણતિ દ્વારા પ્રાપ્તિ હોતી હૈ. આહાહાહા ! અરે ઉસકી કાયમ રહેનેવાલી ચીજ કઇ, કયા હે ? એ તો જ્ઞાન આનંદ આદિ કાયમ રહેનેકી ચીજ હૈ. રાગ આદિ કોઇ ચીજ ઉસકી નહીં અને એક સમયકી પર્યાય ભી કાયમ રહેનેકી ચીજ નહીં, તો એ નિર્મળ પર્યાય પ્રગટ કરકે આત્મામેં સ્થાપ ત્યાં. આહાહાહા ! દૃષ્ટિકા દોર ત્યાં રખકર નિર્મળ પરિણતિ પ્રગટ કર ત્યાં આત્મામેં જા. આહાહા ! આવી વાત છે.

બીજી રીતે કહીએ તો જે નિર્મળ પરિણતિ જો હૈ એ ષટ્કારકસે પરિણતિ ઉત્પન્ન હોતી હૈ. કયા કહા ? જે દ્રવ્ય હૈ એમાં ષટ્કારક શક્તિરૂપે તો પડા હૈ, પણ જો પરિણતિ હોતી હૈ, સમ્યગ્જ્ઞાનકી, સમ્યગ્દર્શનકી, અનુભૂતિકી એ ભી ષટ્કારકકે પરિણમનસે ઉત્પન્ન હોતી હૈ. કયા કહા ? સમજમેં આયા ? સમ્યગ્દર્શનકી પર્યાયને સમ્યગ્જ્ઞાનકી અનુભૂતિકી પર્યાય, એ પર્યાય પર્યાયકી કર્તા, પર્યાય ઉસકા કાર્ય, પર્યાય ઉસકા સાધન, પર્યાય સાધન પર્યાય ઉસકા સંપ્રદાન, પર્યાયસે પર્યાય હુઇ, પર્યાયકે આધારસે પર્યાય હુઇ. આહાહાહાહા ! ( શ્રોતાઃ- સાધન તો કારણ સમયસાર હૈ. ) યહાં પર્યાય સાધક હૈ, રાગસે ભિન્ન પડકે આત્માકા સાધન કિયા વો પર્યાય સાધક હૈ. આહાહા ! રાગ બાગ સાધક હૈ નહીં. ( શ્રોતાઃ- સમયસાર એ સાધક હૈ )

સમયસાર એ આત્મા, આ સમયસારકી ભાષા ભી આધાર નહીં ત્યાં, વો સમયસાર વાંચકે ( પઢકર ) જો જ્ઞાન હુઆ વો ઇસકા કારણ નહીં. આહાહાહાહા ! કયોં ? અરે ભગવાન પાસે સૂના, સમયસાર એટલે આત્મા ઉસકા લક્ષમેં આયા કે ભગવાન આમ કહેતે હૈ પણ વો જ્ઞાનકે આધારસે અંદરમેં જા સકતે હૈ ઐસા નહીં. આહાહા ! કયોં ? વો પર્યાય પરલક્ષી હૈ. અને સ્વલક્ષી પર્યાય દ્વારા અંતરમેં જાના. આહાહા ! પંડિતજી ! બહુ ઝીણી વાત છે ભાઈ ! અરે મનુષ્યપણું જાય છે ભાઈ ! એ આંખ્યુ વીંચીને ક્યાં જાશે ? આ જો પત્તા ન લિયા, આહાહાહા... ( તો ) ક્યાંય કોઇ શરણ નથી. આહાહા !

એ ભગવાન આત્માકો, આત્માકી નિર્મળ પરિણતિ દ્વારા ત્યાં નિવેશ, સ્થાપ. તદ્દન નિરાલંબન, પરકા આલંબન બિલકુલ નહીં. સમજમેં આયા ? આહાહા ! અપના જ્ઞાયકભાવકા આલંબન લેકર જો પરિણતિ ઉત્પન્ન હુઇ એ આત્મા હૈ, ઐસે ઉસકો કહા. આત્માકો આત્માસે એટલે નિર્મળ પરિણતિ દ્વારા સ્થિર થા અંદર. આહાહાહા ! આવી વાત છે ભાઈ !

સ્થાપિત કરકે "નિત્યમ્ સમન્તાત્ એકઃ અવબોધ ઘનઃ અસ્તિ". જે પ્રભુ આત્મા સદા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


સર્વ એક જ્ઞાનઘન આત્મા હૈ, આહા... ઇસપ્રકાર દેખના, ઇસપ્રકાર અનુભવના, આહાહા ! આવો મારગ, લોકોને એકાંત લાગે છે ને ? કે આ પણ, ઉસકે માટે કોઇ સાધન હૈ કે નહીં ? એમ કહેતે થે, શ્રીમદ્માં ગયે થે ને અગાસ આશ્રમ વ્યાખ્યાન સૂના એક ઘંટા પીછે આયે એક મારવાડી, કે તમે કહેતે હૈ એ બરાબર પણ ઉસકા કોઇ સાધન ? સાધન આ બાહ્ય કારણકે આત્મસિદ્ધિમેં પણ ઐસા આતા હૈ, 'નિશ્ચય રાખી લક્ષમાં સાધન કરના સો હી' એ સાધન હૈ હી નહીં. ભાઈ ! આહાહા ! એ પ્રજ્ઞાછિણી રાગસે ભિન્ન કર ( કે ) જો હુઆ વો હી સાધન હૈ. પ્રજ્ઞાછિણી દ્વારા આત્મામાં ભેદ કરકે પરસે ભેદ કરકે અંતરમેં જા. આહાહા ! સૂક્ષ્મ બાત હૈ ભાઈ ! આ તો સર્વજ્ઞ ત્રિલોકનાથ જિનેશ્વરદેવનું આ કથન હૈ પ્રભુ. આ કોઇ કલ્પિત અજ્ઞાનીના કથન આ નહીં હૈ. સંતો કહેતે હૈ એ સર્વજ્ઞે કહા એ ઇસકા આડતિયા હોકર કહેતે હૈ. મારગ તો ભગવાન આમ કહેતે હૈ, હમ તુમકો કહેતે હૈ. હમે ભી ઐસા કહા હૈ, ઐસા ન કહેકે, આહાહા ! જિનવર એમ કહેતે હૈ, આતે હૈ ને ? ઘણી ગાથામેં, જિનવર એમ કહેતે હૈ, ઐસા કહેતે હૈ. પરમાત્માકા આશ્રય લેકર બોલતે હૈ. આહાહા ! અહીંયા કહેતે હૈ સદા સર્વ ઔર, કયા કહેતે હૈ ? સદા નામ ત્રિકાળ, સર્વ ઔર, ચારે બાજુસે એક જ્ઞાનઘન ભગવાન જ્ઞાનકી અનુભૂતિ લેના હૈ ને ? આત્માની અનુભૂતિમાં દ્રવ્યકા અનુભૂતિ લેના, એક જ્ઞાનઘન જ્ઞાનપૂંજ જ્ઞાનપિંડ આત્મા હૈ ઇસ પ્રકાર દેખના ચાહિએ. આહાહાહા ! ( શ્રોતાઃ– ઘન ક્યું કહા ) હૈં ! પિંડ, જ્ઞાનકા પિંડ, જેમકે રૂકા પિંડ હૈ ને ધોકળા, કયા ધોકળા, ધોકળા કયા કહેતે હૈ ? ગઠ્ઠા, રૂકા ગઠ્ઠા નહીં આતે હૈ મોટા ? રૂઇકા, એમ આ જ્ઞાનકા ગઠ્ઠા હૈ અંદર. સ્વભાવ–સ્વભાવ, જ્ઞાનસ્વભાવકા ગઠ્ઠા હૈ. આહાહા !

ભગવાન મારગ બહુ ઐસા હૈ, અરે ઉસકો કરના પડેગા પ્રભુ શરણ બીજા નહીં હૈ કંઇ. આહાહા ! વીતરાગ ત્રિલોકનાથ ઇન્દ્રોની સમક્ષમાં આમ કહેતે થે, એકભવતારી ઇન્દ્ર જ્યારે સૂનનેકો આતે હૈ, ત્યાં ભી આતે હૈ અભી. ભગવાન મહાવીર પ્રભુ થે ત્યાંય આતે થે. ઇન્દ્ર ને ઇન્દ્રાણી દો એકભવતારી હૈ અભી સુધર્મ દેવલોક એકભવતારી છેલ્લા મુનષ્યદેહ હોકર મોક્ષ જાનેવાલે હૈ. ઉસકી પાસ ભગવાન આ કહેતે થે. આહાહા ! ઉસકી તો ખબર હૈ ઉસકો. સમ્યગ્દષ્ટિ હૈ. સમજમેં આયા ? આહાહા !

પ્રભુ તુમ આત્માકી અનુભૂતિ. હમ કહા, હવે તો હમ કહેતે હૈ કે જ્ઞાનકી અનુભૂતિ, એ ગુણીકા અનુભૂતિ કહા થા, હવે ગુણકા અનુભવ, પણ ગુણ એ જ્ઞાનઘન અખંડ પૂર્ણ હૈ. ગુણ ભિન્ન ગુણ ઐસા નહીં. એ ગુણકા પિંડ પ્રભુ આત્મા, જ્ઞાનઘન હૈ એમ કહ્યા ને ? એક જ્ઞાન ગુણ ભિન્ન ઐસા નહીં. આહાહા ! એ જ્ઞાનઘન હૈ સદા સર્વ ત્રિકાળ ચારે બાજુસે એક જ્ઞાનઘન આત્મા હૈ પ્રભુ. આહાહા !

ઇસ પ્રકાર દેખના, એ પ્રકારે અંદરમાં દેખના અનુભવ કરના. આહાહાહા !

**ભાવાર્થઃ** - પહેલે સમ્યગ્દર્શનકો પ્રધાન કરકે કહા થા. અબ જ્ઞાનકો મુખ્ય કરકે કહેતે હૈ કે શુદ્ધનયકે વિષયસ્વરૂપ આત્માકી અનુભૂતિ હી સમ્યગ્જ્ઞાન હૈ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


## ગાથા - ૧૫

जो पस्सदि अप्पाणं अबद्धपुट्ठं अणण्णमविसेसं।
*अपदेससंतमज्झं पस्सदि जिणसासणं सव्वं।।१५।।
यः पश्यति आत्मानम् अबद्धस्पृष्टमनन्यमविशेषम्।
अपदेशसान्तमध्यं पश्यति जिनशासनं सर्वम्।।१५।।

येयमबद्धस्पृष्टस्यानन्यस्य नियतस्याविशेषस्यासंयुक्तस्य चात्मनोऽनुभूतिः सा खल्वखिलस्य जिनशासनस्यानुभूतिः, श्रुतज्ञानस्य स्वयमात्मत्वात्; ततो ज्ञानानुभूतिरेवात्मानुभूतिः। किन्तु तदानीं सामान्यविशेषाविर्भावतिरोभावाभ्यामनुभूयमानअपि ज्ञानमबुद्धलुब्धानां न स्वदते। तथा हि-

यथा विचित्रव्यञ्जनसंयोगोपजातसामान्य- विशेषतिरोभावाविर्भावाभ्यामनुभूयमानं लवणं लोकानामबुद्धानां व्यञ्जनलुब्धानां स्वदते, न पुनरन्यसंयोगशून्यतोपजातसामान्यविशेषाविर्भावतिरोभावाभ्याम्; अथ च यदेव विशेषाविर्भावेनानुभूयमानं लवणं तदेव सामान्याविर्भावेनापि। तथा विचित्रज्ञेयाकार करम्बितत्वोपजातसामान्यविशेषतिरोभावाविर्भावाभ्यामनुभूयमानं ज्ञानमबुद्धानां ज्ञेयलुब्धानां स्वदते, न पुनरन्यसंयोगशून्यतोपजातसामान्यविशेषाविर्भावतिरो- भावाभ्याम्; अथ च यदेव विशेषाविर्भावेनानुभूयमानं ज्ञान तदेव सामान्याविर्भावेनापि। अलुब्धबुद्धानां तु यथा सैन्धवखिल्योऽन्यद्रव्यसंयोगव्यवच्छेदेन केवल एवानुभूयमानः सर्वतोऽप्येकलवणरसत्वाल्लवणत्वेन स्वदते, तथात्मापि परद्रव्यसंयोगव्यवच्छेदेन केवल एवानुभूयमानः सर्वतोऽप्येकविज्ञानघनत्वात् ज्ञानत्वेन स्वदते।

---

હવે, આ અર્થરૂપ ગાથા કહે છેઃ-

અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય, જે અવિશેષ દેખે આત્મને,
તે દ્રવ્ય તેમ જ ભાવ જિનશાસન સકલ દેખે ખરે. ૧૫.

ગાથાર્થઃ- [ यः ] જે પુરુષ [ आत्मानम् ] આત્માને [ अबद्धस्पृष्टम् ] અબદ્ધસ્પૃષ્ટ, [ अनन्यम् ] અનન્ય, [ अविशेषम् ] અવિશેષ ( તથા ઉપલક્ષણથી નિયત અને અસંયુક્ત ) [ पश्यति ] દેખે છે તે [ सर्वम् जिनशासनं ] સર્વ જિનશાસનને [ पश्यति ] દેખે છે,-કે જે જિનશાસન [ [1]अपदेशसान्तमध्यं ] બાહ્ય દ્રવ્યશ્રુત તેમ જ અભ્યંતર જ્ઞાનરૂપ ભાવશ્રુતવાળું છે.

ટીકાઃ- જે આ અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય, નિયત, અવિશેષ અને અસંયુક્ત એવા પાંચ ભાવોસ્વરૂપ આત્માની અનુભૂતિ છે તે નિશ્ચયથી સમસ્ત જિનશાસનની અનુભૂતિ છે, કારણ કે શ્રુતજ્ઞાન પોતે આત્મા જ છે. તેથી જ્ઞાનની અનુભૂતિ તે જ આત્માની અનુભૂતિ

* પાઠાન્તર : अपदेससुत्तमज्झं ૧. अपदेश = દ્રવ્યશ્રુત; सान्त = જ્ઞાનરૂપી ભાવશ્રુત.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


છે. પરંતુ હવે ત્યાં, સામાન્ય જ્ઞાનના આવિર્ભાવ ( પ્રગટપણું ) અને વિશેષ ( જ્ઞેયાકાર ) જ્ઞાનના તિરોભાવ ( આચ્છાદન ) થી જ્યારે જ્ઞાનમાત્રનો અનુભવ કરવામાં આવે ત્યારે જ્ઞાન પ્રગટ અનુભવમાં આવે છે તોપણ જેઓ અજ્ઞાની છે, જ્ઞેયોમાં આસક્ત છે તેમને તે સ્વાદમાં આવતું નથી. તે પ્રગટ દૃષ્ટાંતથી બતાવીએ છીએ.

જેમ-અનેક તરેહનાં શાક આદિ ભોજનોના સંબંધથી ઊપજેલ સામાન્ય લવણના તિરોભાવ અને વિશેષ લવણના આવિર્ભાવથી અનુભવમાં આવતું જે ( સામાન્યના તિરોભાવરૂપ અને શાક આદિના સ્વાદભેદે ભેદરૂપ-વિશેષરૂપ ) લવણ તેનો સ્વાદ અજ્ઞાની, શાકના લોલુપ મનુષ્યોને આવે છે પણ અન્યના સંબંધરહિતપણાથી ઊપજેલ સામાન્યના આવિર્ભાવ ને વિશેષના તિરોભાવથી અનુભવમાં આવતું જે એકાકાર અભેદરૂપ લવણ તેનો સ્વાદ આવતો નથી; વળી પરમાર્થથી જોવામાં આવે તો તો, જે વિશેષના આવિર્ભાવથી અનુભવમાં આવતું ( ક્ષારરસરૂપ ) લવણ છે તે જ સામાન્યના આવિર્ભાવથી અનુભવમાં આવતું ( ક્ષારરસરૂપ ) લવણ છે. એવી રીતે-અનેક પ્રકારના જ્ઞેયોના આકારો સાથે મિશ્રરૂપપણાથી ઊપજેલ સામાન્યના તિરોભાવ અને વિશેષના આવિર્ભાવથી અનુભવમાં આવતું જે ( વિશેષભાવરૂપ, ભેદરૂપ, અનેકાકારરૂપ ) જ્ઞાન તે અજ્ઞાની, જ્ઞેય-લુબ્ધ જીવોને સ્વાદમાં આવે છે પણ અન્ય જ્ઞેયાકારના સંયોગરહિતપણાથી ઊપજેલ સામાન્યના આવિર્ભાવ ને વિશેષના તિરોભાવથી અનુભવમાં આવતું જે એકાકાર અભેદરૂપ જ્ઞાન તે સ્વાદમાં આવતું નથી; વળી પરમાર્થથી વિચારીએ તો તો, જે જ્ઞાન વિશેષના આવિર્ભાવથી અનુભવમાં આવે છે તે જ જ્ઞાન સામાન્યના આવિર્ભાવથી અનુભવમાં આવે છે. અલુબ્ધ જ્ઞાનીઓને તો, જેમ સૈંધવની ગાંગડી, અન્યદ્રવ્યના સંયોગનો વ્યવચ્છેદ કરીને કેવળ સૈંધવનો જ અનુભવ કરવામાં આવતાં, સર્વતઃ એક ક્ષારરસપણાને લીધે ક્ષારપણે સ્વાદમાં આવે છે તેમ આત્મા પણ, પરદ્રવ્યના સંયોગનો વ્યવચ્છેદ કરીને કેવળ આત્માનો જ અનુભવ કરવામાં આવતાં, સર્વતઃ એક વિજ્ઞાનઘનપણાને લીધે જ્ઞાનપણે સ્વાદમાં આવે છે.

ભાવાર્થઃ- અહીં આત્માની અનુભૂતિ તે જ જ્ઞાનની અનુભૂતિ કહેવામાં આવી છે. અજ્ઞાનીજન જ્ઞેયોમાં જ-ઇન્દ્રિયજ્ઞાનના વિષયોમાં જ-લુબ્ધ થઈ રહ્યા છે; તેઓ ઇન્દ્રિયજ્ઞાનના વિષયોથી અનેકાકાર થયેલ જ્ઞાનને જ જ્ઞેયમાત્ર આસ્વાદે છે પરંતુ જ્ઞેયોથી ભિન્ન જ્ઞાનમાત્રનો આસ્વાદ નથી લેતા. અને જેઓ જ્ઞાની છે, જ્ઞેયોમાં આસક્ત નથી તેઓ જ્ઞેયોથી જુદા એકાકાર જ્ઞાનનો જ આસ્વાદ લે છે,-જેમ શાકોથી જુદી મીઠાની કણીનો ક્ષારમાત્ર સ્વાદ આવે તેવી રીતે આસ્વાદ લે છે, કારણ કે જ્ઞાન છે તે આત્મા છે અને આત્મા છે તે જ્ઞાન છે. આ પ્રમાણે ગુણી-ગુણની અભેદ દૃષ્ટિમાં આવતું જે સર્વ પરદ્રવ્યોથી જુદું, પોતાના પર્યાયોમાં એકરૂપ, નિશ્ચળ, પોતાના ગુણોમાં એકરૂપ, પરનિમિત્તથી ઉત્પન્ન થયેલ ભાવોથી ભિન્ન પોતાનું સ્વરૂપ, તેનું અનુભવન તે જ્ઞાનનું અનુભવન છે, અને આ અનુભવન તે ભાવશ્રુતજ્ઞાનરૂપ જિનશાસનનું અનુભવન છે. શુદ્ધનયથી આમાં કાંઈ ભેદ નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


जो पस्सदि अप्पाणं अबद्धपुट्ठं अणण्णमविसेसं ।
❋अपदेससंतमज्झं पस्सदि जिणसासणं सव्वं ।।१५।।

હૈ ? અપદેસમાં દ્રવ્ય લીધું, મજ્ઝં શાંતિસૂત્ર સમ્યગ્દર્શન ભાવશ્રુત લિયા, આ કહેતે હૈ કે નહીં ? અપદેસમેં અખંડ દ્રવ્ય અખંડ પ્રદેશ લેના, ઐસા અહીં બાત હૈ નહીં. સમજમેં આયા ? અભી છપા હૈ, સમયસારમેં ઐસા હૈ નહીં, એમકે દ્રવ્યશ્રુતમાં પણ આ દ્રવ્યશ્રુત શબ્દ જ દ્રવ્યશ્રુત હૈ. દ્રવ્યશ્રુતમાં એમ કે અમૃતચંદ્રાચાર્યે દ્રવ્યશ્રુતકા અર્થ, ઉસમેંસે અપદેસકા અર્થ નિકાલા હી નહીં પણ એ અપદેસ કહા વો હી દ્રવ્યશ્રુત હૈ. આહાહા ! અને દ્રવ્યશ્રુતમેંસે ભાવશ્રુત કહેના થા, દ્રવ્યશ્રુતમેં ભી, કે અંતર આનંદકા અનુભવ કરના, ભાવશ્રુત દ્વારા એ ( વો ) ભાવશ્રુત હૈ, દ્રવ્યશ્રુતમેં ભી ઐસા કહા. આહા !

દેખો કળશટીકા હૈ ને આની કળશટીકા આ ૧૩ માં આ પહેલાં ૧૩ મો શ્લોક ગયો ને આપણે ઉસકી કળશટીકામાં ઐસા લિયા હૈ. કળશટીકા હૈ ને ? કેટલામું થયું તેર, દેખો આત્માનુભવ એમ કહેતે હૈ, જ્ઞાનાનુભવ ઐસા કહ્યા નામ ભેદ હૈ, વસ્તુ ભેદ નહીં. ગુજરાતી હૈ આત્માનુભવ મોક્ષમાર્ગ હૈ. આ પ્રસંગે બીજો પણ સંશય ઉત્પન્ન હોતા હૈ, રાજમલ્લની ટીકા હૈ, કે કોઇ જાણશે કે દ્વાદશાંગજ્ઞાન કોઇ અપૂર્વ લબ્ધિ હૈ. દ્વાદશાંગજ્ઞાન કોઇ અપૂર્વ લબ્ધિ કોઇ કહે તો ઐસા હૈ નહીં, એ તો વિકલ્પ હૈ. પંડિતજી ! એ તો દ્વાદશાંગજ્ઞાન પણ વિકલ્પ હૈ.

હવે, આપણે તો અપદેસમાંથી નિકાલના હૈ, ઉસમેં પણ દ્વાદશાંગજ્ઞાનમેં પણ ઐસા કહા હૈ, કે સ્વાનુભૂતિ મોક્ષમાર્ગ હૈ. સમજમેં આયા ? બાર અંગમેં ભી યે કહા હૈ, એ દ્રવ્યશ્રુત હૈ, વિકલ્પાત્મક ભાવ હૈ પણ કહા હૈ ઉસમેં એ, કે આત્માની અનુભૂતિ તે મોક્ષમાર્ગ હૈ, ઐસા કહા. તો દ્રવ્યશ્રુતમેં ભી આ આયા. એથી અમૃતચંદ્રાચાર્યે અપદેસનો અર્થ ન કિયા, કયુંકિ અપના સૂત્ર જ એ હી હૈ, એ સૂત્ર હી અપદેસ હૈ. એ સૂત્રમેં ભી ઐસા કહા, દ્રવ્યશ્રુતમેં અને ભાવશ્રુત તો, ભાવશ્રુત તો ઉસકો તો હૈ. અંતર અનુભવ હુઆ તો ભાવશ્રુતજ્ઞાન દ્વારા, તો ભાવશ્રુતમેં તો આત્મા હી જાનનેમેં આયા થા. આહાહા ! આ કળશની ટીકા કિયા હૈ, આ ગુજરાતી છે. હિન્દી નહીં હોય અહીં હિન્દીમેંય ઐસા હૈ. દ્વાદશાંગજ્ઞાન, એ અપદેશ આયા ઉસમેં દ્રવ્યશ્રુત આ ગયા.

ઉસમેં અમૃતચંદ્રાચાર્ય બોલ લિયા તીન પણ પાંચેય લેના, ( ગાથા ) પંદરમેં તીન બોલ લિયા હૈ ને ? પાંચમેંસે પણ એ તો ગાથા સંકીર્ણ હૈ વો કારણે એ પ્રશ્ન હુઆ થા બહોત, દસ-દસકી સાલમેં ચોવીસ વર્ષ પહેલે વો થા ને વો મુખત્યાર દિલ્હી, એ કયા મુખત્યાર, હા જુગલકિશોર. આ જુગલજી ગયા ? આ ટીકા કિયા ને ઉસને કિયા થા, ખબર હૈ એમ કે આ તીન બોલ હૈ. તીન બોલ લેના પાંચમેંસે, પણ તીનમેં પાંચ આતા હૈ. અમૃતચંદ્રાચાર્યે ટીકામેં લિયા હૈ ને, પણ એ ટીકા કરતે થે, ખબર હૈ હમકો, દસની સાલ ચોવીસ વર્ષ હુઆ અમારે લાઠી ગયે થે ત્યાં આયા થા વો લખાણ કે પંદરમી ગાથામેં તીન બોલ કહા હૈ પાંચ બોલમેં દો – દો બોલ કહાંસે નિકલા ? પણ અમૃતચંદ્રાચાર્ય કહેતે હૈ એ તો સંકીર્ણ કરકે બનાયા હૈ દેખો. આહાહા !

**ટીકા:-** ટીકા હૈ ને ! જો યહ અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય, નિયત, અવિશેષ ને અસંયુક્ત પાંચેય નિકાલા હૈ અમૃતચંદ્રાચાર્યે નિકાલા હૈ. અરે માણસ અપની કલ્પનાસે કરે ઐસા ન ચલે ભાઈ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

સંતોની વાણી દિગંબર સંતો એટલે કોણ ? આહાહા ! એ કેવળજ્ઞાનના ટુકડા હૈ એ. અરે એક વખતે તો ઐસા કહા કે કેવળજ્ઞાની અને મુનિમાં કોઇ ફેર ન દેખના નિયમસારમેં ઐસા કહા હૈ. મુનિ એટલે કોણ ? પરમેશ્વર પદ ! આહાહાહા... ત્યાં વીતરાગી આનંદ ઉછળી રહા હૈ. પ્રચુર સ્વસંવેદન જિસકા મહોર છાપ હૈ, પાંચવી ગાથામેં આયા હૈ, એ પઢા હૈ ને ? પ્રચુર સ્વસંવેદન જિસકા મહોરછાપ હૈ. મુનિપણાકી ભાવલિંગકી છાપ કયા ? પ્રચુર, થોડા સંવેદન આનંદકા તો ચોથે પાંચમેં ભી આતા હૈ, પણ મુનિકો તો પ્રચુર સ્વસંવેદન મહોર છાપ મારી હૈ. પોસ્ટ માસ્તર મારતે હૈ કે નહીં પત્રકો ?

એમ આ ભગવાન કહે કે આહાહા... સંતોની વાતું બાપા એને પકડવું કઠણ છે. એમ કહેતે હૈ કુંદકુંદાચાર્ય. અને ટીકાકારે કહ્યું કે મુનિ અપના નિજ વૈભવસે કહેગા, નિજ વૈભવ કયા ? અપના આનંદકા અનુભવ જો હુઆ વો. એ નિજ વૈભવકી કયા ચીજ ? એ સ્વસંવેદન પ્રચુર, બહોત અતીન્દ્રિય આનંદકા વેદન એ ઉસકી મહોર છાપ હૈ. સાધુકા ભાવલિંગકી મહોર છાપ ત્યાંથી સાધુપણા ચલતા હૈ. સમજમેં આયા ?

માર્ગ હી ઐસા હૈ. એ આંહી કહેતે હૈ દેખો. પાઠમેં તો તીન બોલ લિયા. અબદ્ધસ્પૃષ્ટ અનન્ય, અવિશેષ. અસંયુક્ત એ રહી ગયા એ એમાં આ ગયા. ચૌદમેં આ ગયા ઉસમેં લે લેના. તો વો ટીકા કરતે થે મુખત્યાર, આ ગયા યુગલજી ગયે નહીં, હૈં ? ( શ્રોતાઃ– રાજકોટ ગયે ) રાજકોટ ગયા. જે અબદ્ધસ્પૃષ્ટ રાગ ને કર્મકા સંબંધ બિનાકી આત્મચીજ હૈ. 'અનન્ય' અનેરી અનેરી ગતિ આદિસે ભિન્ન અનન્ય હૈ. નરક મનુષ્ય આદિ અનેરી અનેરી ગતિસે અનન્ય અને અન્ય અન્ય નહીં, અન્ય અન્ય નહીં, અનન્ય હૈ. અન્ય અન્ય નહીં. આહાહા ! 'નિયત' પર્યાયમેં અનેકતા, પર્યાયમેં આતી હૈ. અગુરુલઘુ આદિ ઉસસે રહિત નિયત હૈ. આહા ! ઔર 'અવિશેષ' ગુણભેદસે રહિત સામાન્ય હૈ, અવિશેષ કહો કે સામાન્ય કહો, વિશેષ નહીં. આહાહાહાહાહા !

ઐસે આત્માકો પાંચ ભાવસ્વરૂપ, અમૃતચંદ્રાચાર્ય તો કહેતે હૈ કે પાંચ ભાવસ્વરૂપ આ ગાથામેંસે લેના, લોકો માણસ અપની ટીકા કરતે હૈ, અને અપદેસકા અર્થ અમૃતચંદ્રાચાર્યને સમજાણું નહીં માટે નહીં કિયા એમ કહેતે હૈ. એમ આયા થા છાપામેં. અરે પ્રભુ એમ ન કહેના. અમૃતચંદ્રાચાર્ય ! આહાહા ! અમૃતચંદ્રાચાર્ય સંત કોણ થા ? આહાહા ! એ ચાલતા સિદ્ધ થા. ભરતક્ષેત્રમેં થા હજાર વર્ષ પહેલે. આહાહાહા ! ( શ્રોતાઃ– કાળકા દોષ આ ગયા ને ? ) કાળકા દોષ બોષ હૈ નહીં. ભૈયા ! એ કહેતે થે કેટલાક, આહા... એ ઉસકા સ્વચ્છંદકા અજ્ઞાનીકા દોષ હૈ. આહાહા !

આંહી કહેતે હૈ કે એ પાંચ બોલ સ્વરૂપ અનુભૂતિ, હૈ ? પાંચ ભાવસ્વરૂપ અનુભૂતિ આત્માકે પાંચ ભાવ આંહી તો બદ્ધસ્પૃષ્ટકો નિકાલકર અબદ્ધસ્પૃષ્ટ લિયા તો એ પાંચ ભાવસ્વરૂપ લિયા અસ્તિપણે, બદ્ધસ્પૃષ્ટ નહીં ઐસા ન લેકર, અબદ્ધસ્પૃષ્ટ હૈ, નિયત હૈ, અવિશેષ હૈ ઐસા ભાવસ્વરૂપ ઐસા પાંચ ભાવના અસ્તિ સ્વરૂપ, આત્માકી અનુભૂતિ હૈ. આહાહાહાહા !

એ જુઓ દ્રવ્યશ્રુત આ ગયા ઉસમેં, દ્રવ્યશ્રુતકા અર્થ કિયા હી નહીં, એમ નહીં. આ દ્રવ્યશ્રુત હૈ આ. આહાહા ! સમજમેં આયા ? બહુ આકરું કામ ભાઈ ! અને સંતોની ભૂલ નિકાલના, પરમેશ્વરની ભૂલ નિકાલના જૈસા હૈ ? ( શ્રોતાઃ– સંતોએ તો સંતોની ભૂલ નિકાલી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


ને ) એ સંત હતા ક્યાં ? અરે ઝીણી વાત. કોઇ વ્યક્તિનું આપણે કામ નહીં. આપણે તાત્ત્વિક વાતની વાત થાય, અંગત બાત તો સમજનાર સમજે. આહાહા ! ભાઈ ! મુનિ કિસકો કહીએ ? આહાહા ! જિસકો આત્માકા આનંદકી અનુભૂતિ હો એ ઉપરાંત જિસકો અનુભૂતિકી ઉર્ધ્વતા વધી ગઇ હો, આહાહાહા... એ આનંદના ઝૂલે ઝૂલતા હો, પ્રચુર અતીન્દ્રિય આનંદના વેદનમેં ઝૂલતે હો. આહા ! સપ્તમેં આતે હૈ તો અતીન્દ્રિય આનંદમેં છઠ્ઠે આતે તો જરી વિકલ્પ આ જાતા હૈ, છતાં અંતરમેં અતીન્દ્રિય આનંદકી ભૂમિકા પ્રમાણે તો હૈ. સમજમેં આયા ? આહાહા ! ભાઈ મુનિપણું ભાઈ બાપુ ! અલૌકિક ચીજ હૈ. એ આંહી કહેતે હૈ.

આંહી તો હજી સમ્યગ્જ્ઞાનની બાત હૈ. ઐસા આત્મા જો અબદ્ધસ્પૃષ્ટ હૈ, મુક્ત સ્વરૂપ હૈ, નિશ્ચય હૈ, સામાન્ય હૈ, ઇસકો અનુભવ કરના એ પાંચ ભાવસ્વરૂપકા ઉસકા નામ અનુભૂતિ આહા... એ જૈન શાસનકી અનુભૂતિ હૈ. આ જૈન શાસન હૈ વીતરાગી પર્યાય- ભાવશ્રુતજ્ઞાન એ જૈનશાસન હૈ. દ્રવ્યશ્રુતમેં તો કહા થા આ, ભાવશ્રુતમેં વો આત્મા અનુભવમેં આયા વો જૈન શાસન હૈ. આહાહાહા ! સમજમેં આયા ?

હૈં ? આવું જૈનશાસન ! જૈનશાસન કોઇ પક્ષ નથી. વો તો વસ્તુ અબદ્ધસ્પૃષ્ટ હૈ. ઉસકા અનુભવ વો જૈનશાસન, વો તો વસ્તુકા સ્વરૂપ હૈ, સ્થિતિ હૈ. સમજમેં આયા ? આહાહાહા ! ( શ્રોતાઃ- જૈનશાસન તો દ્વાદશાંગ હૈ. ) જૈનશાસનમેં બાર અંગમેં આ કહા હૈ. એ કહા ને બતાયા ને અભી, બાર અંગમેં ભી અનુભૂતિ બતાયા હૈ. બાર અંગકા વિશેષ નહીં, વિકલ્પ હૈ એ વિશેષ જ્ઞાન, વિશેષ નહીં. આહાહાહા ! અંતરકી અનુભૂતિ, આહાહાહા... ઇસમેં કહા ને નવમી ગાથામેં એ નિશ્ચય શ્રુતકેવળી હૈ. અપના ભગવાન પૂર્ણ આનંદ આદિ દિવ્ય શક્તિકા ભંડાર પ્રભુ ઉસકા અબદ્ધસ્પૃષ્ટ સ્વરૂપ હૈ, નિયત સ્વરૂપ હૈ, સામાન્ય સ્વરૂપ હૈ અને રાગાદિ આકૂળતાસે રહિત સ્વરૂપ હૈ. આહાહા !

( શ્રોતાઃ- વો નિશ્ચય શ્રુતકેવળી હૈ ? ) એ જ નિશ્ચય શ્રુતકેવળી હૈ, અનુભવ હૈ ભાવશ્રુત હૈ ને ત્યાં ? આહા ! નવમી ગાથામેં કહા હૈ, નવમી ગાથામેં કહા હૈ.

“जो हि सुदेणहिगच्छदि अप्पाणमिणं तु केवलं सुद्धं।
तं सुदकेवलिमिसिणो भणंति लोयप्पदीवयरा।।”

નવમી ગાથા હૈ. **जो हि सुदेणहिगच्छदि** ભાવશ્રુતજ્ઞાન દ્વારા આત્માકો અનુભવતે હૈ, એ આ **जो हि सुदेणहिगच्छदि** ભાવશ્રુતદ્વારા અંદરમેં અનુભવ કરતે હૈ **सुदेणहिगच्छदि अप्पाणमिणं तु केवलं सुद्धं** આહા ! **तं सुदकेवलिमिसिणो भणंति लोयप्पदीवयरा** લોકાલોકના દેખનારા સર્વ કેવળીઓ અથવા શ્રુત કેવળીઓ એને શ્રુતકેવળી કહેતે હૈ. આહાહા ! નવ નવ નવમી ગાથા છે, આહાહાહા... દસમી વ્યવહારની હૈ, અગિયારમી સમકિતની હૈ.

અહીંયા કહેતે હૈ આ જિનશાસન આ, ભગવાનને કહેના હૈ એ આ વીતરાગ પર્યાય, ચાર અનુયોગકા તાત્પર્ય વીતરાગભાવ હૈ, એ ૧૭૨ ગાથામેં ( પંચાસ્તિકાયમેં ) કહા. એ સૂત્ર તાત્પર્યકા અર્થ ક્યા, શાસ્ત્ર તાત્પર્ય ? કે વીતરાગતા ઐસા પાઠ હૈ, ૧૭૨ ગાથા ચારે અનુયોગકા તાત્પર્ય વીતરાગતા હૈ. વીતરાગતા પર્યાયમેં આના એ તાત્પર્ય હૈ, વો વીતરાગતા કબ આયેગી, કૈસે ? કે જો ત્રિકાળી જ્ઞાયક અબદ્ધસ્પૃષ્ટ હૈ એ વીતરાગ સ્વરૂપ હૈ. ઉસકે આશ્રયસે વીતરાગી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

પર્યાય આયેગી, એ ચારેય અનુયોગોમેં આત્મા વીતરાગસ્વરૂપકા આશ્રય લેના વો કહા હૈ, સમજમેં આયા ? ઝીણી વાત છે ભાઈ ! આહા !

પરમાર્થસે, આહાહાહા... પરમાર્થસે દેખા જાયે તો વિશેષકે આવિર્ભાવ, શાક દ્વારા, રોટી દ્વારા, અનુભવમેં આનેવાલા લવણ એ સામાન્યકે આવિર્ભાવ એ શાક દ્વારા જે ખારપ દિખતે હૈ એ લવણકા દ્વારા ભી લવણકા સ્વાદ એ ઉસકા આતા હૈ. શાક દ્વારા જે લવણકા સ્વાદ આતા હૈ એ સામાન્ય લવણ, લવણકે લક્ષસે લવણકા સ્વાદ આતા હૈ. સમજમેં આયા ? પરમાર્થસે શાકમેં ભી લવણકા સ્વાદ આતા હૈ, લવણકા સ્વાદકા સ્વાદ આતા હૈ. તો એ જેમ પરમાર્થસે દેખા જાયે તો એ લવણકા સ્વાદ હૈ એ. શાકકા નહીં. ઐસે એકિલા લવણકા સ્વાદ દેખે તો લવણકા સ્વાદ હૈ. આહાહાહા ! અરે આવી વાતું હવે, માણસને ફુરસદ ન મળે નિર્ણય કરનેકા વાસ્તવિક તત્ત્વકા, જે પ્રથમ ભૂમિકાની ચીજ હૈ આ તો સમ્યગ્જ્ઞાન પ્રાપ્ત કરનેકી આ ચીજ હૈ. સમ્યગ્દર્શનપૂર્વક સમ્યગ્જ્ઞાનકી પ્રાપ્તિકી આ ચીજ હૈ. આહાહાહા !

શાસ્ત્રજ્ઞાન ને વ્યાકરણ ને આ ન્યાય શાસ્ત્રો ને મોટા પંડિતો બધા ફરે, આહાહા... એ તો કલ આયા થા ને ત્યાં મોક્ષમાર્ગ પ્રકાશકમેં, એ તો પંડિતાઇ પ્રગટ કરનેકી ચીજ હૈ, ઐસા આયા થા. મોક્ષમાર્ગ પ્રકાશકમેં ( શ્રોતા:- એમાં આત્માના હિતનું કારણ નથી ) એમાં આત્માના હિતની વાત હૈ હી નહિ - મોક્ષમાર્ગ ( પ્રકાશક ) નથી અહીંયા. સમજમેં આયા ? કલ આયા થા. કાંઇ નહીં. ઐ હૈ ઉસમેં ખ્યાલ હૈ, કલ આયા થા. દોપહરકો, ખ્યાલ હૈ કે નહીં ? આહાહા ! કયા કહેતે હૈ ? કે વ્યાકરણ ને ન્યાય ને ઐસા મેં ઐસા જિંદગી ગુમા દે, વો ઉસમેં કોઇ હિતકા પંથ હૈ નહીં, ત્યારે ઉસને કહા પ્રશ્ન, તો કયા હમારે એ ન્યાય આદિકા ગ્રંથ અભ્યાસ નહીં કરના ? કે ભાઈ જો મહા મોટા ગ્રંથ હૈ ઉસકો વ્યાકરણ, ન્યાય આદિકા ભણે બિના મોટા ગ્રંથકા અભિપ્રાય સમજમેં નહીં આતા, ઐસા હૈ, ઐસા હૈ ને ? હૈ ખબર હૈ. કયોંકિ ન્યાયશાસ્ત્રમેં બડા શાસ્ત્ર વ્યાકરણ સહિતકા ગ્રંથ બનાયા હૈ તો બડા શાસ્ત્ર હૈ એ થોડા અભ્યાસ વિના ઉસકા ખ્યાલમેં અભ્યાસ નહીં આતા. આ આયા દેખો, ખ્યાલમેં નહીં આતા તથા શાસ્ત્રાભ્યાસમેં કિતને હી તો વ્યાકરણ, ન્યાય કાર્ય આદિ શાસ્ત્રોકા બહોત અભ્યાસ કરતે હૈ પરંતુ વે તો લોકમેં પંડિતાઈ પ્રગટ કરનેકા કારણ હૈ. મોક્ષમાર્ગ પ્રકાશક હૈ ને ? ઉનમેં આત્મહિતકા નિરૂપણ તો હૈ હી નહીં. આહાહાહા !

ત્યારે ઇનકો પ્રયોજન ઇતના હી હૈ કે અપની બુદ્ધિ બહોત હો તો થોડા બહોત ઇનકા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

અભ્યાસ કરકે, પશ્ચાત આત્મહિતકે સાધક શાસ્ત્રકા અભ્યાસ કરના. મોક્ષમાર્ગ પ્રકાશકમેં બહોત લિયા હૈ. હજારો બોલકા સ્પષ્ટીકરણ ખુલાસા કરતે હૈ, સમજમેં આયા ? પહેલે જબ હમારે હાથમેં આયા તો ૮૨ કી સાલ ૮૨ કી, બાવન વરસ હુઆ વો તો હમકો વાંચતે વાંચતે કંઇ ખાના, પીના, ભોજન લેના જાના, કાંઇ રુચે નહીં, ઓહોહો ! પરમ સત્ય વાત હૈ કીધું. ૮૨ કી સાલ સંવત ૧૯૮૨, બાવન વરસ હુઆ રાજકોટમેં થે. સભા મોટી ત્યાં રાજકોટમેં તો બડી સભા ત્યાં, હમ તો સંપ્રદાયમેં ૭૪ સે આ વ્યાખ્યાન કરતે હૈ. ૬૦ વરસ હુઆ તો પહેલેસે હમારી પ્રસિદ્ધિ બહોત હૈ, તો માણસો હજારો માણસ, તો ઉસમેં આ હાથમેં આયા તો ન રુચે વ્યાખ્યાન કરના, ન રુચે આહાર લેને કા ભોજન ( લેને ) જાનેકા, ઐસે ધૂન ચડ જાતી થી.

( શ્રોતાઃ– હાથકા લિખા હુઆ મિલા થા. ) છાપેલા હુઆ થા. ઐસે હૈ કિ ઐસા જો પુસ્તક હૈ ને એ પહેલે નહીં મેરે મિલા થા, ઐસા–ઐસા યે મિલા થા પહેલે ઐસા ઉસમેં, ઉસમેં અને પીછે કહા થા ને ? જે જબ અભ્યાસ તો કિયા પીછે એકવાર હમ ઢસા ગયા. ઢસા યહાં આયે, યહાંસે ઢસા સ્ટેશન હૈ, આંહી ઢસા જંકશન હૈ. ત્યાં હમ ગયે સ્થાનકવાસી થા ને હમ તો સંપ્રદાયમેં ઊતરે અપાસરે, તો અપાસરેમેં બેઠે આમ પાટ ઉપર માણસો બહોત આતે થે ને ઉસ ટાઇમ તો, આમ નજર કિયા તો અલમારી થી, અલમારી, અલમારી ખોલી, કંઇ કોઇ પુસ્તક નહીં. એક મોક્ષમાર્ગ પ્રકાશક પુસ્તક હમારે પાસ હૈ. એક પડા થા, આ કયા ? આ સ્થાનકવાસીમેં આ કયા, સ્થાનકવાસી આ માને નહીં એ પુસ્તક હૈ હમારી પાસ, ત્યારસે રખા, નહીં તો કોઇકા હમ પુસ્તક નહીં રખતે થે. પાટ થી ત્યાં અલમારી થી સમજે ને ? આમ ખોલા તો કોઇ પાના પુસ્તક એકેય નહીં. એક જ આ મોક્ષમાર્ગ પ્રકાશક પડા થા એ કોઇ સાધુ બાધુ લાયા હોગા. પછી ઉસકો ઠીક ન પડયા. સ્થાનકવાસી હૈ ને, છોડ દિયા હોગા. મૈં પૂછા કે આ પુસ્તક કહાંસે આયા ભાઈ, આ એ લોકોને સ્થાનકવાસીને, આરે મહારાજ હમકો ખબર નહીં કુછ, આપ લે જાઓ. સારી અલમારીમેં એક હી પુસ્તક મોક્ષમાર્ગ પ્રકાશક આમ ઉઘાડયા ને પડયા થા, કીધું ઓહોહો ! આંહી પુસ્તક સ્થાનકવાસી ઉપાશ્રયમેં આ મોક્ષમાર્ગ પ્રકાશક કહાંસે આયા ? લોકોકો પૂછા એ ૮૬ કી સાલકી બાત હૈ. સંવત ૧૯૮૬ તો કિતના વરસ હુઆ હૈ ? ૪૮– એ પડયા હૈ પુસ્તક બતાયા થા એક ફેરી પડા હૈ, ત્યારસે હમ રખતે હૈ, નહીંતર પુસ્તક હમ નહીં રખતે થે. બહુ હમે કહેતે થે તો એકવાર ૮૬ મેં એ પહેલે ૮૪ મેં એ ૮૨ માં હાથ આવ્યું 'તું.

૮૪ માં હમ બગસરે ગયે થે, તો ત્યાં એક કલ્યાણજીભાઈ કરીને શ્રીમદ્‌ના ભગત થા, ઉસકે પાસ મોક્ષમાર્ગ પ્રકાશક થા તો એ કહે મહારાજ લઇ જાવ ને, મેં કીધું ભાઈ એવા પુસ્તક બુસ્તક હમ રખતે હી નહીં. તો સાતમા અધ્યાય લીખ લિયા. સાતમા અધ્યાય હૈ ને લિખ લિયા, જીવણલાલજી થા ને એ હમારી સાથે તબકા હમ તો કંઇ કરતે નહીં. સાથ થા ઉસને લિખ લિયા. એ પડા હૈ મારી પાસ. ૮૪સે પડા હૈ સાતમા અધ્યાય નિશ્ચયાભાસ ને વ્યવહારાભાસ, સબકા સારા સાતમા અધ્યાય લિખ લિયા હમ કોઇ પુસ્તક બુસ્તક રખતે નહીં. આંહી કોણ રખે ? એ સાતમા અધ્યાય લિખ લિયા થા. એ પડા હૈ.

એણે તો કહ્યું હમકો તો બહોત લોગ કહેતે હૈ ને મહારાજ લે જાઓ ને, અરે શ્વેતાંબર ગૃહસ્થો આતે થે. ગૃહસ્થ લોકો, મહારાજ કંઇ આજ્ઞા કરોને, આજ્ઞા એટલે કાંઇ પાંચ પચીસ

હજાર કે બે પાંચ હજાર ખર્ચવાને કહો ને. ભાઈ અમે કોઇકો કહેતે નહીં. હમ કોઇકો કહેતે નહીં કે આ લઇ આવો-આ લઇ આવો. રાણપુરમેં એક શેઠિયા થા બડા શ્વેતાંબર તો હમારી બાત સૂનતે થે મહારાજ કંઇ આજ્ઞા કરો હમકો. હમ કોઇકો કહેતે નહીં કે પાઇ દિયો કે પૈસા દિયો એ હમારા કામ નહીં હૈ. ભાઈ હતા ભાઈ ઉજમશીભાઈ હતા. નાગર પુરુષોત્તમના ભાઈ, ગૃહસ્થ હતા. કરોડપતિ નાગરભાઈ એના ભાઈ હતા. હમ તો હમારે પાસ શાસ્ત્ર હૈ એ રખતે હૈ બાકી કોઈ પૈસા દો ને, વેચાતા દોને લો હમ કોઇકો કહેતે નહીં ને હમ કિસીકા રખતે નહીં ઐસા. આ ઉસમેંસે લિખા દેખો આ. શાસ્ત્ર અભ્યાસ નહીં કરના ? ઐસા હૈ તો વ્યાકરણ આદિકા અભ્યાસ નહીં કરના ચાહિયે ? ઐસા શિષ્યકા પ્રશ્ન હૈ, કહેતેહૈ કે ઉનકે અભ્યાસકે બિના મહાન ગ્રંથોકા અર્થ ખુલતા નહીં, મોટા મહાગ્રંથ સંસ્કૃતમાં ઇસલિયે ઉનકા ભી અભ્યાસ તો કરના ભી યોગ્ય હૈ. થોડા અભ્યાસ કરના ઔર પીછે આત્મહિતકા અભ્યાસ કરના આ બાત કહેતે હે.

અહીંયા વો આયા દેખો, કે વિશેષકે આવિર્ભાવસે અનુભવમેં આનેવાલા લવણ એ સામાન્ય ભાવકે આવિર્ભાવસે અનુભવમેં આનેવાલા લવણ હૈ. ઇસ પ્રકાર અનેક પ્રકારોકે જ્ઞેયોકે આકારોકે સાથ, ક્યા કહેતે હૈ ? હવે જે શાક દ્વારા જો લવણકા સ્વાદ આતા થા વિશેષ દ્વારા, વોહી પરમાર્થસે તો લવણકા હી સ્વાદ હૈ. ત્યાં શાકકા સ્વાદ હૈ નહીં. ઐસે હવે આત્મામેં ઉતારતે હૈ, અનેક પ્રકારકે જ્ઞેયોકે આકારોકે સાથ ઇન્દ્રિયજ્ઞાનકા વિષયોમેં જો જ્ઞાનકા જ્ઞેયાકાર જ્ઞાન હોતા હૈ, વો જ્ઞાનકી પર્યાય હૈ, એ કોઇ પરજ્ઞેયકી હૈ નહીં. પણ ઉસકે લક્ષ જ્ઞાનકી પર્યાય, આ જ્ઞાયક હૈ ઐસા લક્ષ નહીં. સમજમેં આયા ? આહાહા ! જૈસે ૧૭ મેં કહા ને ? સત્તરમી ગાથા, સતરાહ હૈ, અજ્ઞાનીકી જ્ઞાનકી પર્યાયમેં ભી દ્રવ્ય હી જ્ઞાનમેં આતા હૈ. આહાહાહાહા ! કયા કહા એ ? ૧૭/૧૮ ગાથા, સમયસાર અજ્ઞાનીકી પર્યાયમેં, કયુંકિ જ્ઞાનકી પર્યાય પ્રગટ હૈ એ પર્યાયકા સ્વપરપ્રકાશક સ્વભાવ હૈ, વો કારણસે એ જ્ઞાનકી પર્યાયમેં દ્રવ્યકા હી જ્ઞાન હોતા હૈ. પણ અજ્ઞાનીકો એ ઉપર લક્ષ નહીં, એના પર્યાય ને રાગ ઉપર લક્ષ હૈ, તો જ્ઞાનકી પર્યાયમેં જ્ઞેય જાનનેમેં આતા હૈ વો ઉસકો જાનનેમેં આતા નહીં. આહાહાહાહા ! આવી વાત છે.

કહો, જ્ઞાનકી પર્યાયનો સ્વભાવ જ્ઞાનકા સ્વપરપ્રકાશક હૈ, ચાહે તો અજ્ઞાનીકા જ્ઞાન હો, પણ જ્ઞાનકી પર્યાયકા સ્વભાવ તો સ્વપરપ્રકાશક હૈ કે નહીં ? તો એ જ્ઞાનકી પર્યાયમેં દ્રવ્ય જો જ્ઞાયક ત્રિકાળી હૈ સામાન્ય, ઉસકા જ્ઞાન હોતા હૈ, સ્વ પ્રકાશક હૈ, પર પ્રકાશક ભી હૈ, ને સ્વપ્રકાશક ભી હૈ. પણ અજ્ઞાનીકી જ્ઞાન પયાર્યમેં સ્વપ્રકાશક જ્ઞાન હોને પર ભી ઉસકા લક્ષ જ્ઞેય ઉપર પરજ્ઞેય ઉપર હૈ, સ્વજ્ઞેય ઉપર હૈ નહીં. આહાહાહાહા ! સમજમેં આયા ?

એમ આંહીયા શાક દ્વારા લવણ આતા હૈ એમ જ્ઞેય દ્વારા જ્ઞાન હોતા હૈ, હૈ તો જ્ઞાનકી પર્યાય અપની. આહાહાહા ! સમજમેં આયા ? ખરેખર તો જ્ઞેયાકાર જો જ્ઞાન હૈ, ઉસમેં ભી જ્ઞાનકી પર્યાય હૈ તો અપની એ પર્યાય પરકો જાનતી હૈ, એ જાનનેકી પર્યાય, પર્યાય હૈ તો અપની, સમજમેં આયા ? પરકા જ્ઞાયકપણેસે જ્ઞાન હોતે હૈ, એ ભી પર્યાય તો પરપ્રકાશકકી જ્ઞાન પર્યાય હૈ તો અપની. આહાહાહા ! ઝીણું બહુ ભાઈ ! છતેં એ પરપ્રકાશકકી પર્યાય હૈ તો અપની પણ એ સ્વ તરફકા લક્ષ નહીં તો એ જ્ઞાનકા જ્ઞેયાકારપણે સ્વાદ ઉસકો આતા હૈ, એકીલા જ્ઞાનકા ( જ્ઞાનાકારકા ) સ્વાદ આતા નહીં. આહાહાહા ! આહાહા !

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


અનેક પ્રકારકે જ્ઞેયોકે આકારોકે સાથ ભી મિશ્રરૂપસે ઉત્પન્ન સામાન્યકે તિરોભાવ, અજ્ઞાનીકો સામાન્ય એકલા જ્ઞાનકા આનંદકા આના એ ઢંક ગયા ઔર વિશેષકા આવિર્ભાવ ઔર જ્ઞેયાકારસે જ્ઞાનકા અનુભવ આનેવાલા વિશેષભાવરૂપ ભેદરૂપ, અનેકાકારરૂપ જ્ઞાન એ અજ્ઞાની જ્ઞેયલુબ્ધ, આહાહા... ઓલામાં શાક લોલુપ થા આ જ્ઞેયલુબ્ધ. અપના જ્ઞાયકભાવકા લક્ષ છોડકર જ્ઞેયલુબ્ધ, આહાહાહા... પરના લક્ષે હુઆ અપની પર્યાયમેં જ્ઞાન એ ભી પરજ્ઞેય હૈ– ક્યોંકિ અપના જ્ઞાન ઉસમેં આયા નહીં. અહીં પરજ્ઞેયમેં લુબ્ધ પ્રાણી, આહાહાહા... એ પહેલે તો વાત, દૃષ્ટાંત તો દિયા શાકકા. અજ્ઞાની જ્ઞેયલુબ્ધ જીવોંકે સ્વાદમેં આતા હૈ, ક્યા ? વિશેષકા આવિર્ભાવ એ અનુભવમેં આતા હૈ. વિશેષકે આવિર્ભાવમેં અનુભવમેં આતા હૈ. સામાન્યકા તિરોભાવ હો ગયા. ( શ્રોતાઃ– આમાં નથી સમજાતું ) હૈં !

નો સમજાય તો ફરીને કહીએ, વિશેષ કહીએ. જુઓ દેખો મિશ્રરૂપસે ઉત્પન્ન સામાન્યકા તિરોભાવ અજ્ઞાનીકો. અજ્ઞાની જ્ઞેયમેં લુબ્ધ હૈ તો એકાકાર જ્ઞાનકા તિરોભાવ– ઢંક ગયા. એકાકારજ્ઞાન જ્ઞાનકે લક્ષસે જો હોના હૈ, એ ઉસકો હોતા નહીં. ઔર વિશેષ આવિર્ભાવસે અનુભવમેં આનેવાલા જ્ઞેય દ્વારા જ્ઞાન, વહ અજ્ઞાની જ્ઞેયલુબ્ધ જીવોકો સ્વાદમેં આતા હૈ, રાગ સ્વાદમેં આતા હૈ. આહાહાહા ! પરજ્ઞેયોકે આકારે જ્ઞાન હુઆ એ રાગકા જ્ઞાન ન્યાં તો હૈ, તો રાગ સ્વરૂપ જ્ઞાન હૈ. આહાહાહા ! તો ઉસકો, હૈ ? આહાહા ! સ્વાદમેં આતા હૈ, જ્ઞેયલુબ્ધ જીવોંકો એ રાગકા સ્વાદ આતા હૈ, આત્માકા જ્ઞાયકભાવકા સ્વાદ નહીં. આહાહા !

શું કહે છે ભારે ગજબ. આહા ! ટીકા તે ટીકા છે. સંતો, દિગંબર સંતો કેવળીના કેડાયતો ઓહોહો... કેવળજ્ઞાનના વિરહ ભૂલાવી નાખ્યા છે એણે તો. આહાહાહા ! સમજમેં આયા ?

ક્યા કહેતે હૈ દેખો, આહાહાહા ! અન્ય જ્ઞેયાકારકા ભેદરૂપ, હૈ ? વિશેષકે આવિર્ભાવ અનુભવમેં આનેવાલા જ્ઞાન અજ્ઞાની જ્ઞેયલુબ્ધ જીવોકે સ્વાદમેં આતા હૈ. પરજ્ઞેયાકારકા જ્ઞાન જે હુઆ ઉસકા ખ્યાલ રાગકા સ્વાદ આતા હૈ. આહાહા ! પરજ્ઞેયાકારકા જ્ઞાન હુઆ. અજ્ઞાની ઉસમેં લુબ્ધ હૈ. તો ઉસકો ઉસકા રાગકા સ્વાદ આતા હૈ. આહાહાહા ! પર શાસ્ત્રકા જ્ઞાન હુઆ પણ એ ઇન્દ્રિયજ્ઞાનકે અંદર લક્ષસે હુઆ, એ પરજ્ઞેયાકાર જ્ઞાન હુઆ ઉસમેં જે લુબ્ધ હૈ, ઉસકો રાગકા સ્વાદ આતા હૈ. આહાહાહા ! ( શ્રોતાઃ– દૃષ્ટિકી ભૂલ હૈ ) દૃષ્ટિની ભૂલ હૈ. આહાહા ! એને માટે તો બતાવે છે. આહાહા...

ભાઈ ! તુમ તો સામાન્યજ્ઞાન સ્વરૂપ ત્રિકાળ હૈ ને ? તો સામાન્ય જો ત્રિકાળ હૈ ઉસકા સ્વાદમેં તેરા સામાન્ય આના ચાહિએ, ઉસમેં અનેક જ્ઞેયાકારકા જ્ઞાન હોના ન ચાહિએ. પણ તેરા લક્ષ ત્યાં નહીં અને જ્ઞેયોમાં લુબ્ધ હૈ. આહાહાહાહા ! જ્ઞાયક સ્વભાવભાવ ભગવાન આત્મા ઉસકા અનાદર કરકે પર જ્ઞેયાકારકા જ્ઞાન હુઆ, ઉસમેં લુબ્ધ હોકર. આ રાગીકો, રાગકા સ્વાદ આતા હૈ. આહાહાહા !

એકીલા પરકા શાસ્ત્રજ્ઞાનમેં એ ભી રાગકા સ્વાદ આતા હૈ કહેતે હૈ. આહાહા ! હવે આ વાદ વિવાદે ક્યાંય પત્તા ચલે નહીં, પ્રભુ શું કરે ? આહાહા ! જે જ્ઞાનકી પર્યાય ઇન્દ્રિય દ્વારા વિષયકા જ્ઞાન હુઆ, ચાહે તો એ શાસ્ત્રજ્ઞાન હો, તો ભી પરજ્ઞેયાકાર જે જ્ઞાન હુઆ, ઉસમેં લુબ્ધ રહેકર પર્યાયબુદ્ધિવાલા જ્ઞેયમાં લુબ્ધવાલા ઉસકો આત્માકા આનંદકા સ્વાદ નહીં આતા, રાગકા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

સ્વાદ આતા હૈ. આહાહાહા! આકુળતા ઉત્પન્ન હોતી હૈ ભાઈ તારા સ્વદ્રવ્યનો આશ્રય ત્યાં હુઆ નહીં. પરદ્રવ્યના આશ્રયે જે જ્ઞાન હુઆ તો પરજ્ઞેયાકાર જ્ઞાનમેં રાગકા સ્વાદ આતા હૈ. આહાહાહાહાહા! વિશેષ કહેગા. ( શ્રોતાઃ- પ્રમાણ વચન ગુરુદેવ. )

## પ્રવચન નં. ૭૫ ગાથા - ૧૫ તા. ૧-૯-૭૮ શુક્રવાર, શ્રાવણ વદ-૧૪ સં. ૨૫૦૪

૧૫ મી ગાથા. આખિરકી ચાર લીટી હૈ પંક્તિ. અલુબ્ધ જ્ઞાનીઓકો ત્યાં સે હૈ ભાવાર્થ ઉપર ચાર પંક્તિ. સૂક્ષ્મ બાત હૈ ભગવાન. આહા! અલુબ્ધ જ્ઞાનીઓકો તો અર્થાત્ ઇન્દ્રિયકા જ્ઞાનસે જો જ્ઞાન અનેક પ્રકારે હોતા હૈ પરજ્ઞેયાકાર જ્ઞાન. ઉસકે ભી રુચિ છોડકર, આહાહા... ઉસકા ભી આશ્રય અવલંબન છોડકર અપના ત્રિકાળી જ્ઞાયકભાવમેં જો દૃષ્ટિ લગાતે હૈ એ અલુબ્ધ જ્ઞાની હૈ. આહાહા! પર્યાયમેં ઇન્દ્રિયજ્ઞાનકા વિષયસે અનેકાકાર જ્ઞાનકી પર્યાય હોતી હૈ, ઉસમેં ગૃદ્ધિપણા છોડકર, આહાહાહા... ચાહે તો શાસ્ત્રકા જ્ઞાન હો, પર તરફકા લક્ષવાળા, એ ઇન્દ્રિયજ્ઞાનકા વિષય હુઆ. ઉસમેં ભી જિસકો લુબ્ધ નહીં કે મૈં જ્ઞાની હું, મેરે જ્ઞાન હુઆ ઐસે લુબ્ધ નહીં. આહાહા!

"અલુબ્ધ જ્ઞાનીઓકો તો જૈસે સૈંધવકી ડલી", લવણકી ડલી "અન્યદ્રવ્યકે સંયોગકા વ્યવચ્છેદ કરકે" શાક આદિ અન્ય દ્રવ્યકા વ્યવચ્છેદ, અભાવ કરકે કેવળ સૈંધવકા અનુભવ કિયે જાને પર એકિલા સૈંધવકા અનુભવ ક્ષારપણાકા અનુભવ કરને પર, આહા... સર્વતઃ એક ક્ષાર રસસ્વાદકે કારણ એક ક્ષારરસકા સત્વકે કારણ, ક્ષાર રસત્વ, ક્ષાર રસ-સત્વ કે કારણ એકીલા ક્ષારરસકા અનુભવ હોતા હૈ. એ શાક આદિમેં હૈ ઉસકો વ્યવચ્છેદ કર, અર્થાત્ ઉસકા લક્ષ છોડકર એકિલા ક્ષારકા રસકા સ્વાદ આતા હૈ.

ઉસી પ્રકાર, એ તો દૃષ્ટાંત હુઆ. આત્મા ભી પરદ્રવ્યકે સંયોગકા વ્યવચ્છેદ કરકે, આહાહાહાહા... જ્ઞાનકી પર્યાયમેં ઇન્દ્રિયજ્ઞાનકા વિષયસે જો જ્ઞાન અનેકાકાર હૈ, ઉસકો યહાં પરદ્રવ્ય કહા. આહાહા! સમજમેં આયા? ઇન્દ્રિયજ્ઞાનસે જાનનેમેં આયા, શાસ્ત્ર આદિ જાનનેમેં આયા, તો કહેતે હૈ કિ યે ભી પરદ્રવ્ય હૈ. પરદ્રવ્યકા, હૈ? પરદ્રવ્યકે સંયોગકા એ સંયોગી ( ભાવ હૈ ) આહાહા... ગજબ વાત હૈ, રાગ આદિ તો સંયોગી દ્રવ્ય પરદ્રવ્ય હૈ હી પણ પરના લક્ષે ઇન્દ્રિયસે જ્ઞાન હુઆ શાસ્ત્રકા. આહાહાહા... વો ભી અપના સ્વરૂપ નહીં. આહાહાહા! બહુ ધીરાના કામ છે પ્રભુ આ તો, એ જ્ઞાનકી પર્યાયમેં શાસ્ત્રજ્ઞાન સૂનકર જો જ્ઞાન હુઆ એ ભી ઇન્દ્રિયજ્ઞાન હૈ. એ પર્યાયકો આંહી પરદ્રવ્ય કહા, કયોંકે અપના સ્વદ્રવ્ય જ્ઞાયકભાવ ઉસમેં આયા નહીં. આહાહાહા! આવી વાત છે. ભાઈ!

ભગવાન આત્મા ઉસકા જ્ઞાયક એકરૂપ સ્વભાવ, ઉસકો છોડકર ઇન્દ્રિયજ્ઞાનકા વિષયસે અનેક પ્રકારે જ્ઞેયાકાર જ્ઞાન હુઆ, ઉસકો ભી યહાં પરદ્રવ્ય કહેનેમેં આયા હૈ. આહાહાહા! શરીર આદિ તો પરદ્રવ્ય હૈ હી, દયા દાન ભક્તિ આદિકા ભાવ તો પરદ્રવ્ય હૈ હી. આહાહા... પણ જ્ઞાનકી પર્યાયમેં પરકા લક્ષસે જ્ઞેયાકાર, સ્વજ્ઞેયકો છોડકર પરજ્ઞેયકા આકારમેં અનેકાકાર જ્ઞાન હુઆ, આહાહાહાહા... ઉસકો ભી પરદ્રવ્યકા સંયોગકા વ્યવચ્છેદ કર, એ સંયોગીજ્ઞાન એ

પરદ્રવ્યકા સંયોગ હૈ. આહાહાહાહા ! ગજબ વાત કરતે હૈ ને. એ અંતર સ્વભાવ જે જ્ઞાયકસ્વરૂપ ઉસકા જ્ઞાન નહીં. આહાહા ! એ સંયોગ, ઇન્દ્રિય સંયોગ અને ભાવઇન્દ્રિય સંયોગ અને શબ્દ આદિ પર, એ સંયોગ ઉસસે ઉત્પન્ન હુઆ જે જ્ઞાનકી પર્યાય, ઇસકો યહાં પરદ્રવ્યકા સંયોગ કહેનેમેં આયા હૈ. આહાહા ! સમજમેં આયા ?

આ તો સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન પાનેકા કાળમેં કયા હોતા હૈ એ બાત હૈ. સમજમેં આયા ? સમ્યગ્દર્શનકા કાળમેં સમ્યગ્જ્ઞાન હોતા હૈ અને સમ્યગ્જ્ઞાનકે કાળમેં કૈસા હોતા હૈ એ બાત ચલતી હૈ. આહાહાહાહા ! નિમિત્ત તો પર હૈ હી, પણ પરકા નિમત્તસે જો જ્ઞાન હુઆ ઉસકો યહાં પરદ્રવ્યકા સંયોગ કહા. આહાહાહા ! સમજમેં આયા ?

પરદ્રવ્યકે સંયોગકા વ્યવચ્છેદ કરકે, આહાહા... કેવળ આત્મા હી અનુભવ કિયે જાને પર સ્વદ્રવ્ય યે આ. આહાહા ! ચિદાનંદ ભગવાન સહજાત્મ સ્વરૂપ પ્રભુ, ઐસા જો આત્મા પૂર્ણ આનંદ ને પૂર્ણ જ્ઞાનસે ભરા, ઐસા કેવળ આત્માકા હી, આહાહા... બહુ સૂક્ષ્મ બાત, અપૂર્વ બાત હૈ ભાઈ ! પર્યાયમેં અનેકાકાર જ્ઞાનકો યહાં પરદ્રવ્ય કહેનેમેં આયા. આહાહા ! સંયોગી, સંયોગસે ઉત્પન્ન હુઆ તો સંયોગી ( જ્ઞાન ) હૈ, જૈસે પુણ્ય પાપ સંયોગી ભાવ હૈ, પુણ્ય પાપ એ સંયોગસે ઉત્પન્ન હુઆ એ સંયોગી ભાવ હૈ, ઐસે જ્ઞાનકી પર્યાયમેં સંયોગ લઇને પરસે ઉત્પન્ન હુઆ એ સંયોગી જ્ઞાન હૈ. આહાહાહાહા !

જૈન શાસન કયા હૈ એ બતાતે હૈ, ( શ્રોતાઃ– સંયોગીભાવ કે સંયોગી જ્ઞાન ? ) હૈં ? પ્રભુ અંદર જ્ઞાનકા ગાંગડા જેમ લવણકા ડલ્લી હૈ ઐસે જ્ઞાનકી ડલ્લી આત્માકા પિંડ હૈ તો ઉસકા તરફકા લક્ષ કરનેકે કારણ, આહાહા... એકિલા જ્ઞાયકભાવકા આશ્રય ને લક્ષ કરનેકે કારણ પર્યાયમાં પરદ્રવ્યકા સંયોગસે જો જ્ઞાન હુઆ ઉસકો ભી છોડકર, આહાહાહાહા... પરદ્રવ્યકે સંયોગકા વ્યવચ્છેદ કરકે, આહાહાહાહા... પરલક્ષી જ્ઞાન ભી પરદ્રવ્યકા સંયોગ કહેનેમેં આયા હૈ. ગજબ વાત હૈ. આહાહા !

ભાઈ અનંત કાળ હુઆ ૮૪ મેં, ઉસમેં શાસ્ત્રજ્ઞાન ભી અનંત બૈર કિયા હૈ. આહા ! પણ વો તો પરલક્ષસે શાસ્ત્રજ્ઞાન હુઆ, વો કાંઇ સ્વજ્ઞાન હુઆ નહીં. ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપી પ્રભુ ઉસકા જ્ઞાન ન હુઆ, આહાહા ! અલુબ્ધ જ્ઞાનીકો, સંયોગીમાં જિસકી લુબ્ધતા નહીં, ઔર અસંયોગી ભગવાન આત્મા ઉસકા કેવળ આત્માકે હી અનુભવ કિયે જાનેપર, આહાહાહાહા...

શું વાત ? "સર્વતઃ એક વિજ્ઞાનઘનકે કારણ" ભગવાન તો સર્વતઃ એક, એક વિજ્ઞાનઘન કારણ, પરસે તો અનેક જ્ઞેયાકાર જ્ઞાન એ એકપણા નહીં હુઆ ન્યાં. આહાહા ! આવો મારગ છે ભાઈ ! વાણીમેં તો કંઇ જડકી પર્યાય હૈ, વાણી જો હોતી હૈ એ તો જડકી પર્યાય હૈ, મૈં કહેતા હું–એ બાત તો જૂઠ હૈ. આહાહાહા ! ઔર પરલક્ષી જો રાગ આયા વો ભી અપના નહીં. એ રાગ ભી પરદ્રવ્ય સંયોગી ચીજ હૈ. આહાહાહા ! ઐસે સ્વાભાવિક ચૈતન્યકા જ્ઞાન બિના પરકા નિમિત્ત ને સંયોગસે જો જ્ઞાન હુઆ, આહાહાહાહા... નિમિત્તસે હુઆ હૈ નહીં, હુઆ તો અપની પર્યાયમેં નિમિત્તસે નહીં, પણ નિમિત્તકા લક્ષસે અપનેમેં જ્ઞેયાકાર જ્ઞાન જે અનેક પ્રકારે હોતા હૈ, ઉસકો ભી યહાં પરદ્રવ્ય સંયોગ વ્યવચ્છેદ કરકે કહેનેમેં આયા હૈ. આહાહાહા !

'પરદ્રવ્યકે સંયોગકા વ્યવચ્છેદ કરકે' આહાહા ! જો કે નિયમસારમેં તો નિર્મળ સમ્યગ્દર્શન

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


ને જ્ઞાનકી પર્યાયકો ભી પરદ્રવ્ય કહા હૈ, ક્યોં કે જેમ પરદ્રવ્યસે અપની નિર્મળ પર્યાય નવી નહીં ઉત્પન્ન હોતી ઐસે નિર્મળ પર્યાયમેંસે નવી નિર્મળ પર્યાય નહીં ઉત્પન્ન હોતી, એ કારણે નિર્મળ પર્યાયકો ભી પરદ્રવ્ય કહા, પણ ઉસકી યહાં બાત નહીં.

યહાં તો વો સંકલ્પ, વિકલ્પકા અર્થ આયા થા પહેલે, આહાહા... દ્રવ્યકર્મ, ભાવકર્મ ને નોકર્મકો અપના માનના એ સંકલ્પ મિથ્યાત્વ હૈ, પહેલાં આ ગયા. સમજમેં આયા ? જડકર્મ, નોકર્મ વિકલ્પ આદિ શુભ આદિ અને નોકર્મ દ્રવ્યકર્મ, નોકર્મ સંયોગી ચીજ ભાવપણે, ઉસકો અપના માનના એ સંકલ્પ મિથ્યાત્વભાવ હૈ, ઔર જ્ઞેયભેદે જ્ઞાનમાં ભેદ માલૂમ હોના એ અનંતાનુબંધીકા લોભ હૈ. ( વિકલ્પ હૈ ) આહાહાહા ! આવી વાત ભાઈ બહુ આકરી. સમજમેં આયા ?

તો યહાં તો પરદ્રવ્ય નામ એકલા સ્વજ્ઞેય સ્વરૂપ ઉસસે જ્ઞાન હો અને એકાકાર જે જ્ઞાન હોના ચાહિએ ઉસકો છોડકર એકલા પરલક્ષમેંસે ઇન્દ્રિયકા વિયષકે ચાહે તો ભગવાનકો સૂને, ભગવાનકી વાણી સૂને, આહાહાહાહા... ઉસસે જો પરજ્ઞેયરૂપી જ્ઞાનકી અનેકાકાર પર્યાય હુઇ. આહાહાહા ! ઉસકા ધર્મી જીવ, ઉસમેં લુબ્ધ નહીં. એ મેરી ચીજ હૈ ને મેરે જ્ઞાન હુઆ ઐસે નહીં. આહાહાહાહાહા ! સમજમેં આયા ?

આત્મા પરદ્રવ્યકે સંયોગકા વ્યવચ્છેદ કરકે, આહાહા ! ( શ્રોતાઃ- વ્યવચ્છેદ કરનેકી વિધિ નહીં લિખિ ગઇ ) ક્યા ? આહાહા ! અરે ! ઘઉંમેસે કાંકરા નિકાલનેકી વિધિ નહીં નક્કી કહી. ઘઉંમેં હૈ ને ઘઉં હૈ ને ઘઉં ? કાંકરી હૈ ને ? એ ઘઉંમેંસે કાંકરા નિકાલ દેના ઓ વિધિ હૈ, અથવા ઉસકે ઉપરસે લક્ષ છોડના એ હી વિધિ હૈ. આહાહાહાહા ! સમજમેં આયા ?

ભાઈ મારગ બહુ સૂક્ષ્મ હૈ. આહાહા ! આ ગજબ કામ કર્યું છે ને ? આચાર્યોએ પણ ટૂંકી ભાષામાં કિતના ગંભીર ભાવ ભરા હૈ. આહાહાહા ! એ દિગંબર સંતો સિવાય આવી પ્રસિદ્ધિ કોણ કરે ? આહાહા... આ આત્મખ્યાતિ હૈ ને આ ટીકાકા નામ આત્મખ્યાતિ, આત્મપ્રસિદ્ધિ. આહાહા !

ભાઈ ! આ તો ધીરાનાં કામ છે. આહાહા ! ઉતાવળે આંબા ન પાકે, એમ કહેતે હૈ ને ? ઉતાવળે આંબા તો નહીં પાકતે હૈ, નહીં કહેતે હૈ તુમારે ? આ અંબ નહીં, અંબ, આ વાવતે હૈ તો તરત પાક જાતે હૈ ? હૈં ? ( શ્રોતાઃ- ભીંડો તરત થાય ) ભીંડો તરત થાય પણ છ મહિને પાછો સુકાઇ જાય. ભીંડાકા ઝાડ હોતા હૈ ને ? આતા હૈ આપણે એ શ્લોક ભી આયા હૈ, “ભીંડા, ભાદુ માસકા વડકુ કહે જરૂર, હમ આયે તુમ ખસ જાઓ.” હમ છ માસમાં ઇતના હુઆ તો બાર મહિનેમેં કિતના હો જાયેગા ? વડકો કહે દૂર હો જાવ તમે ઇતના ઘણા વરસે હુઆ હૈ. છ માસમે ઇતના બઢ ગયા હૈ. વડ કહેતે હૈ કે હવે છ માસમેં આયા હૈ હવે સુકાઇ જાયેગા હવે બઢ નહીં જાયેગા. એક શ્લોક આતા હૈ. બરોબર બધા શબ્દ યાદ રહે નહીં. એ આતે હૈ “ભીંડા ભાદુ માસકા, વડકું કહે જરૂર” હમ આયે એમ કાંઇ છે ભાષા હમ આયે એમ કે હમ બઢ ગયે તો તુમ દૂર રહ જાવ, વડને કહે દૂર હો જાવ, છ મહિનામાં ઇતના વધ્યા ને તુમ તો ઇતના વરસે ઇતના વધ્યા હૈ, તો પીછે બાર મહિને કિતના બઢ જાએગા. ધૂળેય નહીં બઢા સૂન તો સહી.

ઐસે જ્ઞાનકી જ્ઞેય પર્યાયમેં અનેકાકાર જ્ઞાન હુઆ તો એને જાને કે. બહોત મેરે જ્ઞાન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

હુઆ, ઓહોહો ! અરે સૂન તો સહી પ્રભુ ! આહાહા ! એ ભીંડા ભાદુ માસકા જૈસા હૈ. આ ભાદુ માસ સમજે ને ? ભાદરવા ભાદરવામેં ભીંડો એકદમ હોતા હૈ ઝાડ. ઇતના ઇતના પણ તરત સુકાઇ જાતા હૈ. પીછે આસો મહિને. આહાહા ! પરજ્ઞેયાકાર જ્ઞાન હુઆ વો ઉસમેં લુબ્ધ હૈ તો એ મિથ્યાદૅષ્ટિ અનાદિ હૈ, નિગોદમેં ચલે જાયેગા. ત્યાં તો એ પર જ્ઞેયાકાર જ્ઞાનેય નહીં રહેગા. આહાહાહાહા ! કયોંકિ સ્વભાવસે ઉત્પન્ન હુઆ નહીં અને પરદ્રવ્યકા અવલંબન ને ઇન્દ્રિયસે ઉત્પન્ન હુઆ વો નાશવંત હો જાયેગા. આહાહા !

ભાઈ મારગ જુદો બાપુ. આહા ! આ કોઇને કહીને સમજાના હૈ કે ઐસી બાત ( નહીં ), અંદરમેં હૈ આ વસ્તુ. આહાહા ! એ આ કહેતે હૈ ઇતના તીન લીટીમેં તો કિતના ભર દિયા હૈ. આહાહા ! જૈસે લવણકી ડલીકા સ્વાદ લેનેકે કારણ, અનેક શાક આદિમેં જો લવણ દિખતે હૈ એ પરદ્રવ્યકા લક્ષ છોડકર એકિલા લવણકા સ્વાદ લેનેવાલા, લવણકા સ્વાદ લેતે હૈ. ઐસે અપની પર્યાયમેં ઇન્દ્રિય, દ્રવ્ય ને ભાવ ઇન્દ્રિય અને બાહ્ય વસ્તુ, એના નિમિત્તસે જો જ્ઞેયાકાર અનેક પ્રકાર જ્ઞાન હુઆ, ઉસકા લક્ષ છોડકર ઉસકા રસ ને પ્રેમ છોડકર, આહાહાહાહા... ઉસમેં મેરી હૈયાતી હૈ, ઐસી બાત છોડકર, આહાહાહાહા... સમજમેં આયા ? ગજબ કામ, ટીકા ઐસી, આહાહાહાહા !

સ્વદ્રવ્ય જો ભગવાન આત્મા, આહાહાહા... એ પરદ્રવ્યકા સંયોગકા વ્યવચ્છેદ કરકે અર્થાત્ તે તરફકા લક્ષ છોડકે આહાહાહા... કેવળ આત્માકા હી અનુભવ કિયે જાનેપર, આહાહાહા... ગજબ વાત હૈ પંદરમી ગાથા, આ જૈનશાસન, એકિલા ભગવાન આત્મા, આત્માકા હી અનુભવ કિયે જાને પર, જ્ઞાયક સ્વભાવસે પ્રભુ ભરા પડા હૈ, વો તરફકા અનુભવ કરને પર આહાહાહા... સર્વતઃ એક વિજ્ઞાનઘનતાકે કારણ, આહાહાહા... એક વિજ્ઞાનઘન હુઆ. આહાહાહા... જો જ્ઞાનકી પર્યાયમેં અનેકતાકી ધારા વહેતી થી ત્યાં ઘન નહીં થા. સમજમેં આયા ? શાસ્ત્રજ્ઞાન "સબ શાસ્ત્રનકે નયધારી હિએ મત મંડન ખંડન ભેદ લિયે, વહ સાધન વાર અનંત કિયો તદપિ કછુ હાથ હજુ ન પડયો, અબ કયોં ન વિચારત હૈ મનસે કછુ ઔર રહ્યા ઉન સાધનસે, બિન સદ્‌ગુરુ કોઇ ન ભેદ લહે મુખ આગળ હૈ કહ બાત કહે" આહાહા ! ( કવિત ) શ્રીમદ્‌નું છે. શ્રીમદ્ થા ગુજરાતી પણ એને હિંદી બનાયા, આત્મજ્ઞાન હુઆ પીછે આ હિન્દી બનાયા થોડા. આહાહા !

યહાં કહેતે હૈ ગજબ દો લીટીમેં તો કિતના ભર્યા. આહાહાહાહા ! એ સંતોની દશા તો દેખો અંદર, હૈં ? કહેતે હૈ કે હમકો ગુરુગમસે વાણી મિલી અને જ્ઞાન હુઆ ઉસકા ભી, મૈં ઉસમેં લુબ્ધ નહીં. આહાહાહા ! પરદ્રવ્યકે સંયોગકા વ્યવચ્છેદ કરકે કેવળ આત્મા, એકિલા ભગવાન આત્માકા હી અનુભવ કિયે જાને પર, જેમ શાક આદિકા લક્ષ છોડકર એકલા લવણકા સ્વાદ લેતે હૈ, ઐસે જ્ઞેયાકાર અનેક પ્રકારકી, પર્યાયોંકા લક્ષ છોડકર, કેવળ એકલા આત્મા ભગવાન પૂર્ણાનંદ પ્રભુ, આહાહાહા... વસ્તુ એવી છે, ( શ્રોતાઃ– અદ્‌ભુત બાત હૈ ) આવી વાત છે પ્રભુ શું થાય ? લોકોને એવું લાગે કે આ તો બધું વ્યવહાર ઉડાવી દે છે. વ્યવહાર ઉડે તો નિશ્ચય પામે, રાગકી રુચિ છોડે તબ નિશ્ચય પામતે હૈ. એમ પરલક્ષકા જ્ઞાનકા લક્ષ છોડે તો સ્વજ્ઞાન હોતા હૈ. આહાહાહાહા !

કેવળ આત્મા એકિલા ભગવાન આત્માકા અનુભવ કિયે જાને પર સર્વતઃ ચારેબાજુસે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

એક વિજ્ઞાનઘન બસ, અનેક જ્ઞેયાકારકા જ્ઞાન થા ઉસકા લક્ષ છોડકર આ એકરૂપ ત્રિકાળી ભગવાન ઉસકા એક વિજ્ઞાનઘનતાકે કારણ જ્ઞાનરૂપસે સ્વાદમેં આતા હૈ. જેમ લવણકા સ્વાદ લેનેસે, શાક તરફકા લક્ષ છોડકર લવણકા સ્વાદ લેનેસે, લવણકા સ્વાદ આતા હૈ, ઐસે જ્ઞેયાકાર અનેક પ્રકારકી પર્યાયકા લક્ષ છોડકર, એક કેવળ આત્માકા અનુભવ કરનેપર જ્ઞાનકા સ્વાદ આતા હૈ. આહાહાહા !

જ્ઞાનકી પર્યાયમેં અનેકાકાર જ્ઞાન હૈ ઉસકા 'રાગ' સ્વાદ હૈ. આહાહા ! અને આ સર્વતઃ એક વિજ્ઞાનઘનતાકે કારણ અંતરમેં અનુભવ કરનેપર જ્ઞાનરૂપસે સ્વાદમેં આતા હૈ, ભગવાન તો જ્ઞાનમેં 'જ્ઞાન' સ્વભાવ સ્વાદમેં આતા હૈ, જ્ઞાનકી સાથ "આનંદ" હૈ, આહાહાહા ! સમ્યગ્જ્ઞાનકી સાથ આનંદ હૈ, તે જ્ઞાન સ્વાદમેં આયા ઐસા કહેનેમેં આયા હૈ. આહાહાહાહાહા ! સમ્યગ્જ્ઞાન ઉત્પન્ન હુઆ એકિલા કેવળ આત્માકે અનુભવકે કારણ આહાહા... તો એકિલા જ્ઞાન ચેતનાકા આનંદકા સ્વાદ ત્યાં આતા હૈ, આહાહાહા ! ઉસકા નામ સમ્યગ્જ્ઞાન કહેનેમેં આતા હૈ. આહાહા ! અને ત્યાં ભવકા અંત હોતા હૈ ભવકા વ્યવચ્છેદ હુઆ. આહાહા ! ભવ અને ભવકા ભાવસે ભિન્ન અપના સ્વભાવકી એકતાકા અનુભવ હુઆ, ભવકા અંત હો ગયા. આહાહાહા ! એ સુખને મોક્ષને પંથે પડા, સુખને પંથે, વો દુઃખને પંથે થા. આહાહાહા ! આવી ચીજ છે ભાઈ ! વાદ વિવાદ કરે તો આમાં ક્યાંય પાર પડે એવું નથી. આહાહા !

સર્વતઃ એક વિજ્ઞાનઘનતાકે કારણ આહાહા... એકલો જ્ઞાનઘન પિંડ પ્રભુ આત્મા, એના અનુભવ કરને પર જ્ઞાનકા સ્વાદ આતા હૈ. અજ્ઞાનીકો જ્ઞેયાકાર અનેક પ્રકારે જ્ઞાનમેં રાગકા સ્વાદ થા, ઝેરકા સ્વાદ થા. આહાહા ! અપના કેવળજ્ઞાનકા અનુભવ, કેવળ આત્મા અનુભવને પર અમૃતકા સ્વાદ આતા હૈ, સમજમેં આતા હૈ ? લાલચંદજી ! આ વાત ભોપાળમેં હૈ નહીં ક્યાંય ત્યાં. આહાહાહા ! આત્મામેં હૈ એમ કહેતે હૈ. એ તો ભોપાળમેં નહીં એમ કહા. આહાહા ! (શ્રોતાઃ- ઇસલિયે તો સોનગઢમેં આયે હૈ) સોનગઢમેંય નહીં હૈ, આત્મામેં હૈ અહીંયા. આહાહા ! ગજબ વાત હૈ પ્રભુ !

યહાંસે સૂનનેમેં જો જ્ઞાન હોતા હૈ, એ પણ પર જ્ઞેયાકાર જ્ઞાન હૈ ભગવાન, અરરર ! ઉસમેંસે ભી લુબ્ધપણા છોડકર, આહાહાહા... પહેલે આ જ્ઞાન નહીં થા ને હમ તો ઘરે થે ને, અહીંયા હુઆ તો ઇતના તો નવીન હુઆ ને ? નહીં પ્રભુ, એ નવીન નહીં હૈ પ્રભુ. આહાહા ! પર ઇન્દ્રિયજ્ઞાનસે જો જ્ઞાન હોતા હૈ, ભગવાનને ભગવાનકી વાણીકો ભી ઇન્દ્રિય કહેનેમેં આયા હૈ ૩૧ ગાથામેં. આહાહાહા ! શું વીતરાગ મારગ ! (શ્રોતાઃ- ભગવાનકો ઇન્દ્રિય નહીં કહ સકતે !) ભગવાનકો ઇન્દ્રિય કહા હૈ. અપની અણીન્દ્રિય સિવાય, દ્રવ્ય ઇન્દ્રિય, ભાવ ઇન્દ્રિય ને પર સબકો ઇન્દ્રિય કહા હૈ. ૩૧ ગાથા. "**णाणसहावादियमुणदि आदं , मुणदि ,**" જુદા એ ત્રણેયકો સંસ્કૃત ટીકામેં અમૃતચંદ્રાચાર્યને ઇન્દ્રિય કહા હૈ. જડઇન્દ્રિય, ભાવઇન્દ્રિય ઓર ઉસકા વિષય સ્ત્રી, કુટુંબ, પરિવાર, દેશ અને ભગવાન ને ભગવાનની વાણી સબકો ઇન્દ્રિય કહેનેમેં આયા હૈ. આહાહાહા ! ગજબ વાત હૈ. ભાઈ ! મારગડા પ્રભુ જુદા, ભાઈ ! અનંત ભવકા અંત લાના એ કોઇ બાત સાધારણ હૈ નહીં ભાઈ.

એ જ્ઞાનરૂપસે સ્વાદમેં, જેમ ઓલા શાક આદિકા વ્યવચ્છેદ કરકે, એટલે લક્ષ છોડ કરકે,

એકીલા લવણકા સ્વાદ આનેવાલેકો લવણકા સ્વાદ આતા હૈ. ઐસે પરદ્રવ્ય નામ પરજ્ઞેયાકાર જો જ્ઞાન આદિ હૈ ઉસકા લક્ષ છોડકર એકિલા ભગવાન વિજ્ઞાનઘનસ્વરૂપ હૈ, યહ આત્મા ઉસકા અનુભવ કરને પર જ્ઞાનકા સ્વાદ, આનંદકા સ્વાદ, શાંતિકા સ્વાદ, સ્વચ્છતાકા સ્વાદ, પ્રભુતાકા સ્વાદ ( અભેદ સ્વાદ ) ત્યાં આતા હૈ. આહાહાહા ! આહાહાહા ! જ્ઞાનચંદજી ! આ જ્ઞાન ! આ ભગવાન તેરી બલિહારી હૈ નાથ. તેરી કયા ચીજ હૈ અંદર. આહાહા... એ વિજ્ઞાનઘન ભગવાન તો હૈ અંદર, જેમાં પર્યાયકા હોના એ ભી ઉસમેં નહીં. આહાહા ! પણ વિજ્ઞાનઘનકા અનુભવ કરને પર જો પર્યાય હોતી હૈ, ઉસમેં જ્ઞાનકા આનંદકા સ્વાદ આતા હૈ. આહાહાહા ! સમજમેં આયા ? ભાઈ ! આ તો વીતરાગ મારગ છે પ્રભુ ! આ વીતરાગ મારગ એટલે ? એ પર્યાયમેં વીતરાગી જ્ઞાન ઉત્પન્ન હુઆ, એ પર્યાયમેં વીતરાગી દૃષ્ટિ ઉત્પન્ન હુઇ એ પર્યાયમેં વીતરાગી આનંદ આયા, ઓલા ઇન્દ્રિયકા આનંદ થા એ રાગ થા, દુઃખ થા. આહાહા ! અરેરે ! સમજમેં આયા ? કલ કહા થા, પરમાર્થ વચનિકામેં પરસત્તાવલંબી જ્ઞાન ભી મોક્ષકા મારગ નહીં ઐસા કહા થા. પહેલાંના તો બનારસીદાસ, ટોડરમલ... ઓહોહો !

વો ચર્ચા હુઇને ખાનિયામેં, તો સામાવાળા કહે કે આચાર્યનું કથન અને અમારે પંડિતજી કહે પંડિતોકા પણ કથન લેના પડેગા. ફુલચંદજી ! પણ એ પંડિતો એ જ્ઞાની હૈ તો યથાર્થ બાત કિયા હૈ, એ સમકિત દૃષ્ટિ હો, ગમે તે હો તો વસ્તુકો તો યથાર્થ હી કહેતા હૈ. સ્થિરતામેં ફેર હૈ. ફુલચંદજીએ લિયા થા. પંડિતજી કહે ઉસકો ભી લેના પડેગા. આહાહાહા ! હૈ ? ( આચાર્યનું લેવું તો નિયમસારની ટીકા તો ખોટી પડી જાય ) એ નહીં નહીં, એ ક્યાં હૈ ખબર છે ? એમાંય એ ખોટી પાડે છે એ આવલિકાનો ભાગ કર્યો છે ને જરી એમાં એક શબ્દ હૈ, તો ઉસમેં ખોટી એ તો એક સામાન્ય વાત હૈ. આવલિકાનો ભાગ છે એ કુછ નિયમસારમેં હૈ, ખ્યાલ હૈ, ઐસી ભૂલ નિકાલતે હૈ, રતનચંદજી, બાપુ ભૂલ નહીં સંતોની ભૂલ ન હોય. આહાહા ! સ્થિરતામાં કોઇ ભૂલ હોય, પણ દૃષ્ટિ અને જ્ઞાનના અનુભવમાં જરી પણ ભૂલ ન હોય. પુલાક અને બકુશ આદિમેં જરી દોષ લગતે હૈ સ્થિરતામેં વસ્તુમેં, દૃષ્ટિ ને જ્ઞાનમેં બિલકુલ દોષ નહીં. આહાહા ! સમજમેં આયા ? આહાહા !

ભગવાન જ્ઞાનસૂર્ય તપે છે ને અંદરમાં. આહાહાહા ! જ્ઞાન જિનચંદ્ર એ આત્મા હૈ, શીતળતાના વીતરાગી શીતળ સ્વભાવસે ભરા પ્રભુ, આહાહાહા... વિજ્ઞાનઘન, આનંદઘન, શાંતઘન, સ્વચ્છતાકા ઘન, પ્રભુતાકા ઘન એ હૈ આત્મા. આહાહા ! એ તરફકા અનુભવ કરને પર સંયોગી જ્ઞાનકા ભી વ્યવચ્છેદ નામ લક્ષ છોડકર, આહાહાહા... જ્ઞાનરૂપસે સ્વાદમેં આતા હૈ. આહાહાહાહા ! ભાષા તો સાદી હૈ ભાવ ગંભીર હૈ ભાઈ !

એક જણો કહે કે સમયસારના તમે ઇતના વખાણ કરતે હૈ એક એક પદમેં માલ ભર્યા હૈ તો મૈં તો પંદર દિનમેં તો સારા સમયસાર વાંચ લિયા, અચ્છા ? ઐસા કોઇ આયા પંડિતજી ! ઐસા આયા મેં કીધું ભાઈ એ સમયસારમેં એક એક પદમેં મહા ગંભીરતા હૈ. આખી ગાથાની તો વાત કયા કરના ? પણ એક શબ્દ “વંદિતુ સવ્વ સિદ્ધે, જીવો ચરિતદંસણણાણઠિયો” એક એક પદમેં ઉસકી ગંભીરતાકા પાર નહીં પ્રભુ. આહાહાહા ! ત્યારે કહે હમ તો પંદર દિનમેં વાંચ લિયા. વાંચે અક્ષર લિખ્યા હૈ એ વાંચે એમાં શું ? ( શ્રોતાઃ– બે રાત જાગે ને વાંચે ) હો, જાગી જાય ને

પછી વાંચ્યા કરે એમાં શું અક્ષર ? અ, આ, ક, કા એમાં શું ? બાપુ ! એ સમયસાર જગતના ભરતક્ષેત્રનો ચંદ્ર સૂર્ય હૈ. અદ્વૈતચક્ષુ હૈ. એ આયા ને ! કળશ હૈ છેલ્લા આખિર સમયસારમેં અદ્વૈતચક્ષુ, અદ્વૈતચક્ષુ, અજોડચક્ષુ આખિરમેં સમયસાર, સમયસાર એટલે શબ્દો, અને સમયસાર એટલે આત્મા. સમજમેં આયા ? આહાહા !

ઓમકાર છે ને ? બનારસીદાસે લિયા હૈ. ઓમકાર શબ્દે વિશદ યાકે ઉભયરૂપ બનારસી વિલાસમેં લિયા હૈ. ઓમકાર શબ્દે વિશદરૂપ એક આત્મિકભાવ, એક પુદ્ગલકો, ઓમના દો શબ્દ લિયા હૈ. એક ઓમ આત્મસ્વરૂપ એ ઓમ, અને એક વિકલ્પ ઉઠતે હૈ કે 'ઓમ' એ શબ્દ હૈ. આહાહા ! સમજમેં આયા ? આંહી આવ્યું નથી, બનારસીદાસનું ? હા, પ્રમેય માહાત્મ્યમાં લીધું છે. બનારસી વિલાસ બહોત વરસ પહેલે દેખા થા ને તે ગુપત બાત થી તો મોક્ષમાર્ગમેં પીછે છપા દિયા હૈ તીનોં. આહાહા ! પછી જ્ઞાનની વાત લીધી છે, છે ને આ તો ઘણા વરસ પહેલાં, એકાણુંમાં જ્યારે દેખા થા ને તો છપાયા પીછે કીધું આવી વાતું ગુપત રહી ગઇ છે. આહાહા !

યહાં કહેતે હૈ, આહાહા ! નિમિત્તકા તો લક્ષ છોડ દે, રાગકા તો લક્ષ છોડ દે, પણ જ્ઞાનકી પર્યાયમેં અનેકાકાર જો પર લક્ષે હુઆ ઉસકા ભી તું લક્ષ છોડ દે. આહાહાહાહા... ઔર એકિલા વિજ્ઞાનઘન ભગવાન આત્મા ઉસકા અનુભવ કરનેસે જ્ઞાનકા સ્વાદ આતા હૈ, એકિલા સ્વભાવકા સ્વાદ આતા હૈ, એમ કહેતે હૈ. સમજમેં આયા ? ઉસકા નામ સમ્યગ્જ્ઞાન હૈ, આહાહાહા... ઉસકા નામ ભાવશ્રુતજ્ઞાન હૈ, ઉસકા નામ જૈનશાસન હૈ. આહાહાહા... આવી વાત અરેરે !

**ભાવાર્થઃ**- યહાં આત્માકી અનુભૂતિકો હી જ્ઞાનકી અનુભૂતિ કહા ગયા. હૈ ને ? આત્માકા અનુભવ એ જ્ઞાનનો અનુભવ, દ્રવ્યકા અનુભવ એ જ્ઞાનકા અનુભવ. ૧૪ મેં દ્રવ્યકા અનુભવ કહા, અહીંયા જ્ઞાનકા અનુભવ. અજ્ઞાનીજન જ્ઞેયોમેં હી-જ્ઞેયોમેં હી, ઇન્દ્રિયજ્ઞાનકે વિષયોમેં હી-જ્ઞેયોકા અર્થ કિયા જ્ઞેયોમેં હી એટલે ? લીટી કરકે, જ્ઞેયોમેં હી એટલે કયા ? અર્થાત્-અર્થાત્ જ્ઞેયોમેં હી અર્થાત્ જ્ઞેય ઇન્દ્રિયજ્ઞાનકે વિષયોમેં હી લુબ્ધ હો રહા હૈ. આહાહાહા... એ ઇન્દ્રિયજ્ઞાનકે વિષયોંસે અનેકાકાર હુએ જ્ઞાનકો હી જ્ઞેયમાત્ર આસ્વાદન કરતે હૈ. આહાહા ! ટીકાકાર આ પંડિત પણ કિતના કરતે હૈ, સમજમેં આયા ?

હવે વો ચર્ચામેં કહે પંડિતોકા આધાર નહીં લેના, અમારે પંડિતજી કહે પંડિતોકા આધાર લેના, હૈં ? આ વાત કિસકી હૈ ? આ પંડિતજી તો અર્થ કરતે હૈ. આહાહા ! ભાઈ ! એમ અનાદર ન થાય, પ્રભુ ! સમ્યગ્દષ્ટિકા કથન એ માન્ય હૈ, અનાદર ન થાય. એ સર્વજ્ઞ જૈસી સમ્યગ્દષ્ટિમેં જો કથન આતા હૈ, ઐસે અનુભવી જીવકી ઐસી વાણી દિવ્ય ધ્વનિ જૈસા હી ભાવ આતા હૈ. ભાઈ તેરે ખબર નહીં. આહાહા ! આહાહા ! એ આંહી કહા.

ઇન્દ્રિયજ્ઞાનકે વિષયોંસે, ઇન્દ્રિયજ્ઞાનકા વિષયોંસે પર, અનેકાકાર હુએ જ્ઞાન, છે ? એ જ્ઞાનકી પર્યાયમાં અનેકાકાર પરલક્ષસે જો હુઆ જ્ઞાન, આહા... ઉસકો હી જ્ઞેયમાત્ર, એ જાણે અપના જ્ઞેય હૈ એમ માનતે હૈ, પણ એ પરજ્ઞેય હૈ. એ જ્ઞાનકો હી જ્ઞેયમાત્ર આસ્વાદન કરતે હૈ. આહાહાહા ! અપના જ્ઞાનકો આ પરજ્ઞેયકા સ્વાદ લેતે હૈ એકિલા કહેતે હૈ. અપના જ્ઞાન છોડકર. ગાથા તો બહોત અચ્છી આ ગઇ હૈ. આહાહા ! ( શ્રોતાઃ- ભાવકા સ્પષ્ટીકરણ બહોત અચ્છા

આયા ) આહાહા ! આ અનુભવ વિના સમજે નહીં, સમજે નહીં કઠણ વાત. ઈન્દ્રિયજ્ઞાનકે વિષયોંસે એ ઈન્દ્રિયજ્ઞાન હુઆ, શાસ્ત્રસે સૂના, ભગવાનકો સૂના, ગુરુકો સૂના, શાસ્ત્ર વાંચ્યા ને જ્ઞાન હુઆ, એ સબ ઈન્દ્રિયજ્ઞાનકે વિષયોંસે અનેકાકાર હુએ, આહાહાહા... જ્ઞાનકો હી અનેકાકાર હુએ જ્ઞાનકો હી, જ્ઞેયમાત્ર આસ્વાદન–આસ્વાદન કરતે હૈ, એ તો પરજ્ઞેય હૈ, ઉસકો યે આસ્વાદન કરતે હૈ. સ્વજ્ઞેયકો તો ભૂલ ગયે. આહાહાહા ! આહાહા ! સૂક્ષ્મ હૈ ભાઈ પણ આવી વાત મળે ક્યાં ભાઈ ! સમજમેં આયા ?

આ દુર્લભ હૈ બાપુ, પ્રભુ, આહાહા ! આ જ્ઞેયમાત્ર કરકે, પરંતુ જ્ઞેયોંસે ભિન્ન દેખો એ જ્ઞાન અનેકાકાર જ્ઞેયસે પરકે લક્ષસે હુઆ ઉસકો યહાં જ્ઞાનમાત્રકા, એ જ્ઞાનમાત્રકા આસ્વાદ નહીં કરતે, જ્ઞેયમાત્ર કરતે હૈ, પરંતુ જ્ઞેયોંસે ભિન્ન, એ જ્ઞેયાકાર અનેક જ્ઞાન ઉસસે ભિન્ન, જ્ઞાનમાત્રકા આસ્વાદ નહીં કરતે. આહાહાહાહા ! કિતની સ્પષ્ટતા પંડિતજીએ કિયા જુઓ પંડિત હૈ.

“ઔર જો જ્ઞાની હૈ” આહાહાહા ! “જ્ઞેયોમેં આસક્ત નહીં હૈ.” અનેકાકાર જ્ઞાનકી પર્યાય હુઇ એ પરજ્ઞેય હૈ, એ સ્વજ્ઞેય નહીં. હૈં ? આહાહા ! શું વાણી સંતોની રામબાણ છે, રામનું બાણ ફરે નહીં, માર્યું, નાખ્યું એ તો મરી જાય સામે એકદમ. એમ વીતરાગી સંતોની વાણી રામબાણ હૈ, ફરે નહીં ત્યાં. આહાહાહા ! જ્ઞેયોમેં આસક્ત નહીં હૈ, જ્ઞેયોંસે ભિન્ન, એ પર્યાયમેં ઈન્દ્રિયજ્ઞાનસે અનેકાકાર હુઆ, ઉસકા લક્ષ છોડકર એકાકાર જ્ઞાનકા હી આસ્વાદ લેતે હૈ. આહાહાહા ! એકિલા ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપીકા સ્વાદ લેતે હૈ. સ્વજ્ઞાનકા સ્વાદ લેતે હૈ વો ( અજ્ઞાની ) પરજ્ઞેયાકારકા સ્વાદ લેતે હૈ એ રાગ. આહાહાહાહા ! આવી વાત છે ભાઈ !

જૈસે શાકોંસે ભિન્ન નમકકી ડલ્લીકા ક્ષારમાત્ર સ્વાદ આતા હૈ, શાક આદિસે ભિન્ન લવણકા ડલીકા સ્વાદ આતા હૈ, ઉસી પ્રકાર આસ્વાદ લેતે હૈ. સમ્યગ્દૃષ્ટિ એટલે સમ્યગ્જ્ઞાની આહાહાહાહા... પર્યાયમેં પરજ્ઞેયાકારે જ્ઞાનકા સ્વાદ છોડકર, આહાહાહાહાહા... અપના ભગવાન જ્ઞાન સ્વરૂપી પ્રભુ ઉસકા આસ્વાદ લેતે હૈ “જૈસે શાકોસે” આયા ને ? “કયોંકે જો જ્ઞાન હૈ સો આત્મા હૈ”. આહાહાહા ! જ્ઞાન એ આત્મા હૈ, “ઔર જો આત્મા હૈ સો જ્ઞાન હૈ”. જ્ઞાન એ આત્મા હૈ ને આત્મા વો જ્ઞાન હૈ.

ઈસપ્રકાર ગુણીગુણીકો અભેદ દૃષ્ટિમેં, અભેદ દૃષ્ટિમેં આનેવાલા ગુણગુણી ભેદ નહીં. અને “ગુણ ને ગુણીની અભેદ દૃષ્ટિમેં આનેવાલા સર્વ પરદ્રવ્યોસે ભિન્ન” અબદ્ધસ્પૃષ્ટ આયાને અપની પર્યાયસે એકરૂપ “અનન્ય” દૂસરા બોલ લિયા, અપને ગુણોમેં એકરૂપ “સામાન્ય” પર નિમિત્તસે ઉત્પન્ન હુએ ભાવોંસે ભિન્ન, આહા ! અપને સ્વરૂપકા અનુભવ, જ્ઞાનકા અનુભવ હૈ. આહાહાહા !

એ આયા થા અનિયતમેં, પર્યાયમેં જો અનેક પ્રકારની અગુરુલઘુને કારણે આદિ પર્યાયમેં અનેકતા હોતી હૈ, ઉસકા ભી લક્ષ છોડકર, સમજમેં આયા ? નિયતકો કહ્યા થા ને ? અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય, નિયત, અવિશેષ ને અસંયુક્ત ઐસા ભાવસ્વરૂપ આત્મા ઐસા ભાવસ્વરૂપ ભગવાન, આહાહાહા... ઉસકા અનુભવ કરનેપર આહાહાહા... જ્ઞાનકા અનુભવ હૈ, ઔર વો અનુભવન ભાવશ્રુતજ્ઞાન સ્વરૂપ યહ અનુભવ ભાવશ્રુત જ્ઞાનસ્વરૂપરૂપ જિનશાસનકા અનુભવન હૈ, આહાહાહાહા !

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


ગાથા અલૌકિક હૈ, ઉસકા ભાવ હો, ભાષા તો ભાષા હૈ, એ ભાવશ્રુતજ્ઞાન વો પરકા લક્ષસે જ્ઞાન એ તો દ્રવ્યશ્રુત શબ્દજ્ઞાન, બંધ અધિકારમેં કહા હૈ, કે જિતના પરકા લક્ષે જ્ઞાન હોતે હૈ એ ઉસકો શબ્દજ્ઞાન કહેતે હૈ આત્મજ્ઞાન નહીં. આહાહાહાહા! સમયસાર હૈ ને? આગળ બંધમેં હૈ, સબ હૈ અહીં તો અઢાર બાર ચલ ગયા સભામેં, આ તો ઓગણીસમી બાર ચલતે હૈ, સભામેં હોં, અઢાર બાર તો હો ગયા. અક્ષરે અક્ષરકા અર્થ, આ ઓગણીસમી વાર ચલતે હૈ. આહાહા! આહા!

એ જિનશાસન અનુભવન હૈ. શુદ્ધનયસે ઇસમેં કોઇ ભેદ નહીં, એ શુદ્ધનયકા જો વિષય હૈ અને વિષયમાં અનુભવ હોતે હૈ ને નિર્મળ પર્યાય વો ભી શુદ્ધનય હૈ, શુદ્ધનયકા વિષય પરિપૂર્ણ હૈ, એ પર્યાયકા ભેદ ભી શુદ્ધનયકા વિષય નહીં, એ તો વ્યવહારનયકા વિષય હુઆ. તો વો છોડકર શુદ્ધનયકા વિષય ત્રિકાળી જ્ઞાયકભાવ ઉસકા અનુભવકો ભી શુદ્ધનય કહેનેમેં આતા હૈ. તો શુદ્ધનયસે ઇસમેં કોઇ ભેદ નહીં. જૈનશાસન પર્યાય શ્રુતજ્ઞાન જૈન શુદ્ધનયકા અનુભવ સબ એક હી પર્યાયકા વાચક હૈ, આહાહાહા! સમજમેં આયા? લો એ હો ગયા

---

## શ્લોક - ૧૪

( पृथ्वी )

अखण्डितमनाकुलं ज्वलदनन्तमन्तर्बहि-
र्महः परममस्तु नः सहजमुद्विलासं सदा ।
चिदुच्छलननिर्भरं सकलकालमालम्बते
यदेकरसमुल्लसल्लवणखिल्यलीलायितम् ।। १४ ।।

**હવે આ જ અર્થનું કલશરૂપ કાવ્ય કહે છેઃ-**

**શ્લોકાર્થઃ- આચાર્ય કહે છે કે [ परमम् महः नः अस्तु ] તે ઉત્કૃષ્ટ તેજ-પ્રકાશ અમને હો [ यत् सकलकालम् चिद्-उच्छलन-निर्भरं ] કે જે તેજ સદાકાળ ચૈતન્યના પરિણમનથી ભરેલું છે, [ उल्लसत्-लवण-खिल्य-लीलायितम् ] જેમ મીઠાની કાંકરી એક ક્ષારરસની લીલાનું આલંબન કરે છે તેમ જે તેજ [ एक-रसम् आलम्बते ] એક જ્ઞાનરસ-સ્વરૂપને અવલંબે છે, [ अखण्डितम् ] જે તેજ અખંડિત છે-જ્ઞેયોના આકારરૂપે ખંડિત થતું નથી, [ अनाकुलं ] જે અનાકુળ છે-જેમાં કર્મના નિમિત્તથી થતા રાગાદિથી ઉત્પન્ન આકુળતા નથી, [ अनन्तम् अन्तः बहिः ज्वलत् ] જે અવિનાશીપણે અંતરંગમાં અને બહારમાં પ્રગટ દેદીપ્યમાન છે-જાણવામાં આવે છે, [ सहजम् ] જે સ્વભાવથી થયું છે- કોઈએ રચ્યું નથી અને [ सदा उद्विलासं ] હમેશાં જેનો વિલાસ ઉદયરૂપ છે-જે એકરૂપ પ્રતિભાસમાન છે.**

**ભાવાર્થઃ- આચાર્યે પ્રાર્થના કરી છે કે આ જ્ઞાનાનંદમય એકાકાર સ્વરૂપજ્યોતિ અમને સદા પ્રાપ્ત રહો. ૧૪.**

---

अखण्डितमनाकुलं ज्वलदनन्तमन्तर्बहि– र्महः परममस्तु नः सहजमुद्विलासं सदा।
चिदुच्छलननिर्भरं सकलकालमालम्बते यदेकरसमुल्लसल्लवणखिल्यलीलायितम्।।१४।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


અબ ઇસ અર્થકા કળશરૂપ કાવ્ય કહેતે હૈ. આહાહાહા ! અમૃતકા અમૃત કળશ હૈ. આચાર્ય કહેતે હૈ 'પરમમ્ મહઃ નઃ અસ્તુ' નઃ નામે 'અમે' 'નઃ' શબ્દ હૈ ને ? એટલે અમે, હમકો 'યહ' ઉત્કૃષ્ટ તેજ પ્રકાશ પ્રાપ્ત હો. આહાહા ! અમુક પ્રાપ્ત તો હૈ હી, પણ હવે ઉત્કૃષ્ટ પ્રાપ્ત હો. આહાહાહા ! કેવળજ્ઞાન પ્રાપ્ત હો હમકો તો, તેજકા બિંબ પ્રભુ, આહાહા... હમે યહ 'મહઃ' છે ને તેજ, અસ્તુ, વહ ઉત્કૃષ્ટ તેજ પ્રકાશ પ્રાપ્ત હો. આહાહાહા ! હમારા નાથ પ્રભુ ! ચૈતન્ય પ્રકાશકા પિંડ એ અમને પર્યાયમાં પ્રાપ્ત હો. આહાહા ! હમે મહાવ્રતકા વિકલ્પ આ હો ને આ હો એ કોઇ બાત હૈ નહીં. આહાહા !

'યત્ સકલકાલમ ચિદ્ ઉચ્છલન નિર્ભરં' યત્ નામ કે જો તેજ ભગવાન આત્માકા તેજ, ચૈતન્ય તેજ સદાકાળ, ચૈતન્યકા પરિણમનસે, ચૈતન્યકા સ્વભાવસે પરિપૂર્ણ હૈ, પરિણમનનો અર્થ ચૈતન્યકા સ્વભાવસે પરિપૂર્ણ હૈ. પરિણમન પર્યાય અંદર નહીં હૈ. આહાહાહા ! સમજમેં આયા ? હૈ ? ચિદ્ ઉચ્છલન છે ને ઉચ્છલન ? ઉચ્છલનકા અર્થ પરિણમન કિયા. પરિણમન સ્વભાવ ઐસા ત્રિકાળ એકરૂપ હૈ. એમ છે ને ? "યત્ સકલકાલમ્ ચિદ્ ઉચ્છલન નિર્ભરં" યહ પરિણમનસે નિર્ભર, નિર્ભર એટલે પરિપૂર્ણ. નિર્ભર, ભગવાન સકલ કાલસે જ્ઞાનથી પરિપૂર્ણ ભર્યા પડા હૈ. પરિણમનકા અર્થ પારિણામિક સ્વભાવ. પારિણામિક સ્વભાવ સહજ, ઐસે નિર્ભરં પરિપૂર્ણ હૈ ભગવાન, આહાહા ! સમજમેં આયા ? આરે આવી વાતું છે. વ્યવહારના રસિયાને તો એવું લાગે કે આ બધું વ્યવહારનું તો કાંઇ કહેતા જ નથી. કહે છે ને ? વ્યવહાર, વ્યવહારનું જ્ઞાન પણ છોડને લાયક હૈ, તારા વ્યવહાર દયા દાનના વિકલ્પ તો છોડને લાયક હૈ હી, આહાહાહા ! અરેરે અનંતા ભવ કિયા પ્રભુ, જૈનધર્મમેં ભી અનંતબૈર જન્મ્યા હૈ, જૈનકા સાધુ દિગંબર ભી અનંતબૈર હુઆ હૈ પ્રભુ. આહાહા ! હો નવ પૂર્વકી લબ્ધિ બી અનંતબૈર હુઇ હૈ. ઉસમેં કયા આયા ? આહાહાહા !

યહાં કહેતે હૈ, જે સદાકાળ ચૈતન્યકા ભાવસે પરિપૂર્ણ હૈ. "ઉલ્લસત લવણ ખિલ્ય લીલાયિતમ્" જૈસે નમકકી ડલી, એક ક્ષાર રસકી લીલાકો આલંબન કરતી હૈ. આહાહા ! એકલા ક્ષારરસસે ભરા હૈ યહ. આહાહા ! ઉસી પ્રકાર, જો તેજ એક 'રસમ્ આલમ્બતે' એક જ્ઞાન સ્વરૂપકા આલંબન કરતા હૈ, એટલે જ્ઞાન સ્વરૂપ હી ભગવાન ત્રિકાળ હૈ. 'અખંડિતમ્' જે તેજ અખંડ હૈ. આલંબનકા અર્થ યહાં પર્યાય નહીં, આલંબનકા અર્થ જ્ઞાનસ્વરૂપ જ ઉસકા આલંબન ત્રિકાળ હૈ યૂં. આહાહાહા ! સમજમેં આયા ? જ્ઞાનસાગર ભગવાન એ જ્ઞાનકા આલંબન નામ જ્ઞાન સ્વરૂપ જ છે યૂં. લીલાકા આલંબન કરતી હૈ, એમ જ્ઞાન સ્વરૂપકા આલંબન કરતા હૈ. તે જ અખંડિત છે. જે તેજ ચૈતન્યકા સ્વભાવભાવરસ અખંડ હૈ, પર્યાયમેં બી ખંડ નહીં હુઆ.

"જો જ્ઞેયોકે આકારરૂપ ખંડિત નહીં હોતા" દેખો. આહાહાહા ! પર્યાયમેં ભી જબ જ્ઞાન હોતા હૈ તો જ્ઞેયોકા આકારસે ભી જ્ઞાનકી પર્યાય, જ્ઞાનકા સ્વાદ લેનેમેં ખંડિત નહીં હોતી, આહાહાહા ! આવો માર્ગ. જો અનાકુળ હૈ, ભગવાન તો અનાકુળ આનંદ સ્વરૂપ પ્રભુ હૈ. આહાહાહા ! "જિસમેં કર્મોકે નિમિત્તસે હોનેવાલા રાગાદિસે ઉત્પન્ન આકૂળતા નહીં." અનંતમ અન્તઃ બહિઃ જવલત્ આહાહાહા ! અવિનાશી રૂપસે અંતરંગમેં ઔર બાહ્યમેં પ્રગટ દેદીપ્યમાન જાનનેમેં આતા હૈ. આહાહાહા ! અંતરંગમેં એકીલા શાંતરસસે ભરા હૈ ઔર બાહ્યમેં ભી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

શાંતરસ દિખનેમેં આતા હૈ. શાંત, શાંત, શાંત, શાંત આહાહા ! ભક્તામરમેં આતા હૈ કે નહીં ? જિતના શાંતરસકા પરમાણુ હૈ, પ્રભુ એ તો શરીરમેં ઐસા હુઆ, આ તો અંદર શાંતિકી પર્યાયમેં શાંતિ ઇતની હૈ કે શાંતરસસે તો ભરા હૈ, પણ પર્યાયમેં શાંતિ દિખતી હૈ. આહાહાહા ! શરીરમેં તો શાંતરસકા પરમાણુ પરિણમ્યા હૈ એ તો જડ, પણ અંતરમેં શાંતરસ પૂરણ પડયા હૈ, તો ઉસકી પર્યાયમેં ભી શાંત, આહાહા ! "ઉપશમ રસ વરસે રે પ્રભુ તારા નયનમાં ઉપશમ રસ વરસે રે પ્રભુ તારા નયનમાં" જ્ઞાનરૂપી નયનમાં. આહાહા !આહા !

ઐસા આત્મા ભગવાન અપની પર્યાયમેં ઉપશમરસપણે આતા હૈ. આહાહા ! બહારસે અને અંતરસે તો દેદીપ્યમાન જાનનેમેં આતા હૈ, જો સ્વભાવસે હુઆ હૈ. ઉસકો કિસીને કોઈ દ્રવ્યકો કર્યા નહીં હૈ. એ તો અનાદિ અનંત હૈ. એમ કે સ્વભાવસે હુઆ હૈ સ્વભાવ હી ઐસા હૈ અનાદિ અનંત કોઇ ઈશ્વર ઉસકા કર્તા હૈ કે કોઇએ બનાયા હૈ ઐસી એ ચીજ નહીં, એ તો પ્રભુ આનંદકંદ, જ્ઞાનઘન, અકૃત્રિમ હૈ, અણકરાયેલ હૈ. આહાહા ! જિસે કિસીને નહીં રચા. 'સદા ઉદ્વિલાસં' સદા ઉદ્વિલાસં, સદા જિસકા વિલાસ ઉદયરૂપ હૈ. આહાહાહા ! જિસકા અર્થાત્ જે એકરૂપ પ્રતિભાસમાન હૈ, ત્રિકાળ એકરૂપ હૈ, ઐસા પર્યાયમેં ભાસન હોતા હૈ, આહાહા ! હૈ તો ખરા પણ હૈ એ ભાસન કિસકો ? હૈ તો હૈ ઐસા, પણ પર્યાયમેં ઐસા પ્રતિભાસ હોતા હૈ કે, આ વસ્તુ અખંડાનંદ પરિપૂર્ણ હૈ. આહાહા... ઉસકો પ્રતિભાસ આયા. આવી વાતું છે.

માર્ગ જ ઐસા હૈ ભગવાન, જિનશાસન આ ઐસા હૈ. આહાહા ! જિનસ્વરૂપી ભગવાન ઉસકા આશ્રયસે જો અનુભવ આનંદ હુઆ એ જૈનશાસન હૈ, જૈનશાસન દ્રવ્યકો નહીં કહા, પર્યાયકો કહા. આહાહા ! રાગ શાસન એ વિકાર દશા હૈ, જિનશાસન એ વીતરાગી દશા હૈ, દશાકો યહાં શાસન કહા. આહાહાહા ! સમજમેં આયા ? "એકરૂપ પ્રતિભાસમાન હૈ" આહાહા !

ભાવાર્થઃ- આચાર્યદેવે પ્રાર્થના કી હૈ કે યહ જ્ઞાનાનંદમય એકાકાર સ્વરૂપ જ્યોતિ હમે સદા પ્રાપ્ત રહો. આહાહાહાહા ! કહા પંચમ આરાના સંતો, જગતને પંચમ આરાના પ્રાણી માટે પણ આ વાત કરતે હૈ, હમકો પ્રાપ્ત હો ઐસા તુમકો ભી પ્રાપ્ત હો એમ કહેતે હૈ. વિશેષ કહેગા.

(શ્રોતાઃ- પ્રમાણ વચન ગુરુદેવ.)

* જેમ માટીના કોરા વાસણમાં પાણીના ટીપાં પડતાં પાણી ચૂસાઈ જાય છે, પાણી દેખાતું નથી, પણ વધુ પાણી પડતાં પાણી બહાર દેખાય છે, તેમ આ પરમાત્મતત્ત્વની વાત સાંભળતાં સાંભળતાં હું જ્ઞાયક છું... જ્ઞાયક છું... એવા દૃઢ સંસ્કાર અંદરમાં પાડે તો મિથ્યાત્વભાવનો રસ મંદ પડતો જાય છે. હજુ ભૂમિકા મિથ્યાત્વની છે, પણ મિથ્યાત્વનો અભાવ થવાના સંસ્કાર પડતાં જાય છે. શુભભાવથી મિથ્યાત્વનો રસ ભવી-અભવીને અનંતીવાર મંદ પડયો છે, પણ આ જ્ઞાયકના સંસ્કારથી મિથ્યાત્વભાવનો અભાવ થવાના સંસ્કાર પડે પછી એકદમ સ્વભાવનો આશ્રય લેતાં સ્વાનુભવ થતાં મિથ્યાત્વનો અભાવ થાય છે.

(દૃષ્ટિનાં નિધાન - ૩૩)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


## ગાથા - ૧૬ શ્લોક - ૧૫-૧૬-૧૭

( अनुष्टुभ् )

एष ज्ञानघनो नित्यमात्मा सिद्धिमभीप्सुभिः।
साध्यसाधकभावेन द्विधैकः समुपास्यताम्।।१५।।

હવે, આગળની ગાથાની સૂચનારૂપે શ્લોક કહે છેઃ-

શ્લોકાર્થઃ- [ एषः ज्ञानघनः आत्मा ] આ ( પૂર્વકથિત ) જ્ઞાનસ્વરૂપ આત્મા છે તે, [ सिद्धिम् अभीप्सुभिः ] સ્વરૂપની પ્રાપ્તિના ઈચ્છક પુરુષોએ [ साध्यसाधकभावेन ] સાધ્યસાધકભાવના ભેદથી [ द्विधा ] બે પ્રકારે, [ एकः ] એક જ [ नित्यम् समुपास्यताम् ] નિત્ય સેવવાયોગ્ય છે; તેનું સેવન કરો.

ભાવાર્થઃ- આત્મા તો જ્ઞાનસ્વરૂપ એક જ છે પરંતુ એનું પૂર્ણરૂપ સાધ્યભાવ છે અને અપૂર્ણરૂપ સાધકભાવ છે; એવા ભાવભેદથી બે પ્રકારે એકને જ સેવવો. ૧૫.

---

दंसणणाणचरित्ताणि सेविदव्वाणि साहुणा णिच्चं।
ताणि पुण जाण तिण्णि वि अप्पाणं चेव णिच्छयदो।।१६।।

दर्शनज्ञानचरित्राणि सेवितव्यानि साधुना नित्यम्।
तानि पुनर्जानीहि त्रीण्यप्यात्मानं चैव निश्चयतः।।१६।।

येनैव हि भावेनात्मा साध्यः साधनं च स्यात्तेनैवायं नित्यमुपास्य इति स्वयमाकूय परेषां व्यवहारेण साधुना दर्शनज्ञानचारित्राणि नित्यमुपास्यानीति प्रतिपाद्यते। तानि पुनस्त्रीण्यपि परमार्थेनात्मैक एव, वस्त्वन्तराभावात्। यथा देवदत्तस्य कस्यचित् ज्ञानं श्रद्धानमनुचरणं च देवदत्तस्वभावानतिक्रमाद्देवदत्त एव, न वस्त्वन्तरम्; तथात्मन्यप्यात्मनो -ज्ञानं श्रद्धानमनुचरणं चात्मस्वभावानतिक्रमादात्मैव, न वस्त्वन्तरम्। तत आत्मा एक एवोपास्य इति स्वयमेव प्रद्योतते। स किल-

---

હવે, દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ સાધકભાવ છે એમ ગાથામાં કહે છેઃ-

દર્શન, વળી નિત્ય જ્ઞાન ને ચારિત્ર સાધુ સેવવાં;
પણ એ ત્રણે આત્મા જ કેવળ જાણ નિશ્ચયદષ્ટિમાં. ૧૬.

ગાથાર્થઃ-[ साधुना ] સાધુ પુરુષે [ दर्शनज्ञानचरित्राणि ] દર્શન, જ્ઞાન અને ચારિત્ર [ नित्यम् ] સદા [ सेवितव्यानि ] સેવવાયોગ્ય છે; [ पुनः ] વળી [ तानि त्रीणि अपि ] તે ત્રણેને [ निश्चयतः ] નિશ્ચયનયથી [ आत्मानं च एव ] એક આત્મા જ [ जानीहि ] જાણો.

ટીકાઃ- આ આત્મા જે ભાવથી સાધ્ય તથા સાધન થાય તે ભાવથી જ નિત્ય સેવવાયોગ્ય છે એમ પોતે ઇરાદો રાખીને બીજાઓને વ્યવહારથી પ્રતિપાદન કરે છે કે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


'સાધુ પુરુષે દર્શન, જ્ઞાન, ચારિત્ર સદા સેવવાયોગ્ય છે'. પણ પરમાર્થથી જોવામાં આવે તો એ ત્રણેય એક આત્મા જ છે કારણ કે તેઓ અન્ય વસ્તુ નથી-આત્માના જ પર્યાયો છે. જેમ કોઈ દેવદત્ત નામના પુરુષનાં જ્ઞાન, શ્રદ્ધાન અને આચરણ, દેવદત્તના સ્વભાવને ઉલ્લંઘતા નહિ હોવાથી, ( તેઓ ) દેવદત્ત જ છે-અન્ય વસ્તુ નથી, તેમ આત્મામાં પણ આત્માનાં જ્ઞાન, શ્રદ્ધાન અને આચરણ, આત્માના સ્વભાવને ઉલ્લંઘતાં નહિ હોવાથી, ( તેઓ ) આત્મા જ છે-અન્ય વસ્તુ નથી. માટે એમ સ્વયમેવ સિદ્ધ થાય છે કે એક આત્મા જ સેવન કરવા યોગ્ય છે.

ભાવાર્થઃ- દર્શન, જ્ઞાન, ચારિત્ર-ત્રણે આત્માના જ પર્યાયો છે, કોઈ જુદી વસ્તુ નથી; તેથી સાધુ પુરુષોએ એક આત્માનું જ સેવન કરવું એ નિશ્ચય છે અને વ્યવહારથી અન્યને પણ એ જ ઉપદેશ કરવો.

---

( अनुष्टुभ् )

दर्शनज्ञानचारित्रैस्त्रित्वादेकत्वतः स्वयम्।
मेचकोऽमेचकश्चापि सममात्मा प्रमाणतः।।१६।।

હવે, એ જ અર્થનો કલશરૂપ શ્લોક કહે છેઃ-

શ્લોકાર્થઃ- [ प्रमाणतः ] પ્રમાણદ્રષ્ટિથી જોઈએ તો [ आत्मा ] આ આત્મા [ समम् मेचकः अमेचकः च अपि ] એકીસાથે અનેક અવસ્થારૂપ ( 'મેચક' ) પણ છે અને એક અવસ્થારૂપ ( 'અમેચક' ) પણ છે, [ दर्शन-ज्ञान-चारित्रैः त्रित्वात् ] કારણ કે એને દર્શન-જ્ઞાન-ચારિત્રથી તો ત્રણપણું છે અને [ स्वयम् एकत्वतः ] પોતાથી પોતાને એકપણું છે.

ભાવાર્થઃ- પ્રમાણદ્રષ્ટિમાં ત્રિકાળસ્વરૂપ વસ્તુ દ્રવ્યપર્યાયરૂપ જોવામાં આવે છે, તેથી આત્મા પણ એકીસાથે એકાનેકસ્વરૂપ દેખવો. ૧૬.

---

( अनुष्टुभ् )

दर्शनज्ञानचारित्रैस्त्रिभिः परिणतत्वतः।
एकोऽपि त्रिस्वभावत्वाद्व्यवहारेण मेचकः।।१७।।

શ્લોકાર્થઃ- [ एकः अपि ] આત્મા એક છે તોપણ [ व्यवहारेण ] વ્યવહાર-દ્રષ્ટિથી જોઈએ તો [ त्रिस्वभावत्वात् ] ત્રણ-સ્વભાવપણાને લીધે [ मेचकः ] અનેકાકારરૂપ ( 'મેચક' ) છે, [ दर्शन-ज्ञान-चारित्रैः त्रिभिः परिणतत्वतः ] કારણ કે દર્શન, જ્ઞાન અને ચારિત્ર-એ ત્રણ ભાવે પરિણમે છે.

ભાવાર્થઃ- શુદ્ધદ્રવ્યાર્થિક નયે આત્મા એક છે; આ નયને પ્રધાન કરી કહેવામાં આવે ત્યારે પર્યાયાર્થિક નય ગૌણ થયો તેથી એકને ત્રણરૂપ પરિણમતો કહેવો તે વ્યવહાર થયો, અસત્યાર્થ પણ થયો. એમ વ્યવહારનયે આત્માને દર્શન, જ્ઞાન, ચારિત્રરૂપ પરિણામોને લીધે 'મેચક' કહ્યો છે. ૧૭.

---

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

## પ્રવચન નં. ૭૬ ગાથા – ૧૬, શ્લોક – ૧૫-૧૬-૧૭

તા. ૨-૯-૭૮ શ્રાવણ વદ ૦)) સં. ૨૫૦૪

સમયસાર કળશ ૧૫ હૈ ૧૫ કળશ.

एष ज्ञानघनो नित्यमात्मा सिद्धिमभीप्सुभिः।
साध्यसाधकभावेन द्विधैकः समुपास्यताम्।।१५।।

કયા કહેતે હૈ. "એષ જ્ઞાનઘન આત્મા" આ ભગવાન આત્મા તો જ્ઞાન સ્વરૂપી ત્રિકાળ, એ સ્વરૂપની પ્રાપ્તિના ઈચ્છક પુરુષોએ, સ્વરૂપની પ્રાપ્તિનાં અભિલાષી પુરુષોએ સાધ્ય સાધક ભાવકે ભેદસે, એ આત્મા પૂર્ણ સ્વરૂપ શુદ્ધ તે સાધ્ય અને અપૂર્ણ સ્વરૂપ તે સાધક.

આત્મા જે જ્ઞાયક ત્રિકાળ જ્ઞાન સ્વરૂપ વો દૃષ્ટિકા જો વિષય એ આત્માકો સાધ્ય સાધક ભાવસે સેવના ઉસકા અર્થ ? સાધ્ય નામ પૂર્ણ મોક્ષની પર્યાય, કેવળજ્ઞાનની પર્યાય એ સાધ્ય હૈ, એ આત્માની પૂર્ણ નિર્મળ દશા તે સાધ્ય અને અપૂર્ણ નિર્મળ દશા તે સાધક. રાગાદિ સાધક ને પૂર્ણ સાધ્ય ઐસા નહીં. સમજમેં આયા ? આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ પ્રભુ વો વસ્તુ સ્વભાવ એકરૂપ ત્રિકાળ ઈસકો દો પ્રકારસે સેવના, એક તો સાધ્ય જે પૂર્ણ આનંદ ને પૂર્ણ કેવળજ્ઞાન એ સાધ્ય એ પણ આત્માની પૂર્ણ દશા અને આત્માની શ્રદ્ધા જ્ઞાન ને ચારિત્ર જે નિશ્ચય એ સાધક દશા એ આત્માની શુદ્ધતાની અપૂર્ણ દશા એ સાધક અને આત્માની પૂર્ણ દશા તે સાધ્ય. સમજમેં આયા ?

સ્વરૂપકી પ્રાપ્તિકે ઇચ્છક પુરુષોએ સાધ્ય સાધક ભાવકે ભેદસે એક હી નિત્ય સેવન કરને યોગ્ય હૈ. આહાહાહા ! એ આત્મા જે પૂર્ણ સ્વરૂપ શુદ્ધ ઉસકી નિશ્ચય સમ્યગ્દર્શન જ્ઞાન ને ચારિત્ર જે નિર્વિકલ્પ આનંદ જે અપૂર્ણ સાધક દશા તે પૂર્ણ સાધ્યનું કારણ છે. પૂર્ણ સાધ્ય જે પરમાત્મ દશા ઈસકા વો સાધક હૈ. વ્યવહાર રત્નત્રય સાધક હૈ ઔર નિશ્ચય સાધ્ય હૈ ઐસા હી નહીં. તેમ વર્તમાનમેં વ્યવહાર સાધક હૈ અને નિશ્ચય જે સાધકભાવ હૈ સાધ્યકા કારણ ઉસકા વ્યવહાર કારણ ને નિશ્ચય સાધક કાર્ય ઐસા હી નહીં. આરેરે ! સમજમેં આયા ? પંડિતજી નથી ? ગયા ? ઠીક.

આત્મા એટલે પુણ્ય ને પાપકે વિકલ્પસે રહિત પૂર્ણજ્ઞાનઘન, ઉસકી અપેક્ષા લેકર, આશ્રય લેકર જો શુદ્ધ સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્ર નિશ્ચય સ્વકે આશ્રયસે પ્રગટ હુઆ એ સાધક દશા અપૂર્ણ હૈ, અને પૂર્ણ કેવળજ્ઞાનકી પ્રાપ્તિ એ સાધ્ય દશા પૂર્ણ હૈ. તો પૂર્ણ ને અપૂર્ણ દોય આત્મા દ્વારા સાધન કરના આત્મા અપૂર્ણ શુદ્ધતા સે પરિણમન કરના એ સાધક હૈ, અને આત્મા પૂર્ણ નિર્મળપણે સાધ્ય પ્રગટ કરે એ સાધ્ય હૈ. સમજમેં આયા ? વ્યવહાર રત્નત્રય સાધક હૈ અને નિશ્ચય સાધક પર્યાય એ સાધ્ય હૈ ઐસા નહીં. તેમ વ્યવહાર રત્નત્રય સાધક હૈ અને સાધ્ય કેવળજ્ઞાન હૈ ઐસા ભી નહીં. સમજમેં આયા ? આહાહા... વાત એવી ભાઈ !

ચૌદ ગાથામેં દર્શન કા અધિકાર ચલા. પંદરમેં જ્ઞાનકા અધિકાર, હવે સોલમીમેં દર્શન જ્ઞાન ને ચારિત્ર તીનકા અધિકાર સાથમેં. આહાહા... અપના આનંદ સ્વરૂપ ભગવાન પૂર્ણ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


સચ્ચિદાનંદ ઉસકા એ આત્મા હી અપૂર્ણ સાધક શુદ્ધતાપણે પરિણમન કરે એ ઉસકી સાધક દશા, અને વોહી આત્મા પૂર્ણ સાધ્યકી દશા પ્રગટ કરે એ ઉસકા ધ્યેય, વો સાધક પણ આત્માની શુદ્ધ દશા એ સાધક હૈ અને આત્માની પૂર્ણ શુદ્ધ દશા તે ધ્યેય નામ સાધ્ય હૈ. આહાહા... સમજમેં આયા ? ( શ્રોતાઃ- વ્યવહાર નય સાધક તો કહેવાયને ? ) વ્યવહારનય સાધક તો નિમિત્તસે કથન હૈ. યે હૈ નહીં, હૈ નહીં ઉસકો કહેના નામ વ્યવહાર હૈ. આહાહા ! ( શ્રોતાઃ- દશાકો ધ્યેય કહા ) પૂર્ણ દશાકો ધ્યેય કહા. અપૂર્ણ દશા કો સાધક કહા. સમજમેં નહીં આયા ?

પુણ્ય પાપકા વિકલ્પ સે રહિત ભગવાન પૂર્ણાનંદ પ્રભુ, ઉસકા પૂર્ણ દશા શુદ્ધતાની પૂર્ણ દશા એ સાધ્ય અને શુદ્ધતાની અપૂર્ણ દશા તે સાધક. આહાહાહા... એવી વાત છે. આ વ્યવહારના રસિયાને આ કઠણ પડે એવું છે વ્યવહાર કરતાં કરતાં સાધક દશા પ્રગટ થશે ઔર વ્યવહાર કરતાં કરતાં સાધ્ય કેવળજ્ઞાન પ્રગટ થશે. એ સબ બાત જૂઠ હૈ. આહાહા... સમજમેં આયા ? આહાહા !

યહાં તો દો પ્રકારસે એક હી આત્મા, એમ છે ને ? દો પ્રકારસે એક હી આત્મા, તો આત્મા તો પુણ્ય પાપસે રહિત એ આત્મા શુદ્ધ આનંદઘન એ એક હી દો પ્રકારસે સેવન કરના. આહાહા... એ આત્માકી અપૂર્ણ સાધક નિર્મળ ઉપયોગ દશા, શુદ્ધ ઉપયોગ દશા, એ સાધક અને પૂર્ણ સાધ્ય કેવળજ્ઞાન દશા એ સાધ્ય, બિચમેં વ્યવહાર કોઈ કારણ હૈ કે ફારણ હૈ એ ઈસમેં હૈ હી નહીં. ( શ્રોતાઃ- કથંચિત્ હોતા હૈ ) કથંચિત્ હોતા હે સાધક શુદ્ધ એ – દ્રવ્ય નહીં એ કથંચિત્ કયા કહા એ ? દ્રવ્ય જે ત્રિકાળી હૈ એ કથંચિત્ સાધક હૈ ઐસા નહીં, એ નિર્મળ પર્યાય એ સાધક હૈ. નિર્મળ પર્યાયકા ધ્યેય તો ( ત્રિકાળી દ્રવ્ય ) યહ હૈ પણ અહિંયા એ લેના નહીં હૈ. અહીંયા તો ત્રિકાળી આનંદકંદ પ્રભુ ઉસકા અવલંબનસે શુદ્ધતા- શુદ્ધ ઉપયોગ દર્શન જ્ઞાન ચારિત્ર એ પ્રગટ હુઈ ઉસકો ( દશાકો ) અહીંયા સાધક કારણ કહેનેમેં આતા હૈ, ઔર ઉસકી પૂર્ણ સાધ્ય દશા શુદ્ધ કાર્ય સાધ્યદશા કહેનેમેં આતી હૈ.

ભાષા તો ઘણી સાદી પણ હવે એને, સમજમેં આયા ? આહા ! અજાણ્યા માણસને તો એવું લાગે આ શું છે ? કારણ કોઇ દિ' આ ધર્મ શું ચીજ છે, અત્યારે તો સંપ્રદાયમાંય એ ચાલતી નથી કાંઈ. આ વ્રત કરો ને તપસ્યા કરો ને ભક્તિ કરો ને પૂજા કરો ને એ તો બધી રાગની ક્રિયા હે ભાઈ, એ કોઈ સાધક નથી. આહાહા...

સાધક તો ઈસકો અહીંયા કહેનેમેં આતા હૈ, ગુણસ્થાન, ચોથેથી ૧૨મે તક સાધક કહેતે હૈ ૧૩ મેં સાધ્ય કહેતે હૈ, તો એ ચોથાગુણસ્થાનકી જે દશા એ પાંચમાંની છઠ્ઠાની દશા સ્વાત્માકા ધ્યેયસે, આશ્રયસે જો સમ્યગ્દર્શન જ્ઞાન, અશુદ્ધતાકો છોડકર શુદ્ધ દશા અપૂર્ણ પ્રગટ હુઈ ઈસકો યહાં સાધક કહેનેમેં આતા હૈ. સાધક કહો કે કારણ કહો. સમજમેં આયા ? અને એ આત્માકી પૂર્ણ નિર્મળ દશા સાધ્ય કહો કે કાર્ય કહો, પાટણીજી ! પોતે જ કારણ ને પોતે જ કાર્ય. આહા ! અહીંયા એ જ સિદ્ધ કરના હૈ. ભગવાન આનંદનો નાથ પ્રભુ અપૂર્ણ શુદ્ધતાપણે પરિણમે તે કારણ અને તે સાધક તે ભગવાન પૂર્ણ સાધ્ય નિર્મળપણે પરિણમે તે કાર્ય ને તે સાધ્ય. આહાહા ! સમજમેં આયા ?

( શ્રોતાઃ- કાર્ય તો દ્રવ્યને આશ્રયે થાય છે. ) નહીં, અત્યારે અહીંયા ધ્યેયકી અહીં બાત

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

નહીં હૈ સંસ્કૃત ટીકામાં ધ્યેય લિયા હૈ કળશ ટીકાકારે, પણ અહીંયા આ લેના આ, ધ્યેય બનાકર દ્રવ્ય સ્વભાવકો ધ્યેય બનાકર જે પર્યાયમેં સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્ર હુઆ, ઉસકો અહીંયા આત્મા સાધકપણે પરિણમ્યા એમ કહેનેમેં આતા હૈ. ભલે ધ્યેય દૃષ્ટિ ત્યાં હૈ એ અહીંયા બાત નહીં. દ્રવ્યકા ત્રિકાળ ધ્યેયકા અવલંબનસે સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્ર હુઆ પણ અહીંયા સમ્યગ્દર્શન ચારિત્ર જે હુઆ શુદ્ધ, ઉસકો કારણરૂપ સાધકરૂપ કહીને, પૂર્ણ દશાકો કાર્યરૂપ કહીને સાધ્યદશા કહેનેમેં આયા હૈ. એક હી આત્મા અપૂર્ણપણે અશુદ્ધપણે પરિણમના યે હી આત્મા પૂર્ણપણે પરિણમના એ કારણ ને કાર્ય હૈ. આહા ! સમજમેં આયા ?

આકરી વાત ભાઈ ! લોકોને અંતર આ ભગવાન અંદર, આહાહા ! એ પૂરણ પૂરણ પૂરણ સ્વભાવ જિસકા સ્વભાવ હૈ, એ અપૂર્ણ અને વિપરીત કૈસે હો ? આહાહા ! ભગવાન આત્મા પૂર્ણ આનંદ આદિ, જ્ઞાન આદિ, શાંતિ આદિ, સ્વચ્છતા આદિ, પ્રભુતા આદિ, પૂર્ણ સ્વભાવકા, ભર–ભર ભરપૂર, 'ભર' શબ્દ એક અમારે અહીં કાઠીયાવાડમાં ચાલે છે. ગાડામાં આવેને ગાડા માલ ભરતે હૈ ને ? ભર ભર્યા કહેવાય. પચ્ચીસ મણ પચાસ મણ ભર, ભર ભર્યા કહેવાય. ઐસે શાસ્ત્રમેં ભર આતા હૈ, ભગવાન પૂર્ણાનંદકા ભર હૈ. આહાહાહા !

પૂર્ણ જ્ઞાન, પૂર્ણ શાંતિ, પૂર્ણ પ્રભુતા, ઉસકો ધ્યેય બનાકર સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્ર જો નિશ્ચય હુઆ ઉસકો શુદ્ધતાકી અપૂર્ણતા હૈ, વો કારણ ઉસકો સાધક કહા અને કારણ કહા. આહાહા ! સમજમેં આયા ? અને એ દ્રવ્ય હી પૂર્ણપણે–શુદ્ધપણે પરિણમે આહાહા... દ્રવ્ય હી અશુદ્ધપણે અપૂર્ણપણે પરિણમે, એમ દ્રવ્ય હી શુદ્ધપણે પરિપૂર્ણપણે પરિણમે એ સાધક સાધ્ય એ હી હૈ. આહાહા ! આ ચારિત્ર અધિકાર લિયા ને સાથમેં, આહા... દર્શન જ્ઞાનકા અધિકાર તો આ ગયા હૈ બેય. ( ગાથા ) ૧૪ મેં સમ્યગ્દર્શન, ૧૫ મેં સમ્યગ્જ્ઞાન. આહાહા !

એ શ્રોતાની વ્યાખ્યા જુદી એ શ્રોતાની વ્યાખ્યા છે. એ જૈન ધર્મની શ્રદ્ધા હોં, એ હજી સમકિત નથી ત્યાં, સમકિત તો પછીનાં અનુભવીને લેશે ત્યાં, શ્રોતા ઐસા હોના ચાહિયે કે જેને જૈન ધર્મની યથાર્થ શ્રદ્ધા હો સમકિત નહીં, અનુભવ નહીં હજી. આતા હૈ ને વો ? અને પીછે શ્રોતા પીછે લિયા હૈ કે અનુભવી આત્માકા અનુભવી શ્રોતા હો તો વો તો બરાબર હૈ, ક્યોંકિ ઉસકો કયા કહેતે હૈ ઉસકા ખ્યાલ ઉસકો બરાબર આતા હૈ, સમજમેં આયા ? આહાહા ! હૈ કે નહીં ઉસમેં ? મોક્ષમાર્ગ પ્રકાશક હૈ ને એ, ગ્રંથની પ્રમાણતા પછી શ્રોતાની ( વાત ) આવે છે, "શ્રોતાનું સ્વરૂપ" દેખો, વળી જે જૈન ધર્મકા દ્રઢ શ્રદ્ધાળુ, યહાં હજી અનુભવ ન લેના, અનુભવની પીછે વાત આયેગા, અનુભવ આયેગા, પણ પીછે. અહીંયા તો અનુભવ બિના પ્રાણી જૈન ધર્મકી શ્રદ્ધા બરાબર હૈ, અન્યકી નહીં બિલકુલ. ઐસા શ્રદ્ધાળુ જીવ નાના પ્રકારના શાસ્ત્રો સાંભળવાને જેની બુદ્ધિ નિર્મળ થઈ છે. ઔર વ્યવહાર નિશ્ચયનયનું સ્વરૂપ યથાર્થપણે જાણી સાંભળેલા અર્થને યથાર્થ રીતે નિશ્ચય જાણી અવધારે છે, એ શ્રોતાની વ્યાખ્યા છે. સમજમેં આયા ? અને પીછે શ્રોતામેં આતા હૈ. આહાહા !

જિસકો આત્મજ્ઞાન ન હો તો ઉપદેશકા મર્મ સમજી સકતે નહીં. આહાહા ! હૈ ? માટે આત્મજ્ઞાન વડે જે સ્વરૂપનો આસ્વાદી હુઆ હૈ. આહાહા ! આત્મજ્ઞાન દ્વારા આત્માનાં આસ્વાદી હુઆ હૈ, તે જૈન ધર્મનો રહસ્યમય શ્રોતા હૈ, એ જૈન ધર્મકા મર્મકા શ્રોતા હૈ. સમજમેં આયા ?

આહાહા ! ( શ્રોતાઃ- યે અનુભવી હૈ ? ) કયા કહેતે હૈ ? એ ત્યાં અનુભવી હૈ. પહેલે હજી શ્રોતા હૈ ઈતના બસ, જૈનધર્મની શ્રદ્ધા હૈ, અન્ય ધર્મની નહીં. એ શ્રદ્ધાળુ જીવ શ્રોતાને લાયક છે ઈતના. પણ જો અનુભવી જીવ હો એ તો રહસ્યકો જાનનેવાલા હૈ. સમજમેં આયા ? માર્ગ બાપા બહુ ઝીણો ભાઈ ! અપૂર્વ અને સૂક્ષ્મ. આહાહાહા... આ પહેલા અધ્યાયમાં હૈ ને.

એ અહીં કહ્યા. શ્રીગુરુએ મુખ્યથી એ ઉપદેશ દિયા. આહાહા ! સમકિત પામવાનો, આહાહાહા... આ લોકો એ રીતે કહે બહારથી આમ થાય ને આમ થાય ગુરુનો વિનય કરે ને ગુરુની ભક્તિ કરે ને, હો પણ એ રાગ હૈ એ તો આવે, રાગ હોતા હૈ પણ ઉસસે કોઈ આત્માકા સમ્યગ્દર્શન પાતે હૈ, એ ચીજ નહીં પ્રભુ. આહાહાહા ! આમ તો ઐસા કહે વિનય એ મોક્ષનું દ્વાર છે. વિનય એ મોક્ષનો દ્વાર, પણ ક્યો વિનય ? આહાહા... અપના અનંત આનંદનો નાથ એનો વિનય, એનો સત્કાર સ્વીકાર કરવો એ વિનય ભગવાનનો વિનય તો આવે પ્રભુ પણ એ શુભરાગ છે. આહા ! દસમો દિવસ છે આજે, દસલક્ષણી પર્વ છે ને ? આહાહા ! એવા દસ લક્ષણી પર્વ પણ અનંતવાર ગયા પ્રભુ તારે માથે. આહાહા ! અનંત અનંત ભવમાં, આહાહા... જૈન સંપ્રદાયમાં, દિગંબર સંપ્રદાયમાં પણ જન્મ અનંત બૈર હુઆ ઔર અનંત ઐસા હુવા પણ આત્મા અંદરમાં કયા ચીજ હૈ એ જાનનેકા કુતૂહલ નહીં કિયા. આહાહાહા !

અબ અપ્રતિબુદ્ધ જીવ કહેતા હૈ ઉસકી ગાથા. બહુ જ્યારે જોર દિયા કે રાગ ને શરીર આત્માકા હૈ હી નહિ, ત્યારે અપ્રતિબુદ્ધ પૂછે છે. આહાહાહા ! મહારાજ તુમ ઈતના બધા જોર દેતે હો તો હમ કહેતે હૈ શાસ્ત્રકી બાત સૂણો.

* હું લાયક નથી... લાયક નથી-એમ એના નકારે વાત અટકી છે. પણ એને અંદરથી એમ આવવું જોઈએ કે હું આ ક્ષણે જ પરમાત્મા થવાને લાયક છું.-એવો અંદરથી વિશ્વાસ આવવો જોઈએ. આ વાતની જે હા પાડે છે, અંદરથી હકાર આવે છે, તે જીવને રાગથી છૂટો પડવાની શરૂઆત થઈ ગઈ છે, છૂટો પડતો જાય છે એટલે નૈગમનયે છૂટો પડી ગયો તેમ શાસ્ત્રમાં કહ્યું છે.

( દૃષ્ટિનાં નિધાન - ૧૮ )

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## ગાથા - ૨૬ શ્લોક - ૨૪

अथाहाप्रतिबुद्धः-

जदि जीवो ण सरीरं तित्थयरायरियसंथुदी चेव।
सव्वा वि हवदि मिच्छा तेण दु आदा हवदि देहो।।२६।।

यदि जीवो न शरीरं तीर्थकराचार्यसंस्तुतिश्चैव।
सर्वापि भवति मिथ्या तेन तु आत्मा भवति देहः।।२६।।

હવે અપ્રતિબુદ્ધ જીવ કહે છે તેની ગાથા કહે છેઃ-

જો જીવ હોય ન દેહ તો આચાર્ય-તીર્થંકરતણી
સ્તુતિ સૌ ઠરે મિથ્યા જ, તેથી એકતા જીવ-દેહની! ૨૬.

ગાથાર્થઃ- અપ્રતિબુદ્ધ કહે છે કેઃ [ यदि ] જો [ जीवः ] જીવ છે તે [ शरीरं न ] શરીર નથી તો [ तीर्थकराचार्यसंस्तुतिः ] તીર્થંકર અને આચાર્યોની સ્તુતિ કરી છે તે [ सर्वा अपि ] બધીયે [ मिथ्या भवति ] મિથ્યા ( જૂઠી ) થાય છે; [ तेन तु ] તેથી અમે સમજીએ છીએ કે [ आत्मा ] આત્મા તે [ देहः च एव ] દેહ જ [ भवति ] છે.

ટીકાઃ- જે આત્મા છે તે જ પુદ્ગલદ્રવ્યસ્વરૂપ આ શરીર છે. જો એમ ન હોય તો તીર્થંકર-આચાર્યોની જે સ્તુતિ કરવામાં આવી છે તે બધી મિથ્યા થાય. તે સ્તુતિ આ પ્રમાણે છે :-

यदि य एवात्मा तदेव शरीरं पुद्गलद्रव्यं न भवेत्तदा-

( शार्दूलविक्रीडित )

कान्त्यैव स्नपयन्ति ये दशदिशो धाम्ना निरुन्धन्ति ये
धामोद्दाममहस्विनां जनमनो मुष्णन्ति रूपेण ये।
दिव्येन ध्वनिना सुखं श्रवणयोः साक्षात्क्षरन्तोऽमृतं
वन्द्यास्तेऽष्टसहस्रलक्षणधरास्तीर्थेश्वराः सूरयः।।२४।।

શ્લોકાર્થઃ-[ ते तीर्थेश्वराः सूरयः वन्द्याः ] તે તીર્થંકર-આચાર્યો વાંદવાયોગ્ય છે. કેવા છે તે? [ ये कान्त्या एव दशदिशः स्नपयन्ति ] પોતાના દેહની કાન્તિથી દશે દિશાઓને ધુએ છે-નિર્મળ કરે છે, [ ये धाम्ना उद्दाम-महस्विनां धाम निरुन्धन्ति ] પોતાના તેજ વડે ઉત્કૃષ્ટ તેજવાળા સૂર્યાદિકના તેજને ઢાંકી દે છે, [ ये रूपेण जनमनः मुष्णन्ति ] પોતાના રૂપથી લોકોનાં મન હરી લે છે, [ दिव्येन ध्वनिना श्रवणयोः साक्षात् सुखं अमृतं क्षरन्तः ] દિવ્યધ્વનિ-વાણીથી ( ભવ્યોના ) કાનોમાં સાક્ષાત્ સુખઅમૃત વરસાવે છે અને [ अष्टसहस्रलक्षणधराः ] એક હજારને આઠ લક્ષણોને ધારણ કરે છે, -એવા છે. ૨૪.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


**ઈત્યાદિ તીર્થંકર-આચાર્યોની સ્તુતિ છે તે બધીયે મિથ્યા ઠરે છે. તેથી અમારો તો એકાંત એ જ નિશ્ચય છે કે આત્મા છે તે જ શરીર છે, પુદ્‌ગલ દ્રવ્ય છે. આ પ્રમાણે અપ્રતિબુદ્ધે કહ્યું છે.**

---

આહાહાઝહા ! શિષ્યે પ્રશ્ન ઉઠાવ્યો શાસ્ત્રમેંસે, કે તુમ ભગવાનકા દેહકી તો સ્તુતિ કરતે હો, તો દેહ અને આત્મા એક ન હોય તો ઐસી સ્તુતિ કયું કરતે હો ? ઐસા અજ્ઞાનીકા પ્રશ્ન હૈ. આહાહા !

ટીકાઃ– જો આત્મા હૈ વહી પુદ્‌ગલદ્રવ્ય સ્વરૂપ શરીર હૈ. યદિ ઐસા ન હો એ પુદ્‌ગલદ્રવ્ય સ્વરૂપ શરીર હૈ, આત્મા હૈ. વહી પુદ્‌ગલ દ્રવ્ય સ્વરૂપ શરીર હૈ, એમ કહેતે હૈ. આત્મા જો હૈ યહ પુદ્‌ગલ દ્રવ્ય શરીર હૈ વહી આત્મા હૈ. યદિ ઐસા ન હો, તો હમ પ્રશ્ન કરતે હૈ, તીર્થંકર ઔર આચાર્યકી સ્તુતિ કી ગઈ હૈ. તીર્થંકરકા શરીરકી સ્તુતિ કી ગઈ હૈ. તો એ સબ જૂઠી હો જાયેગી, સમજમેં આયા ? સબ મિથ્યા સિદ્ધ હોગી. આહાહાહા... શિષ્ય પ્રશ્ન કરતે હૈ કે તુમ તો શરીરસે આત્મા જુદા જુદા, અને આત્મા એ શરીર નહીં તો હમ તો કહેતે હૈ– શાસ્ત્રમેં તો તીર્થંકરકા શરીરકી સ્તુતિ ચલી હૈ. શરીરકી સ્તુતિ કિયા તો એ આત્માકી સ્તુતિ હુઈ. ( શ્રોતાઃ– નહીંતર કરો છો શું કામ ) નહીંતર કરો છો શું કામ ? આહાહા !

“જે તીર્થેશ્વરા સૂરયઃ વન્ધ્યાઃ” એ તીર્થંકર અને આચાર્ય વંદનીય હૈ. કેસે હૈ ‘યે કાન્ત્યા એવ દશદિશઃ સ્નપયન્તિ’ અપને દેહકી કાંતિસે દશે દિશાઓકો ધોતે હૈ. આહાહા ! એ તીર્થંકરનું શરીર કાંતિમાન દશે દિશાને ધોતે હૈ આમ–પ્રકાશ પ્રકાશ પ્રકાશ પડે અંધારા આમ ઉલચી જાય. આહાહા ! આમ, પ્રભુ આ કોના વખાણ કરો છો તમે ? એ શરીરના વખાણ છે ! આત્મા શરીર હૈ તો આપ વખાણ કરતે હૈ ને ઐસા ? શરીરકી કાંતિસે દશો દિશા ધોતે હૈ, નિર્મળ કરતે હૈ. ભગવાનના શરીરની કાંતિ પરમઔદારિક હૈ. ઐસી કાંતિ કે સૂર્યના તેજ આગળ જેના તેજ છવાઈ જાય છે, કયા તુમ વખાણ કરતે હૈ ? શરીરકા કે આત્માકા ? તીર્થંકરકા શરીરકી સ્તુતિ હુઈ ઓ તીર્થંકરકી સ્તુતિ હુઈ. ઐસા હૈ નહિ સૂન તો સહી. આહાહા !

“કાન્ત્યૈવ દશદિશઃ સ્નપયન્તિ” અપને શરીરકી કાંતિસે દશો દિશાઓ ધોતે હૈ, “યે ધામ્ના ઉદ્દામ મહસ્વિનાં ધામ નિરુન્ધન્તિ” અપને તેજસે ઉત્કૃષ્ટ તેજવાળે સૂર્યાદિક કે તેજકો, આહાહાહા ! જેના શરીરની કાંતિના તેજ આગળ સૂર્યના તેજ ઝાંખા પડી જાય છે. સમજમેં આયા ? “એ રૂપેણ જનમનઃ મુષ્ણન્તિ”. અપને રૂપસે લોગોંકે મનકો હર લેતે હૈ. ભગવાનકા ઈતના રૂપ હૈ શરીરકા. આહાહા. અપને રૂપસે લોગોંકે મનકો હર લેતે હૈ. “દિવ્યેન ધ્વનિના શ્રવણયો સાક્ષાત્ સુખં અમૃતં ક્ષરેન્તઃ દિવ્યધ્વનિ” લ્યો આવ્યું દિવ્યધ્વનિ તો જડ હૈ. હમ સ્તુતિ તો કરતે હૈ. સમજમેં આયા ? દિવ્યે ધ્વનિનાં ભવ્યોકે કાનોમેં સાક્ષાત્ સુખામૃત વરસાતે હૈ. આહાહાહા ! ભગવાનની દિવ્યધ્વનિ ઇન્દ્રો ને નરેન્દ્રો બેઠા હોય સાક્ષાત્ જાણે અમૃત ઝરતા હોય એમ લાગે છે. આહાહા ! જેમાં સિંહ અને બિલાડી મિંદડી ને ઉંદર સાથે બેઠા હોય મિંદડીને વેર ન ઊછળે, એ વાણીના તો તુમ ઈતના વખાણ કરતે હો, વાણી તો જડ હૈ, જડના વખાણ કરતે હો તો તીર્થંકરકી સ્તુતિ હો ગઈ, શરીરકી સ્તુતિસે અરે ! સાંભળ તો ખરો ભાઈ. કાનોમેં સાક્ષાત્

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

સુખામૃત વરસાતે હૈ ઔર એક હજાર આઠ લક્ષણોસે ધારક હૈ લ્યો ભગવાનના શરીરમાં એક હજાર ને આઠ લક્ષણ શરીરમાં હોય છે, પગમાં, હાથમાં, હાથીનું કલ્પવૃક્ષનું એવા ચિહ્નો હોય એ તો બધા શરીરના વખાણ કર્યાં તમે, એમાં આત્માના વખાણ ક્યાં હૈ? આત્મા એ શરીર છે માટે તમે શરીરના વખાણ કર્યાં છે એ તો આત્માના. ઇત્યાદિ રૂપસે જો તીર્થંકર આચાર્યોની સ્તુતિ હૈ યહ સબ મિથ્યા સિદ્ધ હોતી હૈ. જો તમે ઐસી સ્તુતિ કરતે હો અને કહેતે હો કે એ શરીર તે આત્મા નહીં, તો એ મિથ્યા સ્તુતિ હોગી. શિષ્યકા પ્રશ્ન હૈ. ઈસલિયે હમારા તો યહ એકાંત નિશ્ચય હૈ, કે આત્મા હૈ વો હિ શરીર હૈ. આહાહા... યહ પુદ્‌ગલ દ્રવ્ય હૈ – ઈસ પ્રકાર અપ્રતિબુદ્ધને કહા. ઉસકા જવાબ દેગા.

( શ્રોતાઃ– પ્રમાણ વચન ગુરુદેવ. )

* એ જ્ઞાનની દિવ્યતા છે! એ જ્ઞાનસ્વભાવની અચિંત્યતા છે! કે જે પર્યાયો વિદ્યમાન નથી છતાં જ્ઞાન તેને વિદ્યમાનપણે જાણે છે; તો ચૈતન્ય મહાપ્રભુ તો વિદ્યમાન જ છે, ભૂતાર્થ જ છે તેને જ્ઞાન વિદ્યમાનરૂપે કેમ ન જાણે? વસ્તુ સત્‌ છે ને! વિદ્યમાન છે ને! તો એ મહાપ્રભુને તું વિદ્યમાનરૂપે જાણ ને! આહાહા! જેની હૈયાતી નથી તેને હૈયાત જાણ! તો પૂર્ણાનંદનો નાથ પ્રભુ વર્તમાન વિદ્યમાન જ છે, હૈયાત જ છે, તેને જાણ ને! ભાઈ! તારી નજરની આળસે વિદ્યમાન પ્રભુને દેખવો રહી ગયો. જેમાં જ્ઞાન આનંદ આદિ ગુણોની અનંતતાનો અંત નથી એવો સચ્ચિદાનંદ પ્રભુ વિદ્યમાન જ છે તેને જાણ.

( દૃષ્ટિનાં નિધાન - ૧૧૧ )

## ગાથા - ૨૭ થી ૩૦ શ્લોક - ૨૫-૨૬

नैवं, नयविभागानभिज्ञोऽसि-

ववहारणओ भासदि जीवो देहो य हवदि खलु एक्को।
ण दु णिच्छयस्स जीवो देहो य कदा वि एक्कट्ठो।।२७।।

व्यवहारनयो भाषते जीवो देहश्च भवति खल्वेकः।
न तु निश्चयस्य जीवो देहश्च कदाप्येकार्थः।।२७।।

इह खलु परस्परावगाढावस्थायामात्मशरीरयोः समावर्तितावस्थायां कनककलधौतयोरेकस्कन्धव्यवहारवद्व्यवहारमात्रेणैवैकत्वं, न पुनर्निश्चयतः, निश्चयतो ह्यात्मशरीरयोरुपयोगानुपयोगस्वभावयोः कनककलधौतयोः पीतपाण्डुरत्वादिस्वभावयोरिवात्यन्तव्यतिरिक्तत्वेनैकार्थत्वानुपपत्तेः नानात्वमेवेति। एवं हि किल नयविभागः। ततो व्यवहारनयेनैव शरीरस्तवनेनात्मस्तवनमूपपन्नम्।

---

ત્યાં આચાર્ય કહે છે કે એમ નથી; તું નયવિભાગને જાણતો નથી. તે નયવિભાગ આ પ્રમાણે છે એમ ગાથામાં કહે છેઃ-

જીવ-દેહ બન્ને એક છે-વ્યવહારનયનું વચન આ;
પણ નિશ્ચયે તો જીવ-દેહ કદાપિ એક પદાર્થ ના. ૨૭.

ગાથાર્થઃ- [ व्यवहारनयः ] વ્યવહારનય તો [ भाषते ] એમ કહે છે કે [ जीवः देहः च ] જીવ અને દેહ [ एकः खलु ] એક જ [ भवति ] છે; [ तु ] પણ [ निश्चयस्य ] નિશ્ચયનયનું કહેવું છે કે [ जीवः देहः च ] જીવ અને દેહ [ कदा अपि ] કદી પણ [ एकार्थः ] એક પદાર્થ [ न ] નથી.

ટીકાઃ- જેમ આ લોકમાં સુવર્ણ અને ચાંદીને ગાળી એક કરવાથી એકપિંડનો વ્યવહાર થાય છે તેમ આત્માને અને શરીરને પરસ્પર એક ક્ષેત્રે રહેવાની અવસ્થા હોવાથી એકપણાનો વ્યવહાર છે. આમ વ્યવહારમાત્રથી જ આત્મા અને શરીરનું એકપણું છે, પરંતુ નિશ્ચયથી એકપણું નથી; કારણ કે નિશ્ચયથી વિચારવામાં આવે તો, જેમ પીળાપણું આદિ અને સફેદપણું આદિ જેમનો સ્વભાવ છે એવાં સુવર્ણ અને ચાંદીને અત્યંત ભિન્નપણું હોવાથી એકપદાર્થપણાની અસિદ્ધિ છે તેથી અનેકપણું જ છે, તેવી રીતે ઉપયોગ અને અનુપયોગ જેમનો સ્વભાવ છે એવાં આત્મા અને શરીરને અત્યંત ભિન્નપણું હોવાથી એકપદાર્થપણાની પ્રાપ્તિ નથી તેથી અનેકપણું જ છે. આવો આ પ્રગટ નયવિભાગ છે.

માટે વ્યવહારનયે જ શરીરના સ્તવનથી આત્માનું સ્તવન બને છે.

ભાવાર્થઃ- વ્યવહારનય તો આત્મા અને શરીરને એક કહે અને નિશ્ચયનય ભિન્ન કહે છે. તેથી વ્યવહારનયે શરીરનું સ્તવન કરવાથી આત્માનું સ્તવન માનવામાં આવે છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


तथा हि-

इणमण्णं जीवादो देहं पोग्गलमयं थुणित्तु मुणी।
मण्णदि हु संथुदो वंदिदो मए केवली भयवं।।२८।।

इदमन्यत् जीवाद्देहं पुद्गलमयं स्तुत्वा मुनिः।
मन्यते खलु संस्तुतो वन्दितो मया केवली भगवान्।।२८।।

यथा कलधौतगुणस्य पाण्डुरत्वस्य व्यपदेशेन परमार्थतोऽतत्स्वभावस्यापि कार्तस्वरस्य व्यवहारमात्रेणैव पाण्डुरं कार्तस्वरमित्यस्ति व्यपदेशः, तथा शरीरगुणस्य शुक्ललोहितत्वादेः स्तवनेन परमार्थतोऽतत्स्वभावस्यापि तीर्थकरकेवलिपुरुषस्य व्यवहारमात्रेणैव शुक्ललोहितस्तीर्थकरकेवलिपुरुष इत्यस्ति स्तवनम्। निश्चयनयेन तु शरीरस्तवनेनात्मस्तवनमनुपपन्नमेव।

---

આ જ વાત હવેની ગાથામાં કહે છેઃ-

જીવથી જુદા પુદ્‌ગલમયી આ દેહને સ્તવીને મુનિ
માને પ્રભુ કેવળીતણું વંદન થયું, સ્તવના થઈ. ૨૮.

ગાથાર્થઃ-[ जीवात् अन्यत् ] જીવથી ભિન્ન [ इदम् पुद्गलमयं देहं ] આ પુદ્‌ગલમય દેહની [ स्तुत्वा ] સ્તુતિ કરીને [ मुनिः ] સાધુ [ मन्यते खलु ] એમ માને છે કે [ मया ] મેં [ केवली भगवान् ] કેવળી ભગવાનની [ स्तुतः ] સ્તુતિ કરી, [ वन्दितः ] વંદના કરી.

ટીકાઃ- જેમ, પરમાર્થથી શ્વેતપણું સુવર્ણનો સ્વભાવ નહિ હોવા છતાં પણ, ચાંદીનો ગુણ જે શ્વેતપણું, તેના નામથી સુવર્ણનું 'શ્વેત સુવર્ણ' એવું નામ કહેવામાં આવે છે તે વ્યવહારમાત્રથી જ કહેવામાં આવે છે; તેવી રીતે, પરમાર્થથી શુકલ-રકતપણું તીર્થંકર-કેવળીપુરુષનો સ્વભાવ નહિ હોવા છતાં પણ, શરીરના ગુણો જે શુકલ-રકતપણું વગેરે, તેમના સ્તવનથી તીર્થંકર-કેવળીપુરુષનું 'શુકલ-રકત તીર્થંકર-કેવળીપુરુષ' એવું સ્તવન કરવામાં આવે છે તે વ્યવહારમાત્રથી જ કરવામાં આવે છે. પરંતુ નિશ્ચયનયે શરીરનું સ્તવન કરવાથી આત્માનું સ્તવન બનતું જ નથી.

ભાવાર્થઃ- અહીં કોઈ પ્રશ્ન કરે કે વ્યવહારનય તો અસત્યાર્થ કહ્યો છે અને શરીર જડ છે તો વ્યવહારના આશ્રયે જડની સ્તુતિનું શું ફળ છે? તેનો ઉત્તરઃ-વ્યવહારનય સર્વથા અસત્યાર્થ નથી, નિશ્ચયને પ્રધાન કરી અસત્યાર્થ કહ્યો છે. વળી છદ્મસ્થને પોતાનો, પરનો આત્મા સાક્ષાત્ દેખાતો નથી, શરીર દેખાય છે, તેની શાંતરૂપ મુદ્રાને દેખી પોતાને પણ શાન્ત ભાવ થાય છે. આવો ઉપકાર જાણી શરીરના આશ્રયે પણ સ્તુતિ કરે છે; તથા શાન્ત મુદ્રા દેખી અંતરંગમાં વીતરાગ ભાવનો નિશ્ચય થાય છે એ પણ ઉપકાર છે.

---

तथा हि-

तं णिच्छये ण जुज्जदि ण सरीरगुणा हि होंति केवलिणो।
केवलिगुणे थुणदि जो सो तच्चं केवलिं थुणदि।।२९।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

तन्निश्चये न युज्यते न शरीरगुणा हि भवन्ति केवलिनः।
केवलिगुणान् स्तौति यः स तत्त्वं केवलिनं स्तौति।।२९।।

यथा कार्तस्वरस्य कलधौतगुणस्य पाण्डुरत्वस्याभावान्न निश्चयतस्तद्व्यपदेशेनव्यपदेशः, कार्तस्वरगुणस्य व्यपदेशेनैव कार्तस्वरस्य व्यपदेशात्; तथा तीर्थकरकेवलिपुरुषस्य शरीरगुणस्य शुक्ललोहितत्वादेरभावान्न निश्चयतस्तत्स्तवनेन स्तवनं, तीर्थकरकेवलि- पुरुषगुणस्य स्तवनेनैव तीर्थकरकेवलिपुरुषस्य स्तवनात्।

---

ઉપરની વાતને ગાથાથી કહે છેઃ-

**પણ નિશ્ચયે નથી યોગ્ય એ, નહિ દેહગુણ કેવળીતણા;**
**જે કેવળીગુણને સ્તવે પરમાર્થ કેવળી તે સ્તવે. ૨૯.**

ગાથાર્થઃ- [ तत् ] તે સ્તવન [ निश्चये ] નિશ્ચયમાં [ न युज्यते ] યોગ્ય નથી [ हि ] કારણ કે [ शरीरगुणाः ] શરીરના ગુણો [ केवलिनः ] કેવળીના [ न भवन्ति ] નથી; [ यः ] જે [ केवलिगुणान् ] કેવળીના ગુણોની [ स्तौति ] સ્તુતિ કરે છે [ सः ] તે [ तत्त्वं ] પરમાર્થથી [ केवलिनं ] કેવળીની [ स्तौति ] સ્તુતિ કરે છે.

ટીકાઃ- જેમ ચાંદીનો ગુણ જે સફેદપણું, તેનો સુવર્ણમાં અભાવ છે માટે નિશ્ચયથી સફેદપણાના નામથી સોનાનું નામ નથી બનતું, સુવર્ણના ગુણ જે પીળા-પણું આદિ છે તેમના નામથી જ સુવર્ણનું નામ થાય છે; તેવી રીતે શરીરના ગુણો જે શુકલ-રકતપણું વગેરે, તેમનો તીર્થંકર-કેવળીપુરુષમાં અભાવ છે માટે નિશ્ચયથી શરીરના શુકલ-રકતપણું વગેરે ગુણોનું સ્તવન કરવાથી તીર્થંકર-કેવળીપુરુષનું સ્તવન નથી થતું, તીર્થંકર-કેવળીપુરુષના ગુણોનું સ્તવન કરવાથી જ તીર્થંકર-કેવળીપુરુષનું સ્તવન થાય છે.

---

कथं शरीरस्तवनेन तदधिष्ठातृत्वादात्मनो निश्चयेन स्तवनं न युज्यत इति चेत्-

**णयरम्मि वण्णिदे जह ण वि रण्णो वण्णणा कदा होदि।**
**देहगुणे थुव्वंते ण केवलिगुणा थुदा होंति।।३०।।**

नगरे वर्णिते यथा नापि राज्ञो वर्णना कृता भवति।
देहगुणे स्तूयमाने न केवलिगुणाः स्तुता भवन्ति।।३०।।

હવે શિષ્યનો પ્રશ્ન છે કે આત્મા તો શરીરનો અધિષ્ઠાતા છે તેથી શરીરના સ્તવનથી આત્માનું સ્તવન નિશ્ચયે કેમ યુક્ત નથી ? એવા પ્રશ્નના ઉત્તરરૂપે દૃષ્ટાંત સહિત ગાથા કહે છેઃ-

**વર્ણન કર્યે નગરી તણું નહિં થાય વર્ણન ભૂપનું,**
**કીધે શરીરગુણની સ્તુતિ નહિ સ્તવન કેવળીગુણનું. ૩૦.**

ગાથાર્થઃ- [ यथा ] જેમ [ नगरे ] નગરનું [ वर्णिते अपि ] વર્ણન કરતાં છતાં [ राज्ञः वर्णना ] રાજાનું વર્ણન [ न कृता भवति ] કરાતું ( થતું ) નથી, તેમ [ देहगुणे स्तूयमाने ] દેહના ગુણનું સ્તવન કરતાં [ केवलिगुणाः ] કેવળીના ગુણોનું [ स्तुताः न भवन्ति ] સ્તવન થતું નથી.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


ટીકાઃ- ઉપરના અર્થનું ( ટીકામાં ) કાવ્ય કહે છેઃ-

तथा हि-

( आर्या )

प्राकारकवलिताम्बरमुपवनराजीनिगीर्णभूमितलम्।
पिबतीव हि नगरमिदं परिखावलयेन पातालम्।।२५।।

इति नगरे वर्णितेऽपि राज्ञः तदधिष्ठातृत्वेऽपि प्राकारोपवनपरिखादिमत्त्वाभावाद्वर्णनं न स्यात् ।

શ્લોકાર્થઃ- [ इदं नगरम् हि ] આ નગર એવું છે કે જેણે [ प्राकार-कवलित-अम्बरम् ] કોટ વડે આકાશને ગ્રસ્યું છે ( અર્થાત્ તેનો ગઢ બહુ ઊંચો છે ), [ उपवन-राजी-निगीर्ण-भूमितलम् ] બગીચાઓની પંક્તિઓથી જે ભૂમિતળને ગળી ગયું છે ( અર્થાત્ ચારે તરફ બગીચાઓથી પૃથ્વી ઢંકાઈ ગઈ છે ) અને [ परिखावलयेन पातालम् पिबति इव ] કોટની ચારે તરફ ખાઈનાં ઘેરાથી જાણે કે પાતાળને પી રહ્યું છે ( અર્થાત્ ખાઈ બહુ ઊંડી છે ). ૨૫.

આમ નગરનું વર્ણન કરવા છતાં તેનાથી રાજાનું વર્ણન થતું નથી કારણ કે, જોકે રાજા તેનો અધિષ્ઠાતા છે તોપણ, કોટ-બાગ-ખાઈ-આદિવાળો રાજા નથી.

---

તેવી રીતે શરીરનું સ્વતન કર્યે તીર્થંકરનું સ્તવન થતું નથી તેનો પણ શ્લોક કહે છેઃ-

तथैव-

( आर्या )

नित्यमविकारसुस्थितसर्वाङ्गमपूर्वसहजलावण्यम्।
अक्षोभमिव समुद्रं जिनेन्द्ररूपं परं जयति।।२६।।

इति शरीरे स्तूयमानेऽपि तीर्थंकरकेवलिपुरुषस्य तदधिष्ठातृत्वेऽपि सुस्थितसर्वाङ्गत्वलावण्यादिगुणाभावात्स्तवनं न स्यात्।

अथ निश्चयस्तुतिमाह। तत्र ज्ञेयज्ञायकसङ्करदोषपरिहारेण तावत्।

---

તેવી રીતે શરીરનું સ્તવન કર્યે તીર્થંકરનું સ્તવન થતું નથી તેનો પણ શ્લોક કહે છેઃ-

શ્લોકાર્થઃ- [ जिनेन्द्ररूपं परं जयति ] જિનેન્દ્રનું રૂપ ઉત્કૃષ્ટપણે જયવંત વર્તે છે. કેવું છે તે ? [ नित्यम्-अविकार-सुस्थित-सर्वाङ्गम् ] જેમાં સર્વ અંગ હંમેશાં અવિકાર અને સુસ્થિત ( સારી રીતે સુખરૂપ સ્થિત ) છે, [ अपूर्व-सहज-लावण्यम् ] જેમાં ( જન્મથી જ ) અપૂર્વ અને સ્વાભાવિક લાવણ્ય છે ( અર્થાત્ જે સર્વને પ્રિય લાગે છે ) અને [ समुद्रं इव अक्षोभम् ] જે સમુદ્રની જેમ ક્ષોભરહિત છે, ચળાચળ નથી. ૨૬.

આમ શરીરનું સ્તવન કરવા છતાં તેનાથી તીર્થંકર-કેવળીપુરુષનું સ્તવન થતું નથી કારણ કે, જોકે તીર્થંકર-કેવળીપુરુષને શરીરનું અધિષ્ઠાતાપણું છે તો પણ, સુસ્થિત સર્વાંગપણું, લાવણ્ય આદિ આત્માના ગુણ નહિ હોવાથી તીર્થંકર-કેવળીપુરુષને તે ગુણોનો અભાવ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


# પ્રવચન નં. ૮૮ ગાથા - ૨૭ થી ૩૦ શ્લોક ૨૫ - ૨૬

## તા. ૨૧-૯-૭૮ ગુરૂવાર, ભાદરવા વદ-૫ સં. ૨૫૦૪

એમ કહ્યું કે શરીર ને આત્મા તો એક છે કેમકે તમે સ્તુતિ તો ભગવાનની ને આચાર્યની કરો છો એ બધા પુણ્યના ફળ અને શરીરની સ્તુતિ કરો છો. માટે હું તો એમ માનું છું કે શરીર ને આત્મા એક છે. જરી ઝીણી વાત આવશે. ત્યાં અપ્રતિબુદ્ધે એમ કહ્યું. એકાંત વ્યવહાર જ હોય અને નિશ્ચયની ખબર નથી એ એકલા વ્યવહારને માને છે, એ ખોટું છે, એ જૂઠું છે એમ કહેવું છે. આચાર્ય કહે છે એમ નથી. તું નય વિભાગને જાણતો નથી. વ્યવહારનયને રાખી છે ખરી, છે ખરી પણ એનાથી ભિન્ન નિશ્ચયનયને તે જાણતો નથી. આહાહા ! તે નય વિભાગ આ પ્રમાણે છે.

ववहारणओ भासदि जीवो देहो य हवदि खलु एक्को ।
ण दु णिच्छयस्स जीवो देहो य कदा वि एक्कट्ठो ।।२७।।

( હરિગીત )

જીવ-દેહ બન્ને એક છે-વ્યવહારનયનું વચન આ;
પણ નિશ્ચયે તો જીવ-દેહ કદાપિ એક પદાર્થ ના. ૨૭.

જરી સૂક્ષ્મ રીતે વાત કરી છે.

ટીકાઃ- જેમ આ લોકમાં સુવર્ણ અને ચાંદીને ગાળી, સોનું અને રૂપું ચાંદી એક કરવાથી, એક પિંડનો વ્યવહાર થાય છે, એક પિંડનો વ્યવહાર થાય છે, તેમ આત્માને અને શરીરને પરસ્પર એક ક્ષેત્રે રહેવાની જગ્યો છે. ( શ્રોતાઃ- આકાશનું ક્ષેત્ર ) એને એમાં તો જરી એવું કહેવું છે કે એ વિકલ્પથી સ્તુતિ છે, એ વિકલ્પ પોતે વ્યવહાર સ્તુતિ છે અને વિકલ્પ પરની સ્તુતિ કરે છે, પર ઉપર આમ લક્ષ જાય છે ને એનું એટલે ખરેખર તો એ વિકલ્પની સ્તુતિ છે એ શરીરની સ્તુતિ છે એમ કીધું છે, વિકલ્પથી સ્તુતિ છે. એ ખરેખર વિકલ્પ પોતે પુદ્‌ગલ છે નિશ્ચયનયથી. અને એનાથી શરીરની સ્તુતિ કરી, કારણકે એનું લક્ષ ત્યાં પર ઉપર છે. એ વાસ્તવિક સ્તુતિ નથી પણ એ વસ્તુ સ્થિતિ નથી જ એમ નથી. આહાહા ! કહેશે ધીમેથી હોં મોટો વ્યવહારનો- નયનો ઝગડો છે ને.

આત્માને અને શરીરને પરસ્પર એક ક્ષેત્રે રહેવાની અવસ્થા હોવાથી, આહાહાહા... એકપણાનો વ્યવહાર છે. આહાહાહા... આમ આ વ્યવહાર માત્રથી જ આત્માને શરીરનું એકપણું છે. પરંતુ નિશ્ચયથી એકપણું નથી. આહાહા ! કારણ કે નિશ્ચયથી વિચારવામાં આવે તો જેમ પીળાશપણું આદિ સફેદપણું આદિ, પીળાશપણું સોનાનો ગુણ છે અને સફેદપણું ચાંદીનો. એ સુવર્ણ ( અને ) ચાંદીને અત્યંત ભિન્નપણું છે. ભલે એક પિંડ તરીકે કહ્યું, સોનું અને ચાંદી ભેગું છે તેથી આ સોનું ધોળું છે એમ કહ્યું, પણ ધોળું તો રૂપું છે, સોનું તો પીળું છે. આહા... કઈ શૈલી નાખી એક પદાર્થપણાની અસિદ્ધિ છે તેથી અનેકપણું જ છે. સોનું સોનું છે અને ચાંદી ચાંદી છે. ભલે એક પિંડ તરીકે કહેવામાં આવ્યું હોય. તેવી રીતે આહાહાહા... ઉપયોગ અને અનુપયોગ જેમનો સ્વભાવ છે. આહાહાહા ! જાણવું દેખવું એવો ઉપયોગ જેનો સ્વભાવ આત્માનો છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

આહાહા ! અને વ્યવહાર સ્તુતિ રાગાદિ શરીરાદિ એ અણઉપયોગ જેનો સ્વભાવ છે. આહાહાહા... એવા આત્માને અને શરીરને અત્યંત ભિન્નપણું હોવાથી, એવો આત્માને અને રાગને અત્યંત ભિન્નપણું હોવાથી, સમજાણું કાંઈ ? એક પદાર્થપણાની પ્રાપ્તિ નથી. રાગ અને આત્મા એકપણે નથી. એમ શરીર અને આત્મા એકપણે નથી. આહાહાહા ! તેથી અનેકપણું જ છે આવો પ્રગટ નય વિભાગ છે. આહાહાહા !

વ્યવહારનય તો આત્માને અને શરીરને એક કહે છે, આગળ કહેશે. વ્યવહારનયથી પણ આ ફળ છે એમ કહેશે, એનો અર્થ ? એ વ્યવહાર જુદો કહ્યો એથી ભગવાનની સ્તુતિ ને એ હોઈ શકે જ નહીં, એમ નહીં. એ પરમાર્થ વસ્તુ નથી તેથી એને અસત્યાર્થ કીધી. જેમ પર્યાયને અગિયારમી ગાથામાં અસત્યાર્થ કીધી, એ તો ત્રિકાળની અપેક્ષાએ અસત્યાર્થ કીધી છે, પણ પર્યાયની અપેક્ષાએ પર્યાય છે, એમ વિકલ્પથી સ્તુતિ ભગવાનની, કારણ કે વિકલ્પ છે એ પરમાં લક્ષ જાય છે. એનું શરીર ને એના... એ, એ વિકલ્પથી સ્તુતિ છે એ પરમાર્થે સ્તુતિ નથી. પણ પરમાર્થ સ્તુતિ છે, એને વિકલ્પ ભાવ આવે છે, એવી વ્યવહાર સ્તુતિ હોય છે. આહા... આવી વાતું છે. સમજાય છે કાંઈ ?

જયસેનાચાર્યની ટીકામાં તો સાધ્ય સાધક લીધું છે. વ્યવહાર સાધન છે, નિમિત્તથી કહ્યું ને વિકલ્પ વ્યવહાર, છે એમ સિદ્ધ કરે છે એટલું. આવું કરીને એક આર્જા એવી છે કે જુઓ ભગવાનની મૂર્તિ ને પ્રતિમાની સ્તુતિ ને એ બધુ જૂઠું છે, માટે અમે સ્થાનકવાસી માનીએ છીએ એ સાચું છે એમ કહે છે. કઈ અપેક્ષાએ કહ્યું છે ? એ તો એકલો વિકલ્પથી સ્તુતિ કરે છે અને પર તરફનું એનું લક્ષ છે એ અપેક્ષાએ જૂઠું છે. પણ નિર્વિકલ્પદૃષ્ટિ થઈ, રાગથી ભિન્ન આત્માની સ્તુતિ થઈ એને જે વિકલ્પ આવે છે એ વિકલ્પ વ્યવહાર સ્તુતિ છે. છે ભલે એ રાગની અને પુદ્‌ગલની છે એ. વિકલ્પ છે એ પોતે જ પુદ્‌ગલ છે ને રાગ ! આહાહાહાહા... આવું અટપટુ લાગે. વ્યવહાર સ્તુતિ નથી, એમ નહીં પણ વ્યવહાર સ્તુતિ એ પરમાર્થ સ્તુતિ નથી એમ. આહાહા !

પરમાર્થ સ્તુતિ તો ભગવાન આત્મા અનંતગુણનો પિંડ છે એના તરફની એકાગ્રતાના આશ્રયમાં એનો સત્કાર સ્વીકાર, આહાહા... એ નિશ્ચય, સત્ય, અબંધ પરિણામી નિશ્ચય સ્તુતિ. સમજાણું કાંઈ ?

આહાહા ! અને એકલો વ્યવહાર છે એ જૂઠો છે એટલું સિદ્ધ કરવું છે. પણ વ્યવહાર નિશ્ચય સ્તુતિવાળાને, એવો વિકલ્પ આવે અને ભગવાનના ગુણ ગાય, એ ભગવાનના ગુણ ગાય એ તો પરના ને શરીરના છે ખરેખર, આત્માના નહીં એમ કહે છે. આહાહા ! સમજાય છે કાંઈ ? આહાહાહા !

એથી અહીં કહ્યું આ જ વાત હવેની ગાથામાં કહે છે. જાુઓ ૨૮ ગાથા એવી ખૂબીથી મૂકયું છે કે વ્યવહાર જૂઠો છે એમ કહ્યું છતાં પણ એની સ્તુતિ કરવાથી અથવા એમની ભગવાનની પ્રતિમા કે મૂર્તિ દેખવાથી શાંત ભાવ એટલે શુભભાવ થાય છે, અને તેને દેખવાથી શાંતિ આવી છે, એવું જ્ઞાનમાં લક્ષ આવે, છે તો શુભભાવ. પણ એ શુભભાવ તદ્‌ન નથી જ, અને ન જ હોય એમ નથી. સમજાણું કાંઈ ? એ શુભભાવ હોય છે, નિશ્ચયના અનુભવની અપેક્ષા રાખીને, કેમકે શ્રુતજ્ઞાન થતાં આત્માને આશ્રયે સમ્યગ્દર્શન થતાં, ભાવશ્રુતજ્ઞાન જે થયું, એના બે ભેદ નિશ્ચય

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


( નય ) અને વ્યવહારનય પડી જાય છે. એટલે જ્ઞાનીને પણ વ્યવહારનય હોય છે. પણ એકલો વ્યવહારનય એ હિતકર છે એમ નથી. આહાહા ! સમજાણું કાંઈ ? એ વ્યવહારનય આવે જ્ઞાનીને, એમાં શુભભાવ હોય છે અને તેથી રાગ દ્વારા ભગવાનના, પરદ્રવ્યના, આત્મા સિવાય પરદ્રવ્ય એ અદ્રવ્ય થઈ ગયું, એટલે આ આત્મા નહીં, એટલે શરીર થઈ ગયું. શું કીધું સમજાણું ?

આ આત્મા સિવાય વિકલ્પ ઉઠયો એ પણ શરીર છે એક ન્યાયે, અને જેની સ્તુતિ કરવામાં આવે છે એ પણ આ આત્મા નથી એટલે એ શરીર જ છે. વ્યવહાર સ્તુતિ છે ને ? આહા ! ચાહે તો ભલે ભગવાનનાં, સર્વજ્ઞના વિકલ્પથી એનો એ કરે, તો પણ એ તો રાગ છે. અને તે રાગ છે એ કાંઈ સ્વભાવની સ્તુતિ નથી. એના આત્માનો જે સ્વભાવ છે એની સ્તુતિ નથી. આહાહાહા ! એ વ્યવહાર બિલકુલ જૂઠો છે એમ કહેવું છે ઈ એમ નથી ત્યાં. વ્યવહાર છે ખરો, પણ વ્યવહાર નિશ્ચયનું કારણ છે એમ નથી. છતાં નિમિત્ત કથનથી એમ કહેવાય, નિમિત્તને સાધક તરીકે ઉપચારથી, વ્યવહારથી, અભૂતાર્થનયથી કહેવાય. આ.. રે આટલા બધા... સમજાણું કાંઈ ?

આ સ્તુતિમાં મોટો ગોટો છે. એ ઓલી આર્જા કહે છે, જુઓ સમયસાર કહે છે, કે મૂર્તિ અને મૂર્તિની પૂજા ને સ્તુતિ જૂઠી છે. આહાહાહા... અને આત્મસિદ્ધિમાં કાંઈ મૂર્તિ આવી નથી ક્યાંય. શ્રીમદ્‌માં છે ને ખ્યાલ છે. પણ એથી કરીને ભગવાનની પ્રતિમા અને એની સ્તુતિનો વિકલ્પ એ જ્ઞાનીને ન જ હોય, એમ નહીં... ( શ્રોતાઃ- વિકલ્પ આવી જાય છે. ) આવી જાય છે. આહાહા ! નિશ્ચય સ્તુતિ તો પોતાના સ્વરૂપમાં એકાગ્રતા એ નિશ્ચય, એને શ્રુતજ્ઞાનનો વ્યવહારનય આવે એ વ્યવહારનય એટલે વિકલ્પ. વ્યવહારનયનો વિષય વિકલ્પ અને એનો વિષય પછી પર. આહાહાહા... એને અહીંયા શરીરની સ્તુતિ તે આત્માની સ્તુતિ નહીં વિકલ્પથી સ્તુતિ તે આત્માની સ્તુતિ નહીં એટલી વાત. છતાં નિર્વિકલ્પ સ્તુતિ જે છે એને પૂર્ણ વીતરાગ નથી ત્યારે એને વિકલ્પની સ્તુતિ આવ્યા વિના રહે જ નહીં. હોય છે, સાધક છે ને ? એટલે એમ ને એમ નિષેધ જ કરી નાખે, વ્યવહાર સ્તુતિનો વિકલ્પ છે, એ ન જ હોય, તો એ જૂઠો છે. તેમ એ વ્યવહાર સ્તુતિ છે એ મોક્ષનું કારણ છે એમ નથી. આહા... આવા ફેર બહુ આકરું કામ બહુ. પકડાઈ ગયા હોય છે ને એમાં પછી પોતાની દૃષ્ટિએ એના અર્થ કરવા. એમ ન હોય ભાઈ. આહાહા !

અહીંયા તો એ કહે છે જુઓ અઠયાવીસ.

इणमण्णं जीवादो देहं पोग्गलमयं थुणित्तु मुणी ।
मण्णदि हु संथुदो वंदिदो मए केवली भयवं ।।२८।।

( હરિગીત )

જીવથી જુદા પુદ્‌ગલમયી આ દેહને સ્તવીને મુનિ
માને પ્રભુ કેવળીતણું વંદન થયું, સ્તવના થઈ. ૨૮.

ટીકાઃ- જેમ પરમાર્થથી શ્વેતપણું સુવર્ણનો સ્વભાવ નહીં હોવા છતાં પણ ચાંદીનો ગુણ જે શ્વેતપણું, તેના નામથી સુવર્ણનું ‘શ્વેત સુવર્ણ’ ધોળું સોનું એમ કહે ને ધોળું સોનું એવું નામ કહેવામાં આવે છે, તે વ્યવહાર માત્રથી જ કહેવામાં આવે છે. તેવી રીતે પરમાર્થથી શુક્લ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

રક્તપણું તીર્થંકર કેવળી પુરુષનો સ્વભાવ નહીં હોવા છતાં પણ, સોના વર્ણે ભગવાન છે એમ આવે છે ને? સોળ તીર્થંકર સોના વર્ણે, શરીરનાં ગુણો જે શુક્લ રક્તપણું વગેરે તેમના સ્તવનથી તીર્થંકર કેવળી પુરુષનું શુક્લ રક્ત તીર્થંકર કેવળી પુરુષ, એવું સ્તવન કરવામાં આવે છે તે વ્યવહાર માત્રથી જ કરવામાં આવે છે. જોયું? વ્યવહાર સિદ્ધ કર્યો.

ભગવાન પરમાત્મા પર વસ્તુ છે, એની સ્તુતિ છે એ વિકલ્પ છે, ખરેખર તો એ પુદ્‌ગલ છે. અને તે પોતે પુદ્‌ગલ એટલે આ આત્મા સિવાય પરની સ્તુતિનો વિકલ્પ જ્ઞાનીને પણ આવે છે. પણ એ વાસ્તવિક મોક્ષનું કારણ નથી. આહાહાહા! એટલું (સિદ્ધ કરવું છે.) આહાહાહા! આઘું પાછું કરીને માળે ફેરવી નાંખ્યું. (શ્રોતાઃ– સમ્યગ્દર્શનને નિશ્ચય સ્તુતિ કહી છે) એ સ્તુતિ છે. પણ છતાં એ સ્તુતિ છતાં આવો વિકલ્પનો વ્યવહાર સ્તુતિનો ભાવ આવે. છતાંય એ સાચી સ્તુતિ નથી. છતાં એ વ્યવહાર વચ્ચે આવ્યા વિના રહેતો નથી. આવું અટપટું બહુ કામ. આહાહા!

ખરેખર તો જે વિકલ્પ ઊઠે છે એ જ ખરેખર તો પર શરીર છે, અને એની સ્તુતિ જે આમ કરે છે પરની આ આત્મા સિવાયના પરનો, પર છે તે અણાત્મા છે, આ હિસાબે તો આ દ્રવ્યની અપેક્ષાએ તો ભગવાનના દ્રવ્યને પણ અદ્રવ્ય કહેવામાં આવ્યું છે. આહાહાહા! આવું છે ભાઈ! એમ ભગવાન આત્માની અપેક્ષાએ, ભગવાનનો આત્મા પણ આ અપેક્ષાએ અણાત્મા કહેવાય છે. એની અપેક્ષાએ આત્મા છે. આહાહાહા! એવા અણાત્માની એટલે કે શરીરની, આહાહા... એ સ્તુતિ વ્યવહારથી કરવામાં આવે છે. પરંતુ નિશ્ચયસે એનું સ્તવન કરવાથી આત્માનું સ્તવન બનતું નથી. પણ વિકલ્પથી પરના સ્તવનથી સ્વનું નિશ્ચય સ્તવન બનતું નથી. સમજાણું કાંઈ?

આહાહા! આહાહા... એ કળશમાં આવે છે ને ભાઈ. પહેલાં આત્મા ને અનાત્મા શરૂઆતમાં આવે છે. કળશમાં આવે છે. આ આત્મા સિવાય બીજા બધા અણાત્મા કહેવાય. આ અપેક્ષાએ હોં. આ દ્રવ્ય છે એ સ્વદ્રવ્ય છે, અને સ્વદ્રવ્યની અપેક્ષાએ ભગવાનનું દ્રવ્ય અદ્રવ્ય કહેવાય. આહાહા! એમની અપેક્ષાએ એમનું દ્રવ્ય, આની અપેક્ષાએ અદ્રવ્ય. આહાહાહા. એમની અપેક્ષાએ એમનો આત્મા આત્મા, પણ આની અપેક્ષાએ એનો આત્મા અણાત્મા. આરે આવી બધી આકરી વાતું. ઓહોહો... એટલે કોઈ વ્યવહાર સ્તુતિ છે એ જૂઠી કીધી માટે હોય જ નહીં એમ નહીં. જૂઠીનો અર્થ એ બંધનું કારણ છે વ્યવહારનયનો વિષય રાગ અને સ્તુતિ એ બધો બંધનું કારણ છે એ અપેક્ષાએ એને જૂઠું કહ્યું, પણ એ વસ્તુ નથી જ એમ નથી, આહાહા... એવો શુભભાવ હોય છે પણ એનાથી ભગવાનની સ્તુતિ તીર્થંકરની સ્તુતિ...

જુઓ શરીરનું સ્તવન કરવાથી આત્માનું સ્તવન બનતું નથી એટલી વાત. વિકલ્પ દ્વારા પોતાના આત્માના અનંતગુણના પિંડની સ્તુતિ સિવાય જેટલી પરની સ્તુતિ છે એ વાસ્તવિક યથાર્થ સ્તુતિ નથી. સમજાણું કાંઈ? એથી અયથાર્થ સ્તુતિ હોવાથી એ સ્તુતિનો ભાવ અને પર તરફનું જે સ્તુતિનું લક્ષ એ વસ્તુ જ નથી, એમ નથી. આ... રે આટલા બધા...(પડખાં સમજવા!)

તેથી કહે છે જુઓ–

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


ભાવાર્થઃ- તેથી અહીં કોઈ પ્રશ્ન કરે કે વ્યવહારનય તો અસત્યાર્થ કહ્યો છે. છે ? અને શરીર જડ છે, તો વ્યવહારના આશ્રયે જડની સ્તુતિનું શું ફળ ? આહાહા... તેનો ઉત્તરઃ- “વ્યવહારનય સર્વથા અસત્યાર્થ નથી.” છે જ નહીં એમ નથી. આહાહાહા... ‘નિશ્ચયને પ્રધાન કરીને સત્યાર્થ કહ્યો છે’ જોયું ? અંદર ભગવાન આત્માના આનંદની એકાગ્રતાની સ્તુતિ, એ નિશ્ચયની પ્રધાનતાની અપેક્ષાએ વિકલ્પની સ્તુતિને જૂઠી કીધી છે. આહાહાહા ! વળી છદ્મસ્થને, હવે જુઓ, ઓલો વિકલ્પ છે ને એટલે વિકલ્પમાં કાંઈ ભગવાનનો આત્મા જણાતો નથી. “છદ્મસ્થને પોતાનો ને પરનો આત્મા સાક્ષાત્ દેખાતો નથી.” છે ? વ્યવહારથી શરીર દેખાય છે. પોતાનો પણ અંદર વિકલ્પ દેખાય વ્યવહારથી, અને સામાનું પણ એનું બાહ્ય શરીરને એ દેખાય અથવા ભલે એના ગુણ હોય પણ આ ગુણની અપેક્ષાએ એ અનાત્મા છે. આહાહાહાહા ! અહીં પાછું કહેશે કે ભાઈ ભગવાનની સ્તુતિ એ નહીં, તો નિશ્ચય સ્તુતિ કોને કહેવી ? ત્યારે ભગવાનની નિશ્ચય સ્તુતિ એમ ન લીધી. આ આત્મા અંતરમાં અનંત આનંદનો કંદ પ્રભુ, એની સન્મુખ થઈને એકાગ્ર થવું તે નિશ્ચય કેવળીની સ્તુતિ છે. કહો હવે સ્તુતિ અહીંયા કહેવી આની ને નિશ્ચય સ્તુતિ, આહાહાહા ! અરે આ માર્ગ તો પ્રભુ સ્યાદ્‌વાદથી કઈ અપેક્ષાએ કહ્યું છે, એ ન સમજતાં ખેંચાતાણી કરે અને વ્યવહાર સ્તુતિથી કલ્યાણ થઈ જાય એમ માને એ ખોટું છે, અને વ્યવહાર સ્તુતિ ન જ આવે, સમકિતીને-જ્ઞાનીને પણ, એય ખોટું છે. હૈં ? એ અહીં કહે છે, જુઓ, તેની શાંતરૂપ મુદ્રાને દેખીને જુઓ, છે તો પર પણ શુભભાવ આવ્યો છે એટલે ભગવાનની મૂર્તિ, પ્રતિમા કે ભગવાન સાક્ષાત્ હોય. આહાહા ! શાંતરૂપ મુદ્રા દેખીને પોતાને પણ શાંત ભાવ થાય શુભભાવ. સમજાણું કાંઈ ? મુદ્રા દેખીને એ નિમિત્તથી કથન છે પણ પોતાને એવો શુભભાવ હોય છે ત્યારે આમ દેખતા શાંત છે એમ એને લાગે, એના જ્ઞાનની પર્યાયમાં, આહાહા... શું શૈલી !

આવો ઉપકાર જાણી, જોયું ? શરીરના આશ્રયે પણ સ્તુતિ કરે છે, એટલે કે વિકલ્પનો ભાવ આવે છે. આહાહાહા ! અને નિર્વિકલ્પ પ્રભુ આત્માની સ્તુતિ સિવાય આવો વિકલ્પનો ભાવ હોય છે. આહાહા ! બહુ ફેરફાર. મધ્યસ્થથી વાત ન સમજે ને ખેંચાતાણ કરે, અહીં તો કહ્યું છે પાછું ખુલાસો કર્યો છે કે એનાથી શાંત ભાવ થાય છે, એટલે કે શુભભાવ થાય છે તો પોતાથી, પણ એનું લક્ષ ન્યાં જાય છે. આહાહાહા ! વ્યવહારનયનું લક્ષ જ પર ઉપર જાય છે, અને નિશ્ચયનું લક્ષ સ્વ ઉપર છે. આહાહા ! પણ એ વ્યવહારનયનો વિષય સ્તુતિ, એ મોક્ષનો માર્ગ નહીં. સમજાણું કાંઈ ? છતાં બંધનો માર્ગ વિકલ્પનો વચ્ચે આવ્યા વિના રહે નહીં, એ પણ જ્ઞાનીને, અજ્ઞાનીને તો નિશ્ચય નથી તો વ્યવહારેય નથી. આહાહાહા... આવું બધું ઘણું કયાં ફેરફાર ?

જોયું ? શાંતમુદ્રા દેખી અંતરંગમાં વીતરાગભાવનો નિશ્ચય થાય છે. જોયું ? લક્ષ છે ને પર ઉપર કે, આહાહા... શાંત પ્રતિમા મુદ્રા, વીતરાગ મુદ્રા દેખી કેવળજ્ઞાન યાદ આવે, આવે છે ને ? સમયસાર નાટકમાં આવે છે. ચૌદ ગુણસ્થાનના અધિકારમાં મુદ્રા દેખીને કે, આહાહા... છે તો શુભભાવ પણ એના લક્ષમાં, આહાહા... પણ એવો ભાવ આવે, તેથી વ્યવહાર સ્તુતિને પણ અવકાશ છે, એટલી વાત. પણ એ વ્યવહાર સ્તુતિ છે માટે નિશ્ચય સ્તુતિનું કારણ છે એમ નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


બહુ આકરો ફેરફાર. વ્યવહારને નથી જ એમ ઉથાપે છે એ જૂઠા છે, તેમ વ્યવહારથી નિશ્ચયનો લાભ થાય છે એમ માને છે એય જૂઠા છે. હવે આવી વાત ક્યાં.

વીતરાગભાવનો નિશ્ચય થાય છે, જોયું? પોતે જાણે કે, આહાહા... આવા વીતરાગ, આવા વીતરાગ. એ કોને? કે જેને નિશ્ચય સ્તુતિનો સ્વભાવ પ્રગટયો છે એને શુભભાવમાં આમ જણાય છે. આહાહાહા! જુઓ, ભાવાર્થ કર્તાએ આવો ખુલાસો કર્યો. વ્યવહાર સ્તુતિને સ્થાપી છે, પણ એ બંધનું કારણ છે, એથી એને નિશ્ચય સ્તુતિ કહેવામાં આવતી નથી. પણ નિશ્ચય સ્તુતિ કહેવામાં નથી આવતી માટે વ્યવહાર સ્તુતિનો ભાવ ન જ હોય, એમ નથી. આરે આવી વાતું ઘડીકમાં 'હા' અને ઘડીકમાં 'ના' કઈ અપેક્ષા છે, એ જાણવું જોઈએ ને? આહાહાહા! આ આત્માની અપેક્ષાએ બીજા બધા આત્માઓ પણ અણાત્મા અને અદ્રવ્ય છે. આહાહાહા!

એટલે ખરેખર તો એ અજીવ છે, એ જીવ નથી, આ જીવની અપેક્ષાએ. આહાહાહા... આવી વાત છે. એટલે અજીવની સ્તુતિ છે એ શુભ વિકલ્પ છે એ અજીવ છે. અને સામાની સ્તુતિ છે એ પણ આ જીવ નહીં માટે અજીવ છે. એ માટે સ્તુતિ જૂઠી કીધી. પણ એ ભાવ આવ્યા વિના રહેતો નથી. ભાવશ્રુતજ્ઞાન છે ને? તો બે ભેદ નયના એના પડે છે. નિશ્ચય અને વ્યવહાર એને, સમકિતીને જ વ્યવહારનય હોય છે, અજ્ઞાનીને વ્યવહારનય હોતો નથી. નય જ નથી જ્યાં (ભાવ) શ્રુતજ્ઞાન નથી ત્યાં નય કેવો. આહાહા! હવે આવી તકરારમાં. આંહી તો શાંતમુદ્રા દેખી, છે તો પર, ખરેખર તો આ જીવની અપેક્ષાએ એ બધા અજીવ છે. ખરેખર તો એ શરીર છે. આહાહાહા! કેમ કે વિકલ્પ ઉઠયો એ જ પોતે શરીર–પુદ્‌ગલ છે. આહાહા! આ ગાથા ભારે અટપટી હૈ.

---

ઉપરની વાતને હવે ગાથાથી સિદ્ધ કરે છે, હવે કેમ આને વ્યવહાર કહ્યો અને કેમ આને નિશ્ચય ન કહ્યો એનું વર્ણન કરે છે.

तं णिच्छये ण जुज्जदि ण सरीरगुणा हि होंति केवलिणो ।
केवलिगुणे थुणदि जो सो तच्चं केवलिं थुणदि ।। २९।।

(હરિગીત)

પણ નિશ્ચયે નથી યોગ્ય એ, નહિ દેહગુણ કેવળીતણા;
જે કેવળીગુણને સ્તવે પરમાર્થ કેવળી તે સ્તવે. ૨૯.

ટીકાઃ– જેમ ચાંદીનો ગુણ સફેદપણું તેનો સુવર્ણમાં અભાવ છે, જોયું? માટે નિશ્ચયથી સફેદપણાના નામથી સોનાનું નામ નથી બનતું. છે? સફેદપણાના નામથી સોનાનું નામ.. કેમકે સોનામાં સફેદપણાનો અભાવ છે. આહાહાહા! સુવર્ણના ગુણ જે પીળાશપણું આદિ છે તેમના નામથી જ સુવર્ણનું નામ થાય છે. તેવી રીતે, ઓહોહોહો... કઈ રીતે? શરીરનાં ગુણો જે શુક્લ રક્તપણું વિગેરે, કેમકે વિકલ્પ જે છે એ પર તરફનો છે (હોવાથી) એ આત્માને દેખતો નથી. આહાહા! એ તો સામે એનું શરીર ને એના ગુણ ભલે અહીં ગુણ લેવાના છતાં એ પરને દેખે છે એ. ઓહોહો! શું શૈલી? શરીરના જે રક્તપણું, શુક્લપણું તેમનો તીર્થંકર કેવળી પુરુષમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


અભાવ છે. આહાહા... તીર્થંકર અને એનો જે આત્મા, એના આત્મામાં આનો અભાવ છે. આહાહા... માટે નિશ્ચયથી શરીરના શુક્લ રક્તપણું ગુણોનું સ્તવન કરવાથી તીર્થંકર કેવળી પુરુષનું સ્તવન થતું નથી. આહાહાહા ! આહાહાહા... તીર્થંકર કેવળી પુરુષના ગુણોનું સ્તવન કરવાથી જ, જોયું પાછું. તીર્થંકર કેવળી પુરુષના ગુણોનું સ્તવન કરવાથી, પણ એનો અર્થ ? આ આત્માના ગુણોનું સ્તવન કરવાથી. આહાહાહા ! ભગવાન જ્ઞાયક સ્વરૂપ, પૂર્ણઆનંદ સ્વરૂપ તે આત્મા તેની નિર્વિકલ્પ દૃષ્ટિથી સ્તવન કરવાથી, આહાહાહા... એ કેવળીની સ્તુતિ થાય છે. સમજાણું કાંઈ ? ( શ્રોતાઃ- ઘણી ચોખવટ કરી ) બાબુભાઈ ! આવો બધો ફેરફાર છે આવો શું થાય ખેંચાતાણ કરે.

અહીં તો એ કહે છે, તીર્થંકર પુરુષનું સ્તવન થાય છે પણ એ કેવળ તીર્થંકર ( કેવળી પુરુષનું ) સ્તવન પુરુષનું થાય છે, એનો અર્થ ? આ આત્માના ગુણોનું સ્તવન થાય એ, આહાહા... ઓલું આવે છે ને ? 'જ્ઞાતારં મોક્ષમાર્ગ નેતારં જ્ઞાતારં બહુ પ્રતાપ વંદે તદ્ગુણલધયે' એનો અર્થ એ લોકો એવો કરે છે 'હે પ્રભુ આપની સ્તુતિથી તમારા ગુણ મને પ્રાપ્ત થાઓ.' તદ્ગુણલબ્ધયે એમ છે ને ? પણ એનો અર્થ એમ નથી. આહા... એની સ્તુતિના કાળમાં મારા તરફનું જે જોર છે સ્વભાવમાં, એનો મને લાભ પ્રાપ્ત થાઓ. એનો લાભ થાઓ એમ છે વાત. શું થાય ? આમ ભગવાનની સ્તુતિ કરવાથી લાભ થાય ? આહાહા... ભાઈ ! એ કહ્યુંને, અમૃતચંદ્રાચાર્ય કલ્માષિતાં મારા પરિણામ હજી કલુષિત વર્તે છે. પર્યાયમાં મુનિ છું, આચાર્ય છું, આહાહા ! પણ હું શુદ્ધ ચૈતન્ય દ્રવ્ય છું, એવું મને ભાન છે, છતાં પર્યાયમાં અનાદિની કલ્માષિતા પરિણતિ ઊભી છે, તેની આ ટીકા કરતાં કરતાં તેનો નાશ થઈ જજો. હવે ટીકા કરતાં તો, ટીકા કરતાં તો કરવાનો તો વિકલ્પ છે, પણ મારું જોર તે વખતે અંદરમાં છે, એના જોરની વૃદ્ધિ થઈ જજો. એ કાળમાં એનાથી નહીં. આવો બધો ફેરફાર બહુ. ( શ્રોતાઃ- તેનાથી એટલે એના નિમિત્તે, ઉપાદાન મારું ) આવું છે. હજી સત્ય સમજવામાંય પોતાનો આગ્રહ રાખે અને સત્યને ન સમજે તો હવે એને ઓલું સત્ય અંદર હાથ ક્યાંથી આવે ? આહાહાહા !

હવે શિષ્યનો પ્રશ્ન છે કે આત્મા તો શરીરનો અધિષ્ઠાતા છે. છે ? શરીરનો સ્વામી છે, ધણી છે, આહાહાહા... તેથી શરીરના સ્તવનથી આત્માનું સ્તવન નિશ્ચયે કેમ યુક્ત નથી ? આહાહા... એ ત્યાંય કહ્યું છે ને 'પ્રવચનસાર' વ્યવહાર નિશ્ચય એ બધા જેટલા વિકલ્પો છે એનો અધિષ્ઠાતા આત્મા છે. આહાહાહા... વ્યવહારથી મોક્ષ થાય, ક્રિયાથી થાય, એવું આવે છે ને ક્રિયાથી થાય જ્ઞાનથી થાય, નિશ્ચયથી થાય એ બધા ધર્મો એક સમયમાં ગણવામાં આવ્યા છે. અને એનો અધિષ્ઠાતા આત્મા છે ત્યાં એમ કીધું છે, કારણકે એનામાં થાય છે. આહાહાહા !

---

અહીં કહે છે શરીરને ને આત્માને, અધિષ્ઠાતા એનો સ્વામી છે એ, કે 'ના' એ સ્વામી એમ નથી. ન્યાં જે કીધું એવું અહીં નથી. આહાહાહા ! તેથી શરીરના સ્તવનથી કેમ યુક્ત નથી આત્માનું એના ઉત્તરરૂપે દૃષ્ટાંત સહિત ગાથા કહે છે.

णयरम्मि वण्णिदे जह ण वि रण्णो वण्णणा कदा होदि ।
देहगुणे थुव्वंते ण केवलिगुणा थुदा होंति ।।३०।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

( હરિગીત )

વર્ણન કર્યે નગરી તણું નહિ થાય વર્ણન ભૂપનું,
કીધે શરીરગુણની સ્તુતિ નહિ સ્તવન કેવળીગુણનું. ૩૦.

આહાહા ! આ નગર એવું છે કે, આહાહાહા... એ વિકલ્પની સ્તુતિ અને બધા ભગવાનને એ બધું નગરનું વર્ણન છે, આત્માનું નહીં. આહાહા ! આ નગર એવું છે કે જેણે કોટ વડે આકાશને ગ્રસી નાખ્યું છે એટલો કોટ ઊંચો છે. ગઢ કે આખો આકાશને ગળી જાય એટલો ગઢ ઊંચો છે એમ. આ નગરનો કોટ એટલો ઊંચો છે કે આકાશને ગળી ગયો છે એમ.

( શ્રોતાઓને ઉદ્દેશીને ) અહીં તો હવે ઘણી જગ્યા છે નીચે. ઉપર બેસે છે તો અહીંયા ઘણી જગ્યા છે ઉપર બેઠા છે કોક, નીચે બેસવું જોઈએ. એટલે બધે ઊંચે બેસે, સાંભળવા આવે તે અહીં ઊંચે બેસે એનો અર્થ શું ? છે છે જગતની એટલી સ્વચ્છંદતા, કાંઈ વ્યવહારની ખબર ન મળે. અહીં વંચાય છે એનાથી ઊંચુ બેસવું. એ તો તે દિ' માણસ નહોતા સમાતા – એક હારે બેસાય નહીં સૌની હારે એટલે. આખી જગતની રીત એવી. આહાહાહા...

શું કહ્યું આ ? એ નગરના કોટે આકાશને ગળ્યું એટલો મોટો ઊંચો છે પણ એ તો નગરનું વર્ણન છે. આહાહાહા ! ( શ્રોતાઃ– રાજાનું નથી ) એમ ભગવાનના ગુણોનું કે ભગવાનના શરીરનું, એ બધું નગરનું વર્ણન છે, પરનું છે. આહાહાહા ! સમજાણું કાંઈ ? ઉપવન રાજી નિગીર્ણ–ભૂમિતલમ્ બગીચાઓની પંક્તિઓથી ભૂમિતળને ગળી ગયું છે એટલા બધા બગીચાઓ છે કે જાણે બગીચાઓ આખી ભૂમિને ગળી ગયા છે પણ એ તો વર્ણન નગરનું થયું, એના રાજાનું ન થયું. આહાહાહા ! ચારે તરફ બગીચાથી પૃથ્વી ઢંકાઈ ગઈ છે. અને "પરિખાવલયમ્ પાતાલમ્ પિબતિ ધ્ય" કોટની ચારે તરફ ખાઈના ઘેરાથી જાણે કે પાતાળને પી રહ્યું છે, ગઢ જાણે આકાશનું થઈ ગયું. વર્તમાનમાં બગીચા પૃથ્વી( ને ) ગળી ગઈ. પાતાળમાં ખાઈ. આહાહાહા ! આહાહાહા...

આમ નગરનું વર્ણન કરવા છતાં તેનાથી રાજાનું વર્ણન થતું નથી. કારણ કે જો કે રાજા તેનો અધિષ્ઠાતા છે, નિમિત્ત તરીકે, તોપણ કોટ, બાગ, ખાઈ આદિવાળો રાજા નથી. આહાહાહાહા... એ નગરના વર્ણનનો નિમિત્ત તરીકે રાજા અધિષ્ઠાતા કહેવાય, છતાં એ રાજાનું વર્ણન નથી.

એમ વિકલ્પથી વર્ણન થાય, આહાહાહા... એ આત્માનું વર્ણન નથી. એ તો અણાત્મા આદિ પુદ્‌ગલનું શરીરનું વર્ણન છે. આહાહાહાહા...આવું છે. કોટ બાગ ખાઈ આદિવાળો રાજા નથી, છે ? આહા ! એ વિકલ્પથી સ્તુતિ કરે પણ એ વિકલ્પવાળો આત્મા નથી. આહાહા ! એમ વિકલ્પથી આ ભગવાનની સ્તુતિ કરે પણ આ આત્મા ત્યાં નથી. આહાહાહા ! ઘણી ગંભીરતા નિશ્ચય અને વ્યવહાર, અલૌકિક ગંભીરતા. તેવી રીતે શરીરનું સ્તવન કરે તીર્થંકરનું સ્તવન નથી, એનો અર્થ કે વિકલ્પથી ચાહે તો પરમાત્મા તીર્થંકરદેવનું સ્તવન કરો, તો પણ એ ખરેખર આત્માનું સ્તવન નથી, એ શરીરનું સ્તવન છે, પુદ્‌ગલનું છે. આહાહાહા !

ભગવાન અને ભગવાનની વાણીને ઇન્દ્રિય કીધી છે ને ? આવશે ને હવે. એકત્રીસમાં આવશે. ઇન્દ્રિય કહો કે પુદ્‌ગલ કહો કે પર કહો. આહાહાહાહા... સ્વઆત્માના અનંત આનંદના

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


કંદ આગળ પ્રભુ, એ ભગવાનની વાણી અને ભગવાન પોતે ઈન્દ્રિય છે. આહાહાહા... એટલે કે એ પુદ્‌ગલ છે, એટલે કે એ પર છે. આહાહાહા... એ શરીર છે. એનું નગરનું વર્ણન એ આત્માનું વર્ણન નથી. વિકલ્પથી જે વર્ણન થાય ભગવાનના ગુણનું ભલે, પણ એ આત્માનું વર્ણન નથી. આહાહાહા! ગજબ શૈલી! દિગંબર સંતોની, ગજબ વાત, ગજબ વાત ક્યાંય છે નહીં એવી વાત. આહાહાહાહા!

---

શ્લોક મૂક્યો-૨૬ કળશ.

नित्यमविकारसुस्थितसर्वाङ्गमपूर्वसहजलावण्यम् ।
अक्षोभमिव समुद्रं जिनेन्द्ररूपं परं जयति ।। २६ ।।

શ્લોકાર્થઃ- જિનેન્દ્રનું રૂપ ઉત્કૃષ્ટપણે જયવંત વર્તે છે. "નિત્યમ્ અવિકાર-સુસ્થિતમ્ સર્વાડગમ્" જેમાં સર્વ અંગ હંમેશાં અવિકારી ઠરી ગયેલ શાંત શાંત શાંત શાંત, આહાહા.. સારી રીતે સુખરૂપ સુસ્થિત છે. પણ એ તો પરની શરીરની વાત છે. અપૂર્વ સહજ લાવણ્યમ્, જેમાં જન્મથી જ અપૂર્વ અને સ્વભાવિક લાવણ્ય છે. સર્વને પ્રિય લાગે એવી લાવણ્યતા છે. આહાહા... શરીરની એટલી સુંદરતા અને નમણાઈ અને લાવણ્યતા દેખનારને પ્રિય લાગે પણ એ તો બધુ નગરનું વર્ણન, શરીરનું વર્ણન થયું. અરે એના ગુણનું વર્ણન કરે તો પણ વિકલ્પ છે ને? પરદ્રવ્ય છે ને? આહાહાહા... એમાં આ આત્માનું વર્ણન ન આવ્યું. આહાહા! સમુદ્ર ઈવ અક્ષોભમ્- જે સમુદ્રની જેમ ક્ષોભરહિત છે, ચળાચળ રહિત છે. શાંત શાંત એક છોકરાને જોયો તો ૮૦ ની સાલમાં, બોટાદ કોણ જાણે કેવો સાત આઠ વર્ષનો છોકરો પણ જુઓ તો આમ ગંભીર ગંભીર ગંભીર, આમ બેઠો હોય તો જાણે કાંઈ ચપળાઈ નહીં કાંઈ નહીં- સામાયિક લઈને બેઠો તો એના બાપ હારે આવ્યો તો ૮૦ ની વાત છે બોટાદ. પણ એના શરીરની કોણ જાણે એટલી ગંભીરતા કે બાળકપણું જ ન દેખાય. આ તો એક સાધારણ પુણ્ય હિન પ્રાણી, આહાહા... એના બાપને કીધું'તું કે આ છોકરો આમ ગંભીર મુદ્રા, કોઈ દિ' કાંઈ હસવુ કે કાંઈ વિસ્મય લાગે કાંઈ નહીં કહે. આઠ વર્ષનો બાળક હતો ૮૦ ની વાત છે ૨૦ ને ૩૪ ચોપન વર્ષ થયા.

આ તો ત્રણ લોકનો નાથ એના શરીરની લાવણ્યતાનું શું કહેવું, છતાંય એ તો પરદ્રવ્યના ગુણ છે. આહાહાહા.... ભગવાનના ગુણ ગાવા. ભગવાનના ગુણ ગાવા એ પણ શરીરના ને પરના છે, આત્માના નહીં. આહાહા! આવું આકરું કામ ભાઈ કારણ કે ભગવાનના ગુણો ગાવા એ ગુણો કાંઈ તારા નથી. એ તો તારી અપેક્ષાએ તો એ બધા ગુણો જ નથી. આહાહા... આ ભાવની અપેક્ષાએ ભગવાનનો ભાવ તે અભાવ છે. આહાહાહાહા! આવું છે. વીતરાગ માર્ગ બહુ ગંભીર ભાઈ. આહાહા! અગાધ ગંભીર ભાઈ. આહા... એનો નિશ્ચય અને એનો વ્યવહાર ને એ કંઈ વાત છે! આહાહા! આમ શરીરનું સ્તવન કરવા છતાં તેનાથી તીર્થંકર કેવળી પુરુષનું સ્તવન થતું નથી. આહાહાહા... શુભરાગથી વિકલ્પથી ભગવાનના ગુણ ગાન ગાવા એ પણ શરીરના છે, આત્માના નહીં, આહાહાહા... તારા આત્માના નહીં. જો કે તીર્થંકર કેવળી પુરુષને શરીરનું અધિષ્ઠાતાપણું છે નિમિત્તનું, તો પણ સુસ્થિત સર્વાંગપણું અને લાવણ્ય આદિ આત્માના ગુણ નહીં હોવાથી, તીર્થંકર કેવળી પુરુષને તે ગુણોનો અભાવ છે. આહાહાહા! એટલે કે આ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


આત્મામાં એના જે ગુણો ગાવો, એ ગુણોનો આમાં અભાવ છે. આહાહાહા ! ભગવાનના ગુણ ગાવો પણ એ ગુણના ભાવનો આ આત્મામાં તો અભાવ છે. એ તો પરમાં રહ્યા. આહાહાહા... આવું નવરાશ ક્યાં ફુરસદ-સત્યને કઈ રીતે સત્ય ઉભું રહે. આહાહા ! એમ ને એમ હાલ્યે જાય. આહાહાહા ! પ્રશ્નઃ- અત્યાર સુધી શું આવ્યું આ બધી ગાથાઓમાં ? કે કેવળીના ગુણો જે છે, એ તો આ આત્માના ગુણો તે કેવળીના ગુણો છે. પરના ગુણો જે છે એ કેવળીના ગુણો નહીં. એ પરના ગુણો છે એ પર આત્મા તરીકે ગણીને, આ આત્માનો એમાં અભાવ છે, એટલે ખરેખર તો એ અણાત્માના ગુણ છે. આહાહાહા... કેમ કે વિકલ્પ છે એ રાગ છે ને એમાં આ જ આવે. આહાહા ! અને નિર્વિકલ્પપણે જે આત્માના ગુણો તે કેવળીના ગુણો છે. આહાહાહા !

વિષય આજે જરી નિશ્ચય વ્યવહારનો હતો ને. આહાહા ! તેથી હવે ખુલાસો કરશે, કે ભગવાન અને ભગવાનની વાણી એ બધા ઇન્દ્રિય છે, પુદ્‌ગલ છે, આ આત્મા નહીં. આહાહાહા... આહાહાહા... જેવી આ જડ ઇન્દ્રિય છે, ભાવેન્દ્રિય છે, એવી જ આ ભગવાનની વાણી અને ભગવાન પોતે ઇન્દ્રિય છે કેવળી પરમાત્મા પણ આ આત્માને હિસાબે ઇન્દ્રિય છે. આહાહાહાહા... ભગવાન આત્મા અણીંન્દ્રિય પ્રભુ, આહાહાહા... એની અપેક્ષાએ તો ભગવાન સાક્ષાત્( પ્રત્યક્ષ ) બિરાજે છે, તે પણ ઇન્દ્રિય છે. આહાહાહા ! એમ સાક્ષાત્ ભગવાનના ગુણ કરે તો પણ એ પુદ્‌ગલના ગુણ છે. જુઓ- વિકલ્પ ઉઠયો છે અને પર તરફ આશ્રય છે ને ? આહાહા... નિર્વિકલ્પપણે અંતરમાં દૃષ્ટિમાં જાય તે કેવળીના સ્તવન કેવળી એટલે કેવળ તું પોતે. આહાહાહા ! આવું સ્વરૂપ છે. અટપટું હતુ બાબુભાઈ આજે. આહાહા... આમાં કાંઈ ફેરફાર કરવા જાય તો થાય તેવું નથી. આહાહાહા ! કારણકે ન્યાય વર્ણવી વર્ણવીને ભગવાનના ગુણગાન કરે તોય કહે છે શરીરના ગુણગાન છે, તારા નહીં. એ નગર જે બાહ્યની ચીજ છે એનું વર્ણન નગરનું વર્ણન. વિશેષ લેશે.

( શ્રોતાઃ- પ્રમાણ વચન ગુરુદેવ. )

* સિદ્ધનગરમાં અનંતા સિદ્ધો બિરાજે છે. તેઓએ પહેલાં બહારથી નજર સંકેલીને અંદરનો વિસ્તાર કર્યો હતો તું પણ બહારથી સંકેલો કરી નાખ. હું તો પૂરણ અભેદ પરમાત્મા જ છું, મારે ને પરમાત્માને કાંઈ ફેર નથી – એમ ફેર કાઢી નાખનારને ફેર છૂટી જશે. આહાહા ! દિગંબર સંતોની કથન-શૈલી અલૌકિક છે.

( દૃષ્ટિનાં નિધાન - ૨૪ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

## ગાથા - ૩૧

अथ निश्चयस्तुतिमाह। तत्र ज्ञेयज्ञायकसङ्करदोषपरिहारेण तावत्-

जो इंदिये जिणित्ता णाणसहावाधियं मुणदि आदं।
तं खलु जिदिंदियं ते भणंति जे णिच्छिदा साहू।।३१।।
य इन्द्रियाणि जित्वा ज्ञानस्वभावाधिकं जानात्यात्मानम्।
तं खलु जितेन्द्रियं ते भणन्ति ये निश्चिताः साधवः।।३१।।

यः खलु निरवधिबन्धपर्यायवशेन प्रत्यस्तमितसमस्तस्वपरविभागानि निर्मलभेदाभ्यासकौशलोपलब्धान्तःस्फुटातिसूक्ष्मचित्स्वभावावष्टम्भबलेन शरीरपरिणामापन्नानिद्रव्येन्द्रियाणि, प्रतिविशिष्टस्वस्वविषयव्यवसायितया खण्डशः आकर्षन्ति प्रतीयमानाखण्डैकचिच्छक्तितया भावेन्द्रियाणि, ग्राह्यग्राहकलक्षणसम्बन्धप्रत्यासत्तिवशेन सह संविदा परस्परमेकीभूतानिव चिच्छक्तेः स्वयमेवानुभूयमानासङ्गतया भावेन्द्रियावगृह्यमाणान् स्पर्शादीनिन्द्रियार्थांश्च सर्वथा स्वतः पृथक्करणेन विजित्योपरतसमस्तज्ञेयज्ञायकसङ्करदोषत्वेनैकत्वे टङ्कोत्कीर्णं विश्वस्याप्यस्योपरि तरता प्रत्यक्षोद्योततया नित्यमेवान्तःप्रकाशमानेनानपायिना स्वतःसिद्धेन परमार्थसता भगवता ज्ञानस्वभावेन सर्वेभ्यो द्रव्यान्तरेभ्यः परमार्थतोऽतिरिक्तमात्मानं सञ्चेतयते स खलु जितेन्द्रियो जिन इत्येका निश्चयस्तुतिः।

---

હવે, (તીર્થંકર-કેવળીની) નિશ્ચયસ્તુતિ કહે છે. તેમાં પહેલાં જ્ઞેય-જ્ઞાયકના સંકરદોષનો પરિહાર કરી સ્તુતિ કહે છે :-

**જીતી ઇન્દ્રિયો જ્ઞાનસ્વભાવે અધિક જાણે આત્મને,**
**નિશ્ચય વિષે સ્થિત સાધુઓ ભાખે જિતેન્દ્રિય તેહને. ૩૧.**

ગાથાર્થઃ-[ यः ] જે [ इन्द्रियाणि ] ઇન્દ્રિયોને [ जित्वा ] જીતીને [ ज्ञानस्वभावाधिकं ] જ્ઞાનસ્વભાવ વડે અન્યદ્રવ્યથી અધિક [ आत्मानम् ] આત્માને [ जानाति ] જાણે છે [ तं ] તેને, [ ये निश्चिताः साधवः ] જે નિશ્ચયનયમાં સ્થિત સાધુઓ છે [ ते ] તેઓ, [ खलु ] ખરેખર [ जितेन्द्रियं ] જિતેંદ્રિય [ भणन्ति ] કહે છે.

ટીકાઃ- (જે મુનિ દ્રવ્યેન્દ્રિયો, ભાવેન્દ્રિયો તથા ઇન્દ્રિયોના વિષયભૂત પદાર્થો-એ ત્રણેયને પોતાનાથી જુદાં કરીને સર્વ અન્યદ્રવ્યોથી ભિન્ન પોતાના આત્માને અનુભવે છે તે મુનિ નિશ્ચયથી જિતેન્દ્રિય છે.) અનાદિ અમર્યાદરૂપ બંધપર્યાયના વશે જેમાં સમસ્ત સ્વપરનો વિભાગ અસ્ત થઈ ગયો છે (અર્થાત્ જેઓ આત્માની સાથે એવી એક થઈ રહી છે કે ભેદ દેખાતો નથી) એવી શરીરપરિણામને પ્રાપ્ત જે દ્રવ્યેન્દ્રિયો તેમને તો નિર્મળ ભેદ-અભ્યાસની પ્રવીણતાથી પ્રાપ્ત જે અંતરંગમાં પ્રગટ અતિસૂક્ષ્મ ચૈતન્યસ્વભાવ તેના અવલંબનના બળ વડે સર્વથા પોતાથી જુદી કરી; એ, દ્રવ્યેન્દ્રિયોનું જીતવું થયું. જુદા જુદા પોતપોતાના વિષયોમાં વ્યાપારપણાથી જેઓ વિષયોને ખંડખંડ ગ્રહણ કરે છે (અર્થાત્

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


**જ્ઞાનને ખંડખંડરૂપ જણાવે છે) એવી ભાવેન્દ્રિયોને, પ્રતીતિમાં આવતા અખંડ એક ચૈતન્યશક્તિપણા વડે સર્વથા પોતાથી જુદી જાણી; એ, ભાવેન્દ્રિયોનું જીતવું થયું. ગ્રાહ્યગ્રાહકલક્ષણવાળા સંબંધની નિકટતાને લીધે જેઓ પોતાના સંવેદન (અનુભવ) સાથે પરસ્પર એક જેવા થઈ ગયેલા દેખાય છે એવા, ભાવેન્દ્રિયો વડે ગ્રહવામાં આવતા જે ઇન્દ્રિયોના વિષયભૂત સ્પર્શાદિ પદાર્થો તેમને, પોતાની ચૈતન્યશક્તિનું સ્વયમેવ અનુભવમાં આવતું જે અસંગપણું તે વડે સર્વથા પોતાથી જુદા કર્યા; એ, ઇન્દ્રિયોના વિષયભૂત પદાર્થોનું જીતવું થયું. આમ જે (મુનિ) દ્રવ્યેન્દ્રિયો, ભાવેન્દ્રિયો તથા ઇન્દ્રિયોના વિષયભૂત પદાર્થો-એ ત્રણેને જીતીને, જ્ઞેય-જ્ઞાયક-સંકર નામનો દોષ આવતો હતો તે સઘળો દૂર થવાથી એકત્વમાં *ટંકોત્કીર્ણ અને જ્ઞાનસ્વભાવ વડે સર્વ અન્યદ્રવ્યોથી પરમાર્થે જુદા એવા પોતાના આત્માને અનુભવે છે તે નિશ્ચયથી 'જિતેન્દ્રિય જિન' છે. (જ્ઞાનસ્વભાવ અન્ય અચેતન દ્રવ્યોમાં નથી તેથી તે વડે આત્મા સર્વથી અધિક, જુદો જ છે.) કેવો છે તે જ્ઞાનસ્વભાવ ? આ વિશ્વની (સમસ્ત પદાર્થોની) ઉપર તરતો (અર્થાત્ તેમને જાણતાં છતાં તે-રૂપ નહિ થતો), પ્રત્યક્ષ ઉદ્યોતપણાથી સદાય અંતરંગમાં પ્રકાશમાન, અવિનશ્વર, સ્વતઃસિદ્ધ અને પરમાર્થસત્-એવો ભગવાન જ્ઞાનસ્વભાવ છે.**

**આ રીતે એક નિશ્ચયસ્તુતિ તો આ થઈ.**

**(જ્ઞેય તો દ્રવ્યેન્દ્રિયો, ભાવેન્દ્રિયો તથા ઇન્દ્રિયોના વિષયભૂત પદાર્થો અને જ્ઞાયક પોતે આત્મા-એ બન્નેનું અનુભવન, વિષયોની આસક્તતાથી, એક જેવું થતું હતું; ભેદજ્ઞાનથી ભિન્નપણું જાણ્યું ત્યારે તે જ્ઞેયજ્ઞાયક-સંકરદોષ દૂર થયો એમ અહીં જાણવું.)**

## પ્રવચન નં. ૮૯ ગાથા - ૩૧ તા. ૨૨-૯-૭૮ શુક્રવાર શ્રાવણ વદ-૬ સં. ૨૫૦૪

અબ તીર્થંકર કેવળીકી નિશ્ચય સ્તુતિ કહેતે હૈ. હિંદી હૈ આ લોકો આવ્યા છે ને કયા કહેતે હૈ ? કે નગરકા વર્ણન કરનેસે રાજાકા વર્ણન નહિ હોતા ઐસે શરીરકા વર્ણન, અતિશયકા વર્ણન ઈસકા વર્ણનસે આત્માકા વર્ણન નહિ હોતા. અરે યહાં તો ત્યાં લગ કહા કે અપનેસે ભિન્ન ભગવાન તીર્થંકર હો કે સર્વજ્ઞ હો કે પંચપરમેષ્ઠિ હો એ અપના આત્માકી અપેક્ષાએ અનાત્મા, પરદ્રવ્ય હૈ. આહાહાહાહા ! ઉસકી સ્તુતિ એ વ્યવહાર સ્તુતિ હૈ, પુણ્યબંધકા કારણ હૈ. સમજમેં આયા ? આહાહાહા...

તો વાસ્તવિક તીર્થંકર અને કેવળીકી સ્તુતિ કિસકો કહે તો, ઉસકે ઉત્તરમાં ઐસા કહા, હૈ ? ઉસમેં જ્ઞેય જ્ઞાયકકા સંકર દોષકા પરિહાર કરકે સ્તુતિ કરતે હૈ. કયા કહેતે હૈ ? આહાહાહા... ભગવાન આત્મા જ્ઞાયક હૈ ઔર આ ઇન્દ્રિયાં જો હૈ જડ એ જ્ઞેય હૈ, પર હૈ. એમ અંદર ભાવેન્દ્રિય જો હૈ ઓ ભી જ્ઞેય હૈ, પર હૈ. ઐસે દેવ ગુરુ ને શાસ્ત્ર કે ઉસકી વાણી એ ભી પરજ્ઞેય હૈ એ ભી ઇન્દ્રિય હૈ. જૈસે આ જડ ઇન્દ્રિયાં હૈ. ઐસે અંદર ભાવેન્દ્રિય એકેક વિષયકો જ્ઞાનકો

*ટંકોત્કીર્ણ = પથ્થરમાં ટાંકણાથી કોરેલી મૂર્તિની જેમ એકાકાર જેવો ને તેવો સ્થિત.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

ખંડ ખંડ બતાનેવાલી ઔર ઇન્દ્રિયકા વિષય ચાહે તો સ્ત્રી, કુટુંબ, પરિવાર હો, ચાહે તો દેવ, ગુરુ, શાસ્ત્ર હો, યે સબ પરદ્રવ્ય હૈ, ઇન્દ્રિય હૈ. એ ઇન્દ્રિય પરદ્રવ્ય હૈ. ઇન્દ્રિય કહો કે પરદ્રવ્ય કહો, જડ ઇન્દ્રિય, ભાવેન્દ્રિય ઔર ઇન્દ્રિયકા વિષય, આહાહાહા... ચાહે તો ત્રણ લોકનો નાથ ભગવાન સમોસરણમાં બિરાજમાન હો એ પણ ઇન્દ્રિયકા વિષય હોનેસે ઇન્દ્રિય હૈ. આવી વાત છે પ્રભુ. આહાહા !

યે સબ જ્ઞેય હૈ ઔર તુમ જ્ઞાયક હૈ. દોકી એકતા સંકરદોષ હૈ. દ્રવ્યેન્દ્રિય મૈં હું, ભાવેન્દ્રિય મૈં હું, ઔર ભગવાનકી વાણી અને ભગવાન યે મૈં હું. આહાહાહા ! તો ઉસમેં આહા... જ્ઞેય અને જ્ઞાયકકો સંકર બનાયા. સંકરકા અર્થ ખીચડો બનાયા. સમજમેં આયા ? આવી વાત છે બાપુ ! ઝીણી સૂક્ષ્મ વાતું ઘણી.

યે જ્ઞેય જડેન્દ્રિય, ભાવેન્દ્રિય ઔર ઇન્દ્રિયકા વિષય, ચાહે તો ત્રણ લોકના નાથની વાણી અને ભગવાન ઈસકો તો અહીં ઇન્દ્રિય કહેનેમેં આયા હૈ. પાઠમાં તો ઈતના હૈ કે ઇન્દ્રિય જિણિતા ત્યારે ઓલા કેટલાંક વિદ્વાનો અત્યારે કહે માળા વિદ્વાનોએ દુરુહ કરી નાખી ટીકા, શું કે આ ઇન્દ્રિયને જીતવું એટલું હતું. અરે પ્રભુ, પણ ઇન્દ્રિયને જીતવાનો અર્થ જ આ છે. ( શ્રોતાઃ- ઇન્દ્રિયોને જીતાય કેવી રીતે ) એ લોકો એમ કહે કે આ ભાષામાં સાદી વાત હતી ઇન્દ્રિયને જીતવું અને આ અર્થકારે, ટીકાકારે દુરુહ કરી નાંખ્યુ કે ઇન્દ્રિયો જડ, ભાવેન્દ્રિય ઔર ભગવાનકી વાણી ઔર ભગવાન એ પણ ઇન્દ્રિય અહીં લગ લે ગયા માળા ટીકાકાર. આ તો ગંભીરપણે પાઠ પડયા હૈ. ઉસકી અંદર ભાવ કયા હૈ ઉસકી ટીકા સ્પષ્ટ કિયા હૈ. તો એ લોકોને એ દુરુહ લાગતે હૈ. આહાહા ! ઇન્દ્રિય ? વીતરાગકી વાણી સાંભળે, ભગવાન સાક્ષાત્, બિરાજતે હૈ એમ દેખે, એ ઇન્દ્રિય ? ઇન્દ્રિયકા વિષય ઇન્દ્રિય. આકરી વાતું બાપુ બહુ ભાઈ ! આહાહા... !

એ જ્ઞેય ને જ્ઞાયક દોકી એકતાપણાકી બુદ્ધિ, સંયોગબુદ્ધિ, સંકરબુદ્ધિ, પરની હારે સબંધબુદ્ધિ એ મિથ્યાત્વ હૈ. આહાહા... ઝીણી વાત પ્રભુ ! બહુ માર્ગ એવો સૂક્ષ્મ છે. આહાહા ! એ ભગવાન આત્મા જ્ઞાયક સ્વરૂપ પ્રભુ અને એ અલાવા આ દ્રવ્યેન્દ્રિય આદિ અને ભગવાન આદિ પણ ઈસકો ઇન્દ્રિય કહા, જ્ઞેયરૂપે ઇન્દ્રિય કહા. આહાહા... ! ભગવાન આત્મા અણઇન્દ્રિય જ્ઞાયક પ્રભુ અંદર, આહાહાહા... એ અણઇન્દ્રિયની અપેક્ષાએ ભગવાન અને ભગવાનની વાણીને પણ ઇન્દ્રિય કહી દીધું. આહાહા ! બાલચંદજી ( અહીં તો ) આવી વાતું છે, શું થાય ? એ લોકોએ એમ કહ્યું છે હમણાં આવ્યું 'તું કે ટીકાકારે દુરુહ કરી નાંખ્યું. ઓલા વિદ્યાનંદજીએ સમયસાર કર્યું છે. સાદી અમથી ભાષામાં કર્યું છે સાધારણ. અરે બાપુ આ કોઈ વિદ્વતાની ચીજ નથી. આહાહા... અહીંયા તો પરમાત્મા અપના જ્ઞાયક સ્વભાવ એ અપેક્ષાએ ઉસકે અલાવા જિતની ચીજ હૈ, સબકો ઇન્દ્રિય કહેનેમેં આયા હૈ. આહાહાહા ! દૂસરી રીતે કહીએ તો ભગવાન આત્મા જ્ઞાયક સ્વરૂપ ઉસકે અલાવા દૂસરી સબ ચીજ અજીવ હૈ. આ જીવ નહિં માટે અજીવ હૈ. આહાહાહા...

ભગવાનનો આત્મા ત્રણલોકના નાથનો તો આ જીવ જ્ઞાયકની અપેક્ષાએ એ અજીવ હૈ, જીવ નહીં. આ જીવ નહીં માટે, સુમેરુચંદજી ! આકરી વાતું. નાનાભાઈને લાવ્યા આજે હારે. આહાહા ! ભાઈ અનંતકાળમાં એણે વાસ્તવિક તત્ત્વ દૃષ્ટિમાં લીધું નથી. આહાહા... એ જ્ઞેય અને

જ્ઞાયક આવ્યું ? સંકરદોષ, સંકરદોષનો અર્થ બેનું એકપણું, બેના સંબંધનું એકપણું, સંયોગ સંબંધ, સંકરસંબંધ, આહાહા... બેની એકતાની માન્યતા એના દોષનું નિરાકરણ કરે છે અહીંયા. આહાહા... છે ? એમ કરીને સ્તુતિ કરતે હૈ, તીર્થંકર કેવળીની સ્તુતિ, ભાષા ઐસી હૈ, પણ એ તીર્થંકર કેવળીની સ્તુતિનો અર્થ, અપના આત્મા જો જ્ઞાયક સ્વરૂપ પૂર્ણાનંદ હૈ. ઉસમેં એકાગ્ર હોના યે તીર્થંકર ને કેવળીની સ્તુતિ છે. આહાહાહા... આવી વાત. જગત સમાજને કઠણ પડે શું થાય ? આહા... સંકરદોષકા પરિહાર કર તીર્થંકર કેવળીની સાચી સ્તુતિ એમ છે ને ભાઈ બાબુભાઈ ? તો તીર્થંકર કેવળી તો પર છે ને, વાત કરશે, અહીંયા આત્માની. ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ પ્રભુ. આહાહા... એની સન્મુખ થઈને એમાં એકાગ્રતા કરવી એ તીર્થંકર ને કેવળીની સ્તુતિ કહેવાય છે. આહાહા ! સમજાય છે કાંઈ ? એ વાત અહીંયા કહેગા, હૈ ? સંકરદોષકા પરિહાર કરકે, કેની સ્તુતિ ? તીર્થંકર કેવળીની, તીર્થંકર કેવળીની અર્થાત્ આત્માની. આહાહા !

जो इंदिये जिणित्ता णाणसहावाधियं मुणदि आदं ।
तं खलु जिदिंदियं ते भणंति जे णिच्छिदा साहू ।।३१।।

(હરિગીત)

જીતી ઇન્દ્રિયો જ્ઞાનસ્વભાવે અધિક જાણે આત્મને,
નિશ્ચય વિષે સ્થિત સાધુઓ ભાખે જિતેન્દ્રિય તેહને. ૩૧.

શબ્દાર્થઃ ગાથાર્થ લઈએ, આ તો ૧૯ મી વાર વંચાય છે. ૧૮ વાર તો આખું સમયસાર સભામાં વંચાઈ ગયું છે. (શ્રોતાઃ– ઓગણીસમી વાર જુદી રીતે વંચાય છે) ૧૯ માં ૯ આવ્યો ને (શ્રોતાઃ– ન ફરે એવો એકડો ને પછી નવડો આત્મા કોઈ દિ' ન ફરે એવો) હા, એવો. આહાહાહા ! ગાથાર્થઃ સૂક્ષ્મ છે ભાઈ, આ ગાથા જ બરાબર આવ્યા છે બરાબર અનુકૂળમાં. આહાહા ! એવી છે. જે ઇન્દ્રિયોંકો જીતકર ઉસકા અર્થ તીન ઇન્દ્રિયકા, અર્થ તીન, દ્રવ્યેન્દ્રિય, ભાવેન્દ્રિય અને ભગવાન દેવ ગુરુ શાસ્ત્ર સ્ત્રી કુટુંબ પરિવાર સબ ઇન્દ્રિય. આહાહા... ઉસકો જીતકર અથવા એ તરફકા આશ્રય અને લક્ષ છોડકર. આહાહાહા ! જ્ઞાન સ્વભાવે અધિકમ્ જ્ઞાન સ્વભાવી ભગવાન આત્મા એ પરસે જુદો-જુદો અધિક ભિન્ન પરિપૂર્ણ. આહાહાહા ! કયા કહા ? ઈદ્રિયોંકો જીતકર બહુ ટુંકામાં પણ ઘણું ગંભીર કહેશે. ટીકા આવશે. આ જડ ઇન્દ્રિય, ભાવેન્દ્રિય જે એક એક વિષયકો ખંડ ખંડ જ્ઞાન બતાવે ઔર દેશ, કુટુંબ, સ્ત્રી, પરિવાર, આબરુ, પૈસા, દેવ ગુરુ ને શાસ્ત્ર સબકો અહીંયા તો ઇન્દ્રિય કહા હૈ. સમજમેં આયા ? આહાહાહાહા !

ઉસકો જીતકર અર્થાત્ ઉસસે ભેદ કરકે, આહાહા... જ્ઞાન સ્વભાવ અધિકં, ભગવાન આત્મા, જ્ઞાન સ્વભાવથી પરજ્ઞેયથી ભિન્ન, અધિક, જુદા, પરિપૂર્ણ. આહાહા... જ્ઞાન સ્વભાવકે દ્વારા અન્ય દ્રવ્યસે અધિક, આહાહાહા... અન્ય દ્રવ્યસે જુદા, ભગવાન અને ભગવાનની વાણીથી પણ પ્રભુ જુદો, આહાહા... આત્માકો જાનતે હૈ. અપના ભગવાનકો અન્ય દ્રવ્યસે ભિન્ન, અધિક, જુદો, અપના પરિપૂર્ણ આત્માકો જાનતે હૈ, અનુભવતે હૈ, વેદતે હૈ, મનુતે-માનતે હૈ, જાનતે હૈ, વેદતે હૈ. આહાહા !...

સમયસાર તો અલૌકિક ચીજ હૈ. બાપુ. આ તો સાક્ષાત્ ત્રણલોકના નાથ સર્વજ્ઞની વાણી હૈ. આહાહા.. ( શ્રોતાઃ- જગતની ત્રીજી આંખ ) અદ્વિતીય ચક્ષુ, અજોડ ચક્ષુ. આહાહા ! ભગવાન અદ્વિતિય ચક્ષુ, આ તો શબ્દ હૈ. આ તો ઇન્દ્રિય હૈ. આ ઇન્દ્રિય હૈ, આ આત્મા નહિ. આહાહાહા ! એનાથી પણ જુદો, આહાહા... જ્ઞાયક સ્વભાવ, અધિક એટલે જ્ઞેયથી ભિન્ન અને એકલા જ્ઞાન સ્વભાવે પરિપૂર્ણ એને જે અંતરમેં અનુભવતે હૈ, માનતે હૈ, જાણતે હૈ, ઈસકો જિતેન્દ્રિય કહેનેમેં આયા હૈ. એણે ઈદ્રિયને જીતી. આમ ઇન્દ્રિયને જીતવી કે કાન બંધ રાખવા. આંખ્યું આમ બંધ કરી છે. ( એ કાંઈ જીતવું નથી ) આહાહા ! સમજમેં આયા ?

આહાહા... કહો છોટાભાઈ ! આવી વાત છે આ. કલકત્તામાં ક્યાંય મળે એવું નથી બધેય રખડવાના રસ્તા, આ લોકોને તેથી એકાંત લાગે છે એટલે બિચારા વિરોધ કરે છે. તો પણ હમણાં બહુ થયું કલકત્તાથી કાગળ આવ્યો ભાઈ ગયા 'તાને જ્ઞાનચંદજી, પાટણીજી ! જ્ઞાનચંદજી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


ગયા'તા, તો કાગળ આવ્યો લોકો ( વ્યાખ્યાનમાં ) બહુ આવતા'તા અને વિરોધીઓને પણ જરી'ક ક્ષમાનો ભાવ, અમારી ભૂલ હતી ભાઈ બધાએ ક્ષમા કરી કલકત્તામાં અને અજમેરમાં, અજમેરમાં તો કભી પચાસ વરસમેં ઐસા નહીં હુઆ થા. હુકમીચંદજી ગયે હુકમીચંદજી અત્યારે બહુ ક્ષયોપશમ બહોત. લોકો કહે ઐસી બાત હમેં પચાસ વરસમેં નહીં સૂની ઈતની માણસકી ભીડ અજમેર નહીં તો ત્યાં તો ભાગચંદજી સ્વામી જરી મુનિભગત તત્ત્વકા વિરોધ કરે, પણ એ માને કે અમારી દૃષ્ટિ બરાબર છે, પણ વો ભી સબ માણસ સમાતે નહીં, ઉસને ભી કહા ઐસી બાત હમેં સૂની નહીં, પચાસ વર્ષમેં અજમેરમેં ઐસી બાત હમને નહીં સૂની, પત્ર આયા હૈ કલ. આહાહા ! હતી ક્યાં વસ્તુ ક્યાં હતી ? આ તો અહીંયાસે નીકળ્યા પછી બાત હૈ. આહાહા... પણ ઈતના નરમ થઈને ઐસા નહીં તો અજમેર તો આખું ગામ લગભગ અમુક ભજનમંડળી કે એવા કોઈ કોઈ પ્રેમી પુનમચંદ પહાડિયા છોકરા છે, બે ભાઈ બહુ એ પ્રેમી છે એવા હશે થોડા, બાકી અત્યારે તો એટલો રસ જાગી ગયો કે શિક્ષણ શિબિર કરો અહીંયા પચીસ હજાર રૂપીયા નિકાલા શિક્ષણ શિબિર આ જાતકા શિક્ષણ, આહાહા ! જગતના ભાગ્ય હૈ ને ? એવી આ વસ્તુ પ્રભુ ! આ શિક્ષણ શિબિર એ દૂસરી જાતકી હૈ. આહાહાહા... આત્મજ્ઞાન વિના સમ્યગ્દર્શન વિના જે આ અપવાસ ને ત્યાગ ને એમ માને કે અમે અપવાસ કર્યો એ તો બધો મિથ્યાત્વ હઠભાવ હૈ. ( શ્રોતાઃ- ગુરુ તેને લંઘન કહે છે ) એને લંઘન જ કહે છે. વિષય કષાય આહારો ત્યાગો, "જતન વિજયતે ત્યાગે જત વિજયતે ઉવાસેસ જ્ઞેયમ" રાગનો ત્યાગ, ઈચ્છાનો ત્યાગ આદિ, આહાહા... એ ત્યાગ હોય ત્યાં ઉપવાસ હોય ત્યાં આત્મા સંગ વસે ઉપવાસે, શેષમ લંઘનમ, શેષ લાંઘણ હૈ. આહાહાહા ! વસ્તુ સ્વરૂપ ઐસા હૈ. આહાહા ! કેટલી વાત મૂકી છે ભાઈ ! સ્વરૂપનું જ્ઞાન હુઆ, અનુભવ હુઆ, જ્ઞાન હુઆ, એ પ્રશ્ન કરતે હૈ મેરે સ્વરૂપમેં આચરણ કરનેકા મેં કામી હું. આહાહા... મેરી પર્યાયમેં રાગ ને દ્વેષકા અત્યાગરૂપી દુઃખકા વેદન હૈ. આહાહા... સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની એ પ્રભુ એ વેદનકા ત્યાગ મેરા સ્વરૂપમેં આચરણ કરનેકા અભિલાષી એ દુઃખકા વેદનકા ત્યાગ કયા હૈ ? જાનતે હૈ પણ ગુરુ પાસ વિનયસે. આહાહાહા ! નમ્રતા હૈ ને ? આહાહાહા..

* વૈરાગ્ય તો તેને કહીયે કે પર તરફથી ખસીને જે અંદરની મહાસત્તા તરફ ઢળ્યો છે, પુણ્ય-પાપથી અને પર્યાયથી પણ ખસીને અંદરમાં જવું તે વૈરાગ્ય છે. જેને રાગમાં રહેવું ગોઠતું નથી, પરદ્રવ્યમાં અટકવું ગમતું નથી અને જે પર્યાય પ્રગટી એટલામાં જ રહેવું પણ જેને ગોઠતું નથી, ધ્રુવ પાટ પડી છે અંદરમાં, એમાં જેને જવું છે. એને તો પર્યાયમાં રહેવું પણ ગોઠતું નથી.

( દૃષ્ટિનાં નિધાન - ૨૪૧ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## ગાથા - ૩૪

सव्वे भावे जम्हा पच्चक्खाई परे त्ति णादूणं।
तम्हा पच्चक्खाणं णाणं णियमा मुणेदव्वं।।३४।।

सर्वान् भावान् यस्मात्प्रत्याख्याति परानिति ज्ञात्वा।
तस्मात्प्रत्याख्यानं ज्ञानं नियमात् ज्ञातव्यम्।।३४।।

यतो हि द्रव्यान्तरस्वभावभाविनोऽन्यानखिलानपि भावान् भगवज्ज्ञातृद्रव्यं स्वस्वभावभावाव्याप्यतया परत्वेन ज्ञात्वा प्रत्याचष्टे, ततो य एव पूर्वं जानाति स एव पश्चात्प्रत्याचष्टे, न पुनरन्य इत्यात्मनि निश्चित्य प्रत्याख्यानसमये प्रत्याख्येयोपाधिमात्रप्रवर्तित-कर्तृत्वव्यपदेशत्वेऽपि परमार्थेनाव्यपदेश्यज्ञानस्वभावादप्रच्यवनात् प्रत्याख्यानं ज्ञानमेवेत्यनुभव-नीयम्।

---

સૌ ભાવને પર જાણીને પચખાણ ભાવોનું કરે,
તેથી નિયમથી જાણવું કે જ્ઞાન પ્રત્યાખ્યાન છે. ૩૪.

ગાથાર્થઃ- [ यस्मात् ] જેથી [ सर्वान् भावान् ] 'પોતાના સિવાય સર્વ પદાર્થો [ परान् ] પર છે' [ इति ज्ञात्वा ] એમ જાણીને [ प्रत्याख्याति ] પ્રત્યાખ્યાન કરે છે-ત્યાગે છે, [ तस्मात् ] તેથી, [ प्रत्याख्यानं ] પ્રત્યાખ્યાન [ ज्ञानं ] જ્ઞાન જ છે [ नियमात् ] એમ નિયમથી [ ज्ञातव्यम् ] જાણવું. પોતાના જ્ઞાનમાં ત્યાગરૂપ અવસ્થા તે જ પ્રત્યાખ્યાન છે, બીજું કાંઈ નથી.

ટીકાઃ-આ ભગવાન જ્ઞાતા-દ્રવ્ય ( આત્મા ) છે તે અન્યદ્રવ્યના સ્વભાવથી થતા અન્ય સમસ્ત પરભાવોને, તેઓ પોતાના સ્વભાવભાવ વડે નહિ વ્યાપ્ત હોવાથી પરપણે જાણીને, ત્યાગે છે; તેથી જે પહેલાં જાણે છે તે જ પછી ત્યાગે છે, બીજો તો કોઈ ત્યાગનાર નથી-એમ આત્મામાં નિશ્ચય કરીને, પ્રત્યાખ્યાનના ( ત્યાગના ) સમયે પ્રત્યાખ્યાન કરવાયોગ્ય જે પરભાવ તેની ઉપાધિમાત્રથી પ્રવર્તેલું ત્યાગના કર્તાપણાનું નામ ( આત્માને ) હોવા છતાં પણ, પરમાર્થથી જોવામાં આવે તો પરભાવના ત્યાગકર્તાપણાનું નામ પોતાને નથી, પોતે તો એ નામથી રહિત છે કારણ કે જ્ઞાનસ્વભાવથી પોતે છૂટયો નથી, માટે પ્રત્યાખ્યાન જ્ઞાન જ છે-એમ અનુભવ કરવો.

ભાવાર્થઃ-આત્માને પરભાવના ત્યાગનું કર્તાપણું છે તે નામમાત્ર છે. પોતે તો જ્ઞાનસ્વભાવ છે. પરદ્રવ્યને પર જાણ્યું, પછી પરભાવનું ગ્રહણ નહિ તે જ ત્યાગ છે. એ રીતે, સ્થિર થયેલું જ્ઞાન તે જ પ્રત્યાખ્યાન છે, જ્ઞાન સિવાય કોઈ બીજો ભાવ નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


# પ્રવચન નં. ૯૭ ગાથા - ૩૪

ઈસ આત્મારામકો અન્ય દ્રવ્યોંકા પ્રત્યાખ્યાન કયા હૈ ઉસકો આચાર્ય ઈસ પ્રકાર કહતે હૈ–

सव्वे भावे जम्हा पच्चक्खाई परे त्ति णादूणं।
तम्हा पच्चक्खाणं णाणं णियमा मुणेदव्वं।।३४।।

(હરિગીત)

સૌ ભાવને પર જાણીને પચખાણ ભાવોનું કરે,
તેથી નિયમથી જાણવું કે જ્ઞાન પ્રત્યાખ્યાન છે. ૩૪.

આહાહા ! ગાથાર્થ થોડા લઈએ. જિસસે અપનેસે અતિરિકત સર્વ પદાર્થોકા, પર હૈ ઐસા જાનકર રાગ દયા દાનકા, રાગ ભક્તિકા વિનયકા રાગ આતા હૈ પણ જાનતે હૈ કિ એ પર હૈ. મેરી ચીજ નહીં, મેરી પર્યાયમેં હોતા હૈ પણ મેરી ચીજ નહીં. આહાહાહા... ઐસા જાનકર પ્રત્યાખ્યાન કરતા હૈ ત્યાગ કરતા હૈ, ઉસસે પ્રત્યાખ્યાન જ્ઞાન હી હૈ, અર્થાત્ જાના કે આ રાગ હૈ ઐસા જાનકર જ્ઞાનમેં સ્થિર હો ગયા વો પ્રત્યાખ્યાન હૈ. જ્ઞાન સ્વરૂપી ભગવાન જ્ઞાનમેં લીન હો ગયા એ પ્રત્યાખ્યાન હૈ. આહાહા !

વાત તે વાત, ત્રણ લોકના નાથની વાણી સંતો, એ જગતને જાહેર કરે છે, આડતિયા થઈને જાહેર કરે છે. આહા... આહાહાહા ! પ્રભુ તો આમ કહતે થે, પ્રભુનો મારગ તો આ હૈ. આહાહા ! સમજમેં આયા ? કેના ગર્વ કરના, કેના અભિમાન કરના, આહા... યશ લેના, આબરૂ લેના ને ભાઈ કયા હૈ તેરે ? કહાં તેરે જાના હૈ નાથ ? આહાહા ! તેરા સ્વરૂપકા આચરણ કરના યે તેરા યશ હૈ. આહાહાહા... આહા ! ઐસા નિયમસે જાનના.

અપને જ્ઞાનમેં ત્યાગરૂપ અવસ્થા હી પ્રત્યાખ્યાન હૈ. કયા કહતે હૈ ? ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપીકા દૃષ્ટિ જ્ઞાન તો હુઆ અનુભવ, હવે જ્ઞાન જ્ઞાનમેં રહતે હૈ જ્ઞાન જ્ઞાનમેં ઠરતે હૈ ઉસકા નામ પ્રત્યાખ્યાન હૈ. આહાહા ! આ કાંઈ બહારના ત્યાગ કિયા એ પચખાણ એ પચખાણ નહીં બાપા ! એ તો અજ્ઞાનભાવ હૈ સૂન તો સહી. સમજમેં આયા ? જ્યાં આત્મા જ્ઞાનસ્વરૂપી પ્રભુ, અતીન્દ્રિય આનંદકા નાથ પ્રભુ સચ્ચિદાનંદ પ્રભુ એ સત્ શાશ્વત આનંદ ને જ્ઞાનકા સાગર પ્રભુ એ જ્યાં ભાનમેં આયા જ્ઞાન હુઆ કે મૈં તો પૂર્ણાનંદ ને પૂર્ણજ્ઞાન સ્વરૂપ હું, ઐસા જીવ સ્વભાવ જ્ઞાનમેં સ્થિર હો જાતા હૈ, ઐ પ્રત્યાખ્યાન હૈ. આહાહાહા ! આહાહાહા... એ આનંદકી ધારા વહી ત્યાં વિશેષ જ્ઞાન જ્ઞાનમેં સ્થિર હુઆ, જે જ્ઞાનસ્વરૂપકા ભાન થા અંશે આચરણ થા, અંશ એક શ્રદ્ધા થી સમકિત થા, જ્ઞાન થા અને અંશે આચરણ ભી થા, પણ આ તો વિશેષ જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મામાં જ્યાં લીન હુઆ આત્માનો આશ્રય કરકે, તો એ જ્ઞાનસ્વરૂપી પરિણમન આનંદરૂપી હુઆ, વો હી પ્રત્યાખ્યાન હૈ. આહાહાહા... આવું આ પ્રત્યાખ્યાન છે, કહો – નૌતમભાઈ તમે તો આવું, સાંભળ્યું ય ન હોય, સ્થાનકવાસીમાં તો આ કરો ને તે કરો.( શ્રોતાઃ– સાચા સ્થાનક વાસ અંદરમાં હોય ને ) ઓલા તો બનાવટી આ સ્થાનક અંદર હૈ ભગવાન, કાલે આવ્યું તું ને સ્થાયી. સ્થાયી ઈતિ ભગવાન ધ્રુવસ્થાન હૈ, સ્થાન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

હૈ ત્યાં વસને, એ સ્થાનકવાસી હૈ. ( શ્રોતાઃ– ઓલું તો બહારનું ) એ તો અજ્ઞાન હૈ. આહાહા ! આહાહા !

અપને જ્ઞાનમેં ત્યાગરૂપ અવસ્થા અથવા અપને જ્ઞાનમેં રાગકા અભાવરૂપ અવસ્થા, અર્થાત્ આનંદકી ઉગ્ર અવસ્થા એ પ્રત્યાખ્યાન હૈ. આહાહાહા... અહીં તો સમ્યગ્દૃષ્ટિ જ્ઞાનીને પણ વેદન હૈ રાગકા દુઃખકા. આહાહા... કોઈ કહે કે જ્ઞાનીકો દુઃખકા વેદન હી નહીં, એ દૃષ્ટિ મિથ્યાત્વ હૈ, એ કાંઈ વસ્તુને સમજતો નથી. સમજમેં આયા ? આહાહાહા... અને દુઃખકા વેદન કરના એ તીવ્ર કષાય હૈ, એમ કહતે હૈ, એ અજ્ઞાન હૈ, મૂંઢ હૈ. અરે છઠ્ઠા ગુણસ્થાન સુધી દુઃખકા વેદન હૈ, સાતમે ભી અબુદ્ધિપૂર્વક દુઃખકા વેદન હૈ, અરે દસમા તક ભી અબુદ્ધિપૂર્વક દુઃખકા વેદન હૈ. ભાઈ તને ખબર નથી. પૂર્ણાનંદ જ્યાં લગ પ્રગટે નહીં ત્યાં સુધી દુઃખકા અંશ હૈ અંદર. આહાહા...આહાહાહા... મારગ બહુ ( સૂક્ષ્મ ) – ( શ્રોતાઃ– બહુ સ્પષ્ટ ચોખ્ખો ). આહાહાહા...

ટીકાઃ – આ ભગવાન જ્ઞાતા, ભાષા દેખો, ભગવાન જ્ઞાતા દૃષ્ટા, જ્ઞાતા દ્રવ્ય, આહાહા ! એ પ્રભુ આત્મા તો જ્ઞાયક દ્રવ્ય હૈ, સર્વજ્ઞ, સર્વજ્ઞ સ્વભાવી દ્રવ્ય હૈ એમ ન કહેતા જ્ઞાયક કહા, એમ કહેતા જ્ઞાન સ્વભાવી જ્ઞાતા કહા, આહાહાહા... પણ ભગવાન આત્મા ભાષા એમ લિયા. આહાહા ! એક ઠેકાણે બહાર વાત ગઈ આત્માકો ભગવાન કહતે હૈ કે નહીં, નહીં અત્યારે ભગવાન ન હોય, અરે સાંભળને પ્રભુ. બહારસે આયા થા કોઈ, અત્યારે ભગવાન ન હોય. અરે ભગવાન ત્રણેય કાળે આત્મા તો ભગવાન હી હૈ. સ્વભાવ તો ઉસકા ભગવાન હી હૈ, પર્યાયમેં ભૂલ હૈ, આહાહા... ભગવાનપણા ન હો તો પર્યાયમેં ભગવાનપણા આયેગા કહાંસે ? કાંઈ બહારસે આતા હૈ કોઈ ચીજ ? પ્રાપ્તકી પ્રાપ્તિ હૈ, ભગવાન ભગ નામ આનંદ ને જ્ઞાનની લક્ષ્મી, વાન નામ એના સ્વરૂપ. ભગવાન જ્ઞાન અને આનંદ લક્ષ્મીવાન એ આત્મા હૈ.

( શ્રોતાઃ– બે પ્રકારની લક્ષ્મી લાગે છે ) ધૂળની લક્ષ્મી એ તો રખડવાની હૈ મારી નાખવાની પૈસા ધૂળ, અજીવ ધૂળ માટી ધૂળ મૈં લક્ષ્મીવાન હું મૈં લક્ષ્મીપતિ હું– જડપતિ હું. આહાહા ! અહીંયા તો દૂસરી વાત હૈ. બાપા એ લક્ષ્મી તો ક્યાંય રહી ગઈ અજીવ પણ અંદરમેં રાગ હૈ ઉસકા મૈં સ્વામી હું એ ભી મિથ્યાદૃષ્ટિ હૈ. વેદન હૈ જ્ઞાનીકો, પણ એ મેરી ચીજ નહીં મેરા વેદનમેં આતા હૈ, એ અપેક્ષા મેરેમૈં હૈ, પણ વો મેરી ત્રિકાળી ચીજમેં નહીં. આહાહા ! સમજમેં આયા ? હવે એક અપેક્ષાએ ઐસા ભી કહા, દૂસરી અપેક્ષાએ પ્રવચનસારમેં નય અધિકારમેં ઐસા ભી કહા કે જ્ઞાનીકો આત્મજ્ઞાન હુઆ, સમ્યકદર્શન હુઆ, ઉસકો ભી જો રાગ આતા હૈ, દુઃખ હોતા હૈ, ઉસકા વો સ્વામી હૈ. ૪૭ નયમેં લિયા હૈ. સમજમેં આયા ? ક્યોંકિ ઉસકી પર્યાયમેં હોતા હૈ, કોઈ પરસે હોતા હૈ ને પરમેં હોતા હૈ ઐસા નહીં. આહાહાહા... સમકિતી જ્ઞાની પણ અપની પર્યાયમેં જે દુઃખકી પર્યાય હોતી હૈ, આ અત્યાગભાવની ઉસકા ભી સ્વામી તો મૈં હું. આહાહાહા ! પણ ઉસકા હવે મૈં ઉસકા આચરણ કરનેકા અભિલાષી, એ સ્વામીપણા મેરી પર્યાયમેં રાગકા હૈ દુઃખકા, ઉસકા ત્યાગ પ્રત્યાખ્યાન કૈસે હો ઉસકી બાત વિશેષ કહેગા.

( શ્રોતાઃ– પ્રમાણ વચન ગુરુદેવ )

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


## પ્રવચન નં. ૯૮ ગાથા - ૩૪ તા. ૩-૧૦-૭૮ મંગળવાર આસો સુદ-૧ સં. ૨૫૦૪

સમયસાર ગાથા-૩૪. શિષ્ય, અપના સ્વરૂપ ગુરુમુખસે સૂનકર અપના આત્મા રાગસે ભિન્ન હૈ ઐસા આત્માકા અનુભવ સમ્યગ્દર્શન હુઆ, જ્ઞાતા વસ્તુ એ મૈં હું એવી દૃષ્ટિમેં જ્ઞાતા-પણાકી પ્રતીત કિયા, આત્મામેં આનંદકા અંશકા વેદન ભી આયા. વો શિષ્ય એમ પૂછતે હૈ હવે, સમ્યગ્દૃષ્ટિ હૈ અનુભવી હૈ, આહાહા... પ્રભુ, મેરે સ્વરૂપકા આચરણ કિસ પ્રકાર હો, મેરા સ્વરૂપમેં આચરણ સમ્યગ્દર્શન હૈ, અનુભવ હૈ, પણ હજી આચરણમેં શુભઅશુભ રાગ આચરણમેં પડા હૈ. સમજમેં આયા ? શુભઅશુભ દુઃખ રાગ એ આચરણમેં ( હૈ ) શિષ્ય ( કો ) સમ્યગ્દર્શન અનુભવ હોને પર ભી રાગાદિ આચરણમેં હૈ, પર્યાયમેં રાગકા પુણ્યકા પાપકા આચરણ હૈ, એ એમ કહતે હૈ કે પ્રભુ મેરા સ્વરૂપ મૈંને જાના ઉસકા આચરણ કરનેકા મૈં ઈચ્છુક હું, તો પ્રભુ આપકો મૈં પૂછતા હું, આહાહાહા... સમ્યગ્દૃષ્ટિ, સમ્યગ્જ્ઞાની ભાન હૈ સબ તો ભી પ્રભુ ભગવંત એમ કહતે હૈ પ્રભુ મેરા આત્માકા આચરણ કિસ પ્રકાર હો ઐસે મૈં પૂછતા હું. આહાહાહા...

ઉસકા અર્થ, કે સમ્યગ્દર્શન અનુભવ આનંદકા હુઆ, હોને પર ભી સ્વરૂપકા આચરણ અભી નહીં હૈ સ્થિરતા જો હોની ચાહીએ એ નહીં, એ કારણ શિષ્યકો પ્રશ્ન ઉઠયા પ્રભુ મને મેરા આનંદકા નાથ જ્ઞાતા વસ્તુ, ઉસમેં આચરણ કરનેકા મૈં અભિલાષી હું. આહાહાહા... તો એ રાગાદિ આચરણકા ત્યાગ કૈસે હો ? આહાહા... આમ છે, સમ્યગ્દૃષ્ટિ હૈ, અનુભવી હૈ. આહાહા... એ પણ અપની પર્યાયમેં અવ્રતકા રાગ-દ્વેષકા આચરણ દેખકર, આહાહા... મેરી પર્યાયમેં પ્રભુ દુઃખકા આચરણ હૈ. આહાહાહા... એમ સમ્યગ્દૃષ્ટિ, જ્ઞાની ગુરુને કહતે હૈ. આહાહા ! પ્રભુ ! તો એ મેરા સ્વરૂપમેં આચરણ હવે કૈસે હો ? એ રાગદ્વેષ ને દુઃખકા આચરણ હૈ ઉસકા ત્યાગ અભાવ કૈસે હો ? એ મૈં પૂછતા હું પ્રભુ. આહાહા ! યહાં તો એમ કહે કે સમ્યગ્દર્શન ને જ્ઞાન હુઆ તો ઉસકો દુઃખ હૈ હી નહીં એ જ્ઞાન નહીં, મિથ્યાજ્ઞાન હૈ. દૃષ્ટિ મિથ્યાત્વ હૈ. આવી વાતું આકરી બહુ બાપુ. સમજમેં આયા ? કયોંકિ ભગવાન આત્મા જ્ઞાતાકા નમૂના સમ્યગ્દર્શનમેં હુઆ. આહાહા... સમજમેં આયા ? મૈં આનંદ હું, જ્ઞાન હું, વીતરાગ મૂર્તિ મૈં પ્રભુ હું, ઐસી પર્યાયમેં ભી વીતરાગી સમ્યગ્દર્શન, વીતરાગી સમ્યગ્જ્ઞાન, શાસ્ત્રજ્ઞાન નહીં વીતરાગી સ્વરૂપ આચરણકા અંશ પ્રગટ હુઆ હૈ, એ હવે અપના શુદ્ધ સ્વરૂપમેં વિશેષ આચરણ કરનેકા કામી, આહાહા... ઔર રાગ અને દુઃખકી પર્યાયકા ત્યાગ કરનેકા કામી, પરવસ્તુકા ત્યાગ- ગ્રહણ અહીંયા તો હૈ હી નહીં. સમજમેં આયા ? મારગ બહુ ભાઈ. આહાહા !

શિષ્યકો ઉત્તર દેતે હૈ. "યતો હિ" શબ્દ હૈ ને ભાઈ ? "યતો હિ" નો અર્થ યહ કર્યો છે ને ? યહ 'આ' એનો અર્થ છેને ? ગુજરાતીમાં 'આ' છે. આમાં એ અર્થ તો 'હિ' નો બરાબર છે.

"યતો હિ" સંસ્કૃત છે ને ? "યતો હિ" સંસ્કૃત હૈ. યહ છે ને યહ-યહ સંસ્કૃતમાં "યતો હિ" ૩૪ ગાથા ટીકા, કયા શિષ્ય કહતે હૈ, ઉસકા ઉત્તર ગુરુ કયા કહતે હૈ. આહાહા ! યહ ભગવાન આત્મા, આહાહાહા... આ ભગવાન આત્મા યહ "આ" ઐસી દૃષ્ટિમેં અનુભવમેં તો આયા હૈ, પ્રત્યક્ષ. આહાહા... મતિ શ્રુતજ્ઞાન પ્રત્યક્ષ હોકર, આ આત્મા જાનનેમેં ( શિષ્યકો ) આયા હૈ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

સમજમેં આયા ? યહ ભગવાન આત્મા જ્ઞાતા, આહાહાહા... ગુરુ કહતે હૈ કે યહ ભગવાન આત્મા, આહાહા ! એને ભગવંત કહ્યું "ભગવંત્ જ્ઞાતૃ દ્રવ્યમ્" સંસ્કૃત, સંસ્કૃતમેં "યતો હિ" ભગવંત્ જ્ઞાતૃ દ્રવ્યં, ભગવંત્ જ્ઞાતૃ દ્રવ્યં પહેલાં શબ્દ "યતો હિ" લિયા સંસ્કૃતમેંસે "યહ"– પછી આખિરમેં ભગવંત્ જ્ઞાતૃદ્રવ્યં સંસ્કૃતમેં હૈ. આહાહા ! આ સંસ્કૃત હૈ ઉસકી ટીકા હૈ. ભગવાન કુંદકુંદાચાર્યકા શ્લોક હૈ, ઉસકી અમૃતચંદ્રાચાર્ય ટીકા કરતે હૈ, ઉસકા આ હિન્દી અનુવાદ થા, એ અનુવાદ પીછે ગુજરાતી હુઆ, હિંદી આપણે ચલતે હૈ અભી. આહાહા... 'યહ' આ જ્ઞાતા ભગવાન જ્ઞાતાદ્રવ્ય, આહાહાહા... ચાહે તો સ્ત્રી, બાળક હો, ચાહે તો પુરુષ રાજકુમાર હો, એ અપના આત્મામાં આચરણ કરનેકા અભિલાષી, આહાહા ! મેરા દ્રવ્ય 'આ' જ્ઞાતા ભગવંત્, જ્ઞાતાદ્રવ્ય, નજરમેં આયા. ભગવંત્ જ્ઞાતાદ્રવ્ય, નિમિત્તમેં નહીં રાગદ્વેષમેં નહીં, પર્યાયમેં નહીં, આ તો જ્ઞાતા આ જ્ઞાતા. આહાહા ! જ્ઞાતાદ્રવ્ય એટલે આત્મા હૈ યહ ભગવાન જ્ઞાતાદ્રવ્ય પ્રભુ હૈ, આવી વાતું છે. યહ–યહ ભગવાન જ્ઞાતા દ્રવ્ય. યહ–યહ અન્ય દ્રવ્યકે સ્વભાવસે હોનેવાલે અન્ય સમસ્ત પરભાવોંકો, આહાહા... કર્મકા નિમિત્તસે, અપનેમેં પર્યાયમેં હોનેવાલા અન્ય સમસ્ત પરભાવ શુભઅશુભભાવ આસ્રવ વિકારી ભાવ, આહાહા... સમ્યગ્દૃષ્ટિકો ભી વિકારી ભાવ આ પર્યાયમેં હૈ એમ બતાના હૈ, અને ઉસકો વેદન ભી વિકારીકા હૈ, આહા... તો કહતે હૈ કે યે અન્ય દ્રવ્યકે સ્વભાવસે હોનેવાલે, એ પુણ્ય ને પાપ, કામ ને ક્રોધ વિકલ્પો જે હૈ, એ સ્વદ્રવ્યકા સ્વભાવ નહીં, પર્યાયમેં વિભાવરૂપ અન્ય દ્રવ્યકા નિમિત્તસે ઉત્પન્ન હોનેવાલા વિભાવ હૈ. સમજમેં આયા ?

યહ અન્ય 'આ' એ પણ કિયા હીં, 'આ' હૈ એમ જેમ આ હૈ યહ જ્ઞાતા ભગવંત દ્રવ્ય હૈ, 'યહ' અન્ય દ્રવ્યકે સ્વભાવસે હોનેવાલા, "હૈ" એમ કહતે હૈ. પર્યાયમેં, અવસ્થામેં રાગ દ્વેષ 'આ' અન્ય દ્રવ્યકા નિમિત્તસે હોનેવાલા ભાવ મેરી પર્યાયમેં હૈ. આહાહાહા... આવી વાતું આકરી. અરે ! યહ અન્ય દ્રવ્યકે સ્વભાવસે હોનેવાલે અન્ય સમસ્ત પરભાવોંકો, આહાહા... ચાહે તો તીર્થંકરગોત્ર બાંધે ઐસા શુભભાવ હો, આહા... પણ એ તો અન્યભાવ વિભાવભાવ હૈ. આહાહા... એ અન્ય દ્રવ્યકે સ્વભાવસે હોનેવાલા, વિભાવભાવ અહીંયા દ્રવ્ય સ્વભાવ નહીં એમ બતાના હૈ, પર્યાયમેં હોતે હૈ પણ અન્યકા નિમિત્તકે કારણે હોતા હૈ, હૈ અપની પર્યાયમેં અપને કારણસે તો અપના સ્વભાવ હૈ. યહ વિભાવરૂપ પરિણમનકા કારણ હૈ હીં નહીં, યહાં 'હિ' લેના હૈ ને ? વો સ્વભાવ જે ભગવંત જ્ઞાતા દ્રવ્ય જો હૈ, એ તો હૈ, ઈસકી પર્યાયમેં દ્રવ્ય સ્વભાવસે પરિણમન એ નહીં. અન્ય દ્રવ્યકા સ્વભાવસે વિકારી વિભાવભાવ દુઃખભાવ મેરી પર્યાયમેં હૈ. ( શ્રોતાઃ– કોણ કહતે હૈ ? ) સમકિતી કહતે હૈ. એ ગુરુ એને કહેતે હૈ. સમજમેં આયા ?

એ પરભાવોંકો પુણ્ય ને પાપ, જે ભાવસે સ્વર્ગ મિલે, જે ભાવસે તીર્થંકર પ્રકૃતિ બંધે, જે ભાવસે આહારક શરીર આદિકા બંધ હો, એ સબ ભાવ, પરભાવ વિભાવભાવ દુઃખભાવ આકુળતારૂપ ભાવ હૈ. આહાહાહા... સમજમેં આયા ? સમસ્ત પરભાવ, એમાં કોઈ બાધ નહીં, વિકલ્પ માત્ર ચાહે તો તીર્થંકરગોત્રકા ભાવ હો એ ભી વિકાર હૈ, વિભાવ હૈ, દુઃખ હૈ, અપરાધ હૈ, જે ભાવસે તીર્થંકરગોત્ર બંધતે હૈ, યે ભાવ અપરાધ હૈ. ષોડશ કારણભાવના એ આતે હૈ ને,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


પુરુષાર્થ સિદ્ધિ ઉપાયમેં લિયા હૈ, એ અપરાધ હૈ. આહાહાહા! અપના યહ સ્વભાવ નહીં. અપરાધ ઉત્પન્ન હોતા ( હૈ ) પર્યાયમેં આહાહા... અને અપરાધકા બંધ હોતા હૈ ને, અપરાધસે ભાવબંધ હોતા હૈ ને ? અપરાધને કારણે ( બંધ હોતા હૈ ) નિરપરાધિ સ્વભાવસે બંધ ( નહીં ) હોતા હૈ. આહાહાહા ! એ અન્ય સમસ્ત અન્ય સમસ્ત ચાહે જિતના વિકલ્પ શુભઆદિ હો. આહાહાહા ! યે સમસ્ત પરભાવોંકો ઉનકે અપને સ્વભાવભાવસે વ્યાપ્ત ન હોનેસે, ભાષા દેખો, એમ કે અપને સ્વભાવભાવ જો જ્ઞાતા દૃષ્ટા આનંદ હૈ ઐસા સ્વભાવસે વ્યાપ્ત ન હોનેસે, એ અપના સ્વભાવભાવસે વિભાવભાવ વ્યાપ્ત નહીં હોનેસે, સમજમેં આયા ? આહાહાહા... આવો મારગ ભાઈ સાધારણ પ્રાણીને ક્યાં જાવું બાપુ ? તે વિના જન્મ મરણ નહીં મટે ભાઈ.

( શ્રોતાઃ- અપની પર્યાયમેં હોતા છતાં વ્યાપ્ય-વ્યાપક નહીં ? ) પોતાની પર્યાયમેં હોનેવાલા, પરસે નહીં, પરકે કારણસે નહીં, પણ અપની પર્યાયમેં હોનેવાલા હૈ ઉસકો ત્યાગના હૈ ને ? ઉસકો છોડના હૈ ને ? પર ( ચીજ ) છુટી હૈ ઉસકો છોડના કયા ? અપની પર્યાયમેં રાગદ્વેષ આકુળતાકા ભાવ પર્યાયમેં હૈ, પણ આત્મા અપના સ્વભાવસે પરભાવરૂપે વ્યાપ્ત ન હોનેસે, સ્વભાવસે વિભાવરૂપ નહીં હોતા. આહાહાહા !

જુઓ આ આસો સુદ એકમ હૈ આજ, મંગળ દિવસ હૈ. રામચંદ્રજી જ્યારે રાવણને મારે છે આ દશેરા, દશહરા કહે છે ને ? માથું તો એક જ હતું, પણ હાર બહુ ઊંચો બહુ અબજો રૂપિયાની કિંમતનો હારને લઈને દેખાય આમ માથા દેખાય દશ. આહાહા... એ સીતાજીને લઈ ગયા, સીતાજી પણ જ્ઞાની સમકિતી, રામચંદ્રજી ધર્માત્મા સમકિતી એ સીતાજીકો લેનેકો ગયે, ત્યાં રાવણે લક્ષ્મણકો વિદ્યા નાખી. રાવણે વિદ્યા, આહાહાહા... અવ્રત હૈ ને હજી, રાગ ભાવ હૈ ને, રામચંદ્રજી એ ભવે મોક્ષ જાનેવાલા હૈ. ગાલીચા આમ પડયા હૈ રથમાં, કરોડો મનુષ્યો શું કહેવાય એ ? લશ્કર, મોટો પંડાલ કરોડો મનુષ્યો, એણે વિદ્યા નાખી છે. આહાહા... જુઓ સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની અનુભવી, લક્ષ્મણકો કહતે હૈ. આ તો હમ દુકાન ઉપર સબ ચલતે થે દુકાન ઉપર આ ગાતે થે ૬૪-૬૫-૬૬ ની સાલમાં "આવ્યા 'તા ત્યારે ત્રણ જણાં ને જાશું એકાએક" રામચંદ્રજી કહે છે લક્ષ્મણને જ્ઞાની હૈ, ગુજરાતીં ભાષામાં છે.

આવ્યા 'તા ત્યારે ત્રણ જણા ને જાશું એકાએક એ માતાજી ખબરું પૂછશે બંધવ શું શું જવાબ દઈશ લક્ષ્મણ જાગને ઓ જીવ બંધવ બોલ દે એકવાર રે. સુમેરુમલજી ! આ રામચંદ્રજી જ્ઞાની અનુભવી, આહાહા... પણ હજી ગૃહસ્થાશ્રમમાં છે, રાગ હૈ ને રાગકા વેદન હૈ ને ? આહાહા... હે લક્ષ્મણ ! પ્રભુ આપણે ત્રણ જણા આવ્યા 'તા ને વનમાં. આ સીતા ગયા ને તું આ પડયો ( મૂર્ચ્છામાં ) ભાઈ, હું એકલો જઈશ ( તો ) માતા પૂછશે ભાઈ તમે ત્રણ ગયાને તું એકાકી આવ્યો પાછો. હે ! બંધવ એકવાર બોલ એકવાર બોલ. કહો બાલચંદજી, જુઓ આ સમકિતી અનુભવી, આહાહા... પ્રત્યાખ્યાન નથી ને ? સ્વરૂપનું ચારિત્ર હજી નથી. આહાહા...

અને છતાં લક્ષ્મણ જાગે છે, ઓલી બાઈને કારણે એક બાઈ છે ને ? શાસ્ત્રમાં મોટો લેખ છે. વિશલ્યા નામની રાજકુમારી છે. એ પૂર્વે ચક્રવર્તીની દીકરી હતી પછી વિદ્યાધર એને લઈ ગયો તો જંગલમાં અજગર જંગલમાં ઉસકો ગળી ગયો હતો અજ એટલે બકરો ગળે એટલે ગળે એ અજગર, બકરા અજ નામ બકરા, અજગર કહેતે હૈ ને ઉસકો અજ નામ બકરા-બકરાકો ગળે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

એ અજગર લાંબો પચીસ હાથનો લાંબો હતો એ કન્યાને વિદ્યાધરે જંગલમાં મૂકી'તી. એ અજગર ગળી ગયો, થોડું બાકી રહ્યું તું મોઢું એમાં એનો બાપ આવ્યો ચક્રવર્તી શોધતા, શોધતા, શોધતા. અરે આ ક્યાં ? બાણ ઉપાડયું અજગરને મારવા. કન્યા કહે છે પિતાજી ન મારો મૈંને તો આહારકા ત્યાગ કર દિયા હૈ. અજગરના મુખમાં હૈ, થોડા બહાર હૈ થોડા અંદર. આહાહાહા... પિતાજી ન મારો હું નીકળીને આહાર નહીં લઈ શકું. મેરે તો આહારકા ત્યાગ હૈ, આહાહાહા ! એ દેહ છુટ ગયા. રાજાની કુંવરી તરીકે વિશલ્યા નામની હુઈ પણ ઐસી રહી લબ્ધિ ઉસકો હુઈ, લક્ષ્મણજી વિદ્યાને વશ છે કોઈ કહે વિશલ્યાને લાવો એ આયેગા વિશલ્યા તો જાગ્રત હો જાએગા કહો. એ વિશલ્યા આવે છે જ્યાં, જ્યાં પંડાલમાં પેસે છે ત્યાં લાખો ઘાયલ જીવ હતા ઘાયલ સાજા થઈ જાય છે. સાજા સમજતે હૈ ને ? ( શ્રોતાઃ– હા, તૈયાર ! ) અને આ લક્ષ્મણ પાસે જ્યાં આવે છે, આમ લક્ષ્મણ જાગી જાય છે અને બોલ્યો ક્યાં ગયો રાવણ ? રાવણને મારવાનો વિકલ્પ, ક્યાં ગયો રાવણ ઉઠીને લડાઈ કરે છે, રાવણને છેદી નાખે છે. આહાહા ! છતાંય એ રામચંદ્રજી ને લક્ષ્મણ મહાપુરુષ છે ને ! આહાહા !

એ મંદોદરી રાવણની સ્ત્રી પાસે જાય છે મારીને, બા બહેન માતા અમે આવી વાસુદેવ ને બળદેવની પદવી લઈને આવ્યા છીએ એ કારણે આ હુઆ હૈ. મેરા કોઈ વિરોધી નહીં થા. પણ આ પદવીને યોગ્ય આ કામ કિયા હૈ. જુઓ સમકિતી જ્ઞાની. આહાહાહા... એ મંદોદરી રાંડે છે એટલે ત્યાં જાય છે. માતા, બહેન અમે આ પદવીધર છીએ એ કારણે આ કામ હુઆ, બહેન આહાહા... માફ કરજો. આહાહાહા ! એ ભાઈ રાવણને બાળવા લઈ જાય છે, પ્રભુ રામચંદ્રજી ને લક્ષ્મણ સાથે જાય છે, એ સુમેરુમલજી, જુઓ તો ખરા ઈતિહાસ સમકિતી જ્ઞાની આવો રાગ હતો રાગનો અને જ્યારે રાવણને બાળે છે તળાવની પાળ ઉપર મોટી છે, પોતે બેસે છે રામચંદ્રજી ને લક્ષ્મણ, કહો મારી નાખ્યા એના પ્રત્યે પણ પાછો આ ભાવ, સમકિતી છે અનુભવી છે. રાગ આ ગયા જરી પદવીને યોગ્ય, રાગ વેદન દુઃખના હુઆ. આહાહા...

એ અહીં શિષ્ય પૂછે છે, પ્રભુ મારો નાથ આત્મા જ્ઞાતાદ્રવ્ય પ્રભુ, મેરી દૃષ્ટિમેં આયા હૈ, મેરા ભગવાન આત્મા મેરા અનુભવમેં, અનુભવ જે વસ્તુ અનંત ગુણકા પિંડ હૈ ઉસકે અનુસરીને અનુભવ હુઆ હૈ, પ્રભુ મેરે પણ મેરા સ્વરૂપમેં આચરણ કરનેકા અભિલાષી હું મૈં. આહાહાહા... મેરી પર્યાયમેં રાગદ્વેષકા આચરણ હૈ માટે પ્રભુ તો ઉસકા ત્યાગ અને સ્વરૂપકા આચરણ કૈસે હો ? તો ગુરુ કહતે હૈ, આહાહા... સીતાજીને જ્યારે લઈ જાય છે, રાવણ આવે છે નજીક, છેટો રહેજે. છ માસ મારી સામું જોઈશ નહીં, સમકિતી. એય સુમેરુમલજી ! સીતાજી જ્ઞાની, આત્મજ્ઞાની, આહાહાહા... પતિવ્રતા, રામચંદ્રજી સિવાય વિકલ્પ નહીં કોઈ પતિકા ગમે તે હો રાવણ આવે છે આમ, મારો નાથ છ મહિનામાં મારી સંભાળ લેવા ન આવે પછી તારે વિચારવું. આવશે. જો આ સમકિતીના પણ અંદર આચરણ. આહાહાહા...

એમાં હનુમાનજી, હનુમાન છે ને રાજકુમાર, રાજકુમાર છે ઈ હોં વાંદરો નથી હોં. વાંદરાનું તો એની ધ્વજામાં ચિહ્ન હતું વાંદરા નહોતા. ત્રણ ખંડમાં તો એના જેવું કોઈનું રૂપ નહોતું એવા હનુમાન કામદેવ હતા. આહાહા... એ રામચંદ્રજીની અંગુઠી છે ને એ લેકર જાય છે સીતાજી પાસે જુઓ આ સમકિતીના આચરણના રાગના ભાવ. આહાહા... અંગુઠી આમ દેખે

છે સીતાજી "વનચર વિરા રે વધામણી, હે વિરા ક્યાં થકી લાવ્યો, એ અંગુઠડી મારા નાથની" એ સમકિતી રામચંદ્રજીની હતી ને અને એના જેવા તો કોઈ પુરુષ નહતા ને તે વખતે તો બળદેવ પુરુષ હતા "એ અંગુઠડી મારા નાથની એ વિરા ક્યાં થકી લાવ્યો, વનચર વિરા રે વધામણી". આ વધામણી આ અંગુઠી લઈને આવ્યો મને વધામણી આવી, હવે ભગવાન આવશે. હવે રામચંદ્રજી આવશે. આહાહા... જુઓ આ વિકલ્પો રાગના. આહાહાહા... પછી તો રામચંદ્રજી ત્યાં જાય છે ને ( રાવણને ) મારે છે. આહાહા !

સમકિતીના પણ આચરણમાં પણ રાગના આચરણ હોય છે. આહાહા ! અવ્રતભાવ છે ને ? અચારિત્ર ભાવ છે ને ? આહાહા ! તો પ્રભુ હવે તો મેરે મેરા આચરણ કરના હૈ ને નાથ. આહા ! મેરી પર્યાયમેં પરભાવકા આચરણ તો હૈ મેરા સ્વભાવ, પરભાવરૂપે હો ઐસા નહીં, પણ પર્યાયમેં વિભાવરૂપ પરદ્રવ્યકા નિમિત્તસે મેરી પર્યાયમેં હૈ. આહાહાહા... તો કહેતે હૈ પ્રભુ, શિષ્યને ગુરુ કહેતે હૈ કે તેરા દ્રવ્ય સ્વભાવ તો ઉસમેં વ્યાપ્ત ન હોનેસે, પણ દ્રવ્ય સ્વભાવ જો હૈ ઉસસે તો વિભાવરૂપ પરિણમન નહીં હોતા. ભગવાન આત્મા, આહાહાહા... જ્ઞાન ને આનંદ ને શાંત રસનો દરિયો પ્રભુ, અકષાય સ્વભાવનો સાગર નાથ, એ અકષાય સ્વભાવ સ્વરૂપ અપના સ્વભાવસે કષાયમાં પરિણમન નહીં હોતા. દ્રવ્ય સ્વભાવસે નહીં હોતા. આહાહા ! સમજમેં આયા ? આ વાતું બાપા આ તો અંતરની વાતું છે ભાઈ ! શું થાય ? અત્યારે તો બહુ ( માર્ગ ) ગુપ્ત થઈ ગયો, ફેરફાર એટલે લોકોને સત્ય વાત પણ ખોટી લાગે છે, આ તો એકાંત છે અરે પ્રભુ સૂન તો સહી નાથ, એ તારા ચૈતન્યના ચમત્કારની કોઈ અલૌકિક વાતું છે. આહાહા !

ભાઈ ! શિષ્યને ગુરુ કહે છે. અને ઉનકે સ્વભાવસે વ્યાપ્ત ન હોનેસે પરરૂપ જાનકર, સમકિતદૃષ્ટિ જ્ઞાની અનુભવી રાગ ને દયા દાન અને અવ્રત આદિના ભાવ હૈ એ વિભાવ હૈ. એ અન્ય દ્રવ્યના નિમિત્તસે સ્વભાવરૂપ પર્યાયમેં હુઆ હૈ, મેરા સ્વભાવસે નહીં. સમજમેં આયા ? આહાહા... અપને સ્વભાવભાવસે અપને સ્વભાવ જ્ઞાન દર્શન આનંદ ઐસા સ્વભાવભાવસે વ્યાપ્ત ન હોનેસે, આહાહા... એ વિકારી ભાવપણે અપના સ્વભાવભાવસે વ્યાપ્ત નહીં હોતા, દ્રવ્ય સ્વભાવસે એ વ્યાપ્ત નહીં હોતા. આહાહા ! પરરૂપ જાનકર સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની ધર્માત્મા એ રાગ પુણ્યપાપકા ભાવ મૈં પરરૂપ જાનકર મેરા દ્રવ્ય સ્વભાવસે મૈં વ્યાપ્ત નહીં હોનેવાલા આત્મા હું. આહાહા ! સમજમેં આયા ? એ વિકારી પરદ્રવ્યકા સ્વભાવસે પરિણમન હૈ, એ પરરૂપ જાનકર ધર્માત્મા, આહાહાહા... જુઓ આ જ્ઞાની પરરૂપ જાનકર વેદનમેં રાગાદિ આતા હૈ પણ યે મેરા સ્વભાવ નહીં. મેરી પર્યાયમેં હૈ પણ મેરા સ્વભાવ નહીં. આહાહાહાહા ! પરરૂપ જાનકર ત્યાગ દેતા હૈ.

આ રાગ ને વિકાર મેરા સ્વભાવ નહીં. મેરા સ્વભાવસે મૈં વિભાવરૂપ નહીં હુઆ એ પરભાવ હૈ મેરી પર્યાયમેં, પર્યાયકી કમજોરીસે, પણ મેરા દ્રવ્ય સ્વભાવસે મેરા વિભાવરૂપે નહીં પરિણમન હોનેવાલા, આહાહાહા... ઐસા પરરૂપ જાનકર ત્યાગ દેતા હૈ, અર્થાત્ તેરૂપે પરિણમતે નહીં. આહાહાહા ! આવા મારગ બાપા. આહાહાહા ! જુઓ આ પ્રત્યાખ્યાન, આ પ્રત્યાખાન આનું નામ છે. ભાઈ પ્રત્યાખ્યાન કોઈ અલૌકિક ચીજ છે નાથ પ્રત્યાખ્યાન એ ચારિત્રકી દશા

है. એ અચારિત્રકી દશાકા ભાવ જ્ઞાની જ્ઞાનપણેમેં પરરૂપ જાનકર આ પર है, मैं એ રૂપે નહીં પરિણમું, એ રીતે રાગકા ત્યાગ કરતે હૈ અંદરમેં. આહાહા ! જે જાણતા હૈ, યે પર હૈ એ ઉસકો ત્યાગ દેતા હૈ, પર હૈ તો પરરૂપે મૈં નહીં હોનેવાલા, આહાહાહા... અરે, આવી વાત ક્યાં ? અમૃતનો સાગર ઉછળે છે અંદર. એમાંથી એને વધારે અમૃતના સાગરના આચરણમાં જાવું છે ને, જાના હૈ ને, તે શિષ્યને આ કહે છે. આહાહા.

આમાં દેહ ક્યાં, વાણી ક્યાં, મન ક્યાં, ક્યાંય એ તો પર રહી ગયા. સ્ત્રી કુટુંબ પરિવાર તો ક્યાંય પર રહી ગયા. યહાં તો પર્યાયમેં દ્રવ્ય સ્વભાવસે નહીં વ્યાપ્ત હોનેવાલા મૈં, પર્યાયમેં પરદ્રવ્યકા નિમિત્તસે વિભાવરૂપ પરિણમન હોતા હૈ એ મૈં જાનતા હું, કે આ રાગ હૈ, કયોંકિ એ રાગકી દિશા પરતરફ હૈ, પર તરફકા લક્ષસે રાગ હોતા હૈ, અપના લક્ષસે રાગ હોતા નહીં. તો આ રાગ હૈ યે પરલક્ષમેં ઉત્પન્ન હોનેવાલા વિભાવ એ પરભાવ હૈ, ઐસે જાનકર જ્ઞાનમેં એકાગ્ર હો જાતા હૈ, રાગ છૂટ જાતા હૈ. આહાહા ! સમજમેં આયા ?

ભગવાન આત્મામેં ઠરતે હૈ, આહા ! એ રાગકા આચરણમેં થા, એ જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા એણે જાણ્યા કે આ તો વિભાવ પરભાવ હૈ, દુઃખરૂપ દશા મેરી દશા નહીં, મેરા દ્રવ્ય સ્વભાવકી દશા નહીં, આહાહાહા... પણ પર્યાયમેં મેરેમેં, આહાહા... આકુળતાકા વેદન હૈ, પણ ઈ પર હૈ મેરા આનંદકા નાથકી યે ચીજ નહીં દ્રવ્ય સ્વભાવકી. આહાહાહા... ઉસકો જાનકર પરકો પર જાણ્યા એ સમયે જ્ઞાન ( પરસે ) છૂટ ગયા દૃષ્ટિમેંસે પર્યાયમેંસે ઔર જ્ઞાન સ્વરૂપી ભગવાન જ્ઞાનમેં લીન હો ગયા, જે રાગમેં જરી અસ્થિરતા થી, એ રાગકો છોડકર સ્થિર હો ગયા, આ ઉસકા નામ પ્રત્યાખ્યાન હૈ. આવી વાત.

બહારથી હાથ જોડીને પચખાણ કરોને આ કરો બાપુ એ બધી વાતો જુદી છે. ભાઈ તેરા મારગ કોઈ જુદા હૈ. આહાહાહા ! બાહ્યથી અપવાસ ર્ક્યો ને આ કર્યાં, ત્યાગ કર્યો ને એ અમારો ત્યાગ છે, અરે પ્રભુ સૂન તો સહી. એ બહારકા ત્યાગ તો અંદરમેં હૈ હી નહીં, “ત્યાગ ઉપાદાન શૂન્યત્વ શક્તિ” ક્યા કહેતે હૈ ? ભગવાન આત્મામેં ઐસા એક ગુણ હૈ અનાદિસે પરકા ગ્રહણ અને ત્યાગ તો ઉસમેં હૈ હી નહીં. રજકણ, કર્મ પરપદાર્થકા ગ્રહણ અને પરકા ત્યાગ ઉસસે તો શૂન્ય હૈ પ્રભુ ( આત્મા ). સમજમેં આયા ? આહાહાહા ! પ્રભુ તેરા એક ગુણ ઐસા હૈ “ત્યાગ ઉપાદાન શૂન્યત્વ.” એ આહારપાણીકા ત્યાગ અને આહારપાણીકા ગ્રહણ એ તેરી ચીજમેં હૈ હી નહીં. સમજમેં આયા ? આહાહાહા ! ઝાંઝરીજી ! આવો મારગ છે ભગવાન. આહાહાહા ! પરમસત્ય હૈ પ્રભુ હૈ. અરે એને લોકોએ ગરબડ કરી અને આ તો નિશ્ચયની વાતું પણ બાપુ સત્ય જ આ હૈ. નિશ્ચય નામ સત્ય અને વ્યવહાર તો આરોપિત કથન હૈ. આ છોડયું ને આ ત્યાગી થયો એ તો વ્યવહારના અસદ્‌ભૂત વ્યવહારના કથન, પણ ખરેખર તો ત્યાગ ઈસકો કહીએ. આહાહાહા ! અતીન્દ્રિય આનંદના નાથમાં દૃષ્ટિ આપી છે ત્યાં, ત્યાં આગળ અંદર ઠરતા રાગને જાણતા કે આ રાગ તો પર હૈ એ રૂપે નહીં પરિણમન કરનેવાલા મેરા દ્રવ્યસ્વભાવ હૈ. આહાહાહા ! યે અપના સ્વભાવમેં ઉગ્રપણે પરિણમન કરતે હૈ, સ્વસંવેદનબળ, સ્વસંવેદન જ્ઞાનકા વેદન નિર્વિકલ્પ સમાધિમેં હોતા હૈ ઉસકા નામ પચખાણ કહતે હૈ. આહાહાહા ! સમજમેં આયા ?

હવે પચખાણ કોને કહેવાય એ પણ સાંભળ્યું ન હોય પ્રભુ ! આ તો આ કર્યું. આ કર્યું ભગવાન, આહાહાહા ! ભગવાન તરીકે જ બોલાવે છે ને, ભગવાન જ્ઞાતાદ્રવ્ય કહ્યા ને ? પહેલો શબ્દ ટીકાનો, જિસકો પહેલે જાના એ ત્યાગ દેતા હૈ. ત્યાગ દેતા હૈ ઐસા કહેના એ પણ નિમિત્તકા કથન કર્તાપણા હૈ નહીં ઈસમેં, એ આગળ કહેગા. સમજમેં આયા ? રાગકા ત્યાગ કરતા હૈ એ ભી આત્મામેં નામમાત્ર હૈ. સમજમેં આયા ? એ રાગરૂપ હુઆ નહીં અને આનંદરૂપ હુઆ ઉસને રાગકા ત્યાગ કિયા એ તો કથનમાત્ર હૈ, વસ્તુમેં હૈ નહીં. એ રાગકા ત્યાગ કયા કરના ? રાગકો જાનકર જ્ઞાનમેં સ્થિર હુઆ, તો રાગ ઉત્પન્ન ન હુઆ, ઉસકો રાગ ત્યાગ્યા એમ નિમિત્તસે કથન હૈ. આહાહા !

એ કહેગા, અહીંયા ઈસલિયે જો પહલે જાનતા હૈ, ( આહા ! ) એક-બે લીટીમાં કિતના અર્થ ભરા હૈ, અને એક માણસ કહે તમે સમયસારના બહુ વખાણ કરો છો, મેં તો પંદર દિવસમાં વાંચી કાઢયું. હું તો વાંચી ગ્યો 'તો ને, સમજયો તો કયાં ? તમે બહુ વખાણ કરો બાપુ એની એક એક પંક્તિ ! ( અચિંત્ય ) આહાહા... એ સમજનેમેં બહોત કઠણ લગે ભાઈ. અભ્યાસ પરકા અને અનઅભ્યાસ સ્વકા અનાદિકા, એ કલ આયા થા અનાદિકા પરકા અભ્યાસ, એ મોડના પાછા વળના ગુંલાટ ખાના. આહાહા !

સમ્યગ્દૃષ્ટિ હુઆ પીછે પ્રત્યાખ્યાન કૈસે હોતા હૈ ઉસકી બાત હૈ. એટલે સમ્યગ્દૃષ્ટિ હુઆ માટે સર્વદોષકા ત્યાગ હો ગયા, ઐસા હૈ નહીં. દૃષ્ટિમેં સર્વદોષકા ત્યાગ હૈ પર્યાયમેં સર્વદોષકા ત્યાગ નહીં. આહાહાહા ! એ સર્વદોષકા ત્યાગ, એ સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની ક્ષાયિક સમકિતી હો, આહાહા ! ભગવાન તીર્થંકર હો, ગૃહસ્થાશ્રમમેં એ ભી જબ નમો સિદ્ધાણં કહીને ચારિત્ર અંગીકાર કરે છે. પાંચ નવકાર નહીં ગણે એ, તીર્થંકર ગૃહસ્થાશ્રમમેં હૈ જ્યાં લગી ત્યાં લગી રાગ પુણ્ય-પાપકા આચરણ, ભોગકા આચરણ, રાગકા દુઃખકા આચરણ હૈ. આહાહાહા... એ ભગવાન જ્યારે ચારિત્ર અંગીકાર કરે છે, શાસ્ત્રમેં ઐસા લેખ હૈ નમો સિદ્ધાણં બસ, નમો સિદ્ધાણં કરકે સ્વરૂપમેં અંદર ઊતર જાતે હૈ. આહાહાહા... ત્યારે ઉસકો પ્રત્યાખ્યાન નામ ચારિત્રદશા હોતી હૈ. તીર્થંકરને પણ. આહાહાહા !

ઈસલિયે જો પહેલે જાનતા થા, પહલે જાનતા થા કે આ રાગ પર હૈ, એ જાનનેવાલા જાને કે આ રાગ પર હૈ, પહેલે જાનતા થા, વહી બાદમેં ત્યાગ કરતા હૈ. આહાહા ! ઉસમેં જોડાતા નહીં હૈ, સ્વરૂપમેં લીન હોતે હૈ. આહાહાહા ! જેમ ભગવાન ઓ વિજળી ઉપરથી પડતી હૈ ને તાંબાના વાયર હોય છે ને વિજળી ઊતરી જાય છે. આહાહા... એમ ભગવાન આત્મા અપના અનુભવ ને જ્ઞાન તો હૈ, ગુરુ કહેતે હૈ પણ રાગકો તેં પર જાન્યા, પર હૈ તો સ્વપણે પરિણમના અને પરરૂપે નહીં ઐસા હોકર જ્ઞાન જ્ઞાનમેં પરિણમતે હૈ, તો રાગ છૂટ જાતા હૈ, ( ઉત્પન્ન નહીં હોતા ) અને રાગ છોડતા હૈ ઐસા કહેના એ ભી તેરે માટે તો નામ કથન હૈ. આહાહાહા !

જુઓ તો ગાથા ! આ નોરતાનો પહેલો દિવસ છે. નવ રતા કહેવાયને ? નવ રતા નોરતા નહીં નવ રાત. આહા ! આ ભગવાન સામે લડાઈ હાલી રાગ સામે. આહા ! રાવણનું જેમ માથું કાપી નાખ્યું લક્ષ્મણે, મૂળ તો લક્ષ્મણે, વાસુદેવ છે ને આ તો બળદેવ હૈ રામચંદ્રજી તો બળદેવ છે, પદવી આમની ઊંચી છે વાસુદેવની સંસારની અપેક્ષાએ. આહાહાહા ! યહાં કહતે હૈ આતમરામ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

ભગવાન જ્યાં અપના સ્વરૂપકા અનુભવ હુઆ, એ આતમરામ અપની રમતમાં ચડતે હૈ. રાગકી ઉત્પત્તિ નહીં હોતી ઉસકા નામ પ્રત્યાખ્યાન હૈ. આહાહા ! અંતર આનંદમેં રમતે હૈ ભગવાન આત્મા એ ( પહલે ) થોડા આનંદ થા ઉસમેં રમતે થે, ( અબ ) વિશેષ આનંદ પ્રગટ કરકે રમતે થે, આહાહા ! રમેં ત્યારે રાગકા દુઃખકા ભાવકા ત્યાગ હો ગયા, અભાવ હો ગયા એને ત્યાગ કિયા એમ કહનેમેં આતા હૈ. આહાહાહા !

બાકી તો ભગવાન આત્મામેં એક અભાવભાવકા સ્વભાવ હૈ. અરેરે ! આહાહાહા ! કયા કહતે હૈ સુડતાલીસ શક્તિ હૈ ને ? ઉસમેં આત્મામેં એક અભાવ નામકા ગુણ અનાદિ અનંત હૈ. એ અભાવ સ્વભાવકે કારણ રાગકા અભાવરૂપે પરિણમન હો ગયા હે. સમજમેં આયા ? આહાહાહા ! અભાવ રાગકા અભાવ સ્વભાવરૂપ અભાવ અપનેમેં હૈ. રાગરૂપે ન પરિણમના ઐસા અભાવ સ્વભાવ અપનેમેં હૈ. આહાહા ! અરે આવી વાતું હવે કેટલી યાદ રાખવી આમાં ? રામજીભાઈ નહોતા કહેતા એક દિ' પ્રભુ ! તારા મારગની રીત તો આ છે ભાઈ. આહાહા ! એ જનમમરણના દુઃખડાના નાશ કરવા પ્રભુ. આહાહા ! ભવભયથી ડરી ચિત્ત થઈને.

ભાઈ કઠણ, પણ કરના પડેગા નાથ. સમજમેં આયા ? આહાહાહા... જે જાણે છે, જાણનારે જાણ્યું ભગવાને કે આ રાગ પર હૈ, જાણનાર જાણે અને જાણનાર પરરૂપે ન હો, અને પરકા અભાવરૂપ સ્વભાવરૂપ પરિણમે આ ઈસકા નામ ત્યાગ ને પચખાણ કહનેમેં આતા હૈ. આવી વાતું છે પ્રભુ ! શું થાય ? આહાહા ! પરમ સત્ય પરમાત્માએ આ રીતે કહ્યું છે. બાકી બધી પછી ઉલટી દૃષ્ટિથી વાતો કરે એ નહીં. ગમે તે હવે એક જણ તો એમ કહેતો'તો ઈન્દ્રલાલજી હતો જયપુરમાં, દિગમ્બરમાં જન્મ્યા એ બધા ભેદજ્ઞાની તો છે જ, જન્મ્યા એ તો બધા ભેદજ્ઞાની છે એને હવે રાગકા પ્રત્યાખ્યાન કરના અને ચારિત્ર લેના બસ એ કરના હૈ. અરે ભાઈ ભગવાન તેં શું કર્યું, તેં આ ભાઈ ! આહાહાહા !

દિગંબરમાં ( જન્મ્યો ) શું પણ દિગંબર સાધુ અનંતબૈર હુઆ, 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો' પણ એ તો રાગની ક્રિયા, એવી ક્રિયા તો અત્યારે હૈ હી નહીં, એવી રાગની ક્રિયા શુભ મુનિવ્રતધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો પણ પ્રભુ આત્મજ્ઞાન વિના ( લેશ સુખ ન પાયો ). ભગવાન આનંદનો નાથ પ્રભુ ઉસકી સન્મુખ તુમ ન હુઆ ઉસસે વિમુખ હોકર રાગકી ક્રિયા તેં કિયા. સમજમેં આયા ? દિગંબરમેં જન્મ તો શું દિગંબર સાધુ હોય તો ય મિથ્યાદૃષ્ટિ હૈ રાગ કી ક્રિયા અપની માનતે હૈ તો. પાટણીજી ! આવી વાત છે. પ્રભુ ! આહાહા !

ભગવાન જ્ઞાતા દ્રવ્ય, આહાહા... આચાર્યોની ભાષા તો જુઓ. ભગવાન જ્ઞાતાદ્રવ્ય પહેલો શબ્દ એ ઉપાડયો છે ને ? યહી "ભગવંત્ જ્ઞાતૃ દ્રવ્ય", આહાહાહા... પામરને ભગવાન માનવો કઠણ પડે છે. એ ભગવાન સ્વરૂપ જાના હુઆ છતેં, પર્યાયમેં જબ તક પરકા વિકારકા પરિણમન હૈ તબલગ વો સ્વરૂપકા આચરણ નહીં, સ્વરૂપ આચરણ અંશે હુઆ હૈ સમ્યગ્દૃષ્ટિકો પણ જિસકો ચારિત્ર કહીએ ઐસા આચરણ નહીં. તો ચારિત્ર શબ્દ જો કહે, એ તો સ્વરૂપ જો આનંદકા નાથ હૈ ઉસકો જો જાણ્યા ને માણ્યા, ઉસમેં ( ઉગ્રપને ) ચરના આનંદમેં રમના. આહાહા ! સ્વસંવેદનમેં અતીન્દ્રિય આનંદકા કવળ લેના, અતીન્દ્રિય આનંદકા ગ્રાસ લેના. સમજમેં આયા ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


ભાઈએ દાખલો આપ્યો છે ને ? સોગાનીએ ગન્નાકા રસ, ઘટક ઘટક ઘટક, પીતે હૈ ને ? ઐસે ધર્માત્મા સ્વરૂપકી દૃષ્ટિ ઉપરાંત સ્વરૂપમેં સ્થિરતા કરનેકો ઘટક ઘટક આનંદકો પીતે હૈ. અરેરે ! આ શું વાત ! આહાહા ! એ કહતે હૈ, જો જાનતે હૈ વોહી રાગકા ત્યાગ કરતે હૈ, અન્ય તો કોઈ ત્યાગ કરનેવાલા નહીં, ઈસપ્રકાર હજી તો આ પ્રકારે આત્મામેં નિશ્ચય કરકે, દેખો– આહાહા... કયા કહા ઈ ? હજી તો પ્રત્યાખ્યાન હવે હોગા, પણ આ પ્રમાણે પહલે નિશ્ચય કરતે હૈ મૈં જ્ઞાતાદ્રવ્ય સ્વભાવ એ વિભાવપણે સ્વભાવસે પરિણમનેવાલા નહીં, પર્યાયમેં વિભાવ હૈ તો એ તો પરના નિમિત્તકા અવલંબનસે હૈ, એ દુઃખદાયક હૈ, મેરે તો આચરણ કરના હૈ મેરા, તો જિસકો પર જાણ્યા, પરસે પૃથક રહકર જાના એ પરકો પૃથક કર દેતા હૈ. આહાહાહા ! સમજમેં આયા ?

હવે આવી વાત અરે ભાઈ દુઃખી–દુઃખી એ પ્રાણી દુઃખી છે ભાઈ. આહાહા ! જેના દુઃખ દેખી, શાસ્ત્રમેં તો ઐસી બાત હૈ, આહા ! તેરા મરણ હુઆ ઔર તેરી માતાકી આંખમેંસે આંસુ આયા, એ આંસુ ઈતના હૈ કે સમુદ્ર ભરાય, બાપા તારા દુઃખ દેખ્યા ન જાય ભાઈ. આહાહાહા ! એ કહ્યું નહોતું એક ફેરી હમણાં લાઠીમાં એક બાઈ હતી, કન્યા અઢાર વરસની ઉંમર લાઠી, સારા શરીરમેં શીતળા, શીતળા કયા કહેતે હૈ ? ચેચક બે વર્ષના લગ્ન એના ધણીને બીજી એનો ધણી પહેલી પરણ્યો તો એ મરી ગઈ. એને શીતળા થયા અને તળાઈમાં પડી ’તી અને દાને દાને ઈયળ, કીડા, દાને દાને ઈયળ કીડા, આમ પડખું ફરે ત્યારે હજાર કીડા આમ ખરે, બીજી બાજુ ફરે તો આમ પડે, મરી જાય નવા ઉત્પન્ન થાય. એની માને કહે છે બા, મેં આવા પાપ આ ભવમાં કર્યાં નથી, શું આવ્યું આ ? આહાહા ! સહ્યું જાય નહીં તળાઈમાં બળતરા બળતરા દાણે દાણે ઈયળ પણ એ પીડા પણ નરકની પાસે તો અનંતમાં ભાગની છે. લોકોને ક્યાં ખબર છે ભાઈ નરકની પીડા જે પહલી નરકે ઉસસે અનંતમે ભાગે હૈ દેહ છૂટ ગયા રોતા રોતા ને. આહાહા ! અને હડકાયું કરડે છે ને હડકાયું કૂતરું શું કહે છે તમારે( શ્રોતાઃ– પાગલ કુત્તા ) પાગલ કુત્તા કરડતે હૈ. એક કન્યાકો કરડયા થા બાર વર્ષની જુવાન કન્યા, એમાં પાગલ કુત્તા, પ્રેમચંદભાઈ છે આપણે લાઠી રાણપુરવાળા એના મિત્રની દીકરી હતી મિત્ર ગુજરી ગયેલા ભાઈબંધની દીકરી–કાકા, મારાથી સહન થતું નથી. પવન નાખો તો સહન થતું નથી – સૂતા સહન થતું નથી. પાણી પીવાતું નથી. શું પ્રભુ વેદના ? કુત્તા પાગલ કુત્તા હડકાયા બાર વર્ષની જુવાન છોડી અને પીડા પીડા પીડા દેહ છૂટ ગયા. બાપુ એ પીડાથી અનંત ગુણી પીડા તને નર્કમાં થઈ છે. એ પીડાના પરમાણુને છોડના હો તો નાથ ! આ ઉપાય તેરા કરના પડેગા. હૈં ? આહાહાહા ! વિશેષ કહેગા. ( શ્રોતાઃ– પ્રમાણ વચન ગુરુદેવ ).

## પ્રવચન નં. ૯૯ ગાથા - ૩૪ તા. ૪-૧૦-૭૮ બુધવાર આસો સુદ-૨ સં. ૨૫૦૪

સમયસાર ૩૪ ગાથા ટીકા ફિર. યહ ભગવાન જ્ઞાતા આત્મા, ભગવાન જ્ઞાતા આત્મા એ તો જાણન–દેખન સ્વભાવ સ્વરૂપ પ્રભુ હૈ. એ જ્ઞાતા જાણન–દેખન ઐસા ચંદ્ર સૂર્ય જૈસા પ્રકાશરૂપ, એ જડ પ્રકાશ છે આ ચૈતન્ય પ્રકાશ છે. ઐસા આત્મા યહ અન્ય દ્રવ્યોંકે સ્વભાવસે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

હોનેવાલા કર્મના નિમિત્તના સંબંધમાં હોનેવાલા શુભઅશુભ રાગ વિભાવભાવ એ અન્ય સમસ્ત પરભાવોંકો, એ પરભાવ વિકારીભાવ ઉનસે અપને સ્વભાવભાવસે વ્યાપ્ત ન હોનેસે અપના જ્ઞાનાનંદ સ્વભાવ એ સ્વભાવસે વિભાવમાં વ્યાપ્ત નામ પરિણમન ન હોનેસે આહાહા... એ વિભાવ સમકિતીકો જ્ઞાનીકો પરરૂપ જાનકર, એની બાત હૈ. એ પુણ્ય ને પાપનું આચરણ, અવ્રતકા આચરણ હૈ એ સમકિતીકો જ્ઞાનીકો, તો વો જાનકર કે આ તો રાગ હૈ વિકાર હૈ, મેરા સ્વભાવસે મેં પરિણમન કરું ઐસી ચીજ નહીં. સ્વભાવ તો સ્વભાવરૂપે પરિણમે ઐસી ચીજ હૈ. તો મેરા ચૈતન્ય આનંદ જ્ઞાન સ્વભાવ એ અન્યભાવકા પરિણમનેકે લાયક નહીં. આહાહાહા !

વ્યાપ્ત ન હોનેસે પરરૂપ જાનકર સમ્યગ્દૃષ્ટિ જીવ, ધર્મી જીવ અપના સ્વભાવસે વિભાવરૂપે ન હોને લાયક મૈં તો હું, ઐસા જાનકર ત્યાગ દેતા હૈ. આહાહા... રાગરૂપ જો આચરણ અવ્રતકા થા, યે મૈં તો જ્ઞાતા હું, દૃષ્ટા હું, યે મેરા સ્વભાવસે વિભાવરૂપ પરિણમનકા વ્યાપ્ત હોનેકો મૈં લાયક નહીં. મૈરા સ્વભાવ ઐસા હૈ નહીં. આહાહા !

જુઓ આ પ્રત્યાખ્યાન, એ ત્યાગ દેતા હૈ ઈસલિયે જો પહેલે જાનતા હૈ જ્ઞાનસ્વભાવમેં પહલે જાનતે હૈ કે આ રાગાદિ વિકાર એ પર હૈ, આહાહા... વહી બાદમેં ત્યાગ કરતા હૈ. જાનતા હૈ વે હી અપનેમેં ઠર જાતા હૈ. અન્ય તો કોઈ ત્યાગ કરનેવાલા નહીં, જાના કે આ રાગ હૈ. આહાહાહા ! અસ્થિરતા મેરેમેં હૈ મેરા સ્વભાવ રાગરૂપે પરિણમનેકા લાયક તો નહીં, છતાં પરિણમન હૈ, તો વો રાગાદિ, પ્રત્યાખ્યાનની આ બાત હૈ ને ? ત્યાગ કરનેવાલા દૂસરા તો કોઈ નહીં, જાના કે આ રાગ હૈ, વિકાર હૈ, વિભાવ હૈ, બસ જાના તો અપનેમેં ઠર જાતે હૈ. ઐસા તો હજી નિશ્ચય કરતે હૈ. એમ કહેતે હૈ.

ઈસપ્રકાર આત્મામેં નિશ્ચય કરકે, આ રીતે આત્મામાં પ્રથમ નિશ્ચય કરકે, પ્રત્યાખ્યાનકે સમય અપના સ્વરૂપમેં લીન સ્વસંવેદન હોનેકે કાળમેં, આહાહા... પ્રત્યાખ્યાન કરને યોગ્ય, રાગકા ત્યાગ કરને યોગ્ય, આરે આવી વાતું, પરભાવકી ઉપાધિ માત્રસે, જે વિકારભાવ હૈ એ તો પરભાવકી ઉપાધિ હૈ, એના પ્રવર્તમાન ત્યાગકે કર્તૃત્વકા નામ, એ વિકારકા ત્યાગ મૈં કરતા હું, એ તો નામમાત્ર ( કથન માત્ર ) હૈ. અપના સ્વરૂપમેં ઠરતે હૈ, ત્યાં રાગકા ત્યાગ હો જાતા હૈ, ઉસકો ( રાગકા ) ત્યાગ કિયા ઐસા કથનમાત્ર હૈ. આહાહા ! આવી વ્યાખ્યા લોકોને કઠણ પડે છે. એમ કે પાઠમાં તો ઈતના હૈ “સવ્વે ભાવે જમ્હા પચ્ચખાઈ” પરભાવના પચ્ચખાણ કર્યાં એટલે આ બહારથી કરે છે ને, એટલે એ લોકો એમ કહે છે કે, આ ટીકાકારે અને વિદ્વાનોએ વસ્તુને ગહરી, ગંભીર બના દિયા, પણ આ ટીકા કિયા પણ આ પાઠમાં છે ને ? “પચ્ચખાણ નાણમ નિયમા મુણે–દવ્વં” ચોથું પદ છે કે નહીં ? નાણમ એટલે આત્મા, જ્ઞાન શબ્દે અહીંયા આત્મા. પાઠ છે ને ?

“નાણમ નિયમા મુણે” ટીકાનો કરનાર એ તો એમ કહે છે, આ વાત તો તદ્દન સરળ હતી એકસો પંચાવન ગાથાનો પ્રશ્ન થયો હતો ત્યાં દિલ્હી, છે ને એકસો પંચાવન ? “જીવાદિ સદહણં” એમ કે ત્યાં તો “જીવાદિ સદહણં” ઈતના હૈ, પણ ઉસકા અર્થ કયા હુઆ ઉસમેં ? કે જીવાદિકી શ્રદ્ધા એટલે કે પ્રતીત માત્ર વિકલ્પસે ઐસે નહીં, એ જીવાદિકી શ્રદ્ધા ( એટલે ) એ રૂપે આત્મા જ્ઞાનરૂપે નામ આત્મારૂપે પરિણમન હોના ઉસકા નામ સમ્યગ્દર્શન હૈ, ત્યારે એ લોકોને એમ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

થયું, કે આ શાસ્ત્રની વ્યાખ્યા ગહરી કરી નાખી, સીધી વાત હતી કે "સવ્વે ભાવે પચ્ચખાઈ, જીવાદિ સદ્હણં" સમકિત, પણ "જીવાદિ સદહણં" સમકિત કહેના કિસકો ? સમજમેં આયા ?

એ તો શ્વેતાંબરમેં એમ કહતે હૈ "ભાવેણં સદઃ અંતઃતત્ત્વ" નવ તત્ત્વને ભાવથી શ્રદ્ધે અંતઃકરણથી તે સમકિત. પણ એ ભાવ ક્યા ? અઠયાવીસમો અધ્યયન હૈ મોક્ષમાર્ગ ઉત્તરાધ્યયન શ્વેતાંબર અમારે તો સબ ચાલી ગયાને વ્યાખ્યાનમાં સંપ્રદાયમેં બોટાદમેં હજારો માણસ આતે થે. સભામેં ત્યાં આ કિયા અંતઃકરણસે, પણ અંતઃકરણ એટલે કયા ? આહાહા ! અંતર આત્મસ્વભાવકા પરિણમન કરકે, શ્રદ્ધા કરના સમકિત કરના ઉસકા નામ સમ્યગ્દર્શન હૈ. આહાહા ! યહાં ભી એકસો પંચાવનમેં યે કહા "જીવાદિ સદહણં" જ્ઞાનરૂપ એટલે આત્મા એ સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય હૈ એ રૂપે ઉસકા શ્રદ્ધારૂપે પરિણમન હો જાના, નિર્વિકલ્પ શાંતિરૂપે પરિણમન હોના અંશે ઉસકા નામ સમ્યગ્દર્શન હૈ. આહાહા...

અહીંયા યે કહા પચ્ચખાણમેં એમ કે પાઠ તો ઈતના થા. "સવ્વે ભાવે જમહાપચ્ચખાઈ" પણ એનો અર્થ ક્યા ? અર્થ તો પાઠમેં લિયા હૈ ને, "નાણમ નિયમા મુનિદવ્વં" આત્મા નિશ્ચયથી જાણવો. પ્રત્યાખ્યાને એ આત્મા નિશ્ચયથી જાણવો એમ છે કે નહીં તો ઉસકા અર્થ કરના પડે કે નહીં ? સમજમેં આયા ? કે આત્મા અપના સ્વરૂપકા અનુભવ હુઆ, સમ્યગ્દર્શન હુઆ, આત્માકા આનંદરૂપે, જ્ઞાનરૂપે પરિણમન હુઆ, એ તો સમ્યગ્દર્શન. હવે એ સમ્યગ્દર્શનમેં જ્ઞાન તો હૈ સાથમેં તો એ જાણતે હૈ કે મૈંરેમેં હજી અવ્રતકા, અત્યાગકા, રાગ ભાવકા પરિણમન મેરેમેં હૈ, હવે એ રાગકા ત્યાગ કરના હૈ. તો કયા ? જે જ્ઞાન સ્વભાવી ભગવાન, આ રાગ હૈ ઐસા જાના, જાનકર જ્ઞાનમેં રહ ગયા, સ્થિર હો ગયા, એ પ્રત્યાખ્યાન છે. આહાહા ! આને તો એમ કે પ્રત્યાખ્યાન એટલે સર્વ ભાવના પચ્ચખાણ એમાં આવી પચ્ચખાણની વ્યાખ્યા ? ટીકાકારે વિદ્વાનોએ દુરુહ કરી નાખ્યો ( અર્થ ) અરે બાપુ એમ નથી- એનું સ્પષ્ટીકરણ કર્યું છે. કે પચ્ચખાણ ઈસકો કહીએ, પચ્ચખાણ કહો કે ચારિત્ર કહો, પ્રત્યાખ્યાન- રાગકા ત્યાગ કહો કે ચારિત્ર કહો, એકસો પંચાવનમાં આવે છે ને ભાઈ ? "જીવાદિ સદહણં સમ્મત્તે જીવાદિ જ્ઞાનમ્" જીવાદિ પદાર્થનો જીવનું જ્ઞાન સ્વરૂપનું જ્ઞાન એ જ્ઞાનરૂપે પરિણમના વો જ્ઞાન અને ચારિત્ર રાગાદિ વર્જન જ્ઞાનમેં, રાગાદિ વર્જન જ્ઞાનમેં, એ ચારિત્ર તો ઉસકા એ અર્થ યહાં હુઆ કે જે રાગ હૈ, વો જાના કે આ રાગ હૈ, હૈ ભેગા, પર તરફકા પરિણમન છૂટ ગયા, અને જ્ઞાન જ્ઞાનરૂપે પરિણમન હુઆ, ઉસકા નામ પ્રત્યાખ્યાન હૈ.

એટલે લોકોને એમ કે પાઠ એવા સહેલા છે, એમાં પણ ટીકાકારે એને આમ કરી નાખ્યું. હમણાં અર્થ આવ્યો છે ને સમયસારનો બસ ગાથાનો અર્થ, સાધારણ શબ્દાર્થ. અરે ભાઈ, એ ગાથામેં જે ભાવ હૈ ઉસકા હી સ્પષ્ટીકરણ કિયા હૈ. ગાય ઔર ભેંસકે આઉમેં જો દૂધ હૈ, આઉમેં દૂધ તો ઉસમેંસે નિકાલતે હૈ, વો જો હૈ ઈસમેંસે નિકાલતે હૈ, ઐસે ગાથામેં ( જો ) ભાવ હૈ, એ તર્કસે ટીકાકારે ઉસકા સ્પષ્ટીકરણ કિયા હૈ. સમજમેં આયા ? લોકોને બહારના આચરણની શ્રદ્ધા અને જ્ઞાન શાસ્ત્રકા જ્ઞાન અને આ વ્રત આદિ નિયમ બસ, વો હી મોક્ષકા માર્ગ હૈ. એ તો બંધકા મારગ હૈ. આહાહાહા !

યહાં તો ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપી મુક્તસ્વરૂપ પ્રભુ, ઉસકો રાગસે પૃથક હોકર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


અપના આત્માકી પ્રતીત નિર્મળ સમ્યગ્દર્શન વીતરાગી પર્યાયસે પ્રતીત કરના, રાગકા અભાવરૂપ વીતરાગી સમ્યગ્દર્શન પર્યાયસે પ્રતીત કરના, ઉસકા નામ સમ્યગ્દર્શન. આહાહાહા...

ઔર રાગકા ત્યાગરૂપે આત્માકા જ્ઞાનરૂપ પરિણમન હોના એ જ્ઞાન હૈ. ઔર આત્માકા, રાગકા જાનના હુઆ, જાનકર ઉસમેં પરિણમન ન હુઆ, ઔર અપનેમેં ( જ્ઞાનમેં ) ઠર્યા, ઉસકા નામ પ્રત્યાખ્યાન, જ્ઞાન પ્રત્યાખ્યાન હૈ. એ આયાને ? ચોથું પદ ટીકામાં હૈ પાઠમાં એ જ છે જ્ઞાન પ્રત્યાખ્યાન 'જ્ઞાન' શબ્દે આત્મા.

ભગવાન આત્મા અપના શુદ્ધ સ્વરૂપકા ભાન હૈ, ઔર પીછે રાગાદિકા આચરણ પર્યાયમેં હૈ, એ જ્ઞાન જાનતે હૈ, મેરી પર્યાયમેં દુઃખ આકુળતા રાગ હૈ, અત્યાગ હૈ, એ જાના અને જાનકર જ્ઞાન જ્ઞાનમેં રહ ગયા. જ્ઞાન( કા ) રાગમેં પરિણમન ન હુઆ, એ જ્ઞાનસ્વરૂપી આત્મા જ્ઞાનમેં રહે ગયા ઉસકા નામ પ્રત્યાખ્યાન હૈ. 'નાણમ નિયમા' એમ આયા ને "નાણમ નિયમા મૂણે એવં" એ આત્મા નિશ્ચયથી એ ચારિત્રને પ્રત્યાખ્યાન છે, આવું આકરું પડે એટલે લોકોને એમ કે એવા સીધા સાદા અર્થ હતા એમાં આવા ગંભીર અર્થ કાઢયા. એ અર્થ જ ગંભીર છે. હૈં ! એ તો સ્પષ્ટીકરણ હૈ, ભાઈ તેરે પ્રત્યાખ્યાન કબ હોગા, કૈસે હોગા, ઉસકા સ્પષ્ટીકરણ હૈ. ભલે એને પ્રત્યાખ્યાન અભી ન હો, પણ પ્રત્યાખ્યાન હો તબ કૈસે હોગા. આહાહાહા !

ભગવાન ( નિજાત્મા ) જ્ઞાન અને આનંદસ્વરૂપ પ્રભુ, એ અપના જ્ઞાન સ્વભાવી ભગવાન પ્રત્યે, જ્ઞાનની પ્રતીતિ સમ્યગ્દર્શનની પ્રતીતિ એ આખા સ્વરૂપકી પ્રતીતિ નિર્વિકલ્પ એ આત્માકી પરિણમન દશા હૈ, ઉસકા નામ સમ્યગ્દર્શન. ઔર યે આત્માકા જ્ઞાન, જ્ઞાનસ્વરૂપી ભગવાનકા જ્ઞાન, શાસ્ત્રજ્ઞાન એ જ્ઞાન નહીં. આહાહાહા ! ભગવાન જ્ઞાનસ્વરૂપી જ્ઞાનપ્રધાન અનંતગુણકા પિંડ, પણ જ્ઞાનપ્રધાન કથન હાલે છે ને ? કલ આયા થા. જ્ઞાનપ્રધાન અનંતગુણકા પિંડ દોપહરકો આયા થા. આહાહા... ઐસે ભગવાન જ્ઞાન પ્રજ્ઞાબ્રહ્મસ્વરૂપ પ્રભુ એ અપનેમેં જાનનેમેં આયા કે આ રાગ હૈ યે જાના અને રાગમય જાનકર, અંશમેં પરિણમન ન હુઆ અને જ્ઞાન( કા ) જ્ઞાનરૂપે પરિણમન હુઆ ઉસકા નામ પ્રત્યાખ્યાન ચારિત્ર હૈ. આહાહાહા ! આ સ્વસન્મુખમાં ઠર્યો, સ્વસન્મુખ દૃષ્ટિ જ્ઞાન તો હૈ, પણ હવે સ્વસન્મુખ અંતરમેં ( એકાગ્રતા ) કરકે ઠર ગયા, જમ ગયા ! જ્ઞાન જ્ઞાનમેં જમ ગયા, આત્મારામ આત્મામેં રમ ગયા. આહાહાહા !

આવી વાતું એટલે લોકોને અર્થ બીજા કર્યા ને આવું કર્યું એમ કહે, અરે ભગવાન તને ન બેસે વાત માટે બીજો અર્થ કર્યો એમ કહેવાય ? ( શ્રોતાઃ– આચાર્યે બીજા અર્થ કર્યા એમ કહેવું કાંઈ વ્યાજબી છે ? ) હા એમ ઈ કહે છે. ભાષા એવી છે. આવે છે ને વિદ્યાનંદજી એમાં બળભદ્ર પંડિતે એ લખ્યું છે, પણ એનું કહેવું છે માટે લખ્યું છે. આહાહા ! એમ કે "જીવાદિ સદહણં સમ્મતં" એટલે જીવાદિની શ્રદ્ધા એ સમકિત, પણ એની વ્યાખ્યા પાછી કહે, આત્મા જ્ઞાનસ્વરૂપે એ રૂપે પરિણમે કહેવો એ સમકિત ને આ બધું લાંબુ કર્યું, ( શ્રોતાઃ– જ્ઞાન જ્ઞાનરૂપે પરિણમે ) આત્મા આત્મારૂપે પરિણમે એમ એનું કહેવું છે ને ત્યારે સમ્યગ્દર્શન હૈ ને ? રાગરૂપે પરિણમતે થે એકત્વબુદ્ધિમેં તબલગ તો મિથ્યાત્વ થા. સમજમેં આયા ? આહાહા ! રાગ ને વિકાર ને સ્વભાવ બે ભિન્ન હૈ, છતાં એ રાગરૂપ મૈં હું ઐસી એકત્વબુદ્ધિ થી તબ તો મિથ્યાત્વ હૈ, હવે એ મિથ્યાત્વકા ત્યાગ, જ્ઞાન જ્ઞાનરૂપે પરિણમે અને રાગરૂપે ન થાય ભલે રાગ હો, પણ રાગની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


એકતારૂપે ન થાય, ન હો અને આત્મા આત્મારૂપે હો ઉસકા નામ સમ્યગ્દર્શન. ભગવાન તારી વાત તો આવી છે પ્રભુ હવે પણ લોકોએ શું કરી નાખ્યું, આ બહુ ફેરફાર કરી નાખ્યો. આહાહા !

એ આંહી ( કહતે હૈં ) ઈસપ્રકાર આત્મામેં નિશ્ચય કરકે, દેખો પ્રત્યાખ્યાનકે સમય જ્યારે પ્રત્યાખ્યાન સ્વરૂપનું શુદ્ધરૂપે પરિણમન હોનેકે કાળમેં, આહાહાહા... પ્રત્યાખ્યાન કરને યોગ્ય રાગ-પરભાવકી ઉપાધિ, એ રાગાદિ હૈ એ પરકી ઉપાધિ હૈ, ઉસકા ત્યાગ એ તો નામમાત્ર કથન હૈ. એ જ્ઞાન ભગવાન જ્ઞાનમેં જમ ગયા, આતમરામ આત્મામેં રમ ગયા, બસ વો પ્રત્યાખ્યાન હૈ. આહાહાહા ! લોકોને એમ કે બહારથી પ્રત્યાખ્યાન કર્યું એટલે પ્રત્યાખ્યાન થઈ જાય એમ મનાવવું છે. એમ ન હોય. ( શ્રોતાઃ- સત્ય સમજવાનો પ્રયત્ન નથી કરવો. ) આહાહાહા ! ભાઈ, પ્રત્યાખ્યાન એટલે પચ્ચખાણ, પચ્ચખાણ અર્થાત્ રાગાદિની અસ્થિરતાનો ત્યાગ, એ ત્યાગ કહેના, કહેતે હૈ એ ભી નામમાત્ર હૈ. યહાં તો ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપી આનંદ સચ્ચિદાનંદ પ્રભુ એ આત્મા આત્માના આનંદમેં રમ ગયે ( જમ ગયે ) જ્ઞાન એટલે આત્મા, આત્મા આત્મામેં લીન હો ગયે, એ રાગમેં જે લીન થા એ છોડકર કે આ તો પર હૈ મેરી ચીજમેં યે નહીં, ઐસે જાનકર જ્ઞાનસ્વરૂપ જ્ઞાનમેં રમ ગયે, એ કાળમેં પ્રત્યાખ્યાન કહનેમેં આતા હૈ. આહાહાહા ! આવી વ્યાખ્યા ચારિત્રની.

હવે અહીં તો પંચમહાવ્રતના પરિણામ એ ચારિત્ર છે. ( આહા ! ) અને એ ચારિત્ર, વ્યવહાર ચારિત્ર એનાથી નિશ્ચય ચારિત્ર થશે. ( એમ નથી. ) અરે ભગવાન ! અરેરે ભાઈ લૂંટાઈ ગયો પ્રભુ તું. તું એવી માન્યતાથી લૂંટાઈ ગયો છું. ભગવાન તો એમ કહેતે હૈ પ્રભુ, તેરી ચીજ તો અંદર એ શુભ-અશુભ રાગકા વિભાવસે, તેરી ચીજ સ્વભાવ ભિન્ન હૈ, એ સ્વભાવકા જિસકો જ્ઞાન સમ્યક્ હુઆ અનુભવ હુઆ ઉસકો ભી રાગભાવ રહતે હૈ, હોતે હૈ, પણ મેરા સ્વભાવસે મૈં રાગરૂપે પરિણમું ઐસી ચીજ નહીં. આહાહાહા !

મેરા પ્રભુ જ્ઞાન અને આનંદ સ્વરૂપી પ્રભુ એ રાગરૂપે હો ઐસા ( હૈ ) નહીં. ઐસા જાનકર રાગકા અભાવ હોકર સ્વભાવકી શુદ્ધતાકા પરિણમન પચ્ચખાણ હો, ઉસકા નામ ચારિત્ર અને પ્રત્યાખ્યાન કહતે હૈ. અરેરે ! શું થાય ? આહાહા ! સમ્યગ્દર્શન હુઆ ને સમ્યગ્જ્ઞાન હુઆ, તો ચારિત્ર કયું લેતે નહીં ? એમ કહેતે હૈ, ( વો લોગ ) કે ભાઈ ચારિત્ર એમ કાંઈ, આહાહા... ચારિત્ર તો ભાઈ ભગવાન પૂર્ણાનંદકા નાથ ( શ્રોતાઃ- ચારિત્ર લેવું એટલે ભગવાન થઈ ગયા ) અરે ! એ તો ભગવાન હો ગયા, ચારિત્ર એટલે આહાહા... પંચપરમેષ્ઠી આચાર્ય, ઉપાધ્યાય, સાધુ. આહાહા... એ કોઈ બહારની ચીજ નહીં, એ તો અંતર આનંદ સ્વરૂપમાં આનંદની ઉગ્રતારૂપે પરિણમના એનું નામ સાધુ, આચાર્ય ને ઉપાધ્યાય હૈ. બહારના નગ્નપણા ને એ કોઈ ચીજ નહીં. આહા ! અલિંગગ્રહણમેં તો ઐસા કહા હૈ, યતિની બાહ્ય ક્રિયાનો જિસમેં અભાવ હૈ આ પંચમહાવ્રતકા વિકલ્પ આદિ કે નગ્નદશા એ સ્વભાવમેં તો ઉસકા અભાવ હૈ. અલિંગગ્રહણમાં આવે છે ને ભાઈ, યતિની બાહ્ય ક્રિયા. આહાહાહા... શું પણ વાત યતિની આ પંચમહાવ્રત આદિ ક્રિયાના વિકલ્પો, નગ્નપણા, વસ્ત્રરહિતપણા એ સ્વભાવમેં તો ઉસકા અભાવ હૈ. આહાહાહા... ઐસા ભગવાન આત્મા અલિંગગ્રહણ રાગસે ને પરસે પકડમેં નહીં આતા, કયૂં કિ એ મહાવ્રતાદિકા રાગ ને નગ્નપણા ઉસકા તો સ્વભાવમેં અભાવ હૈ, તો સ્વભાવમેં અભાવ હૈ તો ઉસસે પકડનેમે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

આતે હૈ? અલિંગગ્રહણ. લિંગ નામ રાગાદિસે ગ્રહણમેં નહી આતા.

આવું આકરું પડે માણસને બાપુ મારગ તો એ છે ભાઈ. ( શ્રોતાઃ– અનભ્યાસે આકરૂં પડે ) અભ્યાસ નહીં અને એ જાતનું સાંભળવા મળતું નથી. બહારનું સાંભળવા મળે આ કરો ને આ કરો કરવું એ કહેતા ( હૈ ) તો એ વિકલ્પ ને રાગ હૈ– રાગકા કરના એ ( આત્મ ) સ્વભાવકો સોંપના એ તો મિથ્યાત્વ હૈ.. આહાહા! મહારાજા ચક્રવર્તીકો એમ કહેના કે આ મહેલમેંસે કચરા નિકાલ દો. આહાહા! સમજમેં આયા? આ ભગવાન આત્મા જ્ઞાનાનંદ સ્વભાવ ઉસકો વિભાવકા કરના સોંપના( એ ) મિથ્યાભાવ હૈ. ( રાગ ) હોતા હૈ પણ મૈં કરું, કરને લાયક હૈ, ઐસી ચીજ નહીં એ. આહાહા! અનંત આનંદનો બાદશાહ પ્રભુ, અનંત ગુણનો બાદશાહ, સ્વામી એ અપના ગુણપણે પરિણમે, સમજમેં આયા? એ રાગરૂપે પરિણમના, ( પર્યાયમેં ) પરિણમે ભલે એ જ્ઞાન જાને, પણ પરિણમના યે મેરી ચીજ હૈ, મેરે પરિણમને લાયક મૈં હું ઐસા નહીં. આહાહા! ભારે આવી વાતું.

“પરભાવકી ઉપાધિમાત્રસે પ્રવર્તમાન ત્યાગકે કર્તૃત્વકા નામ આત્માકો હોને પર ભી” કયા કહેતે હૈ? ભગવાન આત્મા આનંદ અને જ્ઞાન સ્વરૂપી પ્રભુ અપનેમેં જાના કે આ રાગાદિ હૈ, મેરેમેં સમકિત તો હૈ, જ્ઞાન હૈ, સ્વરૂપકા આચરણ ભી અંશે હૈ. પણ ચારિત્ર નામ ધરાવે ઐસા આચરણ નહીં. સમજમેં આયા? આહાહાહા!

તો વો જ્યારે અંતરમેં અંતર સ્વભાવસે રાગ પર હૈ ઐસા જાના તો સમ્યગ્દર્શનમેં આયા હૈ પહેલે. પણ જાના વો હી સમયે ઉસરૂપ ન હોના, અને જ્ઞાન ને આનંદરૂપ હોના ઉસકા નામ ચારિત્ર અને પ્રત્યાખ્યાન હૈ. અરે! એની વિધિની ખબર ન મળે. આહાહાહા!

શીરા હલવા હોતા હૈ તો આટા ઘી પહેલાં પી જાતે હૈ, આટા ઘી પીછે ગુડ સકકરકા પાની નાખતે હૈ ને? તો આ ( આટા ઘી ) પી જાય છે તો મોંઘા પડતે હૈ હમારે, તો કયા કરના હૈ? કે પહેલે ગુડકા પાનીમેં આટા શેકો. પીછે નાખો ઘી, એ શીરા તો નહીં બનેગા મગર લોપરી નહીં બનેગી. હૈ! આહાહા? મોંઘુ પડે પણ એ કર્યે જ છૂટકા હૈ.

એમ કે ઐસા પ્રત્યાખ્યાન? હા, કે ઐસા પ્રત્યાખ્યાન. સમજમેં આયા? ભગવાન આત્મા શુદ્ધ સ્વભાવકા પરિણમન શ્રદ્ધા જ્ઞાનકા હૈ, અંશે સ્થિરતા ભી હૈ, પણ વિશેષ અસ્થિરતા બહોત હૈ. આહાહાહા... તો આહીં જ્યારે પ્રત્યાખ્યાનકે સમય ઉસકો જાના કે આ હૈ, ઔર જાનકર વહાંસે હઠકર જ્ઞાનમેં સ્થિર હુઆ, ઉસકા નામ પ્રત્યાખ્યાન હૈ. આવી વ્યાખ્યા હવે. આહા... ભાષા તો સાદી પણ પ્રભુ ભાવ તો હૈ એ હૈ. આહાહા!

આહા! પરભાવકી ઉપાધિ માત્રસે પ્રવર્તમાન ત્યાગકે કર્તૃત્વકા નામ કથન હોને પર ભી, નામ માત્ર હૈ. પરમાર્થસે દેખા જાય તો પરભાવકે ત્યાગકા કર્તૃત્વકા નામ અપનેકો ( હૈ ) નહીં. એ રાગકા ત્યાગ આત્મા કરતે હૈ ઐસા હૈ હી નહીં કયોંકિ વસ્તુ વસ્તુરૂપે જ્યાં હૈ ત્યાં ઠર્યા ત્યાં રાગ છૂટ ગયા તો રાગકા ત્યાગ કિયા એ તો નામમાત્ર કથન હૈ. આહાહાહા! આવી વાતું હવે. આને પચ્ચખાણ કહેવું. ઉસકો ત્યાગ ચારિત્ર કહેના, ઉસકો નિશ્ચય વ્રત કહેના, નિશ્ચયવ્રત સ્વરૂપ, સ્વરૂપમેં વીંટાઈ ગયા અને આનંદનો નાથ ભગવાન એ આનંદમેં વીંટાઈ ગયા, લીન હો ગયા. આહાહાહા! આવી વ્યાખ્યા. ( શ્રોતાઃ– આવી જ વ્યાખ્યા હોય, બીજી હોય જ નહીં. )

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


વસ્તુ સ્વરૂપ જ એવું છે ને ભાઈ. મોંઘુ પડે પણ રીત તો આ છે, આટાને શેકતા ઘી પીવાઈ જાય માટે આટાકો પહેલે પાણીમેં શેકના પછી ઘી નાખો. ત્રણેય તારા જશે આટા, ઘી ઔર સકકર ત્રણેય નાશ થશે. શીરા- ફલવા નહીં હોગા એમ ભગવાન આત્માકો પહેલે સમ્યગ્દર્શન જ્ઞાનમેં પ્રતીતમેં અંતર સન્મુખ હોકર લેના પડેગા. મોંઘા પડે પણ વસ્તુ તો એ હૈ.

ઔર પીછે રાગકા ત્યાગ માટે વસ્તુના સ્વભાવમાં રાગ પર હૈ ઐસા જાના, ઐસા જાનકર જ્ઞાન જ્ઞાનમેં જમ ગયા. આત્મા આત્મામેં જમ ગયા, એ 'નાણં મુણેયવ્યા' એ જ્ઞાન એટલે આત્મા તે પચખાણ છે. આહાહાહા ! આવી વાતું હવે સાંભળવા મળે નહીં, પ્રભુ શું કરે ? આવા અવસર મળ્યા, મનુષ્યપણાના બીજે ક્યાંય સાંભળવાનું મળે નહીં. ( શ્રોતાઃ- અને મળે ત્યાં વિપરીત મળે ) વિપરીત મળે. આહાહા... માર્ગ મોંઘો પડે, દુર્લભ લાગે, પણ માર્ગ તો આ હૈ. આહાહાહા... એક હોય ત્રણ કાળમાં પરમાર્થનો પંથ. ઓહોહો ! સંતોએ શું કરૂણા કરીને ટીકા કરી છે. આહાહા !

ભગવંત ! કાલે આવ્યું 'તું નહીં ? ભગવત્ સ્વરૂપ જ્ઞાન, ભગવાન જ્ઞાતા-દ્રવ્ય સંસ્કૃતમાં ભગવત્ જ્ઞાતૃ દ્રવ્ય. આહાહા... એ અપના જ્યારે જ્ઞાન સ્વ જ્ઞેયકો બનાકર, પરજ્ઞેયકા જો જ્ઞાન કરતે થે એ પર્યાયે સ્વજ્ઞેયકા જ્ઞાન કિયા ત્યારે ઉસકો સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન હુઆ. ત્યારે હવે ચારિત્ર કબ હોતા હૈ ? એ જ્ઞાન સ્વરૂપકા જ્ઞાન હુઆ. જ્ઞાન સ્વરૂપકી પ્રતીત હુઈ, અનુભવ એ જ્ઞાન ને આત્મા રાગકો અપના સ્વભાવસે રાગરૂપે હોના એ મેરી ચીજ નહીં, સ્વભાવ મેરા નહીં, ઐસા સ્વભાવ જાનકર સ્વભાવમેં સ્થિર હો જાના, સ્થિર હો જાના, જામી જાના જેમ પાની હૈ યહ બરફરૂપ જામી જાતા હૈ, બરફ. એમ ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપી પ્રભુ આનંદસ્વરૂપી ભગવન્ એ આનંદમેં જમ જાના, રમ જાના, લીન હો જાના. આહાહા... ઉસકા નામ રાગકા ત્યાગ નામમાત્ર હૈ. વસ્તુ તો વસ્તુમેં ઠર ગઈ હૈ. પાટણીજી ! આવી વાતું છે, ભાઈ લોકોને ન બેસે એટલે પછી વિરોધ કરે, શું કરે બાપા ? ભાઈ તને તારી પદ્ધતિની ખબર નથી. આહા !

સમ્યગ્દર્શન જ્ઞાન અને ચારિત્ર એની પરિણતિની પદ્ધતિની પ્રભુ તને ખબર નથી. એથી તું વિરોધ કર કે આ વ્રત હૈ ને આ ક્રિયા, એ ચારિત્ર નહીં, અરે પ્રભુ સૂન તો સહી ! વ્રતાદિનો ભાવ એ તો રાગ હૈ. આહાહા... એ જ્ઞાને જાણ્યું કે આ રાગ હૈ, એવું જ્ઞાન જ્ઞાનમેં આ પર હૈ ઐસા જાનકર, જ્ઞાન સ્વઘરમેં જમ ગયા, પરઘરમેં પરિણતિ ન ગઈ, આહાહાહા... આ પહેલાં જ્ઞાન તો કરે કે આ ચીજ ઐસી હૈ. આહાહાહા !

અહીં તો ભગવન્ એમ કહેતે હૈ સંતો કે પરભાવકે ત્યાગકા કર્તૃત્વ નામ અપનેકો ( હૈ ) નહીં. હૈં ? રાગકા ત્યાગ એ આત્મામેં હૈ હી નહીં. કયોંકિ આત્મા આનંદરૂપે રહ્યા ત્યાં ત્યાગ હો ગયા. રાગકા ત્યાગ કિયા ઐસા તો હૈ હી નહીં. આહાહાહા... હવે આવી વાતું સમજવી.

અરે આઠ વર્ષના બાળકો પણ ચારિત્ર ગ્રહણ કરે છે. આહાહા... રાજકુમારો જેના સોના જેવાં શરીર, આહાહા... ભરત ચક્રવર્તીના પુત્ર, એકસો આઠ મણીરત્નની ગેડી અને દડે રમતે થે, એમાં જયકુમારકા સૂના, જયકુમાર આખા ( સૈન્યકા ) સેનાપતિના નાયક, એક માણસ નીકળ્યો' તો, એ કહે જયકુમારે દીક્ષા લિયા હૈ. ઓહો ! સેનાપતિ છન્નું કરોડ પાયદળનો નાયક, એમણે ચારિત્ર ગ્રહણ કિયા, સ્વરૂપમેં રમણતા પ્રગટ કિયા. આહાહા... એ બાળકો છોટી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

ઉંમરના પંદર, સોળ, અઢાર, અઢાર વર્ષની ઉંમરના એકસો ને આઠ બાળકો રમતે થે મણી રતનના દડાથી અરે. આહાહા ! એની માતાએ સિપાઈને મોકલ્યો માણસને ( બાળકોનું ) ધ્યાન રાખજો.

હવે આને શું કરવું ? જો એમ કહે કે અમારે ભગવાન પાસે દીક્ષા લેવા જાવું છે તો ઓલા સાથે સિપાઈ હતા એ એમ કહે ભાઈ ચાલો આપણે ભગવાનના દર્શન કરશું, એમ કરતા ભગવાન પાસે ગયે. આહાહાહા ! અઢાર અઢાર વર્ષના રાજકુમારો સોનાના પૂતળા જેવા ! રતનમણીના કાંતિના પાર નહીં ઐસા પુત્રો. પ્રભુને કહે પ્રભુ અમને ચારિત્ર ગ્રહણ કરાવો. આહાહાહા ! એ કહેતે હૈ કે પ્રભુ જ્યાં આતે હૈ, ત્યાં અંદર સ્વરૂપમાં સ્થિર હો જાતા હૈ. આહાહા ! ચારિત્ર એટલે રાગથી રહિત સ્વરૂપમેં રમણતા, ચરના, જમના, આનંદકા ભોજન કરના. આહાહા... પશુ ચારો ચરતે હૈ ને તો કોઈ વસ્તુ હોય ઉસકા ચારા ચરતે હૈ ને ? ઘાસ હોય લીલું, એમ ભગવાન આનંદનો નાથ અપના આનંદકા ચારા ચરતે હૈ અંદર. આનંદકા ભોજન કરતે હૈ, આનંદકા કવળ લેતે હૈ અંદર, આ ઉસકા નામ ચારિત્ર હૈ. આહાહા ! ધન્ય અવતાર અને એ કર્યાં વિના મુક્તિ નહીં હૈ. સમજમેં આયા ?

એકલા સમ્યગ્દર્શન જ્ઞાનથી કાંઈ મુક્તિ નહીં હોતી હૈ, સાથમેં ચારિત્ર આયેગા તબ મુક્તિ હોગી. આહાહાહા ! ( શ્રોતાઃ– સમ્યગ્દર્શન થાય એટલે ચારિત્ર આવ્યા વગર રહે જ નહીં. ) રહે જ નહીં, પણ આ તો ચારિત્ર હશે તબ ઐસી સ્થિતિ હોગી એમ. સમ્યગ્દર્શન જ્ઞાન હોને પર ભી અચારિત્રકા જે પરિણમન હૈ વિભાવકા ઉસકો જ્ઞાન જાનતે હૈ, પ્રતીત કરતે હૈ કે આ મેરી ચીજ નહીં, મેરા ભાવ નહીં, પરભાવ હૈ, ઉપાધિભાવ હૈ. ઐસા જાનકર નિરૂપાધિરૂપ અપના સ્વભાવમેં જમ જાના. આહાહાહા... આનંદકા ઉગ્ર અનુભવ હોના ઉસકા નામ ચારિત્ર હૈ. ચરના અંદર ચરના, ચરે છે ને ગાય, એમ આત્મામાં આનંદ સ્વરૂપ જો ખેતર ( સ્વક્ષેત્ર ) પડા હૈ, ઉસકા અનુભવ દૃષ્ટિ તો હૈ હવે ઉસકો અનુભવ ચરતે હૈ– આહાહાહા... આનંદમેં હિલોળે ચઢતે હૈ અંદરમેં ઉસકા નામ પ્રત્યાખ્યાન અને ચારિત્ર હૈ પ્રભુ. આહાહાહા !

પરભાવકે ત્યાગ કર્તૃત્વકા નામ અપનેકો નહીં, સ્વયં તો એ નામસે રહિત હૈ. આનંદ સ્વરૂપ ભગવાન ઉસકા પ્રતીતિ ને જ્ઞાન હુઆ. પણ વિશેષ આનંદ જબ અંતરમેં રમતે હૈ તબ વિશેષ આનંદ આયા તો આનંદમેં ( રમતે હૈં તો ) રાગકા અભાવ હો ગયા, એ રાગકા ત્યાગ કિયા એ નામ માત્ર હૈ. એ વસ્તુ ( આત્મચીજ ) જ્ઞાનરૂપે હુઈ, યે રાગરૂપે હુઈ હી નહીં, હુઈ નહીં પીછે ત્યાગ કયા કહેના ? આહાહાહા ! ( ત્યાગ કિયા વો કથનમાત્ર હૈ )

આવો મારગ ! કાયરના તો કાળજાં કંપી જાય એવું છે. માર્ગ આવો છે એવો પહેલાં જ્ઞાનમાં આવો નિર્ધાર તો કર. આહાહા ! પીછે ત્યાગકે સમયમેં જ્ઞાનસ્વરૂપી ભગવાન જે આનંદદળ, જ્ઞાનદળ, સ્વભાવ દળ, વીતરાગ દળ, એ વીતરાગભાવરૂપે જમ જાય, એ રાગકા ત્યાગ કિયા એ તો નામમાત્ર હૈ. એ જમ ગયા અંદર રાગ રહા નહીં તો એ ત્યાગ કિયા એ નામમાત્ર કહેનેમેં આતા હૈ. પરકા ત્યાગકી તો બાત હૈ હી નહીં યહાં, શરીર સ્ત્રી કુટુંબ પરિવાર એ તો પરકા ત્યાગ અને ગ્રહણ તો આત્મામેં હૈ હી નહીં પણ આ રાગકા ત્યાગ એ ( ભી ) નામમાત્ર હૈ. આહાહાહા ! ગજબ વાત હૈ– માલચંદજી ! આ તો આમાં બુદ્ધિ જોઈએ થોડી અંદર.

આહાહા...

એ ભગવાન આત્મા, આનંદનો સાગર પ્રભુ ઐસા ભાન ને જ્ઞાન હુઆ. છતેં જ્યાં આનંદની દશાની રમણતામાં કમજોરીને કારણે રાગકા દુઃખકા વેદન હૈ. એ દુઃખકા વેદન હૈ વો આનંદ સમયે જાન્યા કે આનંદકી સાથ જ્ઞાને જાણ્યા કે આ દુઃખકા વેદન હૈ. એ પરભાવ હૈ મેરી ચીજ નહીં. આહાહા !

અપને આનંદમેં જમ જાતે હૈ રમ જાતે હૈ ત્યારે રાગ આયા નહીં તો રાગકા ત્યાગ કિયા ઐસા કથનમાત્ર હૈ. એ તો રાગરૂપે હુઆ છે જ ક્યાં ? એ તો આનંદરૂપે હુઆ હૈ. રાગરૂપે હુઆ સ્વભાવ અને પછી છોડે છે એ બાતેય નહીં. આહાહાહાહા ! સમજમેં આયા ? આવો મારગ એટલે લોકોને એ એકાંત છે, એકાંત છે એમ પ્રભુ કરે છે હો. ( શ્રોતાઃ– ખબર નહીં યહ બાતકી ) બાપુ મારગ તો આ હૈ ભાઈ ! એકાંત છે. એમ કે આ વ્યવહાર દયા દાન વ્રત ભક્તિ કરતે હૈ ઉસસે ભી નિશ્ચય હો, ઐસે માનતે હૈ અરે પ્રભુ એ એકાંત તો મિથ્યા એકાંત હૈ– મિથ્યા અનેકાંત હૈ. આહાહાહા ! સમ્યક્ એકાંત તો આ હૈ. રાગરૂપે ન હોના અને સ્વભાવ, સ્વભાવરૂપે પરિણમન કર જાના. આહાહા ! એ સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રકી પરિણતિ મોક્ષમાર્ગ હૈ. બાકી બધી વાતું હૈ. આહાહા ! કોઈ શાસ્ત્રમેં, ગ્રંથમેં ઐસા આયા હો, કે દયા એ ધર્મ હૈ, પણ ઈ તો વ્યવહારની વાત હૈ બાકી પરકી દયાકા ભાવ એ તો એની ટીકા કરતા હૈ "પુરુષાર્થ સિદ્ધિ ઉપાય"મેં લિયા હૈ કે પરકી દયાકા ભાવ એ રાગ હૈ, અને રાગ હૈ યહ સ્વરૂપકી હિંસા હૈ. ( સૂનકર ) રાડ નાખતે હૈ લોકો.

ભગવાન જ્ઞાન સ્વરૂપમાં રાગ આયા તો રાગ તો સ્વરૂપકી હિંસા હુઈ, ઈતની અસ્થિરતા હુઈ. આહાહા ! હવે એ કહે દયા તો ધર્મ કહા હૈ અને તુમ કહેતે હૈ રાગ હૈ એ હિંસા હૈ. અરેરે ! પ્રભુ તું શું કરે છે ?

"અહિંસા પરમો ધર્મ" એ તો રાગકી ઉત્પત્તિ ન હોના અને વીતરાગ સ્વભાવકી ઉત્પત્તિ હોના એ "અહિંસા પરમો ધર્મ" હૈ. આહાહાહા ! પરમાર્થસે દેખા જાય તો પરભાવકે ત્યાગ કરનેકા નામ અપનેકો નહીં. આહાહાહાહા ! એ રાગરૂપ હુઆ હી નહીંને પીછે ? પહેલે થા, ઓ જાના, જાનકર સ્વરૂપમેં ઠર ગયે ઔર રાગરૂપ હુઆ હીં નહીં તો રાગકા ત્યાગ કિયા એ નામ કથન હૈ. આહાહા ! અરેરે આ વિધિ તો ચારિત્રની આ હૈ, પ્રત્યાખ્યાન કહો, પચખાણ કહો, રાગકા અભાવ સ્વભાવ રૂપ કહો, ચારિત્ર કહો, મોક્ષકા માર્ગમાં ચારિત્ર કહો એ આ હૈ. અરે આવી ચારિત્રની ખબરેય ન મળે. આહાહા !

સ્વયં તો એ નામસે રહિત હૈ. ભગવાન તો આનંદ ને જ્ઞાન સ્વરૂપ હૈ તો જ્ઞાન સ્વરૂપ હો ગયા, એમાં રાગકા ત્યાગકા નામમાત્ર, ઉસમેં હૈ નહીં. આહાહા... જૈસે પ્રજ્ઞાબ્રહ્મ પ્રભુ–પ્રજ્ઞા નામ જ્ઞાન ને બ્રહ્મ નામ આનંદ સ્વરૂપ જૈસા હૈ ઐસા હો ગયા સ્થિરતા, ઈસને રાગકા ત્યાગ કિયા એ તો કથનમાત્ર હૈ. આહાહાહાહા ! સુમેરુમલજી ! ગાથા બહોત અચ્છી આઈ હૈ એકત્રીસ, બત્રીસ, તેત્રીસ, ચોત્રીસ તુમ આયાને એકત્રીસ ગાથા શૂરૂ હુઈ બડી અચ્છી આઈ હૈ. ભગવાન ! આહાહા ! રાગ અને શરીરસે ભિન્ન ભગવાન આનંદકા નાથ બિરાજતે હૈ ને ! આહાહા !

"કહે વિચિક્ષણ પુરુષ સદા મેં એક હું અપને રસસે ભર્યો અનાદિ ટેક હું"

મેરા જ્ઞાન ને આનંદના વીતરાગી સ્વભાવસે ભરા (પડા) હું અનાદિસે, આહાહા! "મોહકર્મ મમ નાહીં. કર્મ નહીં રાગ, રાગ મોહ મમ નાહીં, નાહીં ભ્રમકૂપ હૈ" પણ એ વિકાર પણ ભ્રમનો કૂવો છે. મૈં "શુદ્ધચેતના સિંધુ હમારો રૂપ હૈ" આહાહા... બહેનમાં નહોતું આવ્યું, રાગ મર્યાદિત હૈ. મર્યાદિત હૈ માટે ત્યાંસે છૂટના હોગા, અમર્યાદિત ભગવાન આત્માકો સ્વરૂપકો અંદર પકડેગા તો વહાંસે (સ્વરૂપસે) છૂટના નહીં હોગા. આહાહા! અરેરે! સ્વયં તો ઈસ નામસે રહિત હૈ. આટલી લીટીમેં કિતના ભર્યા હૈ. આહાહા! એક 'જગત' શબ્દ હોય તો એ જગત શબ્દમેં કિતના ભર્યા હૈ? સારા લોક! અક્ષર ત્રણ જ–ગ–ત એકાક્ષરી કાંઈ કાનો માત્ર મીંડુ કાંઈ નહીં – 'જ–ગ–ત' એમ કહેનેમેં કયા આયા? સારા લોક આ ગયા. આહાહાહા... ઐસા આ 'આત્મા' અક્ષરમેં સારા ભાવ આ ગયા અંદરમેં, દર્શન જ્ઞાન ચારિત્રકા કયા સ્વરૂપ હૈ વહ આ ગયા ઉસમેં. આહાહા! થોડું પણ સત્ય હોના ચાહીએ. વિશેષ મોટા મોટા પૂંછડા લંબા–લંબા લગાડી દે જાણપણાના ને ધારણાના, આહાહા... ઐસે તો અગિયાર અંગ અનંતબૈર કંઠસ્થ કિયા ઉસમેં કયા આયા? આહાહા... ભગવાન જ્ઞાનકા પાતાળ કૂવા અનંત સ્વભાવકા ભરા જ્ઞાનસે, ઉસકા જ્ઞાન કરના ઉસકી પ્રતીતિ કરના અને ઉસમેં રમના ઉસકા નામ દર્શન જ્ઞાન ચારિત્ર હૈ. આહાહાહા! કહો, ઝાંઝરીજી! આવી વાત છે ભાઈ. આહા! વિમળચંદજી હૈ કે નહીં? હા, છે. આવું છે.

કયોંકિ જ્ઞાન સ્વભાવસે તુમ છૂટયા નહીં ને જ્યાં પરિણમન હુઆ ત્યાં રાગમેં તો આયા હી નહીં ને. આહાહાહા! જ્ઞાન સ્વરૂપ ભગવાન પૂર્ણાનંદ પ્રભુ ઉસમેં દૃષ્ટિ અને જ્ઞાન તો થા. પણ અંદરમેં રમ ગયા અંદર સ્વરૂપમેં ઘરમેં, પરઘરમેં આયા હી નહીં ને નિજ ઘરમેં રમ ગયા તો પરભાવકા ત્યાગ તો નામમાત્ર– કથનમાત્ર હૈ. પર ઘરમેં ગયા ક્યાં હૈ. આહાહા! કહો નવરંગભાઈ! આનું નામ પચખાણ. આહાહા! ધન્યકાળ ધન્ય અવસર. આહાહા... જે સમયે પ્રત્યાખ્યાનકી દશા. ઉસકો પહેલે પ્રતીતમેં તો લે કે મારગ તો આ હૈ. સમજમેં આયા? કરી શકે નહીં ભલે પણ કરને લાયક તો આ હૈ. આહાહા...

જ્ઞાન સ્વભાવસે સ્વયં તો છૂટા નહીં. ઈસલિયે પ્રત્યાખ્યાન જ્ઞાન હી હૈ. આયા ચોથું પદ, છે ને ચોથું પદ "નાણં નિયમા મુણેદવ્વં" ચોથું પદ, માટે પ્રત્યાખ્યાન જ્ઞાન છે. જ્ઞાન એટલે આત્મા. અહીંયા જ્ઞાન શબ્દે આત્મા લિયા હૈ. ભગવાન સારા નિર્મળાનંદ વીતરાગ મૂર્તિ પ્રભુ, જિનબિંબ એ આત્મા હી પ્રત્યાખ્યાન હૈ. આહાહાહા! સમજમેં આયા?

ઈસલિયે પ્રત્યાખ્યાન નામ ચારિત્ર અથવા પ્રત્યાખ્યાન(નામ) રાગકા અભાવ સ્વભાવરૂપ પ્રત્યાખ્યાન એ જ્ઞાન એ આત્મા હી હૈ. 'જ્ઞાન' શબ્દ પડા હૈ ને? આહાહા... અને એકસો પંચાવનમાં પણ એ જ લિયા હૈ! "જીવાદિ સદ્હણં" આત્મા જે જ્ઞાન સ્વરૂપ હૈ, ઉસકા પરિણમન હોના, ઉસકા નામ સમ્યગ્દર્શન હૈ. ત્યારે એ લોકો કહે આટલું બધું મોંઘું કરી નાખ્યું. અરે મોંઘું નહીં, જેવું એનું સ્વરૂપ છે એવું જ કહ્યું છે ભાઈ. આહાહા! પુણ્યકો વિષ્ટા કહા ત્યાં રાડ નાખી જાય છે– પણ ભગવાને તો પુણ્યકો ઝેર કહા હૈ, વિષ્ટા તો હજી ભૂંડેય ખા સકે, ઝેર તો મારી નાખે! આહાહાહા!

વ્રતના પરિણામ શુભભાવ એ ઝેર હૈ. આહાહાહા! (શ્રોતાઃ– કોઈ એને ધર્મ કહે અને

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


આપ ઝેર કહો ) અરે શું થાય ભાઈ. એ વ્રત કરતે કરતે સપ્તમા ( ગુણસ્થાન ) હો જાયેગા ? અરે વ્રત એ વ્યવહાર હૈ. છઠ્ઠા ગુણસ્થાન તક વ્યવહાર હૈ અને સપ્તમે વ્યવહાર છૂટ જાય. અરે ભાઈ તને ખબર નથી બાપુ. પહેલે તો સમ્યગ્દર્શન જ્ઞાન હો, પીછે મુનિપણા આનેમેં પહેલે તો સપ્તમ ગુણસ્થાન આતા હૈ, પહેલે છઠ્ઠા નહીં આતા. આહાહાહા... સપ્તમે આતા હૈ તો પીછે વિકલ્પ આતા હૈ તો છઠ્ઠે આ જાતા હૈ. તો એ તો વિકલ્પ આસ્રવ હૈ, રાગ હૈ અને સપ્તમે આયા તો અબુદ્ધિપૂર્વક રાગ હૈ. પણ બુદ્ધિપૂર્વક છૂટ ગયા તો ઈતના નિરાસ્રવ હો ગયા. આહાહાહા... ચારિત્ર હૈ તીન કષાયકા અભાવ હૈ, છતેં મુનિકો ભી રાગ આતા હૈ. ( યહ ) કલુષિત હૈ. અમૃતચંદ્રાચાર્યે કહા ને ત્રીજા શ્લોકમાં, ઓહો ! આત્મજ્ઞાન સમ્યગ્દર્શન ઉપરાંત છઠ્ઠા ગુણસ્થાનને યોગ્ય જે ચારિત્ર દશા ભી હૈ, પણ આ રાગ આયા, એ દુઃખરૂપ હૈ. "કલ્માષિતાયાં" કલુષિત ભાવ હૈ. આહાહા... તો મૈં મેરા શુદ્ધ ચૈતન્યકા ધ્યેય રખકર ટીકા કરુંગા અને ધ્યેયના જોરે એ કલ્માષિત જે અશુદ્ધ પરિણમન એ છૂટ જાઓ. આહાહા ! ઔર મૈં શુદ્ધરૂપ પરિણમન હું યહ મેરી ભાવના હૈ. મુનિ, એમ કહેતે હૈ આચાર્ય. આહાહા !

ઐસા અનુભવ કરના ચાહીએ, જોયું ? ઈસલિયે પ્રત્યાખ્યાન આત્મા હી હૈ. જ્ઞાન શબ્દે આત્મા લિયા. ઐસા અનુભવ કરના ચાહિયે, ઐસા અનુભવ કરના ચાહિયે. આહાહાહા ! ભગવાન પૂર્ણાનંદકે અનુસારે સ્થિરતાકા અનુભવ કરના ચાહીએ. નિર્વિકલ્પ સ્વસંવેદન જ્ઞાનકા અનુભવ કરના ચાહિયે ઉસકા નામ ચારિત્ર હૈ. આહાહાહાહા ! અરે ધન્ય ભાગ્ય ! એ પ્રત્યાખ્યાન અને ચારિત્ર બાપા. આહાહા ! એ મોક્ષને આંગણે આવી ગયા. અંગનમેં આ ગયા હવે અંદર પ્રવેશ કરેગા તબ મોક્ષ હોગા. આહાહા ! ભાવાર્થઃ- વિશેષ આયેગા.

( શ્રોતાઃ- પ્રમાણ વચન ગુરુદેવ. )

## પ્રવચન નં. ૧૦૦ ગાથા - ૩૪-૩૫ તા. ૫-૧૦-૭૮ ગુરૂવાર આસો સુદ-૩ સં. ૨૫૦૪

ચોત્રીસ ગાથાનો ભાવાર્થ હૈ ને ? આત્મામેં પરભાવના ત્યાગનું કર્તાપણું જે છે તે નામ માત્ર છે. કેમકે જ્ઞાન સ્વરૂપ છે એને રાગનો ત્યાગ કરે એ તો નામમાત્ર છે. રાગરૂપે જ્ઞાન સ્વરૂપ હોતા હી નહીં, થા હી નહીં. એ જ્ઞાન સ્વરૂપ એને રાગના ત્યાગનું કર્તાપણું નામમાત્ર છે. પોતે તો જ્ઞાનસ્વભાવ છે. જ્ઞાન સ્વભાવમાં જે રાગનું પરિણમન હતું, તે રૂપે પરિણમન ન હુઆ અને જ્ઞાનરૂપે રહ્યા એનું નામ પચખાણ. આહાહાહા ! પરદ્રવ્યને પર જાણ્યું. રાગાદિ પરદ્રવ્યને જ્ઞાનમાં પર જાણ્યું, પછી પરભાવનું ગ્રહણ નહીં, એ રાગરૂપે પરિણમન નહીં, ગ્રહણ નહીં નામ રાગરૂપે પરિણમન નહીં તે ત્યાગ છે. આહાહાહા ! બહારના ત્યાગની તો વાત શું કરવી ( ના ) કહે છે, આહાહાહા... પણ ભગવાન જ્ઞાનસ્વરૂપ પ્રભુ એ પર રાગરૂપે થા, રાગરૂપે પર્યાય હતી એ જ્ઞાનસ્વભાવરૂપે રહી અને રાગરૂપે ન થઈ, એનું નામ પચખાણ. આહાહા... આવી વાત છે. પછી પરભાવનું પરિણમન ન થયું તે ત્યાગ છે. આહાહા !

સ્થિર થયેલું જ્ઞાન તે જ પ્રત્યાખ્યાન છે, આ ખુલાસો. જ્ઞાન સ્વરૂપ ભગવાન જે રાગમાં અસ્થિરપણે પરિણમન હતું, તે સ્વભાવ પોતે પરપણે પરિણમને લાયક નહીં, છતાં પર્યાયમેં થા,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


દ્રવ્ય સ્વભાવ નહીં, ( ક્યા કહા ? ) દ્રવ્ય સ્વભાવ નહીં, આહાહા... પણ પર્યાયમાં રાગનું પરિણમન હતું, એ જ્ઞાનસ્વરૂપ છું એમ જાણીને ઠર્યો અંદર એ પર છે એ પર છે, હું તો જ્ઞાનસ્વરૂપ છું એમ જાણીને અંદર સ્થિર થયો એ પચખાણ. આહાહા... આવા પચખાણની વ્યાખ્યા આવી છે, આ ચારિત્રની આ વ્યાખ્યા. આહા ! આ જ્ઞાન સિવાય કોઈ બીજો ભાવ નથી. જ્ઞાનસ્વભાવ જ્ઞાનસ્વભાવરૂપે સ્થિર થયો એ પ્રત્યાખ્યાન છે, એ ચારિત્ર છે. એ વીતરાગ પર્યાય છે. આહાહા... જે રાગ સ્વભાવ સ્વરૂપ, રાગરૂપે સ્વભાવ વ્યાપ્ત ન હોનેલાયક થે, રાગથી વ્યાપ્ત હોવાવાળો નથી, એમ જાણીને જ્ઞાનસ્વભાવ, રાગરૂપે જે પરિણમન હતું, તે પરિણમન ન કર્યું અને જ્ઞાનરૂપે રહ્યું એનું નામ પ્રત્યાખ્યાન અને ચારિત્ર છે. આકરી વાત બાપુ. આહાહા... સાંભળ્યું હોય ગમે તેટલી વાર પણ આ વાત, જુદી જાતની છે ભાઈ. આહાહા... આહા !

* નિરપેક્ષ સ્વભાવના ભાન વિના નિમિત્તનું યથાર્થ જ્ઞાન થાય નહિ, સ્વ–પરપ્રકાશક સ્વભાવ છે, તેમાં સ્વના જ્ઞાન વિના પરનું જ્ઞાન થાય નહિ. ઉપાદાનની સ્વતંત્રતાના જ્ઞાન વગર નિમિત્તનું જ્ઞાન થાય નહિ, નિશ્ચય વિના વ્યવહારનું જ્ઞાન થાય નહિ. જેમ ત્રિકાળી દ્રવ્ય સ્વતંત્ર નિરપેક્ષ છે, તેમ તેની સમય સમયની પર્યાય પણ નિરપેક્ષ સ્વતંત્ર છે. સમય સમયની પર્યાય પોતાના કારણે જ થાય છે.

( પરમાગમસાર - ૭૬૫ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


## ગાથા - ૩૫

अथ ज्ञातुः प्रत्याख्याने को दृष्टान्त इत्यत आह-

जह णाम को वि पुरिसो परदव्वमिणं ति जाणिदुं चयदि।
तह सव्वे परभावे णाऊण विमुंचदे णाणी।।३५।।

यथा नाम कोऽपि पुरुषः परद्रव्यमिदमिति ज्ञात्वा त्यजति।
तथा सर्वान् परभावान् ज्ञात्वा विमुञ्चति ज्ञानी।।३५।।

यथा हि कश्चित्पुरुषः सम्भ्रान्त्या रजकात्परकीयं चीवरमादायात्मीय- प्रतिपत्त्या परिधाय शयानः स्वयमज्ञानी सन्नन्येन तदञ्चलमालम्ब्य बलान्नग्नीक्रियमाणो मंक्षु प्रतिबुध्यस्वार्पय परिवर्तितमेतद्वस्त्रं मामकमित्यसकृद्वाक्यं शृण्वन्नखिलैश्चिह्नैः सुष्ठु परीक्ष्य निश्चितमेतत्परकीयमिति ज्ञात्वा ज्ञानी सन् मुञ्चति तच्चीवरमचिरात्, तथा ज्ञातापि सम्भ्रान्त्या परकीयान्भावानादायात्मीयप्रतिपत्त्यात्मन्यध्यास्य शयानः स्वयमज्ञानी सन् गुरुणा परभावविवेकं कृत्वैकीक्रियमाणो मंक्षु प्रतिबुध्यस्वैकः खल्वयमात्मेत्यसकृच्छ्रौतं वाक्यं शृण्वन्नखिलैश्चिह्नै : सुष्ठु परीक्ष्य निश्चितमेते परभावा इति ज्ञात्वा ज्ञानी सन् मुञ्चति सर्वान्परभावानचिरात्।

---

હવે પૂછે છે કે જ્ઞાતાનું પ્રત્યાખ્યાન જ્ઞાન જ કહ્યું તેનું દૃષ્ટાંત શું છે? તેના ઉત્તરરૂપ દૃષ્ટાંત-દાર્ષ્ટાંતની ગાથા કહે છેઃ-

આ પારકું એમ જાણીને પરદ્રવ્યને કો નર તજે,
ત્યમ પારકા સૌ જાણીને પરભાવ જ્ઞાની પરિત્યજે. ૩૫.

ગાથાર્થઃ- [ यथा नाम ] જેમ લોકમાં [ कः अपि पुरुषः ] કોઈ પુરુષ [ परद्रव्यम् इदम् इति ज्ञात्वा ] પરવસ્તુને 'આ પરવસ્તુ છે' એમ જાણે ત્યારે એવું જાણીને [ त्यजति ] પરવસ્તુને ત્યાગે છે, [ तथा ] તેવી રીતે [ ज्ञानी ] જ્ઞાની [ सर्वान् ] સર્વ [ परभावान् ] પરદ્રવ્યોના ભાવોને [ ज्ञात्वा ] 'આ પરભાવ છે' એમ જાણીને [ विमुञ्चति ] તેમને છોડે છે.

ટીકાઃ-જેમ-કોઇ પુરુષ ધોબીના ઘરેથી ભ્રમથી બીજાનું વસ્ત્ર લાવી, પોતાનું જાણી ઓઢીને સૂતો છે ને પોતાની મેળે અજ્ઞાની (-આ વસ્ત્ર બીજાનું છે એવા જ્ઞાન વિનાનો) થઈ રહ્યો છે; જ્યારે બીજો તે વસ્ત્રનો ખૂણો પકડી, ખેંચી તેને નગ્ન કરે છે અને કહે છે કે 'તું શીઘ્ર જાગ, સાવધાન થા, આ મારું વસ્ત્ર બદલામાં આવી ગયું છે તે મારું મને દે', ત્યારે વારંવાર કહેલું એ વાક્ય સાંભળતો તે, (એ વસ્ત્રનાં) સર્વ ચિહ્નોથી સારી રીતે પરીક્ષા કરીને, 'જરૂર આ વસ્ત્ર પારકું જ છે' એમ જાણીને, જ્ઞાની થયો થકો, તે (પરના) વસ્ત્રને જલદી ત્યાગે છે. તેવી રીતે-જ્ઞાતા પણ ભ્રમથી પરદ્રવ્યોના ભાવોને ગ્રહણ કરી, પોતાના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


**જાણી, પોતામાં એકરૂપ કરીને સૂતો છે ને પોતાની મેળે અજ્ઞાની થઈ રહ્યો છે; જ્યારે શ્રી ગુરુ પરભાવનો વિવેક ( ભેદજ્ઞાન ) કરી તેને એક આત્મભાવરૂપ કરે અને કહે કે 'તું શીઘ્ર જાગ, સાવધાન થા, આ તારો આત્મા ખરેખર એક ( જ્ઞાનમાત્ર ) જ છે, ( અન્ય સર્વ પરદ્રવ્યના ભાવો છે ), ' ત્યારે વારંવાર કહેલું એ આગમનું વાક્ય સાંભળતો તે, સમસ્ત ( સ્વ-પરનાં ) ચિહ્નોથી સારી રીતે પરીક્ષા કરીને, 'જરૂર આ પરભાવો જ છે' ( હું એક જ્ઞાનમાત્ર જ છું ) એમ જાણીને, જ્ઞાની થયો થકો, સર્વ પરભાવોને તત્કાળ છોડે છે.**

**ભાવાર્થઃ-જ્યાં સુધી પરવસ્તુને ભૂલથી પોતાની જાણે ત્યાં સુધી જ મમત્વ રહે; અને જ્યારે યથાર્થ જ્ઞાન થવાથી પરવસ્તુને પારકી જાણે ત્યારે બીજાની વસ્તુમાં મમત્વ શાનું રહે ? અર્થાત્ ન રહે એ પ્રસિદ્ધ છે.**

## પ્રવચન નં. ૧૦૦ ગાથા - ૩૫ તા. ૫-૧૦-૭૮

હવે પૂછે છે કે, જ્ઞાતાનું પ્રત્યાખ્યાન જ્ઞાન જ કહ્યું, ભગવાન આત્મા જાણનાર દેખનાર સ્વભાવ એનું પ્રત્યાખ્યાન એટલે ચારિત્ર જ્ઞાન જ કહ્યું એનું દૃષ્ટાંત શું છે. એના ઉત્તરરૂપ દૃષ્ટાંત–દાર્ષ્ટાંતની ગાથા કહે છે.

जह णाम को वि पुरिसो परदव्वमिणं ति जाणिदुं चयदि ।
तह सव्वे परभावे णाऊण विमुंचदे णाणी ।।३५।।

( હરિગીત )

આ પારકું એમ જાણીને પરદ્રવ્યને કો નર તજે,
ત્યમ પારકા સૌ જાણીને પરભાવ જ્ઞાની પરિત્યજે. ૩૫.

ટીકાઃ– જેમ કોઈ પુરુષ ધોબીના ઘરેથી ભ્રમથી બીજા કોઈનું વસ્ત્ર લાવી પોતાનું જાણી ઓઢીને સૂતો છે. દૃષ્ટાંત છે હોં. ને પોતાની મેળે અજ્ઞાની, પોતાની મેળે અજ્ઞાની, આહાહા... થઈ રહ્યો છે, આ વસ્ત્ર બીજાનું છે એવા જ્ઞાન વિનાનો થઈ રહ્યો છે. ત્યારે, જ્યારે બીજો તે વસ્ત્રનો ખૂણો પકડી ખેંચી તેને નગ્ન ઉઘાડો કરે છે, આહાહા... અને કહે છે કે તું શીઘ્ર જાગ, સાવધાન થા, આ મારું વસ્ત્ર બદલામાં આવી ગયું છે, મારું વસ્ત્ર છે તારું નથી. આહાહાહા ! તારા વસ્ત્રને બદલે મારું વસ્ત્ર તને અજ્ઞાનપણે અજાણપણે આવી ગયું છે, તે મારું મને દે. આહાહા ! ત્યારે વારંવાર કહેલું, એક વાર કહેલું નહીં, આહાહા... વારંવાર કહેલું એ વાક્ય સાંભળતો, તે સર્વે ચિહ્નોથી સારી રીતે પરીક્ષા કરી, વસ્ત્રના ચિહ્નોની પરીક્ષા કરી. કે આ વસ્ત્ર મારું નહીં, આહા... જરૂર આ વસ્ત્ર પારકું છે. એમ ઓઢેલું છતાં, આહાહા... એના લક્ષણો જોયા કે મારા વસ્ત્રમાં તો માથે અહીંયા નામ હતું મારું અંગ્રેજી નામ આમાં તો છે નહીં આમાં તો બીજાનું નામ છે. આહાહા ! નાખે છે ને કોટ પાછળ નામ રાખે, આહાહા... જલદી ત્યાગે છે, સારી રીતે પરીક્ષા કરી જરૂર આ વસ્ત્ર મારું નથી એમ જાણીને, પારકું જાણીને જ્ઞાની થયો થકો, એ વસ્ત્રનો જાણનાર એટલો જ જ્ઞાની.

વારંવાર કહેલું વાક્ય સાંભળતો સારી રીતે પરીક્ષા કરી, જરૂર આ વસ્ત્ર મારું નથી એમ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


જ્ઞાની થયો થકો વસ્ત્રને જલ્દી ત્યાગે છે. એટલે ઓઢેલું છતાં એ વસ્ત્ર મારું નથી એમ થઈ ગયું હવે, આહાહા... જ્ઞાનસ્વરૂપે જાણ્યું કે આ તો વસ્ત્રના ચિહ્નો મારા નથી, એટલે અંદર ઓઢેલું છતાં તે પારકું થઈને રહ્યું હવે. આહાહાહા !

તેવી રીતે એ દૃષ્ટાંત થયો. જ્ઞાતા પણ, જાણનારો ભગવાન જ્ઞાનસ્વરૂપી પ્રભુ, ભ્રમથી પરદ્રવ્યોના ભાવોને ગ્રહણ કરી, રાગાદિ પુણ્ય પાપના ભાવ એ પરદ્રવ્યના ભાવ છે, એ સ્વદ્રવ્યના ભાવ નહીં. દ્રવ્યના ભાવ નહીં. પર્યાયમાં ભલે હો પણ એ પરદ્રવ્યના ભાવ છે, એમ કહે છે. આહાહાહા ! પુણ્ય ને પાપના ભાવ, રાગદ્વેષના ભાવ પારકા પોતાના જાણીને પરદ્રવ્યોના ભાવોને જાણીને ગ્રહણ કરીને, પોતાના જાણી, કેમકે ત્યાં જ દૃષ્ટિ હતી, જ્ઞાયકસ્વરૂપ ઉપર દૃષ્ટિ નહોતી. આહાહા ! રાગ ને દ્વેષ ને વિકલ્પના પરિણામ એ ઉપર દૃષ્ટિ ત્યાં હતી, એને હવે ( પોતાનું ) જાણ્યું. આ છે ને ? આહાહા !

પોતાના જાણી પોતામાં એક કરી સૂતો છે. રાગદ્વેષ વિકલ્પ, પોતાનું જ્ઞાનસ્વરૂપ ભિન્ન છે એમ જાણ્યું નથી અને એ રાગાદિ મારા છે એમ કરીને અજ્ઞાનપણે સૂતો છે. તે પોતાની મેળાએ અજ્ઞાની થઈ રહ્યો છે, કર્મને લઈને નહીં. આહાહાહા... એ રાગદ્વેષને લઈને નહીં. પોતાની મેળાએ રાગદ્વેષના ભાવ મારા નથી એમ ન જાણતો, મારા છે એમ જાણતો અજ્ઞાની થઈ રહ્યો છે. આહાહા ! ત્યારે શ્રી ગુરુ પરભાવનું ભેદજ્ઞાન કરી, આહાહા... એને રાગથી ભિન્ન બતાવી પ્રભુ એ રાગના લક્ષણ એ તારા નહીં. આહાહા ! એ તો ત્યાં એમ કહ્યું કે એની મેળાએ નથી એને ગુરુ મળ્યા ભેદજ્ઞાન બતાવનારા એટલી વાત એની મેળાએ નથી જાગ્યો, આમ જાગ્યો છે, એમ કહે છે. ( શ્રોતાઃ- ગુરુએ ઉપદેશ આપ્યોને ) એ ઉપદેશ એણે લીધોને, ગ્રહણ કર્યો ને ? રાગથી ભિન્ન કરવાનું એણે જ્ઞાન કર્યુંને ? ત્યારે ગુરુએ ઉપદેશ દીધો એમ નિમિત્ત કહેવામાં આવે છે. આવી વાત છે. આહાહાહા !

આત્મા જ્ઞાન પ્રમાણે, રાત્રે નહોતું કહ્યું ? ભગવાન આત્મા જ્ઞાન પ્રમાણે છે. અને જ્ઞાન જ્ઞેય પ્રમાણે છે અને જ્ઞેય લોકાલોક છે. આમ જ્યાં જ્ઞાનમાં પ્રમાણમાં જ્ઞાન આત્મા પ્રમાણે છે, ને એ જ્ઞાનની પર્યાય ભલે શ્રુતજ્ઞાનની હો, ( પણ ) એ રાગાદિ છે એ જ્ઞેય છે અને એ જ્ઞાનની વર્તમાન પર્યાય આત્મામાં વ્યાપક છે અને તે જ્ઞાનની પર્યાય જ્ઞેય પ્રમાણે છે, એટલે રાગાદિ જે વસ્તુ છે તેનું જ્ઞાન કરવાને લાયક એ છે. આહાહા... એને પોતાનું માનવાને લાયક એ નથી. આહાહાહા ! સમજાય છે કાંઈ ? એ જ્ઞાનની એક સમયની પર્યાય આત્મામાં વ્યાપક છે, એ પર્યાય, દ્રવ્યને જાણે છે, એ પર્યાય ગુણને જાણે છે, એ પર્યાય અનંતી બીજી પર્યાયને જાણે છે, એ પર્યાય પર્યાયને જાણે છે, એ પર્યાય જ્ઞેય જે રાગ આદિ અનંત, આહાહાહાહાહા... એ અનંત જ્ઞેયો તે જ્ઞાનની પર્યાય જ્ઞેય પ્રમાણે છે એટલે કે જ્ઞેયો જે અનંત છે તેને કરવાને લાયક નથી, જાણવાને લાયક છે, આહાહા... જ્ઞેય પ્રમાણે હોનેલાયક નથી. જાણવા લાયક છે. આહાહા. સમજાય છે કાંઈ ?

એવી જે જ્ઞાનની પર્યાય, એણે પોતાના લક્ષણથી સ્વરૂપને જાણ્યું, તેને રાગાદિના લક્ષણો તે પરજ્ઞેયના છે, ( એ જાણ્યું ). એ મારા જ્ઞાનની પર્યાયમાં એ રૂપે થવું એ મારો દ્રવ્ય સ્વભાવ જ નથી. આહાહા ! પર્યાયમાં છે, પણ મારો દ્રવ્ય સ્વભાવ એ રૂપે થવાનો નથી. આહાહાહાહા...

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

એમ જાણીને એ જ્ઞાનની પર્યાયે રાગના લક્ષણો પર છે એમ જાણીને, આહાહાહા... એ જ્ઞેય તરીકે છે, ચેત્ય ચેતકની નજીકતાને કારણે એમ લાગે છે કે આ જ્ઞેયનું જ્ઞાન છે. ખરેખર તો એ જ્ઞાન જ્ઞાનનું છે. જ્ઞેયનું જ્ઞાન નથી, જ્ઞેય તો પર છે. આવે છે ને ? ચેત્યચેતક ( ગાથા–૨૯૪ ) આહાહા... ભગવાન જ્ઞાન સ્વરૂપે ચેતનાર છે અને રાગાદિ તે જ્ઞેય ચૈત્ય જણાવા લાયક છે બસ, અપના હોનેલાયક હૈ નહીં. આહાહાહા ! રાત્રે તો ઘણું કહ્યું 'તુંને એ તો આવે ત્યારે આવે ને....... સમજાણું કાંઈ ?

એ જ્ઞાન પર્યાયે અપના પોતાના લક્ષણથી જાણ્યું કે હું તો આત્મા જ્ઞાનસ્વરૂપ છું. અને રાગના લક્ષણથી જાણ્યું કે એ તો પર છે. જાણીને જ્ઞાન જ્ઞાનરૂપે રહ્યું અને જ્ઞેયરૂપે પરિણમન પર્યાયમાં ન થયું એનું નામ પ્રત્યાખ્યાન કહેવામાં આવે છે. આવી વાત છે. અહીં તો અત્યારે પ્રત્યાખ્યાન બાહ્ય ત્યાગ કર્યો– પચખાણ લઈ લીધા, બાપુ એ તો બધી વિકલ્પની વાતું બહારની છે. આહાહા ! અહીંયા તો જ્ઞાનની એક સમયની પર્યાય એમ પોતે રાગના લક્ષણને પરદ્રવ્યના ભાવ તરીકે અને સ્વદ્રવ્યનો સ્વભાવ નહીં, એમ ( લક્ષણ ભેદ ) જાણીને એ જ્ઞાનની પર્યાયની તાકાત, એકેક પર્યાયની તાકાતમાં અનંતી સપ્તભંગી ઊઠે. આહાહાહા !

એ જ્ઞાનની એક સમયની પર્યાય પર્યાયપણે છે, એ રાગ–જ્ઞેયપણે નથી. એ પર્યાય પર્યાયપણે છે અને બીજી પર્યાયપણે એ નથી. આહાહાહા... આવો દરિયો ગંભીર હૈ, ભગવાન સ્વભાવ. ( શ્રોતાઃ– બે બોલ થયા ) બે બોલ થયા. એવા અનંતા બોલ લઈ લેવા.

એકેક પર્યાય, આહાહા... ત્યારે જ્ઞાનની એક સમયની પર્યાય સ્વદ્રવ્યને જાણે, અનંત ગુણને જાણે, એ સિવાય અનંતી પર્યાયો જેનો પાર નહીં, પાર નહીં, આહાહાહા... એ પર્યાયોને પણ તે પર્યાય જાણે, અનંતી અનંતી પર્યાય જે પર્યાયમાં આ છેલ્લી છે, એવો કોઈ છેડો જ નથી. આહાહાહા... એવી અનંતી સંખ્યાએ જે પર્યાય એને પણ એ પર્યાય જાણે. આહાહાહા... એવી જ પર્યાય શ્રદ્ધાની, એવી અનંતી અનંતી સ્વજ્ઞેય અને પરજ્ઞેય એને એ શ્રદ્ધે, આહાહાહા... મારા તરીકે નહીં પણ શ્રદ્ધે કે આ પર છે ને આ હું છું. આહા ! એ શ્રદ્ધામાં પણ અનંતી તાકાત છે. આહાહાહા !

રાગરૂપે ન થવું, અને એને બીજી પર્યાયપણે પણ ન થવું. આહાહાહા... એવી અનંતી સ્વજ્ઞાન અને જ્ઞેયનું જ્ઞાન છે તેને એ પ્રતીત કરે છે. આહાહાહા... એ પ્રતીતની પણ પર્યાય અનંત અનંત માહાત્મ્યવાળી છે. કેમકે જ્ઞાનની પર્યાય સ્વજ્ઞાન અને પરજ્ઞેય સિદ્ધો અનંત સિદ્ધો, અનંત નિગોદના જીવો, અલ્પજ્ઞ પર્યાયવાળા અનંત જીવો ગુણે પૂરણ, એમ સર્વજ્ઞ પર્યાયવાળા અનંત જીવો, એને પણ એ જ્ઞાનની પર્યાય, પોતામાં રહીને ( જાણે ) પરનું અસ્તિત્વ છે માટે નહીં, પોતાની તાકાતથી સ્વપરને જાણવાની તાકાતવાળું છે. આહાહાહા ! કહો, નવરંગભાઈ ! આવી વાતું છે. રાતે હતા ને, ત્યારે ઘણું નીકળ્યું 'તું ભાઈ એ તો એની મેળાએ નીકળે છે. નીકળે ત્યારે થાય ને. આહા !

અહીંયા તો શું કહેવું છે કે જ્ઞાન સ્વરૂપી ભગવાન આત્મા એ રાગને પર તરીકે, પરને જ્ઞેય તરીકે જાણવાનો સ્વભાવ છે. એવું જેણે જાણ્યું, એ જાણ્યું કે રાગરૂપે ન થયો અને જ્ઞાનરૂપે રહ્યો, એનું નામ રાગનો ત્યાગ નામમાત્ર કથન છે. આહાહા ! બાકી જ્ઞાનસ્વભાવ ભગવાન રાગ રૂપે

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


થયો જ નથી સ્વભાવ, પર્યાયપણે થયો છે તો એને જાણ્યું કે આ તો પર છે. આહાહાહા ! હું તો તેનો, મારાથી તેના અસ્તિત્વ વિના જાણવું મારો સ્વભાવ છે. આહાહા ! એનું રાગાદિ અસ્તિત્વ છે, માટે તેને હું જાણવાના સ્વભાવવાળો થાઉં છું, એમ નથી. આહાહાહા ! આવી વસ્તુ છે.

એવી એકેક પર્યાય અનંતા સામર્થ્યવાળી, સ્થિરની પર્યાય સ્વરૂપની પણ અનંતી સામર્થ્યવાળી. આહાહા ! રાગરૂપે ન થતાં સ્થિરરૂપે થાય તે પણ પર્યાયની તાકાત અનંતી. આહાહા ! એક જ પર્યાયમાં પણ સ્થિરની પર્યાયમાં અનંતી સપ્તભંગી. આહાહાહા ! એવું જે ભગવાન આત્માનું જ્ઞાનપર્યાય સ્વરૂપ, શ્રદ્ધા પર્યાયસ્વરૂપ, આનંદ પર્યાયસ્વરૂપ એમાંથી જાણ્યું કે રાગાદિ મારા દ્રવ્યના સ્વભાવથી પૂર્ણ વ્યાપ્ત હોવું એ વસ્તુ ( સ્વરૂપ ) નથી. પર્યાયમાં નિમિત્તને લક્ષે પરિણમન થયું, પણ મારો દ્રવ્યસ્વભાવ તેપણે વ્યાપે એવું નથી. એમ દ્રવ્યસ્વભાવને જાણનારી જ્ઞાનની પર્યાય, આહાહાહા... રાગને પર તરીકે જાણવાના સ્વભાવવાળી પર્યાય રાગરૂપે ન થતાં, જ્ઞાનપણે, જ્ઞાનપણે, સ્થિર રહી એ એનું નામ અહીંયા પરનો ત્યાગ કર્યો એ નામમાત્ર છે. આહાહાહા ! આટલી શરતું ને આટલી જવાબદારી. કહો, નવરંગભાઈ !

રાત્રે તો ઘણું કહ્યું ' તું એ તો બધું, અહીં તો આ આવ્યું ને અહીંયા- કે ગુરુએ પરમ વિવેક કરી એને બતાવ્યો તો એણે કર્યું. આહાહા ! ભાઈ ! રાગાદિ તારી ચીજ નહીં. પરિણમનમાં ભલે હો, પણ તારા દ્રવ્યસ્વભાવની એ ચીજ નહીં. આહાહા ! સમજમેં આયા ? રાગ ચાહે તો દયા-દાન ભક્તિ આદિનો હો, ચાહે તો સૂક્ષ્મ રાગનો વિકલ્પ હો એ પણ પરભાવ છે, હું તો તેનો મારામાં રહીને જાણનારો, તેને અડયા વિના તેના અસ્તિત્વને કારણે હું એનું જ્ઞાન કરું છું એમેય નહીં. ( પરંતુ ) મારા જ્ઞાનનો પર્યાયનો જ એટલો સ્વભાવ છે, કે પરને અને સ્વને જાણવામાં રહેવું, એ જ મારી સ્થિતિ છે. આહાહાહા ! કહો, હીરાભાઈ ! આવું આવ્યું છે.

એમ જાણીને જાણ્યું, જાણ્યું કે આ પર છે, હું નહીં એવું જે જ્ઞાન સ્વરૂપ જ્ઞાનમાં ઠર્યું, જ્ઞાનમાં સ્થિર થયું. એ એણે રાગનો ત્યાગ કર્યો એ નામમાત્ર કથન ઠર્યું એ પચખાણ છે. હવે આ પચખાણ અને ચારિત્રની આ વ્યાખ્યા. રાગના અભાવના સ્વભાવરૂપ થવું એ આ. રાગના સ્વભાવરૂપ ન થવું અને દ્રવ્યના સ્વભાવરૂપે થવું, એનું નામ અહીંયા પ્રત્યાખ્યાન અને ચારિત્ર છે. આહાહા ! અહીં તો બહારના કાંઈક વ્રત લીધા ને અમુક કર્યું થઈ ગયું ચારિત્ર, એ દ્રવ્ય ચારિત્ર. આહા ! ભાઈ મોટી ભૂલ છે પ્રભુ, એ પર્યાયના ફળ આકરા પડશે પ્રભુ તને, આહાહા... રાગની ક્રિયા માનવી એ આકરું પડશે પ્રભુ તને દુઃખ. આહાહા ! અહીંયા તો રાગરૂપે ન થવું. આહાહા ! અને રાગ છે માટે જ્ઞાનમાં સ્થિર થયો એમ નથી. રાગ છે માટે રાગનું અહીં જ્ઞાન થયું એમ નથી. રાગ છે માટે અહીં જ્ઞાનમાં તેની શ્રદ્ધા થઈ એમ નથી. શ્રદ્ધાની પર્યાય સ્વતંત્રપણે જ્ઞેય અને જ્ઞાનને શ્રદ્ધે પ્રતીત કરે એવો એનો સ્વભાવ છે. આવું સ્વરૂપ હવે માણસને. એ ચારિત્રની આ વ્યાખ્યા છે. એ કાલે બિચારા ખુશી થયા હતા બપોરે આવ્યા હતા.

ઓહો ! ભારે પ્રત્યાખ્યાન મેં કીધું એ બપોરે ૨૯૫ માં આવવાનું છે. એમ કે જ્ઞાનીને પણ દુઃખનું વેદન છે, આનંદનું વેદન છે, બસો પંચાણુંમાં ( વચનામૃતમાં ) આવવાનું છે. એ દુઃખના રાગના પરિણામ મારા દ્રવ્ય સ્વભાવે થાય એમ તો હું નથી. પણ અહીંયા તો ચારિત્રની વ્યાખ્યા લેવી છે ને ? આહાહા ! એ રાગના પરિણામને મારા દ્રવ્યના સ્વભાવનું એ પરિણમન નહીં.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


એથી તે રાગના પરિણામ પરભાવ છે, એમ જેણે અંદર જ્ઞાન સ્વભાવમાં એના મલિન અને દુઃખના સ્વભાવથી જાણી, મારો ભગવાન તો જ્ઞાન ને આનંદ સ્વભાવ છે. એવા રાગને દુઃખના ભાવરૂપ જાણી અને એ જ્ઞાનના સ્વભાવમાં દુઃખના ભાવનો ( અભાવ છે ), ત્યાં એ દુઃખનો ભાવ છે માટે થયું એમેય નથી. આહાહા ! એ જ્ઞાનની પર્યાયનો સ્વભાવ જ સ્વ ને પરને સ્વતઃ પરની અપેક્ષા વિના જાણવું એ એનો સ્વભાવ છે. આહાહા ! હવે આવું ક્યાં પકડવું, નવરાશ ન મળે, ફુરસદ ન મળે આવી વાત છે પ્રભુ આ તો પ્રત્યાખ્યાન આવ્યું ને. આહાહાહા !

પાછું એમાં કહ્યું ને કે રાગને રાગના લક્ષણથી જાણી અને તેને તે રૂપે ન પરિણમતાં જ્ઞાન જાણનારો છે, એમ જ્ઞાન જ્ઞાનરૂપે ઠર્યું સમ્યગ્દર્શન જ્ઞાન તો છે, એ ઉપરાંત જ્યારે રાગની અવસ્થાને પરભાવ તરીકે જ્ઞાનમાં પૃથક તરીકે, ભેદથી જાણી અને જાણનારો જાણનારમાં ઠર્યો, આહાહાહા... એનું નામ પ્રત્યાખ્યાન ને ચારિત્ર છે. પ્રત્યાખ્યાનનો અર્થ ત્યાગ છે. પણ એ રાગનો ત્યાગ પણ નામમાત્ર છે.

અહીં તો કહે છે, આહાહાહા ! શું શૈલી ! સ્વપરપ્રકાશક શક્તિ હમારી તાતૈવચન ભેદ ભ્રમ ભારી, સ્વ–શક્તિ સ્વજ્ઞેય પ્રકાશી, પર શક્તિ પરજ્ઞેય. આહાહા ! ભગવાનનો જ્ઞાન પર્યાયનો સ્વભાવ, આ તો સમ્યગ્દર્શન જ્ઞાન સહિતની વાત છે ને, એ જ્ઞાનનો સ્વપરપ્રકાશક સ્વજ્ઞેયનો સ્વભાવ. આહાહાહા... અને પરજ્ઞેયને પરજ્ઞેય તરીકે, હૈયાતી હોવા છતાં જ્ઞાનની પર્યાય, તેની અપેક્ષા વિના તેને અને સ્વને જાણતાં અંદર ઠરે અને રાગરૂપે ન થાય એને રાગનો ત્યાગ કહેવો એ નામમાત્ર છે. એ પણ જ્ઞાનરૂપે જ્ઞાન ઠર્યું. આહાહા ! જામ્યું અંદર ભાઈ કહે છે ને, નહીં ? ચંદુભાઈ તમારા, જામ્યું કહે છે ને. ચંદુભાઈ દાકતર ! આહાહા !

એની પ્રથમ પીછાન તો આ કરે કે આ વસ્તુનું સ્વરૂપ આવુ છે. સમજાણું કાંઈ ? આહાહા ! ભગવાન જ્ઞાનસ્વરૂપ પ્રભુ, પોતાના લક્ષણને જાણતો 'તો જ્ઞાની થયો. પણ હવે ચારિત્ર, શિષ્યે એમ પૂછ્યું છે ને, કે મને શ્રદ્ધા જ્ઞાન તો થયું પ્રભુ, પણ હવે મારા આચરણને માટે મારે આચરવું છે. કારણકે મારા આચરણમાં હજી રાગનું આચરણ છે, ભલે મારા દૃષ્ટિના વિષયમાં નથી પણ મારા પરિણમનમાં થાય છે. તો મારે મારું આચરણ કરવું છે તો તે રાગના ત્યાગની વિધિ શું ? રાગના ત્યાગરૂપી પચખાણ શી રીતે થાય ? આહાહા ! તો ગુરુએ કહ્યું કે જેમ ધોબીને ઘેરથી વસ્ત્ર પરનું લાવી અને મારું જાણીને સૂતો, એને બીજાએ જગાડયો ( કે ) ભાઈ આ વસ્ત્રના લક્ષણ તો જુઓ, એ તારો કોટ નહીં. એ કોટ લાંબો તારો નહીં તેના લક્ષણો જો તો ખરો. આહાહા... એમ જાણીને ઓઢયું છતાં પરરૂપે દૃષ્ટિમાં થઈ ગયું, અને સ્થિરતામાં પણ એ મારું નથી એમ થઈ ગયું. આહાહા !

એમ ભગવાન આત્મા રાગના વિકલ્પને પોતાના માનીને સૂતો હતો, એ તો જાગ્યો છે હવે, પણ અસ્થિરતામાં જે હતો એમ કહે છે, સમજાય છે. અહીં તો એક સાથે બધી વાત લે છે, મિથ્યાત્વથી માંડીને બધી, અસ્થિરતામાં પણ મિથ્યાત્વ અને રાગનો ત્યાગ કરીને પચખાણ એમ બતાવે છે. ભાઈ ! જયસેનાચાર્યની ટીકામાં તો મિથ્યાત્વ ને રાગાદિ અવ્રત આદિ બધું છે. બધી વાત એની શરૂઆતથી જ ઉપાડે છે પાધરી. આહાહા !

રાગ આગ દાહ દહે સદા. એવા રાગના લક્ષણો પરભાવના જાણી અને જ્ઞાન સ્વભાવમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

જ્ઞાન ઠરે છે, અને પરભાવપણે એ જ્ઞાનસ્વભાવ એ પરજ્ઞેય તરીકે પરિણમતું નથી, સ્વજ્ઞેયના જ્ઞાનની સ્થિરતાપણે પરિણમે છે, તેને રાગના ત્યાગરૂપી ચારિત્ર કહેવામાં આવે છે. આહાહા! એ રાગવર્જન એ આવ્યું ને ભાઈ એકસો પંચાવન "જીવાદિ સદ્દહણં" આહાહાહા! જ્યારે તે ગુરુ પરભાવનો વિવેક કરી તેને એક આત્મભાવરૂપ કરે, દૃષ્ટિ તો હતી પણ એ ઉપરાંત પાછું વિશેષ કરાવ્યું છે. રાગ તારો નહીં, તારો સ્વભાવ આ છે એમ ભેગું લઈને હારે-સ્થિરતા કરાવે છે. આતમભાવરૂપ કરે અને કહે કે તું શીઘ્ર જાગ, શીઘ્ર જાગ, હળવે હળવે જાગીશ એમ નહીં. આહાહા! સાવધાન થા. ભગવાન તું સાવધાન થા. રાગમાં સાવધાન છે, એને જાણનારો તું સાવધાન થા હવે. આહાહાહા! હવે આવી વાતું આકરી પડેને સમજવામાં એટલે લોકો એને નિશ્ચય કરીને કાઢી નાખે છે. આ વ્યવહાર કરો ભાઈ એ વ્યવહાર તો અજ્ઞાન છે ભાઈ. આહાહા!

એક આતમભાવરૂપ કરે અને કહે કે તું શીઘ્ર જાગ, ભાઈ તું જાગને. એ રાગના લક્ષણો ભિન્ન છે અને તારું લક્ષણ ભિન્ન છે. એમ જાગ! ભલે સમ્યગ્દૃષ્ટિ પૂછે છે એને પણ આ રીતે પાછું કહ્યું. આહાહા! સમ્યગ્દૃષ્ટિ પૂછે છે ને? કે મને શ્રદ્ધા જ્ઞાન થયું છે પણ હવે મારે મારું આચરણ કરવું છે, એને પરનો ત્યાગ કરવો છે એ શી રીતે થાય? આહાહા! આહાહા! પરનો ત્યાગ એટલે શું પણ હવે, પોતે પરપણે ન થયો એટલે એને પરનો ત્યાગ નામમાત્ર છે. થયો છે પોતે જ્ઞાન, જ્ઞાનરૂપે રહ્યું. જાણનાર જાણનારમાં રહ્યો, જાણનાર જ્ઞેયના રાગપણે થયો નહીં. આહા... તેના જ્ઞાનપણે થયો અને થઈને (જ્ઞાન) સ્થિર થયું. આહાહાહા! એ જ્ઞાન જામ્યું. અંદરમાં આનંદની દશા લેતું જામ્યું. આહાહા! એને અહીંયા ચારિત્ર અને પ્રત્યાખ્યાન કહે છે. એને રાગનો ત્યાગ કર્યો એમ નામમાત્ર કથન કરવામાં આવે છે. આહાહા! પરના ત્યાગની તો વાત અહીં છે જ નહીં. આહાહા! આ બાયડી, છોકરા છોડયા અને ગૃહસ્થાશ્રમ છોડયો ને એ ચીજ તો ગ્રહી (કે) છોડી છે જ ક્યાં? એ ગ્રહીયે નથી અને છોડીયે નથી, એ ગ્રહણ ત્યાગ વિનાનો તો આત્મા અનાદિ અનંત છે. આહા! ફકત રાગને ગ્રહ્યો તો પોતાના સ્વરૂપના ભાન વિના, એ મારા તરીકે ગ્રહણ કર્યો તો કહો કે પરિણમન કર્યું'તું કહો. આહાહા! હવે એનો ત્યાગ કરવો છે, એટલે કે આહાહા! ભગવાન તું જાગતી જ્યોત છું ને? સાવધાન થા. આહાહાહા!

"જાગીને જોઉં તો જગત દીસે નહીં"- આહાહાહા... ચૈતન્યના સ્વભાવને જ્યાં જાગીને જોયો ત્યારે રાગના ભાવને પર તરીકે જાણ્યો, આહાહાહા... એ તો મારા જ્ઞાનની પર્યાયનું જ્ઞેય છે, પર છે એ. આહાહાહા! મારા સ્વરૂપમાં એ પરજ્ઞેય નથી. મારા દ્રવ્યનો સ્વભાવ પરપણે થવું એ હું નથી. આહાહા! પર્યાયપણે જે અસ્થિરતા હતી એને દ્રવ્ય સ્વભાવપણે આત્માને જાણી અને એ રાગરૂપે થયો નહીં, પણ આ જાણ્યું છે, કે આ છે પર એમ જાણીને ત્યાંથી લક્ષ છોડી દીધું, અને સ્વરૂપના લક્ષમાં ઠર્યો. આહાહા! ભગવંત! તારી વ્યાખ્યા તો જુઓ, આ ચારિત્ર. આહાહા! ભગવત્ સ્વરૂપ તો પહેલેથી કહ્યું'તું ને. ભગવાન જ્ઞાતાદ્રવ્ય, ભગવંત્ જ્ઞાતા દ્રવ્યં, સંસ્કૃત ટીકામાં ભગવંત્ જ્ઞાતૃદ્રવ્યં, એ જ્યાં જાગીને રાગને પર તરીકે લક્ષણથી જોયું જાણ્યું આહાહા... એકત્વ તો છૂટી ગયું'તુ, પણ અહીં ફરીને વિશેષ વાત લેવામાં આવી છે. સમજાય છે કાંઈ? અસ્થિરપણે જે હતું. આહાહા! એને પર તરીકેના લક્ષણોને જ્ઞાને જાણ્યું અને એ જ્ઞાન

પરરૂપે ન થયું અને તે કાળે તે જ્ઞાન સ્થિરપણે થયું, તેને અહીંયા પ્રત્યાખ્યાન ચારિત્ર કહે છે. આહાહાહા !

લોકો કંઈના કંઈ માને પ્રભુ ! ભાઈ ! એ ઉંધી માન્યતાના ફળ બાપા એ વર્તમાન દુઃખ છે ભાઈ તને એની ખબર નથી, અને એના દુઃખના ફળ, તત્ત્વની વિરાધના એનું ફળ તો નિગોદ છે. આહાહા ! તત્ત્વની આરાધના એનું ફળ તો મોક્ષ છે. આહાહા ! વચમાં શુભાશુભભાવ એ ચાર ગતિનું કારણ છે. સમજાય છે કાંઈ ?

તારો આ આત્મા ખરેખર એક જ છે. એક જ્ઞાનમાત્ર જ છે એમ ગુરુએ કહ્યું છે. જે અનેકપણે દેખાય એ તું નહીં, રાગના વિકારના પરિણમનપણે દેખાય છે, એ તું નહીં, એ તું નહીં, એની તો ખબર હતી, પણ વિશેષ કરાવ્યું પાછું. આહાહા ! એ ખરેખર તો એક જ છે. ભગવાન તો જ્ઞાન સ્વરૂપી એક જ છે. એમાં જે આ રાગ દ્વેષાદિ દયા દાન આદિના ભાવો અનેક ઉત્પન્ન થાય એ એક સ્વરૂપની ચીજ નહીં. આહાહા ! આવી ગંભીર ચીજ એકેક શ્લોકમાં. આહાહાહા ! દરિયો ભર્યો છે આખો.

અહીંયા એ કહ્યું કે એક–એક જ છો, તું એક જ છો. જ્ઞાન આનંદાદિ સ્વરૂપ તું એક જ છો, અનેકપણે જે જ્ઞાન રાગ અને પુણ્ય ને દયા દાનના વિકલ્પપણે દેખાય છે તે અનેકપણે તું નહીં. આહાહા ! એ અનેકપણે જે પર્યાયમાં થતો હતો તે તું નહીં, એમ કરીને જ્ઞાનને રાગથી પાછું વાળ્યું અને જ્ઞાન જ્ઞાનમાં ઠરે છે. આહાહા... અન્ય પરદ્રવ્યના ભાવો એ સર્વ અન્ય છે. રાગ આદિનો ભાવ ચાહે તો મહાવ્રતનો હો એ બધો પર છે. આહાહાહા ! હવે અહીંયા એમ કહે છે કે મહાવ્રતના પરિણામ કરતાં કરતાં એ દ્રવ્ય ચારિત્ર છે, એ ભાવ ચારિત્ર થશે. અરે ભગવાન પ્રભુ તું શું કરે છે ભાઈ. ( શ્રોતાઃ– તત્વાર્થ સૂત્રમાં તો આસ્રવ કીધું છે ) આસ્રવ છે એ ભલે કહ્યું ત્યાં, પણ ત્યાં એને લાભ કહ્યો છે પાછો એમ કહ્યું છે, બીજા ગ્રંથમાં કહ્યું છે કે એ ધર્મ છે. પુણ્ય એ ધર્મ છે, એ તો વ્યવહાર ધર્મની વ્યાખ્યા છે. જેને આત્મા આત્મામાં અનુભવથી ઠર્યો એ નિશ્ચય ધર્મ આ છે, એને જે રાગઆદિ આવે ત્યારે એને ( રાગ ) વ્યવહાર ધર્મનો આરોપ આપ્યો છે, નિશ્ચયથી તો અધર્મ જ છે. અચારિત્ર છે ચારિત્રનો દોષ છે. આહાહાહા ! ખરેખર આત્મા એક જ છે, જ્ઞાનમાત્ર જ છે. આહાહાહા ! એ રાગરૂપે એ આત્મા નહીં. આહાહાહા !

અન્ય સર્વ પરભાવો છે. ત્યારે વારંવાર કહેલું આગમનું વાક્ય, અહીં જુઓ. આહાહા... પંચમકાળ એટલે જીવોને આ વાત લીધી છે, એને વારંવાર સાંભળવામાં મળ્યું. સારા ( ચોથા ) કાળમાં તો એકવાર સાંભળે ને ફટ ઊતરી જાય એમ કહે છે. આહા ! સમજાય છે કાંઈ ? અહીં તો પંચમઆરો છે ને ! ત્યારે વારંવાર કહેલું, વારંવાર કહેલું એટલે ? ગુરુએ તો એકવાર કહ્યું હતું. પણ શિષ્યે વારંવાર યાદ કર્યું આડત્રીસ ગાથામાં આવે છે ને વારંવાર, એને રાગથી ભિન્ન ( સમજાવ્યો ) રાગથી ભિન્ન એમ જાણવામાં વિવેક કર્યો, આહાહાહા... મારો પ્રભુ જ્ઞાયક છે અને રાગથી ભિન્ન છે, એમ વારંવાર અંદર વિવેક કર્યો, એથી એને વારંવાર ગુરુએ કહ્યું એમ સાંભળવામાં વિવેક કર્યો. આહાહાહા... હવે આવી વાતને મશ્કરી કરીને કાઢી નાખે છે. એ જાણે કાંઈ ચીજ જ નથી.

દૃષ્ટિમાં મિથ્યાત્વનો ત્યાગ થયો એમ કહેવું એ પણ કહે છે નામમાત્ર છે. આહાહા !

ભગવાન પૂર્ણાનંદ પ્રભુ એનો જ્યાં દૃષ્ટિમાં સ્વીકાર થઈ અને સૃષ્ટિ થઈ સમ્યગ્દર્શનની આહાહાહા... એમાં બધી આખી ચીજ પૂરણ છે એ પ્રતીતમાં આવી ગઈ. અને તેમાં હું રાગરૂપે નથી એ પણ એમાં આવી ગયું. અને તે શ્રદ્ધામાં એમ પણ આવ્યું કે હવે હું આમાં જેટલો ઠરીશ તેટલી અશુદ્ધતા ( ને ) કર્મનો નાશ થશે. આહાહાહા ! શ્રદ્ધામાં પણ એમ આવ્યું. આહાહાહા ! ભગવાન આનંદ સ્વરૂપ પ્રભુ એમાં હું ઠરીશ. આહાહા... એવું શ્રદ્ધામાં આવ્યું કે આમાં હું જેટલો ઠરીશ એટલો અસ્થિરતાનો ને કર્મનો નાશ થશે. એ અહીંયા ઠરવાની વાત હવે લીધી. આહાહા ! સમજાણું કાંઈ ? ત્યાંય એમ આવે છે ને, શ્રદ્ધામાં આમ થયું ને પછી આચરણ કરે છે. સત્તર-અઢાર ગાથા ઓલા રાજાને ઓળખીને પછી શ્રદ્ધા કરીને ને આચરણ કરીને એમ આત્માને ઓળખીને ને શ્રદ્ધા કરી ને પછી એનું જ આચરણ કરીને, આહાહા... ચારેકોરથી જુઓ તો વસ્તુને એક રીતે જ સિદ્ધ કરે છે. આહાહા ! ભિન્ન-ભિન્ન પડખાંથી, અનંતા દ્રવ્ય અને રાગની મધ્યમાં પ્રભુ પણ તું એકલો જ્ઞાનસ્વરૂપ ભિન્ન છો. એવું એને વારંવાર ગુરુએ કહ્યું એટલે કે વારંવાર કહેલું યાદ કર્યું. સ્મરણમાં લીધું, આહાહા... કે પર તરફના લક્ષવાળો વિકાર એ મારું સ્વરૂપ નહીં. એવું ભાન તો થયું'તું પણ ભાનમાં હવે વિશેષ ઠર્યો હવે. આહાહા ! એ પણે થવું એ મારો દ્રવ્ય સ્વભાવ નહીં, એમ આવ્યું ને ? પહેલાં આવી ગયું, દ્રવ્યસ્વભાવપણે રાગપણે વ્યાપ્ત થવું એ મારું સ્વરૂપ નથી. આહાહાહા !

મારો પ્રભુ જ્ઞાન ને આનંદ ને શાંતિનો સ્વભાવ દ્રવ્યનો એ દ્રવ્યસ્વભાવપણે છે વિભાવપણે થવું એ મારું સ્વરૂપ નથી. આહાહા ! દ્રવ્યસ્વભાવપણે વિભાવનું વ્યાપ્ય અને સ્વભાવ વ્યાપક ( એમ નથી. ) આહાહાહા... પહેલાં આવી ગયું હતું કાલે આવ્યું' તું. આહાહા... અલૌકિક વાતું છે, બાપા ! આહાહા ! પ્રભુ તારી પ્રભુતાનો પાર નથી અને પામરતામાં રોકાઈ ગયો પ્રભુ, આહા ! એ પામરતા છોડવા માટે પણ કહે છે કે એનો ત્યાગ કરવો એ પણ એક નામમાત્ર છે. આહાહા ! પ્રભુ તું પ્રભુપણેથી છૂટયો નથી. આહાહા ! પ્રભુ પ્રભુપણે રહ્યો છે, એ જ એનું નામ પચખાણ અને ચારિત્ર છે. આહાહાહા !

હવે આવી વ્યાખ્યાય સાંભળવા મળે નહીં. હવે એ સમજે કે દિ' બાપુ ! આહાહાહા ! ( શ્રોતાઃ- અનાદિનો સંસાર શાંત થઈ જાય એવી વાત છે ) એવી વાત છે બાપા. ભગવંત તારું સ્વરૂપ જ એવું પ્રભુનું. આહાહા ! જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા એ દ્રવ્ય સ્વભાવથી એ દયા દાનના રાગપણે થવું એ એનો સ્વભાવ નથી. આહાહાહા ! એ વ્યાપક ભગવાનનું વ્યાપ્ય વિકાર એ એનો સ્વભાવ નથી. આહાહાહા ! ભગવાન આત્મા સચ્ચિદાનંદ પ્રભુ એનો સ્વભાવ નિર્મળ પર્યાયપણે વ્યાપ્ય અને વ્યાપક થવું એ એનો સ્વભાવ છે. આહાહાહા ! અરે ક્યાં એ જોવા નવરો નથી અંદર પ્રભુ ! આહાહા... જેની શક્તિનો પાર નથી, એવી શક્તિનો નાથ ભગવાન આત્મા, આહાહાહા... એને પરપણે થવું રાગપણે એ દ્રવ્યનો વસ્તુનો સ્વભાવ નથી.

એમ સમ્યગ્દર્શન પ્રગટ કરી અને પછી જ્યારે ચારિત્ર લે છે, પ્રત્યાખ્યાન કરે છે ત્યારે એ અસ્થિરતાના રાગપણે હું ન થાઉં એવો મારો સ્વભાવ અને મારો સ્વભાવ તો સ્થિરપણે જ્ઞાનની શાંતિપણે થવું એવો મારો સ્વભાવ એમ થઈને ઠરે છે આનંદમાં પ્રભુ અને રાગરૂપે થતો નથી એ દશાને પ્રત્યાખ્યાન અને ચારિત્ર કહેવામાં આવે છે. આહાહાહા ! ( શ્રોતાઃ- અમૃત

વાણી છે ) વાણી આવી છે બાપા. આહા !

વારંવાર કહેલું આગમનું વાક્ય, આગમનું વાક્ય જોયું એ શું કહે છે. પહેલું ગુરુએ કહ્યું તું તે આગમ આમ કહે છે, ગુરુ વાક્યથી પણ આગમ આમ કહે છે, ગુરુના વાક્યો આવા હોય છે. કે રાગથી તારી ચીજ ભિન્ન છે. એ દયા દાન ને વ્રત ભક્તિના પરિણામ જે રાગ એનાથી પણ તું ભિન્ન છો. એમ આગમના વાક્ય અને ગુરુના વાક્ય છે. આહાહાહા ! સમજાણું કાંઈ ? બે વાત મૂકી 'તી. એક તો ગુરુએ ભેદ કરાવ્યો અને એ આગમનું વાકય છે એમ કહ્યું પાછું. આહાહાહા ! કઈ શૈલી ! ગજબ શૈલી ! આહાહાહા ! ભગવાન અંદર તું સચ્ચિદાનંદ પ્રભુ છો ને ભાઈ તને ખબર નથી. આ તારી પ્રભુતામાં તો અનંતઆનંદ ને અનંતજ્ઞાન ને અનંત શાંતિ પડી છે નાથ ! આહાહા ! એનું જેને ભાન થયું અને જ્યારે રાગાદિ દયા દાનના વિકલ્પો છે એ વિકાર અને દુઃખરૂપ છે. એનું મારા સ્વભાવપણે થવું એવું મારું સ્વરૂપ નથી. એમ અંદર જાણીને, આહાહા ! એ આત્મા આત્માપણે રહે છે, જ્ઞાન જ્ઞાનપણે એટલે ઈ આત્મા આત્માપણે રહે છે, ઠરે છે અને રાગપણે થતો નથી, એનું નામ અહીંયા ભગવાને પ્રત્યાખ્યાન ને ભગવાને ચારિત્ર કહેવામાં આવ્યું છે. અરેરે ! આ વ્યાખ્યા હવે આવી વાત આવું સ્વરૂપ છે ભાઈ ! એને અનંત અનંત કાળમાં એ ચોર્યાશીના અવતારમાં રખડી મર્યો છે ભાઈ–એ દુઃખી છે દુઃખી એને ભાન નથી. હું દુઃખી છું એમેય ભાન નથી એને, આહાહા... અબજોપતિ અને વીસ–વીસ, પચીસ–પચીસ હજારના મહીનાના પગારદાર એ બધા પ્રાણીઓ બિચારા દુઃખી છે. એને ભગવાન આનંદનો નાથ સ્વભાવ એની એને ખબરું નથી. આહાહાહા ! સમજાણું કાંઈ ?

આંહી તો સમકિતી પણ આહાહાહા... પોતાનું આચરણ કરવાનો કામી એ દુઃખના આચરણને દુઃખરૂપ જાણે છે. એ અવ્રતના ભાવને રાગ ભાવને દુઃખરૂપ જાણે છે, મારો નાથ તો આનંદ સ્વરૂપે પ્રભુ બિરાજે છે. આહાહા ! અરેરે ! એ આનંદનો નાથ ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ એ રાગના લક્ષણને પર તરીકે દુઃખ તરીકે જાણી અને આનંદનો નાથ દુઃખરૂપે પરિણમે એ મારો સ્વભાવ નથી. આહાહા ! એ તો પર્યાયમાં કમજોરીને લઈને સમકિતીને પણ રાગાદિ દુઃખની પર્યાય થાય છે. આહાહા ! પણ મારે હવે તો સ્વરૂપનું આચરણ કરવું છે, એ સ્વરૂપના આચરણ માટે મારો સ્વભાવ આનંદ ને અતીન્દ્રિય જ્ઞાનનો મહિમાવાળો પ્રભુ એ દુઃખની પર્યાયપણે ન થાય એવો તો મારો સ્વભાવ છે, એમ સ્વભાવને જાણી અને એ રાગના દુઃખના પરિણામપણે ન થવું આ એનું નામ અંતરમાં ઠર્યો અને એનું નામ ચારિત્ર અને પચખાણ છે. –વિશેષ વ્યાખ્યાન હો ગયા લ્યો નવ થઈ ગયા નવ. ( શ્રોતાઃ– પ્રમાણ વચન ગુરુદેવ )

## પ્રવચન નં. ૧૦૧ ગાથા - ૩૫ શ્લોક - ૨૯

**આસો સુદ-૪ શુક્રવાર તા. ૬-૧૦-૭૮ સં. ૨૫૦૪**

સમયસાર ! ૩૫ ગાથા ફરીને, વસ્ત્રનું દૃષ્ટાંત દીધું છે "તેવી રીતે" ત્યાંથી જ્ઞાતા પણ એ તો વચ્ચે ભાષા આવી. જાણનાર પણ, પ્રશ્ન તો શિષ્યકા યહ થા, સમ્યગ્દર્શન ને જ્ઞાન તો મેરે હુઆ હૈ. મૈંને જાના હૈ રાગાદિ પર હૈ. પણ મેરે આચરણ અંદર કૈસે કરના ? મેરા સ્વરૂપમેં

આચરણ કૈસા કરના ? ઓ આચરણ જો રાગકા હૈ. ઉસસે મેરેમેં સ્વરૂપકા આચરણ કૈસે કરના એ પ્રશ્ન થા. તો ગુરુએ મૂળસે પહેલેસે બાત કિયા. આહાહાહા !

'જ્ઞાતા પણ ભ્રમથી' ત્યાંથી ઉપાડયું છે. 'પર દ્રવ્યોના ભાવોને' એ કર્મના નિમિત્તથી થતા શુભઅશુભ રાગ એ પરભાવોને પોતાના જાણી ગ્રહણ કરી, પોતાના જાણી, પોતામાં એક કરીને સૂતો છે, એ રીતે લીધું છે. એ રાગ અને પુણ્ય પાપના ભાવ પોતામાં માનીને પોતે સૂતો છે. એવા જીવને અહીં તો લીધો છે. આહાહા ! બીજી દૃષ્ટિએ કહીએ તો પર્યાયદૃષ્ટિમાં એ પડયો છે. શુભઅશુભ રાગ એ મારા છે, એમ માની અજ્ઞાની સૂતો છે, એટલે અજ્ઞાનમાં પડયો છે. આહાહા ! અને પોતાની મેળાએ અજ્ઞાની થઈ રહ્યો છે.

શિષ્યે પ્રશ્ન એમ કર્યો હતો કે મારા સ્વરૂપમાં આચરણ કેમ કરવું ? અહીં પહેલેથી ઉપાડયું છે. આહાહા ! વસ્તુ દ્રવ્યસ્વભાવ, શુદ્ધ વીતરાગ સ્વભાવ એની સાથે રાગ દયા દાન કામ ક્રોધાદિના ભાવ એ પરભાવ છે. એ ત્રિકાળી વીતરાગ સ્વભાવ સ્વરૂપ એ નથી. એથી એને પોતાના કરીને સૂતો અજ્ઞાની, જ્યારે શ્રીગુરુ પરભાવોનો વિવેક કરાવી, કરીનો અર્થ એ ભેદ કરાવે છે એટલે ભેદજ્ઞાન કરાવે છે. શરીર વાણી મન એ તો પર એની તો વાત અહીંયા નથી, હૈ નહીં. છે નહીં. શુભ અશુભભાવ એનાથી એને ભેદજ્ઞાન કરાવે છે. ભાઈ શુભ અશુભભાવ એ તેરી ચીજ નહીં.

"એક આત્મભાવરૂપ કરે" એને એમ કહે કે તું આત્મા જ્ઞાનસ્વભાવ સ્વરૂપ છે, તે તું, રાગાદિ ભાવથી પરભાવથી એને વિવેક કરાવે છે. જુઓ આ પ્રત્યાખ્યાન અને ચારિત્રની આ દશા. આહાહા ! જ્યારે શ્રી ગુરુ તેને પરભાવનો વિવેક કરી એને એક આત્મભાવ કરે એટલે કે એને બતાવે, કે ભાઈ, તારી દૃષ્ટિ જે રાગ અને પુણ્ય-પાપ ઉપર છે એ ભાવ તારા નથી એનાથી તારી ચીજ ભિન્ન એક જ્ઞાનસ્વભાવરૂપ છે. અનેક પુણ્ય ને પાપના વિકૃત ભાવથી એકરૂપ તેરી જ્ઞાન સ્વભાવ ચીજ ભિન્ન છે. આહાહા ! અને કહે કે, શીઘ્ર જાગ તને આ કહ્યું પણ હવે જાગ શીઘ્ર ! આહાહા ! રાગ અને સ્વભાવ બે ભિન્ન છે એમ શીઘ્ર જાગ. બહુ ધીરાની વાતું છે બાપુ ! આહાહાહા ! સાવધાન થા.

એ શૈલીથી, એ રીતે ઉપાડી છે ને વાત. આહાહા ! આ દૃષ્ટિ સહિતની સ્થિરતા ઉપાડી છે. આહાહા ! ભ્રાંતિના ત્યાગ સહિતની રાગના ત્યાગની દશા ઉપાડી છે. આહાહાહા ! ઝીણી વાત બાપુ ! આ તો સમયસાર છે. આ તો ભવના અભાવની વાતું છે પ્રભુ ! આહાહાહા ! ભગવાન આત્મા એનો એક જ્ઞાનસ્વભાવ એક આનંદસ્વભાવ, એક શાંતસ્વભાવ, એક પ્રભુત્વ સ્વભાવ, એ બધો એકરૂપ સ્વભાવ છે. એમાં આ પુણ્ય ને પાપના ભાવો અનેકરૂપે જે દેખાય છે એ પરભાવ છે. સ્વભાવમાં એકરૂપતામાં એ વસ્તુ નથી. આહાહાહા ! શું ટીકા ! ગજબ વાત કરે છે ને.

ખરેખર આ જ્ઞાનમાત્ર છે ને, તારો આત્મા ખરેખર જ્ઞાનમાત્ર, આનંદમાત્ર, જ્ઞાન એટલે જાણનાર જ્ઞાયકમાત્ર આનંદમાત્ર શાંત શાંત શાંત અકષાય સ્વભાવમાત્ર તારો આત્મા છે પ્રભુ. આહાહાહા ! એક સ્વભાવમાત્ર જ છે, જ્ઞાનમાત્ર એટલે જ્ઞાનસ્વભાવ, એકલો જ્ઞાન આનંદ શાંતિ આદિ સ્વભાવમાત્ર એકરૂપ તું છો, અન્ય સર્વ પરદ્રવ્યના ભાવો છે. આહાહા ! થાય છે

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


પોતાની પર્યાયમાં પણ તે દ્રવ્યના સ્વભાવની કાયમી ચીજ છે એ નથી. આહાહા ! ભગવાન જ્ઞાન ને આનંદ સ્વભાવ એમાં એ ભાવ નથી, એ દ્રવ્યના સ્વભાવભાવ એ નથી. આહાહા ! જુઓ ચારિત્ર પ્રગટ કરવાની રીત તો જુઓ. આહાહાહા !

ભગવાન તું તો એક જ્ઞાનઆનંદ સ્વરૂપ એકરૂપ છો ને. જ્ઞાયકભાવ આનંદભાવ વીતરાગભાવ શાંતસ્વભાવ એકરૂપ ભાવ, આ અન્ય ભાવો બધા પરભાવ છે. આહાહાહા ! ત્યારે વારંવાર કહેલું એ આગમનું વાક્ય એટલે ગુરુએ કહ્યું 'તું એ આગમનું વાક્ય છે એમ કહે છે. આહાહા ! એ આગમને કહે છે. એ ઘરની વાત નહીં, આહાહાહા... આગમ એમ કહે છે, ગુરુ કહે છે એ આગમનું વાક્ય છે. આહાહા ! ભાઈ ! આગમથી એણે સાંભળ્યું કે જે આ સ્વરૂપ તારું છે, એ એકરૂપ છે, એમાં અનેકપણાના વિકલ્પો જે ઊઠે છે, એ અન્યના પરદ્રવ્યના ભાવ છે, ભાઈ તારી ચીજ નહીં. આહાહાહા !

ઓલા ચારિત્ર અધિકારમાં આવે છે ને ભાઈ ત્યાં એમ આવે છે ભેદ અભ્યાસ કરતાં ચારિત્ર પ્રગટે છે. પાછળ–પાછળ ભાઈ કળશમાં આવે છે. અહીંયા આ રીતે વિધિ છે. આહાહાહા ! આત્મા જ્ઞાનઆનંદ એકરૂપ વીતરાગ સ્વભાવ સ્વરૂપ એકરૂપ છે, એને આત્મારૂપ કરે ને બતાવે છે. અને એની પર્યાયમાં જે વિકાર પુણ્ય–પાપના રાગાદિ. આહાહા.. અહીંયા તો મહાવ્રતના વિકલ્પ ઊઠે એ પણ પરભાવ છે, રાગ પરભાવ છે. આહાહા ! આવી વાતું છે.

એને આગમનું વાક્ય એમ કહે છે એને આગમ આમ કહે છે. એટલે કોઈ કહે ગુરુએ આમ કહ્યું તો સિદ્ધાંતનું એ પ્રમાણે વાક્ય છે. કે એ સિદ્ધાંતનું જ વાક્ય છે. ગુરુએ એમ કહ્યું અને સિદ્ધાંત પણ એમ જ કહે છે. આહાહા.......અને દેવની અને સર્વજ્ઞની વાણીમાં પણ એ જ આવ્યું છે. આહાહાહા !

પ્રભુ તું આનંદ અને જ્ઞાન સ્વરૂપ છો ને એકદમ. આહાહાહા ! તને જે આ પુણ્ય ને પાપના ભાવ, પરભાવ એની તને મીઠાશ લાગી છે મારાપણે માનીને એ ભ્રમ છે પ્રભુ. આહાહાહા ! અહીંયા તો ભવના અભાવની વાતું છે. અમારે પાટણીજી કહે છે ને કે અહીં ભવના અભાવની વાતું છે પ્રભુ ! આહાહાહા ! ભગવાન આત્મા જ્ઞાન આનંદ વીતરાગ સ્વભાવથી એકરૂપ વસ્તુ છે. એની પર્યાયમાં નિમિત્તને વશ થયેલા જે પુણ્ય પાપના ભાવો ભગવંત એ પરભાવ છે, એ તારું સ્વરૂપ નહીં. આહાહાહા !

એ આગમનું વાક્ય સાંભળ તો ગુરુએ કહ્યું પણ ભેગું આગમેય પણ આમ કહ્યું છે એ સિદ્ધ કરવું છે. એમ કે સિદ્ધાંત જે સર્વજ્ઞના આગમ છે એ આમ જ કહે છે એમ કહે છે ભાઈ ! સર્વજ્ઞે કહેલા જે આગમ છે. એટલે સર્વજ્ઞે કહ્યું એ આવ્યું, એની વાણીમાં પણ આવ્યું ને ગુરુએ પણ એમ કહ્યું. આહાહા ! પ્રભુ આ તો મારગ અંતરની વાતું છે પ્રભુ. ( શ્રોતાઃ– મારગ તો અંતરમાં જ હોય ને ) એને પહેલું જ્ઞાન તો કરવું પડશેને પ્રભુ ! આહાહા !

શિષ્યે તો એમ કહ્યું 'તું કે મારા પડળ છૂટી ગયા છે મિથ્યાત્વના, આંખમાં જેમ વિકાર હોય તો વસ્તુને બીજી રીતે દેખે ધોળી ને પીળી દેખે કમળાવાળો, એમ મારી દૃષ્ટિમાં વિપરીતતા હતી, હું રાગને મારો માનતો હતો એ વિપરીતતા હવે ટળી ગઈ છે. આહાહા ! ( પણ ) હવે પ્રભુ મારે આત્માનું આચરણ કેમ થાય ? આહાહા... કેટલું વિનયથી પૂછે છે. સમ્યગ્દૃષ્ટિ છે. જ્ઞાની છે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

અનુભવી છે. ગુરુ પાસે, નિર્ગ્રંથ સંત પાસે, આહાહા... અરે સર્વજ્ઞ પાસે પણ એમ આવે છે. ચારિત્ર અંગીકાર કરે છે સાધુ, સર્વજ્ઞ પાસે જાય તો જ ચારિત્ર અંગીકાર કરે. આહાહા ! તો એ સાંભળ્યું, આગમનું વાક્ય તો એનો અર્થ એ થયો કે સર્વજ્ઞે પણ એ જ કહ્યું છે, અને આગમ પણ એ જ કહે છે. સર્વજ્ઞની વાણી તે આગમ છે, અને ગુરુ તે આગમનું વાક્ય એને કહે છે. ( શ્રોતાઃ- ત્રણેય એકજ પ્રમાણે કહે છે ) ત્રણેય એમ કહે છે. પ્રભુ તને ત્રણેય એમ કહે છે. આહાહા ! દેવ ગુરુ ને શાસ્ત્ર. આહાહા... કે તારો ભગવાન એક સ્વરૂપે છે ને પ્રભુ, એમાં અનેકપણાના વિકલ્પો રાગો, આહાહા... એ બધા પરભાવ છે ને પ્રભુ, તેરા ભાવ હોય તો કાયમ રહે. આ તો ક્ષણિક નાશવાન. આહાહા ! એ પરભાવો એનાથી ભિન્ન કરીને બતાવે છે, જાણેલું તો છે એને, પણ આ તો વિશેષ સ્પષ્ટ કરતાં પહેલેથી જ શરૂઆત કરી. આહાહા ! પ્રવીણભાઈ ! આ બધી બીજી જાતની છે તમારે થાણાંની લાદી કરતાં, આ તો વાતો બીજી ભગવાન. આહા ! દુનિયાનો આખો રસ ઉડાડી દેવાની વાતો છે. અહીંયા તો એને ભગવાન આત્માનો રસ ચડાવી દેવો. સમજાણું કાંઈ ? આહાહા ! પ્રત્યાખ્યાન એટલે કે ચારિત્ર એટલે કે રાગના અભાવ સ્વરૂપ પરિણમન આ સ્થિતિથી બતાવે છે જુઓ. આહાહાહા !

હવે આવી સ્થિતિ પડી છે ને પ્રભુ કંઈકનું કંઈક કરે છે અંદરથી. આહાહા ! આ તો સમ્યગ્દષ્ટિ સહિત છે એને પણ આ રીતે કહે છે. આહાહા ! સમજાય છે કાંઈ ?

આગમનું વાક્ય સાંભળતો, પણ એ વારંવાર કહેલું હોં એટલું એટલે કે એણે વારંવાર વિચારમાં લીધું એમ ગુરુએ તો ભલે એક વાર કહ્યું- એ તો આડત્રીસ ગાથામાં આવે છે ને, ગુરુએ વારંવાર કહ્યું એમ છેલ્લે આવે છે. એનો ( અર્થ ) વારંવાર ગુરુ ક્યાં નવરા હતા. એને પોતાને જ વારંવાર એના વિચારનું મંથન ચાલે છે. છે ને આપણે આડત્રીસમાં આવી ગયું છે. આડત્રીસમાં આવે છે આડત્રીસ-આડત્રીસ વિરકત ગુરુથી નિરંતર સમજાવવામાં આવતા. આમ ભાષા છે નિરંતર, નિરંતર નવરા છે ગુરુ ? એનો અર્થ જ એ. મહા નિર્ગ્રંથ વીતરાગી મુનિ સંત આનંદમાં ઝૂલનેવાલા, આહાહાહા... ધર્મ પિતા, ધર્મ ગુરુ. એ એને નિરંતર વિરકત ગુરુ, વિરકત ગુરુનો અર્થ નિર્ગ્રંથ ગુરુ. ( શ્રોતાઃ- રાગ રહિત ) રાગથી રહિત થઈ ગયા છે અને સ્વરૂપમાં રકત, રકત થઈ ગયા છે. રાગથી વિરકત છે ને સ્વરૂપમાં રકત છે. આહાહા... એવા ગુરુથી નિરંતર સમજાવવામાં આવતા. નિરંતરનો અર્થ કે એને ગુરુનું વાક્ય એમ ને એમ ઘોલનમાં ધૂન લાગી ગઈ. આગમનું વાક્ય સાંભળતા ધૂન લાગી ગઈ ધૂન. આહાહા ! રાગથી ભિન્ન રાગથી ભિન્ન, રાગથી ભિન્ન રાગથી ભિન્ન, આહાહા.... એમ નિરંતર ભિન્નની ધૂન લાગી અંદરમેં, આરે આવી વાતું હવે.

એમ અહીંયા, આગમનું વાક્ય વારંવાર કહેલું એમ લેવું. એનો અર્થ એ. આહાહા ! જ્યારે કહે ત્યારે આ જ કહે એમ એનો અર્થ છે. બીજી રીતે કહીએ તો, સમજાય છે કાંઈ ? વારંવારનો અર્થ જ્યારે ગુરુ કહે આગમનું વાક્ય ત્યારે આ જ કહે. કોઈ વખતે કંઈક અને કોઈક વખતે કંઈક એમ નથી. આહાહાહાહા ! ત્યારે વારંવાર કહેલું આગમનું વાક્ય, શું પણ ગંભીર ટીકા ! ગજબ વાત ! અત્યારે ભરતખંડમાં આવી ટીકા કોઈ છે નહીં. સાક્ષાત્ સર્વજ્ઞ ભગવાનની વાણી સીધી મૂકી છે. આહાહાહા... જેણે સર્વજ્ઞના વિરહ ભૂલાવી નાખ્યા છે. આહાહાહા !

કહે છે "વારંવાર કહેલું આગમનું વાક્ય સાંભળતાં સમસ્ત ચિહ્નોથી સારી રીતે પરીક્ષા કરી". સ્વ–પરના ચિહ્નોથી, મારું લક્ષણ તો જ્ઞાન( સ્વભાવ ) છે, રાગનું લક્ષણ તો બંધ સ્વભાવ છે. મારું સ્વરૂપ તો અબંધ સ્વરૂપ છે, અને આ રાગ છે એ બંધ સ્વરૂપ છે. મારું સ્વરૂપ તો અહિંસક વીતરાગી દશા છે, આ સ્વરૂપ તો રાગ હિંસક દશા છે. આહાહાહા ! એમ બેની વારંવાર પરીક્ષા કરી. ઓહોહો ! "સ્વ–પરના ચિહ્નોથી" ચિહ્ન નામ લક્ષણ, મારો ભગવાન જ્ઞાન લક્ષણ, આનંદ લક્ષણ. આહા... જ્ઞાન લક્ષણ કેમ કહ્યું ? મુખ્યપણે કે જ્ઞાનની પર્યાય પ્રગટ છે ને, એ અપેક્ષાએ જ્ઞાન આખું સ્વરૂપ છે એમ ત્યાંથી કહ્યું. આનંદની પર્યાય પ્રગટ નથી અજ્ઞાનીને આહાહા... એટલે જ્ઞાન લક્ષણે અને એની સાથે આનંદની પર્યાયથી લક્ષણે આત્માને પકડયો છે. આહાહા ! સમજાણું કાંઈ ?

એને સારી રીતે પરીક્ષા કરીને એમને એમ માનીને નહીં એમ કહે છે. ગુરુએ કહ્યું માટે એમને એમ માની લીધું એમેય નહીં. પોતે જાતે પરીક્ષા કરી છે. આહાહા ! સમજાય છે કાંઈ ? ગુરુએ કહ્યું કે પ્રભુ તારો આત્મા તો અંદર વીતરાગમૂર્તિ એક સ્વરૂપી છે ને ત્રિકાળ એક સ્વરૂપી પ્રભુ છે, એક સ્વભાવી છે. એમાં આ અનેકપણાના વિકલ્પો ને વિકાર એ તો પરદ્રવ્યના ભાવ છે. એને ભેદજ્ઞાન કરાવી અને આત્મા જ્ઞાનસ્વરૂપ છે તેમ એને બતાવ્યું. સમજાણું કાંઈ ? આહાહાહા ! અરે ! સ્વપરના ચિહ્નોથી ભગવાન આત્માના લક્ષણ અને રાગાદિના લક્ષણો બેને સારી રીતે પરીક્ષા કરીને. આહાહા... ભગવાન અનાકુળ આનંદ સ્વરૂપ અને આ રાગ આકુળતા દુઃખ સ્વરૂપ, એમ બેના ભિન્ન લક્ષણોની પરીક્ષા કરી. આહાહાહા... આવો મારગ વીતરાગનો, જરૂર આ પરભાવો છે. જરૂર મારું લક્ષણ જ્ઞાન અને આનંદ ને વીતરાગ સ્વરૂપી પ્રભુ હું છું. આહાહાહા ! તો જરૂર મારા સ્વભાવના લક્ષણથી આ રાગના લક્ષણો ને ચિહ્નો તદ્દન ભિન્ન છે. એ તો આકુળતા ઉપજાવનારા છે, ભગવાન તો અનાકુળ આનંદ સ્વરૂપ છે એમ બેને બરાબર પરભાવને બરાબર જાણીને જ્ઞાન ને આનંદ સ્વભાવમાં આ રાગાદિ સ્વભાવ તે ભિન્ન છે, પરભાવ છે. એમ બેના ભિન્ન લક્ષણો જાણી–જરૂર આ પરભાવ ( છે ) રાગ આદિ પરભાવ છે. આહાહાહા !

એક હું જ્ઞાનમાત્ર જ છું. આહાહા ! મૂળ તો જ્ઞાન શબ્દે આખો આત્મા પૂર્ણાનંદનો નાથ વીતરાગ સ્વરૂપી પ્રભુ હું તો એક સ્વરૂપે છું. આહાહાહા ! એમ જાણીને જ્ઞાની થયો થકો એટલે કે પરભાવ અને પરભાવનો જાણનાર થયો થકો– સ્વભાવ ને સ્વભાવનો જાણનાર થયો થકો. આહાહાહા ! શું ટીકા ? શું ટીકા ! ગજબ વાત ભાઈ ! એનો એકેક શ્લોક સંતોની વાણી–દિગંબર સંતોની આ વાણી છે ભાઈ. આહાહા... એ એમ કહે છે કે પ્રત્યાખ્યાન ક્યારે થાય ? રાગનો અભાવ ક્યારે થાય કે સ્વભાવમાં રાગ નથી એ રાગ પરભાવ સ્વરૂપ છે એમ જાણીને, પોતાનો સ્વભાવ જ્ઞાન એકરૂપ છે, એમ ચિહ્નથી જાણીને એ જ્ઞાનરૂપમાં ઠરે છે, ત્યાંથી હઠીને સ્વભાવમાં ઠરે છે, એને ચારિત્ર અને પ્રત્યાખ્યાન થાય છે. આહાહાહા... આ કોઈ વિદ્વતાની ચીજ નથી, કે બહુ ભણી ગયો ને બહુ વાંચી ગયો માટે આને આ ( સ્વાનુભૂતિ ) થઈ જાય, આહાહા... કહો આનું નામ ચારિત્ર અને પ્રત્યાખ્યાન છે. આહાહાહા !

એમ જાણીને જ્ઞાની થયો થકો, જ્ઞાની તો હતો, સમ્યગ્દૃષ્ટિ તરીકે, પણ અહીંયા હવે જ્ઞાની

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


થયો થકો એટલે જ્ઞાન સ્વભાવમાં સ્થિર થયો થકો. આહાહાહા... સર્વ પરભાવોને તત્કાળ છોડે છે, આહાહાહા... ધન્ય કાળ ! આહાહા ! એ પરભાવોને પરભાવ તરીકે જાણી પોતાના આનંદ જ્ઞાન સ્વભાવને સ્વભાવ તરીકે જાણી અને જ્ઞાની એટલે સ્વરૂપમાં ઠરતો થકો. જ્ઞાની એટલે જ્ઞાન સ્વભાવમાં ઠરતો થકો. આહાહા ! એ સર્વ પરભાવોને તત્કાળ છોડે છે, એમ નિમિત્તથી કથન છે, બાકી છોડે છે એમ નહીં, છૂટી જાય છે. આહાહા ! સ્વરૂપમાં જ્ઞાની સ્થિરતા કરતો થકો, એને રાગના પરિણામ જે પર્યાયમાં હતા, એ ઉત્પન્ન ન થયા એ સ્વરૂપમાં ઠર્યો, એણે પરભાવનો ત્યાગ કર્યો એમ વ્યવહારથી કહેવાય છે. આહાહાહા !

અરે આવી વાત પ્રભુ મીઠી મધુરી આનંદદાયક વાત છે પ્રભુ. આહાહા ! ભલે કરી શકે નહીં પણ વસ્તુ આવી છે એમ એનું પહેલું સમ્યગ્દર્શન તો કરે. ( શ્રોતાઃ- શ્રદ્ધા તો કરે. ) શ્રદ્ધા તો કરે. ( શ્રોતાઃ- આવું છે એમ શ્રદ્ધા તો કરે ) -અરેરે એને કયાં જાવું ભાઈ. પરભાવને પોતાના માની પ્રભુ એને ક્યાં જાવું. એને અચારિત્ર ને અજ્ઞાનભાવથી ચારગતિમાં રખડવું. આહાહાહા ! અજાણ્યા ક્ષેત્રે, અજાણ્યા દ્રવ્યમાં જઈને રખડવું એને, જાણીતો ભગવાન એને છોડી દીધો. આહાહા !

એને આ તો જાણીતો ભગવાન એને જાણી લીધો. જાણી લીધો ઉપરાંત રાગને પર જાણીને પોતે જ્ઞાની થયો એટલે સ્થિર થયો આ ચારિત્ર. કહો, છોટાભાઈ ! આવી વાતું છે ભાઈ ! આહાહાહા ! શું ટીકા ! શું એના કહેલા વાક્યો ! એ એમ જાણી જ્ઞાની થયો થકો એટલે જ્ઞાન સ્વરૂપમાં ઠરતો થકો, જે અસ્થિરતામાં હતો એને પર જાણીને પોતામાં ઠરતો થકો. આહાહા... એ ચારિત્રને પ્રાપ્ત કરે છે. એ પ્રત્યાખ્યાનને પ્રાપ્ત કરે છે. આ વિધિ કહો.. ગોવિંદરામજી. આહાહા ! અરે આવા સ્વરૂપને વિકૃત કરી નાખવું અને જગતને બતાવવું કે આ પણ ચારિત્ર છે. ભાઈ ! આત્માને દુઃખ થશે ભાઈ. આહા.. અને તેના દુઃખના પરિણામમાં ભવિષ્યમાં પણ કાંઈક ગતિ થશે. આહાહા ! એનો વિચાર કર પ્રભુ, આહાહા... અને ભ્રમણા છોડી અને સ્વરૂપમાં સ્થિર થા એને અહીંયા પ્રત્યાખ્યાન કહે છે. આહાહા... ભાષા ટીકા તો આમ સાદી છે ભાવ ઘણાં ગંભીર છે. આહાહાહા...

જ્ઞાની થયો થકો એટલે ? હું જ્ઞાન સ્વરૂપ છું એ તો જાણ્યું 'તું, પણ હવે જ્ઞાન સ્વરૂપમાં ઠર્યો થકો, જ્ઞાની થયો થકો, ઓલો રાગી થયો થકો જે ભાવ હતો અસ્થિરતાનો, આહાહાહા ! એને છોડીને, જ્ઞાની, સ્વરૂપમાં જ્ઞાનસ્વરૂપમાં ઠરતો થકો, આહાહા ! પરને છોડે છે એમ કહેવામાં આવે છે. આહાહાહા ! આનું નામ પ્રત્યાખ્યાન. આ પચખાણ ને પચખાણ ને વ્રત ને નિયમ કરે છે ને, વ્રતના પચખાણ આપો. પણ બાપુ એ વ્રત એટલે શું ? એ પચખાણ એટલે શું ? ભાઈ ! સમજાણું કાંઈ ? આહાહાહા !

આ બાહ્યથી છે એ તો વિકલ્પ છે શુભરાગ છે, એ કાંઈ પ્રત્યાખ્યાન નથી. આહાહા ! પ્રત્યાખ્યાન તો ભગવાન પૂર્ણાનંદ પ્રભુ એક સ્વરૂપી એવી દૃષ્ટિ થઈ અને તેમાં પરભાવની અનેકતા પરરૂપે છે એમ જાણી અને ન્યાંથી ખસી ગયો અને આ શુદ્ધાત્મામાં લીન થયો એને અહીંયા પ્રત્યાખ્યાન, પચખાણ, રાગના ત્યાગની દશા, આહાહા... એમ કહેવામાં આવે છે. આહાહા ! બહુ વાત. આહાહા !

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


ભાવાર્થઃ– "જ્યાં સુધી પર વસ્તુને ભૂલથી પોતાની જાણે" પહેલેથી ઉપાડયું છે ને, ત્યાં સુધી મમત્વ રહે. પોતાની જાણે એટલે મમત્વ જ રહે એ મારી છે એમ. આહાહા... અને જ્યારે યથાર્થ જ્ઞાન થવાથી પર વસ્તુને પારકી જાણે, આહાહાહા! એ કોટને પણ પારકો જાણે એના લક્ષણથી છોડી દે. એમ ભગવાન આત્મા શુભઅશુભભાવના પરભાવને જાણે અને પોતાનો સ્વભાવ વીતરાગી જ્ઞાનઆનંદ સ્વરૂપ જાણે, ત્યારે બીજાની વસ્તુનું મમત્વ શાનું રહે? એ પુણ્ય ને પાપમાં અસ્થિરતા કેમ રહે એમ કહે છે, અથવા ન રહે એ પ્રસિદ્ધ છે. આહાહા! હવે આ જ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે.

## શ્લોક - ૨૯

(मालिनी)

**अवतरति न यावद् वृत्तिमत्यन्तवेगा-**
**दनवमपरभावत्यागदृष्टान्तदृष्टिः।**
**झटिति सकलभावैरन्यदीयैर्विमुक्ता**
**स्वयमियमनुभूतिस्तावदाविर्बभूव।।२९।।**

**શ્લોકાર્થઃ-[ अपर-भाव-त्याग-दृष्टान्त-दृष्टिः ] આ પરભાવના ત્યાગના દૃષ્ટાન્તની દૃષ્ટિ, [ अनवम् अत्यन्त-वेगात् यावत् वृत्तिम् न अवतरति ] જૂની ન થાય એ રીતે અત્યંત વેગથી જ્યાં સુધી પ્રવૃત્તિને પામે નહિ, [ तावत् ] તે પહેલાં જ [ झटिति ] તત્કાળ [ सकल-भावैः अन्यदीयैः विमुक्ता ] સકલ અન્યભાવોથી રહિત [ स्वयम् इयम् अनुभूतिः ] પોતે જ આ અનુભૂતિ તો [ आविर्बभूव ] પ્રગટ થઈ ગઈ.**

**ભાવાર્થઃ-આ પરભાવના ત્યાગનું દૃષ્ટાંત કહ્યું તે પર દૃષ્ટિ પડે તે પહેલાં સમસ્ત અન્યભાવોથી રહિત પોતાના સ્વરૂપનું અનુભવન તો તત્કાળ થઈ ગયું; કારણ કે એ પ્રસિદ્ધ છે કે વસ્તુને પરની જાણ્યા પછી મમત્વ રહેતું નથી. ૨૯.**

(मालिनी)

अवतरति न यावद् वृत्तिमत्यन्तवेगादनवमपरभावत्यागदृष्टान्तदृष्टिः।
झटिति सकलभावैरन्यदीयैर्विमुक्ता स्वयमियमनुभूतिस्तावदाविर्बभूव।।२९।।

આહાહા! "અપરભાવ–ત્યાગ–દૃષ્ટાંત–દૃષ્ટિ" આ પરભાવના ત્યાગના દૃષ્ટાંતની દૃષ્ટિ એ "અનવમ્ અત્યન્ત વેગાત્ યાવત્ વૃત્તિમ્ ન અવતરતિ" એ પરભાવની દૃષ્ટિ જ્યાં છે કહે છે કે પ્રગટ થઈ ત્યાં એ જૂની ન થાય. એ રીતે અત્યંત વેગથી તત્કાળ પ્રવૃત્તિને પામે નહીં. આરે! રાગને પામે જ નહીં. આહાહા..... સાંભળ્યું કે રાગાદિ પર છે, એ વસ્ત્રના દૃષ્ટાંત આદિ, એ દૃષ્ટાંત જ્યાં સાંભળ્યું ત્યાં તરત જ રાગની પ્રવૃત્તિમાં ન રહે. એને અહીં તો કહે છે કે એ સાંભળ્યું અને અત્યંત વેગથી પ્રવૃત્તિને પામે જ નહીં. તે પહેલાં જ તત્કાળ રાગની પ્રવૃત્તિને પામે નહીં– દૃષ્ટાંત આપ્યો કે ભાઈ રાગાદિ પર છે, એવો જે દૃષ્ટાંત કહ્યો તે દૃષ્ટિને પામે નહીં, એટલે કે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


પ્રવૃત્તિને પામે નહીં ત્યાં એકદમ સ્થિર થઈ ગયો અંદર. આહાહાહા !

"પરભાવના ત્યાગના દૃષ્ટાંતની દૃષ્ટિ જૂની ન થાય" એટલે આમ તાજી રહે. સાંભળ્યા ભેગું એને ફડાક અંદર ઠરી ગયો. આહાહાહા... એને વાર લાગે સાંભળવાની ચીજને અને છૂટો પડવાને વાર લાગે એમ નથી, એમ કહે છે. આહાહાહા ! શું સંતોની વાણી તો જુઓ. કહે છે કે, એને એમ જ્યાં દૃષ્ટાંત આપ્યો કે ભાઈ એ વસ્ત્ર જે પરનું છે એના ચિહ્નો જાણ્યાં અને એણે સાંભળ્યું ત્યાં એ વાત છૂટી ગઈ એનાથી, તરત જ છૂટી ગઈ. એમ ભગવાન આત્મામાં શુભાશુભ ભાવો દૃષ્ટાંતની દૃષ્ટિની અપેક્ષાએ વાત કરી, એ વાત જૂની ન થાય, એટલે એ વાતને વાર ન લાગે. આહાહાહા !

પાંચમી ગાથામાં કહ્યું છે ને કે હું એકત્વ-વિભક્ત તને કહીશ પ્રભુ, પણ જો દેખાડું તો પ્રભુ પ્રમાણ કરજે હોં. આહાહા ! 'જદિ દાએજ્જ' જો હું દેખાડું રાગથી વિભક્ત, સ્વભાવથી એકત્વ તો એ વાત દેખાડું તો પ્રભુ હા પાડજે એટલુંય નથી કહ્યું. આહાહાહા ! આમ છે કે નહીં, કહે છે એ પ્રમાણે છે કે નહીં, એનું પ્રમાણ અનુભવથી કરજે. અહીંયા એ કહ્યું કે એ દૃષ્ટાંતની દૃષ્ટિ જ્યાં જૂની ને વાર ન લાગે. માણસ નથી કહેતા કે તારા આવ્યા પહેલાં જ આ કામ થઈ ગયું. એ તો આવ્યો, એ કામ હતું એ તું આવ્યો એ પહેલાં જ થઈ ગયું. પહેલાં નહીં, પણ એ આવ્યો ત્યારે થયું- પણ આવ્યો એ પહેલાં થઈ ગયું એમ કહેવાય છે ને. આહાહા ! તમારું કામ હતું ભાઈ, પણ તમે આવ્યા પહેલાં તમે આવ્યા ભેગું થઈ ગયું તો આવ્યા પહેલાં થઈ ગયું, એમ થયું છે તો ત્યારે ( શ્રોતાઃ- સમય ભેદ નથી ) સમય ભેદ નથી.

એમ જ્યાં ભગવાન સંતોએ આગમથી, સર્વજ્ઞના આગમથી અને સંતોએ પોતે કહીને કહ્યું એને આ, આહાહાહા... કે પરભાવથી પ્રભુ તેરી ચીજ તો ભિન્ન હૈ અને તારી ચીજથી પરભાવ ભિન્ન હૈ. આહાહાહા... એમ જ્યાં સાંભળવામાં આવ્યું અને એ વાત જૂની ન રહે, એટલે વાર ન લાગે. આહાહા ! શું વાણી ! દિગંબર સંતોની શૈલી તો જુઓ, આહાહા ! પ્રભુ ત્યાં તો તું સુખના ધામમાં પોઢી ગયો અંદર કહે છે, આનંદના નાથમાં અંદર ગરી ગયો કહે છે. તને કહ્યું કે રાગ ભિન્ન રાગ પરભાવ છે, એ વાત જૂની ન થાય ત્યાં તો તું પરથી ભિન્ન પડી ગયો. આહાહાહા ! ( યત્ક્ષણં દૃશ્યતે શુદ્ધ તત્ક્ષણં ગતવિભ્રમઃ ).

આ ત્રણલોકના નાથ કથા કરતા હશે, દિવ્ય ધ્વનિ દ્વારા એ કેવી હશે ? જ્યાં ત્રણ જ્ઞાનના ધણી ઈન્દ્રો એકાવતારી પણ ડોલે જેની વાત સાંભળીને. આહાહા ! સાક્ષાત્ પ્રભુ તો બિરાજે છે ત્યાં એવી આ ટીકા ગજબ છે ટીકા સાક્ષાત્ આગમ વાણી સર્વજ્ઞની વાણી, ગુરુની વાણી. આહાહા ! એ આગમને નામે જે રાગથી તને લાભ થાય એમ કહે એ આગમ જ નહીં, તે ગુરુ નહીં અને તે દેવે એમ કહ્યું નથી. આહાહાહા ! આગમ, ગુરુ અને દેવે એમ કહ્યુંઃ પ્રભુ કે જે પરભાવ છે તેનાથી તું ભિન્ન પડ તો તને લાભ થશે, તો એકપણાનો લાભ થશે. આમ આગમના વાક્ય, ગુરુના વાક્ય, વીતરાગના વાક્ય આ છે. આહાહાહા ! કેમ કે વીતરાગની વાણી અને ગુરુની વાણીમાં વીતરાગતા પ્રગટ કરવાની વાત છે. આહાહા ! તો વીતરાગતા પ્રગટ કેમ થાય ? કે રાગને પર તરીકે જાણીને સ્વરૂપમાં ઠરે ત્યારે વીતરાગતા પ્રગટ થાય. એ વાત વીતરાગે કહી છે ને આગમે એ કહી છે. આહાહા ! એટલે કોઈ એમ કહે કે પચખાણની વિધિ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

આ છે, તો એ આગમનું વાક્ય છે, ગુરુનું વાક્ય છે ને વીતરાગનું કથન છે? કે આ કથન વીતરાગનું છે. આહાહા! બીજા કોઈ એમ કહે કે આ પચખાણ આમ કર્યાંને રાગ આમ કર્યાં ને રાગ છે, વિકલ્પ છે એ ત્યાગ છે તો એ વીતરાગ વાણી નહીં, ગુરુની વાણી નહીં, સર્વજ્ઞનું કથન નહીં એ. આહાહા! સમજાય છે કાંઈ ?

સાધારણ પ્રાણીને આકરું લાગે પણ મારગ તો આ છે બાપા. આહાહા! ભગવંત તારું સ્વરૂપ જ આવું છે, એ તો આવ્યું'તું ને પહેલું "ભગવંત જ્ઞાતૃદ્રવ્ય" ભગવાન જ્ઞાતાદ્રવ્ય જાણક દ્રવ્ય– જ્ઞાતા દ્રવ્ય. આહાહા! એ જ્ઞાતા ને જ્ઞાતા તરીકે જાણી, રાગના વિકલ્પની વૃત્તિઓને પરભાવ તરીકે જાણી તેમાં પ્રવર્તતો નથી અને એને છોડીને સ્વરૂપમાં પ્રવર્તે છે તેને પ્રત્યાખ્યાન અને રાગના ત્યાગરૂપ ભાવ કહેવામાં આવે છે. આહાહાહા! કેટલી શરતું.( શ્રોતાઃ– એક જ શરત ).

તું બીજી રીતે માને છે કે અમે આ વ્રત લીધા ને તપ ક્ર્યા ને માટે તે સંવર નિર્જરા છે તે ચારિત્ર છે. ભગવાન એમ નથી ભાઈ. આહાહા! ભગવાને એમ કહ્યું નથી અને આગમનું એ વાક્ય નથી, ગુરુએ એમ ઉપદેશ દીધો નથી. આહાહાહા!

જૂની ન થાય દૃષ્ટિ ત્યાં તો અત્યંત વેગથી પ્રવૃત્તિને પામે નહીં, રાગરૂપે પરિણમે નહીં. એ પહેલાં આવે છે ને ઓલું દૂરથી છોડીને, સ્તુતિમાં આવ્યું'તું ઉદય તરફનું અનુસરણ છે એને આમ દૂરથી છોડીને એટલે આમ અનુસરણ કરતું નથી અને આમ અનુસરણ કરે છે, સ્વના આશ્રયનું અનુસરણ કરે છે. આહાહાહા! આ એની હજી જ્ઞાન ને શ્રદ્ધા તો કરે કે આ માર્ગ આ છે. એમને એમ માનીને બેસી જાય, બાપા! પ્રભુ તને લાભ નહીં થાય. તું માન અને દુનિયા માને એટલે લોકો સર્ટિફીકેટ આપે કે તમે ભારે મુનિ, ભાઈ એમ નહીં મળે. આહાહા...

"અનવમ્ અત્યંત વેગાત્" એ કાને શબ્દોને દૃષ્ટિ પડી, એ જૂની ન થાય, તરત જ અંદર રાગથી ભિન્ન ભગવાન અંદર જાગી ઊઠયો. આહા... ભણકાર વાગ્યા અંદરમાં જ્ઞાતા દ્રવ્ય ચૈતન્ય સિંધુ, એ ચૈતન્ય સિંધુ હમારો રૂપ હૈ, રાગાદિ અમારા રૂપ નહીં. આહાહાહા... તે પહેલાં "તત્કાળઝટિતી" હૈ ને ? "સકળભાવે અન્યદીયૈઃ વિમુક્તા" સકળ ભાવોથી રહિત, કહે છે કે રાગાદિ પરભાવો છે એના લક્ષણો ભિન્ન છે, તારા સ્વભાવના લક્ષણો ભિન્ન છે, એવી જ્યાં દૃષ્ટિ જ્યાં કાને પડી એ દૃષ્ટાંત કાને પડયું–કાને પડયું અને જૂની ન થાય ત્યાં તો તરત જ રાગથી ભિન્ન પડી ગયો ભગવાન. આહાહાહા!

સકળ અન્યભાવોથી રહિત. જોયું! શુભાશુભ ભાવો વિકાર છે. આહાહા! અન્યભાવો છે. સકળ અન્યભાવોથી રહિત, તત્કાળ પોતે જ અનુભૂતિ તો પ્રગટ થઈ ગઈ. આહાહા... સમ્યગ્દર્શનની અનુભૂતિ તો હતી જ પણ આ ચારિત્રની અનુભૂતિ પ્રગટ કરી. ભગવાન શુદ્ધ ચૈતન્ય મૂર્તિ એને અનુસરીને અનુભૂતિ થઈ. જે નિમિત્તને અનુસરીને જે રાગ હતો, એને એમ કહ્યું કે આ રાગ લક્ષણ તો પર છે અને તારું સ્વરૂપ પર છે, એ વાત જ્યાં કાને પડી અને જૂની ન થાય 'અનવમ્' જૂની ન થાય તાજી રહે ત્યાં એ છૂટો પડી ગયો. આહાહાહા!

કહે છે ત્યાં પોતે જ અનુભૂતિ તો પ્રગટ થઈ ગઈ છે. "સ્વયં અયમ્ અનુભૂતિ" અર્થાત્ રાગરૂપે ન થયો માટે આમ થયું એમ છે? એ તો સ્વયં અનુભૂતિ પ્રગટ થઈ ગઈ છે. રાગરૂપે

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


ન થવું એ તો પછી અપેક્ષા થઈ ગઈ. આહાહાહા... આહાહા... ભગવાન આનંદના નાથની વીણા વાગી અંદર. એ અનુભૂતિ સ્વસ્વભાવને અનુસરીને પર સ્વભાવની પ્રવૃત્તિથી પરિણમ્યા પહેલાં, એટલે એ પરિણમ્યો નથી એ પહેલાં આ ( અનુભૂતિ ) થઈ ગઈ એમ કહે છે. આહાહા ! સમજાય છે કાંઈ ?

આ સમયસાર તો ભરતક્ષેત્રમાં સાક્ષાત્ કેવળજ્ઞાનનો સૂર્ય છે, અજોડચક્ષુ છે. આહાહાહા... ભાઈ એને સમજવું, અલૌકિક વાત છે. આહાહા !

અન્ય ભાવોથી રહિત, દૃષ્ટાંત સાંભળે અને જૂનું ન થાય ત્યાં જ, પહેલાં પાછું એમ, પહેલાંનો અર્થ તત્કાળ. આહાહા... આનંદનો નાથ ભગવાન એવો હું પરભાવપણે ન થાઉં, મારો સ્વભાવ સ્વભાવપણે થાય. પરભાવપણે ન થાય, એમ અંતર જાણીને જ્યાં સ્વભાવપણે ઠર્યો, ત્યારે અનુભૂતિ તરત જ પ્રગટ થઈ ગઈ. આનંદનો અનુભવ પ્રત્યાખ્યાન એટલે ચારિત્ર, અતીન્દ્રિય આનંદનો અનુભવ પ્રગટ થયો એને અહીંયા પ્રત્યાખ્યાન અને ચારિત્ર કહે છે. આહાહાહા !

અરેરે ! આકરું પડે લોકોને, એ લોકો એમ કહે છે કે આ પાઠમાં તો આટલું ભર્યું છે અને આવા અર્થ ક્યાંથી ? એમ કહે છે કેટલાક, અરે પ્રભુ એમ કે અહીંયા તો આટલું કહ્યું છે "જહ નામ કોવિ પુરિસો પરદ્રવ્ય મિણંતિ જાણિદું ચયદિ, તહ સવ્વે પરભાવે નાઉણ વિમુંચદે નાણી". સર્વે પરભાવ છોડયા છે એમાં આટલી વાતમાં લાંબી લાંબી વાતું. બાપુ ! એમાં કહેલા ભાવોની ગંભીરતાનો અર્થ છે આ. લોકો એમ ટીકા કરે છે ને કેટલાક, ભાષા તો સરળ છે એમાં આટલી બધી ગંભીરતા કાઢી ટીકાકારે વિદ્વાનોએ અરે ભગવાન એમ રહેવા દે પ્રભુ તું કરવું. આહાહા ! એમાં જ આ આવ્યું "જહ નામ કો વિ પુરિસો પરદવ્વમિણં તિ જાણિ દુ" પરદ્રવ્ય છે એમ જાણ્યું ચયદિ તો આવી ગયું ને અંદરમાં, એ તો એનું સ્પષ્ટીકરણ છે. આહા... પુણ્ય-પાપ ભાવ વિકાર ભાવ એ બધા પરદ્રવ્ય છે. પરભાવ છે, એમ જાણ્યાં ત્યાં મારો સ્વભાવ નહીં તો ત્યાં પરિણમી જાય છે તો રાગને આમ છોડે છે એમ કહેવામાં આવે છે. આહાહા ! સમજાણું કાંઈ ?

બાપુ ! આ તો વીતરાગ પંથ છે નાથ. આમાં કાંઈ રાગના રસ આમાં છે નહીં. આહાહા ! આહાહા ! એ કહે છે કે આ શબ્દો થોડા છે અને સાધારણ એમાં મોટી મોટી લાંબી વાતો કે પરભાવને પરભાવ જાણ્યા રાગાદિને, પોતાને-પોતાને જાણ્યો અને એ રાગરૂપે ન થયો અને વીતરાગરૂપે થયો ને, એ તો એનો ખુલાસો છે પ્રભુ. તું એમ ન કર, ભાઈ એનું સ્પષ્ટીકરણ કર્યું તો કહે ગહરુ કરી નાખ્યું. ગૂઢ કરી નાખ્યું. અરે ભગવાન એને જે હતું તેને ખોલીને સ્પષ્ટ કર્યું છે. આહાહા !

અમૃતચંદ્રાચાર્ય ભગવત સ્વરૂપ ( પંચ ) પરમેષ્ઠિમાં આચાર્યપદ છે. આહાહા ! ભાઈ એ ગાથાના ભાવમાં ઘણી ગંભીરતા હતી એને સ્પષ્ટ કરી નાખી ટીકા કરીને, ટીકા એટલે નથી કહેતા મારી ટીકા કરે છે એમાં જે હતું એની ટીકા કરી છે, વિસ્તાર કર્યો છે, સ્પષ્ટ કર્યું. આહા ! સમજાણું કાંઈ ? પણ આમાં આવું પ્રત્યાખ્યાન મોંઘું લાગે ને એટલે એમ કહે આવી ટીકા કરતાં પ્રત્યાખ્યાન આવું કરી નાખ્યું. કરે શું ભાઈ ! ભગવંત્ તારી ચારિત્ર દશા એવી થશે ત્યારે મુક્તિ થશે. તું એમ જાણે કે ખાઈ પીને લહેર કરીએ ને થાય. સમ્યગ્દર્શન એકલું થાય અને જ્ઞાન થાય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


તોય મુક્તિ નહીં થાય. આહાહાહા ! એને આ રીતે ચારિત્રની પરિણતિ પ્રગટ કરશે, આહાહા... ત્યારે તે મુક્તિનું કારણ થશે. સમજાય છે કાંઈ ? આહાહા ! એ માટે કીધું ને છેલ્લું છેલ્લો શબ્દ હતોને ચોત્રીસમાં "માટે પ્રત્યાખ્યાન જ્ઞાન જ છે". ટીકા ચોત્રીસમાં હતું ને એમ અનુભવ એમ કરવો, છે ને ? ચોત્રીસની છેલ્લી લીટી માટે પ્રત્યાખ્યાન જ્ઞાન છે એમ અનુભવ કરવો. પાંત્રીસમાં આ લીધું કે "પોતે જ અનુભૂતિ તો પ્રગટ થઈ ગઈ" છે ને છેલ્લો શબ્દ ચોત્રીસનો એ આંહી અનુભૂતિ કરીને કહ્યું. આહાહાહા !

આકરું લાગે ભાઈ આ તો અપૂર્વ વાતું છે પ્રભુ ! આકરું શબ્દ ન કરતા આ અપૂર્વ છે. કોઈ દિ' કર્યું નથી એવી વાત અપૂર્વ છે. ભાઈ ! આહાહાહા ! એથી તને મોંઘી લાગે પણ છે અપૂર્વને પ્રભુ. પૂર્વે અનંતકાળમાં એક સેકન્ડ માત્ર પણ કર્યું નથી. આહાહા ! એ તો દૃષ્ટાંત કરીને કહ્યું કે એ દૃષ્ટાંત કહ્યું ત્યાં તો સાંભળ્યા પહેલાં તો જુદો પડી ગયો, એમ કહ્યું છે. એમ કરી નાખ્યું એટલે એનો અર્થ કે દૃષ્ટાંત સાંભળ્યું માટે જુદો પડયો એમ નથી. આહાહાહા !

–એનો ભાવાર્થ આવશે. ( શ્રોતાઃ– પ્રમાણ વચન ગુરુદેવ )

## પ્રવચન નં. ૧૦૨ શ્લોક - ૨૯ ગાથા - ૩૬

### તા. ૭-૧૦-૭૮ શનિવાર આસો સુદ-૬ સં. ૨૫૦૪

સમયસાર ૩૫ ગાથા પરનો કળશ છે ને ૨૯ કળશ ઉસકા ભાવાર્થ. યહ પરભાવકે ત્યાગકા દૃષ્ટાંત હૈ, કહા કયા કે ધોબીને ત્યાં કોઈ વસ્ત્ર અપના નહીં પણ પરકા લેકર સો ગયે થે તો જિસકા વસ્ત્ર થા વો આયા ઉસકો જગાયા કે આ વસ્ત્ર મેરા હૈ તેરા નહીં, તો ઉસને વસ્ત્ર છોડ દિયા દૃષ્ટિસે, યહ વસ્ત્ર મેરા નહીં હૈ. ઐસે ધર્માત્મા સંતોએ જ્ઞાનીઓએ, શું કહે છે ? સમજમેં આયા ? એ વસ્ત્રકે દૃષ્ટાંતસે વસ્ત્ર મેરા હૈ તેરા નહીં ઐસા કહા તો ઉસને વસ્ત્રકો છોડ દિયા દૃષ્ટિમેંસે મેરા નહીં. ઐસે જ્ઞાની ધર્માત્માએ ઐસા કહા કે તેરી ચીજ જો આત્મા આનંદ સ્વરૂપ હૈ ઉસમેં તુમ પુણ્ય ને પાપકા ભાવ મેરા હોકર માનકે સોતે થે અજ્ઞાની એ તેરી ચીજ નહીં. આહાહાહા ! સમજમેં આયા ?

અપના આત્મા, સંતોએ મુનિઓએ દિગંબરોએ અથવા કેવળીઓએ, અહીં તો સંતો છદ્મસ્થ પંચમઆરાની વાત છે ને ભાવલિંગી સંત દિગંબર મુનિ ઉસકો ઐસા કહા કે તેરેમેં જો આ શુભઅશુભ રાગ ઉત્પન્ન હોતા હૈ, દયા દાન વ્રત ભક્તિ આદિકા રાગ, હિંસા જુઠ ચોરીકા રાગ એ ચીજ તેરી નહીં. એ તો કર્મકા ભાવકસે ઉત્પન્ન હુઈ ભાવ્ય વિકારદશા હૈ. તેરી ચીજ તો ઉસસે ભિન્ન હૈ. આહાહા ! સમજમેં આયા ? ઐસા સૂનકર યહાં તો એ કહતે હૈ કે પરભાવકે ત્યાગકા દૃષ્ટાંત કહા ઔર ઉસ પર દૃષ્ટિ પડે ઉસસે પૂર્વ, અર્થાત્ જ્ઞાનીએ કહા ભગવાન તેરી ચીજ અંદર પુણ્ય ને પાપકા રાગસે ભિન્ન હૈ ઐસા કહા તો કહતે હૈ ઉસકો સૂનકર કે ભેદજ્ઞાન હુઆ કે નહીં ? એ વાણી આઈ એ પહેલાં તત્કાળ ભેદજ્ઞાન હો ગયા ઉસકા અર્થ એ. આહાહા ! એ વાણી સૂની એ પહેલે આ ભેદજ્ઞાન હુઆ ઉસકા અર્થ યે. આહાહા ! વાણી સૂની ઉસસે ભેદજ્ઞાન નહીં હુઆ ઉસકા અર્થ યે. આહાહાહા ! સમજમેં આયા ? ઝીણી વાત હૈ ભાઈ ! એ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

મારગ બહુ ઝીણો છે, સૂક્ષ્મ છે. અનંત કાળથી કભી ઉસકી દરકાર કિયા હી નહીં. આહાહાહા ! એ સંતોએ ઐસા કહા કે તેરી ચીજ અંદર જો હૈ ઉસમેં જો શુભઅશુભ રાગ ઉત્પન્ન હોતા હૈ યે તેરી ચીજ નહીં. એ તો કર્મકા ભાવકકી ઉપાધિભાવ હૈ. ઐસા કહા તો અહીં તો કહેતે હૈ કિ કહા પહેલે ભેદજ્ઞાન હો ગયા. ઉસકા અર્થ ? કે સૂનનેસે નહીં હુઆ એમ કહેતે હૈં ભાઈ. આહાહાહા... અંતરમેં ભગવાન આત્મા રાગ અને પુણ્યપાપકા ભાવ એ વિકૃત પર હૈ. મૈં તો જ્ઞાનદર્શન જાનનેવાલા આત્મા હું, ઐસા જ્યાં અંતરમેં ભેદજ્ઞાન હુઆ તો વો સૂનનેસે પહલે હો ગયા ઐસા કહા. ઉસકા અર્થ એ કે સૂનનેસે હુઆ નહીં એમ. આહાહા ! સમજમેં આયા ? અંદર ભગવાન આત્મા જ્ઞાન ને આનંદ સ્વરૂપ પ્રભુ હૈ ઉસકો જાના તો સંતોએ તો ઐસા કહા, કે રાગાદિ દયા દાન વ્રત ભક્તિકા રાગ ભી વિકાર હૈ યે મેરી ચીજમેં નહીં. એ કર્મ નિમિત્ત ભાવક હૈ ઉસકા વો ભાવ્ય હૈ, આહાહા ! મેરી ભાવ્ય ચીજ નહીં, મેરા તો જ્ઞાનદર્શન ઉપયોગ સ્વભાવ વોપણે મૈં પરિણમું વો મેરા ભાવ્ય અને મેરા ભાવક મૈં હું. આહાહા ! આકરી વાતું બહુ બાપુ. કહો, નવરંગભાઈ !

આ પચ્ચખાણ-પચ્ચખાણ, આનું નામ પચ્ચખાણ, પચ્ચખાણકા અર્થ ? અંદર જે રાગભાવ થા એ મેરી ચીજ નહીં. મૈં તો જ્ઞાનદર્શન ઉપયોગ સ્વરૂપ હું ઐસા રાગસે પૃથક અપના શુદ્ધ સ્વરૂપકા પરિણમન સ્વસંવેદન હુઆ, ઉસકા નામ પ્રત્યાખ્યાન કહેનેમેં આતા હૈ. ઉસકા નામ ચારિત્ર કહેનેમેં આતા હૈ, ઉસકા નામ રાગકા ત્યાગ કહેનેમેં આતા હૈ, નિમિત્તસે. આહાહા ! હૈ ?

પરભાવકે ત્યાગકા દૃષ્ટાંત કહા ઉસ પર દૃષ્ટિ પડે ઉસસે પૂર્વ, ઉસકા અર્થ યે અહીં દૃષ્ટિ પડી તે પહેલાં, પૂર્વ નામ યે હુઆ તો ઉસસે અંદર ભેદજ્ઞાન નહીં હુઆ, એમ કહા. આહાહાહા ! ઝીણી વાત બહુ ભાઈ. સમ્યગ્દર્શનપૂર્વક પ્રત્યાખ્યાન, પચ્ચખાણ. પ્રત્યાખ્યાન ઉસકો કહે જ્યાં એ વાણી સૂની ઉસસે અંદર ગયે નહીં. આહાહાહા... મેરા સ્વભાવ આત્મા આનંદ જ્ઞાનસ્વરૂપ દર્શન ઉપયોગ સ્વરૂપ ઔર રાગમેં જો ઉપયોગ જાતે હૈ એ ઉપાધિભાવ હૈ, એ ઉપાધિભાવ પરકા હૈ ઐસા જાનકર અપના જ્ઞાનસ્વભાવ જ્ઞાનમેં રહા, ઔર રાગમેં જોડાણ ન હુઆ, એ રાગકા ત્યાગ હુઆ, એ સ્વરૂપ સ્થિર હુઆ, ઉસકો પ્રત્યાખ્યાન ચારિત્ર સંવર અને નિર્જરા ધર્મ કહતે હૈ. આવી વાતું છે ભાઈ ! સમજમેં આયા ?

અરે એ તો અનંત વાર સૂના હૈ પણ અંતર દૃષ્ટિ કિયા નહીં, એમ કહેતે હૈ. સમજમેં આયા ? અહીં તો સૂના તો ખરા, પણ સૂનનેસે નહીં હુઆ એમ કહેતે હૈ. આહાહા ! મૈં તો આનંદ જ્ઞાનસ્વરૂપ પ્રભુ આત્મા હું. એ રાગાદિ પર્યાયમેં જો હોતા હૈ યહ મેરી ચીજ નહીં, ઐસા જ્યાં સમ્યગ્દર્શનમેં ભાન હુઆ વોહી તત્કાળ રાગમેં ન જોડાતા સ્વરૂપમેં સ્થિર હુઆ એમ કહેતે હૈ. ઝીણી વાત છે ભાઈ ! બાપુ મારગડા કોઈ જુદી જાત છે. સમજમેં આયા ? એ તત્કાળ હો ગયા. ક્યોં ? કે યે પ્રસિદ્ધ હૈ. વસ્તુકો પરકી જાન લિયા બાદમેં મમત્વ નહીં રહતા, મૈં તો આત્મા જ્ઞાનઆનંદ સ્વરૂપ હું, ઐસા રાગસે ભેદ કરકે સમ્યગ્દર્શન હુઆ, ઔર રાગસે પૃથકપણાકા પરિણમન કરકે, રાગસે પૃથકપણે પરિણમન કરકે, અંતરમેં પ્રત્યાખ્યાન નામ ચારિત્ર હુઆ. આહાહાહા ! સમજમેં આયા ?

યહાં તો ઐસી બાત હૈ ભાઈ, લોકો તેથી આ તકરાર કરતે હૈ ને, કે દયા દાન વ્રત ભક્તિકા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


પરિણામ હો ઉસસે સમ્યગ્દર્શન ને જ્ઞાન હોતા હૈ, ઉસસે ચારિત્ર હોતા હૈ, તો અહીંયા તો યે કહેતે હૈ કે વ્રતાદિકા વિકલ્પ જો રાગ હૈ વો પૃથક હૈ, મેરી ચીજ નહીં ઔર ઉસરૂપ મૈં પરિણમું નહીં તબ ઉસકા નામ ચારિત્ર અને પ્રત્યાખ્યાન કહેનેમેં આતા હૈ. આવી વાત છે ભાઈ ! શું થાય ? જગત અનાદિસે હેરાન હો ગયા હૈ. આહાહા ! સમજમેં આયા ?

એ પ્રસિદ્ધ હૈ કિ વસ્તુકો પરકી જાને યે શબ્દો ભલે હો. પણ ઉસકા ભાવ કયા હૈ ? આહા... સંતોએ તો કહા પ્રભુ તું આત્મા તો જ્ઞાન દર્શન ને આનંદ સ્વરૂપ હૈ ને પ્રભુ. એ રાગના પરિણામ આદિ જે વ્રત શુભઅશુભ હોતા હૈ યે તો દ્રવ્ય સ્વભાવકા ભાવ નહીં, એ વસ્તુકા સ્વભાવકા ભાવ નહીં, એ ભાવક હોકે ભાવ હુઆ યે નહીં, યે તો કર્મ નિમિત્ત ભાવક હોકર ભાવ હુઆ હૈ. આહાહાહા ! સમજમેં આયા ? આવી વાત છે. તેથી કઠણ પડે છે ને માણસને એટલે વ્યવહારસે હોતા હૈ, વ્યવહારસે હોતા હૈ ઐસા ચલાતા હૈ, અને લોકોને ( કાંઈ ) ખબર ન મળે બિચારાને. અહીં તો વ્યવહારકા રાગ ઉસસે મૈં પૃથક હું ઐસા ભેદજ્ઞાન પહેલે કિયા પીછે રાગમેં પરિણમન ન કિયા અને સ્વરૂપમેં સ્થિર હુઆ ત્યારે ઉસકો ચારિત્ર નામ પ્રત્યાખ્યાન રાગકા ત્યાગરૂપ પરિણમન ઉસકો કહેતે હૈ. આહાહા ! વસ્તુકો પરકી જાન લેનેકે બાદ મમત્વ નહીં રહતા. આહા...

લડકાકા લગન હો ઔર ઉસકો વરઘોડા ચલતે હૈ ને, કયા કહેતે હૈ ? વરઘોડે તો કોઈ ગૃહસ્થકા દાગીના લાવે, અને પહેરે પણ વો જાનતે હૈ કિ યે મેરા નહીં, દો દિન તક રખા હૈ લગનકે માટે. કોઈ ગૃહસ્થ હો કોઈ કુટુંબી કરોડપતિ હો પાંચ હજાર દસ હજારકા હાર લિયા હો, તો હાર પહરતે હૈ પણ ઉસકે ખ્યાલમેં હૈ આ ચીજ મેરી નહીં, મેરી લક્ષ્મીમેં ઉસકી ગણતરી ગિનનેમેં આતી નહીં, મેરી લક્ષ્મી હૈ ઉસમેં આ ગિનનેમેં નહીં આતા. આહાહાહા ! ઐસે ભગવાન આત્માકા આનંદ ને જ્ઞાનસ્વરૂપકા ભાન હુઆ ત્યાં રાગ હૈ એ પર હૈ ઐસા ભાન હુઆ તો રાગ રહા થોડા તોપણ યે મૈરા હૈ ઐસા નહીં. પીછે સ્થિરતા જબ હુઈ, આહાહા... આત્મા આત્મામેં સ્થિર હો ગયા, રાગમેં પરિણમનકા ભેદજ્ઞાન તો પહેલે થા, એ ઉપરાંત ઉસમેં જોડાણ ન હુઆ અને આત્માકા ઉગ્ર આશ્રય લેકર આત્મામેં સ્થિરતા શાંતિ આનંદાદિ ઉત્પન્ન હુઆ ઉસકા નામ પ્રત્યાખ્યાન ચારિત્ર ધર્મ કહેનેમેં આતા હૈ. આહાહા ! સમજમેં આયા ? મુશ્કેલ બાપુ એની એક કડી પણ સમજવી આ તો સિદ્ધાંત વીતરાગની વાણી હૈ. આ કાંઈ સાધારણ નથી. ઇન્દ્રો પણ જેને સૂનનેકો આવે, સિંહ પણ સૂનતે થે ભગવાનકી વાણીકો, આહા... એ વાણી કોઈ અલૌકિક હૈ એ વાણીમાં આ કહા હૈ. કલ કહા થા ને ભાઈએ.

આગમ, દેવ ને ગુરુ, ગુરુએ ઐસા કહા સંત મુનિ ભાવલિંગી આનંદકા વેદન ભાવલિંગમેં ઉત્કૃષ્ટ ભાવકા બહોત વેદન હૈ, સંપૂર્ણ ઉત્કૃષ્ટ નહીં, પણ ઉસકી દશામેં પ્રચુર સ્વસંવેદન હૈ આનંદકા વેદન હૈ યહ મુનિ. એ ગુરુએ ઉસકો સંભળાયા, વારંવાર કહા, પ્રભુ એ રાગ ને પુણ્ય ભાવ તેરા નહીં, તેરેમેં નહીં એ તો ઉપાધિભાવ દુઃખરૂપભાવ અને તુમ આનંદરૂપ ભાવ નાથ, એ આનંદરૂપી ભાવ દુઃખરૂપે પરિણમે યે તેરી ચીજ નહીં. આહાહાહા... ગુરુએ કહા તો પીછે ઐસા લિયા કે આગમ વાક્ય સૂનકર ઉસકા અર્થ યે કે વાણી હૈ આગમ હૈ પરમાગમ હૈ, યે સર્વજ્ઞ ભગવાનકી વાણી અને ગુરુકી વાણી હૈ એ સર્વજ્ઞકી વાણી હૈ એટલે દેવકી વાણી આઈ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


ગુરુકી વાણી આઈ અને શાસ્ત્ર આયા, આહાહાહા... તીનોંકી યહ આજ્ઞા હૈ કે ભગવંત તેરા સ્વરૂપ પુણ્યપાપના ભાવ રાગ ને વિકાર હૈ ઉસસે તેરી ચીજ ભિન્ન હૈ, તો ઉસમેં જા ઔર રાગમેં ન રુક. આહાહા ! સમજમેં આયા ? આવી વાતું છે.

લોકોને મોંઘી પડે એટલે લોકોને બિચારાને બીજે રસ્તે ચડાવી દીધા, અજ્ઞાનને રસ્તે આ કરો, આ કરો–આ કરો, ભક્તિ કરો, પૂજા કરો, દાન કરો, વ્રત કરો, એ તો બધા રાગ હૈ. આહાહા ! ઐસા કરતે કરતે કલ્યાણ હો જાયેગા રાગ કરતે કરતે એટલે ઝહર પીતે પીતે, લસણ ખાતે ખાતે કસ્તુરીકા ( અમૃત્તકા ) ડકાર આયેગા, આહાહા.... ઐસા હૈ નહીં. આહાહા... અનેક પ્રકાર છે ભાઈ જગતમાં

વસ્તુકો પરકી જાન લેનેકે બાદ એ પુણ્ય ને પાપકા ભાવ મેરા નહીં, નવ તત્ત્વ હૈ ને ? તો નવ તત્ત્વમેં જો શરીર વાણી મન આદિ એ તો અજીવ તત્ત્વ હૈ, અને દયા, દાન, વ્રતના પરિણામ એ પુણ્ય તત્ત્વ હૈ, ઔર હિંસા, જૂઠું, ચોરી એ પાપ તત્ત્વ હૈ, દો મિલકર આસ્રવ તત્ત્વ હૈ, મેરા આત્મા તો જ્ઞાયક ભિન્ન તત્ત્વ હૈ. આહાહા ! નહીંતર નવ તત્ત્વ, નવ નહીં હોગા. આહાહા ! ઐસે જાનકર રાગરૂપ પરિણમનકી મમતા થી વો મમતા છૂટ ગઈ. આહાહાહા... અને આત્મા આનંદમેં જ્ઞાનમેં સ્થિર જમ ગયા આ ઉસકા નામ પ્રત્યાખ્યાન આ ઉસકા નામ ચારિત્ર એ "ચરિતમ ખલુ ધમ્મો" આ ધર્મ હૈ. સમજમેં આયા ? અબ એ પૈંતીસ ગાથાકા કળશકી બાત હુઈ.

* આ વસ્તુ પ્રયોગમાં લાવવા માટે અંદર મૂળમાંથી પુરુષાર્થનો ઉપાડ આવવો જોઈએ કે હું આવો મહાન પદાર્થ ! એમ નિરાવલંબનપણે કોઈના આધાર વિના અદ્ધરથી વિચારની ધૂન ચાલતાં ચાલતાં એવો રસ આવે કે બહારમાં આવવું ગોઠે નહિ. હજુ છે તો વિકલ્પ, પણ એમ જ લાગે કે આ... હું આ..... હું એમ ઘોલનનું જોર ચાલતાં ચાલતાં એ વિકલ્પો પણ છૂટીને અંદરમાં ઉતરી જાય છે.

( દષ્ટિનાં નિધાન - ૧૬૭ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## ગાથા - ૩૬

અબ ઈસ અનુભૂતિસે, આત્મા જ્ઞાયક સ્વરૂપ ચૈતન્ય પ્રભુ, ઉસકી અનુભૂતિ હુઈ, સમ્યગ્દર્શન હુઆ, અનુભૂતિ આત્મા આનંદસ્વરૂપ ઐસે આનંદકે અનુસરીને, અપની દશામેં અનુભૂતિ આનંદકી હુઈ, જ્ઞાનકી હુઈ, શુદ્ધ સ્વભાવ અંશે ચારિત્રકી દશા હુઈ યે અનુભૂતિ એ વીતરાગી પર્યાય હૈ. આહાહા ! એ પ્રત્યાખ્યાન એ વીતરાગી પર્યાય હૈ ઐસે યહાં અનુભૂતિ વીતરાગી પર્યાય હૈ ઉસકી બાત વિશેષ કરતે હૈ. આહાહા... આહાહા... એ અનુભૂતિસે પરભાવકા ભેદજ્ઞાન કૈસે હુઆ હૈ અંદર ટીકા મેં. "કથમનુભૂતેઃ પરભાવ વિવેકોભૂત ઈત્યાશંકય"–

अथ कथमनुभूतेः परभावविवेको भूत इत्याशङ्क्य भावकभावविवेकप्रकारमाह-

**णत्थि मम को वि मोहो बुज्झदि उवओग एव अहमेक्को।**
**तं मोहणिम्ममत्तं समयस्स वियाणया बेंति।।३६।।**

**नास्ति मम कोऽपि मोहो बुध्यते उपयोग एवाहमेकः।**
**तं मोहनिर्ममत्वं समयस्य विज्ञायका ब्रुवन्ति।।३६।।**

इह खलु फलदानसमर्थतया प्रादुर्भूय भावकेन सता पुद्गलद्रव्येणाभिनिर्वर्त्यमानष्टङ्कोत्कीर्णैकज्ञायकस्वभावभावस्य परमार्थतः परभावेन भावयितुमशक्यत्वात्कतमोऽपि न नाम मम मोहोऽस्ति। किञ्चैतत्स्वयमेव च विश्वप्रकाशचंचुरविकस्वरानवरतप्रतापसम्पदा चिच्छक्तिमात्रेण स्वभावभावेन भगवानात्मैवावबुध्यते यत्किलाहं खल्वेकः ततः समस्तद्रव्याणां परस्परसाधारणावगाहस्य निवारयितुमशक्यत्वात् मज्जितावस्थायामपि दधिखण्डावस्थायामिव परिस्फुटस्वदमानस्वादभेदतया मोहं प्रति निममत्वोऽस्मि, सर्वदैवात्मैकत्वगतत्वेन समयस्यैवमेव स्थितत्वात्। इतीत्थं भावकभावविवेको भूतः।

---

**હવે, 'આ અનુભૂતિથી પરભાવનું ભેદજ્ઞાન કેવા પ્રકારે થયું ?' એવી આશંકા કરીને, પ્રથમ તો જે ભાવકભાવ-મોહકર્મના ઉદયરૂપ ભાવ, તેના ભેદજ્ઞાનનો પ્રકાર કહે છેઃ-**

**નથી મોહ તે મારો કંઈ, ઉપયોગ કેવળ એક હું,**
**-એ જ્ઞાનને, જ્ઞાયક સમયના મોહનિર્મમતા કહે. ૩૬.**

*** ગાથાર્થઃ-** [ बुध्यते ] **એમ જાણે કે** [ मोहः मम कः अपि नास्ति ] **'મોહ મારો કાંઈ પણ સંબંધી નથી,** [ एकः उपयोगः एव अहम् ] **એક ઉપયોગ છે તે જ હું છું'-** [ तं ] **એવું જે જાણવું તેને** [ समयस्य ] **સિદ્ધાંતના અથવા સ્વપરના સ્વરૂપના** [ विज्ञायकाः ] **જાણનારા**

---

* આ ગાથાનો અર્થ આમ પણ થાય છે :– 'જરાય મોહ મારો નથી, હું એક છું' એવું ઉપયોગ જ (–આત્મા જ) જાણે તે ઉપયોગને (–આત્માને) સમયના જાણનારા મોહ પ્રત્યે નિર્મમ (મમતા વિનાનો) કહે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


[ मोहनिर्ममत्वं ] મોહથી નિર્મમત્વ [ ब्रुवन्ति ] કહે છે.

ટીકાઃ-નિશ્ચયથી, ( આ મારા અનુભવમાં ) ફળ દેવાના સામર્થ્યથી પ્રગટ થઈને ભાવકરૂપ થતું જે પુદ્‌ગલદ્રવ્ય તેના વડે રચાયેલો જે મોહ તે મારો કાંઇ પણ લાગતોવળગતો નથી, કારણ કે ટંકોત્કીર્ણ એક જ્ઞાયકસ્વભાવભાવનું પરમાર્થે પરના ભાવ વડે *ભાવવું અશક્ય છે. વળી અહીં સ્વયમેવ, વિશ્વને ( સમસ્ત વસ્તુઓને ) પ્રકાશવામાં ચતુર અને વિકાસરૂપ એવી જેની નિરંતર શાશ્વતી પ્રતાપસંપદા છે એવા ચૈતન્યશક્તિમાત્ર સ્વભાવભાવ વડે, ભગવાન આત્મા જ જાણે છે કે-પરમાર્થે હું એક છું તેથી, જોકે સમસ્ત દ્રવ્યોના પરસ્પર સાધારણ અવગાહનું ( -એકક્ષેત્રાવગાહનું ) નિવારણ કરવું અશક્ય હોવાથી મારો આત્મા ને જડ, શિખંડની જેમ, એકમેક થઈ રહ્યાં છે તોપણ, શિખંડની માફક, સ્પષ્ટ અનુભવમાં આવતા સ્વાદના ભેદને લીધે, હું મોહ પ્રતિ નિર્મમ જ છું; કારણ કે સદાય પોતાના એકપણામાં પ્રાપ્ત હોવાથી સમય ( આત્મપદાર્થ અથવા દરેક પદાર્થ ) એવો ને એવો જ સ્થિત રહે છે. ( દહીં ને ખાંડ મેળવવાથી શિખંડ થાય છે તેમાં દહીં ને ખાંડ એક જેવાં માલૂમ પડે છે તોપણ પ્રગટરૂપ ખાટા-મીઠા સ્વાદના ભેદથી જુદાં જુદાં જણાય છે; તેવી રીતે દ્રવ્યોના લક્ષણભેદથી જડ-ચેતનના જુદા જુદા સ્વાદને લીધે જણાય છે કે મોહકર્મના ઉદયનો સ્વાદ રાગાદિક છે તે ચૈતન્યના નિજસ્વભાવના સ્વાદથી જુદો જ છે. ) આ રીતે ભાવકભાવ જે મોહનો ઉદય તેનાથી ભેદજ્ઞાન થયું.

ભાવાર્થઃ-આ મોહકર્મ છે તે જડ પુદ્‌ગલદ્રવ્ય છે; તેનો ઉદય કલુષ ( મલિન ) ભાવરૂપ છે; તે ભાવ પણ, મોહકર્મનો ભાવ હોવાથી, પુદ્‌ગલનો જ વિકાર છે. આ ભાવકનો ભાવ છે તે જ્યારે આ ચૈતન્યના ઉપયોગના અનુભવમાં આવે છે ત્યારે ઉપયોગ પણ વિકારી થઈ રાગાદિરૂપ મલિન દેખાય છે. જ્યારે તેનું ભેદજ્ઞાન થાય કે 'ચૈતન્યની શક્તિની વ્યક્તિ તો જ્ઞાનદર્શનોપયોગમાત્ર છે અને આ કલુષતા રાગ-દ્વેષમોહરૂપ છે તે દ્રવ્યકર્મરૂપ જડ પુદ્‌ગલદ્રવ્યની છે', ત્યારે ભાવકભાવ જે દ્રવ્યકર્મરૂપ મોહનો ભાવ તેનાથી અવશ્ય ભેદજ્ઞાન થાય છે અને આત્મા અવશ્ય પોતાના ચૈતન્યના અનુભવરૂપ સ્થિત થાય છે.

## ગાથા - ૩૬ ઉપર પૂ. ગુરુદેવશ્રીનું પ્રવચન

આશંકા હોં શંકા નહીં. આહાહા ! એ અનુભૂતિસે પરભાવકા ભેદજ્ઞાન કૈસે હુઆ ? પુણ્ય ને પાપકા ભાવ વિકાર ઔર ઉસસે ભગવાન ભિન્ન ઐસી અનુભૂતિ કૈસે હુઈ ? આહાહા... બતાયા તો હૈ, વિશેષ સ્પષ્ટ વિશેષ કરના હૈ, પ્રત્યાખ્યાન ઉપરાંત અંદર સ્થિરતા વિશેષ બઢાના હૈ. આહાહા... ઐસી આશંકા કરકે, આશંકા નામ સમજનેકી અભિલાષા, શંકા નહીં તુમ કહેતે હૈ યે જૂઠ હૈ ઐસા નહીં, પણ તુમ કહતે હૈ યે મેરી સમજમેં આયા નહીં, કયા કહતે હૈ તુમ ? એ પુણ્ય પાપકા ભાવસે ભગવાન ભિન્ન ( ઐસા ) ભેદજ્ઞાન હુઆ અને અનુભૂતિ હુઈ, કયા કહેતે હૈ આપ ? મેરે સમજમેં આયા નહીં પ્રભુ. આહાહા ! શંકા નહીં કરતે હૈ, શંકાકા અર્થ તુમ કહતે હો

* ભાવવું = બનાવવું; ભાવ્યરૂપ કરવું.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

યે જૂઠ હૈ ઐસે નહીં, પણ તુમ કહેતે હો વો મેરી સમજમેં આયા નહીં ઉસકા નામ આશંકા કહેતે હૈ. આહાહાહા... શિષ્યકી મર્યાદા કિતની લિયા દેખો. આહાહા... ઐસી આશંકા કરકે પહેલે તો જો યે ભાવકભાવ મોહકર્મકે ઉદયરૂપ ભાવ, ભાવકકા અર્થ સમજે, ભાવક નામ કર્મ જો હૈ ને મોહ એ ભાવક ઉસકા લક્ષસે ઉસકા નિમિત્તકે વશસે જો વિકાર પુણ્ય પાપકા ભાવ હોતા હૈ યે ભાવકકા ભાવ હૈ, જ્ઞાયકકા ભાવ નહીં. આહાહાહા! આવું ઝીણું! પ્રવિણભાઈ! ત્યાં થાન બાનમાં મળે નહીં લાદીમાં મળે તેવું નથી. આવી વાત છે બાપુ, જેને જનમમરણના અંત લાના હો, આહાહાહા! તો કહેતે હૈ પ્રભુ મેરી આશંકા હૈ કે યે અનુભુતિસે પરભાવકા ભેદજ્ઞાન કૈસે હુઆ? આત્મા આનંદ સ્વરૂપ પ્રભુ ઉસકા અનુભવ હુઆ યે અનુભૂતિસે રાગકા ભેદજ્ઞાન કૈસે હુઆ, ઉસમેં રાગ જુદા કૈસે પડ ગયા. આહાહા! સમજમેં આયા? ભાવકભાવ મોહકર્મકે ઉદયરૂપ ભાવ ઉસકે ભેદજ્ઞાનકા પ્રકાર કહેતે હૈ.

णत्थि मम को वि मोहो बुज्झदि उवओग एव अहमेक्को ।
तं मोहणिम्ममत्तं समयस्स वियाणया बेंति ।।३६।।

(હરિગીત)

નથી મોહ તે મારો કંઈ, ઉપયોગ કેવળ એક હું,
–એ જ્ઞાનને, જ્ઞાયક સમયના મોહનિર્મમતા કહે. ૩૬.

પહેલે ગાથાર્થ લઈએ, જો જાને જો આત્મા ઐસા જાણે કે મોહ મૈરા કોઈ ભી નહીં, આહાહા! મોહ શબ્દે પરતરફકા સાવધાનીકા વિકાર ભાવ એ મેરા નહીં. આહાહા! મેરા તરફકા સાવધાન ભાવ શુદ્ધતા આનંદ આદિ એ મેરા ભાવ હૈ. આહાહા! સમજમેં આયા? જો યે જાને કે મોહ મેરા કોઈ ભી નહીં, કોઈ ભી નહીં, રાગકા વિકલ્પ ચાહે તો દયાના દાનના અરે ભક્તિના કે તીર્થંકરગોત્ર બાંધે ઐસા ભાવ પણ એ મેરા નહીં, આહાહા! કયોંકિ યે તો રાગ હૈ. બંધકા ભાવ એ કાંઈ ધર્મ નહીં. બંધકા કારણરૂપ ભાવ એ તો વિકાર હૈ, આહાહા! એ ભાવકકા ભાવ હૈ, મેરા નહીં. આહાહા! મૈં ભાવ જ્ઞાયક સ્વરૂપ, ભાવક હોકર પર્યાય હોતી હૈ યે નહીં યે તો કર્મકા ભાવક હોકર ભાવ હુઆ યે મેરી ચીજ નહીં. અરે આટલું બધું ભર્યું છે.

આંહી તો હજી સમ્યગ્દર્શન જ્ઞાનમેં ઐસા ભેદજ્ઞાન હોતા હૈ. આહાહાહા! સમજમેં આયા? યહ જાને કે મોહ મેરા કોઈ ભી નહીં. એક ઉપયોગ હી મૈં હું. મૈં તો જાણન દેખન જ્ઞાતા દૃષ્ટા એ ઉપયોગ યહ મૈં હું. આહાહાહા! ધર્મીને ઐસા ભેદજ્ઞાન હોતા હૈ. સમ્યગ્દૃષ્ટિ જ્ઞાનીકો ઐસા ભેદજ્ઞાન હોતા હૈ, તો મૈં તો જાણન દેખન ઉપયોગ સ્વરૂપ હું. એ પર તરફકા જિતના ભાવ હોતા હૈ (પરકી) સાવધાનીમેં યે મેરા નહીં. મેરા સ્વભાવકી સાવધાનીસે જો ભાવ હુઆ વહ મૈં હું. આહાહાહા! સમજમેં આયા?

એક ઉપયોગ હી મૈં હું ભાષા દેખો, "ઉપયોગ એવ" છે ને? "ઉપયોગ એવ" નિશ્ચય સમ્યગ્દૃષ્ટિ અપના આત્મામેં મેં જાણન દેખન હું યે હી મૈં હું, એ રાગ અને દ્વેષકા વિકલ્પ જો ઉઠતે હૈ યે મૈં નહીં. આહાહાહા! વ્યવહાર રત્નત્રયકા રાગ જે ઉત્પન્ન હોતા હૈ દેવગુરુ ધર્મકી શ્રદ્ધા, શાસ્ત્રકા જ્ઞાનકા વિકલ્પ એ તરફકા ઔર છ કાયકા દયાકા ભાવકા વિકલ્પ. આહા... એ સબ મેરી ચીજ નહીં. મૈં તો જ્ઞાનદર્શન ઉપયોગ 'હી' મૈં હું એ જ્ઞાન દર્શન ઉપયોગ 'હી' મૈં હું. કથંચિત્

આ હું અને કથંચિત્ આ હું ઐસા નહીં. આહાહાહા ! સમજમેં આયા ? ઉપયોગ હી મૈં હું. આહાહા !

સમ્યગ્દષ્ટિ ધર્મકી પહેલી શરૂઆતવાળા, ધર્મકી પહેલી સીઢી પ્રગટ કરનેવાલા, ઐસે જાનતે હૈ આ જાણન દેખન ઉપયોગ યે મૈં હું, યે હી મૈં હું, રાગ ભી મૈં હું અને આ ભી મૈં હું ઐસા નહીં, આ અનેકાંત હૈ. આહાહાહા ! આ હું. આહા ! ઔર ઐસે જાનનેકો સિદ્ધાંતકે અથવા સ્વપર સ્વરૂપકે જાનનેવાલે મોહસે નિર્મમત્વ જાનતે હૈ. ઐસા જીવકો મોહસે મમત્વરહિત જાનતે હૈ. કિસકો ? કે જે કોઈ અંતરમેં અપના જ્ઞાનદર્શન ઉપયોગ સ્વરૂપ મૈં હું, ઐસે જે જાનકર અંદર રહતે હૈ ઉસકો મુનિઓ, સંતો ઉસકો મોહસે નિર્મમત્વ કહતે હૈ. યે જ્ઞાનીઓ ઉસકો મોહસે નિર્મમત્વ કહતે હૈ. આવી વાત છે. આ બાપુ આકરી વાત ભાઈ અગિયાર અંગ તો અનંતવાર ભણી ગયો પણ એમાં કાંઈ વળ્યું નહીં. આહાહાહા !

અહીંયા કહે છે, આહાહાહા ! ઐસે જાનનેકા સિદ્ધાંતકા યા સ્વપર સ્વરૂપકા સમયસ્ય છેને ? સમયસ્ય સમય નામ સિદ્ધાંત અથવા સમય નામ સ્વપર સ્વરૂપકા જાનનેવાલા. સંતો મોહસે નિર્મમત્વ જાનતે હૈ, કહતે હૈ. આહાહા ! જિસને અપના સ્વભાવ જાણન દેખન શુદ્ધ ઉપયોગ મૈં હું, ઐસા આયા પછી રાગ મેરા નહીં યે તો અંદર આ ગયા, ઐસા જે હુઆ ઉસકો મોહસે નિર્મમત્વ સંતો કહેતે હૈ. આહાહાહા ! યે તો ઈતના યહાં આયા કિ મૈં એક ઉપયોગ હી હું મૈં આ નહીં હું ઐસા પહલે નહીં આયા.

પણ ઐસે જાનનેકો ઐસે જાનનેવાલે જીવકો, સિદ્ધાંત સ્વપરકો જાનનેવાલા સંતો દિગંબર મુનિઓ આહાહા... ભાવલિંગી સંતો એમ કહેતે હૈ કે જો કોઈ આત્મા, મૈં જાનન દેખન હી હું, ઐસા ઉપયોગમેં રહા ઉસકો જ્ઞાની સંતો મોહસે નિમર્મત્વ ઉસકો કહેતે હૈ. સમજમેં આયા ? આહાહાહા ! આવી વાતું છે. ભારે એકએક ગાથા પણ લોકો જરી શાંતિથી સાંભળે તો એને આવો મારગ છે ભાઈ. આહા... હજી તો પ્રથમ સમ્યગ્દર્શન અને જ્ઞાન પ્રગટ કરવા માટે અને એની સાથે પછી પ્રત્યાખ્યાન પ્રગટ થાય એની વિશેષતા આ અનુભૂતિનું વર્ણન વિશેષ કરે છે. છત્રીસ, સાડત્રીસ, આડત્રીસ માં પૂરું કરી દેશે. આહાહાહા !

ટીકાઃ- "નિશ્ચયસે યહ મેરે અનુભવમેં ફળદાનકે સામર્થ્યસે પ્રગટ હોકર" પાઠમેં તો ઐસા ઈતના લિયા હૈ મૈં તો જ્ઞાન ઉપયોગ હું, હવે ટીકાકાર વિશેષ સ્પષ્ટ કરતે હૈ. ( શ્રોતાઃ- મોહ મારો નથી ) હા, એનો જ અર્થ વિશેષ કર્યો છે. પાઠમાં તો ઈતના લિયા, સમજે નહીં ? "નત્થિ મમ કો વિ મોહો બુઝ્ઝીદિ ઉવઓગ અહમેકો" ઉપયોગ જ મૈં હું ઐસા આયા. "નથી મમ કો વિ મોહો" એ વિશેષ સ્પષ્ટીકરણ ટીકામાં કરતે હૈ. એ તો પહેલે આ ગયા ને કે મેરા કોઈ સંબંધી નહીં વો તો આ ગયા. રાગાદિ મેરે કોઈ સંબંધી નહીં એ તો ઠીક ગાથાર્થમેં આ ગયા. મૈં તો જ્ઞાનદર્શન ઉપયોગ સ્વરૂપ હી હું. મૈં આ નહીં એ પહેલે આ ગયા. આહાહા ! પર તરફકા વિકલ્પ જે ઊઠતી હૈ લાગણી યે મૈં નહીં, ચાહે તો શુભ હો કે અશુભ હો યે મૈં નહીં. બસ ઈતના ત્યાં. હવે મૈં હું કયા ? મૈં તો જ્ઞાનદર્શન ઉપયોગ હી મૈં હું. આહાહાહા ! જાનના દેખના ઉપયોગ હી મૈં હું. આહાહાહા... ઐસે જીવકો મોહ નિર્મમત્વ કહેતે હૈ.

હવે ટીકાઃ મેરે અનુભવમેં ફળદાનકે સામર્થ્યસે પ્રગટ હોકર ભાવકરૂપ હોનેવાલા પુદ્‌ગલદ્રવ્યસે રચિત મોહ મેરા કુછ ભી નહીં. આહાહાહા... મોહ કર્મ જડ હૈ ઉસસે રચિત

વિકારભાવ અને તે મેરે અનુભવમેં ફળદાનકી સામર્થ્યસે પ્રગટ હોકર, આહાહાહા.. મેરી પર્યાયમેં ભી ભાવક કર્મસે વિકારભાવ ફળદાન મેરી પર્યાયમેં આતા હૈ, આહાહા... એ પુદ્‌ગલ દ્રવ્યસે રચિત મોહ મેરા કુછ ભી નહીં, આહાહાહા ! એ તો કર્મસે રચિત હે, આત્માસે રચિત નહીં. આહાહાહા ! ભગવાન આત્મા જ્ઞાયક ચૈતન્ય આનંદસ્વરૂપ ઉસકી રચનાસે વિકાર નહીં, કર્મના અને ભાવકસે ઉત્પન્ન હુઆ મેરી પર્યાયમેં( ઉત્પન્ન હુઆ ) ફળદાન શક્તિ વિકાર મોહ એ ઉસકા ભાવકકા ભાવ હૈ. આહાહાહા ! સમજમેં આયા ? આવું છે ભાઈ આમ તો સાધારણ વાંચી જાય ને બધી વાતું કરે પણ શું અંદર ગોઠવવું કઠણ ભાઈ. આહાહાહા !

ધર્મી જ્ઞાની સમ્યગ્દૃષ્ટિ ભેદજ્ઞાનીકો એમ અનુભવમેં આતે હૈ કિ જે આ પર્યાયમેં ફળદાન સામર્થ્યસે પ્રગટ હોકર ભાવકરૂપ પુદ્‌ગલસે રચિત મોહ હૈ એ મેરા કુછ ભી નહીં લગતા રાગકી સાથ મેરા કોઈ સંબંધ નહીં, મેરા સંબંધ તો જ્ઞાયકભાવ સાથ સંબંધ હૈ. આહાહાહા... યે ચાહે તો દયાદાન વ્રતાદિકા રાગ, એ રાગ હૈ એ રાગકી સાથ મેરે કુછ સંબંધ નહીં.

હિન્દી પણ સાદી ભાષા છે ગુજરાતીવાળાને સમજાય તેવું છે. આહાહા ! ભાવકભાવ હોનેવાલા પુદ્‌ગલ દ્રવ્યસે રચિત, એ જડસે રચિત, આહાહાહા ! સ્વભાવસે રચિત નહીં, ભગવાન આનંદસ્વરૂપ પ્રભુ, ઉસકે રચિત તો આનંદ આતા હૈ, તો આ તો જડકર્મસે રચિત વિકાર વિકૃતભાવ, આહાહા ! મોહ મેરા કુછ ભી નહીં લગતા. મોહ સાથ મેરા કુછ કાંઈપણ સંબંધ નહીં એમ, કાંઈપણ નહીં સંબંધ. આહાહાહા !

પુદ્‌ગલ દ્રવ્યસે રચિત મોહ મેરા કુછ ભી નહીં લગતા, ક્યોંકિ મૈં તો ટંકોત્કીર્ણ અણઘડયા ઘડતર ચૈતન્ય જ્યોતિ ભગવાન. ટંકોત્કીર્ણ, ટાંકણાથી જેમ ખોદકર નિકાલે ચીજ ઐસી ચીજ મૈં હું અંદર. શાશ્વત જ્ઞાયક ચૈતન્ય મૂર્તિ મૈં હું, એમ ધર્મી અપના સ્વભાવકો, એક જ્ઞાયક સ્વભાવભાવ. દેખો, એક જ્ઞાયક સ્વભાવ વિકારભાવ થા એ ભાવકકા અનેકરૂપે ઉપાધિભાવ થા. આહાહાહા ! ટંકોત્કીર્ણ એક જ્ઞાયક સ્વભાવભાવ જ્ઞાયક સ્વભાવભાવ જ્ઞાયક સ્વભાવભાવ, વો ભાવકકા વિકારી ભાવ, પુણ્યપાપકા ભાવ ભાવકકા વિકારી ભાવ પણ મેરા સ્વભાવ જ્ઞાયક સ્વભાવભાવકા પરમાર્થસે પરકે ભાવો દ્વારા ભાના અશક્ય હૈ, ભાવ્યરૂપ કરના બનાના. જોયું, હૈ ? એ મેરા પર્યાયમેં ભાવ્યરૂપ બનાના અશક્ય હૈ. આહાહા !

કર્મ ભાવક હૈ ઉસકે( નિમિત્તસે ) ઉત્પન્ન હોતા વિકારી પુન્ય પાપકા ભાવ હોતા હૈ. એ ભાવ્ય, તો મેરા યે ભાવ્યરૂપ હોના અશક્ય હૈ. આહાહાહા ! આવું ઝીણું પડે એટલે શું કરે. એક જ્ઞાયક સ્વભાવભાવકા પરમાર્થસે પરકે ભાવો દ્વારા એ પરકા ભાવ હૈ એ. આહાહાહા ! એ ભાના એક જ્ઞાયક સ્વભાવભાવકે દ્વારા પરકા ભાવ દ્વારા ભાના, ભાવ્યરૂપ હોના અશક્ય હૈ.

ફિર, ધર્મી જીવકો સમ્યગ્દર્શન જ્ઞાનકે કાળમેં અંતરમેં એક સ્વભાવ જ્ઞાયક સ્વભાવભાવરૂપ મૈં યે ભાવકકા જો વિકારીભાવપણે ભાવ્ય મેરેંમૈં હો, ( યે ) અશક્ય હૈ. આહાહાહા ! હૈ ? આ તો અધ્યાત્મ શબ્દ હૈ બાપા આ કાંઈ વાર્તા કથા નથી. આ તો પરમાત્મ સ્વરૂપની કથા. આહાહાહા... ધર્મી, ભેદજ્ઞાનકે કાળમેં આ તો સમજાવે ત્યારે તો ઐસે સમજાવે ને એ કાંઈ મૈં ઐસા હું ઐસા હું. એ તો વિકલ્પ હૈ ઐસા હોતા હૈ અંદર એમ એક જ્ઞાયક સ્વભાવભાવકા પરમાર્થસે પરકે ભાવ દ્વારા ભાના અશક્ય હૈ. એ પણ વિકલ્પ છે અંદર હોતા હૈ, ભાવ મેરા

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

સ્વભાવભાવ હૈ, એ પરકા કારણસે ભાવ્ય હોતે હૈ એ ભાવ્ય મેરા નહીં, ઈતના જ્ઞાનમેં અનુભવમેં આતા હૈ બસ, આ વાત કરતે હૈ તો ભેદને વિકલ્પસે કરતે હૈ. આહાહાહા ! ભેદજ્ઞાનકે કાળમેં આ મૈં અને આ મેરા નહીં, આ મૈં આ મૈરા નહીં એ ભી એક વિકલ્પ હૈ, આતા હૈ ને ભેદજ્ઞાનમેં આતા હૈ કળશમેં ભેદજ્ઞાન પણ વિકલ્પ હૈ કેવળજ્ઞાનની પેઠે નથી. કળશમાં આતે હૈ, પણ આંહી સમજાવવામાં શું સમજાવે ? શી રીતે સમજાવે ? પણ એને અંતરમાં જ્ઞાયકભાવ ભગવાન આત્મા તરફકા ઝુકાવ એ મૈં હું ઐસા અનુભવમેં આયા બસ, હવે આ વિશેષ સમજાયા, કે યે કાળમેં ભાવકર્મકા ભાવકસે ભાવ્ય હોનેમૈં મેરી શક્તિ અશક્ય હૈ, મેરા સ્વભાવ અસમર્થ હૈ, વિકારરૂપે હોના યે મેરા સ્વભાવ અશક્ય હૈ, મેરા સ્વભાવમેં ઐસા સામર્થ્ય હૈ નહીં. આહાહાહા ! સમજાય છે કાંઈ ? આવું છે. અરે....

પરમાર્થસે પરકે ભાવ દ્વારા ભાના અશક્ય હૈ. આહાહાહા... મૈં તો સમકિતી જ્ઞાની ભેદજ્ઞાની અંતરમેં ભાવરૂપ પરિણમતે હૈ તો ઐસે કહેતે હૈ કિ મૈં તો એક સ્વભાવભાવ જ્ઞાયકભાવસે રાગકા ભાવપણે પરિણમના એ અશક્ય હૈ. મૈં તો મેરા જ્ઞાયકભાવ સ્વભાવ ભાવપણે પરિણમું એ મેરા શક્ય હૈ. આહાહા ! ( શ્રોતાઃ- અશક્ય છે કે અસંભવ છે ) નહીં. પરિણમતે હી નહીં. સમ્યગ્દૃષ્ટિ એ ચારિત્રકી બાત લેના હૈ ને ? સમ્યક્‌દર્શનમેં પરિણમતે થે જબ સમ્યગ્દર્શન થા તબ પર્યાયમેં, પણ વો પર્યાય હૈ યે ભાવકકા ભાવ્ય હૈ, હવે અહીંયા આગળ જાના હૈ ને. આહાહાહા ! અહીં તો પ્રત્યાખ્યાન અને ભેદજ્ઞાન બતાના હૈ ને, પરદ્રવ્યસે "નત્થી મમ કો વિ મોહો" એમ બતાના હૈ ને "મોહો નિમ્મમતં" બતાના હૈ ને ? આહાહાહા... ધીમેથી સમજવું ભાઈ, આ અંતરકી ચીજ હૈ આ તો, કોઈ બહારસે મિલે ઐસી ચીજ નહીં, બહારમાં હૈ હી નહીં, જ્યાં અંદરમેં હૈ ત્યાં બહારમાં ક્યાં હૈ ? યહાં તો રાગ અને પુણ્યકા પરિણામપણે પણ મેરા ભાવ પરિણમે એ અશક્ય હૈ. આહાહાહા ! ઐસા હોકર મોહ પ્રત્યે નિર્મમત્વ હોકર સ્વભાવ પ્રત્યે સાવધાન હોકર સ્થિર હોતા હૈ. આહાહાહા ! સમજમેં આયા ? ઝીણી વાત છે. સાધારણ માણસને તો પકડાય નહીં કે આ શું કહે છે. ઓલું તો સમજાય, લ્યો વ્રત કરો, ભક્તિ કરો, જાત્રા કરો, એવું સમજાય તો ખરું. શું સમજવું તેમાં, એ તો રાગ હૈ રાગ કરો, રાગ કરો કરો કરો એમાં શું છે ? એમાં તો મરો છે. આહાહાહા !

ભાષા કેવી જુઓ "પુદ્‌ગલ દ્રવ્યસે રચિત મોહ" પર્યાયમેં રાગાદિ હૈ પુદ્‌ગલદ્રવ્યસે જડદ્રવ્યસે રચિત મોહ, આહાહાહા... કર્યો કે મોહભાવ એ જડ હૈ, ચૈતન્ય નહીં. વિકારી મોહ ભાવ એ જડ હૈ, જડ કર્મસે રચિત મોહભાવ, આહાહા... મેરા કુછ ભી નહીં લગતા. આહાહાહા... ક્યોંકે ટંકોત્કીર્ણ એક જ્ઞાયક સ્વભાવભાવકા પરમાર્થસે ખરેખર પરમાર્થસે, દ્રવ્ય સ્વભાવસે, પરકે ભાવ દ્વારા ભાના અશક્ય હૈ. આહાહા... નીચે જરી અર્થ કર્યો છે ને બીજો જરી ઈસ ગાથાકા દૂસરા અર્થ યે ભી હૈ, શબ્દાર્થ હૈ ને કિંચીત્ માત્ર મોહ મેરા નહીં હૈ, મૈં એક હું, ઐસા ઉપયોગ હી આત્મા હી જાને, આત્મા હી જાને કે આત્માકો સમયકે જાનનેવાલે ઐસા આત્માકો આત્માકે જાનનેવાલા મોહકો નિર્મમત્વ કહતે હૈ. ઐસે ગાથાનો અર્થ આ રીતે પણ હોતા હૈ. આહાહાહા !

એક જ્ઞાયક સ્વભાવભાવકા પરમાર્થસે પરકે ભાવ દ્વારા ભાના અશક્ય હૈ. ( શ્રોતાઃ-
Please inform us of any errors on rajesh@AtmaDharma.com

અશક્ય કે અસંભવ ) અશક્ય કહો કે અસંભવ કહો. નહીં હૈ એ કહો તો એકની એક બાત હૈ એ તો શબ્દ ફેર પડયો. મેરા જ્ઞાયક સ્વભાવભાવ વિકારપણે હોનેમેં અસંભવ હૈ અશક્ય હૈ, અલાયક હૈ, અયોગ્ય હૈ. ( એકાર્થ હૈ. ) સમજમેં આયા ? આ તો સ્થિરતાની બાત કરના હૈ ને ? પ્રત્યાખ્યાનકા ભેદજ્ઞાનકા વિશેષ સ્પષ્ટીકરણ કરતે હૈ, અનુભૂતિકા વિશેષ ભેદજ્ઞાનકા સ્પષ્ટીકરણ કરતે હૈ. આહાહા ! યે આયાને પહલે આયા ને ઈસ અનુભૂતિસે આયાને ? પરભાવકા ભેદજ્ઞાન કૈસે હુઆ ? એમ પ્રશ્ન હુઆ હૈ ને ? આહાહાહા...

યહાં સ્વયં–એવ વિશ્વકો સમસ્ત વસ્તુઓંકો પ્રકાશિત કરનેમેં ચતુર, આહાહાહા... મૈં, મૈં મેરી ચીજ વિશ્વકો પ્રકાશિત કરનેમેં ચતુર ઔર વિકાસરૂપ હો ઐસી નિરંતર શાશ્વત પ્રતાપ સ્વરૂપ સંપત્તિયુક્ત હૈ ઐસા ચૈતન્યશક્તિમાત્ર સ્વભાવભાવકે દ્વારા અપની બાત કરતે હૈ ને. ભગવાન આત્મા તો સમસ્તકો જાનને દેખનેવાલા હૈ, સર્વજ્ઞ હુઆ એ અહીંયા નહીં, અહીંયા તો આત્મા સર્વકો જાનને દેખનેવાલા હૈ બસ ઈતના.

સ્વયમેવ અપનેસે યૂં, વિશ્વ હૈ માટે એમ નહીં. વિશ્વકો પ્રકાશિત કરનેમેં ચતુર ઔર વિકાસરૂપ ઐસી આહાહાહા... નિરંતર શાશ્વત પ્રતાપ સંપત્તિ યુક્ત હૈ. વિકાસરૂપ ઐસી નિરંતર શાશ્વત પ્રતાપ સંપત્તિયુક્ત હૈ. ઐસા ચૈતન્યશક્તિ માત્ર ! આહા... ઐસા મેરા ચૈતન્યશક્તિ માત્ર ! આહાહાહા... કૈસી ચૈતન્યશક્તિ હૈ ? કે સ્વયમેવ વિશ્વકો પ્રકાશિત કરનેમેં ચતુર, વિકાસરૂપ ઐસી નિરંતર શાશ્વત પ્રતાપ સંપત્તિયુક્ત ઐસા ચૈતન્યશક્તિમાત્ર સ્વભાવભાવકે દ્વારા, ઐસા સ્વભાવભાવ ચૈતન્યશક્તિમાત્ર, ચૈતન્ય સ્વભાવકા સ્વભાવ દ્વારા, ચૈતન્ય શક્તિકા સ્વભાવદ્વારા, ભગવાન આત્મા હી જાનતા હૈ. આહાહા ! દેખો, ભગવાન આત્મા હી જાનતા હૈ, કે પરમાર્થસે મૈં એક હું. અહીં સર્વજ્ઞની વાત નહીં હૈ આ આત્મા સર્વ વિશ્વને જાનને દેખનેકી શક્તિવાલા હૈ.

ઐસે ચૈતન્યશક્તિમાત્ર, ઐસે ચૈતન્યશક્તિમાત્ર, રાગાદિ ઉસમેં કુછ નહીં, ઐસા સ્વભાવભાવકે દ્વારા, ભગવાન આત્મા હી જાનતા હૈ, આહાહાહા... કે પરમાર્થસે મૈં એક હું. આમ સમજાય હું પરમાર્થથી હું એક છું એવો વિકલ્પ પણ ત્યાં નથી, પણ સમજાવે ત્યારે શું કરે, સમજાવવું શી રીતે, એ અંતરમેં પરમાર્થ એકરૂપ જ્ઞાયક ચૈતન્યશક્તિ ઐસા સ્વભાવ તો વિશ્વ સારી ચીજ લોકાલોક, સબકો જાનને દેખનેવાલા મૈં ઐસી મેરી શક્તિ. આહાહા !

ઐસા ચૈતન્યશક્તિમાત્ર સ્વભાવભાવકે દ્વારા, ભગવાન આત્મા હી જાનતા હૈ, ઐસા ચૈતન્યશક્તિમાત્ર સ્વભાવભાવકે દ્વારા ભગવાન આત્મા હી જાનતા હૈ. આહાહાહા ! ઇન્દ્રિયોંસે અને મનસે જાનતે હૈ યે નહીં, એમ કહે છે અહીં. ચૈતન્યશક્તિમાત્ર સ્વભાવભાવકે દ્વારા ભગવાન આત્મા હી જાનતા હૈ. આહાહાહા... ચૈતન્યશક્તિ સ્વભાવભાવ જો સર્વ સમસ્ત વસ્તુ વિશ્વકા જાનને દેખનેવાલા ઐસા મેરા ચૈતન્યશક્તિમાત્ર સ્વભાવકે દ્વારા, ભગવાન આત્મા હી જાનતા હૈ, કે પરમાર્થસે મૈં 'એક' હું. મૈં તો એક સ્વરૂપી જ્ઞાતા દૃષ્ટા એક હી હું. દૂસરેકા કોઈ સંબંધ મૈરેમેં હૈ નહીં. આહાહા !

ઈસલિયે યદ્યપિ સમસ્ત દ્રવ્યોંકે પરસ્પર સાધારણ અવગાહ, એક ક્ષેત્રમેં રહતે હૈ, એક ક્ષેત્રમેં જ્યાં ભગવાન આત્મા હૈ, વહાં ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ, કાળ, પુદ્‌ગલ ભલે હો એક જ ક્ષેત્રમેં છ દ્રવ્ય રહ્યા હૈ. થોડા, આખું દ્રવ્ય ભલે નહીં ધર્માસ્તિ. જ્યાં ચૈતન્યશક્તિ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


સ્વભાવભાવ ત્યાં બીજા દૂસરા દ્રવ્ય એક ક્ષેત્રે હૈ, અનંતા પરમાણું હૈ. ધર્માસ્તિકાયકા અસંખ્ય પ્રદેશ, અધર્માસ્તિકાયકા અસંખ્ય પ્રદેશ, અસંખ્ય કાળાણુ, આકાશ આખા લોકના અસંખ્ય ભાગમેં... એક પરસ્પર સાધારણ અવગાહ, એકક્ષેત્રાવગાહ સાધારણ અવગાહ. નિવારણ કરવું અશક્ય હોવાથી એ નિવારણ કરના અશક્ય હૈ. એક જ ક્ષેત્રમેં જ્યાં ભગવાન ચૈતન્યશક્તિમાત્ર ભગવાન આત્મા જાનના દેખના ભાવવાલા હૈ, એ જ ક્ષેત્રમેં દૂસરા પદાર્થ ભી હૈ તો ઉસકા અભાવ કરના અશક્ય હૈ. નિવારણ કરના અશક્ય હૈ.

દેખો, ઉસમેં ઐસા કહા થા કિ વિકારપણે પરિણમના મેરેમેં અશક્ય હૈ અને એકક્ષેત્રે દૂસરી ચીજ હૈ ઉસકો હઠા દેના અશક્ય હૈ. હો. આહાહાહા... ટીકા તે ટીકા છે ને ! એક ક્ષેત્રમેં હોને પર ભી મૈં તો જ્ઞાયક સ્વભાવ એકરૂપ હું ચૈતન્યવાલા હું. એ ત્યાં હૈ ઉસકો ભી મૈં જાનને દેખનેવાલા હું અને એક ક્ષેત્રે હૈ તો ઉસે દૂર કરના ઐસા અશક્ય હૈ, સભી હૈ હો. આહાહાહા... પાછા શબ્દ કયા લિયા હૈ. સમસ્ત દ્રવ્યોંકે પરસ્પર સાધારણ અવગાહ, આત્મા હૈ ત્યાં પર હૈ, ને પર હૈ ત્યાં આત્મા હૈ. હૈ ને ? પરસ્પર અવગાહ હો એક ક્ષેત્રમાં. આહાહાહા... જુઓ ! આ વાત એ સર્વજ્ઞ સિવાય આ ક્યાંય ઐસી બાત હૈ નહીં. જાનનેવાલા દેખનેવાલા એક સ્વરૂપ ત્યાંય દૂસરા દ્રવ્ય હૈ, એક ક્ષેત્રે, આહાહાહા... સમસ્ત દ્રવ્યોકે અનંત દ્રવ્યો. આહાહા... જ્યાં ભગવાન આત્મા હૈ ત્યાં અનંત અનંત પરમાણુના સ્કંધ, ઐસા અનંત સ્કંધ હૈ. એક એક પ્રદેશમેં અનંત પરમાણુના સ્કંધ, ઐસા અનંત સ્કંધ હૈ. ઐસા અસંખ્ય પ્રદેશી ભગવાન હૈ ત્યાં અનંત અનંત પરમાણુકા સ્કંધ એવા અનંતાસ્કંધ એક ક્ષેત્રાવગાહ હૈ. એક ક્ષેત્રકા અવગાહનામેં હૈ. અરે આવી વાતું છે. છતાં તેનો અભાવ કરવો એ અશક્ય છે પણ તેને પોતામાં રહીને પોતાને જાણવું એ જાણવામાં એ જાણવું આવી જાય અને રાગરૂપે ન થવું એ અશક્ય છે, પણ તે જાણનાર પોતાને જાણતા એકક્ષેત્રાવગાહમાં છે તેને જાણે એ તો મારો સ્વભાવ છે. સમસ્ત વિશ્વને જાણવું એ તો મારો સ્વભાવ છે. આહાહા ! અવગાહ નિવારણ કરના અશક્ય હોનેસે મેરા આત્મા હવે મેરા આત્મા કયા હૈ, એ વિશેષ વાત આવશે.

( શ્રોતાઃ- પ્રમાણ વચન ગુરુદેવ )

## પ્રવચન નં. ૧૦૩ ગાથા - ૩૬ તા. ૮-૧૦-૭૮ રવિવાર આસો વદ-૭ સં. ૨૫૦૪

૩૬ મી ગાથા અહીં સુધી આવ્યું છે. ભગવાન આત્મા જ જાણે છે કે, ત્યાંથી લેવું ઝીણી વાત છે ભાઈ ચાલતી વાતથી જુદી જાત છે. આહા... ( શ્રોતાઃ- સત્ય વાત છે ) આ આત્મા જ્ઞાયક સ્વરૂપ ચિદ્‌ઘન જ્ઞાન ને આનંદનો ઘન પ્રભુ એ આત્મા, બાકી પુણ્ય ને પાપના વિકલ્પો રાગ ઊઠે એ બધા કર્મના નિમિત્તથી થયેલા એ કર્મના છે, મારો સ્વભાવ નહીં, એમ આ જીવ અધિકાર ચાલે છે ને, ધર્મી જીવ એને કહીએ આહાહા... કે આ આત્મા છે એ આનંદ ને જ્ઞાન સ્વરૂપ છે. એ આત્મા એમ જાણે છે. છે ? કે પરમાર્થે હું એક છું. આહાહા... આ પર્યાયમાં જે વિકાર દયા-દાન વ્રત ભક્તિ કામ ક્રોધ જે થાય છે એ હું નહીં. એ તો ભાવકકર્મ એનો એ ભાવ, મારો ભાવ નહીં. આહાહા... જો કે સમસ્ત દ્રવ્યોના પરસ્પર સાધારણ અવગાહ "જો કે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

ભગવાન આત્મા જ્યાં છે ત્યાં બીજાં દ્રવ્યો પણ છે એક જગ્યોએ રહેવામાં નિવારણ ન કરી શકાય. કર્મના રજકણો ધર્માસ્તિકાયાદિના પ્રદેશો કે જે જીવ પાત્ર છે એને જ્ઞાનીએ એમ જણાવ્યું કે ભગવંત તારું સ્વરૂપ, શરીર અને વાણીની ક્રિયાથી તો ભિન્ન છે, પણ અંદર જે પુણ્ય પાપના શુભઅશુભભાવ થાય, એનાથી તારું સ્વરૂપ ભિન્ન છે. આહાહા... એમ એણે સાંભળ્યું જાણ્યું અને અંદરમાં વિવેક કર્યો, કે હું તો આત્મા, એકરૂપ સ્વરૂપ છું. શુદ્ધ ચૈતન્ય આનંદકંદ પ્રભુ આહાહાહા... સમ્યગ્દર્શનની ચીજ છે બાપુ ઝીણી બહુ. આહાહા! હું તો સર્વ દ્રવ્યો જે છે "પરસ્પર સાધારણ એકક્ષેત્રે રહે છે તેનું નિવારણ કરવું અશક્ય છે" મારો આત્મા અને જડ, હું ભગવાન આત્મા અને જડ, શિખંડની જેમ એકમેક થઈને રહ્યા છે, એકમેક થઈ રહ્યા છે શિખંડમાં દહીં અને ખાંડ એકમેક થઈને જાણે રહ્યા છે. એમ આ આત્મા ભગવાન આત્મા અને કર્મના આદિ પરમાણુઓ અને પુણ્ય-પાપના ભાવ, અહીં ખરેખર તો પુણ્ય-પાપના ભાવ લેવા છે. એ બે એક જેવા જણાય છે અનાદિથી, અરે આ તે ક્યાં જોવા નવરો થાય ?

અહીંયા કહે છે કે જેમ શિખંડમાં દહીં અને ખાંડના સ્વાદ ભિન્ન છે, છતાંય એક સ્થાને, એકભાવવાળા હોય એમ એને દેખાય છે અનાદિથી. એમ ભગવાન આત્મા અનાકુળ આનંદ સ્વરૂપ પ્રભુ એમાં શુભ અને અશુભભાવ એ એકમેક હોય એમ એને દેખાય છે અનાદિથી જાણે એક થઈ રહ્યા હોય, તોપણ શિખંડની માફક સ્પષ્ટ અનુભવમાં આવતા સ્વાદના ભેદને લીધે આહાહાહા... પણ હું આત્મા ચૈતન્ય સ્વરૂપ એનો સ્વાદ પવિત્ર અને આનંદનો સ્વાદ છે, તે હું. છે ? સ્પષ્ટ અનુભવમાં આવતા, આહાહાહા... સ્વાદના ભેદને લીધે, હું મોહ પ્રત્યે નિર્મમ છું. કેમકે કર્મના નિમિત્તના સંગે થયેલા શુભ-અશુભ દયા-દાન વ્રત ભક્તિ કે કામક્રોધના ભાવ, એનો સ્વાદ રાગનો કલુષિત ( આકુળિત ) છે. આહાહાહા! મારો ચૈતન્ય સ્વભાવનો સ્વાદ એનાથી જુદો છે. એમ ધર્મી જીવ પ્રથમ ધર્મ પામતાં, પ્રથમ ધર્મ પામતાં, એને રાગનો સ્વાદ ભિન્ન દેખાય છે. આહાહાહા... અને આત્માનો સ્વાદ ભિન્ન જણાય છે- જેમ શિખંડમાં સ્વાદ દહીંનો ને ખાંડનો ભિન્ન છે, એમ મારો સ્વાદ, હું આનંદ સ્વરૂપ પ્રભુ એનો સ્વાદ ચૈતન્યનો સ્વાદ અને દયા દાન વ્રત ભક્તિ આદિના પરિણામ જે રાગ છે, એનો સ્વાદ દહીંની પેઠે ખાટો છે, એટલે કલુષિત છે, મારો સ્વાદ આનંદનો ભિન્ન છે. આહાહાહા!

અરે કે દિ' કરે ? ભવના અંત લાવવા હોય એની વાતું છે બાપુ. ભવ કરી કરીને મરી ગયો છે અનંતકાળથી નરકના, સ્વર્ગના, મનુષ્યના અનંત અનંત ભવ કર્યા છે, પણ એણે આત્મજ્ઞાન ન કર્યું.. એના વિના એનું પરિભ્રમણ ન મટયું. આહાહાહા! જેને એ પરિભ્રમણ મટાડવું છે એને આત્માના ને રાગના સ્વાદને ભિન્ન જાણશે તો મટશે. જુઓ આ વાણી. આહાહાહા... અરે આ વાત.. શરીર વાણી મન, જડ અને સ્ત્રીકુટુંબ પરિવાર એ તો પર છે, એને તો આત્માની સાથે કાંઈ સંબંધ નથી. એમ જડકર્મના નિમિત્તથી થતા શુભાશુભભાવ જે રાગાદિનો સ્વાદ, એ જડનો સ્વાદ છે. ચૈતન્ય જ્ઞાયક મારું સ્વરૂપ એનો સ્વાદ ચૈતન્યનો આનંદ છે. અરે આ વળી, આ સ્વાદ કેવો હશે ? આ દુધપાકના સ્વાદ ને મોસંબીના સ્વાદ ને એમ લોકો તો માને છે. ધૂળમાંય સ્વાદ નથી સાંભળને હવે. એ તો જડ છે જડનો સ્વાદ તને આવે ? જડનો સ્વાદ તો જડ રૂપી છે, એ ખાતા તને એનો સ્વાદ નથી આવતો, એના પ્રત્યેનો રાગ થાય છે, એ રાગનો સ્વાદ

એને આવે છે.

અરેરે ! એને ક્યાં ખબર છે. બેખબરો અનાદિથી અજ્ઞાની મૂરખ. આહાહા... પોતાની જાતને જાણી નહીં અને રાગાદિ પર જાત છે તેને મલિન તરીકે જાણ્યું નહીં. કનુભાઈ આવી વાતું છે આંહી તો કરોડોપતિ માણસ હોય તો, તે કરોડપતિ માણસ છે, આહાહા ! ને જાણે અમે સુખી છીએ, ધૂળમાંય નથી સુખી. આહાહાહા !

છે ? સ્વાદના ભેદને લીધે શિખંડની માફક, દહીં અને ખાંડના સ્વાદના ભેદની માફક, સ્પષ્ટ અનુભવમાં આવતા સ્વાદના ભેદને લીધે, આહાહા ! હું મોહ પ્રત્યે નિર્મમ છું. એ રાગાદિ ભાવ છે એ મારા નહીં, હું એના પ્રત્યે નિર્મમ છું. આહાહા ! શરીર વાણી મન એ તો કયાંય રહી ગયા બહાર ધૂળ, આહાહા ! પણ અંદરની પર્યાયમાં કર્મના નિમિત્તથી થતાં વિકારી ભાવ તેનો સ્વાદ ભિન્ન છે માટે એના પ્રત્યે હું નિર્મમ છું. આહાહાહા ! આવી વાત છે.

વીતરાગ જિનેશ્વરદેવ ત્રિલોકનાથ પરમાત્મા આમ ફરમાવે છે. જિનેશ્વર વીતરાગ ત્રિલોકનાથ તીર્થંકર પરમેશ્વર એમ ફરમાવે છે, ( કે ) પ્રભુ તારું સ્વરૂપ અંદર ચૈતન્યની જાતના આનંદનું છે ને, આહાહાહા ! એ આનંદનો સ્વાદ તે તારો અને વચમાં જે રાગાદિનો સ્વાદ તને ઉપયોગમાં જણાય એ મલિન ઉપયોગ થઈને જણાય એ સ્વાદ તારો નહીં. આહાહાહા ! રાગના સ્વાદને અને ચૈતન્યના સ્વાદને ભિન્ન પાડવા એ કાંઈ સાધારણ વાત છે ? અનંતકાળથી કર્યું નથી એક સેકંડ પણ. આહાહા... ધર્મને નામે પણ દયા દાન વ્રત ભક્તિ ને પૂજાને એ રાગના ભાવને કરીને મરી ગયો છે. આહાહા ! એ રાગનો સ્વાદ તો જડનો છે. આહાહાહા ! સ્ત્રીના શરીરના ભોગ વખતે શરીરનો એને અનુભવ નથી, પ્રભુ તને ખબર નથી, એ તો માટી છે આ તો ધૂળ છે ( આત્મા ) અરૂપી એનો એને અનુભવ નથી. પણ એના પ્રત્યે રાગ થાય છે કે આ ઠીક છે, એવા રાગનો અજ્ઞાનીને અનુભવ છે. માને છે કે આ શરીરને હું ભોગવું છું. આહાહાહાહા... અહીંયા કહે છે, કે આ રાગનો સ્વાદ એ જડનો છે, તારું સ્વરૂપ નહીં પ્રભુ. આહાહાહા ! એમ ત્રિલોકનાથ જિનેશ્વરદેવનો પોકાર છે, એ જીવે કોઈ દિ' સાંભળ્યો નથી. આહાહા !

એ સ્વાદમાં આવતા ભેદને લીધે મોહ પ્રત્યે નિર્મમ જ છું. આહાહાહા ! મારો ભગવાન આત્મા ચૈતન્ય સ્વરૂપી, એનો જે અતીન્દ્રિય આનંદ સ્વાદ અને મોહકર્મના નિમિત્તથી થયેલો વિકૃતભાવ એનો સ્વાદ તે તદ્દન ભિન્ન છે, માટે તેના પ્રત્યે ધર્મી સમ્યગ્દૃષ્ટિ ધર્મની પહેલી શરૂઆતવાળો એમ કહે છે, માને છે, કે રાગ પ્રત્યે હું નિર્મમ છું. આહાહા !

આવું સાંભળવું મુશ્કેલ પડે એવું છે. પ્રવીણભાઈ ? આ તમારા પૈસા અને લાદીને ધૂળધાણીને પાંચ-દશ લાખની પેદાશ હોય એટલે જાણે, ઓહોહો ! ક્યાંય વધી ગયા અમે બે-પાંચ દશ કરોડ રૂપિયા થાય, એટલે હું પહોળો અને શેરી સાંકડી થઈ જાય એને, સમજાણું કાંઈ ? આંહી તો આ વાત છે પ્રભુ, ત્રણ લોકના નાથનો પોકાર વીતરાગનો આ છે, એ વાત તો અત્યારે સંપ્રદાયમાં છે જ નહીં. સંપ્રદાયમાં તો આ કરો ને આ કરો ને આ કરો એ રાગની ક્રિયા એને ધર્મ માને.

આંહી તો કહે છે કે ધર્મી જીવ એને કહીએ કે રાગના સ્વાદના પ્રત્યે જે નિર્મમ છે અને પોતાના સ્વભાવ પ્રત્યે અહમ્‌પણું મમ્ છે, એ મારો છે. આહાહાહા... બીજી રીતે આવ્યું કે

રાગના સ્વાદ પ્રત્યે ધર્મી નિર્મમ છે અને નિજ સ્વાદ પ્રત્યે મમ્ છે, મમ્ આ મમ્ નથી છોકરા ખાતા. આહાહાહા... અરે ! અરે ! આવી વાતું છે. ધર્મી મમ્ કરે છે મમ્, મમ્ ખાય છે. મમ્ એટલે પોતાની ચીજ જે આનંદ છે તેને અનુભવે છે, આ નિર્મમ છે આ મમ્ છે. આહાહા !

ચોર્યાસીના અવતાર કરી કરીને મરી ગયો છે, અને હજી જ્યાં સુધી એ રાગ એ હું એવી માન્યતા પડી છે એ મિથ્યાત્વની એમાં અનંતાભવ કરવાની તાકાત છે. નરક ને નિગોદના ભવ કરવાની તાકાત છે એમાં. આહાહા ! એ બધા અબજોપતિ ને કરોડોપતિ એ મરીને ન્યાંથી ઢોરમાં જવાના. આહાહા ! કેમકે ત્યાં રાગ જે તીરછો સ્વભાવ છે, જે સ્વરૂપ પોતાનું નથી, એના સ્વાદમાં પોતે માને છે કે તે હું છું, તે મિથ્યાદૃષ્ટિ જીવને આડોડાઈ કરી નાખી જીવમાં એણે, જીવનો જે રાગરહિત સ્વભાવ છે એમ ન જાણતાં, એ દયા દાન રાગના પરિણામનો સ્વાદ એ મારો છે, એવી જેણે અંતરમાં આડોડાઈ કરી છે, એ મરીને તિર્યંચ આડા, આમ શરીર આડા છે એમ થાશે, આ માણસ ઊભા છે, આવી વાત છે બાપુ આંહી તો. આહાહાહા !

તિર્યંચ છે ને ? એ તિર્યંચ કહે છે ને પ્રભુ, એને તિર્યંચ કહેને, આમ તીરછા, માણસ આમ ઊભા છે અને ગાય ભેંસ બકરા ખીસકોલી એના શરીર આમ આડા છે, તીરછા છે. એ તીરછા કેમ થયા ? કે પૂર્વે એણે આડોડાઈ તીરછાઈ બહુ કરી હતી. દારૂ માંસના ખોરાક હોય તો તો મરીને નરકે જાય, પણ એ ન હોય, પણ આવા રાગના તીવ્ર ભાવને પોતાના સ્વાદ તરીકે જાણી, ભગવાનને આડો કરી નાખ્યો, અવળો કરી નાખ્યો, આહાહાહા... ભગવાન એમ કહે છે, એ જીવો મરીને તીરછા, તિર્યંચ થશે. ગાય ભેંસ ને બકરા થશે. આહાહાહા ! અનંત વાર થયો છે એ રીતે. આહાહાહા !

આંહી કહે છે કે, એકવાર જેણે પોતાના આનંદના સ્વાદને લઈ સ્વસન્મુખ થઈ, ભગવાન આનંદ સ્વરૂપ, જે એનાથી વિમુખ હતો, જે શુભઅશુભભાવને માનીને સ્વાદ લઈને મારો છે એમ માનતો, એ સ્વભાવથી વિમુખ હતો. એ સ્વભાવની સન્મુખ થયેલો પ્રભુ, આહાહાહા... મારું સ્વરૂપ તો ચૈતન્ય સ્વરૂપ ચૈતન્યનો સ્વાદ તે હું, એમ જેણે મમ કર્યું, આનંદનો સ્વાદ લીધો, આહાહા ! એને એ સ્વાદની આગળ ચાહે તો દયા દાન વ્રતનો રાગ હોય પણ એ રાગ કલુષિત જડનો સ્વાદ છે. અરે આ કેમ બેસે ? આહાહા... ક્યાં રખડતો રખડતો રઝળતો એને ક્યાં ( આ ) વાત બેસે ? સાંભળવા મળે નહીં બિચારાને. આહાહાહા !

આવી વાતું છે પ્રભુ. શું કરીએ ? ભગવાનનો પોકાર છે સીમંધર ભગવાન પાસેથી આ બધી વાત આવી છે. પ્રભુ બિરાજે છે. મહાવિદેહમાં પ્રભુ બિરાજે છે, સીમંધર ભગવાન, આહાહાહા ! ન્યાંથી આવેલી આ વાત છે. આહાહા !

કહે છે કે સ્વાદના ભેદને લીધે, મારો પ્રભુ તો ચૈતન્ય સ્વભાવી સ્વાદિષ્ટ છે, આહાહા... અનાકુળ આનંદના સ્વાદવાળો તે હું અને આ રાગનો સ્વાદ જે મોહનો સ્વાદ તે કલુષિત, એના પ્રત્યે હું નિર્મમ છું. એ મારા નહીં, જીવ અધિકાર છે ને, એ રાગને અજીવ ને જડ કહીને જીવથી જુદો બતાવ્યો છે. એ નિર્મમ છું. એ નિર્મમ જ છું. રાગનો કણ પણ જે અંદર હોય, આહાહા ! આવે પણ હું નિર્મમ જ છું. શરીર વાણી મન બાઈડી છોકરાં તો ક્યાંય ( દૂર ) રહી ગયા ધૂળ એ તો ક્યાંય રહી ગયા એના હતા જ ક્યાં ? આહાહા ! પણ ધર્મી જીવ તો એ મારા છે એ તો

વાત ગઈ, પણ રાગ મારો છે એ વાત( ગઈ ) જાય છે, ત્યારે ધર્મી થાય છે. ત્યારે તે સમ્યગ્દૃષ્ટિ, ધર્મની શરૂઆતવાળો પ્રથમ દરજ્જાનો, આહાહાહા... અરેરે આવી વાતું આ શું છે આ ? આવો વીતરાગનો માર્ગ હશે આ ? વીતરાગ માર્ગમાં તો દયા પાળવી, વ્રત પાળવા, કંદમૂળ ખાવા નહીં, રાત્રે ચોવિહાર કરવો, છ૫રબી આહાર કરવો એવું તો અમે સાંભળીએ છીએ ભાઈ, માર્ગ એ નથી પ્રભુ એ જૈન માર્ગ નથી, એ તો રાગ માર્ગ છે.

ભગવાન આત્મા જ જાણે છે. આત્મા જ જાણે છે, કે હું જ્યાં છું ત્યાં બીજાં દ્રવ્યો, ભગવાને તો છ દ્રવ્યો જોયાં છે ને ? સર્વજ્ઞ પરમેશ્વર જિનેશ્વરે છ દ્રવ્યો જોયાં છે, તો હું જ્યાં છું ત્યાં બીજાં દ્રવ્યો છે, બીજા આત્માઓ ત્યાં છે અહીં આત્માના પ્રદેશ પાસે, અનંત પરમાણુઓ પડયા છે, ધર્માસ્તિકાયના પ્રદેશ છે, અધર્માસ્તિકાયના પ્રદેશ છે, આકાશના છે, કાળના છે, પણ એક ક્ષેત્રે રહેવામાં નિવારણ કરવું અશક્ય છે. એને ક્ષેત્રથી જુદા પાડી શકાય એમ નહીં, પણ રાગના ભાવની મલિનતાને ભાવથી ભેદ કરીને ભાવથી જુદા કરી શકાય. આહાહાહા !

આવી વાતું છે. પ્રભુ પછી સોનગઢના નામે ગમે તે કહે લોકો કહે, બચારા એને ખબર નથી ને, સોનગઢ નિશ્ચયની વાતું કરે ને વીતરાગની વાતું કરે. અમારી દયા ને વ્રત ( અમે ) પાળીએ એને ધર્મ ન કહે, એમ કહે બિચારા શું કરે ? ખબર નથી એ. ( શ્રોતાઃ- જ્ઞાયકના સ્વાદથી અજાણ્યા છે ) અજાણ્યા છે. અંદર જાણક-સ્વરૂપ ભગવાન, એ ચૈતન્યસ્વભાવી પ્રભુ છે. એના સ્વાદમાં તો ચૈતન્યનો આનંદ સ્વાદ હોય ભાઈ. એને ધર્મી જીવને તેના સ્વાદમાં પોતાપણું ભાસે છે. અંદર રાગ આવે છે તેને કર્મના તરફના જડનો વિકાર એ કર્મનો છે, એનો સ્વાદ કલુષિત, ઝેર જેવો દુઃખરૂપ સ્વાદ છે. આહાહા... અરેરે ! ચૈતન્ય સ્વભાવ વસ્તુ ભગવાન ત્રિકાળી અવિનાશી વસ્તુ છે. આત્મા કોઈ સાધારણ ચીજ નથી. આહાહા ! એની પર્યાયમાં વર્તમાન અવસ્થામાં એની રમતું ( વિકારમાં ) અનાદિની છે પણ એ પર્યાયની સમીપે આખું તત્વ મહાપ્રભુ, ચૈતન્ય તત્ત્વ છે એની ખબર નથી એને. આહાહાહા ! એ જ્યાં એને ખબરું પડે છે, આહાહા... કે હું તો આત્મા જ એક છું, એમાં જે અનેકપણું વિકૃત અવસ્થા દેખાય છે, એ સ્વાદ મારો નહીં, તે પ્રત્યે હું નિર્મમ છું. આહાહાહા ! અને મારો ચૈતન્યનો સ્વાદ રાગ રહિત સ્વાદ, શાંતિ અને આનંદનો પ્રભુ સ્વભાવ એનો સ્વાદ, અરે, આ... આવો આત્મા અને શું કહે છે આ ? પાગલ જેવું લાગે એવું છે આ. બાપુ ! એણે સાંભળ્યું નથી ભાઈ, તેં પચાસ વર્ષ સાંઈઠ વર્ષ કાઢયા બધાય અજ્ઞાનમાં, મૂંઢતામાં. આહા ! આ વાત સાંભળી નથી ભાઈ, આ પાગલ નથી ( હોતા ? ) તું પાગલ છો માટે તને ભાસતું નથી. આહાહા ! વીતરાગની વાણી ઔષધ છે. રાગનો રેચ કરાવવાની, ( દવા છે ) આહાહા... રાગનો રેચ થઈ જાય, અને ચૈતન્યની નિરોગતા ચૈતન્યની દૃષ્ટિમાં આવે. આહાહા... આ વીતરાગ વાણી કહે છે. સમજાય છે કાંઈ ?

કારણ કે, સદાય પોતાના એકપણામાં પ્રાપ્ત હોવાથી, હું કે બધા પદાર્થો, એકપણામાં પ્રાપ્ત હોવાથી સમય નામ આત્મ પદાર્થ અથવા દરેક પદાર્થ એવો ને એવો જ સ્થિત રહે છે, પરમાણુ લ્યો તો પણ પરમાણુ આ જડ આ આંગળી તો અનંત રજકણનો પિંડ છે એનો છેલ્લો પોઈન્ટ છે ટૂકડો એ પણ પોતે પોતામાં સ્થિત છે. પરમાણુ પરમાણુમાં સ્થિત છે પરમાણુને આત્મા સાથે કાંઈ સંબંધ નથી. આહાહાહા ! આ માટી છે જુઓ આ, ( શરીર ) લોકો પણ એમ કહે છે પણ

એને ભાન નથી બોલે ખરા આંહી ચૂંક વાગે ને તો કહે મારી માટી પાકણી છે, પાણી અડવા દેશો નહીં, બોલે ખરા ભાન વિનાના, બોલે ખરા મારી માટી પાકણી છે, માટી તો જડ ધૂળની છે આ ક્યાં માટી તારી હતી, આ તો પુદ્‌ગલ છે. ખીલી વાગી હોય તો પાણી અડાડશો નહીં, પાણીનો પાટો બાંધશો નહીં, મારી માટી પાકણી છે. માટી કહે ને વળી પાછી મારી કહે! ગાંડાના કાંઈ લખણ બીજા હશે ? સમજાણું કાંઈ ? આહાહા!

એ માટી એની ચીજ નથી, એ તો ભિન્ન છે એક જગ્યોએ રહેવા છતાં, પણ અંદરમાં રાગ થાય છે શુભઅશુભ રાગ એ પણ વિકૃત–કલુષિત સ્વભાવ, એ મારા ચૈતન્યનો સ્વાદ નહીં. આહાહાહા! અરેરે કે દિ' કરે અને કે દિ' એના ભવના અંત આવે ? આ (સમજયા) વિના એના ભવના અંત આવે એવું નથી. મરી જાયને, ક્રિયા કરી કરીને. આહાહા! એ તો બધી રાગની ક્રિયા છે, અને રાગ તો કલુષિત મેલો જડનો સ્વભાવ છે. અરેરે ગજબ વાતું આ.

"સદાય પોતાના એકપણામાં પ્રાપ્ત હોવાથી આત્મપદાર્થ એવો ને એવો જ સ્થિત રહે છે" કૌંસમાં બતાવે છે દહીં અને ખાંડ મેળવવાથી શિખંડ થાય છે. દહીં અને ખાંડ, એમાં દહીં અને ખાંડ એક જેવા માલૂમ પડે છે શિખંડમાં, તોપણ પ્રગટરૂપ ખાટામીઠા સ્વાદના ભેદથી, દહીં તે ખાટું છે અને ખાંડ તે મીઠી છે. બેયના સ્વાદના ભેદથી જુદા જુદા જણાય છે. આહાહાહા!

શાસ્ત્રમાં તો એવો એક લેખ છે કે દારૂ પીધો હોય તો એને શીખંડ ખવરાવો તો ગાયના દૂધ જેવું લાગે એને, જેણે દારૂ પીધો છે એને જો શીખંડ આપો તો ગાયનું દૂધ પીઉં છું એવું લાગે, એને સ્વાદની ખબર નથી એમ જેણે મિથ્યાત્વના દારૂ પીધા છે, ઊંધી શ્રદ્ધાના દારૂ પીધા છે, આહાહાહા! એને રાગના સ્વાદ મારા છે એમ ભાસે છે. આવી વાત છે, પ્રભુનું સ્વરૂપ આવું છે ભાઈ. આહાહા!

તેવી રીતે દ્રવ્યોના લક્ષણભેદથી જડ ચેતનના જુદા જુદા સ્વાદને લીધે, એ રાગાદિ જડનો સ્વાદ છે કેમકે રાગ પોતે જાણતો નથી કે હું કોણ છું, ચાહે તો દયા દાન વ્રત ભક્તિનો વિકલ્પ રાગ હો એ રાગમાં જાણવાની તાકાત નથી. એ તો અચેતન છે. આહાહાહા! રાગ પોતે જાણતો નથી કે હું કોણ છું, તેમ રાગ જોડે ચૈતન્ય ભગવાન છે તેને (રાગ) જાણતો નથી. તેમ તે રાગ ચૈતન્ય વડે જણાય છે, માટે તે જડ છે. આહાહાહા!

અરેરે એ જેમ શિખંડમાં ખાંડ અને દહીંનો સ્વાદ ભિન્ન છે, એક જેવા દેખાવા છતાં, એમ ભગવાન આત્માનો સ્વાદ ચૈતન્યનો અને રાગનો (સ્વાદ) જડ એ લક્ષણભેદથી બેના લક્ષણભેદ છે, બેના લક્ષણો જુદા છે. જેમ દહીંનો સ્વાદ ખાટો અને ખાંડનો સ્વાદ મીઠો, એમ લક્ષણભેદ છે. એમ રાગનો સ્વાદ જડ કલુષિત, ભગવાનનો સ્વાદ ચૈતન્ય અને આનંદ, બેયના લક્ષણથી બેયના ભેદ છે. આહાહા... સમજાણું કાંઈ ? કાંઈ સમજાણું શું કીધું છે એ ? સમજાય જાય તો જુદી વાત છે, પણ કઈ પદ્ધતિથી કહેવાય છે, એ શૈલી પકડાય છે એમ.

અરેરે આવો મારગ હશે જિનદેવનો અહીં તો ભાઈ એવું સાંભળ્યું'તું, કહે દયા પાળો, વ્રત કરો, જીવને ન મારો, છ કાયની દયા પાળો, પાંજરાપોળમાં મદદ કરો, ઘેટાંને ખડ નાખો, આહાહા... પોહા કરો, પ્રતિક્રમણા કરો. સામાયિક કરો, શેના પોહા ? તારે ભાન નથી ને આત્મા કોણ છે એનું ભાન નથીને પોહા શેના ? અજ્ઞાનના પોહા છે મિથ્યાત્વના. મિથ્યાત્વને પોસે છે

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


એ તો. આહાહાહા !

ભગવાન આત્મા ચૈતન્ય સ્વભાવી આનંદ પ્રભુ. એ આનંદનો સ્વાદ એ ચૈતન્યનો સ્વાદ છે અને એ રાગ જે રાગ વિકલ્પ હોં, આહાહાહા ! ચાહે તો પંચમહાવ્રતના પરિણામ હો, એ રાગ છે ભાઈ તને ખબર નથી, એ તો વૃત્તિનું ઉત્થાન છે એ રાગનો સ્વાદ કલુષિત છે તને ખબર નથી. આહાહા ! ઈ જડ ને ચૈતન્યના સ્વાદની ભિન્નતાને લઈને, જુદા જુદા સ્વાદને લીધે ( જુદા ) જણાય છે. આહાહાહા... કેટલી ધીરજ જોઈએ આમાં. આહાહાહા ! કે મોહકર્મના ઉદયનો સ્વાદ રાગાદિ છે. રાગ દ્વેષ હરખ શોક એ બધા ભાવ મોહકર્મના ઉદયનો સ્વાદ એ છે. આહાહાહા !

રાજીપો થઈ જાય આમ પૈસા પાંચ પચીસ લાખ મળે, ને બે લાખની પેદાશ મહિને હોય તો જાણે. ઓહોહો ! કોણ જાણે શું વધી ગયો ? એનો રાજીપો એ રાગના ઝેરનો સ્વાદ છે. આહાહા ! છે ? ( શ્રોતાઃ- શીરો ને લાપસી બનાવે અને આપ એને ઝેરનો સ્વાદ કહો છો ) બે લાખ પેદા થાય તો કહે લાપસી કરો આજ, ધૂળમાંય નથી હવે સાંભળને ! આ બધા પૈસાવાળા બેઠા, કરોડોપતિ ( શ્રોતાઃ- આપ ના પાડો છો ) કહે છે, આ રહ્યા આ ઘીયા કરોડપતિ છે આ અમારે પ્રવિણભાઈ એ તો વળી ઘણા કરોડ છે, એમ કહે છે. એક જણો અમને કહેતો ’તો અમે તો સાંભળેલી વાત છે હોં. એક જણ એમ કહેતો તો છ( એ ) છોકરા પાસે એક એક કરોડ છે, એમ કહેતો ’તો કોક ડાહ્યો માણસ. નામ ન અપાય અને એના બાપ પાસે જુદા પચાસ સાંઈઠ લાખ, મરી ગયા ત્યારે વારસામાં બાવીસ લાખ તો સરકારને દેવા પડયા, એના બાપના પૈસા માટે બાવીસ લાખ દેવા પડયા. કહો એ તો સાચી વાત છે ને ? કારણ એના બાપનું જુદું હતું ને. છ બ્લોક જુદા જુદા પાંચ પાંચ લાખના ત્યાં છ છોકરાના, બાપનો જુદો બ્લોક સાતમો પાંચ પાંચ લાખના અને આની મૂડી જુદી કારણકે સરકારના શું કહેવાય ઈ. ( શ્રોતાઃ- ઈન્કમટેક્ષ ) ઈન્કમટેક્ષ માટે એને લઈને ભાગ વાણિયા પાડે. એણે બાપ મરી ગયા ને જુદા હતા, બાવીસ લાખ ભરવા પડયા બાવીસ લાખ તો એકલા એના બાપના પૈસાના ભરવા પડયા એના પૈસા જુદા, એ સુખી હશે ને ?

એ રાજીપો જે માને છે તે દુઃખ છે. આહાહા ! એ રાગનો સ્વાદ છે પ્રભુ, તને ખબર નથી. આહાહા ! ત્રણ લોકના નાથ જિનેશ્વરદેવનો પોકાર છે, જગત પાસે. આહાહાહા ! ( શ્રોતાઃ- જગત બહેરૂં બહુ ) આહાહાહા ! સાંભળવા મળે નહીં સત્ય વાત બિચારા ક્યાં જાય ? સિદ્ધાંતમાં તો એને ભિખારી કહ્યા છે, વરાકા. આહાહાહા ! આંહી તો આપણે દરબાર આવ્યા હતા ને આપણે ભાવનગર, કરોડનો તાલુકો ભાવનગર દરબાર આવ્યા ’તા. આંહી તો ઘણાં આવે મોટા શેઠીયાઓ રાજાઓ આવે, આવ્યા ’તા બે ત્રણ વાર આવ્યા ’તા, મંદિર વખતે આવ્યા ’તા, માન સ્તંભ વખતે આવ્યા ’તા, તો એને કહ્યું તું. અમારે તો શું રાજા હોય કે રાંક હોય, કીધું રાજા, દરબાર એક મહીને લાખ માગે ઈ નાનો માગણ પાંચ લાખ માગે ઈ મોટો માગણ અને કરોડ રૂપિયા માગે તે માગણનો માગણ મોટો ભિખારી છે કીધું, ભિખારાઓ ! આત્મા અંદર અનંત આનંદની લક્ષ્મીનો ભંડાર એને જોતો નથી, એને માનતો નથી અને આ બહારની ધૂળ એ અજીતભાઈ !

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

આ બધા પૈસાવાળા છે સાંઈઠ સીત્તેર લાખ રૂપિયા, ધૂળ ધૂળ હોં બધી. ( શ્રોતાઃ– અહીં તો ધૂળ કહો છો, ત્યાં રૂપિયા કહે છે ) નૈરોબીમાં તો બધા ઘણાં પૈસાવાળા છે, આપણા સાંઈઠ ઘર છે ને ? શ્વેતાંબર હતા દિગંબર થઈ ગયા હમણાં બધા પચીસ ત્રીસ વર્ષથી નૈરોબી ત્યાં ભાઈ જેઠ સુદી અગિયારસે પંદર લાખના મંદિરનું ખાત મુહૂર્ત કર્યું એ લોકોએ ભેગા થઈને. ( શ્રોતાઃ– હવે આપને જાવાની તૈયારી ત્યાં ) એ તો હવે માંગે ત્યારે હવે શરીરને નેવ્યાસી વર્ષ થયા શરીરને નેવ્યાસી વર્ષ થયા હવે આ દેખાય ઠીક પણ અંદર હવે અંદર ૮૯ વર્ષ થયા, ખોરાકના ઠેકાણાં ન મળે, ઉંઘના ઠેકાણાં ન મળે, દેખાવ સારો લાગે છે. માંગણી તો આવશે, કેમ અજીતભાઈ ? પંદર લાખનું મંદિર કરશે નૈરોબી, ત્યાં સાંઈઠ ઘર છે, શ્વેતાંબર બધા દિગંબર થઈ ગયા, અને સાત આઠ ઘર તો કરોડપતિ છે. બાકી બધા ઘર કોઈ સાંઈઠ લાખ કોઈ સીત્તેર લાખ કોઈ ચાલીસ લાખ, કોઈ પચાસ લાખ વીસ લાખ દસ લાખ એવા બધાય છે. ધૂળ ધૂળ બધી હોં.

એય ! જેને વાસ્તુ શું કહેવાય એ ? ખાતમુહૂર્ત કર્યું જેઠ સુદ અગિયારસે આ રામજીભાઈ બેઠા તેમના ભાણેજ છે, એણે બે લાખ બે હજાર આપ્યા. આ રામજીભાઈ બેઠા. મનસુખભાઈની પાછળ, બે લાખને બે હજાર, ફક્ત ખાતમુહૂર્તના આપ્યા મંદિરના પણ અહીં તો પહેલેથી કહીએ છીએ તારા બે લાખ શું પંદર લાખ કે કરોડ ખરચને એમાં રાગ મંદ કરે તો પુણ્ય છે, પણ ધર્મ નહીં. ( શ્રોતાઃ– છતાં લોકો બનાવે છે ). જે ક્રિયા બનવાની હોય તે એને કારણે બને છે, તે શું આનાથી બને છે મંદિર ? આ મંદિર શું રામજીભાઈએ બનાવ્યું છે આ ? પ્રમુખ તો એ હતા. ( શ્રોતાઃ– આપના પુણ્યથી થયું ) બાપુ આ તો પથ્થર પરમાણુઓ અજીવ છે. ભાઈ તને ખબર નથી એ અજીવની પર્યાય જે ક્ષણે થવાની તે તેનાથી થાય છે, બીજો કહે કે મારાથી બન્યું મૂઢ છે. આહાહા... આવી વાતું છે બાપા.

બેંગ્લોરમાં બાર લાખનું મંદિર થયું છે મુમુક્ષુઓએ કર્યું છે, બેંગ્લોર બાર લાખ, પંદર લાખ અત્યારે પંદર લાખ થઈ ગયા, જુઓ તો, થઈ ગયું છે અને આ તો થવાનું છે. એક જણે આઠ લાખ આપ્યા ભભૂતમલ શ્વેતાંબર દેરાવાસી આઠ લાખ અને એક જુગરાજજી સ્થાનકવાસી કરોડપતિ, ઓલો બે કરોડવાળો આ કરોડવાળો સ્થાનકવાસી મુંબઈમાં મહાવીર માર્કેટ એણે ચાર લાખ આપ્યા. બાર લાખનું મંદિર, કહ્યું બાપું તું બાર લાખ ખર્ચે માટે ધર્મ થાય એ વાતમાં માલ નથી. એ રાગની મંદતા શુભભાવ કરશે ( તો ) પુણ્ય થાય. આહાહાહા ! આવી વાતું છે.

આ લોકોએ હમણાં અઢી લાખ ત્રણ લાખ આપ્યાને અહીં, અહીંયા પોપટભાઈએ એમના બાપ તરફથી વિશ્રામગૃહ પાંચ લાખનું થવાનું છે ને નવું. આંહી માણસ એટલું આવે છે કે જગ્યો માતી નથી. બે સોસાયટી તો થઈ હવે ત્રીજી સોસાયટી થવાની છે એમના તરફથી. પાંચ લાખ, અઢી લાખ એમના ને અઢી લાખ, જે પ્લોટ લે એને પાંચ હજાર આપવા પડે દસ હજારનો પ્લોટ કરશે, પાંચ પાંચ હજાર આપવાના, ત્રણ મહિના રહેશે, ત્રણ મહિના રહેવાનું એને. બહુ માણસ આંહી ઘણું માણસ આવે છે હવે માંય નહીં જગ્યો એટલું આવે છે. ત્રણ ત્રણ હજાર પાંચ પાંચ હજાર માણસ હમણાં બેનના ઓલામાં( જન્મદિને ) ત્રણ હજાર માણસ, શ્રાવણ વદ બીજ ક્યાંય માંય નહીં, પણ એ પણ એ બધી વસ્તુ બનવાની છે એને લઈને બને

છે. ( શ્રોતાઃ- આપના ઉપદેશથી બને છે ) એ બિલકુલ હરામ વાત છે. એ વાતું છે બધી નિમિત્તની. આહાહા !

આંહી તો બનાવનારનો ભાવ બનાવી શકું છું એ તો ન હોય પણ ભાવ જે છે એ શુભ છે, પુણ્ય છે. એમાં ધર્મ છે એ નહીં. એ પુણ્ય છે એ રાગનો, મેલનો રાગનો સ્વાદ છે. આહાહા ! ગજબ વાત છે પ્રભુ. છે ?

"જડ ચૈતન્યના જુદા જુદા સ્વાદને લીધે જણાય છે" જણાય છે કે મોહકર્મના ઉદયનો સ્વાદ રાગદ્વેષ, હરખ-શોક આદિ છે. આહાહાહા ! રાગાદિ છે ને ? આદિ છે ને ? રાગ દ્વેષ અણગમો, આહાહા... વીંછી કરડે, એ વીંછી કરડે એનો નથી, એના તરફ અણગમો છે એનો દ્વેષનો સ્વાદ છે એને. આહાહાહા ! એ રાગાદિ દ્વેષાદિ હરખાદિ. આહાહા !

આ હરખ જમણ કરે છે ને આપણે વાણીયામાં દશા શ્રીમાળી, હરખ જમણ કરે સાત ટંક હતું, હવે તો બધું થઈ ગયું ફેર, પહેલાં સાત ટંક હતું ને હરખ જમણ કરે એટલે નવટંક થતા'તા હવે આ તો સાંઈઠ સીત્તેર વર્ષ પહેલાંની વાત ઉમરાળાની. આંહી તો જન્મસ્થળની વાતો જાણવામાં આવી હોય ને એ જાણીએ હરખ જમણ કરે ત્યારે, આહાહા... જાનવાળો એક દિ' જમાડે પછી બધા જમે, એ હરખ જમણ, હરખ જમણ એટલે રાગનું જમણ. હરખ એટલે રાગ, હરખ એટલે દુઃખ, એ દુઃખ એ કર્મના ઉદયના સ્વાદનો ભાવ છે. કહે છે અરેરે આટલું બધું વહેંચવું હવે તો નવરો ક્યાં બિચારો. આહાહા !

તે ચૈતન્યના નિજ સ્વભાવના સ્વાદથી જુદો જ છે. છે ? આહાહાહા ! જે રાગ શુભરાગ, અશુભરાગ અણગમો દ્વેષ, રાજીપો રાગ, રાજીપો રતિ, અરાજીપો અરત્તિ શોક, એ બધા ભાવ, કર્મના નિમિત્તના થતાં વિકારી ભાવ એનો સ્વાદ છે. અરે આટલું બધું લઈ જવું હવે અંદર. હજી તો શરીર મારું નથી એમ માનવામાં પરસેવા ઊતરે, આ શરીર મારું નહીં તો કોનું છે આ ? આ તો માટી જડ છે એને અંદરમાં પુણ્ય પાપના ભાવથી ભિન્ન જાણવો, આહાહાહા... એવું છે પ્રભુ. આહા !

એ રાગાદિ છે, મોહકર્મના ઉદયનો સ્વાદ તો રાગદ્વેષ પુણ્ય પાપ રાજીપો રતિ અરતિ શોક આદિ છે, તે ચૈતન્યના નિજ સ્વભાવના સ્વાદથી જુદો જ છે. આહાહાહા ! આહાહા ! રાગનો સ્વાદ છે. આકુળતા દુઃખરૂપ છે. આહાહાહા... અને ભગવાન આત્માનો સ્વાદ તે અનાકુળ આનંદરૂપ છે, એમ જે ( સ્વાદ ) ભેદ કરે તેને સમ્યગ્દર્શન થાય, આહાહાહા... ચારિત્ર તો ક્યાંય રહી ગયું બાપા ! કોને કહે એ તો હજી લોકોએ સાંભળ્યું નથી. આ તો હજી સમ્યગ્દર્શનની વાત પહેલા એકડાની વાત છે. આહાહાહા ! સમજાણું કાંઈ ?

એ નિજ સ્વભાવના સ્વાદથી, નિજ નામ ભગવાન આત્મા પોતાનો એનો સ્વભાવ સ્વ-ભાવ, પોતાનો જે જ્ઞાન આનંદ શાંત વીતરાગતા એવો જે ભાવ, આહાહાહા... એનો સ્વાદ જુદો છે, એના સ્વાદથી રાગનો સ્વાદ, ( જુદો છે ) માળે આટલુ બધું... આહાહાહા !

આ રીતે ભાવકભાવ જે મોહનો ઉદય, શું કીધું ? ભાવક એટલે કર્મ જડ છે, મોહનીય કર્મ આદિ આઠ કર્મ છે ને, જડ-જડ એને અહીંયા ભાવક કહ્યાં છે, ભાવક ભાવ એના ભાવકથી થયેલો પુણ્ય પાપનો રાગાદિ ભાવ, એ ભાવકનો ભાવ છે એમ કહ્યું છે. એ ભગવાન આત્માનો

ભાવ નહીં. આહાહા !

નાની ઉંમરમાં ભણતાને ત્યારે એક ભાવસાર હતો અમારે નિશાળમાં ભેગો, જન્મ તો ઉમરાળે હતો ને તેર વર્ષ ત્યાં રહ્યા, નવ વર્ષ પાલેજ દુકાન છે ને ત્યાં નવ વર્ષ, ત્યાં પાંચ વર્ષ દુકાન ચલાવી 'તી. અત્યારે દુકાન ચાલુ છે મોટી દુકાન છે. પાંત્રીસ–ચાલીસ લાખ રૂપિયા છે. એ દુકાન છે ત્રણ ચાર લાખની પેદાશ છે પાલેજ. તમારે ચિત્તળમાં પરણ્યો છે ને અમારે મનહર મનહર શું ? નહીં મનસુખ–મનસુખ લાલચંદભાઈની દિકરી, છે ને ત્યાં ? હું હતો ત્યારે સગપણ કરેલું હું ત્યાં અમરેલીનું ચોમાસુ કરીને ચિત્તળ આવ્યો, ત્યારે આણંદજી હતો મારી હારે આણંદજી એના કાકાનો દિકરો, એ કહે કે અમારે સગપણ કરવું છે. લાલચંદભાઈની દિકરી આ હિંમતભાઈની બહેન, તે દિ' હું ત્યાં હતો ઉપાશ્રયે વ્યાખ્યાન ચાલતું ને ત્યારે પછી એને પ્રશ્ન કરેલો, અમારે આણંદજી હતો ને મરી ગયો એ સગપણ કરવા ત્યાં આવેલા, મહારાજ ! આ છોડી ક્યાંની આ માણસ ક્યાંના આ શું થતું હશે, આ કાંઈક પૂર્વનો કોઈ સંબંધ હશે આ ? એમ પ્રશ્ન કર્યો એ અમરેલીનું ચોમાસું હતું ને ૮૬ નું ૮૭ ની વાત છે આ. ૮૭ ના કારતક વદ એકમ, ચિતળના અપાસરે એણે પ્રશ્ન કર્યો, કારણકે એનું સગપણ કરવા આવેલા છોકરો ન લાવ્યા હોઈ છોડી આંહીની હિંમતભાઈની બહેન. મેં કીધું પૂર્વના સંબંધો હોય એવું કાંઈ નહીં, એક હોય બાવળમાં, એક હોય થોરમાં એ બે થઈને ભેગાં થયા હોય. તે દિ' કહ્યું 'તું હોં, બાવળ સમજાય છે ? બબુલ, એક જીવ બબુલમાં હોય આવીને દિકરી થઈ હોય અને એક થોરમાં હોય તે આવીને દિકરો થયો હોય એને ક્યાં સંબંધ, રખડતા જીવ એને આ સંબંધ થઈ જાય એક બીજાને મેળ હોય કર્મનો યોગ્ય આ તે દિ' વાત કરી 'તી હોં. ચિતળમાં અપાસરામાં, અમારે આણંદજી હતો અમારે કુંવરજીના કાકાનો દિકરો ભાગીદાર હતા ગુજરી ગયા બધા ઘણાં ગુજરી ગયા છોકરાવ છે હવે ત્રણ. આહાહા !

એ લોકો વાંચન કરે દરરોજ હોં મંદિર બનાવ્યું છે પાલેજમાં, પિસ્તાલીસ હજારનું, ભક્તિ, વંદન, વાંચન, પછી જાય દુકાને. ભાઈ આ તો બાપુ ધૂળ તો થયા જ કરે આ શું છે, એનું તો કરો હવે મરી ગયા એમાં ને એમાં માળા.

અહીં એ કહે છે ભાવકભાવ, એ શું કીધું ? જે કર્મ જડ છે એને અહીં ભાવક કહ્યો છે, ભાવક ( એટલે ) ભાવનો કરનારો ભાવક, કોના, કયા ભાવ એ પુણ્ય ને પાપ, દયા દાન ને વ્રત ભક્તિનાં જે ભાવ છે એ ભાવ રાગ છે, એ ભાવને ( કરનારો ) ભાવકભાવ, ભાવક નામ કર્મનો ભાવ છે એ આત્માના સ્વભાવનો ભાવ નથી. આહાહા ! ભાષા તો સાદી છે પ્રભુ, ભાવ ભલે ગમે તેટલા હો, ભાષા તો સાદી થઈ છે. ( શ્રોતાઃ– ભાવ તો ઊંડા છે ) ભાવ ઊંડા પણ વસ્તુ તો આ છે. જ્યારે એને કરવું હશે ત્યારે આ રીતે જ કરવું પડશે તો ભવના અંત આવશે, મરી જશે તોય નહીં આવે. રખડી મરશે ચોરાસીના અવતારમાં. આહાહા ! સમજાણું કાંઈ ? આહાહા !

શું કીધું આ ? માથે આવ્યુંને, એ એવો ને એવો સ્થિત રહે છે. એના પછી આ છે ભાઈ ઓલું તો કૌંસમાં હતું "એકપણામાં પ્રાપ્ત હોવાથી સમય એવો ને એવો જ સ્થિત રહે છે" એના પછી આ છે, ઓલું તો કૌંસમાં હતું. એવો ને એવો સ્થિત રહે છે, આ રીતે ભાવકભાવ જે કર્મ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


જડ છે માટી, આઠ કર્મ રજકણ છે માટી ધૂળ છે, આ જેવી ધૂળ છે શરીરની એના જેવી ઝીણી ધૂળ છે. એના ભાવકનો ભાવ એ રાગ અને પુણ્ય પાપના ભાવ, આહાહાહા... એ દયાનો ભાવ એ પરની દયાનો ભાવ એ રાગ એ ભાવકનો ભાવ, જીવનો ભાવ નહીં, આહાહાહા... રાડ નાખે બચારા વિરોધ બહુ કરે છે. કરો કરો પ્રભુ તને ખબર નથી. આહાહા !

અરે એ તો પરની દયાને રાગ કહે છે, હિંસા કહે છે. ( શ્રોતાઃ- સાંભળવા આવતો નથીને બેઠો બેઠો લખે ? ) આખી દુનિયા એ પણે પડી છે બિચારા શું કરે ? મૂઢપણે પડયા એ પ્રમાણે કહે "જામે જીતની બુદ્ધિ ઈતનો દિયો બતાય, વાંકો બૂરો ન માનીએ ઔર કહાંસે લાય" આહાહાહા !

અહીં કહે છે, આ માથે ( મથાળે ) આવ્યુ'તું ને "સદાય પોતાના એકપણામાં પ્રાપ્ત હોવાથી સમય એવો ને એવો જ સ્થિત રહે છે" આ રીતે, ઓલું તો કૌંસમાં હતું. ભાવકભાવ જે મોહનો ઉદય ( તેનાથી ભેદ જ્ઞાન થયું ). લ્યો મોહકર્મ જડ છે તેનો ઉદય પુણ્ય-પાપના રાગાદિ ભાવ, આહાહા ! આ લોકો કહે કે, દયા પાળો દયા પાળો, દયા તે સુખની વેલડી, દયા તે સુખની ખાણ, અનંતા જીવ મુક્તે ગયા. દયાથી ? અરે સાંભળને હવે કઈ દયા ? એ પરની દયા તો રાગ છે, સ્વની દયા રાગના ભાવથી ભિન્ન, મારી જીવન જ્યોતિ ભિન્ન છે એણે ચૈતન્યને ચૈતન્ય તરીકે રાખવો અનુભવમાં લેવો એ જ પોતાની દયા છે. સમજાણું કાંઈ ? એ આંહી કહે છે.

આ રીતે ભાવકભાવ એટલે કે મોહનો ઉદય એમ તેનાથી ભેદજ્ઞાન થયું. આહાહા ! તેનાથી જુદો પાડયો, બતાવ્યો ભેદ જ્ઞાન. સમજાણું કાંઈ ? કહો ધીરૂભાઈ આવી વાતું છે. નવા માણસને તો એવું લાગે કે આ તે શું છે આ તે જૈન ધર્મની વાત હશે કે આ નવો ફાંટો, નવો માર્ગ કાઢયો હશે ? અરે ભાઈ તને ખબર નથી પ્રભુ. આહાહા ! ત્રિલોકનાથ જિનેશ્વર પરમેશ્વર એણે આ કહ્યું, કે ધર્મી જીવ થતાં એને કર્મના નિમિત્તથી થતાં વિકારી ભાવકભાવ એનો સ્વાદ જુદો જાણી આહાહા... અને પોતાનો સ્વાદ જુદો જાણે છે. આહાહા ! ત્યારે તેને સમ્યગ્દર્શન જ્ઞાન, ધર્મની શરૂઆત થાય છે. ( ઉદય ) તેનાથી ભેદજ્ઞાન થયું આ ટીકાની વાત કરી. ભાવાર્થ કહેવાશે. ( શ્રોતાઃ- પ્રમાણ વચન ગુરુદેવ. )

## પ્રવચન નં. ૧૦૪ ગાથા - ૩૬ શ્લોક - ૩૦

### આસો સુદ-૯ મંગળવાર તા. ૧૦-૧૦-૭૮ સં. ૨૫૦૪

ભાવાર્થ છે જરી ઝીણી વાત છે થોડી. આ મોહકર્મ, એક જડ મોહ કર્મ છે આત્માના ક્ષેત્રમાં, જ્યાં આત્મા છે ત્યાં એક ક્ષેત્રાવગાહી મોહકર્મ જડ છે. તે જડ પુદ્‌ગલ દ્રવ્ય છે, એ મોહકર્મ, આત્મા છે ત્યાં એક ક્ષેત્રે રહેલું મોહકર્મ જડ છે તેનો ઉદય કલુષિત ભાવરૂપ છે. એટલે કે મોહ કર્મનો ઉદય છે એ તો જડની પર્યાય ભલે, પણ આત્મામાં એનો દેખાવ થાય છે ઉપયોગમાં એ મલિન પરિણામ છે. આહાહાહા ! ચાહે તો શુભઅશુભભાવ હો, દેવગુરુ શાસ્ત્રની ભક્તિનો ભાવ હો કે દયા દાનનો ભાવ હો, પણ એ ભાવ, મોહકર્મના ફળરૂપ મલિન ભાવ છે. આવી વાત છે. આહાહાહા !

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

છે? એ મલિનભાવ છે. તે ભાવ પણ મોહકર્મનો ભાવ હોવાથી જડ કર્મના નિમિત્તનાસંબંધે એ શુભઅશુભભાવ જે મલિનભાવ એ જડ કર્મનો ભાવ હોવાથી તે જડનો છે, આત્માનો નહીં. આહાહાહા ! આકરું કામ ઘણું. વિકાર તે ભાવકનો ભાવ છે. જડકર્મ છે એ ભાવક, ભાવ કરનાર અને શુભઅશુભભાવ એ ભાવ મલિનભાવ એ ભાવકનો ભાવ છે. કર્મનો ભાવ છે, જડનો ભાવ છે, ચૈતન્યનો સ્વભાવ નહીં. આહાહા... આવું ઝીણું છે બાપા !

એ મોહકર્મનો ભાવ પુદ્‌ગલનો જ વિકાર છે, ભાવકનો ભાવ, તે જ્યારે આ ચૈતન્યના ઉપયોગના અનુભવમાં આવે છે, ચૈતન્ય જે શકિત છે એ તો ધ્રુવ ત્રિકાળ છે. પણ એની વ્યકિત જે પ્રગટ જ્ઞાન, જેમ કર્મના નિમિત્તનું વ્યકતપણું મલિનતા છે એમ ભગવાન ચૈતન્ય શકિતનું પ્રગટપણું જાણન દેખન પર્યાય છે. ઝીણો વિષય છે ભાઈ ! જેમ એ જડકર્મનું ફળ મલિનભાવ છે એ જડનો વ્યકત ભાવ છે એમ ભગવાન આત્મા ચૈતન્ય સ્વરૂપ એની વ્યકિત ( અર્થાત્ ) જાણવા દેખવાની મતિશ્રુતનો પર્યાય વ્યકત પર્યાય છે, એના ઉપયોગના અનુભવમાં આવે છે જ્યારે અહીં ચૈતન્યના ઉપયોગના અનુભવમાં આવે છે, આહાહાહા... એટલે કે જાણન દેખન જે શક્તિની વ્યક્તિ પ્રગટ દશા તેના ઉપયોગમાં જ્યારે મલિનભાવ આવે છે, આવું ઝીણું છે તત્વ !

સાધારણ માણસને તો ખબરેય ન પડે ! ભક્તિ કરો ને વ્રત કરો પૂજા કરો થઈ જશે ધર્મ ! ધૂળમાંય નથી ન્યાં. આહાહા ! દેવ ગુરુશાસ્ત્રની ભક્તિ કરો બસ એ તો રાગ છે, રાગ તો કર્મના નિમિત્તનો ભાવકનો ભાવ છે, એ તારો ભાવ નહીં. આહાહા ! ( શ્રોતાઃ– રાગ તો જીવની પર્યાય છે ) એ પર્યાય છે પણ એ દ્રવ્યનો સ્વભાવ નથી.. ચૈતન્યનો એ સ્વભાવ નથી. ચૈતન્ય શક્તિનું વ્યક્તપણું તો જાણન દેખન એ એનું વ્યક્તપણું છે. એનું વ્યક્તપણું રાગનું વ્યક્તપણું થાય એવું એનું સ્વરૂપ નથી. આહાહાહા ! ( શ્રોતાઃ– સ્વરૂપ ન હોય તો થાય કેમ ) થાય, તે કીધું ને ઈ પર્યાયમાં થાય છે, એ પરના કારણે થાય છે, પરનું લક્ષ લે છે જાણવાના ઉપયોગમાં એ વિકાર કર્મનો ભાવકનો ભાવ પણ ઉપયોગ ત્યાં છે તેથી ત્યાં મલિન ઉપયોગ દેખાય છે. ( શ્રોતાઃ– દેખાય છે કે થાય છે ? ) દેખાય છે, ખરેખર વસ્તુ ક્યાં થાય છે ? ( શ્રોતાઃ– દ્રવ્ય તો નથી થાતું ) પર્યાયમાં દેખાય છે પણ પર્યાયમાં દેખાય છે ઈ જડનો ભાવ દેખાય છે, એ ચૈતન્ય સ્વભાવનો ભાવ નથી. ઝીણી વાત છે બાપુ. ( શ્રોતાઃ– દેખાય છે ને એનો ભાવ નથી ? ) ના. એનો નથી. જેમ ચૈતન્ય જાણક સ્વભાવ દેખન સ્વભાવ એનું વ્યક્તપણું તો જાણવા દેખવાનું એનું વ્યક્તપણું છે. એનું વ્યક્તપણું વિકારનું વ્યક્તપણું( ન હોય ), ઝીણી વાત ભાઈ મારગ ઝીણો બાપુ ! આહાહાહા !

વીતરાગ મારગ બહુ ઝીણી વાત છે, આંહી બે પ્રકાર કહ્યાં. કહે છે જુઓ. ઉપયોગ પણ વિકારી થઇ રાગાદિરૂપ મલિન દેખાય છે, જોયું ? ભગવાન આત્મા ભાઈ આ તો જૈનધર્મ એ વસ્તુનો સ્વભાવ એને સમજવા માટે તો અનંત પુરુષાર્થ જોઈએ. આહાહાહા... એ કંઈ સાધારણ રીતે મળી જાય ? આહાહા ! એ શું કહે છે ? ચેતનના ઉપયોગના અનુભવમાં આવે છે ત્યારે ઉપયોગ પણ વિકારી થઈ, જોયું પર્યાય વિકારી થઈ, રાગાદિરૂપ મલિન દેખાય છે. પર્યાયમાં મલિનતા છે એમ દેખાય છે. ખરેખર એ ચૈતન્ય શક્તિની વ્યક્તતાનો એ ભાવ નથી.

એ કર્મના ઉદયની વ્યક્તતાનો એ ભાવ મલિન છે. આહાહા ! આવી વાત કયાં ? નવરાશ ક્યાં માણસોને કોણ છે ને શું છે.

એક બાજુ ભગવાન આત્મા સચ્ચિદાનંદ પ્રભુ જ્ઞાન અને દર્શનના સ્વભાવથી ભરેલો ભંડાર એની વ્યક્તતા, એ કહે છે જુઓ, એ ચૈતન્યની શક્તિની વ્યક્તિ ( પ્રગટતા ) વિકારી દેખાય, જ્યારે તેનું ભેદજ્ઞાન થાય, જોયું ? શું ભેદજ્ઞાન થાય એટલે ? ચૈતન્ય એ જ્ઞાન દર્શન સ્વભાવવંત પરિપૂર્ણ પ્રભુ, એની વ્યક્તતા તો જાણવું દેખવું એવી એની વ્યક્તતા- પ્રગટતા હોય, ત્યારે તે પર્યાયમાં કર્મના નિમિત્તના સંગે જે મલિનતા થાય ભાવ એ ભાવકનો ભાવ છે, એ ચૈતન્યના સ્વભાવનો ભાવ નથી. આહાહાહા ! હવે આવું ક્યાં સમજવું ? એવું છે પ્રભુ !

( શ્રોતાઃ- અપૂર્વ છે. ) અપૂર્વ છે ભાઈ એણે કોઈ દિ' કર્યું નથી. અનંતકાળ અનંતકાળ વીતી ગયો ભાઈ. આહા... પણ એકકોર ભગવાન, કળશમાં કહેશે, "શુદ્ધચેતના સિંધુ હમારો રૂપ હૈ". આત્મા તો શુદ્ધ ચૈતન્ય જ્ઞાનસિંધુ દરિયો ભર્યો છે. એની વ્યક્તતા એ કહે છે, જુઓ, ચૈતન્યની શક્તિની વ્યક્તિ, ચૈતન્ય જ્ઞાન અને દર્શન અને જ્ઞાતાદૃષ્ટા સ્વભાવથી ભરેલો ભગવાન એ ચૈતન્યની શક્તિ એની વ્યક્તિ, એની વિશેષ પ્રગટ દશા તો જ્ઞાન-દર્શન ઉપયોગ માત્ર છે. ધીમેથી સમજવું ભાઈ ! આ તો અનંત કાળે નહીં કરેલી વાત છે, આ તો વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરે કહેલો મારગ બહુ સૂક્ષ્મ છે. આહાહા ! ઘણી ધીરજથી એ સમજાય એવી ચીજ છે. આહાહાહા !

શું કહ્યું ? ( શ્રોતાઃ- સમજાય જાય એવું છે ) હા, સમજાય એવી જ ચીજ છે, બરોબર અહીંયા બે પ્રકાર વર્ણવ્યા. એકકોર ભગવાન ચૈતન્ય સ્વરૂપ પરમાત્માનું સ્વરૂપ બિરાજમાન છે. ચૈતન્ય શક્તિ કહો પરમાત્મ સ્વરૂપ કહો જ્ઞાન અને દર્શનના સ્વભાવથી ભરેલો ભગવાન આત્મા એની વ્યક્તિ એટલે પ્રગટતા પર્યાયમાં જાણવા દેખવાની ઉપયોગની પર્યાય તે એની વ્યક્તતા છે. અને કર્મ જે છે જડ ભાવક એની વ્યક્તતા એટલે કે પુણ્ય - પાપના મલિન ભાવ, આહાહા ! ગજબવાતું છે ભાઈ ! એ કર્મના ભાવકનો ભાવ. આ ચૈતન્યની શક્તિનો જાણવું દેખવું ઉપયોગ એ એનો ભાવ, પણ અનાદિથી આ જાણન દેખન ઉપયોગમાં એ મલિનતા, મનનો ભાવ અંદર જે ઉપયોગરૂપે દેખાય છે એ એનું નથી. આહાહા ! ( શ્રોતાઃ- થાય છે એની પર્યાયમાં ) પર્યાયમાં થાય છતાં એ એના સ્વભાવમાંથી થયેલો નથી. એની શક્તિના સત્ત્વમાંથી થયેલો ( ભાવ ) નથી. આવું છે ભગવાન ઝીણી વાતું બહુ બાપા મારગ એવો ઝીણો. આહાહા. ગાથા એવી આવી ગઈ છે ને. આહાહા ! ( શ્રોતાઃ- ભાગ્યશાળી ને તો સાંભળવાનું મળે ) મળે એમ. વાત તો એવી છે બાપા, શું કરીએ ? ઓહોહો !

ભગવાન આત્મા તો ચૈતન્ય સ્વભાવી જ્ઞાન દર્શન આનંદ સ્વભાવી પ્રભુ, એની વ્યક્તતા પ્રગટતા તો જાણન દેખન ઉપયોગ ને આનંદ પર્યાય એ એની પ્રગટતા હોય, આહાહાહા... એને બદલે કર્મ જે ભાવક જડ કર્મ તેનું વ્યક્તપણું જે પુણ્ય પાપને મલિન ભાવકનો ભાવ એ ( આત્મ ) દ્રવ્ય સ્વભાવનો ભાવ નહીં. આહાહા ! પાટણીજી ! સમજાય એવું તો છે બાપા. આ પ્રભુ તારા ઘરની વાત છે ને નાથ. આહાહાહા ! એ જાણક સ્વભાવ ભગવાન તેનું પ્રગટપણું તો જાણવા દેખવાનો ઉપયોગ છે, એમાં એ કર્મના ભાવકનો ભાવ, ઉપયોગ ત્યાં જોડાવાથી મલિન

દેખાય છે. આહાહાહા !

આવો ઉપદેશ હવે આ તે ક્યાં એમ કહે કે ભગવાનની ભક્તિ કરો, ગુરુની ભક્તિ કરો તો તો સમજાય, હવે ભક્તિ ભક્તિ કરે એ તો બધો રાગ છે, સાંભળને હવે. (શ્રોતાઃ– કુંદકુંદાચાર્ય કહે છે ઈ બધો રાગ છે) એ રાગ છે, એ કર્મના ભાવકનો ભાવ છે. ભાઈ તને ખબર નથી. આહાહાહા ! ભારે કામ આકરું બાપુ ! આહા ! બહુ ગાથા સરસ ! ચૈતન્યની શક્તિની વ્યક્તિ ભગવાન સામર્થ્ય તો એનું ચૈતન્ય સામર્થ્ય જ્ઞાનદર્શન સામર્થ્ય છે આત્માનું. એની વ્યક્તિ, પ્રગટતા જ્ઞાન દર્શન ઉપયોગમાત્ર છે. એની પ્રગટતા તો જાણવું દેખવું ઉપયોગમાત્ર એની પ્રગટતા છે. આહાહાહા... એના ઉપયોગની પ્રગટતામાં રાગરૂપે ઉપયોગ થાય એવો એનો ઉપયોગ જ નથી. આહાહાહા ! એ ચૈતન્ય સ્વરૂપ ભગવાન જ્ઞાનનો સાગર પ્રજ્ઞાબ્રહ્મ પ્રભુ, એની પ્રગટતા તો જાણવા દેખવાના ઉપયોગની પ્રગટતા છે, એની પ્રગટતા શુભઅશુભભાવ એ એની પ્રગટતા નથી. આહાહાહા ! કારણકે એની (આત્માની) ખાણમાં એ વિકાર ભર્યો નથી, કે જેનું વિકારપણું ભાવક ભાવ્ય થાય એ ભાવક જીવનો ભાવ થાય. આહાહાહા... આકરી વાત બાપા ! અરે ધર્મ શું ચીજ છે.

“અને આ કલુષતા તો રાગદ્વેષ મોહરૂપ છે” છે ? આહાહા... ભગવાન ચૈતન્યશક્તિ એટલે જાણવા દેખવાના સામર્થ્યવાળું એ તત્ત્વ છે. ભગવાન આત્મા તો જાણવા દેખવાના સ્વભાવના સામર્થ્યવાળુ એ તત્વ છે એના સામર્થ્યમાંથી પ્રગટ થાય તો જાણવા દેખવાની વ્યક્ત પર્યાય ઉપયોગ પ્રગટ થાય. એમાંથી મલિન પર્યાય ઉપયોગમાં પ્રગટ થાય એવું છે નહીં. આહાહાહા ! પણ તે ઉપયોગમાં કર્મના નિમિત્તથી થયેલો ભાવકનો ભાવ, પુણ્ય, પાપ, દયા દાન વ્રત ભક્તિ આદિનો ભાવ. આહાહાહા... એ એના ઉપયોગમાં મલિનપણે દેખાય છે. એની વસ્તુ ગુણ ને પર્યાય, ગુણ કોઇ મલિન નથી, પુણ્ય પાપના મલિનભાવ પર્યાયમાં એને દેખાય છે. આહાહા.. એ પરનો ભાવ છે, પરના સંગે થયેલો છે, પરની શક્તિની વ્યક્તતા પ્રગટ થતાં તે મલિનભાવ થયો છે, ભગવાનની (આત્માની) શકિતથી પ્રગટ થતાં તે મલિનભાવ થયો નથી. એની પ્રગટતામાં તો જાણવા દેખવાનો પર્યાય તે તેની પ્રગટતા છે. આહાહા ! એ જાણવા દેખવાના પ્રગટ પર્યાય ઉપયોગમાં કર્મના ભાવકનો ભાવ મલિનપણે દેખાય છે. આહાહાહા ! છે ? તે દ્રવ્યકર્મનો જડ પુદ્‌ગલ દ્રવ્યનો ભાવ છે. કલુષિતતા કીધી ને ? તે જડકર્મની પુદ્‌ગલ દ્રવ્યની છે. આહાહાહા... આવું છે. કેમ કે શુભઅશુભભાવ જે છે. એ અચેતન છે– જડ છે, એમાં ચૈતન્યના પ્રકાશનું કોઈ પર્યાય (કિરણ) નથી એમાં. આહાહા ! આવી વાતું છે. સંપ્રદાયમાં પડેલાને આ આકરી વાત લાગે, આવો મારગ ઝીણો.

બાપુ મારગ તો આ છે ભાઈ, આહાહા ! કહે છે કે, આ કલુષતા તો રાગદ્વેષ મોહ, પુણ્ય ને પાપ ને મિથ્યાત્વરૂપી ભાવ તે દ્રવ્યકર્મરૂપ જડ પુદ્‌ગલ દ્રવ્યની (પર્યાય) છે. આહાહાહા...

કેટલો ધીરો થાય ત્યારે તેના ઉપયોગમાં મલિનતા છે એમ દેખાય, એ મલિનતા મારી ચીજ નહીં. ભગવાનની ભક્તિ કરે દેવગુરુની ભક્તિ કરે એ બધો રાગ ભાવ. આહાહા... ગજબ વાત છે એ ભાવક કર્મનો ભાવ છે. જીવશક્તિનો એ ભાવ નથી. તેના સ્વભાવમાં એ ભર્યું નથી, સ્વભાવમાં તો જાણવું દેખવું ને આનંદ ભર્યો છે. એની પ્રગટ દશા થાય તો જાણવું દેખવું અને

આનંદ દશા થાય. આહાહાહા... આવું છે.

તો ય વળી લોકો બિચારા કેટલાક એક ભવ્યસાગર છે. બહુ પ્રસન્નતા દેખાડી. આહાહા.. બહેનશ્રીના વચનામૃત અમને, દિગંબર સાધુ છે, ૨૦ વર્ષની દિક્ષા આહા... અમે કોઇ દિ' આવી વાત સાંભળી નથી. અમને ખબર નથી એમ, અમે મુનિ નથી, બાપા મુનિ કોને કહેવાય? આહાહા!

કાલે બે કાગળ આવ્યા હતા, તે પહેલાં આવ્યા'તા, લોકો એમ કે માગણી બહુ કરે છે બહેનના પુસ્તકની, સ્થાનકવાસી લોકો આવે છે એય માગણી કરે છે, પણ એની મેળાયે પકડાવું કઠણ. આહાહાહા!

ભગવાન આત્મા એ તો ચૈતન્ય એટલે જાણવું દેખવું જેનો ત્રિકાળી સ્વભાવ, એ એનું સામર્થ્ય છે. એમાં રાગ કરવો એવું સામર્થ્ય એનામાં નથી. એ પુણ્ય પાપ દયા દાનના ભાવ કરવા એ કાંઈ જીવના સ્વભાવનું સામર્થ્ય નથી. આહાહાહા! એ ભાવ તો જડકર્મ ભાવક જે છે જડ એ કર્મ સિદ્ધ કર્યું, એકકોર ભગવાન સિદ્ધ કર્યો બે. ભાવકનો ભાવ તેની પર્યાય મલિન છે એમ પણ સિદ્ધ કર્યું, આ ભાવ જે જ્ઞાયકભાવ છે એનો ભાવ જાણવું દેખવું ઉપયોગ એ સિદ્ધ કર્યું. આહાહાહા! હવે ઈ ઉપયોગમાં જે ઓલી મલિનતા દેખાય છે કહે છે, આહાહા... એ પુદ્‌ગલ દ્રવ્યની છે. આહાહા! આમાંથી કાઢે કે ઈ પર્યાય છે એ જડને લઈને થાય છે, એ આત્માની નથી. કઈ અપેક્ષા? અત્યારે દ્રવ્ય સ્વભાવની વાત ચાલે છે. દ્રવ્ય સ્વભાવ જે છે વસ્તુનો ભગવાન આત્માનો, એ સ્વભાવમાંથી વ્યક્તતા (પ્રગટતા) કાંઈ રાગની થાય? એના સ્વભાવના ભંડારમાં કોઈ વિકાર ભર્યો છે? એના સ્વભાવના ભંડારમાં તો નિર્વિકારી શક્તિઓ ભરી છે. આહાહાહા!

આવી વાત છે કહો શાંતિભાઈ, આવું કલકત્તામાં ક્યાંય મળે એવું નથી કયાંય. (શ્રોતાઃ- કલકત્તામાં મળે એ અહીં મળતુ નથી) કલકત્તામાં પૈસા મળે છે કહે છે એમ જે આંહી મળે છે. ધૂળમાં શું? આ અમારે રહ્યા અજીતભાઈ ન્યાં પૈસા મળે છે બહુ નૈરોબીમાં. આહાહાહા! ઈ કહે છે પૈસા આંહી મળે નહીં, ન્યાં પૈસા મળે એમ કહે છે ભાઈ. આ પૈસા કોને મળે છે? ક્યાં મળે છે? (શ્રોતાઃ- કોઈને મળતા નથી) કોને મળે પ્રભુ! પૈસા તો પૈસામાં રહ્યા. કોને મળે? આહાહાહા... આત્મા ભગવાન આત્મા છે ત્યાં પૈસો આવે છે અંદર ત્યાં ગરી ગયો છે? પૈસો એ જડની દશા જડમાં રહે છે. ભગવાન આત્માની દશામાં પણ એ આવતા નથી તો એના દ્રવ્યગુણમાં તો ક્યાંથી હોય? આહાહા!

અહીંયા તો પર્યાયમાં આવે છે એ ચીજ શું છે? એ વસ્તુ તો આવતી યે નથી. આંહી તો પર્યાયમાં શક્તિની વ્યક્તતા જે ઉપયોગ છે એના ઉપયોગમાં જે જડકર્મના ભાવકનો ભાવ મલિનપણે દેખાય છે, એનું ભેદજ્ઞાન કરવું. આહાહાહા... ભાઈ ભગવાન સર્વજ્ઞ જિનેશ્વરદેવ પરમાત્મા એનો મારગ બહુ સૂક્ષ્મ છે ભાઈ. એ કલુષિતતા જે રાગદ્વેષ મોહરૂપ છે તે દ્રવ્યકર્મરૂપ જડ પુદ્‌ગલ દ્રવ્યની છે. અહીં દ્રવ્યના સ્વભાવની અપેક્ષાએ વાત ચાલે છે. દ્રવ્યનો સ્વભાવ છે એ તો જ્ઞાન ચૈતન્યશક્તિ ચૈતન્યશકિત જ્ઞાનસિંધુ, જ્ઞાન દર્શનનો સિંધુ દરિયો સાગર ભગવાન છે, એમાંથી છોળો ઉછાળો આવે એ ઉછાળો આવે તો શું આવે એમાંથી? એ જાણવા દેખવાની

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


પર્યાયનો ઉછાળો આવે. આહાહાહા ! એમાંથી એના ઉપયોગમાં જે આ કર્મનો ભાવકના પુણ્ય પાપના ભાવ મલિન જે છે પુદ્ગલનો ભાવ, એના સ્વભાવનો એ ભાવ છે, જીવના સ્વભાવનો એ ભાવ નથી. એ પુદ્ગલ દ્રવ્યનો છે.

જ્યારે ભાવકભાવ જે દ્રવ્યકર્મરૂપ મોહનો ભાવ, ભાવકર્મ એનો ભાવ શુભઅશુભ રાગ તે દ્રવ્યકર્મરૂપ મોહનો ભાવ, તેનાથી અવશ્ય ભેદભાવ થાય છે. કેમકે એ પરનો છે માટે ભેદભાવ થાય છે. એમ કહ્યું છે. એ સ્વનો નથી માટે ભેદભાવ થાય છે. આહાહા ! સમજાણું કાંઈ ? આવો મારગ ને આવો ઉપદેશ શું કહે છે, હજી એ પકડવું કઠણ પડે. આહાહા... અરે રખડતાં અનંતકાળ ગયો એને સત્ય મળ્યું નથી. સત્ય મળે ત્યારે એણે ( સમજવાની ) દરકાર કરી નથી. આહા... આહાહા... એ ભાવકભાવ જે દ્રવ્યકર્મરૂપ મોહનો ભાવ, તેનાથી જરૂર ભેદભાવ થાય છે. કેમ ? કે એના સ્વભાવમાં અને એના સ્વભાવની વ્યક્તતામાં એ વિકાર નથી. આહાહાહાહા !

ભગવાન આત્મા ચૈતન્ય સ્વભાવનો સાગર, એનામાં વ્યક્તતા હોય તો તેના સ્વભાવની શક્તિની વ્યક્તતા હોય પણ પુણ્ય ને પાપના મલિન ભાવની વ્યકતતા એ ( આત્મ ) શકિતની વ્યકતતા નથી, એ દ્રવ્યના સ્વભાવની વ્યક્તતા નથી. આહાહાહા... એ કર્મના ભાવકના ભાવનો ભાવ માટે, છે ? તેનાથી જરૂર ભેદભાવ થાય છે. આ કારણે એનાથી ભેદભાવ થાય છે એમ કહે છે. શું કહ્યું ઈ ? ભગવાન આત્મા ચૈતન્ય, ચૈતન્ય, ચૈતન્ય, સિંધુ દરિયો ખારો આ દરિયો હોય એની છોળો ખારી હોય, મીઠો દરિયો હોય એની છોળો મીઠી હોય. એમ ભગવાન તો આનંદ ને જ્ઞાન સાગરનો સાગર ભર્યો છે, એની છોળું જો વ્યક્તતા હોય તો ઉપયોગ જ્ઞાન દર્શનના ઉપયોગની એની વ્યક્તતા હોય. એ ઉપયોગમાં જે કર્મના ભાવકનો ભાવ દેખાય છે, એ જડકર્મનો ભાવ છે, માટે તેનાથી જુદો થઇ શકે છે. આહાહા ! આવી વાત છે. ઓહો ! શું આચાર્યોએ કામ કર્યાં છે. દિગંબર સંતોએ, અમે તો એના દાસ છીએ ! ને, આ તો કાંઇ વાત કે, શું કરે પ્રભુ. તું કોણ છો ? ક્યાં છો ? હું તો જ્ઞાનદર્શન સ્વભાવથી ભરેલો તત્ત્વ ત્યાં હું છું. અને ત્યાં હું છું એમ જેણે માન્યું એની શક્તિમાંથી વ્યક્તતા તો જાણવા દેખવા અને આનંદની થાય. આહાહા ! એવા જાણવા દેખવાના ભાવ એમાં જે મલિનતા દેખાય છે એ જડ કર્મના ભાવકનો ભાવ છે, એ તારા સ્વભાવનો ભાવ( નથી ). આહાહાહા... ( શ્રોતાઃ– એ જડ કર્મની દોસ્તીનો ભાવ ) દોસ્તી પોતે કરી છે, તે તરફના વલણમાં ઉપયોગમાં મલિનતા થાય છે, એ ચૈતન્યનો ઉપયોગ નથી. આહાહા ! ઈ જડકર્મના ભાવનો ભાસ અંદર થાય છે એ મલિન ભાવ છે. જેથી તે જડકર્મના ભાવકનો ભાવ જણાય તે ચૈતન્યના સ્વભાવભાવમાંથી નથી આવ્યો માટે ચૈતન્યના સ્વભાવની વ્યક્તતાને લક્ષમાં લેતાં અથવા દ્રવ્યને કાયમ લક્ષમાં લેતાં એ મલિન ભાવ જુદો પડી જાય છે. આવું છે. આહાહાહા !

સંપ્રદાયમાં એ હાલે કે આ સામાયિક કરો, પડિકમણા કરો, આ કરો ને આ કરો, ભક્તિવાળા ને એ આવે કે ભક્તિ કરો દેવગુરુની, બાપુ મારગડા જુદા ભાઈ. આહાહા ! ( શ્રોતાઃ– બધાં પરસન્મુખતાના ભાવ છે. દેવગુરુશાસ્ત્રની ભક્તિના ભાવ પરસન્મુખતાના ભાવ છે ) રાગ છે ઈ પરસન્મુખ છે, એ ખરેખર ભાવકનો ભાવ છે, એ ચૈતન્ય દ્રવ્યના સ્વભાવનો એ ભાવ નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

આહાહાહા ! ભગવાન સિંધુ ચૈતન્ય, ચૈતન્ય સિંધુ એ આવશે આ કળશમાં. આહાહા ! ચૈતન્યનો સિંધુ એની ભરતી પર્યાયમાં આવે તો તો જ્ઞાન દર્શન ને આનંદની આવે ભાઈ. આહાહાહા ! અને ભાવકકર્મ છે તેનો ભાવ તો મલિન ભાવ તે તેની ભરતી છે, પણ અહીંયા જ્ઞાનના ઉપયોગમાં જણાતા, લક્ષ ત્યાં છે તેથી મલિનપણું દેખાય છે. આહાહા ! પણ લક્ષને ફેરવી નાખ, ભગવાન જ્ઞાનસિંધુ છે તેના ઉપર લક્ષ કર. તો એ રાગની ભિન્નતાનો તને ભાસ થશે, તને અંદર. આહાહા ! કહો આવું છે. ( શ્રોતાઃ- ખૂબ માલ કાઢયો આપે ) આવી વસ્તુ છે. આહાહા !

એને પહેલું સમજણમાં તો લ્યે વાતને પહેલી. જ્ઞાનમાં એનો નિર્ણય તો કરે, કે મારો પ્રભુ શુદ્ધ ચૈતન્ય શક્તિના સ્વભાવથી ભરેલો ભગવાન એમાંથી મલિનતાના પરિણામ ક્યાંથી આવે ? આહાહા ! આહાહાહા ! સાકરના પરિણામ પાતળા પડે પણ કાંઇ રાગરૂપે થાય ? કાળીજીરીરૂપે થાય ? એ સાકરના પાણી પાતળા પડે તોપણ મીઠા રહે, હૈ ? આહાહા ! એમ ભગવાન આત્મા ચૈતન્ય સ્વરૂપ જાણક દેખન આનંદ આદિ શક્તિના સામર્થ્યવાળો પ્રભુ, એની પર્યાયમાં છોળો આવે તો નિર્મળ જ્ઞાન દર્શન આનંદની આવે ભાઈ. આહા... એ દ્રવ્યનું જેને લક્ષ થાય તેને પર્યાયમાં આનંદ અને જ્ઞાનની પર્યાયની વ્યક્તતા છોળ આવે. આહા... પણ જેને દ્રવ્ય સ્વભાવનું લક્ષ નથી તેથી દ્રવ્યની વ્યક્તતા જે છે, જ્ઞાન દર્શન ઉપયોગની( તેની ) તેને ખબર નથી. તેથી તેના જાણવા દેખવાના ઉપયોગમાં ભાવકનો ભાવ ભાસે તે હું છું, એમ માનીને ત્યાં અટકી ગયો છે. આહાહા ! આહાહાહા !

બેનની ચોપડીની માગણી બહુ આવે છે. હવે જગતના ભાગ્ય, આહા... ટાણે આવ્યું, આહાહા ! ટાણે આવ્યું. બાપા ! ભાઈ પણ સમજવું મહા પુરુષાર્થ છે. એ કોઈ ભગવાનની ભક્તિ કરી દે કે દેવગુરુ શાસ્ત્રની ખબખબીયા આહાહા આમ કર્યા આહાહા માટે એ સમજાય જાય એવી એ ચીજ નથી. આહાહાહા ! મોટા ગજરથ કાઢે પાંચ પાંચ લાખના ખરચ કરીને, વરઘોડા કાઢે પચીસ પચીસ પચાસ પચાસ ઘોડા આમ એકવીસ એકવીસ હાથી. અમારે થયું 'તું ને, જયપુર વરઘોડો જ્યારે નીકળ્યો તો ભગવાનનો, હું ત્યાં હતો ને ભગવાનના રથમાં બેઠો હતો. એકવીસ હાથી, ચાલીસ હજાર માણસ સાથે અને ચાલીસ હજાર માણસો સાથે અને ગામના તો માણસ લાખો ઉપરથી દેખે, શું છે આ તે કાંઈ ? રાજા આવ્યા છે કાંઈ ? જયપુર, એકવીસ એકવીસ હાથી મોઢા આગળ શણગારેલા અને હજાર હજાર માણસ પછી એકેક બેન્ડવાજા, મોટું લશ્કર, જોવા નીકળ્યું લોકો ગામ દિગંબર સાધુ જોવા નીકળ્યા પણ આ શું છે પ્રભુ ન્યાં એ તો બધી બહારની ચીજ છે. એ તો જડની ક્રિયા બહારની છે. અને તેમાં ભાવ હોય તો કદાચિત્ રાગની મંદતા હોય તો એ શુભ છે, અને એ શુભ પણ મલિનભાવ છે. આહાહા ! આવું ! એ પણ ભાવકનો ભાવ છે, જ્ઞાયકનો ભાવ નહીં. જ્ઞાયકનો ભાવ નહીં. ભાવકનો ભાવ છે. આહાહા !

ત્યારે ભાવકભાવ જે દ્રવ્યકર્મરૂપ મોહનો ભાવ તેનાથી જરૂર ભેદભાવ થાય છે. કેમકે ભાવકનો ભાવ છે, એ દ્રવ્ય સ્વભાવ જ્ઞાયકનો ભાવ નથી. આહાહાહા... શું શૈલી ! ગજબ છે શૈલી ! આવી ટીકા અત્યારે ભરતક્ષેત્રમાં ક્યાંય નથી. દિગંબર ધર્મ સિવાય આવી વાત ક્યાંય નથી. આહાહાહા ! અને એનો આત્મા જરીક મધ્યસ્થ થઈ જાય તો તેને કબુલાત આવે કે વાત

તો આ જ છે. ભાવકભાવ જે દ્રવ્યકર્મરૂપ મોહનો ભાવ તેનાથી જરૂર ભેદભાવ થાય છે અને આત્મા જરૂર પોતાના ચૈતન્યના અનુભવરૂપ સ્થિત થાય છે. આહાહા ! એ મલિનભાવ એ ભાવકનો ભાવ પણ જ્ઞાયકનો નહીં, એમ ભેદ કરતાં જ્ઞાયકભાવની પરિણતિ શુદ્ધ થઈ જાય છે. આહાહાહા ! એ રાગથી ભિન્ન પડતાં દ્રવ્યસ્વભાવની શક્તિ પર દૃષ્ટિ પડતાં પર્યાયમાં જ્ઞાનીના જ્ઞાનનો અનુભવ થાય છે. આનું નામ ધર્મ છે. અરે ! હવે આવી વ્યાખ્યા. સમજાણું કાંઈ ? કહો બાબુભાઈ, આવું સાંભળ્યું નથી ક્યાંય ત્યાં માંગરોળમાં એવી વાતો બાપા છે, આહાહા... મીઠી મધુરી વીણા વાગે છે. આહાહાહા !

એ જ્ઞાયકભાવ, આમાં પુનરુક્તિ લાગે એવું નથી. આહાહા.. એ જ્ઞાયકભાવ ભગવાન, એનો વ્યક્તભાવ પ્રગટભાવ તો જ્ઞાયકની પરિણતિરૂપ ભાવ હોય, આ જાણવું દેખવું આનંદ આદિ, અને આ ભાવકનો ભાવ વિકાર છે, એ પર્યાયમાં આમ દેખાય છે તે ભિન્ન છે, એમ જેણે ભેદજ્ઞાન કર્યું. આહાહાહા... એણે જ્ઞાનમાં સ્વભાવની અનુભૂતિ રહી. જે રાગનો અનુભવ હતો મલિનતાનો, તેનાથી ભેદ કર્યો એટલે અરાગનો અનુભવ થયો. અનુભૂતિ શુદ્ધ ચૈતન્યની થઈ. આહાહાહા !

અરે લોકો બિચારા વિરોધ કરે બાપુ માફ કરજો ભાઈ મારગ તો આ છે. તમને દુઃખ લાગે તો શું કરીએ ભાઈ. આહાહા ! વસ્તુ તો આ છે, ત્રણ કાળ, ત્રણ લોકમાં આ જ વસ્તુની સ્થિતિ છે. એને દૃષ્ટિમાં ન લેતાં જે મલિન પરિણામ જે ભાવકનો ભાવ એને દૃષ્ટિમાં લેવો, એ તો મિથ્યાત્વભાવ, સંસારભાવ છે. આહાહા ! પણ એનાથી ભિન્ન પડી કેમ કે એ પરનો ભાવ છે માટે સ્વનો ભાવ નથી માટે ભિન્ન થઈ શકે છે, એમ કહે છે. આહાહા ! એ ઝળક દેખાય છે ઉપયોગમાં એ તો શુદ્ધ ઉપયોગ, ઉપયોગની ચીજ એવી છે,( મલિન ) પણ દેખાય છે પણ ઈ છે પરભાવ એને ભિન્ન પાડીને પ્રભુ ચૈતન્યના સ્વભાવ સન્મુખ થવું તેને અનુભૂતિ જ્ઞાનની ને શાંતિની થાય તેને પરમાત્મા અહીં ધર્મ કહે છે. આવી ધર્મની શરતું છે બાપા. આહાહાહા ! એ ભાવાર્થ થયો.

---

## શ્લોક - ૩૦

( स्वागता )

सर्वत: स्वरसनिर्भरभावं<br>
चेतये स्वयमहं स्वमिहैकम्।<br>
नास्ति नास्ति मम कश्चन मोह:<br>
शुद्धचिद्घनमहोनिधिरस्मि।।३०।।

**હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છેઃ-**

**શ્લોકાર્થઃ-[ इह ] આ લોકમાં [ अहं ] હું [ स्वयं ] પોતાથી જ [ एकं स्वं ] પોતાના એક આત્મસ્વરૂપને [ चेतये ] અનુભવું છું [ सर्वत: स्व-रस-निर्भर-भावं ] કે જે સ્વરૂપ સર્વતઃ પોતાના નિજરસરૂપ ચૈતન્યના પરિણમનથી પૂર્ણ ભરેલા ભાવવાળું છે; માટે**

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


**[ मोहः ] આ મોહ [ मम ] મારો [ कश्चन नास्ति नास्ति ] કાંઈ પણ લાગતોવળગતો નથી અર્થાત્ એને અને મારે કાંઈ પણ નાતો નથી. [ शुद्ध-चिद्-घन-महः-निधिः अस्मि ] હું તો શુદ્ધ ચૈતન્યના સમૂહરૂપ તેજ:પૂંજનો નિધિ છું. ( ભાવકભાવના ભેદ વડે આવું અનુભવ કરે. ) ૩૦.**

**એવી જ રીતે, ગાથામાં 'મોહ' પદ છે તેને બદલી, રાગ, દ્વેષ, ક્રોધ, માન, માયા, લોભ, કર્મ, નોકર્મ, મન, વચન, કાય, શ્રોત્ર, ચક્ષુ, ઘ્રાણ, રસન, સ્પર્શન-એ સોળ પદનાં જુદાં જુદાં સોળ ગાથાસૂત્રો વ્યાખ્યાનરૂપ કરવાં અને આ ઉપદેશથી બીજાં પણ વિચારવાં.**

## શ્લોક - ૩૦ ઉપર પૂ. ગુરુદેવશ્રીનું પ્રવચન

એનું હિન્દી બનાવ્યું છે ને આ કળશમાં બનારસીદાસે,

कहै विचच्छन पुरुष सदा मैं एक हौं । अपने रससौं भर्‌यौ आपनी टेक हौं ।।
मोहकर्म मम नांहि नांहि भ्रमकूप है । सुद्ध चेतना सिंधु हमारौ रूप है ।। ३३।।

એ મલિનતાના પરિણામ તો ભ્રમણાનો કૂવો છે, જ્યારે હું "શુદ્ધચેતના સિંધુ હમારો રૂપ હૈ" "શુદ્ધ ચેતના સિંધુ હમારો રૂપ હૈ."

ભાષા કેવી કરી છે, મોહ કર્મ નાહીં નાહીં ભ્રમ કૂપ હૈ, એ ભ્રમણા પણ મર્યાદિત કૂવા જેવી છે. આહાહા... આહાહાહા... પણ શુદ્ધચેતના સિંધુ હમારો રૂપ હૈ. આહાહા ! એ છે દેખો, આ લોકમાં હું આ શ્લોકનું ( હરિગીત ) બનાવ્યું બનારસીદાસે. આ જગતની અંદર એટલે જગત સિદ્ધ કર્યું, હું સ્વયં પોતાથી જ એટલે કોઈ ઉપદેશ મળ્યો માટે થાઉં છું એમ નહીં. આહાહાહા ! ભગવાન અને ગુરુનો ઉપદેશ મળ્યો માટે હું સ્વયં અનુભવરૂપે થાઉં છું એમ નહીં. આમ છે. દેશનાલબ્ધિ મળી માટે હું આમ થાઉં છું ? કે ના. આહાહા ! પોતાથી જ, સ્વયં છે ને, હું તો મારા સ્વરૂપથી જ પ્રકાશું છું "એક સ્વં" ( શ્રોતા:- એ પોતાથી તો બરાબર છે પણ 'જ' કયાંથી કાઢયું ? ) ઈ 'જ' કાઢયું એ પોતાથી 'જ' પરથી નહીં એમ સિદ્ધ કરવા કાઢયું. ( કહ્યું ) "સ્વયં એકં સ્વં" એમ આવ્યું ને જુઓ ને "એકં સ્વં" પોતાના એક સ્વરૂપને ભિન્ન રાગાદિને નહીં, ભિન્ન ભાવને નહીં. આહાહા !

મારો પ્રભુ એક આત્મસ્વરૂપ પ્રભુ છે. આહાહા... ચૈતન્યબિંબ પરમાત્મ સ્વરૂપ મૈં આત્મસ્વરૂપ મૈં એકરૂપ હું. ભિન્ન ભિન્ન પ્રકાર જે છે એ રૂપે હું નહીં. આહાહા ! આવું આકરું લાગે ભાઈ. આહાહા ! અરે સાંભળવા મળે નહીં, એ બિચારા કે દિ' વિચારે અને કયાં જાય અરે એની રખડપટ કેમ મટે ? "આ લોકમાં હું" એટલે શું ? જગતનું અસ્તિત્વ છે એમાં મારું અસ્તિત્વ પોતાથી પોતાના એકઆત્મસ્વરૂપને અનુભવું છું. આહાહા... હું મારો આનંદનો સાગર નાથ ચૈતન્ય સ્વભાવી ભગવાન એને પરના આલંબન અને અપેક્ષા વિના મારા સ્વભાવને એકરૂપે હું અનુભવું છું. હું આનંદ છું, જ્ઞાન છું, શાંતિ છું, સ્વચ્છ છું, પ્રભુ છું. આહાહા ! આ જીવ અધિકાર છે ને એટલે જીવનું સ્વરૂપ જુદું પાડીને જીવપણું આ છે એમ બતાવ્યું. આહાહા ! તેથી રાગને અજીવ કહ્યો, જડ કહ્યો, ચૈતન્ય સ્વરૂપ નહીં માટે જડ, આહાહા...

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

કેમકે રાગ છે તે ચાહે તો ભગવાનની ભક્તિ હો કે ગુરુની ભક્તિ હો, પણ રાગ છે તે અચેતન છે. રાગમાં પોતાને જાણવાની તાકાત નથી, ( શું કહ્યું ? ) રાગમાં પોતાને જાણવાની તાકાત નથી, રાગ પર દ્વારા, આત્મા દ્વારા જણાય માટે તે રાગ અચેતન ને જડ છે. આહાહાહા...

કહો ઈશ્વરલાલજી, આવી ઈશ્વરતા છે. આહાહા... હવે લોકો બિચારા શું કરે ? વિરોધ કરે. ભગવાન તત્ત્વનો વિરોધ કરે છે પ્રભુ, તારું તત્ત્વ જ એવું છે. ભાઈ, તને એકાંત લાગે કે આ તો વ્રત ને નિયમ ને તપ ને ભક્તિના ભાવને રાગ કહીને ઉડાવી દે છે. આહાહા ! ભાઈ તને ખબર નથી, તારો ચૈતન્ય ભગવાન એકલા જ્ઞાન, દર્શન, આનંદના સ્વભાવથી ભરેલો પ્રભુ એના ઉપયોગમાં રાગ ક્યાંથી આવે ? ( ન આવે. )

ત્રિકાળી ઉપયોગ સ્વરૂપ, ઉપયોગમાં ઉપયોગ છે. સંવરમાં આવ્યું ને ભાઈ. આહાહા ! એટલે ? નિર્મળ ઉપયોગ પરિણતિમાં આત્મા છે, રાગમાં આત્મા નથી. આહાહાહા... ગજબ શૈલી ! દિગંબર સંતોની વાતું પરમાત્માને જાહેર પ્રસિદ્ધ કરીને પોકાર મારે છે. દાંડી પીટીને પોકારે છે. દુનિયા માનો ન માનો સમાજમાં સમતોલ રહો ન રહો ! એ નાગા બાદશાહથી આઘા. આહાહા... આહા... દિગંબર સંતો પોકાર કરે છે આમ. આહાહા !

એ પોતાથી જ 'એક' ને સ્વં' એક એક રૂપમેં ભેદેય નહીં, રાગ તો નહીં પણ પર્યાયનો ભેદેય નહીં એવું એક સ્વં, એક સ્વં, એક સ્વં, એક હું, એક પોતે, એક પોતે, આહા... છે ને ? એક પોતાનો એક અને સ્વંનો અર્થ આત્મસ્વરૂપ, એક રૂપ સ્વં. એક એટલે પોતાનો એક, અને સ્વં એટલે પોતાનું સ્વરૂપ 'આત્મ સ્વરૂપ'. આહાહા ! ભાગ્યશાળીને કાને પડે એવી વાતું છે બાપુ રામજીભાઈ કહે છે ને. આહાહા ! આવી વાત છે, ભાઈ ( શ્રોતાઃ– ભાગ્ય લઈને આવ્યા છીએ હવે ) એ તો એને કરવાનું છે ને ? ( શ્રોતાઃ– એ તો કરવાનું તો પોતાને જ હોયને ) એ તો કહ્યું'તું અહીંયા સ્વયં એકમએવ કરે છે, બતાવ્યું માટે કરે છે એમ છે નહીં. આહાહાહા ! ( શ્રોતાઃ– ગુરુ તો બતાવીને અળગા રહે છે ) બીજુ શું કરે ? વસ્તુ તો આ છે. ગતિ તો એણે કરવી છે ને ? ચાલવું તો એને છે ને ? બીજો મારગ બતાવે, કે જો આ મારગ છે આંહીથી જા, એ બે વાડ વચ્ચેથી, પણ હાલવું તો એને છે ને ? કોઈ હારે આવે ? અને હારે આવે તો પણ હાલવું તો પોતાને છે ને. આહાહાહા !

હું, કહે વિચિક્ષણ પુરુષ, વિચિક્ષણ એટલે જ્ઞાની તેને વિચિક્ષણ કહીએ, જગતના ડાહ્યા એ બધા પાગલ જેવા છે, ( શ્રોતાઃ– પાગલ જ છે પાગલ જેવા એમ નહીં. ) જગતના બધા વકીલો ને આ મોટા વકીલ હતા ત્રીસ વરસ પહેલાં બસો રૂપીયા લેતા, પાગલ મોટા એલ. એલ. બી.વાળા મોટા પૂંછડાં વળગાડયા હોય, વકીલાતના હજાર હજારનું દનિયું લેતા હોય, મોટા પાગલ છે. આહાહા !

અહીંયા તો વિચિક્ષણ એને કહીએ કે જેને રાગથી ભિન્ન પડી મારું ચૈતન્ય સ્વરૂપ શુદ્ધ છે, એવો અનુભવ થયો એને વિચિક્ષણ અને ડાહ્યો કહીએ, બાકી બધા પાગલ છે. આહાહાહા... જેના ફળમાં ચાર ગતિ મળે રખડવું એ શું ચીજ છે બાપુ. આહાહા ! અરે રે ભવભ્રમણ કરતો ક્યાં ભવ જાય... અરે રે એક સવારમાં ઓલી દિશાએ જઈએ છીએ ને ત્યાં મૂકે છે શું કહેવાય પ્રકાશ, બેટરી મૂકે છે ત્યાં એકદમ ફુદા એવા આવે ફુદા જંગલમાં બિચારા ચૌરેન્દ્રિય લાગે છે,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


આમ શરીર નાનું આમ થાય, આમ થાય, એને કાંઈ ખબર નથી ત્યાં કયાં શું કરીએ છીએ, કોણ છે એ, અરે માણસ કે દિ' થાય ? એને આવું સાંભળવું કે દિ' મળે ? અને સાંભળ્યા પછી પણ ભેદ કરે ક્યારે ? બહુ દુર્લભ વસ્તુ ભાઈ. આહાહાહા !

આ લોકમાં હું સમ્યગ્દૃષ્ટિ જીવ, ધર્મી જીવ એમ પોતાને માને છે, કે હું પોતાથી જ એક 'સ્વં' એક 'સ્વં' આત્મસ્વરૂપને અનુભવું છું. પરને લઈને નહીં, ઉપદેશને લઈને નહીં, રાગને લઈને નહીં, એમ કહે છે. મારો નાથ ભગવાન ચૈતન્ય સ્વરૂપી એને હું એકરૂપ છું, તેને હું અનુભવું છું. આહાહાહા ! આનું નામ વિચિક્ષણ અને સમ્યગ્દૃષ્ટિ ! આહાહાહા !

"સર્વતઃ સ્વ-રસ નિર્ભર-ભાવં" કે જે સ્વરૂપ મારું સર્વતઃ ચારે બાજુથી પોતાના નિજ રસરૂપ ચૈતન્યના પરિણમનથી પૂર્ણ ભરેલો, આહાહાહા... મારો પ્રભુ તો શુદ્ધ ચૈતન્ય સિંધુ દરિયો મોટો સાગર, આહાહાહા... જ્ઞાનાદિ ગુણોનો તો ગોદામ, મારો નાથ તો જ્ઞાનાદિ ગુણનો ગોદામ. શક્તિનો સંગ્રહાલય, અને સ્વભાવનો સાગર, આહાહાહા... એવો જે સ્વરૂપ સર્વતઃ પોતાના નિજરસરૂપ ચૈતન્યના નિજરસ ચૈતન્યના પરિણમનથી એટલે સ્વભાવથી અહીં વાત છે. સ્વભાવ પૂર્ણ ભરેલાં ભાવવાળું છે. પરિણમન શબ્દ એટલે પારિણામિક સ્વભાવથી ભરેલો પરિપૂર્ણ છે. પરિણમન એટલે પર્યાય ન લેવી. સમજાણું કાંઇ ? આહાહાહા !

અરે સમય ચાલ્યા જાય છે. વીજળીના ઝબકારે આયુષ્ય પૂરું થઈ જશે ભાઈ, એ ઝબકારો ચાલ્યો જશે. આહા... એમાં આ પોરવી લે મોતી. આહાહા ! વિજળીને ઝબકારે મોતી પરોવી લો, સોય પરોવી લો. આહાહા ! મારો નાથ ચૈતન્ય સ્વરૂપ એક સ્વરૂપે બિરાજે છે. નિજરસરૂપ ચૈતન્યના ભાવથી પૂર્ણ ભરેલો ભાવવાળો છું. જ્ઞાન દર્શન આનંદના ભાવથી પૂર્ણ ભરેલો છું, વિકાર તો નહીં પણ અલ્પજ્ઞપણું પણ નહીં. આહાહા !

માટે આ મોહ મારો "કશ્ચન નાસ્તિ નાસ્તિ" કાંઈ પણ લાગતો વળગતો નથી. આહાહાહા ! એ શુભઅશુભ રાગાદિભાવ, એ મોહભાવ કેમ કે એ પર તરફના સાવધાનીવાળો ભાવ, મારા સ્વરૂપના સાવધાનીના ભાવથી એ ભિન્ન ભાવ છે. મારે ને એને કાંઈ લાગે વળગે નહીં. આહાહાહા... ચૈતન્યના સ્વભાવથી ભરેલો હું, એને આ રાગ જે પર તરફનો મોહ ભાવ એ મારે કાંઈ નાસ્તિ નાસ્તિ, કશ્ચન એટલે કાંઈપણ લાગતો વળગતો નથી, અને એને અને મારે કાંઈપણ નાતો નથી. નાસ્તિ નાસ્તિ બે વાર છે ને ? કાંઈ નથી, કાંઈ નથી મારે ને એને. આહાહાહા... આહા...

ત્યારે અસ્તિ શું છે હવે ? મારું હોવાપણું મારું પ્રભુ, એનું હોવાપણું શું છે ? આની તો મારામાં નાસ્તિ છે, અસ્તિપણે મારી મોજૂદગી ચીજ પ્રભુ છે એ શું છે ? "શુદ્ધચિદ્ઘન મહઃ નિધિઃ અસ્મિ" આહાહા ! હું તો શુદ્ધ ચૈતન્યના સમૂહરૂપ, છે ? શુદ્ધ ચિદ્ ઘન સમૂહ મહઃ નિધિઃ તેજઃ પૂંજનો નિધિ છું. મહઃ એટલે તેજ, આહાહા... હું તો શુદ્ધ ચિદ્ઘન ચૈતન્યનો સમૂહ, ચૈતન્યનો સમૂહ ભગવાન તો છું હું, આહાહાહા ! એક વાત, તેજઃ પૂંજનો નિધિ મહઃ નિધિ, મહઃ નામ તેજ, નિધિ નામ દરિયો અસ્મિ એટલે હું છું. આહાહા ! આવી વાત છે. ભાવકભાવના ભેદ વડે આવું અનુભવન કરે ત્યારે તેને સમ્યગ્દૃષ્ટિ અને ધર્મી કહેવામાં આવે છે બાપા. આહાહાહા ! સમજાણું કાંઈ ? -વિશેષ કહેવાશે ( શ્રોતાઃ- પ્રમાણ વચન ગુરુદેવ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


## પ્રવચન નં. ૧૦૫ શ્લોક - ૩૦ ગાથા - ૩૭

**આસો સુદ-૧૦ બુધવાર તા. ૧૧-૧૦-૭૮ સં. ૨૫૦૪**

સમયસાર ૩૦ કળશનો વિસ્તાર છે ને, ૩૦ માં એમ આવ્યું કે આ જગતમાં હું એક આત્મા પોતાના સર્વસ્વ સ્વભાવના રૂપથી ભરેલો પદાર્થ છું. જીવનું સ્વરૂપ છે ને અધિકાર છે ને છેલ્લો, આ લોકમાં હું પોતાથી જ પોતાના એક આત્માને અનુભવું છું મારા અનુભવ માટે મને કોઈ ઉપદેશની જરૂર નથી તેમ પોતાના અનુભવ માટે કોઈ રાગની મંદતાના વિકલ્પની પણ જરૂર નથી. આહાહા ! ( શ્રોતાઃ– તો શેની જરૂર છે ) જરૂર, પોતાના સ્વભાવ સન્મુખ થઈને અનુભવવું તે, આહાહા ! આવું છે. જનમ મરણ રહિત થવાનો ઉપાય આ છે બાકી તો જનમ મરણ કરીને અનંત કાળથી દુઃખી છે. લોકો કહે છે ને કે આ દયા દાન વ્રત ભક્તિ આદિના પરિણામ હોય તો અંદર આત્માનું કલ્યાણ થાય એ વાત તદ્દન મિથ્યાવાત છે. આહાહાહા !

પોતાથી અનુભવું છું. સ્વરૂપ સર્વતઃ નિજરસરૂપ ચૈતન્યના ભાવથી પૂર્ણ ભરેલો છું, હું ચૈતન્યલોક છું. ( શ્રોતાઃ– એમાં પરિણમન છે એટલે ) સ્વભાવભાવ કહ્યું ’તું કાલે પારિણામિક સ્વભાવભાવ, પરિણમન પર્યાય નહીં. ચૈતન્યના આ સ્વભાવભાવથી ભરેલો ભગવાન છું હું. આહાહાહા... ચૈતન્યલોક બપોરે આવ્યું ’તું ને કાલે ચૈતન્યલોક જેમાં અનંતાગુણો ‘લોકયન્તે’ એટલે જણાય એવો એ ચૈતન્યલોક છે. આહાહા. એ ચૈતન્યલોકમાં અનુભવમાં જતાં મારો કાંઈપણ રાગ મોહ લાગતો વળગતો નથી. મોહમાં આવ્યું છેને કાલે, પર તરફની સાવધાનીનો જે વિકલ્પ છે, એને ને મારા સ્વભાવને કાંઈ લાગતું વળગતું નથી. આહાહાહા ! હું તો શુદ્ધ ચૈતન્યના સમૂહનો નિધિ છું, ચૈતન્યલોક એના સ્વભાવનો હું તો સાગર નિધિ સિંધુ છું.

( શ્રોતાઃ– ઈ તો ત્રિકાળી સ્વરૂપની વાત આવી ). વસ્તુ એ જ છે પણ અનુભવે છે એ પર્યાય, પણ છો આવો, આહાહાહા. ચૈતન્યલોક પરમાત્મસ્વરૂપ મારું, તેને હું પરના સંબંધ વિના, મોહના સંબંધ વિના મારા સ્વરૂપને હું અનુભવું છું, એનું નામ આત્માનું જ્ઞાન અને આત્મદર્શન કહેવામાં આવે છે. આહાહાહા... આવી વાત છે. જો આજે દશહરા છે ને ? રામ લક્ષ્મણે રામે રાવણના માથા તોડયા ’તા અને વિજ્યા દશમી છે, ભરત ચક્રવર્તીએ આજે વિજય–વિજય કર્યો હતો. આહા ! બહારનો, છ ખંડનો આ વિજયા છે ને આસો મહિનો વિજય માસ કહેવાય છે. વિજ્યા દશમી એક તો રાવણને માર્યો આજે મહાપુરુષ હતા એ, છતાં માર્યો. ( શ્રોતાઃ– માર્યો એ પરિણામ કેવા ? ) એ દુઃખદાયક પરિણામ હતા, પણ બીજો કોઇ ઉપાય નહીં. એ ભૂમિકા વાસુદેવને બળદેવની ભૂમિકા ખેદ અંદર થયો છે ભાવમાં, આહાહા ! રાવણને માર્યો દેહ છૂટી ગયો રાવણનો, એ આ દિવસ છે. છતાં એની ( રાણી ) મંદોદરી પાસે ગયા બેય ( શ્રોતાઃ– માર્યા પછી ગયા ને ) માર્યા પછી ગયા પણ એ તો મારી પદવીને યોગ્ય હતું તે થયું. બા, માતા, હું કોઈનો વેરી નથી, આહાહા ! આહાહા ! જુઓ તો ઉત્તમ પુરુષો, સમ્યગ્દ્રષ્ટિ છે, હું તો આત્મા જ્ઞાનસ્વરૂપ છું. અંદર આ રાગ આવ્યો એને ને મારે કાંઈ સંબંધ નથી પણ આવ્યો. આહા ! અને દ્વેષ આવ્યો છે. એને અને મારા સ્વરૂપને કાંઈ સંબંધ નથી પણ અસ્થિરતાથી આ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

કાર્ય થઈ ગયું માતા, આહાહા... રાવણની સ્ત્રીને કહે છે, બા ! માફ કરજો મારાથી અમારાથી આ થયું એ અમે પદવીધર એટલે આ થયું, બીજુ શું થાય ? આહાહા ! એના સ્મશાનમાં હારે ગયા. આહાહાહા ! ઈ કાંઈ ઢોંગ કર્યો હશે ? એણે પદવી પ્રમાણે દ્વેષ એ આવી ગયો અને એ સ્થિતિ બની ગઈ, પદવી છે એમને વાસુદેવ બળદેવની. આહાહા... હારે ગયા બાળે છે આમ તળાવની પાળે રામ અને લક્ષ્મણ બેસે છે, આહાહાહા... એ પુરુષોત્તમ પુરુષ રામ, એને આ દેખે છે કે આહાહા... આ સ્થિતિ અંદર જે આવ્યો તો દ્વેષ એને અને મારે કાંઈ સંબંધ નથી, પણ એ આવ્યો અસ્થિરતાથી આહા... એ આ દિવસ છે, આહાહા... એ લંકામાં રામચંદ્રજી આમ બેઠા હશે પાળે તળાવની.... આહાહાહા...

એમ ભરત ચક્રવર્તીને આજે છેલ્લો દિવસ છ ખંડને સાધવાનો હતો. છ ખંડ સાધીને આજે પૂર્ણ થયું, પણ એ સમ્યગ્દ્રષ્ટિ હતા. આહાહા... છ ખંડને સાધવાનો વિકલ્પ પણ આવ્યો છે, પણ મારા સ્વરૂપને અને એને કાંઈ સંબંધ નથી. આહાહા... આહા... એમ જાણીને રાગથી ભિન્ન થઈ, મોહથી ભિન્ન થઈ, ભગવાન આત્માના સ્વરૂપને ચૈતન્યલોક મહાપ્રભુ એના સ્વરૂપને અનુભવે. આહાહા ! આ રીતે ગાથામાં 'મોહ' પદ છે તેને બદલી 'રાગ' શબ્દ લેવો 'મોહ' છે ને એને બદલે 'રાગ' રાગને અને મારે કાંઈ સંબંધ નથી. રાગને અને મારે કાંઈ નાતો નથી. મારી નાતના નથી. આહાહા ! હું ચૈતન્યલોક આનંદ સ્વભાવથી ભરેલો લોક એને અને રાગને મારે કાંઈ સંબંધ નથી. મારી નાતનો નથી માટે મારે નાતો નથી. આહાહા... મારી જાતનો નથી માટે મારે એનો સંબંધ નથી. આહાહાહા ! એના સંબંધથી રહિત મારી ચીજ પરિપૂર્ણ ભગવાન છે. જીવ સ્વરૂપ ચૈતન્યલોક હું, આહાહા... એને અનુભવું છું. એ જ્ઞાનસ્વરૂપી ભગવાન એને અને રાગને કાંઈ સંબંધ નથી, તેથી ભગવાન આત્મા રાગના રસ વિનાનો ને ચૈતન્યના રસવાળો પ્રભુ, આહાહાહા... એને હું અનુભવું છું એમ સમ્યગ્દ્રષ્ટિને આવો અનુભવ હોય છે. આહાહાહા ! મારગ બહુ ઝીણો આકરો બાપુ.

આ તો લોકો કહે લોકની સેવા કરો, ભક્તિ કરો, પૂજા કરો, વ્રત પાળો ઈ તો બધી રાગની ક્રિયા પ્રભુ, રાગના કારણે આત્માને અનુભવ થાય ઈ ત્રણ કાળમાં નહીં. આહાહા !

એ 'દ્વેષ' આવ્યો જરી રાવણને મારવાનો, ભરત ચક્રવર્તીને છ ખંડ સાધવાનો, પણ આહાહાહા... એ દ્વેષને અને મારે કાંઈ સંબંધ નથી. મારો ભગવાન આત્માની જાત સિદ્ધ સ્વરૂપીની નાત એને અને આ દ્વેષના અંશને કાંઈ પણ સંબંધ નથી. આહાહા ! હું તો મારા સ્વભાવથી ભરેલો ભગવાન એને જાણું અને અનુભવું. આહાહાહાહા... આનું નામ આત્મજ્ઞાન અને આત્મદર્શન કહેવાય છે. આહાહા...

પછી એનો ભેદ "ક્રોધ" પર પ્રત્યે જરી અણગમો આવી જાય, એને અને મારા ચૈતન્ય શુદ્ધ સ્વરૂપને કાંઈ સંબંધ નથી, એ મારી જાતનો નહીં એ કજાતનો ક્રોધ છે. આહાહા ! મારી જાત તો આનંદ અને જ્ઞાનથી ભરેલો પ્રભુ, એની જાતને અને ક્રોધને કાંઈ સંબંધ નથી, એમ કહીને પોતાના ચૈતન્ય સ્વરૂપથી ભરેલો ભગવાન તેને પર્યાયમાં સન્મુખ થઈને અનુભવું એ હું છું, એ હું આત્મા છું. આહાહાહા !

એમ "માન" જરી માનનો ભાવ આવે કહે છે કે મારી જાતથી ભિન્ન જાત કજાત છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


આહાહા... એ ચંડાળણીના પુત્ર છે, એ વિભાવના પુત્ર છે, મારો સ્વભાવ એ નહીં. મારા ભગવાનને તો માન વિનાનો સંબંધવાળો હું જાણું છું એમ કહે છે. આહાહા ! કહો હીરાભાઈ ! આવી વાત છે. આહાહાહા ! માન.

"માયા" આહાહા ! માયા, જરી કપટની પર્યાય, એ મારા સ્વભાવની જાત નહીં પ્રભુ. હું તો ભગવાનની નાતનો, ભગવાનની જાતનો, આહાહા... મારું કુળ તો ભગવાનની નાતનું છે. આહાહા ! સમજાણું કાંઈ ? મારું કુળ તો ભગવાનની નાત તે જાતનું છે, એમાં એ માયા એ મારી નહીં. મારે અને એને કાંઈ સંબંધ નહીં. આહાહા... હું તો માયા રહિત ચૈતન્ય સ્વભાવથી ભરેલો ભગવાન એને અનુભવું છું. આહાહા ! કહો, છોટાભાઈ ! આ મોટાભાઈની વાત છે આ, શાંતિ, શાંતિ, શાંતિ, આત્મા, આહાહા... મારો નાથ તો શાંતિનો સાગર છે. અકષાય સ્વભાવથી શાંતિ, શાંતિ, શાંતિ અને એ મારો સ્વભાવ છે. આ માયા એ તો અશાંતિ. આહાહા... મારી શાંતિની જાતનું એ નહીં. બાપુ આ તો ધીરાના કામ છે બધાય.

ધર્મ કોઈ બહારની પ્રવૃત્તિ કરે, વ્રત પાળે ને ભક્તિયું કરે અને પાંચ મહાવ્રતના પરિણામ એ કોઈ ધર્મ નથી. આહાહા ! આંહી તો એ જાતનો "લોભ" ઈચ્છા આવી મહાવ્રતાદિની કે અરે આહાહાહા... એવી ઈચ્છાને અને મહાવ્રતના પરિણામને ને મારા સ્વભાવને કાંઈ સંબંધ નથી. આહાહાહા !

કાલ તો આવ્યું નહોતું બપોરે ચૈતન્યલોક જેમાં અનંતા અનંતા બાદશાહ ભગવાન એમાં અનંતા ગુણની પ્રજા પડી છે અંદર, આહાહાહા... એવો મારો ચૈતન્યલોક અસંખ્ય પ્રદેશી મારો સ્વદેશ, આહાહા... એમાં મારા અનંતા જ્ઞાનઆદિ વીતરાગી સ્વભાવથી ભરેલો હું છું. આહાહા ! અને તે મારી સંપદામાં ન્યુનતા નથી. આહાહાહા... તેમ પ્રભુમાં સંપદામાં રમણીયતા ભરી છે મારા પ્રભુમાં તો રમણીયતા ભરી છે. આનંદ ને શાંતિમાં રમણ થાય એવી રમણતા પડી છે. આહાહા ! એમાંથી નીકળવું કેમ ગોઠે મને કહે છે. આહાહા ! શશીભાઈ ! આહા... મારો નાથ આનંદનો અને શાંતિથી ભરેલો પ્રભુ એમાં મારી રમણતા એ લોભની રમણતા મારી નહીં. આહાહા ! સમજાણું કાંઈ ? એ રમણમાંથી નીકળવું ગોઠતું નથી, પણ પુરુષાર્થની મંદતાથી જરી રાગ આવી જાય છે લોભ, મારે અને એને સંબંધ નથી કાંઈ. આહાહાહા !

એમ કર્મ આઠ કર્મને અને મારે કોઈ સંબંધ નથી. આહાહાહા ! જીવને કર્મ ન હોય ત્યારે કોને જડને હોય ? અરે સાંભળને ભાઈ, આઠ કર્મ છે એ તો અજીવ તત્ત્વ, જડ તત્ત્વ છે પ્રભુ ! એ તો જડલોક છે. આહાહાહા ! એક એક પરમાણુમાં અનંત અનંત ગુણોનો એ જડલોક છે. આહાહા ! એવા અનંતા પરમાણુનો પિંડ જે આઠ કર્મ એ જડલોક તે મારો નહીં, મારો તો ચૈતન્યલોક છે. આહા ! આહાહા ! મારા ભગવાનમાં તો આનંદ આદિ શાંતિ આદિ સ્વભાવના સાગર ભર્યા છે. આહાહાહા ! આવું વીતરાગ સ્વરૂપ પરમાત્મા, આહાહા ! એ દયા,દાન, વ્રતનો વિકલ્પ ઊઠે, એ પણ કર્મની જાત છે મારી જાત નહીં, એમ કહે છે. આહાહાહા !

ભાઈ ! આત્મધર્મ સર્વજ્ઞ વીતરાગ ત્રિલોકનાથ પરમાત્માએ કહ્યો એ બાપુ કોઈ અલૌકિક છે પ્રભુ. આહાહા ! એમાં આજ વિજય દશમીનો દિવસ છે. આહાહા ! આત્માનો વિજય કર પ્રભુ આજ. આહાહા ! ( શ્રોતાઃ– આપના આશીર્વાદ જોઈએ ) આહાહાહા ! એને કાળ અને રાગ કર્મ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


કોઈ નડતું નથી પ્રભુ. આહાહા! એ કર્મ એ મારી નાત નહીં, જાત નહીં, એ તો અજીવ છે. હું તો ચૈતન્યલોક ભગવાન છું એમ અનુભવ કર પ્રભુ તને આત્મામાં આનંદ આવશે, આહાહાહા! તને સિદ્ધની વાનગી મળશે એમાંથી. આહાહાહા! ભગવાન આત્મા સિદ્ધ સ્વરૂપી પ્રભુ, એ હું છું એમ જાણતા અનુભવતા સિદ્ધની વાનગી, આનંદની વાનગી મળશે. આહાહાહા!

ભાઈ સ્વભાવ સન્મુખનો પુરુષાર્થ અનંત અનંત પુરુષાર્થ છે ભાઈ, કેમ કે અનંત ગુણોને સ્વીકારવા અને રાગની વિકલ્પદશા કર્મની, સંબંધ છતાં ન સ્વીકારવો, આઠ કર્મનો સંબંધ છે છતાં ન સ્વીકારવો, અને સ્વભાવ અનંતગુણ છે તેને સ્વીકારવો એ બાપુ. આહાહાહા... એવો હું આત્મા મારે ને કર્મને કાંઈ સંબંધ નથી.

"મન" આ મન છે અહીંયા આઠ પાંખડીએ અનંત પરમાણુથી બનેલું એ જડ છે એને અને મારે કાંઈ સંબંધ નથી. અરે અંદર માનસિક ભાવમન જે સંકલ્પ વિકલ્પ એને અને મારે કોઈ સંબંધ નથી. આહાહાહા! એમ ધર્મી સમ્યગ્દૃષ્ટિને આવો અનુભવ હોય છે. આહાહા! સમજાણું કાંઇ? "મન" મન જે છે એને અને મારે કાંઇ સંબંધ નથી, મારો સ્વભાવનો સંબંધ છે એની હારે એનો કાંઈ સંબંધ નથી. એમ ધર્મી જ્ઞાની જીવ પોતાના આત્મસ્વભાવને સંપૂર્ણ વરેલો પરના સંબંધ વિનાનો આ આત્માને અનુભવે તે આત્મા તેને આત્મા કહેવાય, તેને જીવ તત્ત્વ કહેવાય. આહાહાહા!

એમ 'વચન' આ વચન છે એને અને મારે કાંઈ સંબંધ નથી. એ તો જડ છે. આહાહા! આ વાણી છે એ હું બોલી શકું છું, પ્રભુ એ તારામાં નથી ભાઈ. આહાહાહા... એ ભાષા વર્ગણામાંથી ઊઠે છે વચન ભાષા, એને ને મારે કાંઈ સંબંધ નથી. આહા! હું બોલું છું એમ છે જ નહીં. આહાહાહા! કોણ બોલે પ્રભુ? બોલે તે બીજો, એ ભગવાન (આત્મા) નહીં. આહાહા! ઉપદેશમાં વિકલ્પ આવે પણ મારે અને એને કાંઈ સંબંધ નથી. આહાહાહા! સમ્યગ્દૃષ્ટિ જીવ તત્ત્વને આ રીતે જાણે અને અનુભવે છે. આહાહાહા! વાણીનો પ્રયોગ થાય તે મારો નહીં, હવે આ લોકો કહે છે તો પછી ઉપદેશ શું કામ આપો છો, આહાહા! કોણ કરે સાંભળ ભાઈ! (શ્રોતા:- એ મોટો પ્રશ્ન છે) તમે કહો કે પરદ્રવ્યનું કરી શકે નહીં તો પછી આ મંદિરો અને આ ઉપદેશ શું કરો છો? પ્રભુ સાંભળ ભાઈ, એ વાણીને કોણ કરે નાથ, તને ખબર નથી. જ્ઞાન સ્વરૂપ, વાણીથી ભિન્ન ગુપ્ત છે. આહાહાહા!

અમૃતચંદ્રાચાર્યે ન કહ્યું? કે વાણીથી તો મારું ચૈતન્ય સ્વરૂપ ભિન્ન છે, ગુપ્ત છે. એટલે મેં આ ટીકા કરી એમ ન માનશો નાથ. આહાહાહા... આહાહા... અને મારી ટીકાથી તમને સમજાય એમ ન માનશો પ્રભુ. આહાહાહા! (શ્રોતા:- ટીકા પુદ્ગલે કરી છે) ટીકા પુદ્ગલે કરી છે ભાઈ. આહાહાહા! એ વખતે જે શબ્દની પર્યાયનો પરમાણુના ઉત્પન્નનો કાળ હતો ભાઈ. એ વચનમાં પરમાણુ જડ ભાષામાં તે વખતે વચનપણે પરિણમવાની જન્મક્ષણ હતી. તેથી તે ભાષા છે પ્રભુ. એને અને આત્માને કાંઈ સંબંધ નથી. આહાહાહા! ગળે ઊતરવું (કઠણ) બહારના વ્યવહારની પ્રવૃત્તિમાં પડયા અને મનાવે ધર્મ. આહાહાહા! આકરી વાતું છે ભાઈ. આહાહાહા!

આ મહિનો જ વિજ્યા દશમી છે, વિજ્યા માસ છે આસો માસનું નામ. વિજય માસ છે શાસ્ત્રભાષાએ. આહાહાહા! કહે છે કે કર્મને અને મારે કાંઈ સંબંધ નથી, ત્યારે જડની સાથે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

સંબંધ છે કર્મ ને ? એ જડનું જ સ્વરૂપ છે કર્મ, આહાહા... અત્યારની પ્રવૃત્તિ જગતની એટલી બધી ફેરફાર છે. આહાહા... સાધુઓ અને પંડિતો મોટા એવી જ વાતો કર્યા કરે, આમ કરો આમ કરો, વ્રત કરો, અપવાસ કરો, ભક્તિ કરો. આહાહા ! સાધુને દાન આપો, એ તો બધી પ્રભુ રાગની ક્રિયા છે ભાઈ. આહાહાહા... એને અને મારે કાંઈ સંબંધ નથી. એટલે કર્મનો ભાવક એનાથી થયેલો ભાવ, એ મારે અને એને કાંઈ સબંધ નથી. સર્વજ્ઞ ભગવાન ત્રિલોકનાથ પરમેશ્વર આમ ફરમાવે છે એ સંતો જગતને આડતીયા થઈને, આહા... જગતને જાહેર કરે છે પ્રભુ. એકવાર સાંભળને પ્રભુ, આહાહા... તારી પ્રભુતા ! વચનની બોલાય એને કર્મ ( સાથે ) સંબંધ છે એ તારી પ્રભુતા નહીં, તારી પ્રભુતા તો કર્મના સંબંધ વિનાનો છું એ તારી પ્રભુતા છે. આહાહાહા... કર્મના સંબંધમાં છું એ તો પામરતા છે, આહાહાહા ! એ કર્મના સંબંધ વિનાનું તારું તત્ત્વ છે, એ પ્રભુત્વ તત્ત્વ છે. આહાહાહા ! અત્યારે ( પ્રરૂપણામાં ) ફેરફાર બહુ થઈ ગયો. શું થાય ? આહાહાહા !

'કાયા' આ કાયાને અને મારે કાંઈ સંબંધ નથી. આ તો જડની દશા એ હાલે કરે રહે એ બધી જડની ક્રિયા છે. એ આને હું હલાવું એ મારું સ્વરૂપ નથી. આહાહાહા... "કાયાની વિસારી માયા સ્વરૂપે સમાયા એવા નિર્ગ્રંથનો પંથ ભવ અંતનો ઉપાય છે." આહાહા ! કાયા પરમાણું માટી ધૂળ એને સુંદર લાગે છે. લાગે કે આ સુંદર તે માટી પ્રભુ. આહાહા... એ જડ છે, અજીવ છે, એ અજીવ તત્ત્વ છે. એને અને મારા જીવ તત્ત્વને કાંઇ સંબંધ નથી. આહાહા ! શાસ્ત્રમાં તો એમ આવે કે જીવને પાંચ શરીર છે. ઔદારિક, તેજસ, કાર્મણ ત્રણ શરીર છે. રસ્તામાં કાર્મણ અને તેજસ બે છે, અને ત્રણ છે નારકીને તેજસ કાર્મણ વૈક્રિયિક ત્રણ છે. કોઈ મુનિ આદિ કોઈને તો વળી આહારક અને–એ હોય આહારક શરીર હોય. આત્માને આ શરીર હોય છે કે જડને ? કે એ શરીર જ આત્માને નથી. આહાહા...

આવી વાત છે ભાઈ. ફેરફાર લાગે માણસને વસ્તુ સ્થિતિ આ છે, શરીરની ક્રિયા જે ક્ષણે ક્ષણે આ હાલે ચાલે આ હોઠ હલે એ તો બધી જડની પર્યાય છે, આત્મા એને કરે નહીં અને આત્માને અને એને કાંઈ સંબંધ નથી. આહાહાહા... એ દેહ જે આમ હાલે છે, કહે છે કે, એ આત્માને અને હાલવાની ક્રિયાને કાંઈ સંબંધ નથી. આહાહાહા ! એમ દેહનો પગ જે આમ ફરે છે એને અને જમીનને પણ કાંઈ સંબંધ નથી, જમીન પરદ્રવ્ય છે, આ શરીર પરવસ્તુ છે. જે આ પગ નીચે અડે છે જમીનને શરીર ? ના. આહાહા... આવી વાત કરે કહે.

( શ્રોતાઃ– પાંચ હજાર ધનુષ્ય ઊંચા રહે છે. ) એ વળી જુદું એની હારે શું સંબંધ છે આંહી તો હાલવા છતાં અડતું નથી તે વાત કરવી છે, એની વાત છે. એ વાત કાંઈ અને આ વાત કાંઈ છે. છે ? આહાહાહા... સમજાણું કાંઈ ? પાંચસે ધનુષ્ય ઊંચે છે છતાં ત્યાં આકાશને અડતા નથી. આંહી સંબંધ છે. ઊંચે છે માટે અડતા નથી. એમ સિદ્ધ થાય તેમ છે ? નહીં, નહીં. છે, છે. બધું ફેરફાર ઘણો છે ખ્યાલમાં છે બધો. આહાહા ! સમજાય છે કાંઈ ? આહાહાહા ! શરીર આમ ચાલે છે પગ એને જમીનને અડતો નથી, એમ કહેવું છે. જમીનને અડીને પગ હાલે છે એમ નથી, એ પગ પોતાના કારણના કરણના સંબંધથી આમ ચાલે છે. પોતાને આધારે ચાલે છે. એ શરીરને અને આત્માને કાંઈ સંબંધ નથી એમ કહે છે. જ્યારે ઓલાની હારે સંબંધ નથી, આહા... એમ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


કહેવું છે. અહીંયા તો ભગવાન આત્મા ચૈતન્યરસ આનંદ સ્વભાવથી ભરેલો હું મારે અને શરીરને કાંઈ સંબંધ નથી. ત્યારે કેટલાક લોકો એમ કહે, ઠીક! શરીરની ક્રિયા ગમે તે પ્રમાણે આપણે કરીએ અને એ શરીરની છે, એમ માનીએ, કરી શકતો જ નથી પછી પ્રશ્ન ક્યાં છે? આહાહાહા... શરીર જડ છે, અજીવ છે, પુદ્‌ગલની પર્યાયવાળું તત્ત્વ છે, એને જીવની પર્યાય સાથે પણ કાંઈ સંબંધ નથી, દ્રવ્યગુણની સાથે તો છે નહીં, આહાહાહા... છે ભાઈ વસ્તુ એવી છે. આહાહા... શરીરને કાંઈ સંબંધ નથી.

"શ્રોત્ર" આ શ્રોત્ર ઇન્દ્રિયને અને મારે કાંઈ સંબંધ નથી. આ તો જડની પર્યાય છે. આહાહા... કાન, અંદર આ તો જડની પર્યાય છે. માટી ધૂળની છે આ તો એને અને મારે કાંઈ સંબંધ નથી. આહાહા! શ્રોત્રેન્દ્રિયથી સાંભળે છે ને જાણે છે ને? ના, એ તો જ્ઞાનથી જાણે છે શ્રોત્ર ઇન્દ્રિયથી નહીં, અને તે પણ શબ્દ આવ્યા માટે શબ્દથી જાણે છે, એમ નહીં. શબ્દને અને આત્માને કાંઈ સંબંધ નથી પછી શબ્દ આવ્યા માટે જાણ્યું છે એમ છે નહીં. આહાહા! આવું છે ઉથલપાથલ, જગતથી જુદી જાત છે ભાઈ, વીતરાગ પરમેશ્વર જિનેશ્વરદેવનો પંથ તો કોઈ અલૌકિક છે.

શ્રોત્ર આ કહે છે કે, આ સાંભળવાનું મળ્યું ને માટે એટલા ઊંચા આવ્યા ને, નિમિત્ત છે ને એકેન્દ્રિયમાંથી, પણ એ શબ્દ સાંભળવાની ક્રિયા ( થાય ) પણ એ કાન જ જીવને નથી, પછી મળ્યું ક્યાંથી તેં કીધું? એકેન્દ્રિયમાં નહોતું અને અહીં મળ્યું એટલું સાધન તો ઊંચું આવ્યું ને? સાધન નથી ભાઈ, આહાહા! આકરું કામ છે. એ ઇન્દ્રિય જ આત્મા નથી.

"ચક્ષુ" "આંખ" એને અને આત્માને કાંઈ જ સંબંધ નથી. એ તો માટી ધૂળ અજીવ આંખ અજીવની પર્યાય માટીની છે પ્રભુ તો આત્મા અરૂપી એનાથી ભિન્ન છે. એને અને આંખને કાંઈ સંબંધ નથી. આંખ વડે જણાય છે ને? ના, જાણનારો તો જ્ઞાન દ્વારા જાણે છે. આહાહાહા! એ ચક્ષુ આત્માની નથી, એને અને આત્માને કાંઇ સંબંધ નથી, જડ છે આ તો માટી પુદ્‌ગલ.

"સ્પર્શ" શરીરનો આ સ્પર્શ એને અને આત્માને કાંઇ સંબંધ નથી. એ ૧૬ પદના જુદા જુદા ૧૬ ગાથા સૂત્રો વ્યાખ્યાનરૂપ કરવા, વ્યાખ્યાન કરવા એટલે સ્પષ્ટ કરવા એમ કહે છે અને આ ઉપદેશથી બીજા પણ વિચારવા, ટીકામાં તો જયસેન આચાર્યમાં તો એમ લીધું છે કે આથી અસંખ્ય પ્રકાર છે, અસંખ્ય પ્રકારના વિભાવો જે વિકલ્પ છે અનેક પ્રકારના એને અને આત્માને કાંઈ સંબંધ નથી. એ ચૈતન્યથી ભરેલો ભગવાન એવા જડના કોઈપણ સંબંધમાં કાંઈ પણ આવતો નથી. આહાહાહા!

* એકલા શાસ્ત્ર-અભ્યાસમાં જ જે લાગી રહ્યો છે તેને સ્વભાવમાં આવવા શાસ્ત્રાભ્યાસનો નિષેધ કર્યો છે. પણ તે સાંભળીને કોઈ અપઢ, સ્વભાવમાં તો જઈ શકતો નથી અને શાસ્ત્રાભ્યાસમાં પ્રવર્તતો નથી તો તે તો નિશ્ચયાભાસી છે.

**( દૃષ્ટિનાં નિધાન - ૪૩૧ )**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## ગાથા - ૩૭

एवमेव च मोहपदपरिवर्तनेन रागद्वेषक्रोधमानमायालोभकर्मनोकर्म मनोवचनकायश्रोत्रचक्षुर्घ्राणरसनस्पर्शनसूत्राणि षोडश व्याख्येयानि। अनया दिशान्यान्यप्यूह्यानि।

अथ ज्ञेयभावविवेकप्रकारमाह-

णत्थि मम धम्मआदी बुज्झदि उवओग एव अहमेक्को।
तं धम्मणिम्ममत्तं समयस्स वियाणया बेंति।।३७।।

नास्ति मम धर्मादिर्बुध्यते उपयोग एवाहमेकः।
तं धर्मनिर्ममत्वं समयस्य विज्ञायका ब्रुवन्ति।।३७।।

अमूनि हि धर्माधर्माकाशकालपुद्गलजीवान्तराणि स्वरसविजृम्भितानिवारितप्रसर-विश्वघस्मरप्रचण्डचिन्मात्रशक्तिकवलिततयात्यन्तमन्तर्मग्नानीवात्मनि प्रकाशमानानि टङ्कोत्कीर्णैकज्ञायकस्वभावत्वेन तत्त्वतोऽन्तस्तत्त्वस्य तदतिरिक्तस्वभावतया तत्त्वतो बहिस्तत्त्वरूपतां परित्यक्तुमशक्यत्वान्न नाम मम सन्ति। किञ्चैतत्स्वयमेव च नित्यमेवोपयुक्तस्तत्त्वत एवैकमनाकुलमात्मानं कलयन् भगवानात्मैवावबुध्यते यत्किलाहं खल्वेकः ततः संवेद्यसंवेदकभावमात्रोपजातेतरेतरसंवलनेऽपि परिस्फुटस्वदमानस्वाभाव- भेदतया धर्माधर्माकाशकालपुद्गलजीवान्तराणि प्रति निर्ममत्वोऽस्मि, सर्वदैवात्मैकत्वगतत्वेन समयस्यैवमेव स्थितत्वात्। इतीत्थं ज्ञेयभावविवेको भूतः।

---

હવે જ્ઞેયભાવના ભેદજ્ઞાનનો પ્રકાર કહે છેઃ-

ધર્માદિ તે મારાં નથી, ઉપયોગ કેવળ એક હું,
-એ જ્ઞાનને, જ્ઞાયક સમયના ધર્મનિર્મમતા કહે. ૩૭.

*ગાથાર્થઃ-[ बुध्यते ] એમ જાણે કે [ धर्मादिः ] ‘આ ધર્મ આદિ દ્રવ્યો [ मम नास्ति ] મારાં કાંઈ પણ લાગતાંવળગતાં નથી, [ एकः उपयोगः एव ] એક ઉપયોગ છે તે જ [ अहम् ] હું છું’- [ तं ] એવું જે જાણવું તેને [ समयस्य विज्ञायकाः ] સિદ્ધાંતના અથવા સ્વપરના સ્વરૂપરૂપ સમયના જાણનારા [ धर्मनिर्ममत्वं ] ધર્મદ્રવ્ય પ્રત્યે નિર્મમત્વ [ ब्रुवन्ति ] કહે છે.

ટીકાઃ-પોતાના નિજરસથી જે પ્રગટ થયેલ છે, નિવારણ ન કરી શકાય એવો જેનો ફેલાવ છે તથા સમસ્ત પદાર્થોને ગ્રસવાનો ( ગળી જવાનો ) જેનો સ્વભાવ છે એવી પ્રચંડ ચિન્માત્રશક્તિ વડે ગ્રાસીભૂત કરવામાં આવ્યાં હોવાથી, જાણે અત્યંત અંતર્મગ્ન થઇ રહ્યાં હોય-જ્ઞાનમાં તદાકાર થઇ ડૂબી રહ્યાં હોય એવી રીતે આત્મામાં પ્રકાશમાન છે એવાં આ

---

* આ ગાથાનો અર્થ આમ પણ થાય છેઃ-‘ધર્મ આદિ દ્રવ્યો મારાં નથી, હું એક છું’ એવું ઉપયોગ જ જાણે, તે ઉપયોગને સમયના જાણનારા ધર્મ પ્રત્યે નિર્મમ કહે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


**ધર્મ, અધર્મ, આકાશ, કાળ, પુદ્‌ગલ, અન્ય જીવ-એ સર્વ પરદ્રવ્યો મારાં સંબંધી નથી; કારણ કે ટંકોત્કીર્ણ એક જ્ઞાયકસ્વભાવપણાથી પરમાર્થે અંતરંગતત્ત્વ તો હું છું અને તે પરદ્રવ્યો મારા સ્વભાવથી ભિન્ન સ્વભાવવાળાં હોવાથી પરમાર્થે બાહ્યતત્ત્વપણાને છોડવા અસમર્થ છે ( કેમ કે પોતાના સ્વભાવનો અભાવ કરી જ્ઞાનમાં પેસતાં નથી. ) વળી અહીં સ્વયમેવ, ( ચૈતન્યમાં ) નિત્ય ઉપયુક્ત એવો અને પરમાર્થે એક, અનાકુળ આત્માને અનુભવતો એવો ભગવાન આત્મા જ જાણે છે કે-હું પ્રગટ નિશ્ચયથી એક જ છું માટે, જ્ઞેયજ્ઞાયકભાવમાત્રથી ઊપજેલું પરદ્રવ્યો સાથે પરસ્પર મળવું ( મિલન ) હોવા છતાં પણ, પ્રગટ સ્વાદમાં આવતા સ્વભાવના ભેદને લીધે ધર્મ, અધર્મ, આકાશ, કાળ, પુદ્‌ગલ અને અન્ય જીવો પ્રત્યે હું નિર્મમ છું; કારણ કે સદાય પોતાના એકપણામાં પ્રાપ્ત હોવાથી સમય ( આત્મપદાર્થ અથવા દરેક પદાર્થ ) એવો ને એવો જ સ્થિત રહે છે; ( પોતાના સ્વભાવને કોઈ છોડતું નથી ). આ પ્રકારે જ્ઞેયભાવોથી ભેદજ્ઞાન થયું.**

## પ્રવચન નં. ૧૦૫ ગાથા - ૩૭

હવે જ્ઞેયભાવના ભેદજ્ઞાનનો પ્રકાર કહે છે ૩૭. આ ભાવકભાવની વાત કરી, કર્મ છે એ ભાવક છે એનાથી આ ભાવ્યભાવ આ બધી દશાઓ, એનાથી ભિન્ન બતાવ્યો. હવે જ્ઞેય, આત્મા જાણનાર છે અને આ દેવગુરુશાસ્ત્ર, સ્ત્રીકુટુંબ પરિવાર, છ દ્રવ્ય એ બધા જ્ઞેય જાણવા લાયક છે. આહાહા... એને, અને આત્માને કાંઈ સંબંધ નથી. જ્ઞેય જ્ઞાયક સંબંધ વ્યવહાર છે, બાકી એ ચીજ એની નથી. આગળ કહેશે.

णत्थि मम धम्मआदी बुज्झदि उवओग एव अहमेक्को।
तं धम्मणिम्ममत्तं समयस्स वियाणया बेंति।।३७।।

( હરિગીત )

ધર્માસ્તિયકાય છે કાય છે હોં ધર્મ એટલે ધર્મ નહીં પણ ધર્માસ્તિકાય નામનું ભગવાને એક દ્રવ્ય જોયું છે, છ દ્રવ્ય ભગવાને ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ, કાળ, જીવ અને પુદ્‌ગલ છ દ્રવ્યો ભગવાને જોયા છે. તો ધર્મ આદિ, આદિ એટલે છયે દ્રવ્યો,

ધર્માદિ તે મારાં નથી, ઉપયોગ કેવળ એક હું,
–એ જ્ઞાનને, જ્ઞાયક સમયના ધર્મનિર્મમતા કહે. ૩૭.

એ ગાથાર્થ. લ્યો એમ જાણે છે ધર્મી કે આ ધર્માસ્તિકાય આદિ છ દ્રવ્યો, એમાં દેવગુરુ અને શાસ્ત્ર પણ આવી ગયા, એ પર દ્રવ્ય છે. આહાહા ! એ મારા કાંઈપણ લાગતા વળગતા નથી. આહાહાહા... એ પર જીવ જે છે, એને અને મારે કાંઈ લાગતું વળગતું નથી. આહાહા ! પરમેશ્વર સર્વજ્ઞદેવ છે, ગુરુ નિર્ગ્રંથ આદિ છે, એને અને મારે કાંઈ સંબંધ નથી. આહાહાહા... કાંઈ સંબંધ નથી, આહાહા... મારે અને એને કાંઈ લાગતું વળગતું નથી. એક ઉપયોગ છે એક ઉપયોગ છે તે જ હું છું. આહાહા... જાણવા દેખવાનો ઉપયોગ તે હું છું. એવું જે જાણવું તેને સિદ્ધાંતના, સ્વપરના સ્વરૂપરૂપ સમયના જાણનારા ધર્માત્માઓ મુનિઓ, ધર્મ દ્રવ્ય પ્રત્યે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

નિર્મમત્વ કહે છે, ધર્મ અધર્મ આદિ છએ દ્રવ્ય પ્રત્યે, પર જીવ પ્રત્યે, સિદ્ધ પ્રત્યે, આહાહાહા... પંચપરમેષ્ઠિ પ્રત્યે, એ પર જીવ છે મારે અને એને શું સંબંધ ? આહાહાહા !

ટીકાઃ– સ્વયં, પોતાના નિજરસથી જે પ્રગટ થયેલ છે. ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય સ્વભાવ તેના અનુભવથી પ્રગટ થયેલ છે, “નિવારણ ન કરી શકાય એવો જેનો ફેલાવ છે” ચૈતન્ય રસવાળો પ્રભુ એની શક્તિની વ્યક્તતા જે પ્રગટ થઈ, આહાહાહા... એ પ્રગટ થયેલ છે. પરને કારણે નહીં એ પોતાના નિજ રસથી જ જે પ્રગટ થયેલ છે. આહાહા... પર્યાયમાં સમ્યગ્દર્શન જ્ઞાન થયું એ નિજ રસથી પ્રગટ થયું છે. કોઈ નિમિત્તના સંબંધના કારણે પ્રગટ થયું છે એમ નહીં. આહાહાહા... ગુરુના ઉપદેશથી પ્રગટ થયું છે એમ નહીં. આહાહા ! આવી વાતું. મારો પ્રભુ નિજરસથી ભરેલો છે અને નિજરસથી પ્રગટ થાય છે, પોતાના સ્વભાવના સામર્થ્યથી પર્યાયમાં પ્રગટ સમ્યગ્દર્શન જ્ઞાન આદિ થાય છે. આહાહાહા...

નિવારણ ન કરી શકાય એવો ફેલાવ છે. જેની નિજરસની શક્તિની પ્રગટતા ભગવાન આત્માની એને કોઈ રોકી શકે નહીં જગતમાં, એવો જેનો વિસ્તાર છે. ભગવાન ચૈતન્ય સ્વભાવ દરિયો છે, સમુદ્ર છે, એ પર્યાયમાં સ્વયં રસથી ઊછળે છે. આહાહા ! એ ચૈતન્ય સરોવર ભગવાન સમુદ્ર એની વર્તમાન પર્યાયમાં જે સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રની પર્યાય એ નિજરસથી ફેલાય છે. આહાહાહા... પરને કારણે નહીં વ્યવહાર હતો માટે ફેલાય છે નિજરસથી એ નહીં, આરે રે... આવી વાત છે. અત્યારે તો એ જ રાડો છે લોકોની, બસ વ્યવહાર કરો તો નિશ્ચય થશે, વ્યવહાર કરો તો નિશ્ચય થશે એવી પ્રરૂપણા, મિથ્યાપ્રરૂપણા છે એ. આહાહાહા... સમજાય છે કાંઈ ?

નિજરસથી પ્રગટ થયેલ છે ભગવાન આત્મા. આહાહા ! શું કહ્યું સમજાણું ? આત્મા આનંદ ને જ્ઞાન સ્વરૂપનો સાગર, આહાહા... તેની સન્મુખ થતાં આશ્રય લઈને નિજરસથી પર્યાય પ્રગટ થાય છે. સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્ર જે આનંદસ્વરૂપ એ નિજરસથી પ્રગટ થાય છે. કોઈ વ્યવહારથી થાય છે, અને નિમિત્તથી થાય છે, એમ વસ્તુના સ્વરૂપમાં નથી. આહાહાહા ! આવું છે.

નીચે કહ્યું છે જરી, જે ધર્માદિ દ્રવ્યો મારાં નથી, હું એક છું એવું ઉપયોગ જ જાણે છે, એ ઉપયોગને સમયના જાણનારા ધર્મ પ્રત્યે નિર્મમ કહે છે. એ બીજો અર્થ જરી બતાવ્યો પણ ખરેખર તો આત્મા જ આત્માને જાણે છે બસ. આહાહા... આત્મા ઉપયોગથી જાણે છે. એમેય ભેદ છે. એ તો આત્મારામ, આત્મારામ આત્મામાં રમતો જાણે છે. આહાહાહા...

“સમસ્ત પદાર્થોને ગ્રસવાનો” કહે છે, પોતાના જ્ઞાન સ્વભાવનો જે રસ પર્યાયમાં પ્રગટ થાય એને સર્વ પદાર્થોને ગળી જવાનો, જાણવાનો એનો સ્વભાવ છે. આહાહાહા ! જેમ કોળીયો ગળી જાય છે અંદર, એમ છ પદાર્થો જે પર છે અનંત તીર્થંકરો, અનંત સિદ્ધો, પંચપરમેષ્ઠિ અનંત પરમાણુ, અનંત પરદ્રવ્ય, એ બધાને જાણવાનો એટલે ગળી જવાનો સ્વભાવ છે. આહાહાહા. જેનો સ્વભાવ છે, ભગવાન આત્માનો જ્ઞાનસ્વભાવમાંથી પ્રગટેલી પર્યાય, એ પર્યાયને બધા અનંત દ્રવ્યોને ગળી જવું– જાણી લેવું એવો એનો સ્વભાવ છે. આહાહા !

“એવી પ્રચંડ ચિન્માત્ર શક્તિ વડે” જોયું ? એવી પ્રચંડ તીવ્ર ચિન્માત્ર શક્તિ વડે ગ્રાસીભૂત કરવામાં આવ્યા હોવાથી એવી ચૈતન્યમાત્રની શક્તિ વડે એ કોળીયો કરી ગયા છ દ્રવ્યોને તો !

આહાહા ! ગ્રાસીભૂત છે ને ? ગ્રાસ, ગ્રાસ- ચૈતન્યશક્તિ ભગવાન આત્મા એના સ્વભાવનો વિસ્તાર થતાં એ સર્વ જગતને ગળી જાય ગ્રાસી, કોળીયો કરી જાય, આહાહાહા... એને જાણી લીધું ( બધું ) આવી ભાષા હવે આવું સાંભળવા મળે નહીં અને બહારની વાતું બધી કરે વ્રત કરો ને તપસ્યા કરો, આ કરો તે કરો, દાન કરો, દેશની સેવા કરો, અરે ભગવાનની સેવા કરો પ્રતિમાની એ બધો રાગ છે. આહાહાહા !

"ચિન્માત્ર શક્તિ વડે કોળીયો ગ્રાસીભૂત કરવામાં આવ્યા હોવાથી જાણે કે અત્યંત અંતર્મગ્ન થઈ રહ્યા હોય" ભગવાન જ્ઞાનસ્વભાવી પ્રભુ એમાંથી પ્રગટેલી જ્ઞાનદશા, એને છ દ્રવ્યો તો જાણે અંતર્મગ્ન થઈ ગયા હોય, છ દ્રવ્યો અંદર ગરી ગયા હોય, પ્રવચનસારમાં આવે છેને આહાહાહા... એની પર્યાયનો એટલો સ્વભાવ ભગવાનનો છે આત્માનો, કે અનંત સિદ્ધો ને અનંત નિગોદના જીવો, કે અનંત પરમાણુઓ અને અનંત સ્કંધો, એને એક સમયમાં એક ક્ષણમાં જાણવાનો, કોળીયો કરી જવાનો ગ્રાસીભૂત કરવાનો જેનો સ્વભાવ છે. આહાહાહા ! જાણે કે છ દ્રવ્યો જ્ઞાનમાં પેસી ગયા હોય !! એનું જ્ઞાન થયું ને એમ. આહાહાહા !

અરેરે ! આવી ચીજ આકરી પડે જગતને, કુંદકુંદાચાર્ય તો આ ફરમાવે છે આ, એની ટીકા અમૃતચંદ્રાચાર્ય કરે છે એ પણ આમ ફરમાવે છે. આહા ! દિગંબર સંતોની તો આ વાત છે. તેથી આઘું પાછું કરે એ બધી વિપરીત દૃષ્ટિ છે. આહાહા ! અને વ્યવહાર કરો, વ્રત પાળો, અપવાસ કરો, ભક્તિ કરો, મંદિર બનાવો. આહાહા ! દેશની સેવા કરો, દુઃખીના આંસુ લુઓ, એનાથી તમને લાભ થશે, એ તો મિથ્યાદૃષ્ટિની પ્રરૂપણા છે. આહાહાહા ! આકરું લાગે તેવું છે શું થાય, ભાઈ ? પ્રભુ, તારા હિતની વાત છે ને નાથ. તું પરના સંબંધ વિનાનો અને તું પરના કાર્યને તું કરે ને કરાવે એમ માન પ્રભુ, એમાં તારું શું હિત આવ્યું ? આહાહા !

"જ્ઞાનમાં તદાકાર થઈ ડૂબી રહ્યા હોય" આહાહાહા... શું ? છ દ્રવ્યો, પોતાના સિવાય અનંતા નિગોદના જીવ, અનંતા સિદ્ધના જીવ, પંચપરમેષ્ઠિ અને શાસ્ત્રના શાસ્ત્રોના શાસ્ત્રો જે બાર અંગ લખેલા પડયા હોય, આહાહાહા... એ જ્ઞાનની પર્યાયમાં ગ્રાસીભૂત થઈ ગયા હોય અંદર, આહા... ડૂબી ગયા, જ્ઞાનમાં ડૂબી ગયા અંદર છ દ્રવ્યો, એટલે એનું જ્ઞાન થઈ ગયું એમ. આહાહાહા ! આવું છે એ.

એકએક ગાથા સમયસાર એટલે ગજબ વાત છે. ભાઈ. સાક્ષાત્ પરમાત્માની દિવ્ય ધ્વનિ ત્રણલોકના નાથની દિવ્યધ્વનિ છે આ. આહાહાહા !

કહે છે, પ્રભુ તું કોણ છો ? કે હું તો ચૈતન્યલોક છું ને નાથ ! તેમાં ચૈતન્યલોકમાં તો ચૈતન્યશક્તિ ભરેલી છે ને ! અને ચૈતન્યશક્તિની ભરેલી પર્યાયમાં ઈ ચૈતન્યશક્તિ પ્રગટ પોતાથી પ્રગટે છે ને ! આહાહાહા ! એ પ્રગટે છે એમાં છ દ્રવ્યો જાણે ડૂબી ગયા હોય, ગ્રાસીભૂત કોળીયો કરી ગયા હોય, આહાહાહા... એવું છે. ગળી ગયા હોય ગળી-ગળી ગયો જાણે. એટલે ? કોળીયો તો નાનો અને આમ મોઢું તો મોટું છે એમ જ્ઞાનની પર્યાય તો મહામોટી છે એમાં છ દ્રવ્યોનો તો ક્યાંય કોળીયો કરી ગયો, એમ કહે છે. આહાહા !

ભગવાન ચૈતન્ય રસનો સાગર એ ચૈતન્યની પર્યાયમાં ઊછળે છે, પ્રગટ થાય છે, તે તેના દ્રવ્ય ગુણ ને પર્યાય ત્રણ થઈ ગયા, એ પર્યાયમાં છ દ્રવ્યો જાણે ગળી જવાય છે, જાણી લે છે,

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


ડૂબી ગયા છે, કોળીયો કરી ગયો છે, એવું એનું પર્યાયનું સ્વરૂપ છે, ભાઈ આકરું પડે.

એવી રીતે આત્મામાં પ્રકાશમાન છે. કોણ ? એવા ધર્મ, ધર્માસ્તિકાય એક દ્રવ્ય છે, જડ ચૈતન્યને ગતિ કરતાં તેને નિમિત્તરૂપ થાય તેવું એક તત્ત્વ છે, તેનાથી ગતિ થાય છે તેમ નહીં. આહાહા ! એમ નિમિત્તને ધર્માસ્તિકાયવત્ કીધું છે. અહીં જીવ અને જડ ( પરમાણું ) ગતિ કરે એમાં ધર્માસ્તિકાય નિમિત્ત છે. એમ દરેક પર્યાય પોતાથી પરિણમે ત્યારે તેને નિમિત્ત બીજી ચીજને કહો, પણ પરિણમે છે એ નિમિત્તથી પરિણમે છે એમ નથી. આ નિમિત્ત અને વ્યવહારના મોટા ઝઘડા છે. આ ઉપાદાન ને નિમિત્ત, નિશ્ચય અને વ્યવહાર એમાં ક્રમબદ્ધ એક નથી નાખ્યું માળે. ચાર કારણ બધે વર્ણવે છે. પણ એ ક્રમબદ્ધ ભેગું નાખવું જોઈએ ને ? અહીંયાથી વિરુદ્ધ ચાર કે ચાર લે છે પણ ક્રમબદ્ધ નહીં ને ક્રમબદ્ધનો જો નિર્ણય કરવા જાય તો બધો ફેરફાર ઊડી જાય. આહાહા !

દ્રવ્યની જે સમયે જે પર્યાય અપનેસે થવા યોગ્ય હોય તે થાય છે, તે તેની જન્મક્ષણ છે, બીજા નિમિત્તને કારણે એ થાય છે એમ ત્રણકાળ, ત્રણલોકમાં નથી. હો નિમિત્ત, પણ એથી થાય છે તેમાં, થઈ સમયની તે તે દ્રવ્યની એ જ્ઞેયનો એવો સ્વભાવ, એવું વર્ણવ્યું છે પ્રવચનસારમાં, જેટલા જ્ઞેયો છે, એનો એવો સ્વભાવ છે કે જે સમયે જે પર્યાય ઉત્પન્ન થાય તે તેનો જન્મનો ક્ષણ છે. ઉત્પત્તિનો એ કાળ છે. એ ઉત્પત્તિના કાળમાં ભલે નિમિત્ત હો, પણ નિમિત્તથી ઉત્પત્તિ કાળ થયો છે એમ નથી. આહા... આ મોટા ઝઘડા શિક્ષણ શિબિર હસ્તિનાપુરમાં હમણાં ચલાવશે અહીંની વિરુદ્ધમાં. ઉપાદાનમાં નિમિત્ત હોય તો થાય, નિશ્ચય પણ વ્યવહાર હોય તો થાય. અરે ! ભગવાન સાંભળને ભાઈ એવી તારી વાતો સાધારણ. આહાહા !

આંહી તો કહે છે, એ છ દ્રવ્યો એ જાણવાના સ્વભાવમાં તદાકાર થઈ ગયા હોય, જ્ઞાનરૂપે તદાકાર હોં, વસ્તુ કાંઈ આવતી નથી અહીંયા, એવા કોણ ? ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય એ દ્રવ્ય છે એક જગતમાં, ભગવાને જોયેલું ગતિ કરતા ( પદાર્થ ) સ્થિર થાય ત્યારે અધર્માસ્તિકાય છે અરૂપી એ નિમિત્ત છે. આકાશ, ( અખંડ–એક ) કાળ અસંખ્ય છે, પુદ્‌ગલ અનંત છે, અને અન્ય જીવ, અન્ય જીવમાં સ્ત્રી કુટુંબને પરિવાર પણ આવ્યા અને દેવગુરુ ને શાસ્ત્રેય આવ્યા. શાસ્ત્ર અજીવમાં જાય, દેવગુરુ જીવમાં જાય. આહાહાહા ! દેવગુરુ ધર્મથી પણ લાભ ન થાય એમ કહે છે આંહી તો. આહાહા !

તારો ભગવાન જીવ સ્વભાવ ઊછળે છે અંદર ત્યાં પરનું શું કામ છે તારે એમ કહે છે એ સર્વ પરદ્રવ્યો મારા સંબંધી નથી, એ બધા પરદ્રવ્ય છે, અનંત સિદ્ધ પરદ્રવ્ય છે, પંચપરમેષ્ઠિ પરદ્રવ્ય છે, મારા ભગવાનને ( નિજાત્માને ) અને એને કાંઈ સંબંધ નથી. આહાહાહા... સમજાણુ કાંઈ ? એ પરદ્રવ્યો, સર્વ પરદ્રવ્યો, મારા સંબંધી નથી કેમ નથી ? એ વિશેષ કહેશે. ( શ્રોતાઃ– પ્રમાણ વચન ગુરુદેવ )

卐

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


## પ્રવચન નં. ૧૦૬ ગાથા - ૩૭ આસો સુદ-૧૧ ગુરૂવાર તા. ૧૨-૧૦-૭૮ સં. ૨૫૦૪

સમયસાર ૩૭ ગાથા ટીકા: અપને નિજરસસે જો પ્રગટ હુઈ કયા કહતે હૈ કે આ આત્મા જો ચૈતન્ય શક્તિ ચૈતન્યલોક ઉસમૈંસે અપની યોગ્યતાસે નિજ રસસે સમ્યગ્જ્ઞાનકી પર્યાય પ્રગટ હુઈ ૩૭ ગાથા છે ને છેલ્લી, અપને નિજરસસે જો પ્રગટ હુઇ, કોણ ? "પ્રચંડ ચિન્માત્ર શક્તિ" આહાહા... ભગવાન આત્મા ચૈતન્યજ્યોત એના આશ્રયથી પર્યાયમાં અવસ્થામાં ચૈતન્ય શક્તિની વ્યક્તતા પ્રગટ થઈ, એને ચૈતન્યશક્તિ કહનેમેં આયા હૈ. ચૈતન્યસ્વરૂપ ભગવાન એમાંથી અપના રસસે અપની શક્તિસે, અપના અવલંબનસે, અપનેસે, સમ્યગ્જ્ઞાન જ્યોતિ પ્રગટ હુઈ. "જિસકા વિસ્તાર અનિવાર્ય હૈ" જે જ્ઞાનકી પર્યાય પ્રગટ હુઈ ઉસકા વિસ્તાર અનિવાર્ય હૈ વિશાળ હૈ. એ જ્ઞાનકી દશા વિશાળ હૈ. આહાહાહા... "તથા સમસ્ત પદાર્થોકો ગ્રસિત કરનેકા જિસકા સ્વભાવ હૈ" આહાહા ! ભગવાન આત્મા અપના જ્ઞાન જ્ઞાયક સ્વરૂપ ઉસકી દૃષ્ટિ કરકે જો પર્યાયમેં સમ્યગ્જ્ઞાનકી ધારા પ્રગટ હુઈ, ઉસકી શક્તિ કિતની હૈ ? સમસ્ત પદાર્થોકો ગ્રસિત કરનેકા સ્વભાવ હૈ. આહાહાહા ! અપને અલાવા સર્વ પદાર્થ અનંત સિદ્ધો, અનંત નિગોદકા જીવ, અનંત પરમાણુ, અસંખ્ય કાલાણું, એક ધર્મ, અધર્મ ને આકાશ એ સબ પદાર્થકો જાનનેકી– ગ્રસિત કરનેકી શક્તિ હૈ. ગ્રહણ કરનેકી શક્તિ હૈ, ઉસકા જ્ઞાન ગ્રહણ કરનેકી શક્તિ હૈ. આહાહા ! આવી વાતું છે. સમસ્ત પદાર્થકો ગ્રસિત કરનેકા, ગ્રસિત કોળીયો કરી જાતે હૈ અંદર જાણે કવળ, આહાહા... ગ્રાસ.

અહીં ( જીવ અધિકારમેં ) આખિરકી ગાથા હૈ ને ૩૭–૩૮. જે ભાવેન્દ્રિય હૈ એક એક વિષયકો જાનતા હૈ, એ તો ખંડખંડ જ્ઞાન હૈ, એ તો અજ્ઞાન હૈ, એ વાસ્તવિક જ્ઞાન નહીં. આહાહાહા... ભગવાન આત્મા ચૈતન્ય સ્વભાવના પ્રવાહનો ધોધ, ધ્રુવસાગર, ઉસકા આશ્રયસે, દૃષ્ટિસે ઉસકો અપના જાના, તો અપની પર્યાયમેં જ્ઞાન કી ધારા શુદ્ધ પર્યાય ઈતની પ્રગટ હુઈ કે સારા લોકાલોકકો ગ્રસિત, કવળ કરી જાય, ઐસી શક્તિ પ્રગટ હુઈ. આરે આવી વાતું છે. સર્વ જ્ઞેયકો, જ્ઞાનકી પ્રગટ પર્યાય સમ્યકજ્ઞાન સબકો કવળ કરી જાય, ગ્રાસિત કરી જાય, ઐસી શક્તિ હૈ. આહાહા !

"ઐસી પ્રચંડ ચિન્માત્ર શક્તિ" ઐસી પ્રચંડ ઉગ્ર ચિન્માત્રશક્તિ પર્યાયમેં હોં આહા... રાગ નહીં. એ ચૈતન્યમાત્ર શક્તિકી પ્રગટતા. આહાહા ! ઝીણી વાત છે પ્રભુ. જીવ આત્મા ઈસને જાના કે જિસમેં આત્મા જ્ઞાયક સ્વરૂપ હૈ એ ઉપર દૃષ્ટિ લગાકર આત્માકા અનુભવ કિયા તો પર્યાયમેં, અવસ્થામેં ઈતની શક્તિ જ્ઞાનકી પ્રગટ હુઈ કે સારા અનંત પદાર્થકો ગ્રસિત કરી નાખે, જાણી લે, ઐસી શક્તિ હૈ. આહા. આ શરીર વાણી મન આદિ પર પદાર્થ, આહાહાહા... દેવગુરુશાસ્ત્ર પણ પર પદાર્થ, લોકાલોક અપની જ્ઞાનકી પર્યાય સિવાય જિતની ચીજ હૈ એ સબ, ઉસકો તો જ્ઞેય ( જાના ) યહાં જ્ઞાન જાનનેકી શક્તિ હૈ જ્ઞેયકો, એ જ્ઞેય મેરા હૈ ઐસા તો ઉસમેં નહીં હૈ. આહાહા... અરે દેવગુરુ ને શાસ્ત્ર પણ મેરા હૈ ઐસી જ્ઞાન પર્યાયમેં ઐસા હૈ નહીં. વો તો ભગવાન આત્મા અનંત અનંત અનંત અનંત જ્ઞાનકા સાગર પ્રભુ, યે જબ અપના સ્વરૂપકા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


અનુભવ હુઆ આત્માકા, તો પર્યાયમેં જ્ઞાનદશા ઐસી પ્રગટ હુઈ, ઈસકો આત્માકી યે પર્યાયમેં સમસ્ત પદાર્થકો જાનનેકી, ગ્રસિત કરનેકી, કવલિત કરનેકી શક્તિ હૈ. આહાહાહા !

ઝીણી વાત બહુ ભાઈ. જગતને નિવૃત્તિ નહીં અને આ આખું તત્ત્વ નિવૃત્તિમય તત્ત્વ હૈ. આહાહા ! "કીયે જાનેસે માનો અત્યંત અંતર્મગ્ન હો રહે હો" ક્યા કહતે હૈ. એ છદ્મસ્થકા જ્ઞાનકી પર્યાય સમ્યગ્દૃષ્ટિકી જ્ઞાન કી પર્યાય, આહાહાહા... ધર્મી સમ્યગ્દૃષ્ટિ હુઆ ચૈતન્યસ્વરૂપ પૂર્ણાનંદ મૈં હું, ઐસા ભાન હોકર, પર્યાયમેં જો સમ્યગ્જ્ઞાન હુઆ ઈસકી ઐસી તાકાત હૈ, કિ અત્યંત અંતર્મગ્ન હુઆ, જાણે સબ પદાર્થ અંતર ઘૂસ ગયા હો. અંતર્મગ્ન હો રહા અપની પર્યાયમેં ઐસા જાનનેમેં આયા કે જાણે એ ચીજ અપનેમેં આ ગઈ હો. એ ચીજ આતી નહીં, પણ વો ચીજ સંબંધી અપના જ્ઞાન અપનેમેં હુઆ, ઉસમેં જાનનેમેં આતા હૈ. અરે આવી આકરી વાતું છે.

અત્યંત અંતર્મગ્ન હો રહા હૈ, દેખો ભાષા ! માનો કે અત્યંત અંતર્મગ્ન( હો રહા હૈ ), ભગવાન જ્ઞાનસ્વરૂપ જેમ અરીસામેં સામી ચીજ હો, તો ઉસકા પ્રતિબિંબ પડતે હૈ ને ? યે પ્રતિબિંબ યે ચીજકા, ચીજ નહીં, એ તો અરીસાકી સ્વચ્છતા હૈ, એ સ્વચ્છતા હૈ, પણ એ સ્વચ્છતામેં જાણે પરચીજ પેઠી હોય ઐસે દિખતે હૈ. ઐસે ભગવાન આત્મા, આહાહાહા... એકકોર રામ અને એકકોર ગામ. એકકોર ભગવાન આત્માકા સમ્યગ્જ્ઞાન જ્યાં હુઆ તો એ પર્યાયમેં સારા લોકાલોક અનંત કેવળીઓ અને અનંત સિદ્ધો જિસમેં અંતર્મગ્ન ઉસકા જ્ઞાન હો ગયા, અંતર્મગ્ન હો ગયા હો ઐસે દિખતે હૈ. કહેતે હૈ. ધીરાના કામ હૈ ભાઈ. આહાહા !

એ ચૈતન્યલોક જિસમેં અનંત અનંત ગુણ શક્તિ પડી હૈ ઉસમેંસે એક જ્ઞાન એ જ્ઞાયકકા જ્ઞાન સ્વરૂપકા જ્ઞાન, ઐસા પર્યાયમેં પ્રગટ હુઆ, કે જિસમેં લોકાલોક અન્ય પદાર્થ જાણે નિમગ્ન હો ગયા હો. ઉસકા જ્ઞાન હુઆ હૈ, એ જાણે અંદર નિમગ્ન હુઆ હો, આહાહા ! "જ્ઞાનમેં તદાકાર હોકર ડૂબ રહે હો." આહાહાહા... અરીસામેં જેમ અગ્નિને સામે સર્પ હો અને દિખતે હૈ એ જાણે અંદર એ ચીજ અંદર હૈ ઐસે લગે, હૈ નહીં. હૈ તો યે અરીસાકી સ્વચ્છતા, ઐસે ભગવાન આત્મા અપને જ્ઞાનકી સમ્યક પર્યાયકી સ્વચ્છતામેં લોકાલોક અનંત દ્રવ્યો જાણે કે અંતર્મગ્ન હો ગયા હો ઉસકા જ્ઞાન હુઆ તો જાણે અંતર્મગ્ન હુઆ. આવી વાત છે.

એ જ્ઞાનકી સમ્યક્પર્યાય સ્વકો જાણે, ગુણકો જાણે, લોકાલોકકો જાણે, અનંત પર્યાયકો જાણે, જાણે એક સમયકી પર્યાય જ સર્વસ્વ હો. આહાહાહા... સમજમેં આયા ? એ એક સમયકી પર્યાય જ્ઞાનકી સમ્યક્ જાણે એ સર્વસ્વ હો, લોકાલોકકો જાણે, દ્રવ્યકો જાણે, ગુણકો જાણે, અનંત પર્યાયકો જાણે, આહાહાહા... એક સમયકી પર્યાયમેં, એના ઉપયોગમેં લોકાલોક જાણે અંતર્મગ્ન હો ગયા હો, જાણે કવળ હો ગયા હો, કોળીયા કર લિયા. આહાહાહા... બાકી પણ બહોત રહા. એ સબકો જાના પણ કવળમેં કવળ છોટા ને મોઢા મોટા ઐસી જ્ઞાનકી પર્યાયકી ઈતની તાકાત કે લોકાલોક જાણે ઈ તો કવળ–કવળ હો ગયા. ( શ્રોતાઃ– કેટલા લોકાલોક ) એથી અનંત ગુણા હો તો પણ જાણી શકે ઐસી તાકાત હૈ. કવળ કિયા ને ? આહાહાહા !

પ્રભુ તેરા દ્રવ્યગુણકી તો બાત ક્યા કરના. આહાહાહા... ભગવાન જ્ઞાયક સ્વભાવ આ ઉસકા ગુણ જ્ઞાન આદિ, ઉસકી તો ક્યા બાત કરના પ્રભુ ? પણ ઉસકા જ્ઞાન હુઆ, એ જ્ઞાનકી પર્યાયમેં ઈતની તાકાત હૈ, કે સારા આત્મા તો જાનનેમેં આયા, પણ એ પર્યાય, ભિન્ન જે પદાર્થ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

અનંત હૈ, આહાહાહા ! અનંત સિદ્ધો, અનંત નિગોદકા જીવ, જિસકી સંખ્યાનો પાર નહીં, આહાહાહા ! એ સંખ્યા ને એના ગુણની સંખ્યાનો પાર નહીં, યે સબ જ્ઞાનકી એક સમયકા ઉપયોગમેં, આહાહા... એ સબ જાનનેમેં આ ગયા હૈ. કવળ હો ગયા. જાણે લોકાલોક જ્ઞાનમેં અંતર્મગ્ન હો ગયા. આવી વાત છે. સમ્યગ્દષ્ટિકા જ્ઞાન સ્વરૂપકી પ્રતીતિ અખંડ આનંદ પ્રભુ એની આગળ આ સબ પદાર્થો તુચ્છ હૈ, એ સબ પદાર્થ અપના જ્ઞાનકી પર્યાયમેં ઐસે જાનનેમેં આતા હૈ, કે જાણે કવળ હો ગયા હો, જાણે સબ અંતર્મગ્ન હો ગયા હૈ, અને મૈં યેહી એક જ હું, આહાહાહા ! 'અહમ્ એકો' છે ને ? આગળ આવશે છેલ્લી આડત્રીસમાં આવશે ને. આહાહાહા !

જ્ઞાનમેં તદાકાર હોકર ડૂબ રહે હો, ઈસ પ્રકાર આત્મામેં પ્રકાશમાન દેખો ત્યાં ચિત્તિશક્તિ કીધી'તી ને પણ એ અહીંયા પ્રકાશમાન પર્યાય લે લેના, આત્મામેં પ્રકાશમાન યહ ધર્માસ્તિ, ધર્માસ્તિકાય હૈ ને ચૌદ બ્રહ્માંડમેં એક ધર્માસ્તિ દ્રવ્ય તત્ત્વ હૈ કે જડ ચૈતન્ય ગતિ કરે તો ઉસમેં નિમિત્ત કહનેમેં આતા હૈ. એ ધર્માસ્તિકાય અહીંયા ઘૂસ ગયા અહીં ઉસકા જ્ઞાન આ ગયા. જ્ઞેય હૈ ને ! તો અપના જ્ઞાનકી પર્યાયમેં ધર્માસ્તિકાયકા જ્ઞાન હો ગયા. આહાહાહા ! સમજમેં આયા ? ધર્માસ્તિ નામકા પદાર્થ હૈ તો યહાં આત્મા જ્ઞાયક સ્વરૂપકા જ્યાં જ્ઞાન હુઆ તે એ જ્ઞાનકી પર્યાયમેં ધર્માસ્તિકાય જ્ઞેય હૈ ઉસકા જ્ઞાન હુઆ તો ધર્માસ્તિકાય પદાર્થ જાણે અંદર આ ગયા, અંતર્મગ્ન હો ગયા, ઉસકા જ્ઞાન હૈ. આહાહા... આહાહાહા ! અને એ ધર્માસ્તિકાયમેં પણ અનંત ગુણ, આહાહા ! અનંત અનંત ગુણ, અનંત અનંત ગુણ એ સબ જાણે જ્ઞાનકી પર્યાયમેં જ્ઞેય હોકર આ ગયા. આહાહાહા !

એમ અધર્માસ્તિકાય, અધર્મ એક દ્રવ્ય હૈ, જીવ ને જડ ગતિ કરતાં સ્થિર રહે, તો સ્થિરમેં નિમિત્ત એક અધર્માસ્તિકાય નામકા એક તત્ત્વ હૈ. એ તત્ત્વ પણ સમ્યક્ જ્ઞાયક સ્વભાવકા જ્ઞાન હુઆ તો એ જ્ઞાયક પર્યાયમેં અધર્મ તત્ત્વ જાણે અંદર ઘૂસ ગયા હો, ઉસકા જ્ઞાન હુઆ. જ્ઞાયક ને જ્ઞેયકા સંબંધમેં જ્ઞેયકા જ્ઞાન હુઆ. આહાહાહા ! આવી વાતું છે.

આકાશ ! ઓહોહો ! આકાશ–આકાશ જિસકા અંત નહીં અને જિસકા ગુણકા ભી અંત નહીં, આહાહાહા... ઐસા આકાશ નામકા દ્રવ્ય, જ્ઞાયક સ્વભાવકા જ્ઞાન હોનેમેં યે પર્યાયમેં યે આકાશકા જ્ઞાન હો ગયા. આહાહાહા ! સમજમેં આયા ? એક આકાશમેં અનંત અનંત અનંત અનંત પ્રદેશ, જિસકા અંત નહીં, ઔર એક આકાશમેં અનંત ગુણ, જિસકા અંત નહીં, એ આકાશ નામકા પદાર્થ. આહાહા ! ભગવાન જ્ઞાયક સ્વભાવકા જ્ઞાન હુઆ, ઉસમેં યે આકાશકા જ્ઞાન હો ગયા, ક્યોંકિ પર્યાયકા સ્વભાવ સ્વપરપ્રકાશક હૈ અપને સે, એ પરકા પ્રકાશક અપનેસે હૈ, એ પર હૈ તો જાના ઐસા હી નહીં. આહાહાહા !

અપના જ્ઞાયક ભગવાન ચૈતન્ય સ્વરૂપ પ્રભુ એકલો ચૈતન્યલોક, આહાહા ! ઉસકા જ્યાં લોકન્તે જ્ઞાન હુઆ એ જ્ઞાનમેં ઈતની તાકાત હૈ કે આકાશ પદાર્થકા ક્ષેત્રકા અંત નહીં ગુણકા નહીં ઉસકા ભી જ્ઞાન હો ગયા. આહાહાહા ! એ આ તો હજી મતિશ્રુત જ્ઞાનકી પર્યાયકી બાત ચલતી હૈ. આહાહાહા ! ( શ્રોતાઃ- મતિશ્રુતમાં તો પરોક્ષ જણાય ) પરોક્ષ ભલે હો પણ જાણવાની શક્તિ ઉસમેં અપનેસે હો ગઈ હૈ પરોક્ષ ને પ્રત્યક્ષ મેં ઈતના ફેર હૈ પણ હૈ બરાબર જેવું કેવળી જાણે છે તેવું જ શ્રુતજ્ઞાની જાણે છે. આહાહાહા !

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


જેના દ્રવ્યગુણનો તો પાર નહીં શક્તિઓનો ભગવાન આત્મા, જિસકા જ્ઞાન હુઆ એ જ્ઞેય જ્ઞેય જ્ઞેય બનાકર સ્વકો જ્ઞેય બનાકર જ્ઞાન હુઆ સમ્યક્, ઉસમેં પરજ્ઞેયકા જ્ઞાન ઐસા આ ગયા, જાણે અંતર્મગ્ન હો ગયા હો. આહાહાહા ! આવો માર્ગ છે. 'આકાશ' આવ્યું ને ?

"કાળ" અસંખ્ય કાલાણું છે એક એક કાલાણુંમેં અનંત અનંત ગુણ છે એ અસંખ્ય કાલાણુંઓ સંખ્યાએ અસંખ્ય છે પણ એના ગુણની સંખ્યાએ અપાર છે. ઐસા કાળ પદાર્થકા ભી, ઓહોહો ! પ્રભુ તેરી જ્ઞાન પર્યાય, સ્વકો જાનનેમેં આયા તો સ્વપરપ્રકાશક પર્યાય હુઈ, ઉસમેં કાળકા જ્ઞાન આ ગયા. ( શ્રોતાઃ- કાળ તો ઉપચારિક દ્રવ્ય હૈ ) વાસ્તવિક જ્ઞાન હૈ કાળ હૈ યે. ઉપચારિક શ્વેતાંબર કહેતે હૈ. જૂઠ હૈ. આહાહા ! કાળ નામના પદાર્થ અસંખ્ય નિત્યાનિત્ય હૈ, પર્યાયસે અનિત્ય હૈ, વસ્તુસે નિત્ય હૈ કાળ. એ કાળમાં અનંત અનંત ગુણ હૈ જિતના ગુણ ભગવાન આત્મામેં હૈ, જિતના આકાશમેં હૈ ગુણ ઈતના હી એક કાલાણુંમેં ગુણ હૈ. અરે આહાહાહા ! એ અસંખ્ય કાલાણુંઓ અપના સ્વરૂપકા જ્ઞાન હુઆ સ્વપરપ્રકાશક પર્યાયમેં સ્વકો તો જાનતે હૈ તબ તો પરપ્રકાશકકા જ્ઞાન યથાર્થ હુઆ. આહાહાહા !

'પુદ્‌ગલ' આત્માકી અનંત સંખ્યાસે પુદ્‌ગલકા પરમાણુ અનંતગુણા હૈ, એ અનંતગુણા પરમાણુઓ અને એક એક પરમાણુમેં આત્મામેં જિતના ગુણ હૈ ઈતના ગુણ ઈસમેં જડમૈં હૈ એકએક પરમાણુ ઐસા અનંત પરમાણુ જે આત્માકી સંખ્યા અનંતસે અનંત ગુણા હૈ, ઐસા પુદ્‌ગલકા જ્ઞાનકી પર્યાય હો પ્રભુ તને તેરી શક્તિકા જ્યાં જ્ઞાન હુઆ, એ જ્ઞાયકકા જ્ઞાન હુઆ, સ્વદ્રવ્યકા જ્ઞાન હુઆ, તો એ પર્યાયમેં ઐસા અનંત અનંત પુદ્‌ગલના પરમાણુ અને એ પરમાણુમેં અનંત ગુણ સબકા જ્ઞાન હો ગયા. આકરી વાત છે પ્રભુ. આહાહા ! તારા દ્રવ્યગુણની તો શું કહેના પણ એ દ્રવ્યગુણકા જ્ઞાન હુઆ, એ પર્યાયમેં ઈતની તાકાત હૈ, જાણે કે એ પર્યાય એક જ વસ્તુ હો બસ. એમાં સ્વભાવકા જ્ઞાન આ ગયા.

ઐસી સમ્યગ્જ્ઞાન, સ્વજ્ઞાયકકા જ્ઞાન હોનેસે પરકા જ્ઞેયકા જ્ઞાન અંદર આ ગયા. આહાહાહા ! સમજાય છે કાંઈ ? વાતું બાપા ! આ ભગવંત તારી વાતું જુદી છે ભાઈ. આ બહારની ચીજો ભપકા લાગે એ તો બધા જડ છે ધૂળ છે. એ બધા પદાર્થ જડ છે, એનું અહીંયા જ્ઞાન આ ગયા એમ કહેતે હૈ. ( શ્રોતાઃ- એનું જ્ઞાન કે એ સબંધી પોતાનું જ્ઞાન ) એ સંબંધીનું પોતાનું જ્ઞાન પોતામાં આવી ગયું એનું બધાનું, એથી કહ્યું ને જાણે એ પદાર્થો બધા અહીંયા ઘૂસ ગયા હો, પદાર્થો આવ્યા નહીં પણ પદાર્થ સંબંધી જે અપના જ્ઞાન હૈ ઉસમેં જાનનેમેં આ ગયા. અરે આવી વાતું હવે.

ભાવેન્દ્રિય તો ખંડખંડ જ્ઞાન એ અજ્ઞાન છે. આહાહા ! એમાં એ જ્ઞાનમાં સ્વને જાનનેકી તાકાત નહીં ફકત પર જાના, ખંડખંડ જ્ઞાનમેં, આહાહાહા... એ ખંડખંડ જ્ઞાન પરવશ હૈ, દુઃખરૂપ હૈ, આહાહા... ઔર ભગવાન આત્મા જ્ઞાયકકા જ્ઞાન, પૂર્ણ હૈ, સ્વવશ હૈ, સુખરૂપ હૈ. આહાહાહા...

ચૈતન્ય જ્ઞાયક સ્વભાવ ભગવાન આત્મા ઉસકા જ્ઞાન હોનેસે એ દ્રવ્ય સ્વભાવકા જ્ઞાન હોનેસે એ જ્ઞાનકી પર્યાયમેં, આહાહાહા... અનંત અનંત અનંત શરીરો, અનંત નિગોદના જીવ અને એક એક એક નિગોદને બે-બે શરીર, તેજસ ને કાર્મણ, અંગુળના અસંખ્ય ભાગમાં અનંત આત્માઓ એક એક આત્મામાં તેજસ કાર્મણ શરીર એક એક તેજસ કાર્મણ શરીરમાં અનંતા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

સ્કંધો, એક એક સ્કંધમાં અનંત પરમાણુઓ, અને એકએક પરમાણુમાં અનંત ગુણા ગુણ. આહાહાહા... એ સર્વજ્ઞ સિવાય આ કોણ કહે ? અને એ ( જાનના ) તેરા સ્વભાવ ઐસા હૈ કહે છે. આહાહાહા !

ભગવાન તું જ્ઞાતાદૃષ્ટા હૈ ને ? તેરી ચીજ તો જ્ઞાતા દ્રષ્ટા પ્રભુ હૈ ને ? એ જ્ઞાતાદ્રષ્ટાકા જ્ઞાન હુઆ સ્વસ્વરૂપકા જ્ઞાન હુઆ, એ જ્ઞાનકી પર્યાયમેં પર જિતના જ્ઞેયો ને ગુણ હૈ, સબકા જ્ઞાન આ જાતા હૈ. આહાહાહા... ઝીણી ગાથા બહુ છે બાપા. આહાહાહા... વસ્તુ સ્થિતિ આ છે. આહાહા !

એ પરમાણુના તો અનંતા લાડવા, અનંતા મેસુબ, અનંતા રસગુલ્લા આદિ પરમાણુના પિંડ હૈ. આહાહાહા ! આ અનંતા રજકણનો પિંડ શરીર હૈ. અનંતા રજકણનો પિંડ કાર્મણ ને તેજસ શરીર હૈ, એક એક રૂપીયાને પાઈમેં અનંત પરમાણુ હૈ, નોટ અનંત પરમાણુના સ્કંધ છે. ઈસમેં અનંત પરમાણુ હૈ એકએક પરમાણુમેં અનંત ગુણ હૈ એ સબ પુદ્ગલકા જ્ઞાન, આહાહાહા... ભગવાન આત્મા ઉસકા જ્ઞાન હોનેસે, સ્વલક્ષમેંસે જ્ઞાન આયા, આહાહાહા... તો યે જ્ઞાનકી પર્યાયમેં અનંતા સ્કંધો આ શરીરાદિકા જ્ઞાન ( સભી કા ) જ્ઞાન હો જાતા હૈ, મેરા હૈ ઐસા ઉસમેં હૈ નહીં. આહાહાહા... આવું છે પ્રભુ.

તેરા દ્રવ્યનું તો શું કહેવું, ગુણનું તો શું કહેવું, પણ એની એક જ્ઞાનની એક પર્યાયની વાત આવી છે. આહાહાહા... ભલે ઉપયોગ અસંખ્ય સમયે લાગુ પડે, પણ એની એક પર્યાયમાં જ આ બધું હોય છે. આવું જ્ઞાન થાય, ત્યાં ભેગો આનંદ હોય છે. આહાહા... એ જ્ઞાન થતાં સ્વ-વશતા હોય છે એ જ્ઞાન હોતા નિરાલંબી પરિણતિ પ્રગટ થતાં, આહાહાહા... અનંતા અનંતા પરમાણુ, આખો લોક પરમાણુથી ઠાંસીને ભર્યો છે. અહીંયા અંગુળના અસંખ્ય ભાગમાં અનંતા સ્કંધ છે, એક એક સ્કંધમાં અનંતા પરમાણુ છે, એક એક પરમાણુમાં અનંતા ગુણ છે. અનંતા ગુણની અનંતી પર્યાય છે. આહાહાહા... એ સબકા જ્ઞાન પ્રભુ તેરા જ્ઞાન હોનેસે ( હોતા હૈ ) કિતની તાકાત હૈ દેખ તો ખરો, પરકા જ્ઞાન તો અનંત બૈર કિયા કહે છે, આહાહા ! એ વાસ્તવિક જ્ઞાન હી નહીં. આહાહા ! સમજમેં આયા ?

પુદ્ગલ, પુદ્ગલમેં કયા બાકી રહા ? આ ફર્નિચર ને મકાનો ને મહેલને અનંત અનંત પૈસા અને રૂપીયા એ તો જ્ઞાનકી પર્યાય પ્રગટ હુઈ તો એમાં જાનનેમેં આ ગયા બસ. આહાહાહા ! ( શ્રોતાઃ- જ્ઞાન ન થાય ત્યાં સુધી તો માલિકીનો પ્રશ્ન નથી ) માલિક ધૂળેય નથી. માલિક માલિક માને અજ્ઞાની મૂંઢ હૈ. પરજ્ઞેયનો માલિક હું એમ માને મૂંઢ હૈ. આહાહાહા ! સ્વજ્ઞેયકા માલિક હુઆ અપના ચૈતન્ય જ્યોત જ્ઞાનકા પરિપૂર્ણ ભંડાર ઐસા તો અનંત ગુણ પ્રભુમેં, ઐસા જ્ઞાયક ચૈતન્ય એના આશ્રયે, આહાહા... એને લક્ષે, જે જ્ઞાનદશા થઈ, હુઈ એ જ્ઞાનમેં અનંતા પુદ્ગલોને અડયા વિના સ્પર્શ્યા વિના, આહાહા... એ અનંતા પુદ્ગલમેં, વર્તમાન જ્ઞાનકી પર્યાય પ્રવેશ કર્યાં વિના, ( જાણી લે ).

એ ઓલો ભાવસાર યાદ આવ્યો અરે ભગવાન વેદાંતી ૮૪માં પૂછયું 'તું રાણપુર અરે ભગવાન એમ નથી. કીધું ભાઈ, અનંતને એક માનવું છે ને એટલે પછી જ્ઞાન પેસે ત્યારે એક થઇ જાય. અરે એમ નથી, ભાઈ વેદાંતે પર્યાય માની નથી. નિશ્ચયાભાસી મિથ્યાદૃષ્ટિ હૈ. ભલે

એ આત્માની વાતું કરે. આહાહાહા !

યહાં તો ભગવાન જ્ઞાયકનો પિંડ પ્રભુ એના સ્વલક્ષે જે જ્ઞાન થયું, તે જ્ઞાનની પર્યાયમાં આટલી તાકાત કે અનંતા અનંતા અનંતા અનંતા અનંતા દ્રવ્યો અને એક એક દ્રવ્યોમાં અનંતા અનંતા અનંતા અનંતા અંત ના આવે એટલા ગુણો એને એમાં પેઠા વિના, એને અડયા વિના, અથવા એનું અસ્તિત્વ છે માટે અહીંયા જ્ઞાન થાય છે એમ પણ નહીં. આહાહાહા ! જ્ઞાનની એક સમયની પર્યાય જ ઈતની તાકાતવાળી છે, અપની પર્યાયકા અસ્તિત્વ ઈતના હૈ. આહાહા ! અરે આવી તત્ત્વની વાત મૂકી દઈને બહારમાં વ્રત કર્યાંને અપવાસ કર્યાં ને એમાં ધર્મ માન્યો અજ્ઞાનીએ, રખડી મરશે. આહાહાહા !

એ અનંતા પુદ્‌ગલ પરાવર્તન કર્યાં એનું પણ પર્યાયમાં જ્ઞાન થાય કહે છે, એમ કહે છે. આહાહા... અનંત પુદ્‌ગલમાંય છે ને ? અનંતા પુદ્‌ગલ પરાવર્તન કર્યાં. આહાહા... એનું અહીંયા અનંત પુદ્‌ગલ પરાવર્તનનો જેમાં અભાવ છે, જેમાં રાગનો અને શરીરનો અભાવ છે, જેમાં એક સમયની પર્યાયનો પણ જેમાં અભાવ છે, એવા દ્રવ્યનું જ્ઞાન અને શ્રદ્ધા થતાં, આહાહાહા... એ પર્યાયમાં અનંતા પુદ્‌ગલ પરાવર્તન કર્યાં એનું જ્ઞાન થાય. આહાહાહા... આવી વાતું છે.

એ કહેશે અંતરંગતત્ત્વ તો હું આ છું. આહાહા ! ઝીણું પડે પ્રભુ પણ સત્ય તો આ હૈ. આહાહાહા ! અન્ય “જીવ” હવે અનંતા સિદ્ધો, આહાહા... અરિહંતો આચાર્ય ઉપાધ્યાય સાધુ જે કેવળી છે અનંત સિદ્ધ લાખો કેવળી હૈ એ સબ જીવ અન્ય એનું સ્વજ્ઞેયનું જ્ઞાન થતાં ભગવાન આત્મા સ્વપરપ્રકાશકનો પિંડ પ્રભુ, એનું જ્ઞાન થતાં એ જ્ઞાનની પર્યાયમાં અનંતા પંચપરમેષ્ઠિઓ, આહાહા... નમો લોએ સવ્વ ત્રિકાળવર્તી અરિહંતાણં એ ત્રણેય કાળના અરિહંતો, આહાહા... ત્રણેય કાળના સિદ્ધો, ત્રણેય કાળના આચાર્યો, ઉપાધ્યાયો, સાધુઓ, એથી અનંત ગુણા બીજા નિગોદના જીવો, આહાહાહા... એ બધું “અન્ય જીવ” એ જ્ઞાનની પર્યાયમાં જણાય છે. કહે છે આહાહાહા ! એ ભૂત ને ભવિષ્યના કાળના થઈ ગયા અને થાશે તીર્થંકરો, આહાહાહા ! એ ચૈતન્યના મહાપ્રભુ, એનું જ્ઞાન થતાં એ ત્રણકાળના અરિહંતો, સિદ્ધો, આચાર્યો, આહાહા... કાળ આવી ગયો ને એટલે કાળમાં રહેલા પણ બધા આવી ગયા, એ જ્ઞાનની પર્યાયમાં તેનું જ્ઞાન થાય.

અનંત તીર્થંકરો, સંતો મુનિઓ થશે, અનંત થઈ ગયા અને અનંત સિદ્ધપણે હૈ, બાકી બધા સંખ્યાત હૈ, ઉસકા જ્ઞાન ભગવાન તેરી જ્ઞાનકી પર્યાય સ્વકા જાનનેમેં ઈતની તાકાત હૈ કે એ સબકો એક સમયમેં જાન લેતી હૈ. આહાહાહા ! આવી વાતું હવે. સમજમેં આયા ? આ શું હશે આ ને ધર્મમાં આવી વાત હશે ? ભગવાન તારો ધર્મ જ્ઞાનસ્વભાવ અને એ જ્ઞાનસ્વભાવી ભગવાન એનું જ્ઞાન થતાં, આહાહાહા... એ જ્ઞાનની પર્યાયમાં અનંતા જીવો, જે અન્ય, સ્વ જીવથી અન્ય, એનું જ્ઞાન એક સમયની પર્યાયમાં આવી જાય છે. સમજાય છે કાંઈ ? આહાહાહા !

અન્ય જીવો, હવે આમાં દેવગુરુય આવ્યા, અરિહંત સિદ્ધેય આવ્યા, એનાથી આત્માને લાભ થાય એ વાત રહેતી નથી એમ કહે છે. આહાહાહા ! અ તો આવી ગયું ’તું નહીં ? સ્વયમેવ પરની અપેક્ષા વિના સ્વયમેવ જ્ઞાન પોતાથી થાય છે, આહાહાહા ! ઉપદેશ વિના. ઉપદેશ મળ્યો માટે થાય છે એમ નહીં, આવ્યું ’તું ? આહાહા ! જેને સ્વજ્ઞાન થવામાં ઉપદેશની પણ અપેક્ષા

નથી. આહાહાહા... છતાં દેશનાલબ્ધિ હોય છે, પણ એ હોવા છતાં સ્વના જ્ઞાન થવામાં તેની અપેક્ષા નથી. આહાહા ! આવું સ્વરૂપ છે.

અરે, તું કેવડો મોટો ? તારી પર્યાયમાં મોટપનો તો પાર નથી પ્રભુ, દ્રવ્યગુણની તો શું વાત કરવી ? એ તો મહાપ્રભુ આનંદનો ભંડાર, જ્ઞાનનો ભંડાર, શ્રદ્ધાનો ભંડાર, ઈશ્વરતાનો ભંડાર અનંત અનંત શક્તિનો તે ભંડાર પ્રભુ, પણ એવા અનંત શક્તિના ભંડારવાળું તત્ત્વ, એનું જ્ઞાન થતાં, આહાહાહા... ભાવેન્દ્રિયથી અગિયાર અંગનું જ્ઞાન થયું એ અજ્ઞાન અને સ્વના જ્ઞાયકના આશ્રયે જે જ્ઞાન થયું તે અનંતા જીવને જાણે એવું જ્ઞાન, આહાહાહા... કાને વાત પડવી મુશ્કેલ પડે એવી છે, બાપુ તારી મોટપની શી વાત કરવી તને એ વાત બેસતી નથી, પામર તરીકે માન્યો છે ને. આહાહા !

અહીંયા તો ભગવાન આત્મા જ્ઞાયક સ્વરૂપી પ્રભુ એકલો જ્ઞાયક સ્વભાવ ધ્રુવ ચૈતન્ય ઉસકા જ્ઞાન હોનેસે પરકી બાત યહાં નહીં, અહીં તો સ્વકા જ્ઞાન હોનેસે એ પર્યાયમેં પરકા જ્ઞાન સહજ હો જાતા હૈ. ઝીણી છે ભાઈ વાત, જીવ અધિકાર છે ને ! જીવ અધિકારની જ્ઞાનની પર્યાયનો અધિકાર, ધર્મ સમજયો, સમ્યગ્દર્શન પામ્યો, ભગવાન પૂર્ણાનંદના નાથને પ્રતીતમાં લિયા. આહાહા ! પૂર્ણાનંદનો નાથ ઈસકા જ્ઞાન હુઆ, એ જ્ઞાનકી પર્યાયકી આ બાત ચલતી હૈ. આહાહા ! જાણે કે અનંતા જીવો સિદ્ધો છે, એને જાણે કોળીયો કરી ગયો પ્રભુ, આહાહાહાહાહા ! એના જ્ઞાનનો પર્યાય એ સ્વના જ્ઞાનના લક્ષે વસ્તુના તત્ત્વના જેમાં જ્ઞાયકપણું ભર્યું છે, આહા... એને આશ્રયે લક્ષે જે જ્ઞાન સમ્યક્ થાય તે પર્યાયમાં અનંતા સિદ્ધો જણાઈ જાય છે. આહાહા ! એને જાણવા માટે ઉપયોગ જુદો મૂકવો પડતો નથી. સ્વને જાણવાનો ઉપયોગ થયો એમાં એને જાણવા માટે ઉપયોગ જુદો મૂકવો પડતો નથી. આહાહાહા ! જુઓ આ ભગવાન આત્માના જ્ઞાનની પર્યાય, એને સમ્યગ્જ્ઞાન કહીએ. આહાહાહા !

ભાઈ મારગ તો અલૌકિક છે, આહાહા... તારી ચીજ જ અલૌકિક છે, લોકોત્તર, લોકોત્તર આહાહા... અનંત જીવ, આયા ? એ સમસ્ત પરદ્રવ્ય, એ સમસ્ત પરદ્રવ્ય, અરિહંત પરદ્રવ્ય, સિદ્ધ પરદ્રવ્ય, સાધુ આચાર્ય પર દ્રવ્ય, એ મેરી ચીજ નહીં. આહાહાહા... તો આ વળી દીકરા દીકરી બાઈડી છોકરા મારા મૂંઢ હૈ, મોટો મૂરખ હૈ. ( શ્રોતાઃ- અન્ય જીવમાં બધા આવી ગયા ) બધા આવી ગયા, આહા ! ( શ્રોતાઃ- કોણ બાકી રહ્યું ) એ સ્ત્રીનો આત્મા, પુત્રનો આત્મા, એ સ્વનું જ્ઞાન થતાં એ જ્ઞાનમાં તેનું જ્ઞાન થયું તે જ્ઞાનની પર્યાયમાં તે જણાઇ ગયા. તે પોતાની પર્યાયમાંથી જણાઈ ગયા, એને લઈને નહીં. આહાહાહા ! આવું છે. આહાહાહા ! ( શ્રોતાઃ- આવું જાણવા જેવું છે ) આ વસ્તુ છે બાપુ. દુનિયા ક્યાંય અથડાઈને પડી છે, એક તો સંસારના પાપ આખો દિ'બાઈડી છોકરા ધંધા પાપ પાપને પાપ, હવે એમાં કલાક મળે ને સાંભળવા જાય ત્યાં તત્ત્વની વાતો ન મળે અને વિપરીત વાતો, આહાહાહા ! અપવાસ કરો, દર્શન ભગવાનના કરો, મૂર્તિ કરો, મૂર્તિ એક આટલી પણ સ્થાપે તો એના પુણ્યનો પાર નહીં, પણ એથી શું થયું ? એ ધર્મ કયાં આવ્યો એમાં ? આહાહા... એ જગતની મૂર્તિઓ જે અનંત મંદિરો, અરે ! ચૈતન્યની શાશ્વત પ્રતિમાઓ, એનું અહીં જ્ઞાન, સ્વનું જ્ઞાન થતાં તે પર્યાયમાં એનું જ્ઞાન આવી જાય છે. આહાહા ! એ એનું એટલે ? એના સંબંધીનું પોતાનું જ્ઞાન એને એ જણાઈ જાય છે. અરે આવી

વાતું હવે. સમજાણું કાંઈ ? ઝીણી છે. આમાં શાંતિભાઈ ! ત્યાં કલકત્તામાં કયાંય મળે એવું નથી. ત્યાં રખડવાનું છે ત્યાં બધું, પૈસા મળે એટલે જાણે, ઓહો ! એમાં પાંચ પચીસ લાખ ( શ્રોતાઃ– એ પૈસા જેને મળ્યા એને ) ધૂળેય પૈસા મળ્યા નથી એને. એની પાસે ક્યાં આવ્યા છે ? અહીં તો પૈસાનું, સમ્યગ્જ્ઞાન થતાં, પૈસાનું જ્ઞાન અહીં થાય છે.. પૈસા મળ્યા ઐસી માન્યતા મિથ્યાદૃષ્ટિ, પાખંડીકી હૈ, અજ્ઞાનીની છે,( શ્રોતાઃ– જ્ઞાન ન થાય ત્યાં સુધી તો મળ્યા કહેવાય ને ? ) એ મૂરખ માને છે.

જ્ઞાની 'જ્યાં' આત્મા સ્વરૂપે ભગવાન જ્ઞાનલોક એને લોકન્તે જોયો પ્રભુને, આહાહા ! અને જે જ્ઞાન પર્યાય પ્રગટ થઈ, તેમાં એ અનંતા પરમાણુ નોટો અને પૈસા ને હીરા ને માણેક એનું અહીંયા જ્ઞાન થાય છે, એ પર છે એનું અહીં જ્ઞાન પોતાથી થાય છે. આહાહાહા ! ( શ્રોતાઃ– એમાંથી આવે કેટલાક અમારી પાસે ) ધૂળેય નથી આવતા એની પાસે, કોણ એની પાસે ક્યાં આવે છે. એની પાસે તો પૈસા મને આવ્યા એવી મમતા એની પાસે આવી. ધૂળ ક્યાં આવી ? ધૂળ તો ધૂળ છે, એ ક્યાં આત્મામાં આવે છે. આહાહા ! આવી વાતું છે બાપુ ! વીતરાગ મારગ, સર્વજ્ઞ ત્રણ લોકના નાથ જિનેશ્વરદેવનો પંથ કોઇ જુદી જાતનો છે, દુનિયા હારે કાંઈ મેળ ખાય એવું નથી. અત્યારે તો સંપ્રદાય હારે મેળ ખાય એવું નથી, આહા... આકરી વાત છે પ્રભુ ! બીજાને દુઃખ લાગે માટે આ વાત નથી. ભાઈ તારો સુધારો આ રીતે માન્યું છે તે રીતે નહીં સુધરી શકે ભાઈ, વ્રત પાળ્યા છે ને શાસ્ત્રના જ્ઞાન કર્યાં છે ને ? એ જ્ઞાન વ્રત પાળ્યા એ ચારિત્ર, આહાહા... અને અમે આત્માની શ્રદ્ધા કરીએ ખંડખંડ જ્ઞાનની, અખંડ જ્ઞાન છે એની તો ક્યાં ખબર છે, ખંડખંડ જ્ઞાનની શ્રદ્ધા છે, તે મિથ્યાત્વ છે ભાઈ, એ મિથ્યાત્વ છે, એ અજ્ઞાન છે, એ મિથ્યા આચરણ છે. એને તારે ધર્મ મનાવવો છે તારે ? અને બીજાને ધર્મ મનાવવો છે એ રીતે ? પ્રભુ બહુ જવાબદારી આકરી છે નાથ. આહાહા ! એ આકરા દુઃખ નહીં સહ્યા જાય ભાઈ. આહાહાહા !

આંહી તો પ્રભુ કુંદકુંદાચાર્ય ત્રિલોકનાથ સર્વજ્ઞદેવની વાણી એને પ્રવચન પોતાની વાણી દ્વારા વાત કરતે હૈ, આહાહાહા ! એ એમ કહેતે હૈ કે, આ વાણી મારી નહીં, વાણીકા મેરી પર્યાયમેં મેરા જ્ઞાન હુઆ ત્યાં વાણીકા જ્ઞાન હુઆ, બસ ઇતના. આહાહાહા ! અરે રાગ આયા, તો રાગ મેરા નહીં પણ રાગકા જ્ઞાન ભી રાગ હૈ તો હુઆ ઐસા નહીં, મેરી જ્ઞાનકી પર્યાયકી તાકાત ઇતની હૈ, કે સ્વકો જાનનેવાલા જ્ઞાન રાગ આદિ અનંત અનંત પદાર્થોકો જાણે એ મૈં હું. આહાહાહા ! આહાહાહા ! દયા દાનના વિકલ્પ એ રાગ હૈ એ પણ મેરા નહીં, ઔર મેરી જ્ઞાનકી પર્યાયમેં ઉસકા જ્ઞાન, એ હૈ તો હોતા હૈ ઐસા હી નહીં. આહાહાહા !

ભગવાન આત્મા જ્ઞાયક ચૈતન્ય જ્યોત, ઝળહળ જ્યોતિ પ્રભુ, ઉસકા જ્ઞાન જ્ઞેય બનાકર જ્યાં હુઆ તો સ્વ પર્યાયમેં પરજ્ઞેય તો સહજ જાનનેમેં આતા હૈ ઐસા પર્યાયકા સ્વભાવ હૈ. આહાહાહા... એ પરદ્રવ્ય કે સમીપમેં જાના નહીં ( પડતા ) પરકા જ્ઞાન અરિહંત અનંતા સિદ્ધો થયા ઉસકા જ્ઞાન ઉસકી પાસ ગયે બિના, ઔર વો જ્ઞેય યહાં આયે બિના, નજીક જ્ઞેય હૈ તો જ્ઞાન હોતા હૈ, ઔર દૂર જ્ઞેય હૈ તો નહીં હોતા હૈ, ઐસા હૈ નહીં. અહીં તો નજીકમેં હો કર્મના રજકણો અને દૂર હો અનંત આકાશના પ્રદેશ. આહાહાહા... અને એક એક પ્રદેશમેં અનંત ગુણના અંશ

હૈ, આહાહા... અનંત અનંત પ્રદેશમેં સારા અનંત ગુણ હૈ આકાશ. ઉસકે ભી આ સ્વભગવાન આત્મા સ્વકા જ્ઞાન હુઆ, એ જ્ઞાનકી પર્યાયમેં એ પરજ્ઞેય જાનનેમેં આ જાતા હૈ, બસ. આહાહાહા ! આવું છે.

ત્રણલોકના નાથ તીર્થંકરદેવ, જૈન પરમેશ્વર એમ ફરમાતે હૈ. સમજમેં આયા ? ( શ્રોતાઃ- જૈન પરમેશ્વર છે બીજા અજૈન પરમેશ્વર છે ) અજૈન લોકો માને છે ને બીજા અમે પરમેશ્વર છીએ ને અમે, આહાહા... બ્રહ્મા, વિષ્ણુ ને મહેશ ને અમે કર્તા છીએ, ધૂળેય નથી. આહાહાહા ! આહા ! પોતે જ બ્રહ્મા, વિષ્ણુ ને મહેશ ભગવાન આત્મા, આહાહાહા ! જેની પર્યાયની ઉત્પત્તિ એ બ્રહ્મા, વ્યયનો નાશ તે શંકર, ધ્રુવ રહ્યા તે વિષ્ણુ. એવો જે આ ચૈતન્ય ભગવાન જેને ત્રણ કાળ અને ત્રણલોકને એક સમયમાં ગ્રાસી જાય એવી પર્યાયની તાકાત છે ભગવાનની આહાહા... એને આત્મા જાણ્યો કહેવાય, આહાહાહા... એને સમ્યગ્દષ્ટિ અને સમ્યગ્જ્ઞાની કહેવાય પ્રભુ આવી વાતું છે ભાઈ. આહાહાહા ! હસમુખભાઈ નથી આવ્યા ને ? નથી આવ્યા. કાલે આવ્યા'તા એને રસ છે પણ ભાવનગર રહી જાય છે ને. આહાહાહા !

પરદ્રવ્ય મેરે સંબંધી નહીં, હૈ ? એ સિદ્ધોને ને મારે કાંઈ સંબંધ નહીં કહે છે. આહાહા ! અરિહંત ભગવાન થયા એને ને મારે કોઈ સંબંધ નથી એ તો પરદ્રવ્ય છે, ગુરુને અને મારે કાંઈ સંબંધ નહીં તે તો પરદ્રવ્ય હૈ. આહાહા... આકરી વાત છે ભાઈ !

વીતરાગ પરમેશ્વર જિનેશ્વરનું જ્ઞાન એમણે કહેલો મારગ, કોઈ અલૌકિક હૈ. ભાઈ ! અરે એને જાણ્યા વિના ચોર્યાસીના અવતાર કરી રહ્યો છે. આહાહા ! જુઓ ને આ શરીરમાં વાય થાય, આહાહાહા... આહાહા... જડ, જડ છે આ તો, રોગ છે એ જડ છે, આ આત્માને એકવાર એની ઉપર દૃષ્ટિ હોય છે ને, હલાવી નાખે. આહાહા ! અરે રે મને આ થયું, અરે રે મને આ થયું, પણ બાપુ મને એટલે શું ! તું તો આત્મા છો, એમાં આ થયું એ તને ક્યાં થયું ? તેરે કયા હુઆ હૈ, આહાહાહા... આવો ઉપદેશ પ્રભુ ત્રણલોકના નાથનું જિનેશ્વરદેવનું આ કથન છે ભાઈ. જૈનમાં જન્મ્યા એને એની ખબરું ન મળે. વાડામાં જન્મ્યા અમે જૈન, પણ જૈનપણું શું છે ઉસકી ખબર નહીં. આહાહા...

જૈન તો ઈસકો કહીએ, આહાહા... કે જિનસ્વરૂપી ભગવાન આત્મા પૂરણ સ્વરૂપ ઉસકા લક્ષ કરકે, દૃષ્ટિ કરકે, જો સમ્યગ્દર્શન હુઆ, ઉસકો જૈન કહતે હૈ, એ જૈનની પર્યાયમાં ઈતની તાકાત હૈ. આહાહા ! અનંતા જીવો અંદર જાણે પેસી ગયા હોય છતાં મેરા નહીં. ત્યાં સુધી તો કાલે આવ્યું'તું હવે કાલે વાત.

( શ્રોતાઃ- પ્રમાણ વચન ગુરુદેવ )

## પ્રવચન નં. ૧૦૭ ગાથા - ૩૭ શ્લોક - ૩૧

**તા. ૧૩-૧૦-૭૮ શુક્રવાર આસો સુદ-૧૨ સં. ૨૫૦૪**

સમયસાર સાડત્રીસમી ગાથા ચાલે છે. અહીં સુધી આવ્યું છે. આ જગતમાં, એવી રીતે આત્મામાં પ્રકાશમાન છે, આત્મામાં અનંત પરદ્રવ્યો પ્રકાશમાન છે, જાણવામાં આવે છે એવા

આ ધર્મ, અધર્મ, આકાશ, કાળ, પદ્‌ગલ, અન્ય જીવો એ સર્વ પરદ્રવ્યો મારા સંબંધી નથી. મારા જ્ઞાનમાં એ અનંત અનંત પરમાણુઓ, અનંત જીવો જાણવામાં આવે, છતાં એ મારે ને એને કાંઈ સંબંધ નથી. ( શ્રોતાઃ– જાણવામાં આવે એટલો સંબંધ તો થયો ને ? ) જાણવામાં આવ્યું છે એ પોતાનું સ્વરૂપ. પણ એને જાણવામાં આવ્યું એ વ્યવહાર કહ્યો. ( શ્રોતાઃ– એય વ્યવહાર છે ) જ્ઞેય જ્ઞાયક સંબંધ એ વ્યવહાર છે. ( શ્રોતાઃ– વ્યવહાર સંબંધ તો ખરો ને ? ) વ્યવહાર એટલે ? નિમિત્ત છે સામે એટલું. વ્યવહાર એટલે શું ? જાણવામાં પોતાથી જાણ્યું છે. જ્ઞાનના સ્વભાવમાં સ્વપરપ્રકાશના સામર્થ્યથી પ્રકાશમાન બધા દ્રવ્યો જાણ્યાં. પણ એ પોતાની સ્વ–શક્તિથી જાણે છે. એને પરને જાણ્યાં એમ કહેવું એમ વ્યવહાર છે. નિમિત્ત–નિમિત્ત સંબંધ એટલો બતાવ્યો.

છતાં આહાહાહા... મારો ભગવાન આત્મા જ્ઞાયક સ્વભાવ એની સાથે એને કાંઈ સંબંધ નથી. “ કારણ ” ત્યાં સુધી તો આવ્યું ’તું કાલે. ઝીણી વાત છે પ્રભુ. ઓહોહોહો ! એકેક પરમાણુમાં અનંત અનંત ગુણ જેનું માપ નહીં, એવા અનંત અનંત પરમાણુઓ, એકેક આત્મામાં અનંત અનંત ગુણ જેનો અંત નહીં. આહાહાહા ! એવા અનંત આત્માઓ અને અનંત પરમાણુઓ મારા જ્ઞાનમાં જણાય છે, જણાય છે. આહાહાહા ! ( શ્રોતાઃ– એ જણાય છે કે એ સંબંધીનું પોતાનું જ્ઞાન જણાય છે. ) એ જાણે છે એમ કહેવું છે ને અત્યારે તો ! જાણે છે પોતાની પર્યાય પણ ઈ એ જણાય છે જણાય છે એમ. આહાહાહા ! કેટલા પણ પદાર્થ એમ, ભાઈ ઝીણી વાત છે ભાષાએ પાર પડે એવું નથી. એવી વસ્તુ એવી છે. આહા !

ભગવાન આત્મા એની જ્ઞાનની પર્યાયમાં અનંત, અનંત અહીંયા અંગુળના અસંખ્ય ભાગ અહીં લ્યો તો એમાં અનંત આત્મા છે અને અનંતા સ્કંધો છે. અનંતા તેજસ ને કાર્મણ શરીર છે. આહાહાહા ! એવો આખો લોક ભર્યો છે. છતાં મારા જ્ઞાનમાં એ પ્રકાશમાન જણાય છે. આ છે એમ જણાય છે એટલું. બાકી મારે ને એને કાંઈ સંબંધ નથી. આહાહા ! સ્ત્રી કુટુંબ ને પરિવાર જ્ઞાની એમ જાણે છે કે મારા જ્ઞાનમાં એ છે એમ જણાય છે, મારાં છે એમ નહીં. આહાહાહા ! દેવ ગુરુ ને શાસ્ત્ર, દેવ અનંત સિદ્ધો, લાખો અરિહંતો, કરોડો આદિ આચાર્ય, ઉપાધ્યાય, સાધુઓ એ બધા પરદ્રવ્યમાં અનંત અનંત ગુણ સહિત એવા અનંતા આત્માઓ અને અનંત રજકણો, મારા પ્રકાશમાનમાં પ્રકાશે છે. બાકી મારે અને એને કાંઇ સંબંધ છે નહીં. આહાહાહા ! આખિરની ગાથા છે ને ?

( શ્રોતાઃ– ધર્માસ્તિકાય ને અધર્માસ્તિકાય એને પહેલા કેમ લીધા ) ચાર નામ આપ્યા. છ દ્રવ્યને બધે ઠેકાણે એમ આવે છે ને ? ધર્માસ્તિથી આદિથી છ નામ આવે ત્યારે આ પ્રમાણે જ શાસ્ત્રમાં આવે. ગતિમાં નિમિત્ત, સ્થિરતામાં નિમિત્ત અધર્માસ્તિ, કાળ, આકાશ, આકાશના એક પ્રદેશમાં અનંતા આત્માઓ અને અનંતા રજકણો છે, એ સૂક્ષ્મ થઇને આવે તો એક પ્રદેશમાં સમાઈ જાય. એટલી તો આકાશના એક પ્રદેશની અવગાહન શક્તિ છે. આહાહાહા... ઝીણી વાતું બાપુ ! વીતરાગ માર્ગ બહુ ઝીણો છે. આહાહા ! એક આકાશના પ્રદેશમાં આ અહીંથી જે અંગૂલ અહીં અસંખ્ય અનંત આત્માઓ અને અનંત રજકણો છે એવો આખો લોક ભર્યો છે, એ જો સૂક્ષ્મ થઈને એક પ્રદેશમાં આવે તો સમાઈ જાય એવી એક પ્રદેશની અવગાહન શક્તિ છે.

એમ એક કાળાણુંની એટલી શક્તિ છે કે અનંત પુદ્‌ગલો જો એ સ્થાનમાં આવે જીવો તો

બધાને પરિણમનમાં નિમિત્ત થાય એવી તાકાત છે. ધર્માસ્તિકાયના એકેક પ્રદેશમાં એટલી તાકાત છે કે અનંતા આત્મા અને પરમાણુ એ સમયે ગતિ થાય તો એમાં નિમિત્તપણું થાય એવી એની તાકાત છે. અધર્માસ્તિકાયના એકેક પ્રદેશમાં એવી તાકાત છે કે અનંત આત્માઓ અને અનંત પરમાણુ તે સ્થાને ગતિ કરીને સ્થિર થાય તો તેમાં નિમિત્તની શક્તિ અનંતની છે. ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ અને કાળ, એક પરમાણુમાં એવી તાકાત છે કે અનંતા અનંતા ગુણો જેમાં પાર નથી, માપ નથી કે આ ગુણ આ વર્ણ ગંધ રસ સ્પર્શ કરતા કરતા કરતા કરતા આ આ આ છેલ્લો ગુણ, એ આટલું જ દ્રવ્ય છે એમ ન જુઓ, એ જડ સ્વભાવી વસ્તુ છે. કે જેના અંતરમાં અનંત અનંત અનંત અનંત અનંત અનંત અનંતના અનંત ગુણા ગુણો તોપણ પાર ન આવે એક પરમાણુમાં એટલા ગુણોનો સ્વભાવ છે ને એટલી એની પર્યાય છે. આહાહાહા ! એવા અનંતા આત્માઓ અને અનંત રજકણો એના અનંત ગુણો એની અનંતી પર્યાયો, ભગવાન આત્મા એમ જાણે છે, પર્યાયમાં હોં, જાણે છે તો પર્યાયમાં ને ? કે આ બધી ચીજો મારામાં પ્રકાશમાન થાય, જણાય. હું તો જાણનારો છું. છે ? આહા ! મારે કાંઈ સંબંધ નથી એની સાથે. આહાહાહા ! કેટલી ગહરી ગહરી શક્તિ જગતની. આહાહાહા ! એને આત્મા એમ જાણે, કે મારી જ્ઞાનની પર્યાયમાં એક ગુણની એક પર્યાયમાં, આહાહાહાહાહા... એ બધા અનંતાઓ પ્રકાશમાન થાય છે એવો મારો સ્વભાવ છે. આહાહાહા !

એવી એક સમયની જ્ઞાનની પર્યાયની આટલી તાકાત ! એવી એવી અનંતી પર્યાયમાં એટલી જ બધી તાકાત !! આહાહા... એવી બધી પર્યાયનો જાણનાર મારી પર્યાય, એ એમ જાણે છે કે, “ટંકોત્કીર્ણ એક જ્ઞાયકસ્વભાવપણાથી પરમાર્થે અંતરંગતત્ત્વ તો હું છું”. જાણે છે વર્તમાન પર્યાય, એ પર્યાય એમ જાણે છે કે, પ્રગટ પર્યાય કે ટંકોત્કીર્ણ એવો ને એવો ચૈતન્ય સ્વભાવ એક જ્ઞાયક સ્વભાવ, એક જ્ઞાયક સ્વભાવ, પર્યાયો ભલે અનેક હો, ગુણ અનેક હો, પણ વસ્તુ છે એ તો એકરૂપ જ્ઞાયકભાવ, એક જ્ઞાયક સ્વભાવભાવ, સ્વભાવપણાથી પરમાર્થે અંતરંગ તત્ત્વ તો હું છું. આહાહાહા... એ પર્યાય એમ જાણે છે કે હું અંતરંગ તત્વ તો આ પર્યાયમાં જે બધું જણાય છે એની જાણનારની મારી પર્યાયમાં પ્રકાશમાન છે. એવી પર્યાય એમ જાણે છે કે હું તો ટંકોત્કીર્ણ જ્ઞાયકભાવ અંતરંગ તત્વ છું. આહાહા ! એ બધા જણાય છે એક પરની (પરલક્ષી) પર્યાયમાં એટલોય હું નહીં. આહાહાહા ! ભાઈ વીતરાગ માર્ગ બહુ સૂક્ષ્મ છે. આહાહાહા !

એ જ્ઞાન પર્યાય આવા અનંતા દ્રવ્યોને એક સમયમાં એના ગુણોને પ્રકાશવામાં, પોતાથી પ્રકાશવામાં સમર્થ છે, એ પર્યાય એમ કહે છે, આહાહા... કે હું તો એક જ્ઞાયક સ્વભાવપણાથી, મારો તો ત્રિકાળી જ્ઞાયક સ્વભાવ ભરેલો છે, એક સમયની પર્યાય જેટલો નહીં. આહાહાહા ! (શ્રોતાઃ- એકલો જ્ઞાયક સ્વભાવ કહે કે અનંત ગુણ ભેગા આવી જાય છે.) એક જ્ઞાયક સ્વભાવ કહેતાં જ અનંતા ગુણો, પણ અહીં જ્ઞાનની પ્રધાનતાથી વર્ણન લેવું છે ને ? કેમ કે જ્ઞાન પર્યાય જાણે છે ને એટલે જ્ઞાયકભાવ જ્ઞાનસ્વભાવ છે એમ લેવું છે, બાકી તો અનંતા સ્વભાવ છે. પણ અનંત સ્વભાવને જાણનારું જ્ઞાન છે ને ? અને જ્ઞાનની પ્રધાનતા છે ને ? બીજા છે એની એને ખબર નથી. બીજા અનંત ગુણો છે એ ગુણને ગુણની ખબર નથી. (શ્રોતાઃ- એ ક્યાં જરૂર છે

ગુણને પોતાને ગુણ કહેવો ઈ ) આહાહા. એ જ્ઞાયક સ્વભાવ છે તે જ્ઞાનને એના સ્વભાવની ખબર છે. આહાહાહા !

એક જ્ઞાયક સ્વભાવપણાથી પરમાર્થે, ખરેખર અંતરંગ તત્ત્વ એટલે કે ઓલી પર્યાયમાં બધું પ્રકાશે છે, એટલોય હું નહીં, હું તો પરમાર્થે અંતરંગ તત્ત્વ આખું. આહાહાહાહા... ( શ્રોતાઃ– ઘણું ચોખ્ખું ) ઝીણી વાત છે ભાઈ, આહાહા ! સમ્યગ્દર્શનનો વિષય એ અખંડ જ્ઞાયકભાવ ત્રિકાળ. આહાહા ! એક જ્ઞાયક સ્વભાવપણું, જ્ઞાયક સ્વભાવ છે, એ એનાથી ખરેખર અંતરંગ તત્ત્વ તો હું છું. એમ જ્ઞાનની વર્તમાન પર્યાય એમ જાણે ને નિર્ણય કરે છે. આહાહાહા ! સમજાય છે કાંઈ ? ઝીણું પડે પણ પ્રભુ આ જાણ્યે જ છૂટકો ભાઈ. ભવ ભ્રમણના આંટા કરી કરીને મરી ગયો છે. ન્યાં કોઈની સફારશ કામ કરતી નથી. આહાહાહા... એવો જે આ ભગવાન, એક સમયમાં અનંતા અનંતા દ્રવ્યો અને એકેક દ્રવ્યના અનંતા ગુણો, જેનો પાર નહીં, એ બધા મારી પર્યાયમાં પ્રકાશમાન થાય છે. મારી પર્યાય એને બરાબર જાણે છે, એમ કહે છે. છતાં પર્યાય એમ કહે છે, કે ખરેખર તો હું અંતરંગ તત્ત્વ જ્ઞાયક સ્વભાવપણે હું એક છું. આહાહા... સમજાણું કાંઈ ? આહાહાહા !

( શ્રોતાઃ– પર્યાય અંતરંગ તત્ત્વથી જુદી નહીં ? ) પર્યાય નિર્ણય કરે છે અંતરંગ તત્ત્વ જ્ઞાયકભાવ આખો, આખું, આ પર્યાય એમ નિર્ણય કરે છે કે હું અંતરંગ પરમાત્મ તત્ત્વ જ્ઞાયકભાવ તે હું છું. જ્ઞાયક તત્ત્વ જે જ્ઞાયક ધ્રુવ છે એ ક્યાં નિર્ણય કરે છે ? નિર્ણય કરવો છે એ તો પર્યાયમાં છે. આ તો ખૂબી તો એ છે કે, આ ગાથાઓ તો બધી અલૌકિક ગાથાઓ છે. આહાહા !

અહીંયા તો અનંત અનંત અનંત દ્રવ્યો ને એના અનંત અનંત અનંત ગુણો, મારી પ્રગટ પર્યાયમાં પ્રકાશમાન છે. પણ મારે ને એને કાંઈ સંબંધ નથી. એવી જે પર્યાય એક સમયની જ્ઞાનની, એવી એવી અનંતી પર્યાયો શક્તિવાળી છે, કેમકે એક સમયમાં જ્ઞાનની છે, એવી શ્રદ્ધાની, સ્થિરતાની, એવી આદિ વીર્યની એવી અનંતી તાકાતવાળી ( પર્યાયો ) છે. પણ આ જ્ઞાનની પર્યાય, એને જાણવું છે ને, આહાહાહા ! મારો પ્રભુ તો અંદર અંતરંગ તત્ત્વ તે હું એક છું. આવા બધા પર્યાયોના અનંત ભેદો કે ગુણભેદો એ નહીં, હું તો એક છું. આહાહાહા... ઝીણું છે પ્રભુ, અત્યારે આ ચાલતું નથી એટલે લોકોને બીજું લાગે, આ મૂળ ચીજ છે આ, અને આ મૂળ ચીજ જાણ્યા વિના એને સમ્યગ્દર્શન થાય નહીં અને એનું આગળ વધવાનું ચારિત્ર આદિ હોઈ શકે નહીં. આહા !

કેમકે ટંકોત્કીર્ણ એવો ને એવો જાણે અંદર ભગવાન આમ, અદબદનાથ છે ને અહીં પાલીતાણે મૂળમાંથી ટાંકણેથી ખોદી ખોદીને અંદરથી કાઢ્યું છે આ એમ આ હું તો અંદરમાં ટંકોત્કીર્ણ, એટલે આખો અખંડાનંદ પ્રભુ, જ્ઞાયક સ્વભાવપણાને લીધે, આને કારણે હું પરમાર્થે અંતરંગ તત્ત્વ તે હું છું. આહાહાહા ! પરમાર્થે અંતરંગતત્ત્વ તો હું છું.

અને તે પરદ્રવ્યો, અનંત સિદ્ધો, અનંત જીવો નિગોદના, અનંત પરમાણુઓ, આકાશ, ધર્માસ્તિ, અધર્માસ્તિ, કાળાણુ મારા સ્વભાવથી ભિન્ન, મારા સ્વભાવથી ભિન્ન, એ સિદ્ધો પણ મારા સ્વભાવથી ભિન્ન. આહાહાહા... મારો સ્વભાવ છે એનાથી સિદ્ધો અનંત, પણ મારા

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


સ્વભાવથી તે ભિન્ન છે. આહાહાહા ! એ પરદ્રવ્યો મારા સ્વભાવથી ભિન્ન, જુદા સ્વભાવવાળા હોવાથી, મારા સ્વભાવથી ભિન્ન પણ સ્વભાવવાળા હોવાથી, આહા... મારા સ્વભાવથી ભિન્ન સ્વભાવવાળા છે, એ છે તો ભિન્ન સ્વભાવવાળા, પણ મારા સ્વભાવથી ભિન્ન સ્વભાવવાળા છે. પરમાણુઓ, સિદ્ધો, અરિહંતો, અનંત નિગોદના જીવો, અનંત પરમાણુના સ્કંધો અચેત મહા-સ્કંધ આખો એક છે તે, મારા સ્વભાવથી ભિન્ન સ્વભાવવાળા છે. આહાહાહાહા !

પરમાર્થે જેમ અંતરંગતત્ત્વ હું છું. એમ પરમાર્થે બાહ્ય તત્ત્વપણાને છોડવા અસમર્થ છે. આહાહાહાહા ! જેમ હું જ્ઞાયકભાવ એકરૂપ પરમાર્થે અંતરંગ તત્ત્વ છું. આહાહાહા... જેની દૃષ્ટિનો વિષય જે જ્ઞાયક ત્રિકાળ તે હું છું. અને મારા સ્વભાવથી આ બધા ભિન્ન સ્વભાવવાળા, એ પણ પરમાર્થે બાહ્યપણાને છોડવાને અસમર્થ છે. આહાહા ! સમજાય છે કાંઈ ? આહાહાહા... અમૃત રેડયા છે સંતોએ, દિગંબર મુનિઓએ તો, આહાહા... અમૃતના ધોધના ધોધ વહેવરાવ્યા છે. આહાહાહા ! ભગવાન ! તારી એક સમયની જ્ઞાનની એક ગુણની એક પર્યાયમાં આટલાં આટલાં, અનંતા ભિન્ન સ્વભાવવાળા, તારા સ્વભાવથી ભિન્ન સ્વભાવવાળા પ્રકાશે, છતાંય તું એમ કહે કે હું તો એટલોય નહીં, હું તો અંતરંગ જ્ઞાયકભાવ ત્રિકાળ જ્ઞાયકભાવ તે હું પરમાર્થે તત્ત્વ છું. આહાહાહા ! સમજાય એટલું સમજવું પ્રભુ આ તો પાર ન મળે ભાઈ. આહાહા !

એ પરદ્રવ્યો મારા સ્વભાવથી ભિન્ન સ્વભાવવાળા. આહાહાહા ! એ સિદ્ધો પણ મારા સ્વભાવથી ભિન્ન સ્વભાવવાળા, આ સ્વભાવ ત્યાં નથી ને, આહાહાહા... હોવાથી પરમાર્થે, પરમાર્થે ઓલામાંય આવ્યું'તું, પરમાર્થે અંતરંગતત્ત્વ તે જ્ઞાયકભાવ તે હું છું. પરમાર્થે બાહ્ય તત્ત્વપણાને છોડવા અસમર્થ છે એટલે કે મારે જ્ઞાન પર્યાયમાં એ ભિન્ન સ્વભાવવાળા પ્રકાશે પણ છતાં એ જ્ઞેયપણું છોડતાં નથી અને જ્ઞેયપણું છોડીને મારી પર્યાયમાં આવી જતા નથી. આહાહાહા ! કેમકે પોતાના સ્વભાવનો અભાવ કરીને જ્ઞાનમાં પેસતા નથી. એટલે શું ? કેમ કહ્યું, આ ? કે મારા પ્રભુની પર્યાયમાં જ્ઞાન પ્રકાશમાં આ બધા પ્રકાશે, છતાં તે પ્રકાશમાં જ્ઞેયો મારી જ્ઞાનની પર્યાયમાં આવતા નથી. આહા ! એનામાં રહીને મારા જ્ઞાનની પર્યાયમાં પ્રકાશે છે. મારામાં આવીને પ્રકાશે છે એમ નથી. આહાહાહા ! એ મારા સ્વભાવથી ભિન્ન સ્વભાવવાળા હો, પરમાર્થે તે બાહ્યપણાને મારી પર્યાયમાં તેનું જાણવું થાય છે, તેથી તે બાહ્યપણું છોડીને મારામાં આવે છે, એમ. નથી. બાહ્યપણે બાહ્યપણે રહીને મારી પર્યાય તેને પ્રકાશે છે. આહાહાહાહા ! "કેમકે પોતાના સ્વભાવનો અભાવ કરીને જ્ઞાનમાં પેસતા નથી". આહાહાહા !

મારા પર્યાયમાં પ્રકાશે છે એથી એ સ્વભાવ છોડીને અહીંયા આવી જાય છે ( એમ નથી ) આહાહાહા ! શું ટીકા તે ટીકા ! ગજબ વાત ! આવી ટીકા ભરતક્ષેત્રમાં છે નહીં બીજે બાપુ. આહાહા.

પરમાર્થે એક, આહાહા ! ઓલું અહીંયા કીધું 'તું અસમર્થ છે. "વળી અહીં સ્વયમેવ નિત્ય ઉપયુક્ત એવો" સ્વયમેવ નિત્ય ઉપયોગ, પોતાના કારણે સ્વયમેવ નિત્ય ઉપયોગ. એ ચીજો જણાય છે માટે એને કારણે અહીં શુદ્ધ ઉપયોગ થયો છે, એમ નથી. આહાહાહાહા ! આહા... ભાગ્યવાનને કાને પડે એવી વાતું છે આ. આહાહા પ્રભુ ! આહાહા ! અહીં સ્વયમેવ ચૈતન્યમાં નિત્ય ઉપયોગ એવો, એ જાણવાનો નિત્ય ઉપયોગ, કાયમી ઉપયોગ અને પર્યાયમાં પણ,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

જ્ઞાનમાં પેસતા નથી. મારા ઉપયોગમાં એ આવતા નથી. આવી જતાં નથી. એના સંબંધીનું મારું જ્ઞાન મારામાં આવે છે. પણ એ ચીજ આવતી નથી. એ ચીજ તો એની સત્તામાં રહેલું એનું અસ્તિત્વ ત્યાં રહે છે. આહાહા ! સમજાણું કાંઈ ? અરેરે ! આહાહા ! આવું તત્ત્વ હવે સાધારણ જ્યાં જાણીને અભિમાન થઇ જાય એને, આહાહા... મને આવડે છે બાપુ. એ વાતું બહુ આકરી છે ભાઈ. શાસ્ત્રના કંઈ જાણપણા થાય અને આવડતના અંદર અભિમાન થઇ જાય. આહાહા... ( શ્રોતાઃ– અટકી જવાય છે ) અટકી ગયો, અટકી ગયો અટકી જાય છે ભાઈ – આહાહા... એ તો શાસ્ત્રનું જ્ઞાન એ ખંડખંડ જ્ઞાન, આ તો ભગવાન અખંડ વસ્તુ, જેના તરફથી થયેલું જ્ઞાન તે જ્ઞાનમાં બધા જણાય, છતાં તે અહીં આવે નહીં, અને એ પર્યાય પરમાર્થે અંતરંગતત્ત્વથી ભિન્ન છું, અને પરમાર્થે બાહ્ય તત્ત્વથી તે તેના સ્વભાવને છોડયા વિના તે ભિન્ન છે. આહાહાહાહા ! ક્યાં ગયા છોટાભાઈ ! આવી વાતું છે આ બધી – કલકત્તામાં પૈસાના દરેડા થાય પાપના. આહાહા ! ( શ્રોતાઃ– પ્રથમ પાપનો ઉદય છે એકલું પાપ જ છે ) આહાહા ! આમ પૈસા મળે ત્યાં રાજી રાજી થઇ જાય અરે ભગવાન ત્રણકાળનો નાથ તું આટલામાં રાજી થયો શું થયું તને પ્રભુ !

તારી પર્યાયમાં અનંતા જણાય, અને તે પર્યાય એમ કહે કે હું તો અંતરંગતત્ત્વ અખંડ આનંદ છું તેને ઠેકાણે ન્યાં રાજી ન થતાં, અહીં રાજી થા છો. આહાહાહાહા !

'વળી સ્વયમેવ નિત્ય ઉપયોગયુક્ત' કાયમ ઉપયોગ મારો ત્રિકાળી સ્વભાવ છે. આહાહા ! અને 'પરમાર્થે એક, આહાહાહા... અનાકુળ આત્માને અનુભવતો ભગવાન' આહાહાહા ! ઓલું તો પ્રકાશત્વ અંતરંગતત્ત્વ એક છું. પણ હવે હું તો મારી પર્યાયમાં અનાકુળ આનંદને અનુભવતો એમ કહે છે. આહાહા ! પરમાર્થે, એક અનાકુળ આત્માને અનુભવતો, આહાહાહાહા... આનંદ સ્વરૂપી આત્માને હું વેદતો અનુભવતો, આહાહાહાહા... એવો ભગવાન આત્મા જાણે છે કે, આહાહા... પાઠમાં ઉપયોગ છે. "ઉપયોગ એવ અહમેક્કો" એટલે એક અર્થ કર્યો 'તો ને નીચે, ઉપયોગ જાણે છે – ટીકામાં આમ દ્રવ્ય લીધું એટલે બીજો અર્થ કરવો પડયો. ધર્મી એમ કહે છે, કે મારી પર્યાયમાં અનંતા અનંતા પ્રકાશે છે, છતાં તેનો સ્વભાવ તે છોડતા નથી અને હું તે પ્રકાશે છે તેટલી પર્યાયવાળો નથી. આહાહાહા ! હું તો અંતરંગતત્ત્વ જ્ઞાયકભાવ સ્વભાવવાળો છું અને તે મારી પર્યાયમાં પ્રકાશે છે, એની સાથે હું અનાકુળ આનંદના અનુભવને અનુભવું છું. આહાહાહા ! એ બધા પ્રકાશે છે માટે ત્યાં આકુળતા થાય ( એમ નથી. ) આહાહાહા ! જ્ઞાનનો સ્વભાવ વર્ણવ્યો, ભેગો આનંદનો વર્ણવે છે હારે જ્યાં હોય ત્યાં જ્ઞાન ને આનંદ બે મૂકે. કે મારો પ્રભુ મારી પર્યાયમાં અનંતા દ્રવ્યના સ્વભાવને એને અડયા વિના જાણે છે, એના સ્વભાવને છોડતા નથી. છતાં હું એ પર્યાય જેટલો નથી, હું તો અંતરંગ પૂર્ણાનંદ જ્ઞાયકભાવ છું, એને લઇને જેમ પ્રકાશમાં અનંતાને પ્રકાશું છું મારી પર્યાયના બળથી, એમ મારા આનંદની પર્યાયથી હું મારા આત્માને અનાકુળ અનુભવું છું. આહાહાહા !

સ્વયમેવ નિત્ય ઉપયોગ એવો આ પરમાર્થે એક અનાકુળ આત્માને અનુભવતો થકો, આહાહાહા... એવો ભગવાન આત્મા જ જાણે છે. આહાહા... એટલે કે એ જાણે છે એ અનાકુળતા આનંદને અનુભવતો જાણે છે, જાણતાં એને દુઃખ થાય છે કે આકુળતા છે કે વિકલ્પ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


છે. આહાહાહા... એવું નથી.

એ જ્ઞાયકભાવ અંતરંગતત્ત્વ તે હું છું અને પર્યાયમાં આ બધું પ્રકાશે છે તે પર્યાય જેટલો હું નથી. એટલો તો પ્રકાશું છું પણ એની સાથે મારો ભગવાન અનાકુળ આનંદસ્વરૂપ છે તેથી વર્તમાનમાં પણ હું અનાકુળ આનંદને અનુભવું છું. એવો જે ભગવાન આત્મા, આહાહાહા... એ જાણે છે કે, અનાકુળ આત્માને અનુભવતો એવો ભગવાન આત્મા જ જાણે છે કે, આહાહાહા... સમજાણું કાંઈ ? આહાહાહા !

ધન્ય ભાગ્ય આવી વસ્તુ રહી ગઇ, પરમાર્થ ને કેવળીના વિરહ પડયા, પણ વિરહ ભૂલાવે એવી વાતું છે. આહાહાહા ! હું આત્મા, મારી પર્યાયમાં, એક પર્યાય જ્ઞાનની એમાં, અનંતા અનંતા દ્રવ્ય સ્વભાવો જે છે, એ મારો સ્વભાવ છોડયા વિના મને પ્રકાશે છે. એની સાથે મારો ભગવાન એકરૂપ આત્મા, એને અનાકુળ આત્માને અનુભવતો, આહાહાહાહા... અનંતાને ત્યારે જાણ્યું કહેવાય કે જેની સાથે આનંદનો અનુભવ હોય એમ કહે છે. આહાહા ! શું શૈલી ! ગજબ નાથ ! એ અનંતાને જાણવાનો પ્રકાશનો પર્યાય એને ત્યારે કહીએ આહાહા... કે એકરૂપ અનાકુળ ભગવાન આત્માનો અનુભવ ( જ્ઞાનને આનંદ ) તો સાથે, આહાહા... ભગવાન આત્મા જ જાણે છે કે, આહા... અનાકુળ આત્માના આનંદને આહાહાહા... અનુભવતો ભગવાન આત્મા જાણે છે કે આ ચીજ છે. આહાહા ! "હું પ્રગટ નિશ્ચયથી એક જ છું." આહાહાહાહા !

"હું પ્રગટ વ્યક્ત પ્રગટ નિશ્ચયથી એક જ છું." આહાહાહા... એ અનંતને જાણવા છતાં હું અનેક થઇ જતો નથી, અને પર્યાયમાં અનેકપણું હોવા છતાં દ્રવ્ય અનેક થઇ જતું નથી. દ્રવ્ય તો એકરૂપે રહે છે. આહાહાહા ! સમજાણું કાંઈ ? આહાહાહા ! હું પ્રગટ ખરેખર એક જ છું, "માટે, જ્ઞેયજ્ઞાયકભાવમાત્રથી ઊપજેલું પરદ્રવ્યો સાથે પરસ્પર મિલન" મારે અને જ્ઞેયને જ્ઞાયકભાવ માત્રથી, મારે જ્ઞાયકભાવમાત્રથી અને જ્ઞેયની સાથે જાણવાનું ઊપજેલું "છતાં પણ પ્રગટ સ્વાદમાં આવતા સ્વભાવના ભેદને લીધે" આહાહાહાહા... મારે એને જ્ઞેયને જાણવાનો મારો સ્વભાવ હોવા છતાં, મારો સ્વાદ અનાકુળ આનંદ અને એની ચીજનો સ્વાદ જુદો, આહાહાહાહા... પણ પ્રગટ સ્વાદમાં આવતા સ્વભાવના ભેદને લીધે, એ છ દ્રવ્યોનો સ્વભાવ અરે અનંત સિદ્ધોનો સ્વભાવ, એનો સ્વાદનો ભાવ એની પાસે, અનંતા નિગોદના સ્વાદનો આકુળતાનો ભાવ એની પાસે, હું એને પ્રકાશવા છતાં, આહા... "મારા સ્વાદના ભેદને લીધે, ધર્મ, અધર્મ, આકાશ, કાળ, પુદ્ગલ અને અન્ય જીવ પ્રત્યે નિર્મમ છું" આહાહાહા ! એ મારા છે એમ નહીં હું તો નિર્મમ છું. આહાહાહા ! સિદ્ધો મારા છે, અરિહંતો મારા છે, ગુરુ મારા છે એમ નહીં કહે છે. આહાહાહા... બાયડી છોકરા કુટુંબ તો ક્યાંય રહી ગયા, આહાહા... અનંતા સિદ્ધો મારી પર્યાયમાં પ્રકાશે છતાં જ્ઞેય-જ્ઞાયકભાવપણાના ભાવને લીધે મારા સ્વાદથી એ ચીજ ભિન્ન છે, આહાહા... માટે તેના પ્રત્યે નિર્મમ છું. આહાહાહા !

બધાને પ્રકાશવાની પર્યાયમાં આટલી તાકાત હોવા છતાં અંતરંગતત્ત્વ તે એક હું છું અને તે તત્ત્વ અનાકુળ આનંદને વર્તમાનમાં હું અનુભવું છું. એકલું જાણવું થયું છે એમ નહીં એમ કહે છે. આહાહા ! મારો સ્વાદ પણ ફરી ગયો. આહાહાહા ! પ્રકાશવામાં આવ્યા અને મારો અનાકુળ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

આનંદનો સ્વાદ પણ સાથે આવ્યો. આહાહાહા ! એવા અનાકુળ આનંદના સ્વાદથી બીજાના સ્વાદના તત્ત્વો ભિન્ન છે તેમ હું જાણું છું. આહાહાહા ! શું ટીકા તે ગજબ વાત છે ને ! અરે એકેક શ્લોક આ વાત ક્યાંય દિગંબર સંતો સિવાય ક્યાંય છે નહીં લાગે દુઃખ લાગે બીજાને કે, ત્યારે આ સંપ્રદાય ખોટો ? બાપુ ભાઈ છે ઈ છે બાપા. આહાહાહા ! પ્રગટ સ્વાદમાં આવતા સ્વભાવના ભેદને લીધે, એટલે કે અનાકુળ આનંદ તો હું છું, પણ તેનો પર્યાયમાં પણ સ્વાદ આવે છે પ્રગટ, આહાહા ! સમજાય છે કાંઈ ? પ્રગટ સ્વાદમાં સ્વભાવના ભેદને લીધે, સ્વાદમાં આવતા સ્વભાવના ભેદને લીધે, આહાહાહા... ધર્મ, અધર્મ, આકાશ, કાળ, પુદ્‌ગલ અને અન્ય જીવ એ પ્રત્યે હું નિર્મમ છું. આહાહા... એ મારા નથી. મારા સ્વાદમાં આવતો મારો પ્રભુ, આહાહા... એ બીજા એ મારાં નથી. આહાહાહા... જ્ઞાન અને આનંદની મુખ્યતા બે વર્ણવી, છે તો અનંત ગુણો પણ પ્રકાશ અસાધારણ જ્ઞાનસ્વભાવ અને એની સાથે આનંદસ્વભાવ, એને આહાહાહા ! બેપણે વર્ણવ્યા ભાઈ, અનંત તો ભેગાં છે.

"કારણકે સદાય પોતાના એકપણામાં પ્રાપ્ત હોવાથી" મારો પ્રભુ સદાય પોતાના એકપણામાં પ્રાપ્ત હોવાથી એકપણામાં પ્રાપ્ત છે. દ્વૈતપણું એમાં થતું જ નથી. આહાહાહા ! સદાય પોતાના એકપણામાં પ્રાપ્ત હોવાથી "સમય નામ આત્મા અથવા દરેક પદાર્થ એવો ને એવો સ્થિત રહે છે." આહાહાહા... હું બધાને પ્રકાશું છતાં મારા અનાકુળ સ્વભાવના સ્વાદથી બીજાને જાણું છતાં તેના પ્રત્યે નિર્મમ છું. અને તે મારો આત્મા એવો ને એવો સ્થિત રહે છે. આહાહાહાહા... દ્રવ્યપણે, ગુણપણે અને પર્યાયપણે આનંદને પ્રકાશતું એવું ને એવું જ સ્થિત છે. આહાહા... એને ને મારે કાંઇ સંબંધ બીજાને છે નહીં. આહાહાહા ! કહો રામજી, ગોવિંદરામજી નહીં. આપણે રામજી કહીશું, રામ છે ને આત્મા. ( શ્રોતાઃ– ગોવિંદને રામ બેય એક જહોય ) ગોવિંદને રામ આહાહા... આહા... શું ભાષામાં ભાવ ભર્યા છે. આહાહાહા !

હવે એ સંતો જ્યારે ટીકા કરતા હશે. આહાહાહા... એમની દશામાં ભલે વિકલ્પ ઊઠયો ! છતાં તેને અને બધાને જાણતો પ્રકાશમાન એવો મારો અંતરંગતત્ત્વ, આહાહા... તે બીજાના સ્વભાવથી ભિન્ન છે અને મારા સ્વભાવથી બીજા સ્વભાવવાળા ભિન્ન છે. આહાહા !

એવો મારો પ્રગટ પ્રભુ. આહાહાહા ! છે ? સદાય પોતાના એકપણામાં પ્રાપ્ત હોવાથી અનેક અનંતને જાણવા છતાં હું એકપણામાં છું. અનંતને જાણતા છતાં હું એકપણામાં છું. અનેકને જાણતાં હું અનેકપણે થઇ ગયો નથી. આહાહાહા... કેટલી ધીરજ જોઇએ બાપુ, આહાહા... મારો આત્મા અને બીજાઓ તો એવા ને એવા સ્થિત રહે છે. આહાહા ! પોતાના સ્વભાવને કોઇ પદાર્થ છોડતો નથી. – "આ પ્રકારે જ્ઞેયભાવોથી ભેદજ્ઞાન થયું" આહાહાહા... જ્ઞેયો પણ તેના સ્વભાવમાં સ્થિત એકરૂપ રહે છે. હું પણ મારા સ્વભાવમાં એક છું. આહાહાહા... આ પ્રકારે જ્ઞેયભાવોથી ભેદજ્ઞાન થયું. આહાહાહાહા... જ્ઞેયોથી મારો જ્ઞાયકભાવ ભિન્ન છે એમ અહીંયા ભેદજ્ઞાન કર્યું. આહાહાહા...

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


## શ્લોક - ૩૧

( मालिनी )

इति सति सह सर्वैरन्यभावैर्विवेके
स्वयमयमुपयोगो बिभ्रदात्मानमेकम् ।
प्रकटितपरमार्थैर्दर्शनज्ञानवृत्तैः
कृतपरिणतिरात्मारामे एव प्रवृत्तः ।।३१।।

**અહીં આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છેઃ-**

**શ્લોકાર્થઃ- [ इति ] આમ પૂર્વોક્ત પ્રકારે ભાવકભાવ અને જ્ઞેયભાવોથી ભેદજ્ઞાન થતાં [ सर्वैः अन्यभावैः सह विवेके सति ] સર્વ અન્યભાવોથી જ્યારે ભિન્નતા થઈ ત્યારે [ अयं उपयोगः ] આ ઉપયોગ છે તે [ स्वयं ] પોતે જ [ एकं आत्मानम् ] પોતાના એક આત્માને જ [ बिभ्रत् ] ધારતો, [ प्रकटितपरमार्थैः दर्शनज्ञानवृत्तैः कृतपरिणतिः ] જેમનો પરમાર્થ પ્રગટ થયો છે એવાં દર્શનજ્ઞાનચારિત્રથી જેણે પરિણતિ કરી છે એવો, [ आत्म-आरामे एव प्रवृत्तः ] પોતાના આત્મારૂપી બાગ ( ક્રીડાવન ) માં જ પ્રવૃત્તિ કરે છે, અન્ય જગ્યાએ જતો નથી.**

**ભાવાર્થઃ-સર્વ પરદ્રવ્યોથી તથા તેમનાથી ઉત્પન્ન થયેલા ભાવોથી જ્યારે ભેદ જાણ્યો ત્યારે ઉપયોગને રમવાને માટે પોતાનો આત્મા જ રહ્યો, અન્ય ઠેકાણું ન રહ્યું. આ રીતે દર્શનજ્ઞાનચારિત્ર સાથે એકરૂપ થયેલો તે આત્મામાં જ રમણ કરે છે એમ જાણવું. ૩૧.**

## શ્લોક - ૩૧ ઉપર પૂ. ગુરુદેવશ્રીનું પ્રવચન

“આમ પૂર્વોકત પ્રકારે ભાવકભાવ અને જ્ઞેયભાવોથી ભેદજ્ઞાન થતાં પહેલાં છત્રીસ ગાથામાં ભાવકભાવનું કહ્યું હતું, કર્મ જે ભાવક છે તેનાથી પર્યાયમાં ભાવ, ભાવ્ય વિકાર થાય તે ભાવકભાવ એનાથી ભેદ છે, ભાવકકર્મ એના નિમિત્તે થતી વિકારી ભાવ્ય ( અવસ્થા ) એ ભાવ્ય ને ભાવકથી ભગવાન ભિન્ન છે, એમ બતાવ્યું. આહાહાહા... એ વિકારી પર્યાયથી પણ ભગવાન ભિન્ન છે, એ વિકારી પર્યાય તો ભાવકનો ભાવ છે. એનાથી ભગવાન આત્મા ભિન્ન છે એમ બતાવ્યું. આહાહાહાહાહા...

અહીંયા જ્ઞેયભાવોથી ભેદ છે એમ બતાવ્યું. સાડત્રીસમીમાં અનંત સિદ્ધો છે, અરિહંતો છે એનાથી પણ આ પ્રભુ તો ભિન્ન છે. આહાહાહા ! “સર્વેઃ અન્ય ભાવેઃ સહ વિવેકે સતિ” “સર્વ અન્યભાવોથી જ્યારે ભિન્નતા” વિવેક, વિવેક એટલે ભિન્ન, ભિન્નતા સહૈ સાથે વિવેક વિવેક એટલે ભેદ, ભેદજ્ઞાન થયું. “સર્વ અન્યભાવોથી જ્યારે ભિન્નતા થઇ ત્યારે આ ઉપયોગ છે તે પોતે પોતાના એક આત્માને જ ધારતો” ભેદથી વાત કરી છે. ઉપયોગ છે તે પોતે પોતાના એક આત્માને જ ધારતો.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

"પ્રકટિતપરમાર્થૈઃ દર્શનજ્ઞાનવૃતૈઃ કૃતપરિણતિઃ" "જેમનો પરમાર્થ પ્રગટ થયો છે એવા દર્શન ચારિત્રથી જેણે પરિણતિ કરી છે" આહાહા... જેને એવો અંતરંગતત્ત્વ એવો ભગવાન દૃષ્ટિમાં લઇને પરિણમ્યો એને દર્શન જ્ઞાન અને ચારિત્ર ત્રણેય પરિણમ્યા છે કહે છે. આહાહાહા... ઉપયોગ શબ્દ પછી ત્યાં લીધો ને, પાઠમાં 'આત્મા' લીધો. ઉપયોગ છે તે જ હું છું. પછી ટીકામાં આત્મા લીધો ને ભાઈ, અહીં 'ઉપયોગ' લીધો, 'આત્મા' લીધો પણ એ ઉપયોગ, આત્મા એ ભેદ એમેય નહીં. એ તો આત્મા જ આખો. ઉપયોગ તે આત્મા એમ ભેદ પાડવો એ કરતાં ઉપયોગ સ્વરૂપ જ ભગવાન આત્મા અભેદ છે. આહા ! આહાહા !

ધારતો, ભગવાન આત્મા પોતાના સ્વભાવને ધારતો, જ્ઞાન દર્શન ને ચારિત્રરૂપ પરિણમતો, આહાહાહા... ભાવકભાવથી ભિન્ન થયો, જ્ઞેયભાવથી ભિન્ન થયો. હવે પોતે પોતાના સ્વભાવને ધારતો, આહાહા... હવે આવી વાતું, આ તો મંત્રો છે. આહાહા ! જેમનો પરમાર્થ પ્રગટ થયો છે. પરમાર્થ નામ ભગવાન આત્મામાં દર્શન જ્ઞાન ચારિત્ર પ્રગટ થયા છે. આહાહા ! અંતરંગતત્ત્વ તે હું એવી પ્રતીતિ તે સમ્યગ્દર્શન, અંતરંગતત્ત્વ તે હું એનું જ્ઞાન તે સમ્યક્જ્ઞાન, અંતરંગતત્ત્વમાં રમણતા તે ચારિત્ર. આહાહા ! એવા જે સ્વભાવમાં દર્શન જ્ઞાન ચારિત્ર હતાં, એ પર્યાયમાં પ્રગટ થઇ ગયા છે. આહાહા ! સમજાણું કાંઈ ? પ્રગટ કીધું ને ? આહા... "પ્રકટિત પરમાર્થૈ ?" એમ છે ને પાઠ ? પરમાર્થ– પરમ દર્શન જ્ઞાનને ચારિત્ર, હું જ્ઞાયકભાવ તે હું છું એમ પ્રતીતિ થઇ તે સમ્યગ્દર્શન પ્રગટ, જ્ઞાયકભાવ તે જ હું છું તેવું જ્ઞાન તે પ્રગટ તે પર્યાય જ્ઞાન અને તે જ્ઞાન અને દર્શનમાં સ્થિરતા થઇ તે પ્રગટ દર્શન, જ્ઞાન ને ચારિત્ર. આહાહા ! શક્તિરૂપે તો હતા દર્શન, જ્ઞાન ને ચારિત્ર. સમજાય છે કાંઈ ? ઓલા બે પાડયા જ્ઞાન પ્રકાશ, આનંદ ને અનુભવ અને આ ત્રીજો હવે અહીંયા ચારિત્ર એ આનંદને હારે લીધું. જ્ઞાન પ્રકાશ હતો ને ? જ્ઞાનના બે ભેદ પાડયા, હવે અહીં દર્શન ને જ્ઞાન બે, પ્રતીત અને જ્ઞાન, ચારિત્રમાં આનંદ આવ્યો. આહાહાહા ! "પ્રકટિત પરમાર્થૈ દર્શનજ્ઞાનવૃતૈઃ" જુઓ આ વૃતૈઃ શબ્દ પડયો છે એ વ્રત નહીં. એટલે ચારિત્રના સ્વરૂપની રમણતા એ વૃતે. ( શ્રોતાઃ– પરિણમન ) પરિણમન, સ્થિર. આહાહા !

જેમને પરમાર્થ પ્રગટ થયો છે, પરમાર્થ પ્રગટ થયો છે પરમ પરમાર્થ અંતરંગતત્ત્વ તો છે, એને હવે પરમાર્થ પ્રગટ થયો છે. આહાહાહા ! દર્શન જ્ઞાન અને ચારિત્ર જેને પ્રગટ થયાં છે. જેણે પરિણતિ કરી છે એવો પોતાના આત્મારૂપી બાગમાં પ્રવૃત્તિ કરે છે. આહાહાહા... આત્મારૂપી બાગમાં છે ને ? આત્મ આરામેઃ – પ્રવૃત્તિ કરે છે. આત્મા પોતાના સ્વરૂપમાં પ્રવૃત્તિ કરે છે. આહાહાહા... આત્મારૂપી આરામ ! આરામસ્થળ ! વિશ્રામ સ્થળમાં આરામમાં રમે છે. આહાહાહા... 'અન્ય જગ્યાએ જતો નથી'. એ રાગમાં અને પરમાં જતો નથી. આહાહાહા ! તેને અહીંયા આત્માને જીવ કહેવામાં આવે છે. જીવ અધિકાર છે ને ? આહાહાહાહા... માણસને ઓલા વ્યવહારની ક્રિયાના રસવાળાને આ એવું લાગે કે આ શું છે ? આવું આ ? બાપુ મારગ આ છે ભાઈ. એ ક્રિયાનો રાગ છે એ તો ભાવકનો ભાવ છે. ક્રિયાનો જે રાગ છે ને દયા ને દાન ને વ્રત ને તે તો ભાવકનો ભાવ છે. એ સ્વભાવભાવ નહીં, એનાથી પણ અહીંયા તો ભેદ બતાવીને, આહાહા... એ જાણનારો ભગવાન પ્રકાશે છે, અને અનાકુળ આનંદના સ્વાદમાં રહ્યો થકો પ્રગટ થયો છે. આહાહાહા !

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


આ મહા માંગલિક છે. આહાહાહા... પોતાના આત્મારૂપી ક્રીડાવનમાં, આત્મામાં પ્રવૃત્તિ કરે છે. ટીકામાં નાખ્યું છે. ટીકા કરીને એમાં કહે આત્મા, ઉપયોગ છે. એમ બે ભાગ ન પાડો. આત્મા આત્મામાં છે નિશ્ચયથી અભેદ રાખો, ભેદ પાડીને કથન ન કરો એમ લખ્યું છે. કળશ ટીકામાં ઓલી કળશટીકામાં હોં અધ્યાત્મ તરંગીણિમાં.

ભાવાર્થઃ "સર્વ પરદ્રવ્યોથી અને તેમનાથી ઉત્પન્ન થએલા ભાવોથી" તેમનાથી ઉત્પન્ન થયેલા ભાવો વિકાર આદિ "જ્યારે ભેદ જાણ્યો" સર્વ પરદ્રવ્યોથી અને તેમનાથી ઉત્પન્ન થયેલા ભાવો, એટલે પરદ્રવ્યો તે જ્ઞેય ને આ ભાવકભાવ ઊપજેલા ભાવો એટલે, જ્યારે ભેદ જાણ્યો ત્યારે ઉપયોગને રમવાને માટે પોતાનો આત્મા રહ્યો. આહાહાહા !

જ્યારે રાગ અને પરજ્ઞેયથી ભગવાનને ભિન્ન જાણ્યો ત્યારે એને રહેવાનું સ્થાન, રમવાનું તો આત્મા રહ્યો. આહાહા... પરમાં જે રમતો હતો એનાથી ભેદ કર્યો, એટલે આત્મામાં રહેવાનું રહ્યું. એને હવે. આહાહાહા ! ઉપયોગને રમવાને માટે પોતાનો આત્મા રહ્યો. "અન્ય ઠેકાણું ન રહ્યું" આહાહા... "આ રીતે દર્શન જ્ઞાન ચારિત્ર સાથે એકરૂપે થયેલો" છેલ્લી ગાથા કરવી છે જીવ અધિકારની આડત્રીસમી દર્શન જ્ઞાન ચારિત્ર સાથે એકરૂપ થયેલો. પર્યાયમાં તે આત્મા જ રમણ કરે છે. થયેલો તે આત્મામાં જ રમણ કરે છે, એમ જાણવું. આહાહાહા

હવે એ ૩૮ ની ઉપોદ્‌ઘાત છે.

હવે, એ રીતે દર્શનજ્ઞાન ચારિત્રસ્વરૂપ પરિણત થયેલા આત્માને સ્વરૂપનું સંચેતન કેવું હોય, – એને વેદન કેવું હોય એમ કહેતાં આચાર્ય આ કથનને સંકોચે છે – આડત્રીસ ગાથા કહીને જીવનો અધિકાર પૂરો કરે છે.

– વિશેષ કહેશે

( શ્રોતાઃ– પ્રમાણ વચન ગુરુદેવ )

*** જ્ઞાનમાં જેમ જેમ સમજણ દ્વારા ભાવભાસન વધતું જાય છે, તેમ તેમ જ્ઞાનનું સામર્થ્ય વધતું જાય છે અને એ વધતાં, જ્ઞાનસામર્થ્ય વડે મોહ શિથિલ થતો જાય છે. જ્ઞાન જ્યાં સમ્યક્‌પણે પરિણમે છે ત્યાં મોહ સમૂળ નાશ પામે છે, માટે જ્ઞાનથી જ આત્માની સિદ્ધિ છે. જ્ઞાન સિવાય બીજું કોઈ આત્મસિદ્ધિનું સાધન નથી.**

**( દૃષ્ટિનાં નિધાન - ૬૮ )**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## ગાથા - ૩૮

अथैवं दर्शनज्ञानचारित्रपरिणतस्यास्यात्मन: कीदृक् स्वरूपसञ्चेतनं भवतीत्यावेदयन्नुपसंहरति-

अहमेक्को खलु सुद्धो दंसणणाणमइओ सदारूवी।
ण वि अत्थि मज्झ किंचि वि अण्णं परमाणुमेत्तं पि।।३८।।

अहमेक: खलु शुद्धो दर्शनज्ञानमय: सदाऽरूपी।
नाप्यस्ति मम किञ्चिदप्यन्यत्परमाणुमात्रमपि।।३८।।

यो हि नामानादिमोहोन्मत्ततयात्यन्तमप्रतिबुद्ध: सन् निर्विण्णेन गुरुणानवरतं प्रतिबोध्यमान: कथञ्चनापि प्रतिबुध्य निजकरतलविन्यस्तविस्मृतचामीकरावलोकनन्यायेन परमेश्वरमात्मानं ज्ञात्वा श्रद्धायानुचर्य च सम्यगेकात्मारामो भूत: स खल्वहमात्मात्मप्रत्यक्षं चिन्मात्रं ज्योति:, समस्तक्रमाक्रमप्रवर्तमानव्यावहारिकभावैश्चिन्मात्राकारेणाभिद्यमानत्वादेक:, नारकादिजीवविशेषाजीवपुण्यपापास्रवसंवरनिर्जराबन्धमोक्षलक्षणव्यावहारिकनवतत्त्वेभ्यष्टङ्कोत्कीर्णैकज्ञायकस्वभावभावेनात्यन्तविविक्तत्वाच्छुद्ध:, चिन्मात्रतया सामान्यविशेषोपयोगात्मकतानतिक्रमणाद्दर्शनज्ञानमय:, स्पर्शरसगन्धवर्णनिमित्तसंवेदनपरिणतत्वेऽपि स्पर्शादिरूपेण स्वयमपरिणमनात्परमार्थत: सदैवारूपी, इति प्रत्यगयं स्वरूपं सञ्चेतयमान: प्रतपामि। एवं प्रतपतश्च मम बहिर्विचित्रस्वरूपसम्पदा विश्वे परिस्फुरत्यपि न किञ्चनाप्यन्यत्परमाणुमात्रमप्यात्मीयत्वेन प्रतिभाति यद्भावकत्वेन ज्ञेयत्वेन चैकीभूय भूयो मोहमुद्भावयति, स्वरसत एवापुन:प्रादुर्भावाय समूलं मोहमुन्मूल्य महतो ज्ञानोद्योतस्य प्रस्फुरितत्वात्।

---

હવે, એ રીતે દર્શનજ્ઞાનચારિત્રસ્વરૂપ પરિણત થયેલા આ આત્માને સ્વરૂપનું સંચેતન કેવું હોય છે એમ કહેતાં આચાર્ય આ કથનને સંકોચે છે, સમેટે છેઃ-

હું એક, શુદ્ધ, સદા અરૂપી, જ્ઞાનદર્શનમય ખરે;
કંઈ અન્ય તે મારું જરી પરમાણુમાત્ર નથી અરે! ૩૮.

ગાથાર્થઃ-દર્શનજ્ઞાનચારિત્રરૂપ પરિણમેલો આત્મા એમ જાણે છે કેઃ [ खलु ] નિશ્ચયથી [ अहम् ] હું [ एक: ] એક છું, [ शुद्ध: ] શુદ્ધ છું, [ दर्शनज्ञानमय: ] દર્શનજ્ઞાનમય છું, [ सदा अरूपी ] સદા અરૂપી છું; [ किञ्चित् अपि अन्यत् ] કાંઈ પણ અન્ય પરદ્રવ્ય [ परमाणुमात्रम् अपि ] પરમાણુમાત્ર પણ [ मम न अपि अस्ति ] મારું નથી એ નિશ્ચય છે.

ટીકાઃ-જે, અનાદિ મોહરૂપ અજ્ઞાનથી ઉન્મત્તપણાને લીધે અત્યંત અપ્રતિબુદ્ધ હતો અને વિરક્ત ગુરુથી નિરંતર સમજાવવામાં આવતાં જે કોઈ પ્રકારે ( મહા ભાગ્યથી ) સમજી, સાવધાન થઈ, જેમ કોઈ મૂઠીમાં રાખેલું સુવર્ણ ભૂલી ગયો હોય તે ફરી યાદ કરીને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


**તે સુવર્ણને દેખે તે ન્યાયે, પોતાના પરમેશ્વર ( સર્વ સામર્થ્યના ધરનાર ) આત્માને ભૂલી ગયો હતો તેને જાણીને, તેનું શ્રદ્ધાન કરીને તથા તેનું આચરણ કરીને ( -તેમાં તન્મય થઈને ) જે સમ્યક્ પ્રકારે એક આત્મારામ થયો, તે હું એવો અનુભવ કરું છું કે : હું ચૈતન્યમાત્ર જ્યોતિરૂપ આત્મા છું કે જે મારા જ અનુભવથી પ્રત્યક્ષ જણાય છે; ચિન્માત્ર આકારને લીધે હું સમસ્ત ક્રમરૂપ તથા અક્રમરૂપ પ્રવર્તતા વ્યાવહારિક ભાવોથી ભેદરૂપ થતો નથી માટે હું એક છું; નર, નારક આદિ જીવના વિશેષો, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષસ્વરૂપ જે વ્યાવહારિક નવ તત્ત્વો તેમનાથી, ટંકોત્કીર્ણ એક જ્ઞાયકસ્વભાવરૂપ ભાવ વડે, અત્યંત જુદો છું માટે હું શુદ્ધ છું; ચિન્માત્ર હોવાથી સામાન્ય-વિશેષ ઉપયોગાત્મકપણાને ઉલ્લંઘતો નથી માટે હું દર્શનજ્ઞાનમય છું; સ્પર્શ, રસ, ગંધ, વર્ણ જેનું નિમિત્ત છે એવા સંવેદનરૂપે પરિણમ્યો હોવા છતાં પણ સ્પર્શાદિરૂપે પોતે પરિણમ્યો નથી માટે પરમાર્થે હું સદાય અરૂપી છું. આમ સર્વથી જુદા એવા સ્વરૂપને અનુભવતો આ હું પ્રતાપવંત રહ્યો. એમ પ્રતાપવંત વર્તતા એવા મને, જોકે ( મારી ) બહાર અનેક પ્રકારની સ્વરૂપની સંપદા વડે સમસ્ત પરદ્રવ્યો સ્ફુરાયમાન છે તોપણ, કોઈ પણ પરદ્રવ્ય પરમાણુમાત્ર પણ મારાપણે ભાસતું નથી કે જે મને ભાવકપણે તથા જ્ઞેયપણે મારી સાથે એક થઈને ફરી મોહ ઉત્પન્ન કરે; કારણ કે નિજરસથી જ મોહને મૂળથી ઉખાડીને-ફરી અંકુર ન ઊપજે એવો નાશ કરીને, મહાન જ્ઞાનપ્રકાશ મને પ્રગટ થયો છે.**

**ભાવાર્થઃ-આત્મા અનાદિ કાળથી મોહના ઉદયથી અજ્ઞાની હતો, તે શ્રી ગુરુઓના ઉપદેશથી અને પોતાની કાળલબ્ધિથી જ્ઞાની થયો અને પોતાના સ્વરૂપને પરમાર્થથી જાણ્યું કે હું એક છું, શુદ્ધ છું, અરૂપી છું, દર્શનજ્ઞાનમય છું. આવું જાણવાથી મોહનો સમૂળ નાશ થયો, ભાવકભાવ ને જ્ઞેયભાવથી ભેદજ્ઞાન થયું, પોતાની સ્વરૂપસંપદા અનુભવમાં આવી; હવે ફરી મોહ કેમ ઉત્પન્ન થાય ? ન થાય.**

## પ્રવચન નં. ૧૦૮ ગાથા - ૩૮ તા. ૧૪-૧૦-૭૮ શનિવાર આસો સુદ-૧૩ સં. ૨૫૦૪

સમયસાર ગાથા-૩૮ છે ઉસકા શ્લોક,

अहमेक्को खलु सुद्धो दंसणणाणमइओ सदारूवी।
ण वि अत्थि मज्झ किंचि वि अण्णं परमाणुमेत्तं पि।।३८।।

( હરિગીત )

હું એક, શુદ્ધ, સદા અરૂપી, જ્ઞાનદર્શનમય ખરે;
કંઈ અન્ય તે મારું જરી પરમાણુમાત્ર નથી અરે! ૩૮.

ટીકાઃ- જે આ આત્મા અનાદિ, મોહરૂપ અજ્ઞાનસે અનાદિ કાલકા આત્મા હૈ એ અનાદિસે રાગદ્વેષ આદિ વિકાર પરિણામ ઉસકા મોહમેં, ઉસકી એકતાબુદ્ધિમેં અજ્ઞાન થા અનાદિસે અપના સ્વરૂપ ચિદાનંદ પ્રભુ ઉસકો ભૂલકર, આહાહા... મોહરૂપ અજ્ઞાનસે, મોહોન્મત મૂળ તો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

મોહનો અજ્ઞાન અર્થ કર્યો, મોહનો. આહાહા ! અપના સ્વરૂપ કયા હૈ ઉસકો ભૂલકર અનાદિસે એ શુભઅશુભ રાગ, શરીર એ મેરા હૈ. ઐસા મૂંઢ, મિથ્યાદૃષ્ટિ અનાદિસે પરિભ્રમણ ઐસા ભાવસે કરતે હૈ. આહાહાહાહા... અજ્ઞાનસે ઉન્મત્તકે કારણ ઘેલા હુઆ હૈ, પાગલ. આહાહાહા !

અપના ભગવાન ચીજ સર્વજ્ઞ પરમેશ્વર, જિનેશ્વરે જો આત્મા કહા એ આત્મા તો સચ્ચિદાનંદ, શુદ્ધ આનંદકંદ પ્રભુ શુદ્ધ ચૈતન્ય હૈ ! ઉસકો ન જાનકર અનાદિસે રાગાદિ પરચીજમેં મોહસે ઘેલા પાગલ હોકર, આહાહાહાહા... અત્યંત અપ્રતિબુદ્ધ થા. અત્યંત અજ્ઞાની થા, અપ્રતિબુદ્ધ થા વસ્તુકા કંઇ ભાન નહીં થા. આહાહા ! ચોર્યાશી લાખ યોનિમેં પરિભ્રમણ કરતે કરતે અપની ચીજકો ભૂલકર પાગલ હો ગયા. આહા ! શરીર એ જડ, માટી, ધૂળ હૈ, એ અપની ચીજ હૈ ઐસા માના. અંદર જે શુભઅશુભ રાગ આતા હૈ, હિંસા, જૂઠું, ચોરી, વિષય ભોગ, વાસના એ રાગ હૈ, દુઃખ હૈ ઔર અંદરમેં દયા, દાન, વ્રત ભક્તિ આદિકા ભાવ આતા હૈ. એ શુભરાગ હૈ, દુઃખ હૈ, આકુલતા હૈ. પણ એ ચીજકો અપની માનકર, આહાહા... જે અપનેમેં હૈ નહીં ઔર પરવસ્તુ હૈ ઉસકો અપની માનકર, સૂક્ષ્મ બાત હૈ ભાઈ ! આહાહા ! અપ્રતિબુદ્ધ, અત્યંત અપ્રતિબુદ્ધ થા. કોઈ કહેતે હૈ કે આ સમયસાર તો મુનિકો સમજાના હૈ. તો આંહી તો કહે અત્યંત અપ્રતિબુદ્ધ થા ઉસકો આ સમયસાર સમજાતે હૈ, અજ્ઞાની તદ્દન હૈ ઉસકો સમજાતે હૈ. આહાહાહા !

અંદર સચ્ચિદાનંદ પ્રભુ. અણાકુલ આનંદકા નાથ આત્મા અંદર પડા હૈ, ઉસકો ભૂલકર શરીર કે રાગઆદિના પ્રેમમેં પાગલ હો ગયા હૈ, મૂંઢ હો ગયા હૈ કહે છે. આહાહાહા ! અપ્રતિબુદ્ધ હૈ. કંઈ ભાન નહીં, કંઈ જ્ઞાન નહીં, અજ્ઞાનમેં પાગલ હો ગયા. આહાહાહાહા ! લક્ષ્મી, જડ, માટી, ધૂળ તો કહે મેરી હૈ. સ્ત્રીકા શરીર ને આત્મા પર તો કહે મેરી હૈ. પૈસા આબરુ પર તો કહે મેરી હૈ. અંદરમેં પાપકા પરિણામ હોતા હૈ એ વિકાર હૈ દુઃખ હૈ તો કહે મેરા હૈ. પુણ્ય પરિણામ જો દયા, દાન, વ્રત આદિકા વિકલ્પ ઉઠતે હૈ એ રાગ હૈ દુઃખ હૈ તો અજ્ઞાની ઇસકો અપના માનતે હૈ. આહાહા ! ઐસા અત્યંત અપ્રતિબુદ્ધ થા. અત્યંત મૂંઢ થા. આહાહાહા !

અનાદિકાલસે અપના સ્વરૂપ ભૂલકર અપના પરમેશ્વર અપના પરમેશ્વર ચિદાનંદ પ્રભુ આત્મા, અપના પરમેશ્વર, ઉસકો ભૂલકર પરમેં ઈશ્વરતા મોટપકી મહિમા લિયા. રાગ પુણ્યકા ભાવ ને ઉસકા ફલ, ઉસકી મહિમા આ ગઈ એ અપ્રતિબુદ્ધ અજ્ઞાની મૂંઢ હૈ. ઉસકો વિરકત ગુરુએ હવે કયા કહેતે હૈ ઉસકો સંતો, ગુરુ જે ઉસકો સમજાયા, કૈસા ગુરુ ? વિરકત ગુરુ જિસકો રાગ ને પરમેંસે રકતપણા ઊડ ગયા હૈ, અને અપના આનંદકંદમેં જિસકી રકતતા ઉત્પન્ન હુઈ હૈ. આહાહા !

ગુરુ કૈસા હોતા હૈ ? કે જિસકો શુભ, અશુભ રાગ ઉસમેં લીનતા, રકતતા, છૂટ ગયા હૈ. વિરકત હો ગયે હૈ. આહાહાહા ! ઔર અપના આનંદસ્વરૂપ પ્રભુ, અણાકુળ શાંતિ ને આનંદકા કંદ પ્રભુ આત્મા ઉસમેં જિસકી રકતતા લીનતા હૈ, રાગસે પરસે વિરકતતા હૈ, અપના સ્વભાવમેં રકતતા હૈ. આહાહાહાહા ! ઐસા ગુરુ નિર્ગ્રંથ મુનિ સંત, આહાહાહા... ઉસને ઉસકો સમજાયા. અજ્ઞાનીકો સમજાયા ભાઈ પ્રભુ તું કયા હૈ ? આહા... અરે તું કયા કરતે હૈ, અનાદિસે હૈ ?

વિરકત ગુરુએ નિરંતર સમજાએ જાને પર, ઉસકા ગુરુએ કહા પ્રભુ તુમ રાગસે, શરીરસે

ભિન્ન હૈ પ્રભુ, તેરી ચીજમેં તો અતીન્દ્રિય આનંદ ભરા હૈ નાથ. તું સુખકા સાગર હૈ, ઔર આ રાગાદિ દુઃખકા બીજડા બધા સંસારકા બીજ હૈ, આહા... ઉસસે તેરી ચીજ ભિન્ન હૈ ને પ્રભુ એમ વિરક્ત ગુરુએ નિરંતર સમજાયાકા અર્થ ? નિર્ગ્રંથ ગુરુ સંત આત્મજ્ઞાની અનુભવી જિસકો અતીન્દ્રિય આનંદકા પ્રચુર સંવેદન વર્તતે હૈ, એ કંઈ નિરંતર સમજાનેકો નવરા, ફુરસદ નહીં ઉસકો, પણ ગુરુએ જો ઉસકો કહા પ્રભુ ભગવંત આત્મા, આહાહા... તેરી ચીજ જો રાગમેં મૂર્ત હો ગઈ હૈ, એ તું ચીજ નહીં. આહાહા ! તેરેમેં તો આનંદ ને શાંતિ પડી હૈ પ્રભુ. ઉસકી, ઉસકી દૃષ્ટિ કરને, આ કયા કિયા તુને, પુણ્ય ને પાપને ઉસકા ફળમેં મોહિત હુઆ, પાગલ હો ગયા હૈ પ્રભુ તું. આહાહાહાહાહા... તો એક વાર કહા પણ વો સમજનેવાલા ઉસને નિરંતર વિચાર કિયા, તો નિરંતર સમજાને પર ઐસે કહેનેમેં આયા. સમજમેં આયા ? એક વાર ઉસને કહા, કોઈ વાર વિશેષ ભી વારંવાર ભી આતે હૈ, પણ એ વારંવાર સમજાએ, કહેને પર ઉસને વારંવાર અંદર નિરંતર ઉસકો વિચારમેં લિયા. ઓહો ! મૈં તો આત્મા સચ્ચિદાનંદ પ્રભુ આ રાગ આદિ વિકલ્પ ને શરીર આદિ તો પર હૈ, મેરેમેં હૈ નહીં. મેરેમેં હૈ ઉસકો મેં મેરા માન્યા નહીં. મેરેમેં નહી હૈ ઉસકો મેરેમેં માન્યા. ઐસી વિચાર ધારા શ્રોતાએ વારંવાર વિચાર ધારા ચલાઈ અંદરમેં. આહાહા... ફુરસદ ક્યાં પણ આ. આહાહા !

નિરંતર સમજાએ જાનેં પર ઉસકા અર્થ યે હૈ. એકવાર પણ અમે કાનમેં નાખ્યા, ડાલ દિયા પ્રભુ, તુમ જ્ઞાયક સ્વભાવ હૈ ને નાથ, તું શુદ્ધ હૈ, ધ્રુવ હૈ, પવિત્રતાકા પિંડ હૈ, એ આ રાગઆદિ ને શરીરઆદિ યે તેરી ચીજ નહીં. આહાહા ! ઐસે સમજાએ જાને પર, વારંવાર ઉસકા વિચાર કરને પર, આહાહાહા... રટન લગાયા, ઓહો ! મૈં આનંદ સ્વરૂપ, રાગ નહીં, પુણ્ય નહીં, પાપ નહીં, શરીર નહીં, કર્મ નહીં, ઐસે અંદરમેં લગન લગાયા. આહાહા ! કોણે ? શ્રોતાએ, અજ્ઞાની થા ઉસકો ગુરુએ સમજાયા તો એ સમજાને પર એને જે કહા થા ઉસકા વારંવાર ઘોલન કિયા, ઓહો ! મૈં તો જ્ઞાયકભાવ હું. જાણક, જાણક, જાણક, જાણક, જ્ઞાતા દ્રષ્ટા સ્વભાવ સ્વરૂપ મૈં હું, રાગ આદિ વિકલ્પ જો હૈ એ મૈં નહીં એ દુઃખરૂપ દશા હૈ, મૈં તો આનંદરૂપ હું. આહાહા ! શરીર આદિ માટી આ જડ ધૂળ હૈ એ મૈં નહીં, મૈં તો શરીર રહિત અશરીરી ચૈતન્ય સ્વરૂપ હું. આહાહાહા ! ઐસા વારંવાર ગુરુએ સમજાયાકા અર્થ વારંવાર ઉસને વિચારકા ઘોલન કિયા. આહાહાહા !

“કિસી પ્રકારસે સમજકર” સ્વયંબોધસે કાં ઉપદેશસે સમજકર, આહાહા... કોઈ પ્રકારે લિયાને. આહાહા ! અંતર આત્મા “સિદ્ધ સમાન સદા પદ મેરો” આ આત્માકા સ્વરૂપ એ સિદ્ધ સમાન અંદર હૈ, ઐસા વારંવાર વિચારકા ઘોલનમેં લિયા.

“चेतनरूप अनूप अमूरति, सिद्धसमान सदा पद मेरौ[1]।
मोह महातम आतम अंग, कियौ परसंग महा तम घेरौ[2]।।”

આહાહા “જ્ઞાન કળા ઉપજી અબ મૌકુ” એ રાગ ને વિકલ્પ જે હૈ શુભાશુભ રાગ એ મૈં નહીં. આહાહા ! ઐસી અપની જ્ઞાનકી કળા જાગી, “જ્ઞાનકળા ઉપજી અબ મૌકુ, કહું ગુણ નાટક આગમ કેરો, તાસુ પ્રસાદ શ્રદ્ધે શિવ મારગ વેગે મિટે આ ઘટ વાસ વસેરો” હાડકાના ચામડાના માંસના લોચામાં રહેવું. એ વેગે મટી જશે. જો આ રીતે મૈં ભેદજ્ઞાનમેં રમણ કિયા તો ઘટમાં

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

રહેનેકા છૂટ જાએગા, મૈં સિદ્ધ હો જાઉંગા. આહાહા ! સમજમેં આયા ? આ આવી વાત છે ભાઈ, આહાહા ! કિસી પ્રકારસે સમજકર સાવધાન હોકર, સાવધાન ! સાવધાન ! સાવધાન ! મૈં મેરી ચીજ અંદર આત્મતત્ત્વ સિદ્ધ સમાન સ્વરૂપ ઉસમેં સાવધાન હુઆ. જે આમ ( પરમેં ) સાવધાન થા, રાગ ને રાગના ફળ પર આદિ શરીર આદિ મૈં સુંદર આદિ દેખકર આકર્ષિત હોતા થા. અરેરે, ધૂળમેં આ તો માટી હૈ ભાઈ માંસ ને હાડકા હૈ. એ આકર્ષિત આત્માકા આનંદમેં આકર્ષિત હો ગયા. સાવધાન હુઆને ? આહાહાહા ! ઝીણી વાત છે ભાઈ !

આત્મજ્ઞાન હોતા હૈ તો કૈસે હોતા હૈ એ બાત કહેતે હૈ. અને આતમધર્મ સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રકા પરિણમન કિસકો કિસ પ્રકાર હોતા હૈ એ બાત ચલતી હૈ. આહાહાહા ! તો ગુરુએ એને કહા કે તેરી ચીજ તો અંદર આનંદકંદ પ્રભુ તું સચ્ચિદાનંદ સ્વરૂપ હૈ, સત્ નામ શાશ્વત્ જ્ઞાન અને આનંદકા પિંડ પ્રભુ તુમ હૈ. આહાહાહા ! આ પુણ્ય ને પાપ, દયા ને દાન, કામ ને ક્રોધના વિકલ્પ ઊઠતે હૈ, પ્રભુ એ તું નહીં એ તો દુઃખ હૈ આકુળતા હૈ. આહાહાહાહા ! શરીરઆદિ કર્મઆદિ તો ભિન્ન અજીવ તત્ત્વ હૈ, એ તો તેરી પર્યાયમેં ભી નહીં. તેરી પર્યાયમેં જે પુણ્ય ને પાપના શુભાશુભ વિકલ્પ રાગ ઊઠતે થે, એ ભી તું નહીં. આહાહાહા ! ઝીણી વાત છે ભાઈ !

સમ્યગ્દર્શન એ કોઈ અલૌકિક ચીજ હૈ અને એ ચીજ બિના આ વ્રત ને તપ ને ભક્તિ આદિ કરે એ સબ નિરર્થક હૈ. સંસારકે ખાતે રખડના હૈ. આહાહાહા ! આંહી કહેતે હૈ, પ્રભુ તુમ એકવાર સૂન સાવધાન હો જા કહેતે હૈ દેખો આયાને સમજકર સાવધાન હો ગયા, અરે મૈં ચીજ કયા હું અરે આ રાગ ને પુણ્ય પાપની વિકલ્પની વૃત્તિઓ હૈ એ તો દુઃખરૂપ પર હૈ, મેરી ચીજ નહીં. મૈં તો જ્ઞાતા, જ્ઞાયકસ્વભાવ, શુદ્ધસ્વભાવ, ધ્રુવસ્વભાવ, પરમ પારિણામિકસ્વભાવ, સહજ સ્વભાવભાવ એ મૈં હું. ઐસે સાવધાન હો ગયા. આરે આવી વાત છે. અપ્રતિબુદ્ધ હતો એ સાવધાન હો ગયા એમ કહેતે હૈ. હૈં ? આહાહાહા ! અત્યંત અપ્રતિબુદ્ધ હતો. આહાહાહાહા ! કંઈ ચૈતન્યકી ચીજ કયા હૈ ઉસકી ખબર જરી નહીં. અને વિકાર ને પુણ્ય પાપના ફળમેં એકાકાર, આહાહા... પરમેં સુખબુદ્ધિ, શરીરમેં સુખબુદ્ધિ, પુણ્ય પાપના ભાવમેં સુખબુદ્ધિ, પૈસા, આબરૂ, કીર્તિ સ્ત્રી કુટુંબમેં સુખબુદ્ધિ મૂંઢ હૈ. સુખ તો ભગવાન આત્મામેં અંદર હૈ. ઉસકી તો ખબર નહીં, ને પરમેં સુખકી મૂંઢતા ઐસા અપ્રતિબુદ્ધ હતા. ઉસકો ગુરુએ સમજાયા. આહાહાહા... સમજાને પર નિરંતર મનનમેં લે લિયા સાવધાન હુઆ. આહાહાહા ! અરે મૈં કૌન હું યે કહેતે હૈ દેખો.

"જૈસે કોઈ પુરુષ મુઠ્ઠીમેં રખે હુએ" મુઠ્ઠી, વો દાતણ, બાતણ કરતે હૈ ને તો સોનાનો દાંત હોય કે ઐસા કાંઈ નીકાલકર રખ દિયા, ( દાંત ) ભૂલ ગયા. મુઠ્ઠીમેં સોના થા એ ભૂલ ગયા. ક્યાં કયાં હૈ એ ઓલી વીંટી કાઢી નાખેને. જૈસે કોઈ પુરુષ મુઠ્ઠીમેં રખે હુએ સોનેંકો ભૂલ ગયા, સોનેકો ભૂલ ગયા. સોના–સોના મુઠ્ઠીમેં થા. આહાહા ! ઔર ફિર સ્મરણ કરકે, ફિર યાદ આયા કે અરે ! આ રહ્યા સોના. થા તો ખરા મુઠ્ઠીમેં પણ ભૂલ ગયા. ક્યાં મૂકયા ? આ તો દાતણ કરતેં સોનાની વીંટી હોય જરી ગોખલો હોય ને જરા લાકડાનો બારણાની ઉપર મૂક્યો હોય જરી ભૂલી ગયો ક્યાં મૂકી ? પછી યાદ આવે. ઓહો ! આંહીયા મૂકી. આહાહા ! એમ ફિર સ્મરણ કરકે ઉસ સોનેંકો દેખે સોનેંકો ઉસ ન્યાયસે. આ ન્યાય આ દૃષ્ટાંત ભગવાને આપ્યા. આહાહા ! આવી વાતું ભાઈ આકરી ભારે. આહા ! અંતર વસ્તુ ભગવાન જ્ઞાયકભાવસે ભરી પડી પ્રભુ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

હૈ. આહાહા ! ઉસમેં રાગ ને દ્વેષકા વિકલ્પકી ગંધ નહીં. આહાહા ! અરે પર્યાયમેં અપૂર્ણતા હૈ એ ભી ઉસમેં નહીં. આહાહાહા ! જ્ઞાતા દ્રષ્ટા ભગવાન સ્વરૂપ પ્રભુ મૈં હું, મૈં આ નહીં ઐસે ગુરુસે સમજાને પર, અપના વિચારકી ધારામેં સમજ ગયે. આહાહા ! સમજમેં આયા ? આવી વાત છે ભાઈ ! આહા !

આ શરીર, કહ્યું 'તું ને એકવાર, એક બાઈ છોડી હતી અઢાર વરસની લડકી હતી, એના પતિને બીજી હતી. એનો પતિ પહેલી પરણ્યો તો એમાં ગુજરી ગઈ હતી લગન થયા, ને એને અહીંયા શીતળા નીકળ્યા શીતળા કયા કહેતે હૈ. ( શ્રોતાઃ- ચેચક ) ઈતના દાણા નીકળ્યા કે દાણે દાણે ઈયળ, એ જીવ જીવ કયા કહેતે હૈ ? ( શ્રોતાઃ- કીડા ) કીડા, રૂપાળું શરીર હતું. ધોળું અમે જોયું હતું એને. પછી ઈયળું પડી ગાદલામાં સુવાડે, ગદ્દી આમ ફરે તો હજારો ઈયળું પડે ગાદલામાં સુવાડે, ગદ્દી આમ ફરે તો હજારો ઈયળું આ બાજુ પડે આમ ફરે તો આ બાજુ એ કહે બા માતા મૈં આવા પાપ આ ભવમાં કર્યાં નથી. મારી તો ઉંમર હજી અઢાર વર્ષની છે, હજુ બે વર્ષના લગ્ન છે આ ક્યાંથી આવ્યા, શું થયું આ. આહાહા ! એ કાણે કાણા કાણા પડયા હોયને છિદ્ર ને ઉસમેં આ કીડા, આહાહા... બટકા ભરે, બા મેં આવા પાપ કર્યાં નથી આ તો, આહાહા... રોવે એ ગદ્દીમાં ઠીક પડે નહીં કયાંય સુતા આમ સુતા કે આમ સુતા. ઠીક પડે નહીં. કારણકે સડી ગયા બધાને એમાં ઈયળ, કીડાં આ એ આ શરીર. એ માટીકા શરીર 'સળીયે પડણં વિધ્વંસણં' આ જેવો માટીનો પિંડ. આહાહા ! આહા ! આંહી કહેતે હૈ કે મૈં શરીર હું, ઐસે માના થા. આહાહા... પ્રભુ શરીર તો માટી, ધૂળ પુદ્‌ગલકી હૈ ચીજ ને આ તો જડ હૈ. આહા... અરે અંદરમેં તેરે પુણ્ય ને પાપકા ભાવ હોતા હૈ ને પ્રભુ, એ તો વિભાવ હૈ, દુઃખ હૈ, વસ્તુ હૈ તો વિભાવસે મુક્ત હૈ. આહાહાહા ! એમ ગુરુએ સૂનાયા. આહાહાહા ! આકરું કામ ભાઈ, ધર્મ કોઈ એવી ચીજ હૈ, કે સાધારણ આ દયા પાળી ને વ્રત કિયા ને જાત્રા કિયાને ભક્તિ કિયા ને ધર્મ હો ગયા ? હરામ ધર્મ હોય તો ત્યાં એ તો સબ રાગકી ક્રિયા હૈ. આહાહાહાહા ! સમજમેં આયા ?

અપના ચૈતન્યપ્રભુ આનંદકા દળ, આહાહાહાહા... એ તરફકા સાવધાન હોકર અપને પરમેશ્વર, અપને જેમ મુઠ્ઠીમેં સોના થા ભૂલ ગયા. ઐસે અપને પરમેશ્વર આત્મા, આહાહા... અનંત અનંત ઈશ્વર શક્તિસેં ભરા પડા પ્રભુ ભગવાન તેરેમેં તો જ્ઞાન, દર્શન, આનંદ, અનંત શક્તિ એ અનંત શક્તિ, ગુણ કહો કે શક્તિ કહો, ઉસમેં દરેકમેં ઈશ્વરતા ભરી હૈ. આહાહાહા... ઐસા અનંત ગુણકા પરમેશ્વર તુમ હૈ. આહાહા ! અરે કેમ બેસે ? કદી અભ્યાસ નહીં, નિવૃત્તિ નહીં, ફુરસદ નહીં. આહાહા ! તેરેમેં તો અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત શાંતિ, અનંત સ્વચ્છતા, અનંત પ્રભુતા ઐસે અનંત ગુણમેં, દરેક ગુણમેં પ્રભુતા ભરી હૈ, ઐસા અનંત અનંત ઈશ્વરકા ધણી તુમ પરમેશ્વર હૈ ને નાથ. આહાહા ! ઉસકી તુમ રક્ષા કરને. આહા ! સમજમેં આયા ? આવું આવી વાત છે ભાઈ. વીતરાગ મારગ અલૌકિક હૈ.

લોકોએ અનંત કાળમેં કિયા તો નહીં પણ યથાર્થપણે સૂના હી નહીં. આહાહા ! આંહી તો જન્મ-મરણ રહિત હોનેંકી ચીજકી બાત હૈ, જનમમરણ કરેગા એકાદ ભવ તો વો ભવમેંસે દૂસરા ભવ નરકને નિગોદકા હોગા. આહાહા ! અહીંયા તો આચાર્ય-મહારાજ કુંદકુંદાચાર્યદેવ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

દિગંબર સંત, સંવત ૪૯મેં હુઆ, ભગવાન પાસે ગયે થે, સીમંધર પરમાત્મા બિરાજતે હૈ, પાનશે ધનુષ્યકા દેહ, કરોડ પૂર્વકા આયુષ્ય હૈ, બિરાજતે હૈ ત્યાં ગયે થે, દો હજાર વર્ષ પહેલે સંવત–૪૯, ત્યાં આઠ દિન રહે થે, સદેહે ગયે થે, કુંદકુંદાચાર્ય દિગંબર સંત સંવત–૪૯ દો હજાર વર્ષ હુઆ ત્યાંસે આકર આ શાસ્ત્ર બનાયા. ત્યાંસે આકર આ શાસ્ત્ર બનાયા હૈ. આહાહા ! એ શાસ્ત્રમેં ભગવાનને ઐસા કહા અરે તુમ "અહં એકો" આ દ્વિધા, દ્વિધા રાગ ને શરીરની દ્વિધા તેરેમેં કહાં આ ગયા ? આહાહા ! પહેલો શબ્દ હૈ ને "અહં એકો" એનો આવી ગયો. અર્થ આજે આવશે. આહાહા ! આ તો ધીરજની વાતું છે બાપુ, ધર્મ કોઈ એવી ચીજ નથી કે પૈસા દીધે થઈ જાય, મંદિર બનાવે થઈ જાય ગજરથ બનાવે ને જાત્રા કરી દયે ને સમેતશિખરની અને ગિરનારની જાત્રા થઈ જાય માટે ધર્મ થઈ જાય, એ ધર્મ ઐસી ચીજ હૈ હી નહીં. ઉસમેં રાગ હો તો પુણ્ય હો જાય. પુણ્ય એ સંસાર હૈ. આહાહાહાહા !

અહીંયા કહેતે હૈ કે સાવધાન હોકર જૈસે અપને પરમેશ્વર આત્માકો ભૂલ ગયા થા, જેમ એ સોનું મુઠ્ઠીમેં થા એ ભૂલ ગયા થા, યાદ આયા કે અરે આ રહ્યા, ઐસે પરમેશ્વર અંદર થા ઉસકો ભૂલ ગયા થા, મૈં કહાં હું ? કહાં હું ? મૈં કહાં હું ? મૈં રાગમાં હું ? પુણ્યમાં હું ? શરીરમેં હું ? લક્ષ્મીમેં હું ? આહાહા ! મૈં બાપકા બેટા હું ? આહાહા ! મૈં દીકરાકા બાપ હું ? અરે કહાં ગયા પ્રભુ. સમજમેં આયા ? અપના પરમેશ્વર ભિન્ન હૈ ઉસકો ભૂલ ગયા થા, આ બધી યાદગીરી હો ગઈ. આ મારી બાઈડી છે ને આ મારા છોકરા છે ને આ મારા પૈસા છે ને આ મારા મકાન હૈ, મહેલ, મકાન હૈ, પાંચ પચ્ચીસ લાખકા અરે પ્રભુ એ તો પર ચીજ હૈ ને નાથ. હૈ.

( શ્રોતાઃ– મુંબઈ સીત્તેર લાખના મકાનમાં આપ ઉતર્યા'તા ને ? ) હા, તે ઉતર્યા'તા ને. આપણા આંહી દિગંબર હૈ, આમોદ, આમોદ ગુજરાતમેં હૈ ને, અમારા પાલેજ રહેતે થે ને, હમ તો ભરૂચ ને વડોદરા બિચમેં પાલેજ, હૈ ને દુકાન ત્યાં હમ નવ વરસ રહે, દુકાન ચલાવી'તી પાંચ વરસ, છોટી ઉંમરકી બાત હૈ. સત્તર વર્ષસે બાવીસ. પાંચ વરસ યહાં તો નેંવાસી વર્ષ હુઆ. દુકાન ચલતી હૈ બડી, તો ત્યાં આગળ આમોદ હૈ નજીક. તો અમે આમોદ પાસે નીકળે થે તો અમારે કુંવરજીભાઈ હતા ને ભાગીદાર થે દર્શન કરવા આવ્યા'તા. છેલ્લા જ ન્યાં હતા પછી ગુજરી ગયા. તો એ આમોદના ગૃહસ્થ છે આપણા પાંચ, છ કરોડ રૂપિયા, દિગંબર ગુજરાતી તો ત્યાં ઊતરે થેને મુંબઈ દરિયાને કાંઠે, સિત્તેર લાખનું તો એક મકાન હૈ. સીત્તર લાખકા એક મકાન, બહુ નરમ માણસ હૈ. શું નામ એનું ? ( શ્રોતાઃ– રમણિકભાઈ ) રમણિકભાઈ એની માં છે ડોશી બેયને પ્રેમ બહુ ભાઈ બિચારાને ઘણો. પણ એક મકાન સિત્તેર લાખકા. એવા તો મકાન બહોત. દિગંબર જૈન હૈ. ગુજરાતી એ અમારે પાલેજ, ભરૂચ વડોદરાની વચ્ચે નજીક હૈ આમોદ તો ત્યાં અમે ઉતર્યા'તા કંઈક વરસ હતું ને ૮૭મું, ૮૭ વર્ષ અને શરીર ઉંમર ૮૭ વર્ષની જન્મજયંતિ થી, તો ઉસકા મકાનમેં ઊતરે થે. મૈં તો ઉસકો કહા, ભૈયા આ કયા હૈ આ. આ સમુદ્રમાં કયા બગલા ઉડતે હૈ બગલા સમજતે હૈ, બગલા કહેતે હૈ ને ? અરે આ તો મચ્છી મારતે હૈ, તો આ બગલા ક્યાં સુધી જતે ભૈયા. મેરેકો કહે મહારાજ વીસ વીસ માઈલ સુધી બગલા આમ ઉપર ચલે જાય. પણ મચ્છીઓને લઈને આહારને ઝાડ નહીં પાન નહીં. આહાહાહા ! અરેરે આ બગલા આ મચ્છી ખાયને મરીને નર્કમાં જાય. મરીને નર્કમાં જાના. આવા અનંત અનંત

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


ભવ કિયા ભાઈ તેરે આત્માકા ભાન બિના, આહાહા... એ ગુરુએ સમજાયા, આહાહા... તો સિત્તેર લાખકા મકાન એ ધૂળના મકાન થા. આહાહા! આ છવ્વીસ લાખકા હૈ આ રહ્યું ને જુઓને, ભગવાનકા મંદિર આ. મહાવીર ભગવાન, આ છવ્વીસ લાખકા હૈ. એકલા આરસ-પહાણ સંગેમરમર પણ એ તો જડ હૈ. આહાહા! આત્માકા મકાન જે અંદર હૈ એ તો ચૈતન્ય સ્વરૂપ પરમેશ્વર સ્વરૂપ હૈ. આહાહાહા! આહાહાહા!

અનંત અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ, અનંત પ્રભુતા, અનંત સ્વચ્છતા, પ્રભુ તેરી તને ખબર નથી. ભાઈ તેરી ઈશ્વરતા, પરમેશ્વરતાની તને ખબર નથી. આહા! એ આંહી સાવધાન હોકર જાણ્યા. અપના પરમેશ્વરકો ભૂલ ગયા થા. આહાહા... ઉસકો જાનકર મુઠ્ઠીમેં જેમ સોના થા ને ભૂલ ગયા થા ને યાદ આ ગયા અરે આ રહ્યા. ઐસે ભગવાન તો અહીં થા. પરમાત્મ સ્વરૂપ હી હૈ આત્મા. આહાહાહા!

આ ગયા ને વહ ૩૨૦ ગાથામેં નહીં, ૩૨૦ ગાથા સંસ્કૃત ટીકા જયસેન આચાર્ય દિગંબર સંત, ભગવાન અંદર વસ્તુ આત્મા જો દ્રવ્ય હૈ પદાર્થ એ સકળ નિરાવરણ, સકળ સંપૂર્ણ નિરાવરણ ભગવાન આત્મતત્ત્વ હૈ. જિસકો જીવતત્ત્વ, આત્મતત્ત્વ કહીએ દ્રવ્ય, દ્રવ્ય એટલે વસ્તુ એ તો સકળ નિરાવરણ હૈ ઉસમેં આવરણ કુછ હૈ નહીં. ઔર અખંડ એક હૈ, એ તો. આહાહાહા! ભેદ પર્યાયકા ભી નહીં હૈ. એ તો અખંડ એક હૈ. આહાહાહા! પ્રત્યક્ષ પ્રતિભાસમય, મેરી જ્ઞાનકી પર્યાયમેં પ્રત્યક્ષ ભાસ હોતા હૈ, ઐસા મૈં હું. આહાહાહા! રાગસે નહીં. પણ મતિશ્રુત જ્ઞાનકી નિર્મળ પ્રત્યક્ષ પર્યાયસે પ્રત્યક્ષ હોનેવાલા મૈં હું. અવિનશ્વર હું, કદિ મેરા નાશ હુઆ નહીં. મૈં તો ઐસા ને ઐસા ધ્રુવ સદા ટીક રહા હું. આહાહા! અવિનશ્વર શુદ્ધ પારિણામિક ભાવ લક્ષણ શુદ્ધ પારિણામિક પરમ ભાવલક્ષણ સહજ સ્વભાવભાવ પરમભાવલક્ષણ નિજ પરમાત્મ દ્રવ્ય મૈં હું. નિજ પરમાત્મ દ્રવ્ય મૈં હું. આ પરમેશ્વર કહ્યા ને. આહાહા! સમ્યગ્દૃષ્ટિ જીવ અપના આત્માકો ઐસા માનતે હૈ. આહાહાહા! મૈં તો નિજ પરમાત્મા હું. અપના પરમાત્મ સ્વરૂપ ભગવાન અંદર, આહાહા... દેહ દેવળમેં બિરાજમાન આત્મા ભિન્ન હૈ. એ મૈં હું, મૈં શરીર નહીં, મૈં રાગ નહીં, મૈં પુણ્ય નહીં, મૈં પાપ નહીં, મૈં પુણ્યકા ફળ પૈસા આદિ મૈં નહીં, આહાહાહા! ઐસા જબ આત્માકા સમ્યગ્દર્શન, જ્ઞાન હોતા હૈ, તબ ધર્મકી દશા ઉસકો હુઈ, ઉસમેં ઐસા ભાન હુઆ, સમજકર સાવધાન હોકર ભૂલ ગયા થા ઉસકો જાનકર, જાણ્યા અરે આ તો જ્ઞાયક સ્વરૂપ જાનન સ્વભાવકા પિંડ પ્રભુ, એકલા જ્ઞાતા દ્રષ્ટા જ્ઞાન સ્વભાવકા સાગર ઐસા આ મૈં એમ ધર્મી જીવ સમ્યગ્દૃષ્ટિ જીવ, ઐસા સમજકર જાનકર, હૈ? "ઉસકા શ્રદ્ધાન કર" જાનકર શ્રદ્ધાન કર, એ ચીજ જ્ઞાનકી વર્તમાન પર્યાય દશામેં એ જાના કે આ વસ્તુ અખંડ જ્ઞાયકસ્વરૂપ ચૈતન્ય હૈ. ઐસા જાના તો પ્રતીત હુઈ, શ્રદ્ધા હુઈ. જાણ્યા બિના એ ચીજકી પ્રતીત શું? જે ચીજ પર્યાયમેં જાનનેમેં ન આયા, એ ચીજકી પ્રતીત કરના કહાંસે આતી હૈ? આહાહાહાહા!

મૈં તો ભગવાન, આઠ વર્ષની બાલિકા હો, પણ જો સમ્યગ્દર્શન પાતી હૈ તો ઐસા પાતી હૈ. આહાહા! સીતાજી જુઓ, આહા... સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની થી. ભલે રાવણ ત્યાં લઈ ગયો. પણ અંદરમાં તો મૈં આનંદકંદ હું. મેરી દૃષ્ટિ મેરે કોઈ ઉપાડ સકે કે લે સકે હૈ નહીં. આહાહાહા! જરી રાગ થા થોડા અસ્થિરતાકા, ચારિત્ર નહીં થા ને સમ્યગ્દર્શન જ્ઞાન થા. આહાહા! તો રામે જ્યાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

હનુમાનને મોકલ્યા. હનુમાન આયા હનુમાન થા ને. અંગુઠી લેકર, અંગુઠી. અરે વીરા. આહાહા... રાગ આયાને અસ્થિરતા. સમ્યગ્દર્શન હૈ, જાનતે હૈ કે આ વિકલ્પ મેરી ચીજ નહીં. આહાહા! સમજમેં આયા? આહા! "વીરા મોરા વધામણી કહાંસે લાયા" આ વધામણી ક્યાંથી વીર લાવ્યો પ્રભુ, આ અંગુઠી મારા નાથની, મારો પ્રભુ રામચંદ્ર મારો એક પતિ, દૂસરા કોઈ પતિ હૈ નહીં "આરે અંગુઠી મારા નાથની, એ વીરા ક્યાં થકી લાવ્યો. વીરા રે વીર વધામણી" આહાહા! રાગ હૈ, ભાન હૈ અંદર હોં એ રાગ એ મેરી ચીજ નહીં. પતિ મેરી ચીજ નહીં. આહાહા! સમજમેં આયા? આહાહાહા! આવી ચીજ હૈ ભાઈ!

એ વનચર કહેતા'તા ને, એ લોકો એમ કહે છે ને એ તો વનચર કહે છે એને, એ વનચર નહોતા. હનુમાન તો કામદેવ, રાજકુમાર હતા. એ લોકો એને પૂછડું બતાવે છે ને જૂઠી વાત છે. હનુમાન તો એક રાજકુમાર કામદેવ પુરુષ છ ખંડમેં એના જૈસા રૂપ નહીં સુંદર ઐસા થા તો ઓલા પૂછડું લગાડીને "વનચર વીરા રે વધામણી" એનામાં (અન્યમતિમાં) એવું આવે છે. વનમાં ચરનારા હૈ બંદર આ વધામણી કહાંસે આયા. એ તો રાજકુમાર હતા, કામદેવ પુરુષ થા. આહાહા! આહાહાહા!

સીતાજી અંદરમેં આત્માકા ભાન હૈ સમ્યગ્દર્શન જ્ઞાન હૈ. મૈં તો આત્મા આનંદસ્વરૂપ હું, મેરેકો કોઈ લે જાય કે મેરે ભાળીને (દેખકર) કોઈ રાગમેં આ જાય એ મૈં નહીં. આહાહાહા! એ આંહી કહેતે હૈ કે સાવધાન હોકર જાનકર અપના પ્રભુ, "રિદ્ધિ, સિદ્ધિ, વૃદ્ધિ દિસે ઘટમેં પ્રગટ સદા" અપની અપની રિદ્ધિ સિદ્ધિ ભગવાન આત્મામેં પડી હૈ રિદ્ધિ, સિદ્ધિ વૃદ્ધિ દીસે ઘટમેં પ્રગટ સદા, અંતરકી લક્ષ્મી તો અજાતિય લક્ષપતિ હૈ. અંતરકી લક્ષ્મીસે અજાતિય લક્ષપતિ હૈ, અંતર આનંદની લક્ષ્મીના ભાનવાળા ધર્મી અજાતિય લક્ષપતિ હૈ કોઈ જાત, પાત નહીં હૈ લક્ષ્મી અંદર હૈ અંદર. આહાહા! બહારની લક્ષ્મીકી ઈચ્છા ધર્મીકો હોતી નહીં. અસ્થિરતા હોતી હૈ પણ એ દૃષ્ટિમેં નહીં હોતી હૈ. આહાહા! સમજમેં આયા? એ આંહી કહેતે હૈ. સમ્યગ્દૃષ્ટિ જીવ, ધર્મની પહેલી સીઢીવાળા ધર્મના પહેલા પગથિયાવાળા, પગથિયા કહેતે હૈ ને, હિન્દી બહોત નહીં આતી ભાષા તો મેરી ગુજરાતી હૈ ને. આ થોડા થોડા હિન્દી. આ તો ભોપાલવાળા આવ્યા છે ને? સમજમેં આયા? આહાહાહા!

ભગવાન અંદર અતીન્દ્રિય આનંદ ને અતીન્દ્રિય જ્ઞાનસે ઓપિત, શોભિત જેમ સુવર્ણને ગેરુ લગાનેંસે સુવર્ણ ઓપિત ને શોભિત ચમક, ચમક, ચમક હોતી હૈ, ઐસે ભગવાન આત્મામેં આનંદ ને જ્ઞાનની ચમક હોતી હૈ. આહાહાહા! સમજમેં આયા? એ ચૈતન્ય ચમત્કાર ભગવાન ત્રિલોકનાથ સમ્યકદૃષ્ટિએ જાન લિયા. આહાહાહા! ભલે ગૃહસ્થાશ્રમમાં હો, પણ જાના કે મૈં તો પરમેશ્વર સ્વરૂપ ચિદાનંદ પરમાત્મ સ્વરૂપ હું. આહાહા! મેરેમેં વિકાર તો નહીં. મેરા શરીર તો નહીં પણ મેરેમેં અલ્પતા ને અપૂર્ણતા નહીં. આહાહાહા! આવી વાત છે પ્રભુ. આ દિગંબર સંતોની આ વાણી છે. એવી બીજે ક્યાંય હૈ નહીં. આહાહાહાહા! આ વસ્તુ ભગવાન ત્રિલોકનાથે કહી એ સંતો કહેતે હૈ. સંતો આડતિયા હોકર માલ આપતે હૈ, કે મારા ભગવાન આ કહેતે હૈ. આહાહા!

તો જાનકર ઉસકી શ્રદ્ધાન કર, જાના કે ભગવાન જ્ઞાયક, જ્ઞાયક જાનનેવાલા પરિપૂર્ણ પ્રભુ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

ઐસા જાનકર શ્રદ્ધા કિયા જાનકર શ્રદ્ધા કિયા. જાના કે આ આત્મા ઐસા પૂર્ણ આખા હૈ, ઐસા જ્ઞાન કરકે શ્રદ્ધાન સમકિત કિયા. સમજમેં આયા ? આહાહા !

પીછે ઔર ઉસકા આચરણ કરકે, તીનોં બોલ લેના હૈ ને સ્વરૂપ અંતર આનંદસ્વરૂપકા જ્ઞાયક સ્વરૂપકા ભાન હુઆ, જ્ઞાન હુઆ ઔર જ્ઞાન હોકર શ્રદ્ધા હુઈ, ઔર શ્રદ્ધાન હોકર ઉસકા આચરણ કરકે, એ સ્વરૂપ જે આત્મા આનંદકંદકા જ્ઞાન હુઆ, શ્રદ્ધા હુઈ, સમકિત પીછે, ઉસમેં આચરણ, આનંદકંદ પ્રભુમેં રમના, આનંદકા નાથમેં રમના, આચરણ કરના. આહાહાહા... એ ચારિત્ર. ચારિત્ર કોઈ દેહકી ક્રિયા ને પંચમહાવ્રતકા પરિણામ વો કંઈ ચારિત્ર નહીં. ભગવાન અતીન્દ્રિય આનંદકા નાથકી શ્રદ્ધા ને જ્ઞાન કરકે એ અંતરમેં આનંદમેં રમના. આહાહાહા ! આરે ! આરે ! વ્યાખ્યા એક એક ફેર સમકિતની ફેર, જ્ઞાનની ફેર, એ આચરણકી ફેર આ તો વ્રત બ્રત કરે ને થઈ ગયા ચારિત્ર, ધૂળેય નહીં હૈ એ. સમજમેં આયા ? આહા !

એ આચરણ કરકે ઉસકા આચરણ કરકે છે ને ? એટલે ઉસમેં તન્મય હોકર, જૈસે એ દયા, દાનકે વિકલ્પમેં તન્મય થા અજ્ઞાનમેં ઐસે આ વસ્તુ જાની ને શ્રદ્ધા હુઈ તો ઉસમેં તન્મય હોકર આનંદ અતીન્દ્રિય આનદમેં લીન હોકર એ ચારિત્ર એ આચરણ એ આત્માકા આચરણ. આહાહાહા ! શુભાશુભભાવ એ આત્માકા આચરણ નહીં. આહા ! એ તો વિકારકા આચરણ હૈ.

ભગવાન આત્મા અપના જ્ઞાયક સ્વરૂપ, જ્ઞાયક ઐસા જાનકર ઉસમેં પ્રતીતિ કિયા, શ્રદ્ધા કિયા સમકિત ઔર પીછે જ્ઞાયકસ્વરૂપ ચિદાનંદમેં આચરણ કિયા. ઓહોહો ! સ્વરૂપ આનંદમેં રમણ કિયા ઉસકા નામ આચરણ આત્માકા, ઉસકા નામ ચારિત્ર આત્માકા. આહાહા ! આચરણ કરકે, જો સમ્યક્ પ્રકારસે, સાચી રીતે એક આત્મારામ હુઆ. સમ્યક્ પ્રકારે એટલે જ્ઞાન-દર્શનને ચારિત્રરૂપ હોકર સમ્યક્ પ્રકારે ધારણામાં એકલા જ્ઞાન લિયા કે આત્મા ઐસા હૈ ને ઐસા એમ નહીં. આહાહાહાહા !

સહજાનંદ પ્રભુ, ઉસકો જાનકર, પ્રતીતિ કર ઉસમેં આચરણ કરકે ઉસમેં આચરણ કિયા. આહા ! ઐસે સમ્યક્ પ્રકારસે સત્યદૃષ્ટિસે, સત્યજ્ઞાનસે, સત્યઆચરણસે એક આત્મારામ હુઆ. આત્મરામ "નિજ પદ રમેં સો રામ કહીએ". આહાહાહા ! ભગવાન આનંદ સ્વરૂપમેં રમેં વો આત્મારામ હૈ. રાગમાં રમે એ હરામ હૈ. આહાહાહા... એ આત્મા નહીં, આહાહા... આવી વાતું છે. હજી એને જ્ઞાનેય ન મળે સાચા, એને ક્યાં જાવું ભાઈ. આહાહા ! કહે છે સાચી રીતે એક આત્મારામ હુઆ જુઓ એક આત્મારામ હુઆ. વો રાગ અને પુણ્યરૂપ થા એ અનેકપણે એ નહીં. છૂટ ગયા. આહાહાહા !

જ્ઞાયક, ધ્રુવ, શુદ્ધ, ઉસકા જ્ઞાન કર, ઉસકી પ્રતીતિ કર, ઉસમેં રમણતા કિયા તીનોં લિયાને ઐસા આડત્રીસ ગાથા હૈ ને આખિરકી ગાથા હૈ યે. એ આત્માની તીનોં દશા પ્રગટ હુઈ. આહાહાહા ! ઉસકા આચરણ કરકે સમ્યક્ પ્રકારસે એક આત્મારામ હુઆ. યહ મૈં ઐસા અનુભવ કરતા હું. આહાહાહાહા ! સમ્યગ્દૃષ્ટિ જીવ એમ કહેતે હૈ કે ધર્મી ધર્મકા પરિણમન કરનેવાલા એમ જાનતે, એમ કહેતે હૈ જાનતે હૈ, મૈં ઐસા અનુભવ કરતા હું કે મૈં ઐસા અનુભવ કરતા હું, આહાહાહાહા... ચૈતન્યસ્વભાવ દરિયો જેમ ઊછળે, સમુદ્રમેં જેમ બાઢ આતી હૈ. ઐસે ભગવાન આત્મા ચિદાનંદકી પ્રતીત ને જ્ઞાન હુઆ સ્થિર હુઆ. પર્યાયમેં બાઢ આઈ. શાંતિકી,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

આનંદકી, સ્વચ્છતાકી, આહાહાહા... આવી વાત ક્યાં ? મુશ્કેલ છે બાપુ, મારગ વીતરાગનો એ દિગંબર ધર્મ એ જૈન ધર્મ એ કોઈ અલૌકિક ચીજ હૈ. એ આ નાગા થાય ને લૂગડાં છોડીને થઈ ગયા દિગંબર, ઐસા દિગંબર હૈ નહીં. આહાહા ! હૈં ! ( શ્રોતાઃ- ગાથા અલૌકિક છે ) ગાથા અલૌકિક છે. એય નિરંજન ! તમારા ચિરંજીવીને પણ પ્રેમ છે આમાં. આહાહા ! બાપુ કરવા જેવું આ. સમજે તો ખરો, સમજણ તો કરે પહેલી. આહાહાહા !

સોયમાં દોરો પરોવે જેમ સુતરનો તો એ ન ખોવાય. ખોવાય કહેતે હૈ ને ? ખોવાય નહીં, એમ ભગવાન આત્માકા સમ્યગ્જ્ઞાનરૂપી દોરો પરોવે તો આગળ જાકર ચારિત્રકો હોકર મુક્તિ પાયેગા, પણ સમ્યગ્જ્ઞાન નહીં હૈ ઉસકો તો કોઈ ચારિત્ર નહીં આયેગા અને ચાર ગતિમેં રખડેગા. આહાહા ! સુતર વિનાની સોય, ધાગા વિનાની સોય એ તો ખોવાઈ જાયેગી, પણ ધાગા પરોવાયેગા, પરોવાયા હોય તો ચકલી માળામેં લે જાય તો એ આ મારી સોય હૈ એમ સમ્યગ્જ્ઞાનરૂપી દોરો જો પરોયા હોગા તો ચાર ગતિમેં નહીં રખડેગા. આહાહાહા ! સમજમેં આયા ?

તો આ સમ્યગ્જ્ઞાન મૈં ચિદાનંદ જ્ઞાયકસ્વરૂપ હું, મેરેમેં રાગ ને પુણ્ય નહીં, મેરી અલ્પતામેં અલ્પતા ભી મેં નહીં. આહાહાહા ! ઐસા પૂર્ણાનંદકા નાથકા જ્ઞાન કરકે પ્રતીતિ કિયા અને વો ઉપરાંત તો અહીંયા તો આચરણ ભી લિયા. આહા... ચારિત્ર, તો એ ચારિત્રવંત, દર્શન, જ્ઞાન ને ચારિત્રવંત એમ કહેતે હૈ. મૈં ઐસા અનુભવ કરતા હું. સમ્યગ્દૃષ્ટિ જીવ, અપના સ્વરૂપકો જાનકર, પ્રતીત કર આચરણ કિયા. એ જીવ એમ જાનતે હૈ કે મૈં ઐસા અનુભવ કરતા હું, મૈં ચૈતન્યમાત્ર જ્યોતિરૂપ આત્મા હું. ઓહોહોહો ! ગાથા અલૌકિક હૈ ! મૈં તો ચૈતન્યમાત્ર જ્યોતિ હું. "સ્વયં જ્યોતિ સુખધામ" શ્રીમદ્‌માં આવે છે ને "શુદ્ધ, બુદ્ધ, ચૈતન્યઘન, સ્વયંજ્યોતિ, સુખ ધામ" શુદ્ધ કહો કે પારિણામિક સ્વભાવ કહો, કે જ્ઞાયક કહો કે ધ્રુવ કહો, શુદ્ધ બુદ્ધ જ્ઞાનકા પિંડ મૈં તો જ્ઞાનકા પિંડ જ્ઞાન એકલા જ્ઞાનકા રસકા પિંડ મૈં હું. શુદ્ધ, બુદ્ધ, ચૈતન્યઘન અસંખ્ય પ્રદેશી ચૈતન્યઘન હું. સ્વયં જ્યોતિ, અપનેંસે ચૈતન્ય પ્રકાશમય જ્યોતિ હું. કોઈ કારણસે નહીં. સુખધામ ! મેરા આત્મા આનંદકા સ્થાન હૈ, અતીન્દ્રિય આનંદકા ધામ હૈ. આહાહાહાહા ! ઐસે આત્મા હુઆ મૈં, ઐસા અનુભવ કરતા હું, મૈં તો ચૈતન્યમાત્ર જ્યોતિરૂપ આત્મા હું. ચૈતન્ય જાનન, દેખનમાત્ર જ્યોતિ, ચૈતન્ય જ્યોતિ ચૈતન્યમાત્ર જ્યોતિ, રાગ આદિ તો બિલકુલ નહીં. આહાહાહાહા ! ચૈતન્યમાત્ર જ્યોતિ જાણક, દેખન સ્વભાવમાત્ર જ્યોતિ, આહા ! ઐસા જો આત્મા, એ મૈં હું. આહાહા ! સમ્યગ્દૃષ્ટિ જીવ અપનેકો ઐસા માનતે હૈ. ધર્મી જો સમ્યગ્દૃષ્ટિ હુઆ એ, જેને ભાન નહીં એ તો અનેક પ્રકાર હૈ, રાગ ને પુણ્યકી ક્રિયાસે ધર્મ હોગા ને ઐસે માનતે હૈ એ તો મિથ્યાદૃષ્ટિ હૈ. આહાહાહા ! સમજમેં આયા ? આહાહા !

મૈં ચૈતન્યમાત્ર જ્યોતિરૂપ આત્મા હું. ચૈતન્યમાત્ર જ્યોતિરૂપ આત્મા હું. મૈં રાગરૂપ, શરીરરૂપ, વાણીરૂપ મૈં કર્મરૂપ, ઐસા નહીં. આહાહાહા... મૈં તો ચૈતન્યમાત્ર ચૈતન્ય પ્રકાશકા પૂંજ પ્રભુ, જેમ સૂર્યના પ્રકાશનો પૂંજ સૂર્ય હૈ, આ જડકા પ્રકાશ, આ ચૈતન્યપ્રકાશકા નૂરકા પૂરના તેજ મૈં આત્મા હું. આહાહાહા ! આ તે આવી વાત, ક્યાં નવરાશ માણસને રખડવા આડે નવરો નથી. આખો દિ' પાપ અને પછી કાંઈ થોડાક પુણ્ય થોડું કરે ત્યાં ઓલી, આહાહા...

સોયનું દાન ને શું કીધું ? એરણની ચોરી. એરણ હોય ને સોનાની, સોનીની એની ચોરી કરે ને સોયનું દાન, હવે આખો દિ' પાપ આ પાપ પાપ કર્યાં કરે ને એમાં કોક દિ' જાત્રા, ભક્તિ કે વ્રત આદિ પૂજાના ભાવ શુભ હોય એ સોયનું દાન છે. આહાહા ! હવે આવી વાતું છે.

આંહી કહે છે, ધર્મી અપનેંકો ઐસે જાનતે હૈ કે મૈં તો ચૈતન્યમાત્ર જ્યોતિરૂપ આત્મા, જ્યોતિરૂપ આત્મા, જ્યોતિવાળા એમેય નહીં, ચૈતન્યમાત્ર જ્યોતિરૂપ આત્મા, આહાહાહા... જ્યોતિસ્વરૂપ આત્મા, જ્યોતિવાળો આત્મા ઐસે નહીં, એ તો ભેદ. આ, ચૈતન્યમાત્ર જ્યોતિરૂપ આત્મા. આહા... આ નીકળે છે ને શું પ્રકાશ નહીં ? બાહુબલિજી નહીં, બાહુબલિમાં હૈં ? (શ્રોતાઃ- સર્ચલાઈટ) સર્ચલાઈટ છેટેથી આમ, (પ્રકાશ-પ્રકાશ-પ્રકાશ) એમ આ ચૈતન્યજ્યોતિની સર્ચલાઈટ હૈ આત્મા. આહાહા ! બાહુબલિમાં છે, ને બાહુબલિજીમાં છે નહીં બે સર્ચલાઈટ સામીને બે સર્ચલાઈટ સામે, એમ ભગવાન આત્મા ચૈતન્યજ્યોતિની સર્ચલાઈટ હૈ અંદર, પ્રકાશકા પૂંજ ચૈતન્યકા પ્રકાશકા પૂંજ આત્મા હૈ.

આમ કેમ બેસે ? બીડી વિના હાલે નહીં ને તમાકુ વિના હાલે નહીં, હવે આટલા તો અપલખણ બે સરખી બીડી પીવે સીગારેટ ત્યારે ભાઈને પાયખાને દસ્ત આવે, ઊતરે પાયખાને દસ્ત ઊતરે આટલા તો અપલખણ હવે એને આવો (આત્મા) કહેવો, આવો આત્મા કેમ બેસે ? આહાહાહા ! આ તો જેને બેઠો (સમજાયો) એની વાત હૈ. આહાહા ! મૈં ચૈતન્યમાત્ર જ્યોતિસ્વરૂપ આત્મા હું, કે જો મેરે યે અનુભવમેં પ્રત્યક્ષ જ્ઞાત હોતા હૈ. આહાહાહાહા ! મેરે અનુભવમેં પ્રત્યક્ષ જાનનેમેં આતા હૈ એમ કહે છે આ તો, આહાહા ! જ્ઞાનકી પર્યાયમેં પ્રત્યક્ષ જાનનેમેં આતા હૈ, પરોક્ષ નહીં. એ શ્રુતજ્ઞાનકો પરોક્ષ કહ્યા એ તો પ્રત્યક્ષ પૂરણ સર્વજ્ઞ નહીં એ અપેક્ષાએ, બાકી આંહી તો પ્રત્યક્ષ કહા હૈ. સમજમેં આયા ? મેરે એ અનુભવમેં પ્રત્યક્ષ જ્ઞાત હોતા હૈ. આહાહાહા ! ઔર "શુદ્ધો", "શુદ્ધો" છે ને ? "અહમ એકકો" ત્યાં સુધીકા અર્થ હુઆ. શબ્દ હૈ ને "અહમ એકકો" છે ને મૂળ ગાથામાં. હવે "શુદ્ધો" નું (સ્પષ્ટીકરણ)

ચિન્માત્ર આકારકે કારણ મૈં તો જ્ઞાનસ્વરૂપી ભગવાન જ્ઞાતાકી જ્યોતસ્વરૂપ આત્માકે કારણ, સમસ્ત ક્રમરૂપ-નર્કગતિ, મનુષ્ય ગતિ આદિ એ ક્રમે મિલતી હૈ, તે નહીં. મનુષ્ય ગતિ, તિર્યંચ ગતિ, દેવગતિ, પર્યાપ્ત, અપર્યાપ્ત ક્રમે હોતી હૈ એ નહીં. અક્રમરૂપ એકસાથ જોગ, લેશ્યા, કષાય એકસાથ હોતે હૈ એ અક્રમ, એકસાથ હોતા હૈ એ ભી મૈં નહીં. આહાહાહા ! આમાંય ગોટો વાળે કેટલાક જોયું એ ક્રમ અક્રમ કહે પણ કંઈ ક્રમઅક્રમ કયા કહા હૈ ? એ તો ક્રમ નામ એક પછી એક ગતિ મિલતી હૈ ઉસકો ગતિકે ક્રમ કહેતે હૈ અને એક સાથ જોગ, લેશ્યા, કષાય એક સાથ હૈ એને અક્રમ કહેતે હૈ. તો ક્રમરૂપ અક્રમરૂપ વર્તમાન, વર્તમાન-વર્તમાન વર્તતા નર્કગતિ આદિ ને રાગઆદિ વર્તતા વ્યાવહારિક ભાવોસે ભેદરૂપ નહીં હોતા. એવા વ્યવહારભાવસે મૈં ભેદ (રૂપ) નહીં હું. આહાહાહા ! ઝીણી વાત છે આ. મેરી ચીજ તો જ્ઞાયકસ્વરૂપ ભગવાન ધર્મી જીવ સમ્યગ્દ્રષ્ટિ પ્રથમ ધર્મની શરૂઆતવાળા અપનેકો ઐસે જાનતે હૈ, મૈં તો જ્ઞાયકમાત્ર જ્યોતિસ્વરૂપ, એ ક્રમે હોનેવાલી ગતિ આદિ એ મેરેમેં નહીં. હૈ ? ભેદરૂપ નહીં હોતા. આ વ્યવહારિકસે ક્રમસે ગતિ આદિમેં અક્રમસે જોગ, કષાય આદિ ભેદરૂપ નહીં હોતા. ઈસલિયે મૈં 'એક' હું. હવે આંહી એક આયા. આહાહા ! "અહં એકકો" આહાહાહા ! આંહી એક આવ્યું હવે.

"અહં એકકો"ની વ્યાખ્યા થઈ. એક અક્ષરની વ્યાખ્યા. હવે 'શુદ્ધો'ની વ્યાખ્યા લેશે.

(શ્રોતાઃ– પ્રમાણવચન ગુરુદેવ.)

## પ્રવચન નં. ૧૦૯ ગાથા – ૩૮ તા. ૧૫-૧૦-૭૮ રવિવાર આસો સુદ ૧૪ સં. ૨૫૦૪

આડત્રીસમી ગાથા, ટીકા, ફરીને, કાલ તો હિન્દી હાલ્યું'તું ને!

આ આડત્રીસ ગાથા, જીવના અધિકારની પૂર્ણની ગાથા છે એ જીવ અધિકાર આંહી પૂર્ણ થાય છે. એટલે? કે જીવનું કથન જે સર્વજ્ઞે સંતોએ કહ્યું, એવું જેણે અંદર જાણ્યું, અનુભવ્યું અને દર્શનજ્ઞાનચારિત્રરૂપ પરિણમન થયું, એ જીવ કેવો છે એનું આંહી વર્ણન છે.

હવે એમાં પાઠમાં તો આ છે "અહં" પણ "અહં" પહેલાં એ જે "અહં" નહોતો સમજ્યો એ કેવો હતો "અહં" શબ્દ છે ને તો "અહં" તો પોતે નિર્ણય કરે છે કે હું આ છું. પણ એ કોણ? કે પહેલો તો અજ્ઞાની હતો એની આંહી વાત કરી છે એ એમાંથી 'હું' માંથી કાઢયું છે.

(ટીકા :–) જે, અનાદિ મોહ, મોહથી કહો કે અજ્ઞાનથી એ બે એક જ છે, મોહરૂપ અજ્ઞાનથી એમ, ઉન્મત્તપણાને લીધે, પાગલ હતો, પાગલ. આહાહાહા! જે આ શરીર છે એ હું છું, પાપના પરિણામ છે તે હું છું, શુભરાગ જે દયા–દાનનો વિકલ્પ જે શુભરાગ એ હું છું, એમ મોહથી પાગલ થઈ ગયેલો હતો. મોહ શબ્દે અજ્ઞાનથી, સ્વરૂપનું ભાન ન મળે, એથી એ વિકારી પરિણામને પોતાના માનતો, શરીર મારું માનતો, એને લઈને એ અત્યંત અપ્રતિબુદ્ધ હતો, અત્યંત મૂઢ હતો અજ્ઞાની. આહાહાહા! જુઓ, એને આંહી સમજાવે છે.

જેને આત્મા અંદર શુદ્ધ ચૈતન્યમૂર્તિ કોણ છે? એની (મુદ્દલ) ખબર નથી, અને એ પુણ્ય ને પાપના ભાવ ને શરીરને, પરમાં મોહને લઈને – પોતાનું માનીને પાગલ ઉન્મત્ત થયો છે, આહાહા... એ અત્યંત અપ્રતિબુદ્ધ હતો, અત્યંત અજ્ઞાની હતો એમ કહે છે.

એને, વિરક્ત ગુરુથી, નિર્ગ્રંથ અથવા રાગથી રક્ત રહિત, સ્વભાવમાં રક્તવાળા સંતોથી આહાહાહા... પુણ્ય ને પાપના ભાવ, રાગ એનાથી વિરક્ત છે અને સ્વરૂપ આનંદમૂર્તિ પ્રભુ એમાં જે રક્ત છે, એવા સંતો, મુનિઓ એવા ગુરુ એણે એને સમજાવ્યું. ભાઈ! પ્રભુ, તું કોણ છો? નિરંતર સમજાવવામાં આવતાં; એનો અર્થ એ કે સમજાવ્યું તો ભલે એકવાર કે બેવાર પણ એણે વારંવાર (તેનું જ) ઘોલન કર્યું કે ઓહો! આ ગુરુ તો એમ કહે છે કે બહિર્મુખની જે વૃત્તિઓ પુણ્ય પાપની છે એ તું નહીં. તારી ચીજ અંદરથી જુદી છે ભાઈ! આહા!

એને વારંવાર સમજાવતાં અથવા વારંવાર સમજણના રાગથી ભેદ કરવાના અભ્યાસથી આહાહાહા... જે કોઈ પ્રકારે સમજી, છે? સાવધાન થઈ સમજ્યો. સાવધાન થયો. જે પરમાં રાગને પુણ્યાદિ ભાવમાં સાવધાન હતો, એ ગુલાંટ ખાઈને સ્વરૂપમાં સાવધાન થયો. આહાહા! ન્યાં મોહ કીધો હતો ને, મોહ એટલે પરમાં સાવધાન હતો. આહાહાહા! એ જીવ, "અહં" હું કોણ છું એની પછી વ્યાખ્યા લેશે.

એ કોઈપણ રીતે સમજ્યો, સાવધાન થયો, જેમ કોઈ મૂઠીમાં રાખેલું સુવર્ણ ભૂલી ગયો હોય હાથમાં સોનું હોય ને ભૂલી જાય, ફરી યાદ કરે કે સોનું તો છે કહે છે હાથમાં ક્યાંય બીજે

મૂક્યું હોય, આંહી તો મૂઠ્ઠીમાં લીધું છે. તે ફરી યાદ કરીને તે સુવર્ણને દેખે, કે સુવર્ણ તો આ રહ્યું, મારા હાથમાં સોનું છે, એ ન્યાયે, પોતાના પરમેશ્વર, આહાહાહા... પરમ ઈશ્વર, પરમેશ્વર, જ્ઞાનેશ્વર, દર્શનેશ્વર, ચારિત્ર ઈશ્વર, વીર્યેશ્વર, શાંતિઈશ્વર, જ્યોતિશ્વર, કર્તા, કર્મ, કરણાદિશ્વર એવી એવી અનંત ઈશ્વરની શક્તિવાળો ભગવાન (નિજાત્મા) આહાહા... પોતાના પરમેશ્વર એટલે પોતાનો પરમેશ્વર એમ કે બીજા ભગવાનનો પરમેશ્વર નહીં. આહાહાહા!

પોતાના પરમેશ્વરને ભૂલી ગયો હતો. આહાહા! તેમને જાણીને, જેને ભૂલ્યો હતો તેને જાણીને, આહાહા... રાગ આદિ પોતાના માનીને ભગવાનને (નિજાત્માને) ભૂલી ગયો'તો પોતાનું સ્વરૂપ પરમેશ્વરને ભૂલી ગયો હતો, એને જાણીને, તેનું શ્રદ્ધાન કરીને, જ્ઞાનની પર્યાયમાં તે જ્ઞાયક પરમેશ્વરને જાણ્યો કે આ તો પરમાનંદમૂર્તિ, પ્રભુ પૂરણ પ્રભુ છે, એમ જેણે સમકિતીએ, જ્ઞાનની પર્યાયમાં જાણ્યો, એનું એણે શ્રદ્ધાન કર્યું. આહાહા! જાણેલાનું શ્રદ્ધાન હોય, જાણ્યા વિનાની શ્રદ્ધા એ જાણી નથી. (જાણ્યા વિના) એની શ્રદ્ધા શું? જાણવામાં આવ્યો કે ભગવાન આત્મા, શુદ્ધપરમેશ્વર આનંદસ્વરૂપ છું હું, એને જાણીને શ્રદ્ધાન કરીને તેનું આચરણ કરીને, ત્રણેય પૂરું કરવું છે ને આંહી તો! આંહી તો, તેને જાણીને, તેનું શ્રદ્ધાન કરીને ને એ ભગવાન આત્માનું આચરણ કરીને, આહાહા... આનંદના સાગરનું આચરણ કરીને, આનંદમાં રમતું માંડી અંદરથી, આહાહાહા! જેણે અતીન્દ્રિય આનંદના નાથને જાણ્યો, અતીન્દ્રિય આનંદના નાથને જાણીને, પ્રતીત કરી, જે રાગમાં રખડતો અને રમતો હતો એ હવે આનંદમાં રમવા લાગ્યો. આહાહાહા! આ ચારિત્ર. અરે રે! લોકો કાંઈનું કાંઈ કરે છે, શુભજોગ જ હોય બધું સંયમ ને ચારિત્ર, પ્રભુ... પ્રભુ... પ્રભુ! ભાઈ! આ આત્મા આનંદસ્વરૂપ છે અતીન્દ્રિય. એનું જ્ઞાન થાય શુદ્ધઉપયોગમાં, એની શ્રદ્ધા થાય સમકિતમાં, તેનું આચરણ થાય આનંદની રમણતામાં. આહાહા! અતીન્દ્રિય આનંદસ્વરૂપ છું તેનું જ્ઞાન થાય, જ્ઞાન થઈને તેની પ્રતીત થાય, પ્રતીત થઈ ને તે જ્ઞાનમાં આનંદમાં રમે. આહા! એ વાત છે. એ આત્માનું આચરણ, એને ચારિત્ર કહેવામાં આવે છે. આહાહાહાહા! અતીન્દ્રિય આનંદમાં રમે એને આંહી આત્માનું આચરણ, આનંદનું આચરણ, ચારિત્રનું આચરણ કહેવામાં આવે છે. આહાહા!

તેમાં તન્મય થઈને, આચરણ કરીને તેનો અર્થ એ કર્યો સમ્યક્પ્રકારે એક આત્મારામ થયો. સમ્યક્પ્રકારે, સાચા પ્રકારે, જેવો હતો તેવો સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રમાં આત્મારામ થયો, આહાહાહાહાહા... આત્મા આત્મારામ થયો, આત્મા જે રાગમાં હરામપણે રમતો'તો એ આત્મા આત્મામાં રમવા લાગ્યો. આહાહાહા! આ હજી "અહં" અહં ની વ્યાખ્યા છે. છે ને "અહં" 'अेक्को' પછી अहं – હું કેવો છું. એની પહેલી વ્યાખ્યા. એ તો ઓલામાંય આવે છે ને ભાઈ (સમયસાર ગાથા) તોંતેરમાંય આવે છે. 'अहमेक्को खलु सुद्धो' ત્યા એ લીધું છે અનાદિ અનંત ચૈતન્યમૂર્તિ ભગવાન પ્રત્યક્ષ પ્રતિભાસમય તે હું છું, તોંતેર (ગાથામાં) ત્યાંય 'अहम्अेक्को' ત્યાં પણ એક્કો છે એક છું ષટ્કારકના પરિણમન રહિત છું, પર્યાયમાં. આહાહાહા!

મારું "અહં"નું અસ્તિત્વ, શુદ્ધચૈતન્યઘન તેનું જ્ઞાન, તેનું શ્રદ્ધાન, તેનું આચરણ એવો આત્મારામ છું. આહાહાહા! સમ્યક્ પ્રકારે એક આત્મારામ થયો. શાસ્ત્રની વાત સાંભળી'તી ધારી'તી કે આત્મા આવો છે એથી કાંઈ એ સમ્યક્પ્રકારે આત્મારામ ન થયો, એ શાસ્ત્રના

ભણતરમાં તો એને આવી ગયું હતું, અગિયાર અંગ ભણ્યો છે એમાં તો આ આવ્યું'તું કે ભગવાન આત્મા પરમાનંદની મૂર્તિ પ્રભુ, પણ એ ધારણામાં હતું એટલે એ કાંઈ વસ્તુ નહીં. આહાહાહા ! આ તો સમ્યક્ પ્રકારે આત્મારામ થયો. સાચા પ્રકારે આત્માનું જ્ઞાન ને આત્માનું શ્રદ્ધાન ને આત્માની રમણતા થઈ. આહાહાહા !

( શ્રોતાઃ સાચો પ્રકાર ક્યો ને ખોટો પ્રકાર ક્યો ? ) ખોટો તો કીધું ને પહેલું આ શાસ્ત્રમાં સાંભળીને ધારણા હતી તે આત્મારામ ખોટો હતો. આહાહાહાહા ! એ વાત તો કરી, શાસ્ત્રજ્ઞાનથી સાંભળીને જાણ્યું કે આત્મા આવો છે ને ભગવાન આવો છે, એ તો ધારણાનું જ્ઞાન એ કાંઈ સાચા પ્રકારે આત્મારામ નથી થયો. આહાહાહાહા ! આ તો સમ્યક્પ્રકારે આત્મારામ થયો.

જેવો ભગવાન પૂર્ણાનંદનો નાથ પ્રભુ છે, તેને જ્ઞાનમાં જ્ઞેય બનાવી, અને તેની પ્રતીત કરી અને તેમાં રમવા લાગ્યો, એ સાચા પ્રકારે આત્મારામ થયો. આહાહા ! 'નિજપદ રમે સો રામ કહીએ' આહાહા... એવો જે ભગવાન આત્મા આડત્રીસ ગાથા છે ને ! જીવ અધિકારની છેલ્લી, પૂરણની ગાથા. આહાહાહા !

આત્મારામ થયો તે હું એવો અનુભવ કરું છું, છે ને ? 'અહં' તેનો અર્થ છે, 'અહં' ની વાત છે, એકલા 'અહં' નો અર્થ છે. આહાહા ! 'અહં' હું એવો અનુભવ કરું છું કે, હું ચૈતન્યમાત્ર જ્યોતિરૂપ આત્મા છું. આહાહાહાહા ! હું એક ચૈતન્યમાત્ર ભગવાન, ચૈતન્યજ્યોતિ ઝળહળજ્યોતિ, ચૈતન્યના તેજનું નૂરનું પૂર, એવી જ્યોતિ હું આત્મા છું. આહાહાહા ! હું તો એક જાણન દેખન દૃષ્ટા જ્ઞાતા, એવી જે ચૈતન્યજ્યોતિ તે હું છું, હું રાગેય નહીં, પુણ્યેય નહીં, પર્યાય જેટલોય નહીં. આહાહા !

'હું' 'અહં' હું એક, હું ચૈતન્યમાત્ર, ચૈતન્યમાત્ર, જેમાં રાગની ગંધ નથી, શુભરાગ આદિની જેમાં અસર નથી. આહાહા... એવો ભગવાન ચૈતન્યમાત્ર જ્યોતિરૂપ આત્મા છું. ચૈતન્યમાત્ર જ્યોતિ, અગ્નિની જ્યોતિ છે એ તો ઉષ્ણ જ્યોતિ છે. આ ચૈતન્યમાત્ર જ્યોતિ, જાણક, દેખન ચૈતન્યજ્યોતિ સ્વરૂપ. આહાહા ! એ પ્રકાશની ચૈતન્ય પ્રકાશની ઝળહળજ્યોતિસ્વરૂપ એ હું, એ આત્મા, છે ? આહા ! ચૈતન્યમાત્ર જ્યોતિ આત્મા છું. એ હું આત્મા છું, એવું સમ્યગ્દૃષ્ટિને અંતરમાં આ રીતે ભાસ્યું. જે અજ્ઞાનપણે અપ્રતિબુદ્ધ હતો, એને સમજાવવામાં આવ્યો, ત્યારે આ રીતે એ સમજ્યો ! આહાહાહા !

અરેરે ! એ આ આત્માને જાણ્યો, એ શુભભાવથી જણાતો હશે ? આરે ભગવાન શું કરે છે પ્રભુ શું કરે છે ભાઈ ? આહાહા ! શુભરાગ તો વિકાર ને આસ્રવ છે. ત્યાં એમ કહ્યું છે ને તોંતેર ગાથામાં 'अहमेक्को' આસ્રવોથી કેમ નિવર્તે ? એમ શબ્દ છે ને ? તોંતેરમાં ન્યાં મથાળું એમ છે કે આસ્રવોથી કેમ નિવર્તે ? કે આ રીતે, કે હું અનાદિ–અનંત ચૈતન્યમાત્ર જ્યોતિ છું, મારી પર્યાયમાં રાગનું તો પરિણમન નહીં, પણ ષટ્કારક ( નું ) નિર્મળ પરિણમન છે, એનાથી મારી અનુભૂતિ, તત્ત્વ ભિન્ન છે, એ હું છું તોંતેર. એ ગાથા તો ભાઈએ લીધી છે ઓલાએ દેવચંદ્રજીએ, શ્વેતાંબર છે ને દેવચંદ્રજી એણે તોંતેરમી ગાથા લીધી છે, એક આગમ છે ને એનું, પહેલાં વાંચેલું સીત્તેર, એકોત્તેરમાં એનું શું કહેવાય ? 'આગમસાર' છે આંહી છે, તેમાં આ લીધી છે ગાથા, ક્યાંથી લીધી એમ નથી મૂક્યું એણે, છે સમયસારની, ન્યાં ક્યાં હતું એમાં ? આહાહા !

આંહી કહે છે, આહાહા... કે જે મારા જ અનુભવથી પ્રત્યક્ષ જણાય છે. હું પ્રભુ ચૈતન્યમાત્ર ઝળહળ જ્યોતિ પ્રકાશનો, ચૈતન્યજ્યોતિના નૂરના તેજનું પૂર એવો હું આત્મા, એ મારા અનુભવથી જણાય છે. આહા ! છે ? કે જે મારા જ અનુભવથી પ્રત્યક્ષ જણાય છે. એ રાગથી નહીં, હું આવો જે ચૈતન્યમાત્ર જ્યોતિ છું એ ચૈતન્યમાત્ર જ્યોતિની પરિણતિથી હું જણાઉં છું. મારા જ અનુભવથી પ્રત્યક્ષ જણાય છે. આહાહા... અહીંયાં તો મતિ ને શ્રુતજ્ઞાનને પણ પ્રત્યક્ષ ગણી નાંખ્યું છે. આહાહાહાહા ! જેને આત્માને જાણવા માટે મતિ શ્રુતજ્ઞાનની અપેક્ષા છે, પણ એ સિવાય રાગ અને મનની પણ જેને અપેક્ષા નથી. આહાહાહા ! અરેરે !

મારા જ અનુભવથી, એ શબ્દ પડયો છે 'જ' પડયો છે. મારા જ, એટલે ચૈતન્યમાત્રજ્યોતિ એના સ્વભાવની પરિણતિથી જ મને મારો અનુભવ છે. આહા ! મારા જ, છે ? અનુભવથી પ્રત્યક્ષ જણાય છે. આહાહાહાહા ! આ તો ધીરાના કામ છે બાપા !

હું ચૈતન્યમાત્ર જ્યોતિ આત્મા છું કે જે મારા જ અનુભવથી પ્રત્યક્ષ જણાય છે. આહાહાહા ! મારા આત્માના શાંત ને વીતરાગી પર્યાયરૂપ અનુભવથી પ્રત્યક્ષ જણાય છે. આવી વાત છે ભાઈ ! આહાહાહાહા !

આ કાલ તો લેવાણું 'તું ફરીથી લેવાણું, આ 'અહં' ની વ્યાખ્યા છે 'અહં' ની આ વ્યાખ્યા છે. 'એક્કો' ની પછી આવશે. આહાહાહાહા ! સમજાણું કાંઈ ? ન્યાંય "અહં" ની વ્યાખ્યા કરી છે તોંતેરમાં "અહં" હું આ પ્રત્યક્ષ અનાદિ અનંત ચૈતન્ય પ્રત્યક્ષ જ્યોતિમાત્ર છું. આહાહા ! ત્યાં એમ લીધું છે.

અમૃતચંદ્રઆચાર્યની ટીકા ગજબ છે, સંતોએ ગજબ કામ કર્યાં છે. આહાહા ! દિગંબર સંત હોં ! આહા ! ( શ્રોતાઃ બીજા કોણ સંત છે ? ) બીજા કોઈ છે જ નહીં. આહાહા ! સાદી ભાષા, સાદો ભગવાન રાગ વિનાનો. એને સમજાવ્યો છે પ્રભુ, તું કોણ છો ભાઈ ? આહાહાહા ! બાળક હો કે સ્ત્રી કે પુરુષ હો, એ તો દેહનાં નામ – ચાળાં છે બધા. ભગવાન, અંદર જે ભગવાન છે એ બાળક ક્યાં ને વૃદ્ધ ક્યાં યુવાન ક્યાં ને સ્ત્રી ક્યાં પુરુષ ક્યાં ? એ તો ચૈતન્યમાત્ર જ્યોતિ તે આત્મા, હું છું એ મારા અનુભવથી પ્રત્યક્ષ જણાય છે, એમ કહે છે. આહાહાહાહા ! એ મારી વીતરાગી અનુભવ દશા, એનાથી હું પ્રત્યક્ષ જણાઉં છું. આહાહાહાહા ! આવી વાત છે પ્રભુ, આવો મારગ છે. એને સાંભળવા મળે નહીં ભાઈ ! એને ક્યારે વિચારે ? શું કરે ? આહાહા ! એવી દુર્લભ ચીજ થઈ પડી અત્યારે, અત્યારે તો આ શુભજોગ છે, એ જ બધું છે, અત્યારે આ શુદ્ધઉપયોગ ને એવું છે જ નહીં. અરે ભગવાન, આ પંચમકાળના સંતો, પંચમકાળનો શ્રોતા, એને કહે છે ને પંચમકાળનો શ્રોતા, આ રીતે સમજે છે. પંચમકાળનો શ્રોતા છે ને આ. આહાહાહા...

હું, મારા જ અનુભવથી પ્રત્યક્ષ જણાય છે. એ હું ચૈતન્યમાત્ર જ્યોતિરૂપ આત્મા – જ્યોતિસ્વરૂપ આત્મા, જ્યોતિવાળોય નહીં. ચૈતન્યમાત્ર જ્યોતિસ્વરૂપ આત્મા છું. આહાહાહાહા... કે જે મારા જ અનુભવથી પ્રત્યક્ષ જણાય છે. આહાહાહા ! મારી નિર્મળ પર્યાયથી મારા સ્વભાવની નિર્મળ પર્યાયથી મને પ્રત્યક્ષ જણાય છે. આહા ! હું જે છું નિર્મળપર્યાયવાળો એ નિર્મળપર્યાયથી હું જણાઉં છું રાગ ને નિમિત્તથી ને વિકલ્પથી નહીં. આહાહા ! નહીં, ન કહ્યું,

અસ્તિથી વાત કરી છે, આહાહાહા !

બાપુ, આ તો ભગવાન સર્વજ્ઞ ત્રિલોકનાથ. જિનેશ્વરદેવના આ કથનો છે, એ સંતો, જગતને એ જાહેર કરે છે. આહાહા ! ભાઈ ! પરમેશ્વર ત્રિલોકનાથ એમ કહે છે, કે જેને આત્મા જણાયો તે પોતાના સ્વરૂપથી જણાય છે. આહા... એનું સ્વરૂપ એ રાગ ને પુણ્ય એ એનું સ્વરૂપ નથી. એનું સ્વરૂપ તો ચૈતન્યમાત્ર જ્યોતિસ્વરૂપ, તો એ ચૈતન્યજ્યોતિની પરિણતિ જે છે, તેનાથી આ જણાય છે. આહાહાહાહા !

અમૃત રેડયાં છે. હેં ! આહાહા ! અરે લોકોને આકરું લાગે, બાપુ શું થાય ભાઈ ? મારગ જ આ છે ત્યાં, એને પહેલો શ્રદ્ધામાં તો નક્કી કરે, ભલે બહિર્લક્ષી શ્રદ્ધા, એમાં નકકી તો કરે કે આત્મા તો પોતાના સ્વરૂપથી જ જણાય એવી ચીજ છે. એ ગુરુથી નહિ, દેવથી નહિ, શાસ્ત્રથી નહિ, રાગથી નહિ, મનથી નહિ. આહાહાહા !

મારા જ, મારા 'જ' એકાંત કરી નાંખ્યું છે. અનેકાંત આમ નહીં, કે રાગથી પણ જણાય, મનથી પણ જણાય, વિકલ્પથી પણ જણાય, દેવથી પણ જણાય આનાથી જણાય ને એનાથી (પણ) જણાય, એનું નામ અનેકાંત ? એ અનેકાંત નથી પ્રભુ. આહાહા ! હું તો મારો સ્વભાવ, ચૈતન્યજ્યોતિ, જળહળજ્યોતિ જળહળજ્યોતિ એવી ચૈતન્યની પરિણતિ નિર્મળ વીતરાગી, એવી પરિણતિથી હું જણાઉં એવો આત્મા હું છું, એનાથી હું અનુભવું છું એમ કહે છે. આહાહાહા ! છોટાભાઈ ! આવી વાતું છે. ક્યાં ગયાં શાંતિભાઈ ? આવી વાતું છે, આ કલકત્તામાં ક્યાંય મળે એવું નથી ક્યાંય. પૈસા ન્યાં મળે ધૂળ ! આહાહા !

અરે, આ તત્ત્વની વાત પણ ભાઈ, આહા ! વસ્તુ છે ને, વસ્તુ પ્રભુ છે ને ! એ જ્ઞાયક છે ને ! એ નિષ્ક્રિય. પર્યાયથી પણ રહિત, નિષ્ક્રિય છે ને ! એ ધ્રુવ છે ને ! એ સામાન્ય છે ને ! તે વસ્તુને દૃષ્ટિમાં જ્યાં લ્યે છે, આહાહા ! તે મારી અનુભવની પર્યાયથી હું જણાઉં એવો છું. આહાહા ! બીજી રીતે નહિં એમ એમાં આવી ગયું. આહાહા !

મારા જ અનુભવથી પ્રત્યક્ષ જણાય છે, આ વચન છે, પ્રત્યક્ષ લ્યો હજી તો કેવળ થયું નથી ને તોય કહે છે પ્રત્યક્ષ જણાય છે. આહાહા ! મારો ભગવાન ચૈતન્યજ્યોતિ સ્વરૂપ તેને મારી શુદ્ધ પરિણતિથી હું જાણું છું, એ પ્રત્યક્ષ જણાય છે એમ કહે છે. આહાહા... મારી નજરુંમાં દૂર રહે છે, એમ નહીં, મારી નજરમાં એ પ્રત્યક્ષ જણાય છે. આહાહાહા ! આવી વાતું છે. શાસ્ત્રથી જણાઉં છું એમેય નહીં, એમ કહે છે. આહાહા ! શાસ્ત્રનું જ્ઞાન થયું, અગિયાર અંગનું માટે હું જણાઉં છું, એમેય નહીં. આહાહાહા !

હું તો મારા જ અનુભવથી પ્રત્યક્ષ જણાઉં છું એવો હું છું. આહાહાહા ! ત્યાં સુધી "અહં"નું આવ્યું. શું ? ત્યાં સુધી 'અહં' 'અહં'ની આ વ્યાખ્યા થઈ. આ હું, આ હું, આ હું, આહાહાહાહા !

હવે 'એકકો' એકાની વ્યાખ્યા હવે. આહાહા ! આ એક્કા નથી હોતા, એને એક બળદ હોય છે. શું સમજાણું ? ગાડાને બે બળદ હોય, એક્કા સમજાય છે ? એમાં એક બળદ હોય, અમારે એક્કા ઘણી વાર ઉમરાળેથી ગારિયાધાર જવું હોય ને, બાર ગાઉ તે દિ' તો ક્યાં હતું રેલ ને કાંઈ, મોટર ને રેલ ઘોડાગાડી, તે દિ' પ્લેગ હતો તે બેય ભાયું જાતા તે એક્કા લઈને જાઈએ, ગારિયાધાર બાર ગાઉ સવારથી સાંજે પહોંચે, સવારથી હાલે તો સાંજે પહોંચે બાર

ગાઉ, બાર આના મળે એને આપે. ભાઈ, એક્કા કહેવાય એને, એક્કા કહેતા ને ? ( શ્રોતાઃ- એક બળદ જોડે ) એક બળદ હોય એક્કાને, આ તો ઘણીવાર જતા ને એક્કામાં, ઉમરાળેથી ગારિયાધાર જતા ને અમારા બહેન ત્યાં હતા, ત્યારે પ્લેગ હતો આ તો છેલ્લા ત્યાં ગયા હતા, છેલ્લું યાદ છે બરાબર. આહાહા !

એક્કામાં બેઠા, અંધારું સવારમાં મારી બાએ કહ્યું ભાઈ કનુ, બહેનને સાંય કહેજે - સાંય કહેજે, સાંય કહેજે એવું આવે છે. શું કહેવાય સાંય કહેજે એમ કહ્યું સાતા આ એમ સાંઈ કહેજે બહેનને સાંય કહેજે બસ આ છેલ્લા શબ્દ. ઈ પાછળથી ગુજરી ગયા. પ્લેગ હતો. આહાહા ! સાંજે ન્યાં પહોંચ્યા બાર ગાઉ, અમુક દિવસ પછી સાંભળ્યું કે ( બા ) ગુજરી ગયા, ત્યાં હતા અમે ગારિયાધાર.... આ ઓગણસાંઈઠની સાલની વાત છે, તમારા જનમ પહેલાં, ઓગણસાંઈઠ ( શ્રોતાઃ પંચોતેર વર્ષ થયાં ) પંચોતેર વર્ષ પહેલાં, એટલાં વરસ થયાં, પોણોસો વરસ થયાં, પણ તાજું જ આમ દેખાય છે હોં. આહાહા !

બા એમ કહેતા ભાઈ, બહેનને સાંય કહેજે અને ત્યાં, આહાહા ! મોટાભાઈ આંહી હતા ખુશાલભાઈ, એકલા એ પણ ગુજરી ગયા. અરેરે ! આહાહા ! આ એક્કો ! એકલો ભગવાન, એક બળદથી હાલે જેમ એમ એકલો એકથી હાલે એવો આત્મા ! આહાહા !

હું ચિન્માત્ર આકારને લીધે, ચિન્માત્ર સ્વરૂપ, આકાર એટલે સ્વરૂપ. જ્ઞાનમાત્ર સ્વરૂપને લીધે, જ્ઞાનમાત્ર એટલે કે એમાં જે ક્રમ કે અક્રમના જે ભેદો છે એ એમાં નથી. હું ચિન્માત્ર આકાર સ્વરૂપને લીધે, હું આ પછી આવ્યો પણ ચિન્માત્ર આકારને લીધે હું, જ્ઞાનસ્વભાવ, જ્ઞાનમાત્ર. આહાહાહા ! આ... આ... ભાગ્ય, ભાગ્ય બાપા આવી ચીજ રહી ગઈ હૈ. જગતના ભાગ્ય ભાઈ !

હું તો જ્ઞાનમાત્ર આકારને લીધે, ચિન્ એટલે જ્ઞાનમાત્ર એમાં દર્શન આવી ગયું. હું સમસ્ત ક્રમરૂપ, આ ક્રમબદ્ધની આંહી અત્યારે વ્યાખ્યા નથી. આંહી તો ક્રમે ક્રમે નર્કગતિ મનુષ્યગતિ, દેવગતિ ક્રમે ક્રમે હોય છે, એવા ક્રમરૂપથી પણ હું નિરાળો છું અને અક્રમ એટલે પર્યાય અક્રમે છે એ વાત આંહી નથી, પર્યાય અક્રમ છે જ નહીં, આહાહા... આંહી તો અક્રમ એટલે ક્રમ એટલે મનુષ્યગતિ, દેવગતિ એક પછી એક, એવા ક્રમરૂપ અને અક્રમરૂપ એક સાથે જે જોગ, લેશ્યા, કષાય એક સાથે હોય છે, એ અક્રમ છે. ક્રમ ગતિ આદિ અને અક્રમ જોગ લેશ્યા આદિ એવા ભાવથી, આહાહા... પ્રવર્તતા એવા ક્રમરૂપ અને અક્રમરૂપ પ્રવર્તતા વ્યાવહારિક ભાવો, આહા ! ( શ્રોતાઃ- પર્યાય ભાવો ) આહા... પર્યાયમાં એ ગતિ આદિના એક અનેક. આહા ! એવા વ્યાવહારિક ભાવો વ્યવહારિક તો નવતત્વમાંય આવશે. પણ આ વ્યવહારિક ભાવો શબ્દ છે ઓલામાં વ્યવહારિક નવતત્વો આવશે શુદ્ધમાં. આહાહાહા ! આવું છે.

સમસ્ત ક્રમરૂપ, આમાંથી કેટલા'ક કાઢે છે જુઓ ! ક્રમ અક્રમ બેય છે, પણ કોની વાત છે આ ? ( શ્રોતાઃ પર્યાયની વાત છે ) આંહી તો પર્યાયમાં ગતિ આદિ થાય એ એકપછી એક ક્રમમાં અને એકસાથે થાય જોગ, કષાય, લેશ્યા એ અક્રમરૂપ, એની વાત છે. પર્યાયમાં આ હોય છે. સમજાય છે કાંઈ ? આહાહા ! દીવા જેવું તો લખ્યું છે અંદર. આહાહા ! ( શ્રોતાઃ- દીવા જેવું તો લખ્યું છે પણ આંખ ઉઘાડે તો ને )

'હું' એક લેવો છે ને હવે 'અહં' આગળ લીધું એ થઈ ગયું, હવે "એક" લેવો છે. આહાહા ! જ્ઞાનમાત્ર, પ્રકાશમાત્ર, ચૈતન્યચંદ્ર – ચૈતન્ય શીતળચંદ્ર માત્ર, આહાહા ! સ્વરૂપને લીધે આકાર એટલે સ્વરૂપ. હું સમસ્ત ક્રમરૂપ ગતિ મનુષ્યની એક પછી એક દેવગતિ આદિ એનાથી પણ નિરાળો, અક્રમ એકસાથે જોગ – લેશ્યા–કષાય અક્રમરૂપ પ્રવર્તતા વ્યાવહારિક ભાવો, એ ભેદરૂપ ભાવો, આહાહાહા... એ વ્યાવહારિક ભાવોથી ભેદરૂપ થતો નથી. આહાહાહા... માટે હું એક છું. આ એકની વ્યાખ્યા. આહાહા... સમજાણું કાંઈ ? બાપુ, આ તો ધીરાની વાતું છે ભાઈ ! આ કાંઈ કોઈ ભાષણો મોટા ને એવું નથી આ, આ તો તત્ત્વની વાત છે ભાઈ ! આહાહા ! એ ધીરા થઈને, મધ્યસ્થી થઈને સાંભળે. તો એ વાત બેસે( સમજાય ) એવી છે. આહાહા !

સમસ્ત ક્રમરૂપ સમસ્ત ક્રમરૂપ, એક પછી એક થતી દશાઓ બધી અને અક્રમ એકસાથે થતી દશાઓ બધી, આહાહા... એવા ભાવોથી ભેદરૂપ થતો નથી, માટે હું એક છું. વસ્તુ અભેદ આહાહા ! આવા અનેક ક્રમરૂપ કે અક્રમરૂપ ભાવોથી ભેદરૂપ થતો નથી માટે હું એક અભેદ છું. આહાહા ! આહાહા ! આમ આત્માનું જ્ઞાન થયું એ આમ પોતાને અનુભવે છે. સમજાણું કાંઈ ? આહા !

હું એક છું. હવે "શુદ્ધો" ત્રીજો બોલ અહં, એક્કો, શુદ્ધો હવે ત્રીજા બોલની વ્યાખ્યા છે. આહા ! નર–મનુષ્ય, નારકી આદિ જીવના વિશેષો જુઓ ! આ જીવના આ વિશેષો, જીવની પર્યાય.... નવ તત્ત્વમાં જ્યારે લેવું હોય ભેદરૂપ, ત્યારે તેની પર્યાય જે વિશેષ છે ને, તેને જીવ લેવો, જીવ દ્રવ્ય ન લેવું. સમજાણું કાંઈ ? આહા... નારક આદિ જીવના વિશેષો જીવની વિશેષ પર્યાયો, ઈ એક બોલ. જીવની પર્યાયનો એક બોલ. 'અજીવ' અજીવનું જ્ઞાન થાય પર્યાયમાં તે અજીવ, અજીવ કાંઈ થતો નથી જીવ. 'પુણ્ય' દયા, દાન–આદિના શુભભાવ, લ્યો, આંહી તો શુભભાવ, આહાહાહાહા ! અરે ભગવાન ! 'પાપ' અશુભભાવ, બે થઈને 'આસ્રવ' નવાં આવરણનું કારણ. 'સંવર'– પર્યાયની સંવર દશા. આહાહાહાહા ! પર્યાયની નિર્મળ સંવર દશા, 'નિર્જરા', શુદ્ધિની વૃદ્ધિ ને 'બંધ' રાગમાં અટકવું અને 'મોક્ષ' – શુદ્ધિની પૂર્ણતા, એ વ્યાવહારિક નવતત્ત્વો, આહાહાહાહા... એ પર્યાયના વ્યાવહારિક નવ ભાવો. વ્યાવહારિક નવતત્ત્વો, છે ને ? ઓલામાં વ્યાવહારિક ભાવોથી હતું, પહેલાંમાં આ વ્યાવહારિક નવતત્ત્વો તેમનાથી, આહાહાહાહા... એ પર્યાયોથી, આહાહાહા ટંકોત્કીર્ણ એકરૂપ સ્વરૂપ ટંકોત્કીર્ણ એટલે ટાંકણાથી જેમ કાઢયું હોયને એકાકાર એવું શાશ્વત એક જ્ઞાયકસ્વભાવ, એક જ્ઞાયકસ્વભાવરૂપ આવ્યું હવે અહીંયાં, આહાહાહા... ઓલામાં ચૈતન્યજ્યોતિ લીધું આંહી જ્ઞાયક સ્વભાવ લીધું. એક જ્ઞાયકસ્વભાવરૂપ ભાવ વડે, એક જ્ઞાયકસ્વભાવરૂપ ભાવ વડે એ વ્યાવહારિક પર્યાયો, જીવના પર્યાયો અને રાગાદિ બધા ભેદો એનાથી જુદો છું. આહાહાહાહા ! આવી ગંભીર વાતું ! એ એમ ને એમ વાંચી જાય ને માની લે. આહાહા ! અરે રે ! આંહી સુધી વાત, કાલ તો આવી'તી લ્યો !

શ્રુતસાગરે લખ્યું છે કે અત્યારે તો શુભજોગ જ હોય, શુભઉપયોગ જ હોય. શુદ્ધ – શુદ્ધ હોય નહીં, અરે અરે પ્રભુ, પ્રભુ ! ભાઈ ? અત્યારે આત્મા ન જણાય એમ એનો અર્થ થ્યો. ( શ્રોતાઃ– આ બધું આ કાળનું લખેલું છે ને ! ) પંચમકાળના પ્રાણીને કહે છે ને પંચમકાળનો

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

પ્રાણી અનુભવે છે, એમ કહે છે. આહાહા ! અરે પ્રભુ ! 'કોઇ એમ કહે છે' કે એમ કરીને લખ્યું છે, રાત્રે નો વાંચ્યું ?

એ મુમુક્ષુ એમ કહે છે, એમ એ લખે છે કે શુદ્ધઉપયોગ પહેલો હોય ને પછી સમકિત થાય, ભાઈ એમ કોણે કહ્યું ? આવું લખ્યું ! પણ એ શુદ્ધઉપયોગથી સમકિત થાય, શુભથી ( થતું હોય તો ) શુભ તો આસ્રવ છે. આહાહા ! અરે પ્રભુ શું કરે છે ? લોકોમાં બહારના ત્યાગનો મહિમા નગ્નપણું ને એમાં હવે, આહા... લોકો ઝૂકી જાય એમાં... પણ પ્રભુ ! પ્રભુ મારગ તારા જુદા છે ભાઈ ! ( શ્રોતાઃ- લોકોપણ વેષમાં ઝૂકે છે ) વેષમાં ઝૂકે છે. અરેરે ! આહા.. હા ! પણ વેષ તો તારો એક જ્ઞાયકવેષ છે ને પ્રભુ ! આહાહા ! ( શ્રોતાઃ- એ તો નિશ્ચયે, આ તો વ્યવહારે ) એની તને ખબરું નથી ભાઈ, આ બધા પર્યાયના ભાવ મોક્ષાદિ બધા વેષ કીધા છે ને, તો એનો જ્ઞાયક ભેખ છે એકલો, ચૈતન્યજ્યોતિ ઝળહળ જ્યોતિ પ્રભુ જ્ઞાયકભાવ, એ તારો ભેખ છે. આ પર્યાયનો ભેખેય ( તારો ) નહીં. એમ કહે છે. આહાહાહાહા !

પ્રભુ ! આ તો સત્યની વાત છે પ્રભુ. એ લોકોને એવું લાગે છે કે અમને હવે સાધુ માનતા નથી, એથી આ રીતે ચલાવ્યું હવે, અરે ભાઈ, એમ રહેવા દે બાપુ ! ( શ્રોતાઃ- સાધુ બીજા માને કે ન માને એમાં એને શું ? ) એમાં વસ્તુ શું છે, એમ બાપુ સમજને ભાઈ ! આહાહા ! આંહી તો પરમાત્માએ કહેલી તત્ત્વની વાત શ્રોતાએ પોતાના સ્વભાવને જાણ્યો છે તે આંહી કહે છે. પંચમકાળનો પ્રાણી એમ કહે છે. પંચમકાળના સંતોએ, પંચમકાળના શ્રોતાને કહ્યું 'તું એ શ્રોતા આ રીતે અનુભવે છે. આહાહા ! આંહી ચોથા આરાની વાતું છે જ ક્યાં ? આહા !

છે ! ટંકોત્કીર્ણ, ઓલા નવ પર્યાયના ભેદ છે ને ? જીવની વિશેષ દશાઓ અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ પર્યાયો છે. આહાહા... એના ભેદભાવોથી વ્યાવહારિક નવતત્ત્વો તેમનાથી, ટંકોત્કીર્ણ એક જ્ઞાયકસ્વભાવ, ઈ તો એવો ને એવો ભગવાન અદબદનાથ જ્ઞાયકસ્વભાવથી ભરેલો પ્રભુ એકલો, આહા... એ વડે, અત્યંત જુદો છું, - ઈ પર્યાયથી અત્યંત જુદો છું. આહાહાહા ! નારકી આદિ ને સંવર નિર્જરાની પર્યાયથી પણ અત્યંત જુદો છું. આહાહાહા ! આહા... મોક્ષની પર્યાયથી ય જુદો, મુક્તસ્વરૂપ છું, સ્વરૂપ જ મારું મુક્ત છે. પર્યાયથી મુક્તિ એ પણ નહીં. આહાહાહાહા ! સમજાણું ? બદ્ધથી તો રહિત છું, આસ્રવના રાગથી તો રહિત છું પણ મોક્ષની પર્યાય, જે નિર્મળ એક સમયની એમાં હું નથી આવતો, હું તો એનાથી જુદો છું. આહાહાહા !

હું એક જ્ઞાયકસ્વભાવરૂપ ભાવ વડે, એકજ્ઞાયકસ્વભાવરૂપ ભાવ વડે, અત્યંત જુદો છું, અત્યંત જુદો છું. આહાહાહાહાહા ! એ આસ્રવ પુણ્ય પાપની પર્યાય ને સંવર, નિર્જરા ને મોક્ષની નિર્મળ પર્યાય, આહાહા... મારો ભગવાન દ્રવ્યસ્વભાવ તો એનાથી તદ્દન જુદો છે. આહાહાહા ! એ સાધકની પર્યાય ને સિદ્ધની પર્યાયથી પણ જુદો છું એમ કહે છે. સંવર -નિર્જરા એ સાધકની પર્યાય, આસ્રવ પુણ્ય પાપ બાધકની પર્યાય, મોક્ષ સાધ્ય પર્યાય. આહા... આહાહા ! એથી પણ અત્યંત જુદો છું. આહાહાહા ! આહા ! આવી વાતું છે.

ત્યારે એણે આત્મા જાણ્યો એમ કહેવાય, એમ કહે છે. પર્યાયના નવના ભેદોથી પણ અત્યંત જુદો છું, તે હું શુદ્ધ છું. છે ? માટે હું શુદ્ધ છું. શુદ્ધની વ્યાખ્યા આ કરી. ઓલામાં શુદ્ધની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


વ્યાખ્યા એ કરી તોંતેર ( ગાથા ). કે પર્યાયમાં જે ષટ્કારકનું પરિણમન છે, આ જે સંવર નિર્જરા આદિ કીધા એ ષટ્કારકનું પરિણમન શુદ્ધ છે, એનાં પરિણમનથી પણ મારી અનુભૂતિ એટલે વસ્તુ છે તે તદ્દન ભિન્ન છે. આહાહાહા ! આવી વાતું છે. ઈ એમ જાણે છે, અનુભવે છે પર્યાય. આહાહાહા ! પણ કહે છે કે એ અનુભવની પર્યાયથી હું છું તે જુદો છું. આહાહા ! એ પર્યાયમાં આખી ચીજ આવતી નથી. આખી ચીજનું જ્ઞાન આવે, પણ એ ચીજ જે છે પર્યાયથી ભિન્ન, એ પર્યાય–નિર્ણય કરનારી પર્યાયમાં એ ચીજ આવતી નથી. આહાહા ! આહાહાહા ! શું શાસ્ત્ર ? આ સમયસાર !

આવા નવતત્ત્વના પર્યાયના ભેદો એટલે વ્યાવહારિક નવ તત્ત્વો, ઈ પર્યાયો વ્યવહાર થઈ નવ થયાને નવ વ્યવહાર તત્વો તેમનાથી, આહાહાહા... સંવર–નિર્જરા ને મોક્ષ પણ પર્યાય છે તે વ્યવહાર થઈ ગયો એ. આહાહાહા... આજ રવિવાર છે ને ? આવ્યા છે ને, અમારે કે' છે ને ચીમનભાઈ કે રવિવારે સારું આવે છે બધું, આવો મારગ છે આ. આહાહા ! આહાહા !

ઓલામાં એમ કહ્યું હતું ક્રમરૂપ અને અક્રમરૂપ પ્રવર્તતા વ્યાવહારિક ભાવોથી ભેદરૂપ થતો નથી, આંહી એમ કહ્યું કે પર્યાયો આદિના વ્યાવહારિક નવ તત્વો તેમનાંથી એક સ્વભાવરૂપ ભાવ મારો અત્યંત જુદો છે. આહાહા. ( શ્રોતા:– એ જુદો જ છે ! ) ઓલામાં આવ્યું છે ને ભાઈ માટીનું સુડતાલીસ નયમાં માટીનાં વાસણની પર્યાયથી જુઓ તો એ અશુદ્ધતા છે કહે છે, માટીમાં માટીરૂપે જુઓ તો એ શુદ્ધ છે. એમ ભગવાન આત્માને, આહાહાહા... એની પર્યાયથી જાુઓ તો એ અશુદ્ધ કહેવાય છે, આહાહા... સોળમીમાં આવી ગયું છે, મેચક. આહાહા... કેવી શૈલી તો જુઓ !

એ જ્ઞાન દર્શન ચારિત્રની પર્યાયથી જુઓ તો મલિન કહેવાય– વ્યવહાર કહેવાય. આહાહાહા ! ભેદરૂપ પર્યાયને વ્યવહાર ને મલિનતા કહેવાનો વ્યવહાર છે, કહે છે. આહાહા ! કો' સોળમીમાં એ કહ્યું આ નયમાંય એ કહ્યું ચારે કોરથી જુઓ તો વસ્તુ, પૂર્વાપર વિરોધ રહિત સિદ્ધ કરે છે. આવી શૈલી ક્યાંય બીજે છે નહીં દિગમ્બર સંતો સિવાય. આહાહા ! સમજાણું કાંઈ ? આહા !

'અહમેક્કો ખલુ સુદ્ધો' એ 'શુદ્ધ'ની વ્યાખ્યા થઈ, શુદ્ધ એને કહીએ કે પર્યાયના ભેદોથી ભિન્ન તેને 'શુદ્ધ' કહીએ. પર્યાય સહિત જો એને કહો તો તો એ અશુદ્ધતા છે એમ કહે છે. આહાહા ! આહાહા !

હવે 'દંસણનાણ સમગ્ગો' ત્યાંય ( તોંતેરગાથામાં ) એમ છે 'દંસણનાણ સમગ્ગો' તોંતેરમાં છે, આમાં 'દંસણનાણમઈઓ' છે કેમકે ન્યાં આસ્રવને નાશ કરવાનો ઉપાય બતાવવો છે એને એટલે હું આવો છું. એમ જાણીને, આસ્રવને ક્ષય કરું છું એમ છે ત્યાં તોંતેર ( ગાથામાં ) આંહી તો આવો છું. એમ જાણીને પર્યાયના ભેદો મારામાં નથી. આહાહા !

હવે ત્યાં તોંતેરમાં 'દંસણનાણ સમગ્ગો' હતું આહી 'દંસણનાણમઈઓ' છે.

ચિન્માત્ર હોવાથી, ભગવાન જ્ઞાયક સ્વરૂપ, જ્ઞાયકસ્વરૂપ, ચિન્માત્રજ્યોતિ ચૈતન્ય ધ્રુવ જ્યોતિ, એવા અનંતા અનંતા ગુણોનો ભંડાર ભગવાન એવો ચિન્માત્ર જ્યોતિને લઈને, સામાન્ય વિશેષ ઉપયોગાત્મકપણાને ઉલ્લંઘતો નથી. સામાન્ય નામ દર્શન, વિશેષ નામ જ્ઞાન, છે ને ? પાઠમાંય છે ને 'दंसण णाणं' દંસણ એટલે સામાન્ય ને જ્ઞાન એટલે વિશેષ બે છે ને ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


એટલે પહેલું સામાન્ય વિશેષ લીધું.

એક ચૈતન્યમાત્ર ભગવાન આત્મા પ્રકાશની મૂર્તિ, ચૈતન્યચંદ્ર, શીતળતાનો પિંડ પ્રભુ અને 'જ્ઞાનમૂર્તિ એકલો' પ્રભુ! આહાહાહા! એને લઈને સામાન્ય વિશેષ એવા જે ઉપયોગપણાને ઓળંગતો નથી, મારો સ્વભાવ દર્શન ને જ્ઞાન છે, એને ઓળંગતો નથી. આહાહા! રાગાદિ એનો સ્વભાવ નથી ને એના સ્વરૂપમાંય નથી. આહાહા! આંહી તો સંવર-નિર્જરા ને પર્યાયનો ભેદ પણ જેના સ્વરૂપમાં નથી. આહાહાહાહા! અરે, પ્રભુ! આહાહા... એનો અર્થ ઈ કે સંવર-નિર્જરાને લક્ષે મોક્ષ ન થાય, દ્રવ્યને લક્ષે થાય. આહા! આહાહાહાહા!

ચિન્માત્ર હોવાથી આ ચોથો બોલ. સામાન્ય વિશેષ ઉપયોગાત્મકપણાને લીધે, સામાન્ય વિશેષનો જાણવા દેખવાના વેપારપણાને લીધે ઓળંગતો નથી, એને લઈને ઓળંગતો નથી. માટે હું દર્શનજ્ઞાનમય છું. આહાહાહા! એમ પર્યાયની અનુભવદશા એમ કહે છે. આહાહાહા! સમજાણું કાંઈ? સામાન્ય વિશેષ ચિન્માત્ર હોવાથી, મારા દેખવા જાણવાના ઉપયોગપણાને છોડતો નથી, ઓળંગતો નથી. માટે હું દર્શનજ્ઞાનમય છું, હું દર્શનજ્ઞાનવાળો છું એમેય નહીં, દર્શનજ્ઞાનમય છું. આહાહાહાહા!

આવી ટીકા તો હજારો વર્ષથી છે, એ કાંઈ નવી છે? અમૃતચંદ્રાચાર્યનો આ શ્લોક ને ગાથા બે હજાર વર્ષ પહેલાંની અને ટીકા, હજાર વર્ષ પહેલાંની (છે.)

ચૈતન્યસૂર્યને પ્રકાશવામાં ટીકા એની સ્પષ્ટતા કરી છે ટીકાએ. આહાહાહા!

'सदाडरुवी' સ્પર્શ, રસ, ગંધ, વર્ણ જેનું નિમિત્ત છે એવા સંવેદનરૂપે પરિણમ્યો હોવા છતાં - શું કહે છે? મારું જ્ઞાન સ્પર્શ, રસ, ગંધને જાણવારૂપે પરિણમેલું હોવા છતાં, આહાહા! સ્પર્શ, વર્ણ, ગંધ, રસ, સ્પર્શ આદિ એવા એ જેમાં નિમિત્ત છે જડ. સ્પર્શ, રસ, ગંધ આદિ છે, એવા સંવેદનરૂપે પરિણમવું એ મારું ઉપાદાન. એનાં જાણપણારૂપે - વેદનરૂપે પરિણમ્યો એવો હું, એવો (હોવા) છતાં પણ, આહાહા! સ્પર્શાદિરૂપે પોતે પરિણમ્યો નથી. એ સ્પર્શ, ગંધ, રસપણે આત્મા થતો નથી. આહાહાહા! એ સ્પર્શ, ગંધ, રૂપ, રસ, સ્પર્શ એમાં જેમાં મારા જ્ઞાનના વેદનમાં એ નિમિત્ત છે. અને તે નિમિત્તનું જેમને વેદન છે એ નિમિત્તનું નથી. વેદન મારું છે, એમાં એ નિમિત્ત છે છતાં તે, તે રૂપે પરિણમ્યો નથી. આહાહાહા!

રૂપી પદાર્થના જ્ઞાનપણે પરિણમેલો હું, તે રૂપીપણે હું થતો નથી, માટે હું અરૂપી છું. આહાહાહા! સમજાણું કાંઈ? રૂપી પદાર્થને જાણવા છતાં વેદનપણે પરિણમ્યો છતાં તે રૂપીમાં પોતે પરિણમ્યો નથી રૂપીપણે પરિણમ્યો નથી. રૂપીના પોતાના જ્ઞાનરૂપે પરિણમ્યો છે. આહાહાહા! માટે પરમાર્થે હું સદાય અરૂપી છું. પરમાર્થે હું ત્રિકાળ સદાય અરૂપી છું. આહાહાહા! વિશેષ કહેવાશે. (શ્રોતાઃ- પ્રમાણ વચન ગુરુદેવ!)

## પ્રવચન નં. ૧૧૦ ગાથા - ૩૮ તા. ૧૭-૧૦-૭૮ મંગળવાર આસો વદ-૧ સં. ૨૫૦૪

આડત્રીસ ગાથા. અહીં સુધી આવ્યું છે. પરમાર્થે હું સદાય અરૂપી છું, ત્યાં આવ્યું છે ને? હું એક છું એની વ્યાખ્યા આવી ગઈ, શુદ્ધ છું એની આવી ગઈ, જ્ઞાનદર્શનમય છું આવી ગઈ,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

સદાય અરૂપી છું હવે એ કહે છે.

અનાદિનો અપ્રતિબુદ્ધ અજ્ઞાની હતો, જેને આત્માનું જ્ઞાનસ્વરૂપ શું છે એની બિલકુલ ખબર નહોતી અને વિરોધ અજ્ઞાન હતું, આહાહા... એને પણ ગુરુદ્વારા એ સમજાવતાં, એ વારંવાર એનું રટણ કરતાં; એ સમજી ગયો અંદરથી. અરે ! હું તો પરમેશ્વરસ્વરૂપ છું. મુઠ્ઠીમાં જેમ સોનું હોય ને ભૂલી જાય એમ ભગવાન અંદર છે એને હું ભૂલી ગયો હતો. આહા ! એ મેં યાદ કર્યું હવે કે, ઓહો ! ચૈતન્યસ્વરૂપ પરમાત્મસ્વરૂપ ભગવાન પરમેશ્વર આત્મા એ હું. એમ એક અને શુદ્ધ.

આમ સર્વથી જુદા વર્ણ, ગંધ, રસ, સ્પર્શનું જ્ઞાન થવા છતાં તેનાથી તે જુદો એ ચીજ આંહી આવતી નથી, તેમ તેનું જ્ઞાન ચીજમાં જતું નથી. એ રૂપી, વર્ણ, ગંધ, રસ, સ્પર્શને પોતાની સંવેદન શક્તિથી જાણવા છતાં આત્મા તે રૂપે થતો નથી અને તે જ્ઞેય જ્ઞાનમાં આવતું નથી. આહાહા ! આવી વાત છે. આવો ધર્મી જીવ પોતા માટે, એમ નિર્ણય કરીને અનુભવે છે એમ કહે છે. આહા ! એને– આંહી તો ત્રણેય ભેગાં લીધાં છે ને દર્શન જ્ઞાન ને ચારિત્ર. આહા ! આત્મા શુદ્ધ ચૈતન્ય, પરમેશ્વરરૂપ, એનું જ્ઞાન, એની પ્રતીતિ, અને એમાં આચરણરૂપ રમણતા એ ત્રણ થયાં, એ જીવની પૂરણતાને પામ્યો. આહા ! જેવું એનું પૂરણસ્વરૂપ છે એવું જ પ્રતીત જ્ઞાનમાં રમણતામાં આવ્યું. આહાહા !

આમ સર્વથી જુદા એવા સ્વરૂપને અનુભવતો, પરથી બિલકુલ જુદો એવો હું આત્મા, શુદ્ધ ચૈતન્યઘન, આહાહા... એને સ્વરૂપને અનુભવતો પર્યાયમાં પ્રકાશમાં તેને અનુભવતો, આહાહા... મારો જે પર્યાય છે, એમાં એ સ્વરૂપને અનુભવતો. આહાહાહા ! આનું નામ આત્મા જાણ્યો માન્યો ને અનુભવ્યો, આવી વાત છે.

જો કે અનુભવતો આ હું, મારા સ્વરૂપને શુદ્ધ ચૈતન્ય, રાગથી ભિન્ન, રૂપી ચીજને, રૂપીને જાણતાં છતાં ભિન્ન, અને રાગને જાણતાં છતાં પણ રાગથી ભિન્ન, એવો જે ભગવાન મારો સ્વભાવ, એને અનુસરીને અનુભવતો, સન્મુખ થઈને એમ શબ્દ છે ને ભાઈ ! અભિગચ્છતિ અભિગચ્છતિ અભિગચ્છતિ શબ્દ છે પહેલાં.

શુદ્ધ ચૈતન્ય દ્રવ્ય વસ્તુ એને હું મારી પર્યાયમાં, પરસન્મુખતાની જે ધારા હતી એ મિથ્યાત્વ હતું, એ જ્ઞાનની વર્તમાન પર્યાયને અભિગચ્છતિ – સ્વરૂપની સન્મુખ કરી. છે ક્યાં એ શબ્દ ? ક્યાં'ક આવ્યું'તું હવે ઈ તો પહેલાં આવ્યું'તું અભિગચ્છતિ, ( શ્રોતાઃ– નવમામાં ) નવમામાં ને અભિગચ્છતિ ( શ્રોતાઃ– जो हि सुदेणहिगच्छदि अप्पाणमिणं तु केवलं सुद्धं ) હા, બસ ઈ, ગાથા– નવમાંનું પહેલું પદ જુઓ ! નવમી ગાથા जो हि सुदेणहिगच्छदि अप्पाणमिणं तु केवलं सुद्धं –છે ? શું કહ્યું મારા ભાવશ્રુતજ્ઞાન દ્વારા અભિગચ્છતિ – વસ્તુની સન્મુખ થઈને... આહાહાહા... अप्पाणमिणंतु આ આત્મા કેવલ શુદ્ધ છે એમ હું જાણું છું. આહાહા ! અભિગચ્છતિ શબ્દ છે ને ?

છઠ્ઠી ગાથામાં પ્રમત્ત અપ્રમત્ત નથી તેવો હું જ્ઞાયક છું, અગિયારમીમાં ભૂતાર્થ જ્ઞાયક ભૂતાર્થ–સત્યાર્થ તે હું છું તેનો આશ્રય, આંહી એમ કહ્યું કે મારા ભાવશ્રુતજ્ઞાન દ્વારા ભગવાનની સન્મુખ થઈને હું અનુભવું છું. આહાહા ! અહીંયાં એ કહે છે, સ્વરૂપને અનુભવતો, આ તો એના

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


ઉપર જરી, ( વજન દેના ) વસ્તુ જે છે પરથી જુદી રાગથી, રૂપીથી એવી પૂરણસ્વરૂપ આનંદ પ્રભુ, એને હું મારા સ્વરૂપને અનુભવતો, 'આ' 'આ' પ્રત્યક્ષ છે કહે છે. જ્ઞાનની પયાર્યમાં 'આ' 'હું' પ્રતાપવંત રહ્યો. આહાહા !

ઓલી શક્તિ કાઢી ( કહી છે ) છે ને પ્રભુત્વ, 'પ્રભુત્વશક્તિ' તે આમાંથી ત્યાં એમ છે જેનો પ્રતાપ અખંડિત છે. એવો સ્વતંત્રતાથી શોભાયમાન મારો પ્રભુ, જેનો પ્રતાપ અખંડ છે. જેને કોઈ ખંડ કરી શકે એવી તાકાત કોઈમાં નથી. આહાહા !

જુઓ જેનો પ્રતાપ પ્રભુનો, એનામાં પ્રભુત્વ નામનો ગુણ છે, ભગવાન આત્મામાં ઈશ્વર, પ્રભુતા નામનો ગુણ છે, એ ગુણના ધરનારને ભગવાન આત્માને જાણ્યો એ કહે છે, કે મારો પ્રતાપ અખંડિત છે. એ મારા પ્રતાપને, સ્વતંત્રતાથી શોભાયમાનપણું છે. આહાહાહાહા ! એવો હું આત્મા પ્રતાપવંત રહ્યો એમ કહે છે. જોયું ! આહાહા ! અનુભવતો આ હું પ્રતાપવંત રહ્યો. આહાહા ! અલૌકિક વાતું છે બાપુ, સમયસારે તો કેવળીના વિરહ ભૂલાવ્યા છે. આહાહાહા ! ધીમેથી શાંતિથી સાંભળે સમજે તો એને ખબર પડે. આહાહા !

આ પ્રકારે હું 'દંસણનાણમઈઓ' સદા અરૂપી, હું, એક, શુદ્ધ, એવો પરથી સર્વથા જુદો એવા સ્વરૂપને અનુભવતો સર્વથી જુદા એવા સ્વરૂપને અનુભવતો, આહાહા ! આ "હું" આ જ્ઞાયક ચૈતન્ય જ્યોતિપ્રભુ. આહાહા ! જેની જ્ઞાનની પર્યાયમાં પ્રત્યક્ષ થયો. આહાહાહા ! સમજાણું કાંઈ ?

આ હું આત્મા આ હું પ્રતાપવંત રહ્યો. 'આ' 'હું' મારા અખંડ પ્રતાપથી સ્વતંત્રપણે શોભાયમાન રહ્યો. આહાહા ! 'જુઓ આ આત્માનું જ્ઞાન.' આહાહા ! આ હું ભગવાન આત્મા, એ સર્વથી જુદો, એનાં સ્વરૂપને અનુભવતો આ હું પ્રતાપવંત રહ્યો, મારો ( સ્વભાવ ) પ્રતાપવંત હું છું. આહાહાહા ! મારા પ્રતાપને કોઈ ખંડન કરી શકતું નથી, એવો હું સ્વતંત્રતાથી શોભાયમાન, આહાહા ! એમ હું પ્રતાપવંત આ રહ્યો, એટલું લીધું. હવે એમ પ્રતાપવંત વર્તતા એવા મને, આહાહાહાહા !

આ પંચમઆરાના મુનિ ! એ પોતાની દશા વર્ણવતાં જગતને ઉપદેશ આ જાતનો આપે છે. આહાહા ! દિગમ્બર મુનિ છે, અંતર્અનુભવમાં દર્શન, જ્ઞાન, ચારિત્રને અનુભવે છે. મારા સ્વરૂપને હું અનુભવું છું. એ શુભજોગ હશે ? પ્રભુ, પ્રભુ, પ્રભુ, શું કરે છે નાથ ?

શુભજોગથી પણ સર્વથા હું જુદો. આહાહાહા ! ક્રમરૂપ ને અક્રમરૂપમાં નહોતું આવ્યું ? અને નવ ભેદો તત્ત્વના, એનાથી પણ જુદો. હેં ? આહાહાહા ! મારો પ્રભુ, પરથી જુદો એવા મારા સ્વરૂપને, ધર્મી એમ જાણે છે, અનુભવે છે. આહાહાહા ! કે આ હું પ્રતાપવંત રહ્યો, આ હું પ્રતાપવંત રહ્યો. આહાહાહાહા ! મારા પ્રતાપને કોઇ ખંડ કરી શકે, એવી કોઈની તાકાત નથી જગતમાં. આહા... મારા પ્રતાપની સ્વતંત્રતાની શોભાયમાન, એની સ્વતંત્રતાની અશોભા કોઈ કરી શકે ? આહાહાહા ! ગજબ છે ટીકા ! આહા ! વસ્તુને સ્પષ્ટ વ્યક્ત કરવાની સિદ્ધિ. આહાહાહાહા !

એમ આ હું પ્રતાપવંત રહ્યો, એટલે અસ્તિની વાત કરી. હવે પ્રતાપવંત વર્તતા એવા મને આ રીતે હું પ્રતાપવંત વર્તું છું એવા મને, આહાહાહા ! જો કે મારી બહાર અનેક પ્રકારની, પહેલાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

કહ્યું'તું ને કે સદાય જુદા, સર્વથી જુદા એવા સ્વરૂપને અનુભવતો મારા હવે મારા સ્વરૂપથી બહાર, છે ને ? અનેક પ્રકારની સ્વરૂપની સંપદા, એ પણ અનેક પ્રકારની સ્વરૂપની સંપદાવાળા જગત છે. અનંત આત્માઓ, અનંત રજકણો હો જગતમાં કહે છે. આહાહા ! અનેક પ્રકારની સ્વરૂપની સંપદા વડે, સમસ્ત પરદ્રવ્યો સ્ફુરાયમાન છે, બધા અનંતા દ્રવ્યો છે, અસ્તિ ધરાવે છે, સ્ફુરાયમાન છે, પ્રગટ છે. આહાહા !

અનંત આત્માઓ, અનંત રજકણો, અસંખ્ય કાળાણુઓ, ધર્માસ્તિ, અધર્માસ્તિકાય ને આકાશ એ મારા સ્વરૂપથી, જુદા સ્વરૂપની સંપદાને ધરાવતા, આહાહાહા ! આહાહા ! એ પણ અસ્તિપણે બાહ્ય પદાર્થો પોતાની સંપદા વડે શોભાયમાનપણે રહેલાં છે. આહાહા ! એને કાંઈ મારી જરૂર નથી, એની મને જરૂર નથી. આહાહાહા !

એવો મારો ભગવાન પ્રતાપવંત રહ્યો થકો, પ્રતાપવંત વર્તતો થકો, આહાહાહાહા ! મને, જો કે બહાર અનેક પ્રકારની સ્વરૂપની સંપદા– એનાં સ્વરૂપની લક્ષ્મી પરમાણુની સ્વરૂપની લક્ષ્મી, આત્માના સ્વરૂપની લક્ષ્મી, સિદ્ધોની સ્વરૂપની લક્ષ્મી, અનંતા નિગોદના જીવોના સ્વરૂપની લક્ષ્મી, એના ( વડે ) સમસ્ત પરદ્રવ્યો સ્ફુરાયમાન છે. એની સંપદા વડે તે સ્ફુરાયમાન છે. આહાહા !

મારા વડે એ નહીં, તેમ ઈશ્વર કર્તા છે માટે તે શોભાયમાન છે એમ નહીં એમ કહે છે. આહાહાહા ! એ પણ પોતાના સ્વરૂપની સંપદા વડે કરીને, આહાહાહાહા ! પરદ્રવ્યો સમસ્ત સ્ફુરાયમાન છે, તો પણ કોઈપણ પરદ્રવ્ય પરમાણુમાત્ર પણ મારાપણે ભાસતું નથી મને કહે છે. આહાહા ! ધર્મી જીવને, સમ્યગ્દૃષ્ટિ જીવને, આહાહા ! મારા સ્વરૂપના પ્રતાપવંતપણે રહ્યો, અને પ્રતાપપણે વર્તતા એવા મને, બહારના સમસ્ત પરદ્રવ્યો એની સંપદાથી સ્ફુરાયમાન છે, અસ્તિ છે, જેમ હું પોતે અસ્તિ છું એવા એ પણ અસ્તિ છે. છતાં આહાહા... કોઈપણ પરદ્રવ્ય કોઈપણ પરદ્રવ્ય સિદ્ધ હો કે નિગોદ હો કે રજકણ હો કે અચેત સ્કંધ હો, આહાહાહા... સ્ત્રી હો કે એનું શરીર હો કે પંચપરમેષ્ઠિ હો. આહાહાહાહા ! એ એનાં સ્વરૂપની સંપદાથી સ્ફુરાયમાન છે. આહાહા !

મને હું એક આત્મા ભગવાન આનંદસ્વરૂપ પ્રભુ, આહાહા.. મારી સ્વરૂપની સંપદાને અનુભવતાં, બધી સંપદાથી સ્ફુરાયમાન એ તત્ત્વો છે, એમાં કોઈપણ પરદ્રવ્ય, પરમાણુમાત્ર પણ, એક રાગનો કણ ને રજકણનો પદાર્થ, મારાપણે ભાસતું નથી. આહાહાહા...

જુઓ ! આ સમ્યગ્દૃષ્ટિ ધર્માત્માના આત્માના અનુભવના લખણ. આહાહા ! આંહીયા ભલે ત્રણેય ભેગું લીધું છે, ત્રણેય ભેગું સમ્યગ્દર્શનમાંય દર્શનજ્ઞાન ચારિત્રમાં ત્રણેય ભેગું છે. અહીં પૂરણ લીધું છે. સમજાણું કાંઈ ? આહાહાહા !

ધર્મી જીવ અજ્ઞાની પ્રથમ હતો. આહાહા ! એને ગુરુએ સમજાવતાં એ પોતાના રટણમાં ગયો, આવ્યો, અને તેમાં સ્વરૂપની સંપદાને અનુભવી. આહાહા ! અરે, હું તો મારા પરમેશ્વરને ભૂલી ગયો હતો. આહાહા ! મારો પ્રભુ તો પૂર્ણાનંદથી બિરાજમાન છે અંદર. આહાહાહા ! એને મેં યાદ કરીને, સ્વરૂપની સ્મૃતિ કરીને આહાહાહા... યાદ કર્યો ક્યારે થાય ? કે એનો અવગ્રહ, ઈહા, અવાય અને ધારણા થઈ હોય ત્યારે યાદ કર્યું થાય. આહાહાહા ! એવો જે હું એને ( એવા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

મને ) જો કે મારી બહાર પરમાણુ આદિ અનેક પ્રકારની સ્વરૂપની સંપદા વડે પ્રકાશે છે પણ મારાપણે ( મને ) ભાસતું નથી. કોઈપણ પરદ્રવ્ય પરમાણુમાત્ર પણ મારાપણે ભાસતું નથી. આહાહાહા ! આડત્રીસ ગાથા ! ગજબ કામ છે.

મારાપણે ભાસતું નથી કે જે મને ભાવકપણે, કર્મ ભાવક, અને એનાં નિમિત્તે થતો વિકાર ભાવ્ય, એ મારાં છે એ હવે મને ભાસતું નથી. આહાહાહા ! આહાહા ! જુઓ આ સમ્યગ્દૃષ્ટિ ને સમ્યગ્જ્ઞાનીના આચરણવાળા. આહાહાહા ! એ આ પંચમઆરાના સંતોએ, પંચમઆરાના શ્રોતાને કહીને, શ્રોતા જાગી ઊઠયો, એની વાત છે. હેં ! આહાહાહા ! વિશેષ તો હવે આવે છે.

મારાપણે ભાસતું નથી કે જે મને ભાવકપણે તથા જ્ઞેયપણે મારી સાથે એક થઈને, એ ભાવકપણે નહીં ને જ્ઞેયપણે નહીં, જ્ઞેય છે પણ મારાપણે ભાસે એ ભગવાન છે ઈ મારાં છે એવું ભાસે, એમ છે નહીં હવે એમ કહે છે. આહાહાહા !

અમૃત વરસ્યા રે પંચમકાળમાં ! આહા... આવી વાત ક્યાં છે પ્રભુ ! આહાહા ! અમૃતચંદ્રાચાર્ય છે ને ! આહાહા ! હજી તો વધારે આવે છે અલૌકિક વાતું ! આહાહા ! મને ભાવકપણે, જેને આત્મા સમ્યગ્દર્શનમાં ભાસ્યો, સમ્યગ્જ્ઞાનમાં આત્મા ભાસ્યો... આત્મા પૂર્ણાનંદનો નાથ ! આહાહા... એ સમકિતી એમ કહે છે કે મારા સ્વરૂપને અનુભવતો, આ પ્રતાપવંત રહ્યો હું, મારા પ્રતાપવંત વર્તતા એવા મને, સમસ્ત પરદ્રવ્યોમાં કોઈપણ ચીજ મારી છે એમ મને ભાસતું નથી. આહાહાહાહા ! પંચપરમેષ્ઠિ હોય તોય પણ એ મારાં છે એમ મને ભાસતું નથી, કહે છે. આહાહાહાહા ! એ તો ઠીક, હજી આવે છે.

ઈ ભાવકપણે અને જ્ઞેયપણે મારી સાથે એક થઈને ફરી મોહ ઉત્પન્ન કરે, આહાહાહા... મને જે મોહનો નાશ થયો છે, મિથ્યાત્વનો એ ફરીને હવે મોહ આવે, એ મને નથી રહ્યું હવે. આહાહાહા !

આ પંચમકાળના સંતો ને શ્રોતા આવા હોય એમ કહે છે, ગજબ વાત કરે છે પ્રભુ ! આહાહાહા ! પંચમકાળના સંત છે, દિગમ્બર સંત કહે છે. અમે જે આ મોહનો નાશ કર્યો એ ફરીને ઉત્પન્ન નહીં થાય, પણ પ્રભુ તમો કેવળી છો ? તમને કેવળજ્ઞાન છે ? તમે, કેવળી પાસે ગયાય નથી, હજી કુંદકુંદાચાર્ય તો ગયા હતા. આહાહાહા !

મારો નાથ અંદર પરમેશ્વર બિરાજે છે ને હું ત્યાં ગયો હતો, આહાહાહાહા ! અને મારો પોકાર છે. જગ જાહેર પોકાર છે કે મને જે આ મિથ્યાત્વનો મોહનો નાશ થયો, ભલે ચારિત્રથી અસ્થિર થઈશ, દર્શન જ્ઞાન ચારિત્રે પરિણમ્યો છે, એથી સ્વર્ગમાં જશે તેથી ચારિત્રથી અસ્થિર થશે, પણ જે મોહનો નાશ થયો છે એ ફરીને થશે એ નહીં, એમ કહે છે. આહાહાહાહા !

( શ્રોતાઃ- અપ્રતિહત ભાવ છે. ) અપ્રતિહત ભાવ છે બાપા ! આહાહા ! આહાહાહા ! ( શ્રોતાઃ- હવે પડવાની વાત નથી. ) દ્રવ્ય શું પડે ? અને જેની દૃષ્ટિ દ્રવ્યની થઈ એ શું પડે ? એમ કહે છે. આહાહા ! અમે તો જે કંઈ મિથ્યાત્વનો, મોહનો નાશ કર્યો અને જે સમ્યગ્દર્શનજ્ઞાન ઉત્પન્ન કર્યું, એ મોહ ફરીને ઉત્પન્ન થાય ? અમે પંચમઆરાના સંત કહીએ છીએ, અને સંતના શ્રોતાઓને અનુભવ થયો એ એમ કહે છે, એની વાત લીધી છે ને, અનાદિ ( અજ્ઞાની હતો તે ) સમજ્યો એની વાત છે ને. આહાહાહા !

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


પ્રભુ ! પણ કેવળજ્ઞાનેય તમને નથી ને આટલું બધું જોર ? કે અમે હવે આત્મજ્ઞાન પામ્યા છીએ, અનુભવ થયો છે ને મિથ્યાત્વનો નાશ કર્યો છે, એ મિથ્યાત્વ હવે અમને થવાનું નથી. આહાહાહા !

હવે અમે સાદી અનંત સમ્યગ્દર્શનમાં રહેવાના છીએ. આહાહાહા ! આહાહા ! ગજબ કામ કર્યાં છે, મુનિ પોતે તો કહે છે પણ જેને સમજાવ્યું એ ( શ્રોતા ) આમ કહે છે. એમ છે ને ભાઈ ! આહાહાહાહા ! એ પંચમકાળનો શ્રોતા, આહાહાહાહા ! જેને આ ગુરુગમે આ વાણી મળી... આહાહા... અને એ સમજ્યો, આહાહા... એ એમ કહે છે કે અમે તો આ પ્રતાપવંત રહ્યા અને પ્રતાપવંત વર્તતા મને કોઈ મારા પ્રતાપને મોહ ઉત્પન્ન કરીને ખંડ કરે એવું છે નહીં હવે. ફરીને મોહ ઉત્પન્ન થાય એ મારે છે જ નહીં. આહાહાહા ! ઓહોહો ! અમને જે દૃષ્ટિ ને દૃષ્ટિનો વિષય મળ્યો, એ દૃષ્ટિ હવે પડે, ત્રણકાળમાં નથી, કહે છે. આહાહાહા ! અપ્રતિહત ! આહાહાહા... આ લોકો કહે, પાંચમો આરો આવો છે ને એમાં શુભજોગ જ હોય, અરે પ્રભુ ! શું કરે છે ભાઈ !

( શ્રોતાઃ– અત્યારે શુદ્ધ ઉપયોગ ન હોય, પાંચમાં આરામાં શુભભાવથી ધર્મ થાય. શુભથી જ થાય. ) એને ખબર નથી ને ખબર નથી એમને. આહાહા ! ભાઈ, તારી સ્વરૂપની સંપદાને પ્રભુ. આહાહા ! ખબર નથી, એથી પંચમ આરામાં શુભજોગ જ હોય... પ્રભુ આ શું કહે છે આ મુનિ ? અરે મુનિ તો ઠીક, પણ એને સાંભળનારા આવા થાય એમ કહે છે. આહાહાહા... ! આહા ! ( શ્રોતાઃ– શ્રોતાય એવા છે ને ! ) એવાય શ્રોતા હતા. અને અમારી વાણી ‘આ છે ’ ને જેને કાને પડે... ને જે સમજે એ પણ અપ્રતિહતવાળો જીવ છે લે એમ કહે છે. આહાહાહા ! પ્રભુ ! આહાહા !

આવી વાતું છે બાપા ! જગતની હારે મેળ ખાવો કઠણ બહુ ભાઈ ! ( શ્રોતાઃ– દિવાળીના દિવસોમાં તો આવું જ હોય ને ! ) આવું જ હોય બાપા સાચી વાત છે. આહાહા... જ્યાં અંદરથી ઝબકારો જાગ્યો પ્રભુ. આહાહાહા... ( શ્રોતાઃ– પ્રકાશ... પ્રકાશ... પ્રકાશ ) પ્રકાશનો પૂંજ જ્યાં જાગ્યો અંદર પ્રકાશ. હવે અમે પાછા પડીએ ને અમને મિથ્યાત્વ ફરી ઉત્પન્ન થાય એવું અમારે રહ્યું નથી, અમે પંચમઆરાના શ્રોતા અને પંચમઆરાના ગુરુ. પંડિતજી ? આહાહાહા ! આ તો સમજ્યો ઈ એમ કહે છે ને ? “અહં એક્કો ખલુ સુદ્ધો” આહાહા !

પ્રભુ ! આહાહા ! અને પાંચમી ગાથામાં એમ કહ્યુંને પ્રભુએ કુંદકુંદાચાર્યે “તં એયત્તવિહત્તં દાએહં અપ્પણો સવિહવેણ જદિ દાએજ્જ પમાણં” આહાહાહા ! અંતરના અનુભવથી પ્રમાણ કરજે પ્રભુ. આહાહાહાહાહા ! ભગવાન ભગવાન ભગવાન બધા બિરાજે છે ને કહે. આહાહા !

ભગવાનને ઓળખીને કબૂલ કરજે, આહાહા ! પાટણીજી ! જુઓ આ વાત સાંભળી નથી ક્યાંય. ઈ તો પોતેય કહે છે ને ભાઈ બાપુ, આવી વાત છે ભાઈ. આહાહા ! આહાહાહા ! અમારું જે મિથ્યાત્વ –અનંત સંસાર, આહાહાહા... એ ગયો એ ગયો હવે હો, કહે છે હવે. ( શ્રોતાઃ– બળી ગયું ઈ પાછું આવે ? ) આહા.. ! એ રતિભાઈ ? આ રતિ ઉત્પન્ન થઈ અંદરમાં કહે છે. ઈ હવે જવાની નથી, એમ કહે છે. આહાહા ! પ્રભુ, પ્રભુ. આહા... હા !

એ મોહ આ ગજબ કર્યો છે ને ? મારી સાથે જ્ઞેય થઈ, જ્ઞેય પર છે ને તે મારા થઈ ભાવક ભાવે મારા થઈને એક થઈને ફરી મોહ ઉત્પન્ન કરે, ઈ મારે રહ્યું નથી. આહાહાહાહા !

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


કારણકે નિજરસથી જ, આહાહા... મિથ્યાત્વ, મોહને કેમ ઉત્પન્ન ન કરે ? કે મારા નિજ રસથી આત્માના આનંદના રસથી, આહાહાહા ! મારી નિજ શક્તિના સામર્થ્યથી, મારો ભગવાન નિજરસના સામર્થ્યથી, આહાહાહા... મોહને મૂળથી ઉખાડી, મોહને દાબ્યો છે ઉપશમ કર્યો એમેય નહીં. અહીંયા તો મોહને મૂળથી ઉખાડી, આહાહા... ગધેડા જેમ મૂળથી ખાય ઉખેડીને એમ જ્ઞાની મૂળથી ઉખાડી નાખે છે રાગને – મિથ્યાત્વને, આહાહા ! આહા ! ગજબ ગાથા છે. એમ મેં મારા આત્માના રસથી સ્વભાવના રસના સામર્થ્યથી મોહને, નિજરસથી જ, એમ કહ્યું જોયું ? કોઈ કર્મ મંદ પડયું ને ફલાણું થયું ને એમ નહીં પણ મેં મારા નિજરસથી જ. આહાહાહા... મારો ભગવાન આત્મા, નિજરસ, આનંદના રસથી મારા સામર્થ્યથી એમ કહે છે. નિજરસથી 'જ' બીજો કોઈ અંદર આશય રાગ નહીં. આહા ! આહાહા ! મોહને મૂળથી ઉખાડી, મૂળમાંથી ખોદી કાઢીને, આહાહાહા ! મૂળિયું તોડી નાખ્યું છે કહે છે. આ ફરીને ઉત્પન્ન ન થાય. આહાહાહાહા !

ઓહોહો ! શું સમયસારના કર્તા, શું એના ટીકાકાર. શું એના શ્રોતાઓ ! ! આહાહાહા ! આંહી એની વ્યાખ્યા છે ને ભાઈ ! જેને સંભળાવ્યું છે, એ સમજ્યો છે. એ એમ કહે છે કે, આહાહાહાહા ! મારા નિજરસથી જ મારો વીતરાગ સ્વભાવરસ, આહાહાહા ! પૂરણસ્વભાવમાં સાવધાનીના રસથી જ–મોહને મૂળથી ઉખેડી નાખ્યો. આહાહા ! મોહને દાબ્યો, ઉપશમ કર્યો એમેય નહીં. આહાહા ! ઓહોહોહો ! અરે કુંદકુંદાચાર્ય ! અમૃતચંદ્રાચાર્ય ! ચાલતા સિદ્ધ ! અને એ ભાવે સિદ્ધ થવાના. આહાહાહા !

મોહને મૂળથી ઉખાડીને, ફરી અંકુર ન ઊપજે. આહાહાહાહા... મિથ્યાત્વનો અંકુર ન ઊપજે અંકુર જરીએ ન ઊપજે. આહા ! ફૂલ તો નહીં, આહાહાહા... પણ મિથ્યાત્વનો અંકુર પણ ન ઊપજે જરીયે, આહાહા ! એવો નાશ કરીને, આહા ! ગજબ કર્યું છે ને ? ભગવાનને ભગવાનના ભેટા થયા અંતરમા ઈ કહે છે, હવે જાય નહીં. આહાહા ! મારો નાથ પૂર્ણાનંદનો પ્રભુ એના જ્યાં ભેટા થયા, હવે વિયોગ ન થાય કહે છે. આહાહાહાહા ! આહાહા !

ફરી અંકુર ન ઊપજે જોયું ? 'स्वरसत एवापुनः प्रादुर्भावाय समूलं मोहमुन्मूल्यं' – એમ છે ને મૂળસહિત મોહને ઉન્મૂલ્યં – મૂળથી ઉખેડી નાખ્યો. महतो 'ज्ञानोद्योतस्य प्रस्फुरितत्त्वात्'

ફરી અંકુર ન ઊપજે એવો નાશ કરીને, મહાન જ્ઞાનપ્રકાશ – મહાન જ્ઞાનપ્રકાશ, ચૈતન્યજ્યોતિ ઝળહળ જ્યોતિ, ઝળહળ જ્યોતિ. શીતળચંદ્ર પ્રકાશનો. એવો મારો પ્રભુ ચંદ્ર, આહાહાહા... એનો જ્ઞાનપ્રકાશ, મહાન જ્ઞાનપ્રકાશ મને પ્રગટ થયો છે. આહાહાહા ! જુઓ ! આ દિગમ્બર સંતોની વાણી ! આહાહા !

શ્રીમદ્ કહે છેઃ 'દિગમ્બરના તીવ્ર વચનોને લઈને રહસ્ય સમજી શકાય છે'ઈ કહેવા માગે છે. આહાહા ! 'શ્વેતાંબરની મોળાશને લઈને રસ ઠંડાતો ગયો', બહુ આકરું કામ દુઃખ લાગે બીજાને શું થાય ? અરે, આ એક કડી છે, એવા બત્રીસ સૂત્રોમાં આ વાત મળે એવી નથી. આહાહાહા ! ( શ્રોતાઃ– બત્રીસ ને તેર પીસતાલીસમાંય ન મળે ! ) પીસતાળીસ તો નાનો સાધારણ, આ બત્રીસ ને બધાય જોયાં છે. છોંતેરની સાલમાં એ પીસતાળીસ સૂત્ર એક પાંચ મહિનામાં જોયા હતા. છોંતેર, છોંતેર. ( શ્રોતાઃ– અઠ્ઠાવન વરસ થયાં ) અઠ્ઠાવન વરસ પહેલાં, બત્રીસ સૂત્ર ને એનાં તેર સૂત્ર, પીસતાલીસ સૂત્ર ને એની ટીકાઓ, પાંચ મહિનામાં, ચોમાસુ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

હતું દામનગર, પાંચ મહિનામાં પીસતાલીસ સૂત્ર વાંચ્યાં'તા. આંહી તો ધંધો એક જ કર્યો છે ને. અઠ્ઠાવન વરસ પહેલાં....ગજરથ પણ્ણતિ – સૂર્ય પણ્ણતિ બધું વાંચ્યું'તું.

આ વાત. આહાહાહા ! અઠયોતેરમાં સમયસાર હાથમાં આવ્યું, આવ્યું ને કહ્યું અંદરથી, આહાહાહા ! શેઠિયા હતા આગ્રહી સંપ્રદાયના, પણ એ વખતે તો ( અમે સ્થાનકવાસી સંપ્રદાયમાં ) હતા ને ! કીધું શેઠ, આ પુસ્તક અશરીરી છે, સિદ્ધ થવાને ને અશરીરી થવાને શરીર રહિત થવાને આ પુસ્તક છે કીધું. પાટણીજી ? અઠયોતેર, દામનગર, દામોદર શેઠ હતા ને અત્યારે પૈસા નથી પણ તે દિ' તો સાંઈઠ વરસ પહેલાં દસલાખ, દસલાખ રૂપિયા ને ચાલીસ હજારની ઊપજ ને દૃષ્ટિ વિપરીત ઘણી હતી. પણ એ વખતે તો આમાં હતો એટલે ન ઓલું લાગે ! આહાહાહા !

આની એક કડી, આડત્રીસમી ગાથાની, આહાહા.... બાર અંગમાં જે કહેવું છે 'અનુભૂતિ' આ એની વાત છે આંહી. આહાહાહા !

મોહનો 'અંકુર' શબ્દ છે. છે ને ? આહા ! છે ને ! આહા ! 'स्वरसत' एवापुनः प्रादुर्भावाय समूलं मोहमुन्मूल्य' – એમ મૂળમાંથી મોહનો ઉન્મૂલમ્, આહાહા ! ફેંકી દીધો છે કે નાશ કરી નાખ્યો છે. આહા ! મારો પ્રભુ, જ્ઞાનસ્વરૂપી ચૈતન્યજ્યોતિ ઝળહળ જ્યોતિ એનો પ્રકાશ મને થયો છે કહે છે. આહાહા ! અરે, તમે પંચમઆરાના જીવ, ભગવાન તો નથી આંહી ને, ભગવાન બિરાજે છે ત્યાં મહાવિદેહમાં બિરાજે છે પ્રભુ ભગવાન ! સીમંધર ભગવાન ! બાપુ, અમારા ભગવાન અમારી પાસે છે એ અમારો પોકાર છે, કહે છે. આહાહાહા ! આહાહા ! એવો નાશ કરીને, મહાન જ્ઞાનપ્રકાશ. આહાહા... મહાન જ્ઞાનપ્રકાશ ! દ્રવ્યસ્વભાવનો જે જ્ઞાનસ્વભાવ જ્ઞાયકસ્વભાવ મહાન જ્ઞાનપ્રકાશ, મને પ્રગટ થયો છે. વાહ પ્રભુ ! આડત્રીસ ગાથાએ તો હદ વાળી નાખી છે !

( શ્રોતાઃ– જીવ અધિકાર પૂરો થયો છે. ) હા, પૂરો કર્યો ને... જીવ અધિકાર પૂરો થઈ ગ્યો, જીવનો અધિકાર આવી ગયો. એનો જે અધિકાર હતો એટલો આવી ગયો. આહાહાહા ! ( શ્રોતાઃ– આત્માનો અનુભવ થાય ત્યારે અધિકાર પૂરો થાય ને ! ) અરે, લોકો ક્યાં ચોંટયા છે, બહારની ક્રિયા, આ વ્રત કરો ને અપવાસ કરોને તપ કરોને... અરે ! ઈ તો રાગની ક્રિયા છે, આસ્રવ છે ન્યાં ક્યાં ધરમ હતો ? અરે ! ભગવાન, જ્યાં ભગવાન ( નિજાત્મા ) પડયો છે ત્યાં તું જોને એકવાર ! આહાહાહા ! ધર્મી એવો ભગવાન એમાં અનંત અનંત ધર્મ સ્વભાવ છે. તેવા સ્વભાવની સામું જોને ! આહાહા... તને ધરમ પ્રગટશે. એ ધરમ એવો પ્રગટશે કે ફરીને મિથ્યાત્વ આવે નહીં એવો પ્રગટશે. આહાહાહાહા !

ઉન્મૂલન નહીં એટલે અંકુર શબ્દ કાઢયો અંદરથી અંકુર શબ્દ નથી આમાં અંદર. ( શ્રોતાઃ– પ્રાદુર્ભાવ કહ્યું ) પ્રાદુર્ભાવ બસ એટલું, પછી એનો અર્થ કર્યો. આહાહાહા ! કો' આ. આમ સર્વથી જુદા આમ પાંચ લીટીમાં આટલું બધું ભર્યું છે. આહાહાહા !

આચાર્યો, મુનિઓ પોતે એમ કહે છે. કુંદકુંદાચાર્ય તો ભગવાન પાસે ગયા હતા. કુંદકુંદાચાર્ય દિગમ્બર સંત, સંવત ઓગણપચાસ ભગવાન ત્રિલોકનાથ સીમંધર પ્રભુ બિરાજે છે. મહાવિદેહ ત્યાં ગયા હતા, આઠ દિન રહ્યા હતા. એ તો કહે, પણ આ તો એનાં ટીકાકાર પોકાર કરે છે, આહા... અરે ટીકાકાર કહે છે કે, અમે જેને કીધું, એનો પોકાર 'આ' છે. ભલે ઈ ભગવાન પાસે

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


ન ગયા હોય. આહાહાહા ! પણ એનો ભગવાન પૂર્ણાનંદનો નાથ પ્રભુ, એની પાસે ગયા છે ને ઈ. આહાહાહા !

કો' અજીતભાઈ ? આ પૈસા બૈસામાં નથી આ કાંઈ, ધૂળમાંથી નથી ન્યાં, આ છે માલ ! ( શ્રોતાઃ માટે તો એ આંહી આવ્યા છે ) આહાહા ! આકરું લાગે લોકોને બહાર પ્રવૃત્તિમાં ચડાવી દીધા છે ને ? અપવાસ કરોને વ્રત કરોને તપ કરોને અપવાસ એ હવે રાગની ક્રિયાઓમાં ચડાવી દીધા, ધરમ એકકોર રહી ગયો. આહા ! ( શ્રોતાઃ અજૈનને જૈન મનાવી દીધા ) અજૈનપણામાં જૈન( પણું ) માન્યું છે. આહાહા !

આ તો વીતરાગ સર્વજ્ઞ ત્રિલોકનાથ ! એ પરમેશ્વર એવો જ – આત્માનું પૂરણ વીતરાગ સ્વરૂપ પરમેશ્વર, એને પર્યાયમાં જ્યાં એનું ભાન થાય છે ત્યારે કહે છે કે આ જે મારી પર્યાય જે પ્રગટી નિર્મળ, હવે મને મિથ્યાત્વનો ઉદય થાય ને મલિન થાય, મારે એવું રહ્યું નથી. પડવાના, પડે એવું શાસ્ત્રમાં લખ્યું છે, આવે છે કે નહીં ? 'શુદ્ધનય પરિચ્યૂતા' એ તો જાણવા માટે છે, મારે માટે નથી એ. આહાહાહા ! આસ્રવમાં આવે છે શુદ્ધનય ( પરિચ્યૂતા ) – નય પરિચ્યૂતા છે ? નયનો અર્થઃ શુદ્ધનય કારણ નય એ જ નય છે વ્યવહાર ( નય ) તો કથનમાત્ર નય છે. આહાહાહા ! નય છે, એનો વિષય છે પણ ઈ તો સાધારણ, કથનમાત્ર ! 'નય પરિચ્યૂતા' નો અર્થ જ એવો કર્યો પાઠ તો નય છે ફકત એનો અર્થ એવો કર્યો કે 'શુદ્ધનય પરિચ્યૂતા' નય જ એને કહીએ. આહાહાહા !

જે શુદ્ધ ભગવાન પૂર્ણાનંદનો આશ્રય લીધો છે, એવી જે શુદ્ધનય, એનાથી જે ચ્યૂત થાય છે એ તો જ્ઞાન જગતને કરાવ્યું, આંહી તો કહે છે કે જે, આહાહાહા... જેણે શુદ્ધનયનો અંતર્ આશ્રય લીધો અને જેને સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્ર આદિ પ્રગટ થયાં, એ હવે મિથ્યાત્વને પામે કે પડે એવું રહ્યું નથી. આહાહાહાહા ! ગજબ વાત છે.

મહાન જ્ઞાન પ્રકાશ એટલે ? આહાહાહા... શાસ્ત્રજ્ઞાન તો અનંતવાર થયું'તું અગિયાર અંગ ને નવ ( પૂર્વનું ) શાસ્ત્રનું, એ નહીં, આ તો મહાનજ્ઞાન, જ્ઞાનનો ભંડાર દરિયો પ્રભુ એમાંથી જ્ઞાન પ્રગટ થયું છે. આહાહા ! મારી પર્યાયમાં મહાન જ્ઞાનપરમાત્મસ્વરૂપ જે પ્રગટ આવી ગયો છે. આહાહાહા !

હવે, આમાં વાદવિવાદ કરે ઈ ક્યાં પાર પડે એવું છે ભાઈ ! ( શ્રોતાઃ માટે તો કુંદકુંદાચાર્યે વાદવિવાદની ના પાડી છે. ) ના પાડી છે. ઓલા કયે તમે ના પાડો છો તે તમને આવડતું નથી, તમે પાછા પડી ગયા માટે તમે ના પાડો છો એમ કહે છે. કહે બિચારા કહે એની.... અને તમે ચર્ચા કરવા આવો, ભઈ ચર્ચા તો થઈ ગઈ છે આંહી ખાનિયામાં તે ત્યાં અધૂરી રહી છે છેલ્લું અમારે પૂછવું જોઈએ એ બાકી રાખી દીધું છે, તમે પૂછ્યું ને તેનો જવાબ અમારો છેલ્લો નો આવ્યો, અરે પ્રભુ એ કર્યે પાર ન પડે બાપા !

આ ચીજ તે ક્યાં ભાઈ ? એ શાસ્ત્રના ભણતરેય તે મળે એવું નથી. આહાહા ! શું થાય ?

મને મહાનજ્ઞાનપ્રકાશ સરવાળો છેલ્લો. જીવ અધિકારનો, જીવનું જેવું અધિકારપણું હતું તેવું પ્રગટયું એ જીવ અધિકાર પૂરો થયો. આહાહાહા !

ભાવાર્થઃ – આત્મા અનાદિકાળથી, મોહના ઉદયથી અજ્ઞાની હતો મિથ્યાદૃષ્ટિ. દર્શનમોહનો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


ઉદય ને તેમાં જોડાણ. આ સ્વભાવ તરફ જોડાણ થવું જોઈએ એ છોડી દઈને, એણે ભાવક જે મોહ, તેના તરફ જોડાણ કરીને, ભાવ્ય જે મિથ્યાત્વભાવ તે એને લઈને અજ્ઞાની હતો. આહાહાહાહા !

તે શ્રી ગુરુઓના ઉપદેશથી, આહાહા... એ તો ઓલામાં આવ્યું છે ને ? જીવ મરણતુલ્ય થઈ રહ્યો છે. ત્યાં એમ આવ્યું છે. જીવને મરણતુલ્ય કરી નાખ્યો છે કહે છે. દયા દાન વ્રતના પરિણામ, રાગથી મને લાભ થાય એ જીવને મારી નાખ્યો છે કહે છે. મરણતુલ્ય કર્યો છે, એમાં છે. એમાં પાછું એમ કહ્યું છે તીર્થંકરના ઉપદેશથી તે સમજાવ્યું છે એમ છે. સમજાણું ? ( શ્રોતાઃ– અઠ્ઠાવીસ ) અઠયાવીસ, અઠયાવીસ ( કળશ ) શરૂઆત, શરૂઆત. આ રહ્યું જુઓ અઠયાવીસ 'પરંતુ કર્મ સંયોગથી ઢંકાયેલું હોવાથી મરણને પ્રાપ્ત થઈ રહ્યું હતું'. ભગવાન જીવતી જ્યોત અંદર જ્ઞાન ને આનંદના નૂરના પ્રકાશના પૂંજવાળો, પણ એને મોહમાં રાગ મારો ને પુણ્ય મારું ને એવા ભાવથી એને મારી નાખ્યો એટલે જાણે હું છું જ નહીં અજીવ જ છે મારે તો બીજું કહેવું 'તું આંહી ગુરુનો ઉપદેશ છે ને !

તે ભ્રાન્તિ પરમ ગુરુ શ્રી તીર્થંકરનો ઉપદેશ સાંભળતાં મટે છે. અહીં તો આ. આહાહા ! ગુરુ પણ તીર્થંકરનો ઉપદેશ છે એ જ કહે છે. આહાહાહા ! ભગવાન જીવતી જ્યોત ચૈતન્ય જાગ્રત અવસ્થાથી ભરેલો ભગવાન એને મેં રાગ ને દયા–દાનના વિકલ્પથી ને નિમિત્તથી મને લાભ થાય, એમ કરીને પોતાના જીવતરની જ્યોતને એણે હણી નાખી. આહાહા ! એવી જે મિથ્યાત્વદશા, એ ભ્રાન્તિ મિથ્યાત્વ એટલે ભ્રાંતિ પરમગુરુ શ્રી તીર્થંકર ત્રિલોકનાથ તીર્થંકરનો ઉપદેશ સાંભળતાં મટે છે. આહાહાહા ! સમજાણું ?

એ આંહી કહ્યું, ગુરુઓના ઉપદેશથી, અને પોતાની કાળલબ્ધિથી જ્ઞાની થયો એથી પુરુષાર્થ કરતાં કાળલબ્ધિ પાકી ગઈ. આહાહા ! અને પોતાના સ્વરૂપને પરમાર્થથી જાણ્યું, પોતાના સ્વરૂપને પરમાર્થથી જાણ્યું, આમ તો સ્વરૂપને શાસ્ત્રના ભણતરમાં આવ્યું 'તું એને, અનંતવાર પણ એ પરમાર્થે જાણ્યું નહોતું. આહાહાહાહા ! સમ્યગ્દર્શન શું ચીજ છે એની મહત્તાની ખબર નથી લોકોને... એણે તો સાધારણ કરી નાખ્યું કે થઈ રહ્યું દેવગુરુની શ્રદ્ધા કરો, વ્રત કરો, તપ કરો, અપવાસ કરો મરી ગયા કરી કરીને એ તો ! ( શ્રોતાઃ– વળી કહે ડરોમા, ડરોમા ) હા, એ તો વળી ભદ્રિકપણે કહે. બહારમાં વ્રત લઈ લ્યો ને લૂગડાં છોડી ધો ને...

( પોતાના સ્વરૂપને ) પરમાર્થથી જાણ્યું કે હું એક છું, મૂળપાઠ છે ને ? શુદ્ધ છું, અરૂપી છું એ ત્રણેય લઈ લીધા, અને દર્શનજ્ઞાનમય છું. ગાથાનો ભાવ લીધો, આવું જાણવાથી – આવું જાણવાથી ( શ્રોતાઃ– સ્વસન્મુખ થઈને જાણવાથી ) મોહનો સમૂળ નાશ થયો – મોહનો 'સમૂળ' નાશ થયો, મૂળમાંથી મિથ્યાત્વનો નાશ થયો. આહાહાહા ! ( શ્રોતાઃ– નાશ થયો તે થયું શું ) ભાવકભાવ ને જ્ઞેયભાવથી ભેદજ્ઞાન થયું. ભાવકભાવ એટલે કર્મ ભાવક ને એના નિમિત્તથી થતી વિકારી પર્યાયો રાગ–દ્વેષની મિથ્યાત્વ આદિ એવો ભાવકભાવ અને જ્ઞેયભાવ એટલે પર જ્ઞેયો, એનાથી ભેદજ્ઞાન થયું. રાગથી અને જ્ઞેયથી જુદો પડયો. આહાહાહાહા ! પોતાની સ્વરૂપ સંપદા, પોતાની સ્વરૂપ સંપદા આનાથી જુદો પડયો, ત્યારે થયું શું ? પોતાની સ્વરૂપ સંપદા અનુભવમાં આવી. આહાહાહા ! ભગવાન અનંત આનંદની લક્ષ્મી,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


અતીન્દ્રિયઆનંદનું જ્ઞાન, અતીન્દ્રિય શ્રદ્ધા, અતીન્દ્રિય શાંતિ વગેરે અંતર્ એનાં અનુભવમાં આવી. આહાહા... એ પોતાની લક્ષ્મીની સંપદા અનુભવમાં આવી. આહાહાહા ! એ દયા દાનની વૃત્તિ એ તો રાગ એ પોતાની સંપદા હતી એ તો વિકાર વિભાવ છે. આહાહાહાહા ! આકરું કામ. ( શ્રોતાઃ- ચોખ્ખુ કામ. ) એથી એ લોકો બિચારા એવું કહે છે એય સોનગઢવાળાએ તો વ્યવહાર ઉડાવી દીધો. વ્યવહારથી થાય એ ન રાખ્યું. ભગવાન વ્યવહાર તો રાગ છે બાપુ ! આહાહા ! રાગથી તો આંહી જુદો પડયો ત્યારે લાભ થયો. જેનાથી જુદું પડવું એનાથી લાભ થાય ?

બહુ આકરું કામ ! અત્યારે પ્રરૂપણા ફરી ગઈ બહુ, ઉપદેશ ફર્યો. વાણિયાને નવરાશ ન મળે વાણિયા નવરા ( ન થાય ) ધંધો આખો દિ' એય છોટાભાઈ ! આખો દિ' બાયડી છોકરાં ને ધંધો એમાં વખત ન મળે કલાક મળે ત્યારે સાંભળવા જાય, મગજ ન મળે, જે માથે કહે 'જયનારાયણ' ( શ્રોતાઃ- હુશિયાર કહેવાય છે ને વાણિયા ) સમજવા જેવા હુશિયાર બધાંય. આહાહા ! સંસારના ડાહ્યા હોય મોટી વાતું કરનારા, ધંધાના ને આમ મોટા ઉદ્યોગપતિ ને આમ ને આમ મૂર્ખાઈમાં મોટા છે એ બધાય. આહાહાહાહા ! કહો, ચંદ્રકાંતભાઈ !

લ્યો, આ બધા વાણિયા અઢી અઢી હજારના પગારને એસો... એસો એસોમાં છે ને એ ? એ કંપની ફરી ગઈ એસ. પી. સરકારની ફરી ગઈ.

આંહી પોતાની સ્વરૂપ સંપદા અનુભવમાં આવી, હવે ફરી મોહ કેમ ઉત્પન્ન થાય ? ન થાય. આ બધું ટીકાને ભાવાર્થ પૂરું થયું.

થઈ ગ્યો વખત લ્યો ! ( શ્રોતાઃ- પ્રમાણ વચન ગુરુદેવ ! )

* સમ્યગ્જ્ઞાનનું આભૂષણ એવું આ પરમાત્મતત્ત્વ સમસ્ત વિકલ્પ સમૂહથી સર્વતઃ મુક્ત છે. અનેક પ્રકારના વિકલ્પનો સમૂહ તે સમ્યક્જ્ઞાનના આભૂષણ એવા પરમાત્મતત્ત્વમાં-ત્રિકાળી તત્ત્વમાં નથી. સર્વનય સંબંધી અનેક પ્રકારના વિચારો એ પણ પ્રપંચ છે. એ પણ ત્રિકાળી પરમાત્મતત્ત્વને વિષે નથી. એ વિકલ્પો નથી એ તો ઠીક પણ શુદ્ધ પર્યાયોની શ્રેણી-નિર્મળ પર્યાયની ધારારૂપ ધ્યાનાવલી એ પણ પરમાત્મતત્ત્વમાં નથી. ધ્યાનાવલીનું જે ધ્યેય છે એવા પરમાત્મતત્ત્વમાં ધ્યાનની પરિણતિરૂપ પર્યાયો-ધ્યાનાવલી નથી. ભાઈ ! તું તો સદાય આવો પરમાત્મસ્વરૂપે જ છો.

( પરમાગમસાર - ૫૦૭ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## શ્લોક - ૩૨

( वसन्ततिलका )

मज्जन्तु निर्भरममी सममेव लोका
आलोकमुच्छलति शान्तरसे समस्ता:।
आप्लाव्य विभ्रमतिरस्करिणीं भरेण
प्रोन्मग्न एष भगवानवबोधसिन्धु:।।३२।।

હવે, એવો આત્માનો અનુભવ થયો તેનો મહિમા કહી પ્રેરણારૂપ કાવ્ય આચાર્ય કહે છે કે આવા જ્ઞાનસ્વરૂપ આત્મામાં સમસ્ત લોક નિમગ્ન થાઓ:-

શ્લોકાર્થ:-[ एष: भगवान् अवबोधसिन्धु: ] આ જ્ઞાનસમુદ્ર ભગવાન આત્મા [ विभ्रम-तिरस्करिणीं भरेण आप्लाव्य ] વિભ્રમરૂપ આડી ચાદરને સમૂળગી ડુબાડી દઈને ( દૂર કરીને ) [ प्रोन्मग्न: ] પોતે સર્વાંગ પ્રગટ થયો છે; [ अमी समस्ता: लोका: ] તેથી હવે આ સમસ્ત લોક [ शान्तरसे ] તેના શાંત રસમાં [ समम् एव ] એકીસાથે જ [ निर्भरम् ] અત્યન્ત [ मज्जन्तु ] મગ્ન થાઓ. કેવો છે શાંત રસ ? [ आलोकम् उच्छलति ] સમસ્ત લોક પર્યંત ઊછળી રહ્યો છે.

ભાવાર્થ:-જેમ સમુદ્રની આડું કાંઈ આવી જાય ત્યારે જળ નથી દેખાતું અને જ્યારે આડ દૂર થાય ત્યારે જળ પ્રગટ થાય; પ્રગટ થતાં, લોકને પ્રેરણાયોગ્ય થાય કે ‘આ જળમાં સર્વ લોક સ્નાન કરો’; તેવી રીતે આ આત્મા વિભ્રમથી આચ્છાદિત હતો ત્યારે તેનું સ્વરૂપ નહોતું દેખાતું; હવે વિભ્રમ દૂર થયો ત્યારે યથાસ્વરૂપ ( જેવું છે તેવું સ્વરૂપ ) પ્રગટ થયું; તેથી ‘હવે તેના વીતરાગ વિજ્ઞાનરૂપ શાંતરસમાં એકીવખતે સર્વ લોક મગ્ન થાઓ’ એમ આચાર્યે પ્રેરણા કરી છે. અથવા એવો પણ અર્થ છે કે જ્યારે આત્માનું અજ્ઞાન દૂર થાય ત્યારે કેવળજ્ઞાન પ્રગટ થાય અને કેવળજ્ઞાન પ્રગટ થતાં સમસ્ત લોકમાં રહેલા પદાર્થો એકીવખતે જ જ્ઞાનમાં આવી ઝળકે છે તેને સર્વ લોક દેખો. ૩૨.

## પ્રવચન નં. ૧૧૧ ગાથા ૩૮નો શ્લોક - ૩૨

**તા. ૧૮-૧૦-૭૮ બુધવાર આસો વદ-૨ સં. ૨૫૦૪**

मज्जन्तु निर्भरममी सममेव लोका आलोकमुच्छलति शान्तरसे समस्ता: ।
आप्लाव्य विभ्रमतिरस्करिणीं भरेण प्रोन्मग्न एष भगवानवबोधसिन्धु: ।।३२।।

આ જીવ અધિકારનો છેલ્લો કળશ છે ને ? “એષ ભગવાન અવબોધ સિન્ધુ:” એષ આ ચૈતન્ય પ્રત્યક્ષ ભગવાન આત્મા, ‘એષ’ આ, ચૈતન્યપ્રત્યક્ષ, ચૈતન્યલોક ઐસા ભગવાન અવબોધ સિંધુ; ભગવાન એટલે આત્મા, છે ને ભગવાન આત્મા, જ્ઞાન સમુદ્ર અવબોધ સિંધુ: એ તો જ્ઞાનસિંધુ છે, જ્ઞાનનું પાત્ર છે. જ્ઞાન સ્વરૂપ જ છે. એષ પ્રત્યક્ષ પ્રભુ, ચૈતન્ય ભગવાન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

આત્મા જ્ઞાનસમુદ્ર હૈ, જ્ઞાનસમુદ્ર છે. આહાહાહા ! "વિભ્રમ તિરસ્કરિણી ભરેણ આપ્લાવ્ય" એ વિભ્રમરૂપી આડી ચાદર હતી, જેમ મોટા સમુદ્રમાં કાંઠે એક ચાદર હોય ચાર હાથની, તો માણસ એ સમુદ્રને ન જોઈ શકે, કેમ કે પોતે ચાર હાથનો ઊંચો હોય અને ચાર હાથની ચાદર આડી હોય, એમ ભગવાન આત્મા વિભ્રમરૂપી આડી ચાદર હતી. રાગ ને પુણ્ય આદિ મારા છે એવા મિથ્યાત્વરૂપી પરિણમનની આડ હતી એને, આહાહા ! વિભ્રમરૂપી આડી ચાદર, ભ્રમ હતો એને એ.

બહિર્લક્ષી જે રાગાદિ ભાવ એ મારા છે ને એ જ મારું અસ્તિત્વ છે, એમ જે વિભ્રમ મિથ્યાત્વનું પરિણમન હતું, કર્મની અહીં વાત નથી, સ્વરૂપથી વિપરીત દૃષ્ટિ જે રાગ ને પુણ્ય આદિના વિકલ્પો એક સમયની પર્યાય જેટલી બુદ્ધિ હતી, તે વિભ્રમ હતો, મિથ્યાત્વરૂપી આડી ચાદર હતી. તેથી ભગવાન જ્ઞાનસમુદ્ર દેખાતો નહોતો. આહાહાહા !

એ વિભ્રમ, આડી ચાદરને 'ભરેણ આપલાવ્ય' "સમૂળગી ડુબાડી દઈને, આહાહા... નાશ કરી નાખ્યો એને. વિભ્રમ એ મિથ્યાત્વરૂપી પરિણામ એનો વ્યય કરીને, પ્રોન્મગ્નઃ પ્ર.– ઉન્મગ્ન, પ્ર.–ઉન્મગ્ન–પ્રકષ્ટે ઉન્મગ્નઃ જેવું સ્વરૂપ છે તેવું ઉન્મગ્ન, પર્યાયમાં બહાર ઊછળ્યો, આહાહા ! શું કહે છે ? ભગવાન આનંદ સ્વરૂપ જ્ઞાનસિંધુ એ વિભ્રમની આડી ચાદરને લઈને જણાતો નહોતો એ વિભ્રમની ચાદરને ભ્રમને ડુબાડી દીધું, વ્યય કરી દીધો, જે આમ ઉત્પાદ્ હતો આહાહા... એનો વ્યય કરી નાખ્યો. આહાહા ! પોતે જ ઉત્પાદ થયો હતો એમ હવે કહેવું છે, પ્રોન્મગ્નઃ પોતે સર્વાંગ પ્રગટ થયો. આહાહા ! શું શૈલી !

સ્વરૂપનાથ ચિદાનંદ ભગવાન પરમ પરમેશ્વર સ્વરૂપ જ આત્મા એને વિભ્રમ, રાગ પુણ્ય દયા–દાન વિકલ્પ આદિ મારાં છે એવો જે વિભ્રમ મિથ્યાત્વરૂપ પરિણમન, આહાહા... એને વ્યય કરી નાશ કરી, અને અવબોધ સિંધુઃ જ્ઞાનનો દરિયો પ્રભુ એ પર્યાયમાં, પ્ર.ઉન્મગ્ન પર્યાયમાં, પ્રકષ્ટે ઉન્મગ્ન બહાર આવ્યો. આહાહા ! જેવો એનો સ્વભાવ ભગવાન આત્માનો હતો. આહાહાહા... અતીન્દ્રિયઆનંદ, અતીન્દ્રિયજ્ઞાન ને અતીન્દ્રિયશાંતિ એના આશ્રયનું શરણ લેતાં, વિભ્રમની ચાદર નાશ થઈ ગઈ, અને પોતે પર્યાયમાં પ્ર.ઉન્મગ્ન, પ્ર.–વિશેષ ઉન્મગ્ન, ઉત્પાદ્ ઊછળ્યો, આહાહાહાહા... શાંતિ અને આનંદની દશા પ્ર.–વિશેષે ઉન્મગ્નઃ, પ્રગટ થઈ, વસ્તુ તો વસ્તુ હતી ધ્રુવ, એ ધ્રુવની દૃષ્ટિએ વિભ્રમનો નાશ થયો અને જેવું સ્વરૂપ એનું હતું, એવું પર્યાયમાં પ્ર. ઉત્કૃષ્ટ ઉન્મગ્ન આવ્યું, ઓલી નદી નથી આવતી ઉન્મગ્ન નિમગ્ન, વૈશાખ પર્વતમાં, એક નદી એવી છે નિમગ્ન એમાં જે કોઈ ચીજ પડે એને હેઠે લઇ જાય અને એક નદી એવી છે જે કોઈ ચીજ પડે એને ઉપર લાવે. આહાહા !

એમ ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ એની જ્યાં દૃષ્ટિ થઈ, ત્યારે એ વિભ્રમનો નાશ થયો, અને પર્યાયમાં પ્રકૃષ્ટે ઉન્મગ્ન ઊછળ્યો, ઉત્કૃષ્ટપણે પરિણમ્યો એમ ઊછળ્યો એટલે પ્રોન્મગ્નઃ આહાહા... ઉછલંતી પછી આવશે, પણ અહીં પ્રગટયો, અતીન્દ્રિય આનંદ ને ચૈતન્ય સિંધુ, પ્ર.– ઉન્મગ્ન, એકલો ઉન્મગ્નઃ નહીં, વિશેષે ઉન્મગ્ન. આહાહા ! આમ પર્યાયમાં મિથ્યાત્વની પર્યાયનો વ્યય થઈ અને સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રની પર્યાય પ્રગટી એ ઊછળ્યો આત્મા અંદરથી. આહાહા... આવી વાતું. અધિકાર પૂરો થાય છે ને ! તે જેવું સ્વરૂપ છે તેવી પૂરણ પ્રાપ્તિ, તેનો અધિકાર પૂર્ણ થાય છે, આહાહા ! લખાણમાં આ પૂરો થાય છે, ને ભાવમાં આ પૂરો થાય

છે. આહાહાહા...

સર્વાંગ પ્રગટ થયો, અસંખ્ય પ્રદેશે પૂર્ણ સ્વરૂપ જે હતું. આહાહા ! એ સ્વરૂપના પૂર્ણાનંદના નાથની દૃષ્ટિ કરતા એ સર્વાંગ પર્યાયમાં પૂર્ણ પ્રગટ થઈ ગયો. આહા ! આવી વાતું છે. આંહી વ્રત પાળતા ને દયા દાન કરતા ને તપ કરતા ને અપવાસ કરતા પ્રગટ થાય છે એમ નથી કહ્યું, એ તો બધી રાગની ક્રિયા છે. આહાહાહા ! ભગવાન આત્મા પૂર્ણ અવબોધ સિંધુઃ, અવબોધ સિંધુઃ જ્ઞાનનો દરિયો, "શુદ્ધચેતના સિંધુ હમારો રૂપ હૈ" આહાહા ! એવો જે શુદ્ધ ચૈતન્ય સમુદ્ર એ પર્યાયમાં ભરતી આવી ને ઊછળ્યો, ઉત્પાદ થયો, આહાહા... વિભ્રમનો વ્યય થયો, અહીં તો વિભ્રમને જ જૂદું પાડયું છે, નહીં તો ત્રણની ત્યાં પૂર્ણતા કરી છે.

શું કહ્યું એ ? ત્યાં તો દર્શન જ્ઞાન પામેલો હતો, એણે પૂછયું કે હવે આચરણ કેમ થાય એની પૂર્ણતા પ્રગટ કેમ થાય એ હતું. પણ પાછો આંહી ઉપાડયું છે ત્યાંથી પહેલેથી, આહાહા ! ચૈતન્ય સિંધુ અથવા ચૈતન્યનું પાત્ર એટલે જેમાં ચૈતન્યપણું જ રહ્યું છે. આહાહા... ભગવાન આત્મામાં ચૈતન્યપણું જ છે, ચૈતન્યનું એ પાત્ર છે, રાગનું એ પાત્ર નથી. આહાહાહા ! એવો ચૈતન્યસિંધુ, વિભ્રમને નાશ કરી અને સ્વના તીવ્ર આશ્રયથી, આહાહાહા... પર્યાયમાં ઊછળ્યો પ્રગટ થયો, આહાહા... વ્યય થયો, પ્રગટ થયો; ધ્રુવ તો છે. ચૈતન્યપાત્ર, જ્ઞાનના સ્વભાવને ધરનારો ચૈતન્ય તો છે. આહાહાહા ! આવો ઉપદેશ ઝીણો પડે જગતને શું થાય ? મારગ વીતરાગનો માર્ગ ઘણો સૂક્ષ્મ છે. આહાહા... એ અહીંયા સર્વાંગ પ્રગટ થયો.

'અમી સમસ્તઃ લોકાઃ' અરે આ સમસ્ત ભવ્ય જીવો, અધ્યાત્મ તરંગિણીમાં ભવ્ય જીવ લીધા છે, નહીંતર અહીં અમી એટલે બધા, પણ બધાય એટલે અભવી જીવો કંઈ પામી શકતા નથી, આહાહાહા... અમી આ ભવ્યલોક હે ભવ્ય જીવો ! આહાહાહા... સમસ્ત ભવ્ય જીવો, સાગમટે નોંતરું છે. આહાહા... 'અમી' આ પ્રત્યક્ષ જીવો જે ભવ્ય છે, તે 'સમસ્તઃ લોકાઃ' સમસ્ત લોક આખું, ભગવાન ચૈતન્ય સિંધુ જ્ઞાનનું પાત્ર અને જ્ઞાનસ્વરૂપ જ જેમાં છે, એમાં આવીને આવો, બધા આવો ભગવાન. આહાહાહાહા... બધા ભવ્ય જીવો આવો, સાગમટે નોતરું સમજો છો. પાટણીજી ! તમારી ભાષામાં કંઈ હશે, ( શ્રોતાઃ– સિગરી નોંતરું એટલે બધાને નોતરું. ) સાગમટે એ બધાનું અમારે ઈ ભાષા છે આખા ઘરને કોઈ માંદો હોય ને ન આવી શકે તે જુદી વાત છે, પણ બધાને જમવાનું, એમ કોઇ અભવી હોય તો ભલે ન આવે. આહાહા ! શું સંતોનો ધારાવાહી ઉપદેશ ! આહાહા...

ત્યાં તો કહ્યું 'તું ને આડત્રીસમાં અબુધ જે અપ્રતિબુદ્ધ હતો, અનાદિ અજ્ઞાની હતો, એને ગુરુએ ઉપદેશથી સમજાવ્યો, અને એ સમજણના રટણમાં લાગ્યો, જ્ઞાયક, જ્ઞાયક, જ્ઞાયક, જ્ઞાયક, આહાહા... અને તે સમજ્યો, આહાહા... સમ્યગ્જ્ઞાન થયું, સમ્યગ્દર્શન થયું. આંહી તો પૂર્ણ અધિકાર છે ને ? એનો જે અધિકારનો સ્વભાવ જેવડો હતો એવો જ એની પર્યાયમાં આચરણરૂપ થઇ ગયો. આહાહાહાહા ! શ્રોતાને કહ્યું તે શ્રોતા આમ થઈ ગયા એમ કહે છે, આહાહાહા... પંચમકાળના સંતો, પંચમકાળના શ્રોતાને, આહાહાહા... ભવ્ય જીવોની લાયકાતવાળા જીવોને કહે છે કે પ્રભુ તમે પરિણમી જાવ, હોં. આહાહાહા... આહાહા ! ચૈતન્યનો સમુદ્ર સિંધુ, ચૈતન્ય સ્વરૂપ જ જેના પાત્ર એટલે એના સ્થાનમાં ચૈતન્ય સ્વરૂપ જ છે. પુણ્ય અને

પાપના વિકલ્પો આદિ તેનાં સ્થાનમાં નથી. આહાહા ! વ્યવહાર જે કહેવાય છે, એ ચૈતન્ય પાત્રમાં એના સ્વરૂપના એના સ્થાનમાં નથી. એવા ચૈતન્ય સ્વરૂપને, જેણે જ્ઞાન દર્શન અને ચારિત્રથી પ્રાપ્ત કર્યો છે, એને ઇ કહે છે. આહા... અહીં મુનિ લીધા છે, અરે "સમસ્ત લોકા" અરે પ્રભુ, ખબર નથી એને ? કે ભવ્ય જીવ છે તેના અનંતમે ભાગે જ મોક્ષ થાય છે, પણ અહીં એ વાત નથી. અહીં તો પ્રભુ આવો ને ( શ્રોતાઃ- આમંત્રણ તો બધાને છે ) આહાહા ! આમંત્રણ આખાને છે, ભવ્ય જીવને, આહાહાહા... પ્રભુ અંદર આનંદ છે ને તારા સ્થાનમાં, તું આનંદનો પાત્ર છો દુઃખનું, રાગનું પાત્ર નહીં. આહાહાહા... પ્રભુ તું શાંતિનું પાત્ર છો ને ? તારામાં શાંતિ વસેલી છે. પ્રભુ તું પૂરણ પ્રભુતાનો પાત્ર છો ને ? આહાહાહા ! પ્રભુ તારામાં પૂરણતા પ્રભુતા વસી છે. આહા ! એનું એ પાત્ર એટલે સ્થાન જ એ તું છો. આહાહા ! ત્યાં નજર કરીને ત્યાં ઠરને પ્રભુ. આહાહાહા... આવો અધિકાર છે.

લોકો બિચારા બહારમાં પડીને એમને એમ જિંદગી કાઢે છે અજ્ઞાનમાં આ વ્રત કરવા ને તપ કરવા અને અપવાસ કરવા અરે પ્રભુ સાંભળને ભાઈ, વિકલ્પ છે એ તો તારા સ્વરૂપમાં, સ્થાનમાં નથી. તું જ્ઞાનપાત્ર છો, આનંદપાત્ર છો, શાંતિનુંપાત્ર છો એમાં રહેલું એ છે એમ કહે છે. જગતને માન મૂકી... અહીંયા પહેલો પ્રભુ છો ત્યાં આવી જા ને. આહાહાહા ! જ્યાં તારું સ્થાન છે, પાત્ર છો. આહાહા ! ત્યાં આવી જા. રાગ ને પુણ્ય પાપના સ્થાનમાંથી છુટી જા. આહાહા !

સમસ્ત લોકાઃ આ અમી આ, ભવ્ય જીવો. આહાહાહાહા... આ 'અમી' એટલે 'આ' સમસ્ત ભવ્ય જીવો, આહાહા... શાંતરસમાં અતીન્દ્રિય આનંદ ગર્ભિત શાંતરસ છે. જેમાં, આહાહાહા... અતીન્દ્રિય આનંદ ગર્ભિત શાંતસ્વરૂપ જ્યાં છે, આહાહા... શાંત રસમાં એકી સાથે, એકી સાથે, એક પછી એક એમ નહીં, તેમ થોડા નહીં, બધા, આહાહાહા... પોતે થઈ ગયો ને એટલે બધાં આમ જ કરોને પ્રભુ. આહાહાહા ! હવે આ બહારની તકરારોમાં આમનેઆમ રોકાઈને જિંદગી... અરે પ્રભુ ચૈતન્યદેવ છો ને નાથ ! તું તો ચૈતન્યનું પાત્ર, પાત્ર એટલે સ્થાન છો ને, ચૈતન્ય જ જેનો સ્વભાવ છે ને ? આહાહા ! અતીન્દ્રિય આનંદનો પાત્ર નામ સ્થાન છો ને ! અતીન્દ્રિય અકષાય શાંત સ્વભાવનો પાત્ર છો ને !

'અમી' આ સમસ્ત લોકાઃ, એ શાંત રસમાં વીતરાગી પરિણતિ શાંત રસ, આહાહા ! એકી સાથે નિર્ભરમ અત્યંત મગ્ન થાવ. આહાહાહા... જેમાંથી નીકળવું જ નથી એવો અત્યંત મગ્ન થાવ. આહાહાહા ! આવી વાણી છે જુઓ તો ખરા, રામબાણ છે. આહાહા ! દિગંબર સંતો, પરમાત્માને ઠેકાણે વાત કરે છે. આહાહા ! નહીં પામી શકે ને થોડા પામશે એ આંહી પ્રશ્ન જ અહીં નથી. હું પામ્યો તો બધા પામોને પ્રભુ. આહાહાહા !

'મજ્જન્તુ" છે ને ? હેં ? મગ્ન થાઓ મજ્જન્તુ સ્નાન કરો અંદર મગ્ન થઈ જાઓ. ભગવાન પૂર્ણાનંદનો નાથ જિનબિંબ, વીતરાગ સ્વરૂપ તેમાં મગ્ન થાઓ. આહાહાહાહાહા... શું શૈલી ! શું મીઠી મધુરી ! આનંદની ધારા પ્રગટ કર કહે છે. આહા ! આવી વાત છે. આકરું લાગે બાપુ અભ્યાસ નથી ને, વસ્તુ તો સ્વરૂપ જ આવું છે.

ભગવાન ત્રિલોકનાથ જિનેન્દ્રદેવે પૂરણ દશા પ્રગટ કરી અને લોકાલોકને જાણ્યો. અને એણે આ ઉપદેશ કર્યો જિનવાણીમાં 'રમન્તે' આવે છે ને ? એટલે ઓલા લોકો કહે છે

જિનવાણીમાં રમન્તે એટલે નિશ્ચય અને વ્યવહારમાં રમવું અરે ભાઈ બેયમાં ન રમાય ભાઈ, જિનવાણીમાં તો છે ને કળશ ટીકામાં ? ( શ્રોતાઃ- હા છે ને ૪ થો કળશ ) ભગવાને શુદ્ધ આત્મા પૂર્ણાનંદ પ્રભુ તેને જીવ દ્રવ્યને ઉપાદેય કહ્યો છે, એક જ આદરવા લાયક કહ્યો છે. આહા... વ્યવહારની પર્યાય ને રાગ ને એની ત્યાં વાત કરી જ નથી. એ તો જાણવા લાયક કીધું છે.

ભગવાન આત્મા એક સમયમાં પૂરણ પૂરણ પૂરણ ગુણોનું પાત્ર એટલે પૂરણ ગુણ જેમાં રહ્યા છે, એવો જે જીવદ્રવ્ય અનંત ગુણથી ભરપૂર ભરેલો ભગવાન, એને ભગવાને વાણીમાં એમ કહ્યું કે એ ઉપાદેય છે, એ આદરણીય છે, એ સ્વીકાર કરવા લાયક છે, એનો સત્કાર કરવા લાયક છે, એની પૂજા કરવા લાયક છે, એની આરતી ઉતાર. આહાહાહા... નિર્મળ ધારાથી એની આરતી ઉતાર. આહાહાહાહા...

સમસ્ત લોકાઃ અત્યંત મગ્ન, પાછો મગ્ન થાવ એટલો જ શબ્દ નથી. એવી રીતે મગ્ન થાઓ કે બહાર આવવું જ પડે નહીં. આહાહા... છેલ્લી ગાથા, આહાહાહા... શરીરને ન જોવું, શરીર છે તો માટી હાડકાંના પિંજરા, આહાહાહા... અંદર રાગ છે એને ન જોવો, કારણકે રાગ એ પાત્ર નથી આત્માના સ્થાનમાં. આહાહાહા... ( શ્રોતાઃ- ન જુઓ તો જોવું શું ) જોવું એ કે પર્યાય નિર્મળ છે એનાથી આત્મા જોવો. જે ચૈતન્યસિંધુ પાત્ર છે, આહાહા... એને જોવો. આવી વાત છે. ( શ્રોતાઃ- બીજા અપાત્ર ) રાગાદિ અપાત્ર છે. વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ છે તે જ્ઞાનનું સ્થાન નથી, આનંદનું સ્થાન નથી, શાંતિનું પાત્ર નથી. આહાહાહા... આવો મારગ છે.

પરમાત્મા જિનેશ્વરદેવ દિવ્યધ્વનિમાં પરમાત્મા આમ કહેતા હતા. એ સંતો આડતિયા થઇને જગતને જાહેર કરે છે. આહાહા... આવી વાત પ્રભુ ક્યાંય બીજે નથી. આહાહા... આરે લાગે શું થાય ? ( શ્રોતાઃ- એ તો પોતે પોતાનું સ્વરૂપ નકકી કર્યા પછી જાણી શકે કે બીજે ક્યાંય નથી ) એ પોતે જ છે એને કરવાનું, એને કરવાનું પોતે જ છે ને, એને કરવાનું પોતાનું, બીજું છે શું ? આહાહાહા... એને કોઈ કરવા આવે છે અને કરી દે એવું છે ? પોતે જ મગ્ન થાય છે એમ કહ્યું છે. સર્વાંગ પ્રગટ થાય છે. ત્યાં કાંઈ દેવ, ગુરુ, શાસ્ત્ર મદદ કરતા નથી. કેમ કે પોતે જે સ્વભાવ પ્રગટ કરવો છે એ સ્વભાવનો તો પોતે પાત્ર સ્થાન છે. આહાહાહા... એવો સ્વભાવનો સમુદ્ર પ્રભુ એને પ્રગટ કર પર્યાયમાં, પ્રોન્મગ્ન ધ્રુવ પૂરું ( પૂર્ણ ) રાખ્યું, એનો આશ્રય લઇને પ્રોન્મગ્ન પર્યાય ઉત્પન્ન કરી, વિભ્રમનો નાશ કર્યો. આ ઉત્પાદ્, વ્યય અને ધ્રુવ સિધ્ધ કર્યા. આહાહાહા ! આ 'ઉત્પાદ્, વ્યય અને ધ્રુવયુક્તમ સત્' આહાહાહાહા... અરેરે આવી વાતો છે, અને ઝઘડો કરે પ્રભુ ! અરે ભાઈ તારે ક્યાં જાવું છે ? વહેવારથી થાય ને નિમિત્તથી થાય ને, આહાહા... ( શ્રોતાઃ- કોઇક વાર થાય ) કોઈવાર ( નહીં ) ત્રણ કાળમાં ન થાય. આહાહા ! આહાહા !

ખરેખર તો એનો જન્મક્ષણ છે આ. સ્વભાવનો સિંધુ ભગવાન એની દૃષ્ટિ કરી જ્ઞાન કરીને ચારિત્ર પ્રગટ કર્યું, એ પર્યાયનો ઉત્પત્તિનો કાળ છે. ( શ્રોતાઃ- જન્મક્ષણ છે ) એની જન્મક્ષણ છે પ્રભુ. એને બીજાની જરૂર નથી. આહાહાહા !ઓહોહોહો ! એ ક્રમબદ્ધમાં પણ એ આવી ગયું. પર્યાયનો જ્યારે આવો ક્રમ છે તે કાળે અકર્તાપણું પ્રગટ કર્યું, એટલે કે દર્શન જ્ઞાન ને ચારિત્રને પ્રગટ કર્યું. આહાહા... ક્રમબદ્ધ પણ આવી ગયું અને વ્યવહારથી નિશ્ચય થાય એ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


પણ ઊડી ગયું. કારણ કે વ્યવહાર રાગમાં આ સ્વભાવ નથી. આહા... આ તો સ્વભાવ છે એ તો ભગવાન પાત્રમાં પોતામાં છે, આહાહા... એટલે રાગથી થાય એ વાત રહી નહીં. નિમિત્તથી થાય એ રહ્યું નહીં કારણકે એનો ઉત્પત્તિનો કાળ છે એમાં નિમિત્તે કર્યું, આવીને શું કર્યું ? હો ! આહાહાહા ! આ પાંચ બોલનો વિરોધ છે. ક્રમબદ્ધનો, ઉપાદાન નિમિત્તમાં નિમિત્તથી થાય એનો, વ્યવહાર નિશ્ચયમાં વ્યવહારથી થાય એનો. અરે પ્રભુ મોટી ( ચર્ચા ) અત્યારે ચાલે છે ત્યાં હસ્તિનાપુરમાં શિક્ષણ શિબિર અહીંના વિરુદ્ધમાં, અરે ભગવાન ! ભગવાન તું આ શું કરે છે ભાઈ ! લોકો પણ બિચારા સાધારણ પ્રાણી છે. એને મળે નહીં સાંભળવા સાચી વાત, શેમાં મંથન કરવું ને શેમાંથી પ્રાપ્ત થાય, ખબરું નો મળે. આહાહા... મગ્ન થાઓ, શાંતરસમાં મગ્ન થાવ. અતીન્દ્રિય આનંદ ગર્ભિત શાંત રસની પર્યાય એમાં ત્યાં લીન થાઓ. આહાહા !

કેવો છે શાંતરસ ? આલોકમ્ ઉચ્છલંતી, સમસ્ત ઉચ્છલંતી ઉત્કૃષ્ટપણે વર્તે છે. એ શાંતરસ ઉત્કૃષ્ટપણે ઉચ્છલંતી ઉત્, ઉત્કૃષ્ટપણે ઊછળે છે અંદર પર્યાયમાં. આહાહાહા... સમજાણું કાંઈ ? એ સ્વની અપેક્ષાએ વાત કરી. "આલોકમ ઉચ્છલંતી" સમસ્ત લોકપર્યંત ઊછળી રહ્યો છે, ઉત્કૃષ્ટપણે પર્યાયમાં ઊછળી રહ્યો છે. આહાહાહા ! ( શ્રોતાઃ- ઉત્કૃષ્ટ શેનો અર્થ કર્યો ? ) એ ઉચ્છલંતીનો અર્થ કર્યો છે. ઉચ્છલંતી ઉત્કૃષ્ટપણે ઊછળ્યો. આલોકમ્ ઉચ્છલંતી, પૂરણ સ્વરૂપપણે ઉત્કૃષ્ટપણે પ્રગટ થઈ ગયો. આહાહાહા... અને બીજો સાધારણ અર્થ આમ છે, કે લોક ઊછળી રહ્યો છે. અથવા એ દશા એવી થઇ છે એ ઉર્ધ્વપર્યંત ચાલી જશે. અથવા પૂરણ લોકાલોકને જાણે એ રીતે ઊછળી રહ્યો છે. ઘણા પ્રકાર અંદર. સમજાણું કાંઈ ?

પૂર્ણાનંદનો નાથ અવબોધ સિંધુ ભગવાન, એમ શબ્દ છે ને ? "ભગવાન અવબોધ સિંધુઃ" આત્મા એ જ્ઞાનઆદિ અનંત શાંતરસ અને અનંત ગુણોનો પાત્ર, જેમાં રહ્યાં છે, એમાં રાગ ને વિકલ્પ ને સંસાર અને નિમિત્ત રહ્યાં નથી. આહાહા... એવા ભગવાનને તું દૃષ્ટિમાં લે, એનો આદર કર, એનો સત્કાર કર, રાગાદિનો સત્કાર છે અનાદિથી, એને છોડી દે. આહાહા. એ તો આ સત્કાર થયો એટલે ઓલો સત્કાર છૂટી ગયો. આહાહા... એ તને આત્મા આનંદ સ્વરૂપ ભગવાન અતીન્દ્રિય આનંદ ગર્ભિત શાંતરસ પ્રગટ થશે. શાંતરસને અંતરમાં અનંત આનંદ અતીન્દ્રિયશાંતપણું તે ચારિત્રની દશા અને એમાં અનંત આનંદ તે સુખની દશા. આહાહાહા... એવો ભગવાન આત્મા ઉત્કૃષ્ટપણે પરિણમી જશે અને ઉત્કૃષ્ટપણે થશે અને ઉત્કૃષ્ટપણે લોકાલોકને જાણશે. ઉચ્છલંતી નામ એનો સ્વભાવ પૂરણ થયો છે, અને એ ઉર્ધ્વ ચાલ્યો જશે. આહાહાહા... સમજાણું કાંઈ ? આવી વાતું છે ભાઈ ! બહુ ઝીણું બાપુ ! લોકોને સત્ય મળ્યું નથી, મળ્યું નથી અત્યારે તો આવી પ્રરૂપણા આવી કરે, મૂળ મૂકીને, વ્રત કરો, તપ કરો, અપવાસ કરો ને મંદિર કરો ને પૂજા ભગવાન જાત્રા કરો ને... ( શ્રોતાઃ- ઈ તો એમ કહે છે કે સંયમ લ્યો ડરો મત ) એ શું બાપા એને બચારાને શું ખબર માણસ ભદ્રિક હતા એને ખબર નહીં ને, આ વ્રત લઈ લો, સંયમ લો, નગ્ન થઈ જાવ મત ડરો, એમ કહેતા 'તા, શાંતિસાગર માણસ બચારો જરી નરમ હતો ને શું થાય ? અહીં આવ્યા તા. ચોવીસ કલાક રહ્યા ૯૭ માં સાધુપણાની શરૂઆત ત્યાંથી થઈ. અરે બાપુ સાધુપણું તો ક્યાં હતું ? આ શું થાય ? પોતે જ કહેતા ને બિચારા આવી પ્રરૂપણા કરતાને પણ લોકો ન સમજી શકે કે અમે વસ્ત્ર છોડીને બેઠા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

છીએ, પણ કર્મ ખસે ત્યારે થાય ને ? એમ કહેતાં 'તા, આંહી કહેતા 'તા પણ કોણ માને એ આમ કહેતા 'તા એ કોણ માને ? શું થાય ભાઈ ! દૃષ્ટિ રાખવી સંપ્રદાયનીને... આહાહાહા...

પ્રભુ અહીં તો સત્યની વાત છે. આહાહાહા... મારો નાથ સચ્ચિદાનંદ પ્રભુ એ સત્ત ને આનંદ ને જ્ઞાનનું પાત્ર છે એ તો એમાં તો એ રહ્યાં છે. આહાહા... અને તેમાં તો રાગ તો રહ્યો નથી પણ અલ્પજ્ઞપણું ત્રિકાળ સ્વભાવમાં છે નહીં. આહાહા ! ( શ્રોતાઃ– અંદર રાગથી નગ્નપણું છે ) અંદર રાગથી રહિત, વિકલ્પથી રહિત નગ્ન દશા છે અંદર એની. એ સ્વરૂપને તું સત્કાર, ઉપાદેય જાણ, જેથી તને વિભ્રમનો નાશ થશે, અને તેની શક્તિનો જે સંગ્રહ છે, એ શક્તિનો સંગ્રહ જે કોઠીમાં છે એ ટાણે જેમ બહાર આવે છે, આહાહાહા... એમ પર્યાયમાં બહાર આવશે. આહાહાહા ! એને અહીંયા પ્રોનમગ્નઃ કહ્યું, વિભ્રમનો વ્યય કહ્યો, અને પર્યાયમાં ઊછળી ગયો જે ભાવ "ઉચ્છલંતી" દરિયો જેમ ભરતીમાં ઊછળે છેલ્લે પુનમને દિ', પુનમને દિ' પુરો ઊછળે, એમ આ પૂર્ણ પૂર્ણ ઊછળે છે. આહાહાહા... આ લોકમ્ સમસ્ત લોક આ છે ને આ, આ એટલે સમસ્ત લોકમ, આ લોક એમ શબ્દ છે ને ? આલોક એટલે સમસ્ત લોક, આ એટલે સમસ્ત લોક સમસ્ત ભવ્ય જીવો ઉચ્છલંતી, ઊછળી જાય છે, કહે છે. આહાહા ! આહાહા ! શું વાણી ? શું સમયસાર ? એનો એક શ્લોક એનું એક પદ. આહાહા !

( શ્રોતાઃ– વાક્ય અધુરું રહી ગયું ) થઈ ગયું એ અંદર. અંદરથી આવતું હોય એ આવે. આહા... એ વસ્તુ છે, જેમાં અનંતા ગુણો રહેલા છે વસેલા છે તેને અહીંયા સિંધુ અવબોધનો પાત્ર કહે છે. એ જ્ઞાનપાત્ર કહ્યું એવું એ અનંતા ગુણોનું એ પાત્ર છે હવે. આહાહા... એવા સમુદ્રને અંતર જોવા નજર કર કહે છે. આહાહા... જેથી તને અંતર જોતાં પર્યાયમાં શાંતરસ અતીન્દ્રિય આનંદ ગર્ભિત, અનંત ગુણની વ્યક્તતા પર્યાયમાં પ્રગટ થશે, વિભ્રમની ને મિથ્યાત્વ આદિની પર્યાયનો વ્યય થશે. આહાહાહા... ડુબાડી દઈને વ્યય થઈ ગયો પણ પાછો ગયો ક્યાં ? ( શ્રોતાઃ– દ્રવ્યમાં, પારિણામિક ભાવે થઈ ગયો ) દ્રવ્યમાં ગયો. આહાહાહા ! ગયો અંદર મિથ્યાત્વ ગયું નથી. એની એવી યોગ્યતા એક અંદરમાં રહી ગઈ. આહા..( શ્રોતાઃ– મિથ્યાત્વ ન જાય અંદરમાં મિથ્યાત્વ કયાંથી જાય ? ) એવી એક યોગ્યતા ગઈ અંદર અને નિર્મળ મોક્ષનો માર્ગ અથવા કેવળજ્ઞાન આદિ દશા બહાર આવી. આહાહાહા. આનું નામ જીવનો પૂર્ણ અધિકાર પ્રાપ્ત થયો. આહા... આવો છે આત્મા. ( શ્રોતાઃ– શુદ્ધરૂપે પરિણમે એને જ જીવ કહે છે ) એ જ જીવ છે, અશુદ્ધપણે પરિણમે એ તો રાગ છે વિકાર, સંસાર છે, તે જીવ ક્યાં છે ? વસ્તુ તો જીવ છે પણ ( શુદ્ધરૂપે ) પરિણમે ત્યારે એને જીવ કહેવામાં આવે છે ને ? ત્યારે એને ખ્યાલમાં આવે છે ને ? જીવ તો ત્રિકાળ કારણ પરમાત્મા શુદ્ધ જ છે. પણ સ્વીકાર કરે કે આ છે ત્યારે તો પર્યાયમાં શુદ્ધતા થઈ. શું કહ્યુ ઈ ? એને છે, એનો સ્વીકાર થાય તો તો ઈ પર્યાય શુદ્ધ થઈ ગઈ, એણે સ્વીકાર કર્યો. આહાહા... છે એ એને બેઠું છે ક્યાં ? છે તો છે ત્રિકાળી શુદ્ધ આનંદનો નાથ જ છે. શુદ્ધ પરમાત્મ સ્વરૂપ જ બિરાજે છે પોતે. નિગોદની પર્યાય કાળે પણ એ છે ને કેવળજ્ઞાનની પર્યાયના કાળે પણ પૂર્ણાનંદનો નાથ બિરાજે છે અંદર દ્રવ્ય સ્વભાવે એકરૂપ. આહાહાહા... પણ કોને ? જેને એ દ્રવ્ય સ્વભાવ પર્યાયમાં બેઠો એને. સમજાણું કાંઈ ? જેને એણે પૂંઠ દઈને અને રાગ અને વિકલ્પને પોતાના માની સ્વીકાર્યા છે. એને તો એ છે જ નહીં. છતી

ચીજ પણ તેને તો અછતી છે. આહાહા! અછતી રાગાદિ ચીજ તેને અજ્ઞાનીને છતી દેખાય છે. આહાહાહા... આવું છે ઝીણું પ્રભુ. સમ્યક્દર્શન કોઈ અલૌકિક ચીજ છે. આહા!

ભાવાર્થઃ- જેમ સમુદ્રની આડું કોઈ આવી જાય ત્યારે જળ નથી દેખાતું. સમુદ્ર તો મોટો ભર્યો છે અંદર પણ આમ ચાદર આડી આવી જાય તો એનું જળ નથી દેખાતું, જ્યારે આડ દૂર થાય, તોડી નાખે એને, ત્યારે જળ પ્રગટ થાય, જળ તો જળ છે જ, પણ તેની પર્યાયમાં ખ્યાલ આવે કે, ઓહોહો, આહાહા... પ્રગટ થતાં લોકને પ્રેરણાયોગ્ય થાય કે "આ જળમાં સર્વલોક સ્નાન કરો" આ જળમાં સર્વ સ્નાન કરો, મીઠું જળ હોં આ, ખારૂં જળ નહીં. ઇક્ષુરસનો આવે છે ને? શેરડીના રસ જેવું પાણી ભગવાનને જે સ્નાન કરાવે. આહાહા! (શ્રોતાઃ- ક્ષીર સમુદ્રમાંથી દેવ પાણી લાવે છે ને) લાવે છે ને ત્યાંથી, ત્યાંથી ઘડા ભરીને લાવે છે. ઈન્દ્રો ઇક્ષુરસ, ક્ષીરસમુદ્ર, ભગવાનને જ્યારે લઈ જાય છે મેરૂ પર્વત ઉપર ત્યારે ઇન્દ્રોની હાર (પંક્તિ) જામે છે. આમ દેવોની ઠેઠ સુધી, હેઠે મૂકે નહીં પાણી, ત્યાંથી ઈક્ષુરસના ઘડા ભરી આ આને આપે આ આને આપે, આહાહા... ભગવાનને સ્નાન કરાવે. ઈક્ષુરસથી પાછા હોં, લવણ સમુદ્રના પાણીથી નહીં. આહાહા...

એમ ભગવાન આત્મા આનંદરસથી ભરેલો ભગવાન એમાં સ્નાન કર, જા. આહાહા! આનંદરસથી તને નવરાવ અને રાગને ધોઈ નાખ, આહાહાહા... આવી વાતું છે. વ્યવહારના રસિકમાં આખો સંપ્રદાય જ વ્યવહારનો રસિક છે. અત્યારે, બસ તપ કરો અપવાસ કરો આ કરો આ કરો અને ઉપદેશ પણ એવો આપે, કે આનાથી લાભ થશે, અરે અરે પ્રભુ પ્રભુ પ્રભુ શું થાય? એથી બિચારા પ્રાણીને સત્ય મળતું નથી, સત્યની ઝાંખી પણ થવાનો પ્રસંગ એને નથી.

આંહી કહે છે કે, જેમ એ સમુદ્રનું પાણી બહાર દેખાય અને સ્નાન કરે એવી રીતે આ આત્મા વિભ્રમથી આચ્છાદિત હતો, તે રાગ દયા દાન વ્રત ભક્તિના પરિણામ રાગ એનાથી મને લાભ થશે એમ મિથ્યાત્વમાં હતો. આહાહા! રાગની રુચિમાં જ રોકાઈ ગયો'તો એથી ભગવાન આચ્છાદિત ઢંકાઈ ગયો હતો. ત્યારે તેનું સ્વરૂપ નહોતું દેખાતું, રાગની રુચિના પ્રેમમાં, ભગવાન આખો આનંદ જળથી ભરેલો નહોતો દેખાતો. બાહ્ય તરફના લક્ષવાળી વૃત્તિઓ, એના પ્રેમમાં રોકાતા ભગવાન આનંદ સ્વરૂપ સરોવર જળથી ભરેલો દેખાતો નહીં હતો. આહાહાહા!

હવે વિભ્રમ દૂર થયો, એ રાગ દયા દાનનો ચાહે તો ભગવાનની, આહાહાહા... ભક્તિનો હો, પણ એ રાગ છે એ કાંઈ ધર્મ નથી, એ આત્માના સ્વરૂપમાં એ નથી. આવું આકરું કામ! લોકોને કહે છે કેટલાંક એ સોનગઢ તો નિશ્ચયાભાસી, એકલી નિશ્ચયની વાતો કરે છે એમ કહે છે. કેટલાક બિચારા. (શ્રોતાઃ- નિશ્ચયની એટલે ખરી મોક્ષમાર્ગ પ્રકાશકમાં છે.) આહાહાહા! એજ પણ સત્ય છે ઓલો વ્યવહાર તો રાગ હોય છે એ જ્ઞાન કરવા માટે છે અને એનાથી કોઈ નિશ્ચય થાય છે, (એમ નથી). આહાહાહા! ધર્મીને પણ આત્માનું જ્ઞાન દર્શન થતાં સ્થિરતા પૂર્ણ ન હોય તો રાગ આવે, ભક્તિ આદિનો પૂજાનો પણ એ તો બંધનું કારણ છે, હેય છે એ શરણ નથી. આહાહાહા... આવી વાતું આકરી બહુ. આહાહા!

વિભ્રમ દૂર થયો ત્યારે યથાર્થ સ્વરૂપ જેવું છે તેવું પ્રગટ થયું. આનંદનો નાથ આનંદસ્વરૂપ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


અતીન્દ્રિય ગર્ભિત એ આનંદ પ્રગટયો, સમ્યગ્દર્શન જ્ઞાન થયું ત્યારે આનંદ પ્રગટયો. આહાહાહા ! તેથી હવે તેના વીતરાગ વિજ્ઞાનરૂપ શાંતરસમાં, આહાહા... વીતરાગ વિજ્ઞાન નથી આવતું ? વીતરાગ વિજ્ઞાન હુકમચંદજીનું પાઠશાળાની છે ને પુસ્તિકા. વીતરાગ વિજ્ઞાનરૂપ શાંતરસ, એકી વખતે, એક જ કાળમાં સર્વલોક મગ્ન થાઓ, આહાહાહા... પૂરણ આનંદ સ્વરૂપ ભગવાન, એનો જ્યાં આશ્રય લીધો, ત્યારે પર્યાયમાં પૂર્ણ આનંદદશા પ્રગટ થઈ, આહા... ત્યારે એ કહે છે કે આમાં બધા જીવો એક સાથે આવીને સ્નાન કરો પ્રભુ. આહાહાહા ! એ સંસારનો મેલ ધોઈ નાખો. આહાહાહા ! આવું છે આમાં કાંઈ મોટું વિદ્વત્તા ને મોટા ભાષણો કરે આમ છે તેમ છે ને ફલાણું છે ને બાપુ એ મારગડા જુદા નાથ, વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર એના મારગડા જુદા છે ભાઈ. આહાહાહા ! એ વ્રત ને તપ ને ભક્તિ ને પૂજાથી ધર્મ મનાવવો એ તો રાગથી ધર્મ મનાવો છો, એ જૈનધર્મ જ નથી. એ તો અજૈનને જૈન માન્યું છે એણે. આહાહા ! ( શ્રોતાઃ– જૈનના અગ્રેસરો એમ જ માને છે ને પ્રરૂપે છે ) શું થાય ભાઈ, બધાને અત્યારે, એને મળ્યું નથી, સાંભળવા મળ્યું નથી, શું મારગ છે, અમારે ગુરુ હતા સંપ્રદાયમાં એ બિચારા બહુ ભદ્રિક હતા, સજ્જન હતા ક્રિયા એવી કે અત્યારે દિગંબર સાધુ તો એને માટે બનાવેલ આહાર લે છે. આ તો પ્રાણ જાય તોપણ એને માટે પાણીનું બિંદુ બનાવ્યું હોય તો ન લે એવા હતા સંપ્રદાયનાં. ગામડામાં જઈએ સાત આઠ ઘર વાણીયાનાં હોય, જાઈએ કે તરત એ લોકો બિચારા પાણી બનાવે મહારાજ આવ્યા છે ને ઊનું પાણી મળે નહીં ગામડામાં જઈએ ત્યાં બહેન આ પાણી કેમ આમ ? મા'રાજ અમે સ્નાન કરતા વધાર્યું, આટલું બધું પાણી સ્નાન કરતા વધાર્યું ? ન લે. દિવસના દિવસ પાણી વિના કાઢયા'તા અમે પણ એ જ કર્યુ'તું એમાં હતા ત્યારે બહુ ક્રિયા આકરી હતી અમારી બધી. છાશ લઈ આવીએ પછી છાશ સમજેને મઠા કાઠી લોકોમાં બહુ મળે કાઠી હોય ને ગરાસિયા બહુ છાશ મળે તે લઇ આવીએ, પાણી નહીં પાણીનું બિંદુ આખા દિવસમાં ન પીધું હોય કેટલાય દિવસ એવા જાય, આંહી તો દરરોજ એના માટે પાણીના આહાર કરે દશ શેર પાણીને, – અરરર !

એને પણ બચારાને તત્ત્વની વાત કાને નહોતી પડી. અરેરે ! કે આ પરની દયાનો ભાવ એ રાગ છે ને એ હિંસા છે એ ધર્મ નહીં એ વાત ( એને ) કાને પડી નહીં. આહાહા ! બિચારા કાળ કરી ગયા, આરે ડચૂરો ચડયો રસ્તામાં, આહાહા ! કેવા હતા સજ્જન એની મીઠાશ, એની લૌકિક દૃષ્ટિ, આહાહાહા... નૈતિક એનું જીવન પણ આ વાત કાને નહોતી પડી, કે આ પરની દયા પાળવી એ રાગ છે અને રાગ છે તે હિંસા ( સ્વ ) જીવની છે. અરરર ! અત્યારે મશ્કરી કરે છે, અરે એ પરની દયાના ભાવને રાગ કહે છે. પણ હવે પુરુષાર્થ સિદ્ધિ ઉપાયમાં કહે છે અમૃતચંદ્રાચાર્ય, અને ત્યાં હિંસા કહે છે આત્માની. સાંભળને પ્રભુ ? તેં સાંભળ્યું નથી ભાઈ, આહા... દયાનો ધર્મ તો આત્માની દયા, પૂર્ણાનંદનો નાથ છે જેવી જીવતી જ્યોત છે તેને તેવી રીતે માનવી તે તેની દયા છે. આહાહા... એને ઊણો ઓછો અધિકો માનવો એ ( નિજ ) આત્માની હિંસા છે. આહાહા ! શું જીવ અધિકાર આડત્રીસ ગાથા એનો આ કળશ. આહાહા ! અભિમાન ઊતરી જાય એવું છે. આહાહાહા !

વીતરાગ વિજ્ઞાન શાંતરસમાં, એક તો વીતરાગી વિજ્ઞાન શાંતરસ પર્યાયમાં આવ્યો એને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

એકી કાળે સર્વલોક મગ્ન થાઓ, એમ આચાર્યે પ્રેરણા કરી છે. આહાહાહા ! કુંદકુંદચાર્ય અમૃતચંદ્રાચાર્ય મહાસંતો પરમેષ્ઠિ, આહાહા... પંચપરમેષ્ઠિમાં પરમેષ્ઠિમાં હતા, આચાર્ય પરમેષ્ઠિ પ્રેરણા કરે છે પ્રભુ ! આહાહા ! વીતરાગ શાંતરસમાં મગ્ન થયેલા, જગતને વીતરાગ શાંતરસમાં એકી વખતે સર્વ જીવો, આહા... અમે કરી શક્યા છીએ તો પ્રભુ તમે કેમ ન કરી શકો ? તમે પણ પ્રભુ આત્મા છો ને ? આહા... એમ કહે છે. આહાહા ! દુનિયાના માન અપમાનને છોડ. આહાહાહા... ભગવાન નિર્માન આનંદનો નાથ એનું જે માન આવ્યું પર્યાયમાં, વીતરાગી વિજ્ઞાન દશા, આહાહા ! એમાં મગ્ન થાવ આચાર્યે પ્રેરણા કરી છે. અથવા એવો પણ અર્થ છે કે જ્યારે આત્માનું અજ્ઞાન દૂર થાય ત્યારે કેવળજ્ઞાન પ્રગટ થાય લ્યો અહીં તો એકદમ, ( શ્રોતાઃ- પૂર્ણ પામે ! ) વિભ્રમ કીધો 'તો ને ? અજ્ઞાન દૂર થાય કારણકે હજી બારમાં સુધી હજી અજ્ઞાન એટલે વિપરીત નહીં પણ ઓછું જ્ઞાન છે ને એટલે અજ્ઞાન કીધું છે, આહાહા... અજ્ઞાન દૂર થાય ત્યારે કેવળજ્ઞાન પ્રગટ થાય અથવા એ મિથ્યાત્વ જાય તે અજ્ઞાન જાય એટલે કેવળજ્ઞાન થયા વિના રહે જ નહીં એને. આહાહાહા...

સમસ્ત લોકમાં રહેલા પદાર્થો આ લોકમ્ ઉછલન્તી કહ્યું 'તું ને એનો બીજો અર્થ કર્યો છે સમસ્ત, લોકમાં રહેલા પદાર્થો એકી વખતે જ જ્ઞાનમાં આવીને ઝળકે છે. ( શ્રોતાઃ- પદાર્થો એમાં આવીને ઝળકે છે ) એક સમયમાં જ્ઞાન બધું થાય ત્રણકાળ ત્રણલોક એક સમયમાં ઝળકે છે એ પણ વ્યવહાર છે, એટલે કે પર્યાયમાં જાણવામાં આવે છે. ભાષા તો ભાષા શું કરે ? આહાહા ! તેને સર્વ લોક દેખો. લ્યો એ પૂરું થયું.

( શ્રોતાઃ- પ્રમાણ વચન ગુરુદેવ. )

---

આ રીતે આ સમયપ્રાભૃતગ્રંથની આત્મખ્યાતિ નામની ટીકામાં ટીકાકારે પૂર્વરંગસ્થળ કહ્યું.

અહીં ટીકાકારનો એવો આશય છે કે આ ગ્રંથને અલંકારથી નાટકરૂપે વર્ણવ્યો છે. નાટકમાં પહેલાં રંગભૂમિ રચવામાં આવે છે. ત્યાં જોનારા નાયક તથા સભા હોય છે અને નૃત્ય ( નાટય, નાટક ) કરનારા હોય છે કે જેઓ અનેક સ્વાંગ ધારે છે તથા શૃંગારાદિક આઠ રસનું રૂપ બતાવે છે. ત્યાં શૃંગાર, હાસ્ય, રૌદ્ર, કરુણા, વીર, ભયાનક, બીભત્સ અને અદ્‌ભુત-એ આઠ રસ છે તે લૌકિક રસ છે; નાટકમાં તેમનો જ અધિકાર છે. નવમો શાંતરસ છે તે અલૌકિક છે; નૃત્યમાં તેનો અધિકાર નથી. આ રસોના સ્થાયી ભાવ, સાત્ત્વિક ભાવ, અનુભાવી ભાવ, વ્યભિચારી ભાવ અને તેમની દૃષ્ટિ આદિનું વર્ણન રસગ્રંથોમાં છે ત્યાંથી જાણવું. અને સામાન્યપણે રસનું એ સ્વરૂપ છે કે જ્ઞાનમાં જે જ્ઞેય આવ્યું તેમાં જ્ઞાન તદાકાર થયું, તેમાં પુરુષનો ભાવ લીન થઈ જાય અને અન્ય જ્ઞેયની ઈચ્છા ન રહે તે રસ છે. તે આઠ રસનું રૂપ નૃત્યમાં નૃત્ય કરનારા બતાવે છે; અને તેમનું વર્ણન કરતાં કવીશ્વર જ્યારે અન્ય રસને અન્ય રસની સમાન કરીને પણ વર્ણન કરે છે ત્યારે અન્ય રસનો અન્ય રસ અંગભૂત થવાથી તથા અન્યભાવ રસોનું અંગ હોવાથી, રસવત્ આદિ અલંકારથી તેને નૃત્યના રૂપે વર્ણવવામાં આવે છે.

અહીં પ્રથમ રંગભૂમિસ્થળ કહ્યું. ત્યાં જોનારા તો સમ્યગ્દૃષ્ટિ પુરુષ છે તેમજ બીજા

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


મિથ્યાદૃષ્ટિ પુરુષોની સભા છે, તેમને બતાવે છે. નૃત્ય કરનારા જીવ-અજીવ પદાર્થ છે અને બન્નેનું એકપણું, કર્તાકર્મપણું આદિ તેમના સ્વાંગ છે. તેમાં તેઓ પરસ્પર અનેકરૂપ થાય છે, આઠ રસરૂપ થઈ પરિણમે છે, તે નૃત્ય છે. ત્યાં સમ્યગ્દૃષ્ટિ જોનાર જીવ-અજીવના ભિન્ન સ્વરૂપને જાણે છે; તે તો આ સર્વ સ્વાંગોને કર્મકૃત જાણી શાંત રસમાં જ મગ્ન છે અને મિથ્યાદૃષ્ટિ જીવ-અજીવનો ભેદ નથી જાણતા તેથી આ સ્વાંગોને જ સાચા જાણી એમાં લીન થઈ જાય છે. તેમને સમ્યગ્દૃષ્ટિ યથાર્થ સ્વરૂપ બતાવી, તેમનો ભ્રમ મટાડી, શાંત રસમાં તેમને લીન કરી સમ્યગ્દૃષ્ટિ બનાવે છે. તેની સૂચનારૂપે રંગભૂમિના અંતમાં આચાર્યે '**मज्जन्तु**' ઇત્યાદિ આ શ્લોક રચ્યો છે. તે, હવે જીવ-અજીવનો સ્વાંગ વર્ણવશે તેની સૂચનારૂપે છે એવો આશય સૂચિત થાય છે. આ રીતે અહીં સુધી તો રંગભૂમિનું વર્ણન કર્યું.

નૃત્યકુતૂહલ તત્ત્વકો, મરિયવિ દેખો ધાય;
નિજાનંદ રસમેં છકો, આન સબૈ છિટકાય.

આ પ્રમાણે (શ્રીમદ્ભગવત્કુંદકુંદાચાર્ય દેવપ્રણીત) શ્રી સમયસાર શાસ્ત્રની (શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવ વિરચિત) આત્મખ્યાતિ નામની ટીકામાં પૂર્વરંગ સમાપ્ત થયો.

* જેમ સ્ફટિક ધોળું છે, છતાં કાળા અને લાલ ફૂલના સંબંધે કાળી અને લાલ ઝાંય એમાં દેખાય છે, એ ઝાંય એની છે, એનામાં છે. પેલા ફૂલને લઈને નહીં. કાળા અને લાલ ફૂલ તો નિમિત્ત છે. પણ સ્ફટિકમાં પોતાની લાયકાતથી ત્યાં કાળી, લાલ ઝાંય છે. સમજાણું કાંઈ ? આહાહા... આ લાકડા પાસે અહીં આમ લાલ ફૂલ મૂકશો તો એમાં ઝાંય નહિ દેખાય. કારણ કે એની પોતાની યોગ્યતા નથી. અને કાળા અને લાલ ફૂલના સંગે સ્ફટિકની પર્યાયમાં લાલ અને કાળું થવું એ પોતાની યોગ્યતાથી પોતામાં થાય છે. સમજાણું કાંઈ ?

(પ્રવચન સુધા પાના નં. ૩૩૨ ભાગ-૨)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# વાંચકોની નોંધ માટે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


# વાંચકોની નોંધ માટે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


# વાંચકોની નોંધ માટે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com